મનોવિજ્ઞાન

પ્રવચનકાર :
પૂજ્ય આચાર્ય
શ્રી વિજ્ય ભુવનરત્ન સૂરીશ્વરજી
મહારાજ

ॐ ह्रीँ अर्हं नमः

મનોવિજ્ઞાન

પ્રવચનકાર

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ

વીર સં. ૨૫૧૩ વિ. સં. ૨૦૪૩

: પ્રકાશક :

શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ

જૈન દેરાસર પાસે,
નવા શારદા મંદિર રોડ,
જૈનનગર, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭

❋

મનોવિજ્ઞાન પ્રત : ૧૩૦૦

વિ. સં. ૨૦૪૩ કાર્તિક વદી દ્વિતીય–૬

તા. ૨૩–૧૧–૧૯૮૬ ❋ રવિવાર

મૂલ્ય રૂા. ૨૫–૦૦

❋

: પ્રિન્ટર્સ :

તેજસ પ્રિન્ટર્સ

હસમુખ સી. શાહ
૧/૭, ધ્વનિ એપાર્ટમેન્ટ
અહાઇ સેન્ટર, ખાનપુર, અમદાવાદ–૩૮૦૦૦૧

પ્રકાશકીય નિવેદન

સૌરાષ્ટ્ર કેશરી શાસન પ્રભાવક પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. ગણીવર્ય શ્રી યશોવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી રાજયશ વિજયજી મહારાજ આદિ ઠાણા ૩. નું વિ. સં. ૨૦૪૨ ની સાલનું ચાતુર્માસ અત્રે રાજનગર શહેરમાં પાલડી, જૈન-નગરમાં શ્રી જૈનનગર સંઘની વિનંતીથી થતાં અત્રેના શ્રી સંઘમાં અપૂર્વ ધર્મ જાગૃતી આવેલ છે. પૂજ્યશ્રીના ચાતુ-ર્માસનો લાભ અત્રેના શ્રી સંઘને પહેલીજવાર મળતા અને પૂજ્યશ્રીના મુખેથી તત્વાર્થસાર અને વૈરાગ્યરસ ગર્ભિત દેશના સાંભળતા સૌએ હૃદયમાં અપૂર્વ આનંદ અનુભવેલ છે. પૂજ્યશ્રી અત્રેના વ્યાખ્યાનોમાં પૂ. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત યોગશાસ્ત્ર ગ્રંથનુ વાંચન કરેલ. યોગશાસ્ત્રને અવલંબીને પૂજ્યશ્રીએ જીવ, અજીવ આદિ નવે તત્વો પર વિશદ છણાવટ પૂર્વક વિસ્તૃત વિવેચન કરેલ, તેમાંએ આત્મતત્વ પરનું વિવેચન સાંભળતા શ્રોતાઓ રોમાંચ થઇ જતા હતા. તત્વજ્ઞાનના વિષયો અત્રેના ચાતુ-ર્માસમાં ખૂબ છણાવટ પૂર્વક સંભળાવેલ છે.

પૂજ્યશ્રીના ઉપદેશથી ચાતુર્માસમાં ધર્માનુષ્ઠાનો પણ અનેરા, ઉલ્લાસથી થયા હતા. પૂજ્ય મહાન તપસ્વી સાધ્વીજી શ્રી વિનય પ્રભાશ્રીજીની શિષ્યાઓ પૂ. સાધ્વીજી શ્રી ઉદય પ્રભાશ્રીજી તથા પૂ. સાધ્વીજી શ્રી યશપ્રભાશ્રીજી આદિ ઠાણા ૬. અત્રે ચાતુર્માસ બિરાજતા હોવાથી તેમની શિષ્યા–પ્રશિષ્યા-

એમાંથી ત્રણ સાધ્વીજીઓએ માસક્ષમણ, જેવી, મહાન તપશ્ચર્યા કરેલ અને એક શ્રાવિકાબેને ૩૧, ઉપવાસની તપસ્યા, કરેલ તેમજ શ્રી સંઘમાં ૫૧ અઠ્ઠાઈની મહાન તપશ્ચર્યાઓ થએલ છે. ૧૫૦ જેટલા અઠ્ઠમ સંઘમાં થએલ છે. સિદ્ધિતપ પણ થએલ છે.

શ્રી સંઘે તપશ્ચર્યા નિમિત્તે ભવ્યાતિભવ્ય શાંતિસ્નાત્ર સહિત અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવેલ છે. મહોત્સવ પર કળશ ચઢાવવારૂપ છેલ્લા દિવસે સ્વામિવાત્સલ્ય થએલ.

ચાતુર્માસમાં સાંકળી અઠ્ઠમ પણ ચાતુર્માસ પર્યંત ચાલુ રહ્યા હતા. અઠ્ઠમ તપ કરનાર દરેક તપસ્વીને રૂા. ૧૧૧ અને શ્રીફળ આપવા વડે બહુમાન કરવામાં આવતું હતું. પર્યુષણ મહાપર્વ પણ અનેરા ઉલ્લાસથી ઉજવાયા હતા. શ્રી કલ્પસૂત્રપરના વ્યાખ્યાનો તેમજ કલ્પસૂત્રના છઠ્ઠા વ્યાખ્યાન પરથી શ્રી ગણધરવાદનું વ્યાખ્યાન સાંભળતા અત્રેના શ્રી સંઘમાં અપૂર્વ હર્ષોલ્લાસ છવાઈ ગએલ. આ રીતે ચાતુર્માસ સારી રીતે ઉજવાતા શ્રી સંઘમાં સૌને અપૂર્વ સંતોષ થએલ છે.

પૂજ્યશ્રીના પ્રવચનોનો લાભ અત્રેના સંઘને અપૂર્વ મળેલ છે. છતાં કરેલું શ્રવણ સદાકાળ સ્મૃતિમાં રહેતું નથી. અમુક રહસ્યવાળી વાતો સ્મૃતિમાં રહી જાય એ જુદી વાત છે એટલે શ્રોતાઓના મનમાં એ વાત રહ્યા કરતી હતી કે કોઈ પ્રકાશન પૂજ્યશ્રી તરફથી બહાર પડે તો વ્યાખ્યાનોની સ્મૃતિ કાયમ જળવાઈ રહે.

અત્રેના શ્રી સંઘની ભાવના લક્ષમાં લઈને પૂજ્યશ્રીએ **"મનો વિજ્ઞાન"** પુસ્તકની આવૃતિ બહાર પાડવા અંગેનો ઉપદેશ કર્યો અને શ્રીસંઘે એવં શ્રોતાઓએ તે ઉપદેશ ઝીલી લીધો.

સત્તર વર્ષ પહેલા **મનો વિજ્ઞાનની** પ્રથમ આવૃતિ પૂજ્યશ્રી મુંબઈ શહેરમાં પાયધુની વિસ્તારમાં આવેલા નમિનાથજી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજતા હતા ત્યારે શ્રી જૈન શ્વેતામ્બર મુમુક્ષુ મંડળે એ પ્રથમ આવૃતિ બહાર પાડી હતી. એ સમયે પ્રથમ આવૃતિમાં ૪૧૦૦ નકલ બહાર પાડવામાં આવી હતી તે નકલો અત્યારે ઉપલબ્ધ ન હોવાથી બીજી આવૃતિ બહાર પાડવાનો લાભ અમારા શ્રી સંઘને મળી રહ્યો છે.

આવો અપૂર્વ લાભ આપવા બદલ અત્રેનો **શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર સંઘ** પૂજ્યશ્રીનો ભૂરી ભૂરી ઉપકાર માને છે.

પુસ્તક બહાર પડતા પહેલાજ અત્રેના શ્રી સંઘના ભાઈ–બહેનોએ તેમજ અન્ય મુમુક્ષુઓએ અગાઉથીજ નકલો નોંધાવી આ સમ્યગ્જ્ઞાન પ્રકાશનના કાર્યમાં અપૂર્વ સહકાર આપેલ તે બદલ શ્રી સંઘ સૌનો આભાર વ્યકત કરે છે.

પુસ્તકના પ્રુફ સંશોધનનું કાર્ય પૂ. ગણીવર્ય શ્રી **યશોવિજયજી** મહારાજે ખૂબ કાળજી પૂર્વક કરી આપેલ તે બદલ સંઘ પૂજ્યશ્રીનો આભાર વ્યકત કરે છે.

અત્રે અમદાવાદના રહીશ શ્રીયુત્ **હસમુખભાઈ સી.** શાહે આ પુસ્તકનું છાપકામ ઘણાં જ અલ્પ સમયમાં અતિ

સુંદર અને ઉઠાવદાર કરી આપેલ છે તે બદલ શ્રી સંઘ તેમનો પણ આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકનું વાંચન કરનાર વાચક વર્ગને એટલીજ વિનંતી છે કે મનની એકાગ્રતા કેળવીને આ પુસ્તકનું વાંચન મનન કરી તેમાંથી યોગ્ય પ્રેરણા મેળવી જીવનમાં યથા-શક્તિ સૌ આચરણ કરે એજ અભિલાષા સાથે આ નિવેદન પુરુ કરીએ છીએ.

લિ.

શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ.

અમદાવાદ.



પ્રસ્તાવના

સુપ્રસિદ્ધ અને પ્રખર વકતા પૂજ્ય આચાર્ય શ્રી વિજય-ભુવનરત્નસૂરીજી મહારાજ જેમણે વીસ ચાતુર્માસ સૌરાષ્ટ્રના જુદા જુદા શહેરોમાં રહી ત્યાંની જૈન તેમજ જૈનેતર સમાજને ધર્મ પમાડી અનેક ધાર્મિક કાર્યો કરાવ્યાં છે, તેમના કેટલાક વ્યાખ્યાનોનો સંગ્રહ પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવ્યો છે અને આ ગ્રંથ 'મનોવિજ્ઞાન'ના નામે પ્રસિદ્ધ થઇ રહેલ છે.

"મનોવિજ્ઞાન"નો આ ગ્રંથ પ્રગટ થતાં પહેલાં ભાવનગરથી "જૈન" અઠવાડિક પત્રની ભેટ તરીકે પૂજ્ય મહારાજ શ્રીના વ્યાખ્યાનોનો સંગ્રહ 'મંગળદ્વાર' પુસ્તક બહાર પડયો હતો. તે પછી સં. ૨૦૨૧ની સાલમાં શ્રી શ્વેતામ્બર જૈન મૂર્તિપૂજક સંઘ, ઘ્રાંગધ્રા તરફથી 'અખંડજ્યોત' પુસ્તક દ્વારા કેટલાક વ્યાખ્યાનોનો સંગ્રહ પણ બહાર પાડવામાં આવેલ હતો. આ બંને પ્રકાશનોમાં આવેલા વ્યાખ્યાનોમાં કેટલાક નવા વ્યાખ્યાનો ઉમેરીને 'અખંડ જ્યોત'ની બીજી આવૃત્તિરૂપેનો ગ્રંથ સં. ૨૦૨૩ની સાલમાં શ્વેતામ્બર જૈન મૂર્તિપૂજક સંઘ, નાગજીભુદ્દરની પોળ, અમદાવાદ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ ત્યારબાદ પાછળથી મંગલ પ્રસ્થાન રસાધિરાજ, મંગલા ચરણ, પ્રશાંત વાહિતા, દર્શન વિશુદ્ધિ વગેરે ગ્રંથો પૂજ્યશ્રી તરફથી બહાર પડેલા છે જેમાંના ઘણા ખરા ગ્રંથો અત્યારે ઉપલબ્ધ નથી. મહારાજશ્રીના અન્ય વ્યાખ્યાનોનો સંગ્રહ પણ તેમણે લખેલાં આત્મદર્શન, મોહ મુક્તિ, તત્વ ત્રિવેણી, અમીઝરણાં આદિ પુસ્તકો દ્વારા પ્રસિદ્ધ થઇ ગયેલ છે.

પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનરત્નસૂરીજી મહારાજ સાહેબ એક પ્રખર વકતા, ચિંતક, નીડર અને પ્રભાવશાળી સાધુ છે. જૈન અને જૈનેતર, શ્રીમંત અને ગરીબ, વેપારી અને ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો અને ફિલસૂફો સૌ કોઇ એમના સમાગમમાં આવનાર એમના પ્રતિભાશાળી વ્યક્તિત્વ તેમ જ તત્ત્વજ્ઞાન માટે મુગ્ધ બને છે. જૈન ધર્મશાસ્ત્રોના તેઓ ઊંડા અભ્યાસી હોવા ઉપરાંત, ગીતા, વેદ, ઉપનિષદ, ભાગવત, રામાયણ, મહાભારત યોગવાસિષ્ઠ તેમજ બૌદ્ધ-દર્શન અને અન્ય દર્શનોનું પણ તેમને વિશાળ જ્ઞાન છે. આ કારણે તેમના વ્યાખ્યાનો જૈન તેમજ જૈનેત્તર સમાજ બંનેમાં સરખા આદર પામ્યા છે. તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિષયની વાતો સામાન્ય માણસ પણ સહેલાઈથી સમજી શકે તેવી સાદી, સરળ અને સચોટ ભાષામાં તેઓ અસરકારક રીતે સમજાવે છે, તેમજ વિષયને પ્રતિપાદન કરતાં વૈવિધ્ય દ્રષ્ટાંતો સાંભળી શ્રોતાજનો તેમની બહુશ્રુતતા પર મુગ્ધ બની જાય છે. ગુંગળાવી ન નાંખે એવી એમની વિદ્વત્તા, સમભાવ અને ધર્મશાસ્ત્રોનો તુલનાત્મક અભ્યાસ તેમજ દાખલા દલીલોથી કોઇ પણ વિષયને રજુ કરવાની તેમની અનોખી શૈલી શ્રોતાજનોનાં અંતરને આનંદવિભોર બનાવી દે છે. મહારાજ સાહેબ પાસે વ્યાખ્યાન આપવાની પોતાની એક આગવી કળા છે અને શ્રોતાજનોને તેઓ ઘણીવાર વાણીના ચાબખા પણ મારે છે. પરંતુ આવા ચાબખાથી શરીર પર સોળ ઉઠવાને બદલે શ્રોતાજનોના જ્ઞાન પર બાઝી ગયેલાં જડત્વના પડ દૂર કરવામાં આ ચાબખાઓ એક મહાન રસાયણ રૂપે કામ કરતાં શ્રોતાજનો અનુભવે છે. વ્યાખ્યાનમાં જ્યારે મહારાજશ્રી સુંદર અને મધુર કંઠે આલાપ

પૂર્વક સ્તવનો સજ્ઝાયો પૂજાના અને કથાના ગીતો ગાઈ છે, ત્યારે શ્રોતાજનો પોતાની જાતને ભૂલી ત્યાગ–તપ–સંયમ રસમાં આનંદ તરબોળ બની જાય છે. અનેકવાર જુદા જુદા સ્થળોએ એમના વ્યાખ્યાનો સાંભળવાનું સદ્ ભાગ્ય મને પ્રાપ્ત થયું છે, અને આ વસ્તુ જાતે જોઈ છે. તેમજ અનુભવી પણ છે.

પ્રસ્તુત ગ્રંથનું પ્રથમ વ્યાખ્યાન 'આત્મદમન' વિષેનું છે. બીજાઓ મને વધ બંધનાદિથી દમે, તેના કરતાં હું પોતે જ મારી જાતને સંયમ અને તપ દ્વારા નિગ્રહમાં રાખું, એ વધારે સારું છે.' (ઉત્તરાધ્યયના ૧-૧૫-૧૬) એવા ઉત્તરાધ્યયન સૂત્રના કથનનો આધાર લઈ મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં આ વાતની સુંદર રીતે છણાવટ કરી છે. સ્વ આત્માને દમનાર આ લોક પરલોક અને ભવોભવમાં સુખી થાય છે ધર્મનું ફળ મુખ્યત્વે બે પ્રકારનું છે, એક તાત્વિક અને બીજુ આનુષંગિક, ધર્મનું તાત્વિક ફળ ચિત્તની પ્રસન્નતા છે. દાન, શિયળ, તપ અને સંયમાદિ ધર્મના દરેક અનુષ્ઠાનનું ફળ ચિત્તની પ્રસન્નતા છે. પ્રસન્નતાનું ફળ ચિત્તની સમાધિ છે. અને સમાધિનું ફળ કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનનું ફળ મોક્ષ છે. સુંદર સ્ત્રી, પુત્રો, વિપુળધન, વૈભવ ઇત્યાદિ ધર્મનું આનુષંગિક ફળ છે. આપણે પ્રત્યક્ષ રીતે જોઈ શકીએ છીએ કે ચક્રવર્તીને જે સુખ નથી, અને જે સુખ ઈન્દ્રને પણ નથી તે સુખ અહિં લોકેષણા રહિત સાધુને હોય છે. શ્રીમદ્ યશોવિજયજી મહારાજે જ્ઞાનસારમા આ વાત સમજાવતાં કહ્યું છે કે આત્મદ્રવ્યથી ભિન્ન એવી પર વસ્તુ ધન, ધાન્ય, પરિગ્રહાદિરૂપ ઉપાધિને માત્ર ભ્રમથી પૂર્ણતારૂપ માનવામાં આવે છે. વાસ્તવિક રીતે તો વિવાહાદિ અવસરે બીજા પાસેથી માંગી લાવેલાં ઘરેણાં જેવું આ

બધું છે, કારણ, એ કાયમ માટે ટકી શકતું નથી. ત્યારે જે સ્વાભાવિકી–જ્ઞાન–દર્શન ચારિત્રની પૂર્ણતા છે, તે ઉત્તમ રત્નની કાન્તિ સમાન છે અને કદાપિ ન જાય એવા પ્રકારની છે. પૌદ્ગલિક સુખો તદ્દન કૃત્રિમ છે, જ્યારે મોક્ષનું સુખ એજ વાસ્તવિક અને સાચું સુખ છે. એ હકીકત મહારાજ શ્રીએ દાખલા દલીલથી સમજાવી અંતે કહ્યું છે કે : "ધર્મ એ કોઈ આત્માથી જુદી વસ્તુ નથી. આત્માનો પોતાનો સ્વભાવ એજ ધર્મ છે. તત્ત્વદ્રષ્ટિએ ધર્મ કયાંય બહારમાં નથી,ધર્મ આત્મામાંજ છે. બહારમાં આલંબનો છે. જ્ઞાન-દર્શન ચારિત્ર, અહિંસા, સંયમ અને તપ એજ આત્માનો મહાન ઉત્કૃષ્ટ ધર્મ છે, અને તે બહારમાં કયાંય નથી.' દમનની વ્યાખ્યા સમજાવતાં મહારાજશ્રીએ કહ્યું કે "વિભાવ દશામાં જતાં આત્માનોનિગ્રહ કરીને, તેને સ્વભાવ દશામાં ટકાવી રાખવો, તેને આત્મદમન કહેવામાં આવે છે. ચાર કષાય અને પાંચ ઈન્દ્રિયોનાં વિષય વિકારથી આત્માને નિવર્તાવવો તે જ ખરૂં આત્મદમન છે. શ્રીમદ હેમચંદ્રાચાર્યે પણ યોગશાસ્ત્રમાં આ વિષે કહ્યું છે કે, કષાયો અને ઈંદ્રિયોથી જીતાયેલો આત્મા એ જ સંસાર છે, અને કષાય તથા ઈન્દ્રિયોને જીતનાર આત્મા તે જ મોક્ષ છે. ધર્મશાસ્ત્રોએ ઈન્દ્રિયોને હોમના અગ્નિ જેવી કહી છે, તેમાં જેટલું હોમીએ તેટલા તેના ભડકા વધ્યેજ જવાના, ભોગો; રોગોનું પ્રવેશદ્વાર છે, અને તેથીજ મહર્ષિ ભર્તૃહરિએ કહ્યું કે ભોગા ન મુક્તા વયમેવ મુક્તા. અર્થાત માનવી ભોગો નથી ભોગવતો ભોગોજ માનવીને ભોગવે છે. આત્મદમન દ્વારાજ વાસના, કામના, ભોગ-સ્વાર્થ–ઇર્ષ્યા કે નિંદા આદિવૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરી શકાય છે, એ વસ્તુનું સચોટ નિરૂપણ અનેક દાખલા દલીલોથી મહારાજશ્રીએ આ વ્યાખ્યાનમાં કરેલું છે.

બીજું વ્યાખ્યાન 'તે જ અને તિમિર' પરનું છે. અને તે પણ મુખ્યત્વે આત્મદમનની પૂર્તિરૂપેજ છે. આત્માનો ખરો વૈભવ કેવળ જ્ઞાન અને કેવળ દર્શન આદિગુણનો સમુદાય છે, પણ જીવને આ ભાન થયું નથી એટલે તે એકલા બહારના વૈભવને ઝંખી રહ્યો છે અને પાગલ થયો છે, એ હકીકત આ વ્યાખ્યાનમાં ઉત્તમ રીતે સમજાવવામાં આવી છે. **જ્ઞાન એ સર્વારાધક છે અને ક્રિયા દેશારાધક છે, એ વસ્તુ અહિં સરસ રીતે કહેવામાં આવી છે. ધર્મના અનુષ્ઠાનો કરવાનું મુખ્ય ધ્યેય સમતાની પ્રાપ્તિ છે.** અને વરસોથી ધર્મ આરાધના કરનારાઓનાં જીવનમાં પણ જો સમતા ન આવે તો તે એમ સૂચવે છે કે ધર્મ આરાધનામાં કયાંક ખામી છે. સામાયિકની સુંદર વ્યાખ્યા અહિ આપતા મહારાજશ્રીએ કહ્યું છે કેઃ 'ત્રસ હોય કે સ્થાવર હોય, શત્રુ હોય કે મિત્ર હોય, સર્વજીવો પ્રતિનો જે સરખો સમભાવ તેને કેવળી ભગવંતોના શાસનમાં સામાયિક કહેવામાં આવે છે. કોઈ પણ આત્મા પ્રતિ મનમાં રોષ ન રહે, અને સર્વજીવો પ્રતિ મનમાં સમભાવ આવી જાય તે જ સામાયિક છે."

મહારાજશ્રીએ આ વ્યાખ્યાનમાં નંદિષેણ મુનિની કથા બહુ રોચક ભાષામાં કહી છે. ભોગાવલી કર્મના ઉદયને કારણે નંદિષેણ મુનિના વર્તનમાં મલિનતા આવી, પણ તેમ છતાં તેની શ્રદ્ધા તો અખંડિતજ હતી. આ શ્રદ્ધાના બળે નંદિષેણ વેશ્યાવાડે રહેતા રહેતા પણ, દરરોજ દશ દશને પ્રતિબોધ પમાડી વીર ભગવાનનાં વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરાવતા હતા. જૈન દર્શનની આ એક મહાન વિશિષ્ઠતા છે. કોઈ પણ વ્યક્તિ વર્તનથી પતિત થવા છતાં, જો તેની શ્રદ્ધા અખંડિત રહી શકી હોય તો, અમુક સંજોગોમાં તેના વર્તનની વાત ક્ષમ્ય છે, કારણ કે, મુખ્યતા શ્રદ્ધાની છે.

નિકાચિત કર્મોની શક્તિ એવી તો પ્રબળ હોય છે, કે તેના ફળો ભલભલા મહા પુરૂષોને પણ અવશ્ય ભોગવવા જ પડે છે. વ્યાખ્યાનના અંત ભાગમાં મહારાજશ્રીએ કહ્યું કે "આમાંથી એટલું આપણે જરૂરી શીખવાનું છે કે, નિકાચિત કર્મો પણ કેટલા બળવાન હોય છે. આવા મહાન ગજરાજ જેવા પુરૂષો પણ ગોથું ખાઈ જાય, તો આપણા જેવા ઘેટાં ગાડરડાનું શું ગજું ? માટે આપણે તો પળે પળે સાવધાન રહેવાની જરૂર છે."

ત્રીજું વ્યાખ્યાન અસિધારાવ્રત વિષેનું છે. અસિધારા-વ્રતનો અર્થ તલવારની ધાર પર ચાલવા જેવું કઠણ વ્રત થાય છે. વ્રતો તો અનેક છે, પણ તમામ વ્રતોમાં બ્રહ્મચર્યનું વ્રત ઉત્તમોત્તમ છે. આકાશ મંડળના તારાઓમાં જે સ્થાન ચંદ્રનું છે, તેવું જ સ્થાન તમામ વ્રતોમાં બ્રહ્મચર્યનું છે. મહારાજ સાહેબે અહિં સાચું જ કહ્યું છે કે ઉખર ભૂમિમાં જેમ બીજ ઉગે નહિ, તેમ જ્યાં સુધી વિષય વાસનાથી વાસિત મન છે ત્યાં સુધી, તેમાં વૈરાગ્ય ભાવનાના અંકુર ફૂટે નહિ.

કંદર્પ (કામદેવ) ના દર્પ (ગર્વ) નું દલન (ચૂરેચૂરા કરવા તે) કરનાર જે વીર પુરૂષો આ પૃથ્વી પર થઈ ગયા છે, તે બધામાં કામવિજેતા સ્થુલિભદ્રજીનું નામ સૌથી મોખરે છે, અને મહારાજશ્રીએ અતિરોચક અને રોમાંચ ખડા થાય એવી તલસ્પર્શી ભાષામાં આ કથાનું વર્ણન કરેલું છે. ભગવાન નેમનાથે રાજુલનો ત્યાગ કર્યો હતો, પણ એ ત્યાગ તેની સાથે સંસાર માંડયા વગર જ કરેલો હતો, કોશા તો સ્થુલિભદ્રની એક વખતની અત્યંત પ્રેમપાત્ર હતી અને ગૃહસ્થાશ્રમમાં તેની સાથે બાર વર્ષો સુધી સંસાર

પણ ભોગવ્યો હતો. આમ છતાં ભૂતકાળના આવા પ્રેમપાત્રના સાંનિધ્યમાં, સ્થૂલિભદ્ર ચાર ચાર માસ સુધી સ્વાદિષ્ટ ભોજન આરોગતા તેમજ વાસના ઉત્તેજિત થાય તેવા તમામ પ્રસાધનોની વચ્ચે રહેવા છતાં, મન, વચન અને કાયાએ કરી નિર્વિકાર અને નિર્લેપ રહી શકયા, એ ઈતિહાસનો એક અજોડ દાખલો છે. શંકરને કામદેવને બાળવો પડયો ત્યારે સ્થૂલિભદ્રે તો કામદેવને લજ્જિત કરી મૂકયો.

પરંતુ આમ છતાં સિંહગુફાવાસી મુનિરાજે કરેલી ભૂલમાંથી પણ સાધકો અને ત્યાગીઓને બહુ શીખવાનું છે. **સંજોગો, પરિસ્થિતિ અને વાતાવરણ તેમજ એકાંત મળતાં જે વૃત્તિઓ શાંત બનીને બેઠી હોય છે. અગર તો નિર્મૂળ બની છે એમ લાગતું હોય, તે જ વૃત્તિઓ સંજોગો અનુકૂળ થતાં તેમજ વિષયી પદાર્થો અને કામપ્રદીપ વાતાવરણ વચ્ચે રહેતાં ત્યાગને બદલે સહસ્ત્ર મુખી બની ભોગવૃત્તિમાં પલટાઈ જાય છે.** માનવીમાં જે અનંત શક્તિ રહેલી છે. તેનું દિગ્દર્શન આપણને જેમ કામવિજેતા સ્થૂલિભદ્રજીના જીવનદ્વારા થાય છે, તે જ રીતે માનવમાં છુપાઈને રહેલાં વિકારો–વાસનાઓ–નબળાઈનું ભાન પણ, આપણને સિંહાગુફાવાસી મુનિરાજના કોશાને ત્યાંના વર્તન પરથી થાય છે. અલબત્ત, સ્થૂલિભદ્રની અડગતા અને સંયમની પરાકાષ્ઠાના કારણે, કોશાનો જીવનપંથ પલટાઈ ગયેલો હતો, અને તેથી સિંહાગુફાવાસી મુનિને પતનના માર્ગેથી પાછો વાળી સીધા રાહે લાવવા તે શક્તિમાન થઈ એ જુદી વાત છે.

માનવ માટે અખંડ બ્રહ્મચર્ય શકય છે. આહાર–નિદ્રા–ભય–મૈથુનની સંજ્ઞા જીવને જન્મ સાથેજ વારસામાં મળેલી

હોય છે, તે માટે કોઇને શીખવવું પડતું નથી. પરંતુ ભૂખ-તરસની માફક મૈથુનની બાબત શરીર સાથે સંકળાયેલી નથી. કામભોગની ઈચ્છા મોહનીય કર્મના ઉદયનું કારણ છે, અને મોહનો ઉદય ભોગથી જ શમે એવું એકાન્તે નથી ઇંધિનથી જેમ અગ્નિની જવાલા પ્રચંડ થાય છે, તેમ ભોગો ભોગવવાથી તે શમવાને બદલે તેની અતૃપ્તિ વધતી જાય છે. માનવીમાં અનંત શક્તિ રહેલી છે, અને એ શક્તિ વડે ભોગવૃત્તિનો સામનો કરી, સદ્‌વિચાર દ્વારા એ વૃત્તિમાંથી માનવી મુકત થઈ શકે છે, એજ વસ્તુ માનવી માત્રે સ્થૂલિ-ભદ્રજીના જીવનમાંથી શીખવાની છે.

ચોથું અને આ ગ્રંથનું અતિ મહત્વનું વ્યાખ્યાન 'મનોવિજ્ઞાન' વિષેનું છે, અને પાંચમું વ્યાખ્યાન પણ તેના અનુસંધાનમાં છે. વર્તમાન યુગ માટે આ વિષય અતિમહ-ત્વનો છે, અને સમગ્ર રીતે જોતાં મહારાજશ્રીનું આ વ્યાખ્યાન માનવીને એક નવીજ દ્રષ્ટિ આપે છે. જેનાથી વિચાર કરી શકાય એવી આત્માની શક્તિને મન કહેવાય છે. મનનું મહત્વ અને બળ અકલ્પ્ય છે. જ્યોતિષ શાસ્ત્રની દ્રષ્ટિએ પણ જન્મકુંડલીમાં ચંદ્ર એ અત્યંત મહત્વનો ગ્રહ છે અને માનવીના મનનું બંધારણ તેમજ તેની મનોવૃત્તિ વિષે જન્મ કુંડલીના ચંદ્રની પરિસ્થિતિ પરથી જ કહી શકાય છે. ચંદ્રએ મનનાં પ્રતીકરૂપ છે.

મનનો એક મહાન ગુણ મનન કરવાનો પણ છે. મમ-ત્વના બંધનમાં જીવ મનથી તેનું મનન કરીને પકડાય છે. અને સમ્યક્ જ્ઞાન દર્શન અને વિવેક પ્રાપ્ત થતાં તે જ મન તેની મુક્તિનું કારણ પણ બની શકે છે. તેથી જ શાસ્ત્રકારોએ મનને બંધન અને મોક્ષ બંનેના કારણરૂપ કહ્યું છે.

આજના વિજ્ઞાન યુગમાં જીવનમાં આધ્યાત્મિકતા દિન-પ્રતિદિન ઓછી થતી જાય છે, અને બીજી બાજુ ભૌતિકતા વધતી જાય છે. આ પરિસ્થિતિના પરિણામે આજે રોગોનું સ્વરૂપ પણ બદલાયું છે. વર્તમાન કાળમાં મોટા ભાગના પ્રવર્તી રહેલાં રોગોનું કારણ ભય-ક્રોધ-ઉદ્વેગ-આઘાત, પ્રત્યાઘાત-ચિંતા વ્યાધિ-વ્યથા-અજંપો અને માનસિક વિષાદ છે. આજના વિજ્ઞાનીઓએ પણ શોધી કાઢયું છે કે ઈર્ષા-ભય-ક્રોધ ઈત્યાદિ, દુર્ગુણો શરીરમાં પ્રવેશતાં, શરીરમાં એક પ્રકારની એવી પ્રક્રિયા થાય છે કે જેને લઈને એક "એડ્રીનીલીન' નામનું પ્રવાહી શરીરમાં ઉત્પન્ન થાય છે, અને તે પદાર્થ લોહીમાં ભળતાં, લોહી ગરમ થાય છે. ને એ લોહી જ શરીરમાં ઝેરનું કામ છે.

મહારાજશ્રીએ આ વ્યાખ્યાનમાં સમજાવ્યું છે કે' જીવ સમ્યકત્વ ગુણને પામી જાય તો દર્શન શુદ્ધિની સાથે અંદરના માનસિક ભાવોમાં અજબ પરિવર્તન આવી જાય.' દેવ ગુરૂધર્મના અંગેનું સમ્યકૂદર્શનની સાથો સાથ પદાર્થ માત્ર અંગેનું સમ્યકૂદર્શન હોય તો, માનસિક પ્રક્રિયાના કારણે ઉત્પન્ન થતાં રોગો થવા ન પામે. દાખલા તરીકે આપણને સમજાઈ જાય કે, આ શરીરનો સ્વભાવ સડવાનો, પડવાનો અને નાશ પામવાનો છે, તો દેહ પ્રત્યેનો તેમજ સઘળા અન્ય પદાર્થો પ્રત્યેનો આપણા મમત્વનો અંત આવી જાય. મહાન તત્વજ્ઞાની એપિકટેટસને કોઈએ આજીવન વિષે પૂછયું તો તેનો જવાબ આપતાં તેણે કહ્યું: "આ જીવનમાં છે શું? નિર્જીવ શબને ઉચકીને આત્મા ફરે છે. "એક વખત દેહની અનિત્યતા, ક્ષણભંગુરતા સમજાઈ જાય તો પછી કોઈ પદાર્થ વસ્તુ કે પોતાના દેહ સંબંધમાં પણ

મમત્વનો અવકાશ જ ન રહે. સમ્યક્ત્વના પરિણામને પામેલો જીવ, કર્મોદયના પરિણામે સંસારમાં રહેતો હોવા છતાં અને ભોગાવલીના ઉદયે ભોગોને ભોગવતો છતાં, અંતરથી લેપાતો નથી. વંદિતા સૂત્રની એક ગાથામાં પણ કહેવામાં આવ્યું છે કે, સમ્યક્‌દ્રષ્ટિ જીવ તીવ્રપણે રાચીમાચીને પાપ આચરનારો હોતો નથી, તેથી તેને અલ્પકર્મનો બંધ પડે છે. મનઃશુદ્ધિ થયા વિના સમ્યક્‌ દ્રષ્ટિ પ્રાપ્ત થઈ શકતી નથી.

મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં પણ કહ્યું છે કે મનની શુદ્ધિ એ તો ન ખુઝાય તેવી મોક્ષ માર્ગને દેખાડનારી સાક્ષાત્ દીપિકા છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના એક શ્લોકને ટાંકી મહારાજશ્રીએ સમજાવ્યું છે કે, મોક્ષપદની ઈચ્છા રાખનારા દરેક મુમુક્ષુએ, અવશ્ય મનની શુદ્ધિ કરવી જોઈએ. કારણ કે, મનની શુદ્ધિ વિના તપ, જપ, યમ નિયમાદિનું જે પાલન છે તે કેવળ દેહને દંડ આપવા રૂપ છે. તત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ નિઃશલ્યો વ્રતીઃ અર્થાત જે શલ્ય વિનાનો હોય તે જ વ્રતી સંભવે છે, એમ કહ્યું છે.

મનને વશ કરવાના ઉપાયો પર મહારાજશ્રીએ સુંદર અને વિદ્વત્તા પૂર્ણ વિવેચન કર્યું છે. મન અતિચંચળ છે એટલું જ નહિ, પણ ઉન્મત્ત અને અતિ બલવત્તર છે. મનનો નિગ્રહ કરવાનું કાર્ય વાયુનાં નિગ્રહ કરતાં પણ દુષ્કર જણાય છે. મહારાજશ્રીએ મનને વશ કરવાના માર્ગો બતાવતાં કહ્યું છે કે "વાણીમાં અમૃત પણ છે અને ઝેર પણ છે. વાણી એવી હોય કે સામો માણસ પાણી થઈ જાય. પ્રત્યુત્તર વાળવાની શૈલી એવી હોય કે ગમે તેવો અકકડ માણસ એક વાર નમ્ર બની જાય. અભ્યાસ અને વૈરાગ્યના

બળે ચંચળ મનને પણ વશ કરી શકાય છે. યમનિયમાદિનું પાલન, સત્સંગ, સ્વાધ્યાયને અભ્યાસ કહી શકાય, અને સંસારના બધા પદાર્થોની ક્ષણભંગુરતા વિચારતા તે તરફનો રાગ જે ઓછો થાય તે જ વૈરાગ્ય. દરેક પદાર્થની નિઃસારતા સમજાતા મન બધેથી પાછું હઠીને અંતે સ્વરૂપમાં વિશ્રાંતિ પામે છે. તેથી અભ્યાસ અને વૈરાગ્ય નિગ્રહ માટેના શ્રેષ્ઠ ઉપાયો છે.”

વૈરાગ્ય શબ્દનો સાચો અર્થ રાગથી અટકવું અને રાગ-મુક્ત થવું એવો થાય છે. કોઈ એમ ધારે કે પ્રથમ યથાર્થ વૈરાગ્ય સિદ્ધ કરીને પછીજ અભ્યાસમાં પ્રવેશશું તોતે ચોગ્ય નથી, કારણ કે, અભ્યાસ વૈરાગ્યનો ઉપકારક છે અને વૈરાગ્ય અભ્યાસનો ઉપકારક છે. જેટલો વખત ચિત્ત વિષયમાં પ્રીતિથી રહિત રહે છે, તેટલો વખત તે સહજ પ્રયત્નથી અંતર્મુખ કરી શકાય છે, અને જેટલો વખત ચિત્ત અંત-ર્મુખ રહે છે તેટલો વખત ખુલ્લી રીતે તે વિષયથી વિમુખ રહે છે. મનની સમતુલા વિષે સમજાવતાં મહારાજશ્રીએ કહ્યું છે કે “સુખ અને દુઃખ બંનેમાં સમભાવે રહેવું એજ ખરી સમતુલા છે. સંસારના દુઃખ જેમ અસાર છે. તેમ સંસારના સુખ પણ અસાર છે. દુઃખ વર્તમાનમાં ભયંકર છે. તો સુખ ભાવિમાં ભયંકર છે. જીવને સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ એજ અનાદિની બંધ પરંપરા છે.—રાગદ્વેષથીજ જીવને બંધ છે. સુખદુઃખ બંનેમાં સમભાવ આવે ત્યારે જ બંધ પરંપરા અટકે છે.” યુરોપના એક વિદ્વાન પુરૂષે પણ આવી જ વાતો કરતાં કહ્યું છે કે A man of Pleasure

is a man of Pain અર્થાત્ ભોગ ભોગવનારો માણસ દુઃખમય બની જાય છે. મહાન્ તત્વજ્ઞ શ્રી. ખલિલ જિબ્રાને આવીજ વાત કરતાં કહ્યું છે કે your joy is your Sorrow unmasked. ભૌતિક સુખોની ભીતરમાં મહાન દુઃખો ન જોઇ શકાય એ રીતે પડેલાંજ છે. મહારાજ સાહેબે તેથી સાચુંજ કહ્યું છે કે 'સંસારના દુઃખ કરતાં એ સુખો ભયંકર છે.'

માણસ આ વસ્તુ સમજી જાય તો પોકળ સુખોની પાછળ દોડતો બંધ થઇ જાય. એટલુંજ નહિ પણ; તેથી તેને સાચું આત્મિક સુખ પણ સહેજે પ્રાપ્ત થાય છે. જે પળે માણસ પૌદ્ગલિક સુખોનું સ્વરૂપ સમજી તેની પાછળ દોડતો બંધ થાય છે, તેજ ઘડીએ તેના માટે આત્મિક સુખના દ્વાર ખુલ્લા થઈ જાય છે. one door is shut and another opens એક દ્વાર બંધ થતાં બીજું દ્વાર ઉઘડી જાય છે, આ કથન અહિં બરોબર લાગુ પડે છે.

સંસારના સુખો અને દુઃખો વિષે વિચારતાં આપણને સમજાશે કે, સુખ એટલે દેહેન્દ્રિયોને થતું પ્રિય સંવેદન ને એથી ઉલ્ટું સંવેદન તે દુઃખ. દુઃખની નિવૃત્તિ અર્થે દરેક જીવ પ્રયત્નશીલ હોય છે, પરંતુ પ્રયત્નનું લક્ષ્ય ભૂલ ભરેલું હોય તો જે પ્રયત્ન આદરવામાં આવે, તે લાંબેકાળે વિપરીત પરિણામ આણનારું એ બને. ઉત્તરાધ્યયન સૂત્રમાં સંભૂતિ મુનિની વાત આવે છે. સંભૂતિમુનિને સનતકુમાર નામના ચોથા ચક્રવર્તી એક વખત તેમની સુનંદારાણી સાથે વંદન કરવા અર્થે ગયા હતા. ચક્રવર્તીની રિદ્ધિ-સિદ્ધિ અને સુનંદાનું અદ્ભૂત રૂપ જોઈ સંભૂતિમુનિએ અન્ય જન્મે

આવા સુખ અને સ્ત્રી રત્ન સાંપડે તેવી ઈચ્છા કરી (જૈન પરિભાષામાં જેને નિયાણું કહેવામાં આવે છે) અને તપના પ્રભાવે એ બધું અન્ય જન્મમાં પ્રાપ્ત પણ થયું, પરંતુ પરિણામે સંભૂતિમુનિનો જીવ જે બ્રહ્મદત્ત ચક્રવર્તી તરીકે જન્મ્યો હતો, તે મૃત્યુ પામીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો. સાધના ઉત્તમ પણ લક્ષ્ય ખોટું. પુણ્ય કર્મથી સુંદર સંપત્તિ અને વિપુલ સુખો મળે, પરંતુ તેનાથી આત્મા ભારે અનવાનો પણ સંભવ રહે છે, અને તેથીજ મહારાજશ્રીએ સાચું જ કહ્યું છે કે "સંસારના દુઃખો કરતાં એ સુખો ભયંકર છે." સાચા ત્યાગી અને તપસ્વીઓ સાધના કરતાં પુણ્ય નથી ઈચ્છતાં, પણ માત્ર પાપ કર્મનો ક્ષયજ ઇચ્છે છે, કારણ કે તેમનું લક્ષ્ય સ્વર્ગ નહિ પણ મોક્ષ છે.

સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે: "જો શરીરથી તમે જગતને ત્યાગી ન શકો તો મનથી એનો ત્યાગ કરો. કોઈ પણ વસ્તુની વાસના ન રાખો. કારણ કે, તમે જે વસ્તુની વાસના કરતા હો તે વસ્તુ તમને આવી મળે છે, અને તેની સાથેજ ભયંકર બંધન આવી લાગે છે. કોઈ પણ વસ્તુની ઇચ્છા રાખવી તે આપણને પોતાને બંધનમાં નાખવા બરોબર જ છે."

મહર્ષિ પતંજલીએ યોગશાસ્ત્ર (અધ્ય. ૨–૧૫) માં કહ્યું છે કે વિવેકીને મન તો સુખ અને દુઃખ રૂપજ છે, કારણ કે સુખ પણ પરિણામે દુઃખ ઉત્પન્ન કરે છે. સુખના ભોગના સમયે ભોગ્ય વસ્તુના નાશની આશંકા દુઃખ ઉત્પન્ન કરે છે. સુખના સંસ્કારથી પેદા થતો રાગ પણ દુઃખનો અનુભવ કરાવે છે. વળી ગુણવૃત્તિ એટલે સત્વ, રજસ અને તમસ એ ત્રણની

વિરૂદ્ધતાને લીધે પણ દુઃખ પ્રાપ્ત થાય છે. દુઃખ અને સુખની વ્યાખ્યા કરતાં એક મહાત્મા પુરુષે સ્પષ્ટ અને સાચું જ કહ્યું છે કે : 'सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम्.' આપણા આત્માને જે વશ છે તે સિવાય અન્ય વસ્તુના સંયોગથી પ્રાપ્ત થતાં તમામ સુખો પરાધીનતાના કારણે દુઃખરૂપજ છે. તેથી જ શ્રીમદ્ આનંદઘનજીએ સંસારી જીવની વ્યાખ્યા આપતાં એક સ્તવનમાં કહી દીધું છે કે : 'અન્ય સંયોગી જિહાં લગી આતમારે, સંસારી કહેવાય.' સુખ આ દ્રષ્ટિએ દુઃખરૂપ છે અને દુઃખ તો સ્પષ્ટ રીતે દુઃખરૂપ છે જ, તેથી આ સંપૂર્ણ જગત કેવળ દુઃખરૂપજ છે. એ વાત સિદ્ધ થાય છે. મનોવિજ્ઞાનના (ઉત્તરાર્ધ) બીજા વ્યાખ્યાનમાં મહારાજશ્રીએ માનવમન વિષેની અવનવી માહિતી આપતું એવું શ્રીમદ આનંદઘનજીના ભગવાન કુંથુનાથ પરના સ્તવન પર અભ્યાસ પૂર્ણ વિવેચન કરી અંતમાં સાચું જ કહ્યું છે કેઃ **કોઈ માટે મનમાં નબળું વિચારવું નહિ, નબળું ઉચારવું નહિ અને નબળું આચરવું નહિ, આજ જીવનનો સાર છે.** દુનિયાની નિઃસાર પ્રવૃત્તિઓમાં નહિ પડે તે આ જીવનના સારને પામી જશે."

તે પછીના 'શાંતિનો સંદેશ" વ્યાખ્યાનમાં સ્થિતપ્રજ્ઞ માણસ કેવો હોય તે હકીકત શ્રીમદ આનંદઘનજીના ભગવાન શાંતિનાથના સ્તવનના આધારે સુંદર રીતે સમજાવવામાં આવી છે. શાંતિ પ્રાપ્ત કરવાનો રાજ માર્ગ બતાવતાં વ્યાખ્યાનના અંત ભાગમાં મહારાજશ્રીએ સાચું જ કહ્યું છે કે **"શાંતિ પોતાના આત્મામાંજ છે, પણ સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરીને આત્મા જ્યારે પોતાના નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય ત્યારે તેને શાંતિની પ્રાપ્તિ થાય છે."**

તે પછીના બે વ્યાખ્યાનો 'ગિરિરાજના આઠ શિખરો અર્થાત આઠ પ્રકારના મદ વિષેના છે. જાતિ, કૂળ, બળ, રૂપ, તપ, રિદ્ધિ વિદ્યા, અને લાભનો જે કોઈ ગર્વ કરે છે તેનું પતન થાય છે. મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં કહ્યું છે તે મુજબ જે વસ્તુ પ્રાતઃકાળે જોવામાં આવે છે તે મધ્યાન્હ કાળે નથી અને જે વસ્તુ મધ્યાન્હ કાળે જોવામાં આવે તે સંધ્યાકાળે અદ્રશ્ય થયેલી માલૂમ પડે છે. આ પરિસ્થિતિમાં કોણ કોનો મદ કે અભિમાન કરી શકે?

અંતિમ અપૂર્વ આરાધનાવાળા વ્યાખ્યાનમાં મહાસતી મદનરેખાએ અત્યંત કપરા સમયે પણ પોતાના પતિને જે ધર્મ આરાધના કરાવી હતી, તેની રસપૂર્ણ વાત આવે છે. તે પછીના જે વ્યાખ્યાનો જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા વગેરે વિષય પરના છપાએલા તે પણ ખૂબજ મનન કરવા યોગ્ય છે.

પૂજ્ય આચાર્ય **શ્રી વિજય ભુવનરત્નસૂરીજી** મહારાજ સાહેબના આ બધા પ્રવચનો સમ્યક્ જ્ઞાનની મનોરમ પ્રસાદી રૂપ છે. આ પ્રવચનો પાછળ મુનિરાજની દૃષ્ટિ શ્રોતાજનોને જીવન, સંસાર, ધર્મ વિષે સાચું માર્ગદર્શન આપવાની છે. અને તે હેતુ સર્વાંશે સિદ્ધ થયો હોવાનું આ વ્યાખ્યાનો વાંચતા મને લાગ્યું છે. સરળ અને સુગમ્ય ઉપદેશની સાથે સાથ પ્રસંગને અનુરૂપ એવા ઉચિત દ્રષ્ટાંતો, આ પ્રવચનોને વિશેષ આકર્ષક અને અસરકારક બનાવે છે. પૂજ્ય આચાર્યશ્રીની વિદ્વત્તા કેવળ જૈન શાસ્ત્રો કે આચાર પૂરતી નથી. પરંતુ જૈનેત્તર તેમજ આધુનિક વિચારો, વિચારકો, તેમજ વાદોથી તેઓ સુપરિચિત છે, ભાષા ઉપરનો કાબૂ તેમજ અનેક ધર્મશાસ્ત્રોનું તેમનું અધ્યયન આ પ્રવચનોને ઉચ્ચ કોટિના બનાવવામાં

સફળ થયા છે. આવા અભ્યાસ પૂર્ણ પ્રવચનો માટે સમગ્ર જૈન સમાજ મહારાજશ્રીનો અત્યંત ઋણી છે અને આ વ્યાખ્યાનો ગ્રંથસ્થ કરી આપવા માટે પૂ. આચાર્યશ્રીનો અંતઃ કરણ પૂર્વક આભાર માનું છું. અને ભાવપૂર્વક વંદના કરું છું.

૧૧, પારસી બઝાર સ્ટ્રીટ. સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા
કોટ, મુંબઈ–૧
તા. ૧–૧–૧૯૬૯

કિંચિત્ વક્તવ્ય

માનવીને પોતાના દિલમાં જે અનેક પ્રશ્નો મુંઝવતા હોય છે. તેમાંનો આ પણ એક મુખ્ય પ્રશ્ન છે કે મનને કઈ રીતે કાબુમાં લઈ શકાય? ઇન્દ્રિયો પાંચ કહેવાય છે તો મન એ શી વસ્તુ છે? આત્મા સાથે મનનો કેવો ગાઢ સંબંધ છે. દ્રવ્ય મન એ શી વસ્તુ છે. ભાવ મન એ શી વસ્તુ છે. મનને જીતવા માટેના ઉપાયો કયા છે. આ બધી બાબતોનો સમાવેશ આ બહાર પડતા મનોવિજ્ઞાન નામે પુસ્તકમાં કર્યો છે. વિજ્ઞાન એ ચાલુ જમાનામાં ખૂબજ પ્રચલિત બનેલો શબ્દ હોવાથી આ પુસ્તકનું નામ મનોવિજ્ઞાન વાંચતા વખતે કોઈના મનમાં એ રીતની કલ્પના પણ થઈ આવે કે શું મહારાજશ્રીએ આ પુસ્તકમાં ચાલુ વિજ્ઞાનના વિષય પર કાંઈ આલેખન કર્યું હશે? પણ ચાલુ વિજ્ઞાનના વિષય પર આ પુસ્તક લખાયેલું નથી. આ પુસ્તકમાં આટલો ઉલ્લેખ જરૂર કર્યો છે કે વૈજ્ઞાનિકો જડના વિકાસમાં આટલા આગળ વધ્યા તો આપણે ચૈતન્યનાં વિકાસમાં કેમ આગળ ન વધી શકીએ? મનની એકાગ્રતા પૂર્વકની આપણી સાધના હોય તો આપણે જરૂર પ્રગતિ સાધી શકીએ.

વિજ્ઞાન એ શબ્દ ભલે ચાલુ જમાનામાં અતિ પ્રચલિત બન્યો છે પણ શાસ્ત્રોમાં પણ મતિ, બુદ્ધિ અને વિજ્ઞાન એ શબ્દો વપરાયેલા છે. તેમ આત્માને માટે વિજ્ઞાન એ શબ્દ ચાલુ જમાનામાં ગમે તેટલો પ્રચલિત બન્યો હોય પણ શાસ્ત્રોમાં પણ તેની પ્રસિદ્ધિ છે.

મારો પોતાનો જાત અનુભવ છે કે મન અંગે અત્યાર સુધીમાં કેટલાય મુમુક્ષુઓએ મારી સાથે ચર્ચા વિચારણા કરી

છે. તેઓનો એ મુખ્ય પ્રશ્ન હોય છે કે મહારાજશ્રી આ મનને કેમ કાબુમાં રાખવું. માળા ગણતા હોઈએ, સામયિકમાં બેઠેલા હોઈએ ત્યારે પણ મન બીજે ભટકવા ચાલ્યું જાય છે, ત્યારે આ રીતના પ્રશ્ન ઉઠાવનારને મેં પણ સામેથી "ઘણીવાર પૂછેલું છે કે માળા ગણતાં તમારુ મન બીજે ભટકવા જાય છે. પણ નોટોના બંડલ ગણતા મન કયારે પણ બીજે ભટકવા ગયું? આવું પુછવામાં આવે એટલે પ્રશ્ન કરનારને જ તરત કહેવું પડે કે મહારાજશ્રી? ત્યારે તો મન કયાંય બીજે ભમવા જતું નથી, ત્યારે તરત જ સામેથી કહેવું પડે કે તેનો અર્થ એ થાય છે કે માળા તમે નિ:સાર માની છે અને પૈસામાં જ સાર માન્યું છે. એટલે પૈસા ગણતા મન તેમાં ચોંટી જાય છે. અને માળા ગણતા મન બીજે ભાગી જાય છે. આવું સમાધાન મળતા પ્રશ્ન કરનાર જ અંતે વિચારમાં પડી જાય છે.

મનોવિજ્ઞાનના પુસ્તકમાં આવા આવા મનના વિષય અંગેના અનેક સમાધાન આપવામાં આવ્યા છે. માનવી જીવનમાં ધર્મનેજ સારભૂત માની લે તો ધર્મની આરાધનામાં જોડાયા પછી મન બીજે કયાંય ભમવા નહીં જાય આતો પરિગ્રહાદિ અસારભૂત વસ્તુઓને જીવે સારભૂત માની છે. અને ધર્મજ ઉપાદેય છે એ વાત બરાબર અંત:કરણમાં ઉતરી નથી એટલે ધર્મ પ્રવૃત્તિમાં જેવી જોઈએ તેવી મનની એકાગ્રતા કેળવાતી નથી.

બીજા પણ ઘણાં વિષયોની આ પુસ્તકમાં સંકલન કરવામાં આવી છે. વિષયોની પુષ્ટિમાં શાસ્ત્રીય પાઠો, સ્તવનો, સજઝાયો, પદો દ્રષ્ટાંતો વિગેરે ઠેક ઠેકાણે આપવામાં આવ્યાં છે. સંકલના એવા સ્વરૂપે કરવામાં આવી છે કે વાંચકોનો

રસ જળવાઈ રહેશે. છેલ્લા બે ચાતુર્માસ મેં મુંબઈમાં કર્યા છે. સં. ૨૦૨૩ની સાલનું ચાતુર્માસ મુલુંડ કર્યું અને ત્યાર પછીનું ચાતુર્માસ પાયધૂની વિસ્તારમાં આવેલા શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રયમાં કર્યું. શ્રી નમિનાથજી ઉપાશ્રયના ચાતુમાસમાં શ્રી. ઉમાસ્વાતિ વિરચિત પ્રશમરતિ પ્રકરણને આધારે વ્યાખ્યાનો ચાલતા હતા તે બધા વ્યાખ્યાનો લખી શકાયા નથી. શ્રી. પ્રશમરતિની વાંચના પહેલાં આત્મદમનના વિષય ઉપરનાં વ્યાખ્યાનો સેષાકાળમાં ચાલતા હતા. તેમાંથી અમુક વ્યાખ્યાનો નિવૃત્તિના સમયે મેં જાતેજ લખીને તૈયાર કરેલા અને જાતિમદ અને કુળમદ ઉપરના વ્યાખ્યાનો શ્રી પ્રશમરતિ પ્રકરણની વાંચના ઉપરથી લેવાએલા છે. વાંચનામાં તો આઠે આઠ મદ ઉપર વ્યાખ્યાનો લંબાણથી અપાયા હતા. પણ તેમાંથી બે મદ ઉપરના વ્યાખ્યાનોજ લખી શકાયા છે. વ્યાખ્યાનો લખવામાં સંઘવી રમણીકલાલ લક્ષ્મીચંદે કરેલી વ્યાખ્યાનોની નોંધ મને ખૂબજ ઉપયોગી નિવડી હતી. તેમણે ચાતુર્માસ અને સેષાકાળમાં અપાયેલાં બધા વ્યાખ્યાનોની નોંધ પોતાના સ્વાધ્યાયના લાભ માટે કરેલી છે.

આ લગભગ ચારસો પાનાના પુસ્તકમાં ૮૫ પૃષ્ઠ તો મનના વિષય પર જ રોકાયેલા છે. એટલે પુસ્તકનું મનોવિજ્ઞાન નામ રાખવામાં આવ્યું છે. કેટલાંક પૂર્વે પ્રકાશિત થયેલાં વ્યાખ્યાનોનો સમાવેશ પણ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

આજે મનુષ્યોમાં શ્રવણ અંગેની રુચિ ખૂબજ વધી છે. ત્રેવીશ વર્ષથી મારો પોતાનો આ જાત અનુભવ છે. શ્રવણ પછીની જે ચિંતન મનની ભૂમિકાઓ છે, તેમાં મનુષ્યો

દાખલ થઈ જાય તો શ્રવણ અંગેના સંસ્કાર મનુષ્યોમાં દ્રઢ થઇ જાય.

મનન અને ચિંતન માટે સારા ધર્મના પુસ્તકો આલંબન રૂપ છે. છેલ્લા ઘણાં મહિનાઓથી શ્રોતાજનોએ વ્યાખ્યાનોનું શ્રવણ કર્યું હોય અને જિનવાણીના શ્રવણ અંગેનો ખૂબ રસ લુંટેલો હોય પછી તેના તેજ અધ્યાત્મ રસ ભર્યા વ્યાખ્યાનોનાં સંગ્રહવાળું કોઈ પુસ્તક શ્રોતાજનોનાં હાથમાં મૂકી દેવામાં આવે તો જરૂર શ્રુત અને ચિંતાજ્ઞાનના ફળ રૂપે અમુક હળુકર્મી આત્માઓનાં અંતરમાં ભાવના જ્ઞાનની પણ જ્યોત પ્રગટી જાય. આવાજ કોઈ શુભ ધ્યેયથી આ વ્યાખ્યાનોના આલેખન અંગેનો શુભ પ્રયાસ થયો છે.

પુસ્તક પ્રકાશન અંગેના કાર્યમાં જે કોઈ શ્રીસંઘોએ તન, મન અને ધનથી સહકાર આપેલ છે તે સૌને અંતરના ધન્યવાદ ઘટે છે.

આ પુસ્તકમાં કાંઈ શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા વિરુદ્ધ મારાથી લખાઇ ગયું હોય અને તેવું કાંઇ બોલાઇ ગયું હોય તો તે બદલ અંતકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ આપું છું.

વાંચક આ પુસ્તકના વાંચન મનનમાંથી યોગ્ય પ્રેરણા મેળવી જીવનમાં યથાશક્તિ આચરણા કરે, એજ એક શુભાભિલાષા સાથે વક્તવ્ય પૂરું કરૂં છું.

જૈન ઉપાશ્રય
જૈનનગર–અમદાવાદ
તા. ૨૩–૧૧–૮૬.

લિ.
વિજય ભુવનરત્નસુરીશ્વરજી

□

* વિષયાનુક્રમણિકા *

ક્રમ	વિષય	પૃષ્ઠ નંબર
	પ્રકાશકીય નિવેદન....	.... ૩ થી ૬
	પ્રસ્તાવના....	.... ૭ થી ૨૨
	કિંચિત વકતવ્ય....	.... ૨૩ થી ૨૬
૧.	આત્મદમન....	.... ૧ થી ૨૬
૨.	તેજ અને તિમિર....	.... ૨૭ થી ૫૪
૩.	અસિધારા વ્રત....	.... ૫૫ થી ૭૯
૪.	મનોવિજ્ઞાન (પૂર્વાર્ધ)	.... ૮૦ થી ૧૩૦
૫.	મનોવિજ્ઞાન (ઉત્તરાર્ધ)	....૧૩૧ થી ૧૬૪
૬.	શાંતિનો સંદેશ....	....૧૬૫ થી ૧૯૧
૭.	ગિરિરાજનાં આઠ શિખરો....	....૧૯૨ થી ૨૧૯
૮.	ગિરિરાજનાં આઠ શિખરો (શિખર બીજું)....૨૨૦ થી ૨૪૨	
૯.	અંતિમ અપૂર્વ આરાધના....	....૨૪૩ થી ૨૫૫
૧૦.	જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા (પૂર્વાર્ધ)	....૨૫૬ થી ૨૮૪
૧૧.	જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા (ઉત્તરાર્ધ)	....૨૮૫ થી ૩૦૧
૧૨.	ભર્યે ભાણે....	....૩૦૨ થી ૩૧૭
૧૩.	દુઃખં પુણ્યભવં સુખં....	....૩૧૮ થી ૩૨૮
૧૪.	ભાવ સન્નિપાત....	....૩૨૯ થી ૩૩૫
૧૫.	ઉન્નતિના માર્ગે....	....૩૩૬ થી ૩૪૬
૧૬.	નિજઘર અને પરઘર....	....૩૪૭ થી ૩૫૮
૧૭.	કર્મવિપાક....	....૩૫૯ થી ૩૯૩
૧૮.	ધર્મ વિહીનતા....	....૩૯૪ થી ૪૦૫
૧૯.	મૂળ મૂડી અને વ્યાજ....	...૪૦૬ થી ૪૧૧
૨૦.	અવધુ ખોલી નયન અબ જોવો....	....૪૧૨ થી ૪૧૬
૨૧.	નરભવનગર અને જીવ વણઝારો....	....૪૧૭ થી ૪૨૩

પુસ્તક પ્રકાશન થતાં અગાઉથી પુસ્તકો નોંધાવનારા સંઘ તથા સદ્‌ગૃહસ્થોની શુભ નામાવલિ

નકલો	નામ	ગામ
૧૫૦	શ્રી તારાબેન જયંતીલાલ મફતલાલ હલાલ	અમદાવાદ
૫૧	,, મહેન્દ્રભાઇ એ. શાહ	,,
૫૧	,, એક બ્હેન તરફથી	,,
૫૧	,, ચુનીલાલ હલીચંદ ગાંધી–કોલ્હાપુરવાળા	,,
૫૧	,, દીપકભાઈ સકરચંદ (દીપકલાવાળા)	,,
૨૫	,, રાજેન્દ્રભાઈ ઠાકોરભાઈ	,,
૨૧	,, શેઠ રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય નાગજી ભુદ્દરની પોળ, માંડવીની પોળ	,,
૨૧	,, સુમતીલાલ છોટાલાલ	,,
૨૦	,, ભરતભાઇ ચંદુલાલ	,,
૨૦	,, જયંતીલાલ ભોગીલાલ વાસણવાળા	,,
૨૧	,, શારદાબેન યુ. એન. મહેતા	,,
૨૧	,, વસુબેન રમેશચંદ્ર–વાલકેશ્વર	મુંબઈ
૧૧	,, એક સદ્‌ગૃહસ્થ તરફથી	અમદાવાદ
૧૦	,, શેઠના ઉપાશ્રય તરફથી	,,
	હઃ સાધ્વીજી પ્રશાંતશ્રીજી મહારાજ	,,
૧૧	,, સુરેશભાઈ નગીનદાસ ડાહ્યાભાઈ	,,
૧૧	,, ચન્દ્રકાન્તભાઈ છોટાલાલ ગાંધી	,,

નકલો	નામ	ગામ
૧૧	શ્રી પી. એચ. પરીખ	અમદાવાદ
૧૧	,, રમણલાલ વજેચંદ	,,
૧૧	,, પુંજાભાઈ હઠીસીંગ	,,
૧૧	,, બીપીનભાઈ શાન્તિલાલ તથા દીનેશભાઇ શાન્તિલાલ	,,
૧૧	,, રમાબેન રસીકલાલ ઓઝા	,,
૧૧	,, પ્રમોદભાઈ ત્રીકમલાલ	,,
૧૧	,, જેશીંગભાઈ પરસોત્તમદાસ	સુરત
૧૧	,, હસ્તીમલજી નેમીચંદજી	ધાનેરા
૧૧	,, રતીલાલ પાનાચંદ	અમદાવાદ
૧૧	,, પ્રભાવતીબેન જે. ડી. મહેતા	,,
૧૧	,, કલ્યાણભાઈ મગનલાલ	નાગપુર
૧૧	,, ચુનીલાલ ગંગારામ	કોલ્હાપુરવાળા
૧૧	,, મનોરમાબેન અરવિંદભાઈ હાજી	અમદાવાદ
૧૧	,, શારદાબેન મનુભાઈ કોટવાલ	,,
૧૧	,, મુળચંદભાઈ છોટાલાલ	,,
૧૧	,, સુબોધભાઈ પોપટલાલ	,,
૧૧	,, હર્ષદભાઈ જેસીંગભાઈ રાજા હા. સુશીલાબેન	,,
૧૦	,, સ્વ. બાલાભાઈ કાળીદાસ સંઘવી હા. નવીનભાઇ બાલાભાઈ સંઘવી	,,
૮	,, સુરેશકુમાર પુનમચંદ	સુરત
૭	,, રસીકલાલ કેશવલાલ	અમદાવાદ
૭	,, ચંપકલાલ ભોગીલાલ	,,

નકલો	નામ	ગામ
૭	શ્રી ચીમનલાલ વાડીલાલ રીલીજીઅસ ટ્રસ્ટ	અમદાવાદ
૭	,, ચમનલાલ સકરચંદ રીલીજીઅસ ટ્રસ્ટ	,,
૭	,, જયંતિલાલ ડાહ્યાભાઇ રીલીજીઅસ ટ્રસ્ટ	,,
૫	,, ચંદ્રકાન્તભાઈ સી. મશરૂવાલા	,,
૫	,, મનુભાઈ વાડીલાલ કાપડીઆ	,,
૫	,, શાન્તિલાલ કુલચંદ	,,
૫	,, જયંતિલાલ ફકીરચંદ	,,
૫	,, ખાવચંદભાઈ પ્રેમચંદભાઈ	,,
૫	,, સારાભાઈ ડાહ્યાભાઈ	,,
૫	,, તારાબેન જયંતિલાલ હા. દીનેશભાઇ	,,
૫	,, રતીલાલ મોહનલાલ	,,
૫	,, જશવંતલાલ છોટાલાલ	,,
૫	,, મહેન્દ્રભાઈ અમરતલાલ દલાલ	,,
૫	,, જયેન્દ્રભાઈ હીંમતલાલ	,,
૫	,, પાનાચંદ જેચંદ	,,
૫	,, એક સદ્‌ગૃહસ્થ તરફથી હા. પાનાચંદભાઇ	,,
૫	,, બાબુભાઇ ચીમનલાલ	,,
૫	,, જવાનમલજી શેસમલજી	,,
૫	,, નલીનીબેન હસમુખલાલ	,,
૫	,, સુશીલાબેન હીરાલાલ	,,
૫	,, રતીલાલ એ. જોષી	,,
૫	,, નીતીનકુમાર જયંતિલાલ–મલાડ	મુંબઈ
૫	,, ડોકટર દીનેશભાઇ	સુરત

નકલો	નામ	ગામ
૫	શ્રી કાન્તિલાલ જશરાજ	અમદાવાદ
૫	,, પ્રમોદભાઈ અનુભાઈ ઝવેરી	,,
૫	,, ધનીબેન બુધાભાઈ તેલી	,,
૫	,, સુરેન્દ્રભાઈ મંગળદાસ ભાઉ	,,
૫	,, ચંદ્રહાસભાઈ ત્રિવેદી	,,
૫	,, રાજેન્દ્રભાઇ ભગુભાઈ	,,
૫	,, વિનયકાન્ત કે. મહેતા	,,
૫	,, ઝવેરચંદ છગનલાલ દેસાઈ	,,
૫	,, રતીલાલ હરગોવિંદદાસ ડગલી	,,
૫	,, રમણલાલ હીરાલાલ મશરૂવાલા	દિલ્હી
૫	,, કંચનબહેન રમણલાલ મશરૂવાલા	,,
૫	શ્રી દીપકભાઈ રમણલાલ મશરૂવાલા	અમદાવાદ
૫	,, જયશ્રીબેન દીપકભાઈ મશરૂવાલા	,,
૫	,, સુશીલાબેન વીમળભાઈ ગજરાવાલા	,,
૫	,, ભરતભાઈ અમરતલાલ	,,
૫	,, હંસાબેન વિનોદભાઈ સુતરીઆ	,,
૫	,, ચંદ્રકાન્તભાઈ કાન્તિલાલ	,,
૫	,, સ્વ. યશોમતીબેન સારાભાઈ	,,
૫	,, મોહનલાલ સાંકળચંદ	,,
૫	,, ગૈભવી કમલકુમાર ગોસલીયા	,,
૫	,, કાન્તિલાલ સાંકળચંદ	,,
૫	,, દલપતભાઈ પાનાચંદ લાઠીયા	,,
૫	,, કુસુમબેન મદનભાઈ સોલંકી	પુના
૫	,, રેખાબેન જયંતિલાલ	,,

નકલો	નામ	ગામ
૫	,, અનુભાઈ જગાભાઈ ઝવેરી	અમદાવાદ
૫	,, ચંદુલાલ પ્રેમચંદ દવાવાળા	,,
૫	,, રસીકલાલ પોપટલાલ	,,
૫	,, શાન્તાબેન રમણલાલ	,,
૫	,, મહેન્દ્રભાઈ ત્રીકમલાલ	,,
૫	,, રજનીકાન્ત ફકીરચંદ	,,
૫	,, રમેશભાઈ મફતલાલ વખારીઆ	,,
૫	,, નવીનચંદ્ર વાડીલાલ	ભાવનગર
૫	,, કાન્તિલાલ અચલજી વોરા (ખાંડવાળા)	અમદાવાદ
૫	,, પ્રબોધભાઈ ચીમનલાલ	,,
૫	,, જયંતિલાલ ભોગીલાલ દલાલ	,,
૫	,, શાહ જયંતિલાલ કેશવલાલ	,,
૫	,, રમણલાલ છોટાલાલ	,,
૫	,, નવીનભાઈ નગીનદાસ	,,
૫	,, લીલાવતીબેન રસીકલાલ ભાઉ	,,
૫	,, જશવંતરાય કલ્યાણજી ગાંધી	ગારીયાધર
૫	,, આર. બી. શાહ	અમદાવાદ
૫	,, ચીમનલાલ મોહનલાલ	,,
૫	,, ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ	,,
૬	,, બબુબેન ચીમનલાલ	,,
૫	,, ચન્દ્રકાન્તભાઈ રતીલાલ	,,

પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્યદેવ
શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર



પૂજ્યપાદ અધ્યાત્મનિષ્ઠ આચાર્યદેવ
શ્રી વિજય ચંદ્રસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી
વિજય ચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન

પૂજ્ય આચાર્યદેવશ્રી
વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ

આત્મદમન

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ अस्सिंलोओ परत्थ य ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં પહેલાં જ અધ્યયનની પંદરમી અને સોળમી ગાથામાં શ્રી ગણધર ભગવંતોએ સ્વઆત્મદમન અંગેનો ઉપદેશ કર્યો છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીર પરમાત્માની અંતિમ દેશના ગૂંથાયેલી છે. શ્રી તીર્થંકર ભગવંતો દરેક પદાર્થોની અર્થથી પ્રરુપણા કરતાં હોય છે. અને શ્રી ગણધર ભગવંતો સૂત્રથી ગૂંથણી કરતાં હોય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કે જેની ૪૫ આગમમાં ગણના છે, તેમાં સ્વઆત્મદમન અંગેના ઉપદેશમાં ભગવંતે ફરમાવ્યું છે કે "अप्पाचेव दमेयव्वो." હે ! ભવ્યો સ્વઆત્માને જ દમો. કારણ કે પોતાનો આત્મા જ દુર્દમ્ય છે. છતાં સ્વઆત્માને દમનાર આલોક, પરલોક અને ભવોભવમાં સુખી થાય છે. ઘણાં કહે છે કે ધર્મનું ફળ પરલોકમાં મળે પણ એકાંતે મળે તેમ નથી, આલોકમાં પણ ઘણાં આત્માઓ ધર્મનાં ફળરૂપે ચિત્તની શાંતિના અપૂર્વ સુખને અનુભવે છે. ક્ષમા, ઋજુતા નમ્રતા ધર્મને આચર-

નારાઓને આ લોકમાં પણ અપૂર્વ સુખ હોય છે અને પરલોકમાં પણ તેવા આત્માઓ દિવ્ય સુખને અનુભવે છે. માટે એકાંતે એમ ન માનવું કે ધર્મ ઘણાંજ લાંબા ગાળે ફળ આપે છે. ધર્મ ધર્મનીરીતેકરવામાંઆવેતો તરતમાં ફળ મળે. ધર્મ અને ધર્મના ફળ વચ્ચે એક ક્ષણનું પણ અંતર નથી, પણ તમે નિર્ણય કરો કે તમારે કયું ફળ જોઈએ છીએ. તાત્વિક અને આનુષંગિક, આ ફળનાં બે પ્રકાર છે. તેમાં પણ અનંતર અને પરંપર એવા પણ પ્રકાર પડે છે. પૂ. આનંદઘનજી ફરમાવે છે કે "ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે પૂજા અખંડિત એહ" પરમાત્માની પૂજાનું તાત્વિક ફળ ચિત્તની પ્રસન્નતા છે. એક પૂજાનું જ નહિ; પણ દાન, શિયળ, તપ, સંયમાદિ ધર્મના દરેક અનુષ્ઠાનનું અનંતર ફળ ચિત્તની પ્રસન્નતા છે. પ્રસન્નતાનું ફળ ચિત્તની સમાધિ છે અને સમાધિનું ફળ કેવલ જ્ઞાન અને કેવલ જ્ઞાનનું ફળ મોક્ષ છે. આ પરંપર ફળ છે, જ્યારે ધર્મના ફળરૂપે સ્વર્ગના સુખ મળે; શાલિભદ્રની જેમ નવ્વાણું પેટી ઉતરે, આ લોકમાં યશ કીર્તિ ફેલાય, જ્યાં જાય ત્યાં સૌ ખમા ખમા કરે, ઘરમાં સંપત્તિની છોળો ઉડે. ઘરમાં અપ્સરા જેવી સ્ત્રી હોય અને બોળામાં દેવકુમાર જેવાં બાળકો આનંદ કિલ્લોલ કરતાં હોય, એ બધાં ધર્મનાં આનુષંગિક ફળો છે. તાત્વિક અને આનુષંગિક અન્ને પ્રકારના ફળ સમજાવવામાં આવ્યા. બોલો તમારી મીટ કયાં મંડાએલી છે? આજે તો અમારી પાસે વાસક્ષેપ નંખાવતા પણ ઘણાંના મનમાં ઈચ્છા એવી હોય છે કે મહારાજ વાસક્ષેપ એવો નાખે કે અભરે ભરાઈ જાય. પણ ભાવના એવી રાખો કે મહારાજ વાસક્ષેપ એવું નાખે કે મારો આત્મા ધર્મને રસ્તે ચડી જાય. ચિત્તની પ્રસન્નતારૂપ જે તાત્વિક ફળ છે તે તો જીવને તરતમાં મળે છે. તે દૃષ્ટિએ ફળ પ્રાપ્તિ વચ્ચે એક સમયનું પણ અંતર નથી.

સાધુ સુખિયા સંસારમેં

બાકી ધર્મના ફળરૂપે એકલાં રોડા ને ફુકા જ જોઈતા હોય તો વખતે વાર પણ લાગી જાય. અમારે સાધુઓ પાસે પૌદ્ગલિક સુખની કોઈ સામગ્રી નથી. અહિં ઉપાશ્રયમાં તમે જોઈ શકો છો કે રેડીયો નથી, ફરનીચર નથી; છત્રી પલંગ નથી. ટી.વી નથી, વીડીયો નથી. જે પ્રકારની સજાવટ તમે લોકોએ ઘરમાં કરી છે તેવી કોઈ સજાવટ અહિં નથી. આગળ વધીને કહેવું હોય તો એમ પણ કહી શકાય કે અમારે સાધુઓને ગામમાં ઘર નથી ને સીમમાં ખેતર નથી. આગળ ઉલાળ નહિં ને પાછળ ધરાલ નહિ, છતાં સાધુપુરુષો સંસારીથી અનંતગણા સુખી છે તેનું કારણ? દરેક મુમુક્ષુજને વિચારવા જેવી આ વાત છે. સાધુપુરુષો ગમે તેવા શ્રીમંત અને સુખી સંસારી કરતાં પણ જે અનંતગણા સુખી છે તેનું કારણ એજ છે કે ચિત્તની સમાધિરૂપ ધર્મનું જે તાત્વિક ફળ છે તેને તેઓ જીવનમાં સાક્ષાત્ અનુભવનારા છે, ચિત્તની સમાધિના સુખથી ચડીયાતું આ વિશ્વમાં બીજું કોઇ સુખ નથી; અને તેવું સુખ ધર્મના ફળરૂપે આ લોકમાં પણ અનુભવી શકાય છે.

ધર્મનું તાત્કાલિક ફળ

શ્રીપાલ મહારાજાને ધર્મ તરતમાં ફળ્યો અને આપણને કેમ તરતમાં ફળતો નથી. ધર્મના સિદ્ધાંતોમાં અને વિધિ-વિધાનોમાં કયાંય ખામી નથી. ખામી આપણામાં છે. શ્રીપાલ મહારાજે શ્રી નવપદજીની વિધિપૂર્વક આરાધના કરી, પણ આરાધના કરવાની સાથે તેમની અંતરની પરિણતિ ઘણી ઉંચી હતી. તેવી જ પરિણતિ મયણાસુંદરીની હતી. શ્રીપાલ મહારાજા શ્રી નવપદજીની આરાધનાની જ્યાં શરૂઆત કરે છે ત્યાં પહેલાં જ દિવસનાં આયંબિલથી તેમનો અંતરદાહ શમી

જાય છે અને બીજા અને ત્રીજા દિવસનાં આયંબિલના તપના પ્રભાવથી તેમની કાયા કંચનવર્ણી થઈ જાય છે, અને છેલ્લા દિવસે પેલા સાતસો કોઢીયાઓના શરીર પર જ્યાં ન્હવણ જળ છાંટે છે ત્યાં બધા નિરોગી બની જાય છે. જ્યારે આજે છેલ્લા કેટલાય વર્ષોથી ઓળી કરનારાઓના ઘરજવા યે મટતા નથી. તેની પાછળ કાંઇ ને કાંઈ કારણ તો હોવું જોઇએ ને ? કારણ બીજું કાંઇ નહિપણ આજે ધર્મ કરનારાઓના મનઅંદરથી કેટલીકવાર એટલાં બધાં મલિન હોય છે કે ધર્મનું ફળ તેવા આત્માઓ કોટી ભવે ન પામે, ઉલ્ટા વિપરીત ફળને પામે ! જ્યારે શ્રીપાલ મહારાજાના મનની નિર્મલતા એટલી બધી હતી કે આગળ જતાં તેમણે ધવલશેઠ જેવાનું પણ મનથી બરાબ્ર ચિંતવ્યુ નથી ને તેવા ઘોર અપકારીને પણ તેમણે ડગલે ને પગલે ઉપકારી લેખ્યા છે. આ કોઇ સામાન્ય વાત નથી. ત્યારે જ શ્રીપાલ મહારાજા શ્રીપાલ તરીકેનાં ભવમાં ડગલે ને પગલે અનેક પ્રકારની રિદ્ધિ અને સંપદાને પામ્યા છે, જે ધર્મના આનુષંગિક ફળરૂપે છે અને શ્રીપાલ તરીકેનાં ભવમાં જે ચિત્તની વિશુદ્ધિનાં ફળને પામ્યા તે અનંતર તાત્વિક ફળ અને નવમા ભવે જે મોક્ષને પામવાના છે તે પરંપર તાત્વિક ફળ છે. જેમ કિસાન ખેતી કરે ને તેમાં જે અનાજ ઉગે તે ખેતીનું વાસ્તવિક ફળ અને ખડ (ઘાસ) ઉગે તે આનુષંગિક ફળ છે. તાત્વિક અને આનુષંગિક ફળ અંગેની ઘટના આ રીતે સ્પષ્ટ સમજી લેવાની છે.

ધર્મશુદ્ધિની જરૂર

ધર્મ ધર્મની રીતે આરાધવામાં આવે ને જીવ ફળને ન પામે એ ત્રણ કાળમાંય બનવા યોગ્ય નથી. ધર્મની પ્રવૃત્તિ પણ જો તદ્દન ભાવશૂન્ય હોય તો કયાંથી ફળ હાથમાં આવે. એ તો મહાપુરુષો સ્પષ્ટપણે ઉચ્ચારી ગયા છે કે "यस्मात् क्रियाः प्रति फलन्ति न भावशून्याः" ભાવ વગરની ક્રિયા ફળતી

નથી. આજે મોટેભાગે જીવનમાં ધર્મ થાય છે પણ ધર્મશુદ્ધિ જળવાતી નથી. જે ધર્મથી ભવનો અંત કરવાનો છે તે ધર્મને પણ કેટલાક પ્રમાદ, માયા, મદ, મત્સર વિગેરે દોષો વડે મલીન બનાવી દે છે. કષાયથી જ ધર્મમાં મલીનતા આવે છે. કરોડો વર્ષના તપના ફળને પણ જીવ કષાયથી હારી જાય છે. દાન, શિયળ અને તપરૂપ ધર્મ ભલે પ્રમાણમાં ઓછા થતો હોય પણ તે જો શુદ્ધ હોય તો મોક્ષરૂપી ફળને આપનાર છે અને ધર્મ ઘણો થતો હોય પણ તે જો અશુદ્ધ હોય તો તેવા ધર્મમાં જીવને મોક્ષ આપવાની તાકાત નથી. ઈર્ષ્યા, મદ, મત્સર, નિંદા, કુથલી વગેરે દોષોથી જગતના મોટા ભાગના જીવો એટલાં બધાં ઘેરાયેલાં છે કે તે દોષોનાં ત્યાગનાં લક્ષ વિના તે જીવો ગમે તેટલો ધર્મ કરે પણ સરવાળે તે જીવોની સ્થિતિ ઘાંચીના બળદીયા જેવી થાય છે. ઘાંચી બળદીયાને ઘાણીમાં ફેરવે છે. તેને આંખે પાટા બાંધી દીધેલાં હોય છે. સવારથી તે સાંજ સુધી તે ફેરા ફરતો હોય છે એટલે તે બળદીયાને તો એમજ લાગે કે હું દિલ્હી કે આગ્રા સુધી પહોંચી ગયો હોઈશ. પણ તેનાં જ્યાં પાટા છોડવામાં આવે ત્યાં તે બળદીયાને ખબર પડે કે આ તો હું જ્યાં નો ત્યાં ઊભો છું. તેવી રીતે તમે પણ એમ વિચાર્યા કરો કે મેં આટલાં વર્ષીતપ કર્યા, આટલા માસક્ષમણ કર્યા, આટલી અઠ્ઠાઈઓ કરી, છેલ્લા કેટલાય વર્ષોથી મેં છૂટા મોઢે બાધુ નથી, છેલ્લા પચ્ચીસથી ત્રીસ વર્ષથી સામાયિક, પ્રતિક્રમણ મૂકયું નથી, ત્યાં સુધી તો તમને પણ પેલા ઘાંચીના બળદીયાની જેમ એમ જ લાગશે કે હવે હું તો મુક્તિપુરીની નજદીકમાં પહોંચી ગયો હોઈશ પણ દૃષ્ટિને જરા અંતરમાં વાળીને જ્યાં એમ વિચારશો કે ભલે વર્ષોથી હું ધર્મ કરતો આવ્યો છું, તપ જપાદિનાં ઘણાં અનુષ્ઠાનો મેં જીવનમાં કર્યા છે; પણ આ બધું કરવા છતાં મારા સ્વભાવમાં કેટલું પરિવર્તન આવ્યું ?

કષાયો જે મારા ધર્મ માર્ગમાં જોડાયા પહેલાં ઉગ્ર હતા તે શાંત પડયા કે નહિ. મારી અંદરની લોભ દશા ઓછી થઈ કે નહિ ? કંઈક અંશે પણ મારો આત્મા વિભાવદશામાંથી સ્વભાવ દશામાં આવવા માટે ઉત્સાહિત બન્યો કે નહિ ? નિંદા કુથલીની પ્રવૃતિ ઉપર કાપ મૂકયો કે નહિ ? ધર્મમાં જોડાયા પહેલાં આધી પાછી કરવાની જે મારામાં કુટેવ હતી તે સુધરી કે નહિ ? વાતવાતમાં પૂર્વે હું ગરમ થઈ જતો હતો અને છેલ્લાં કેટલાંય વર્ષોથી હું સામાયિક કરતો આવ્યો છું તો તેના ફળરૂપે મારામાં અલ્પાંશે પણ સમતા આવી કે નહિ ? આ સ્વરૂપે આત્મ નિરીક્ષણ કરવામાં આવે તો તમને લાગશે કે આપણી પણ હાલત ઘાંચીના બળદીયા જેવી જ છે. ભલે વર્ષોથી ધર્મ કરતાં આવ્યા છીએ પણ જ્યાંનાં ત્યાં ઊભા છીએ. જે કોઈ આત્માઓ મોક્ષમાર્ગમાં દોષો ઉપર વિજય મેળવીને ઝડપી વિકાસ સાધતા હોય અને આત્મકલ્યાણને માર્ગે પૂરવેગમાં આગળ ને આગળ વધતાં જતાં હોય તે આત્માઓ કોટી કોટી ધન્યવાદને પાત્ર છે. પણ તેવાં આ કાળમાં ઘણી ઓછી સંખ્યામાં જોવામાં આવે છે—જો કે બહુરત્ના વસુંધરા છે. કાંઈ ધરતી વાંઝણી નથી. દોષોનું સેવન કર્યા વગર આત્મામાં જ્ઞાન દર્શનાદિનાં ગુણ પ્રગટાવવાના ધ્યેયથી જ જેઓ આ કાળમાં ધર્મ કરતાં હોય તેવા આત્માઓ તો શ્રી જિન શાસનનાં શણગારરૂપ છે. ધર્મ આચરવાં છતાં અંદરના દોષોનું લેશ પણ ઉન્મૂલન ન થાય અને ગુણોનું પ્રગટીકરણ ન થાય, તો સમજવું કે જીવે વ્યાપાર આદર્યો છે પણ એકલો ખોટનો, નફાનો નહિ. વ્યાપાર કરનારનું ધ્યેય નફાનું હોય છે, ખોટનું નહિં તેમ ધર્મ કરતા આત્મામાં ગુણ પ્રગટે એજ ખરો નફો છે. ક્ષાયિકભાવે આ કાળે ગુણો પ્રગટતા નથી પણ ક્ષાયોપશમિક ભાવે ગુણો પ્રગટે એ પણ

કાંઈ નાનોસુનો નફો નથી. તેથી પણ આત્માને ઘણો મોટો લાભ છે. ક્ષાયોપશમિક ભાવ જ પરંપરાએ ક્ષાયિકભાવમાં કારણ બને છે.

તો આત્મા પરમાત્મા બને

આજે મનુષ્યો ધર્મ કરતાં હોય છે. પણ ધર્મ અંતરથી આત્માને સ્પર્શતો નથી એની જ મોટી રામાયણ છે. ધર્મ અંતરથી આત્માને સ્પર્શી જાય તો કલ્યાણ થઈ જાય. લોઢાને પારસમણી સ્પર્શે તો લોઢું સોનું બની જાય છે, તેમ ધર્મ હૃદયથી થાય તો આત્મા પરમાત્મા બની જાય—ધર્મ એ કોઈ આત્માથી જુદી વસ્તુ નથી. આત્માનો પોતાનો સ્વભાવ એજ ધર્મ છે. તત્ત્વદૃષ્ટિએ ધર્મ ક્યાંય બહારમાં નથી. ધર્મ આત્મામાં જ છે. બહારમાં આલંબનો છે. જ્ઞાન, દર્શન, અને ચારિત્ર, અહિંસા, સંયમ અને તપ એજ આત્માનો મહાન ઉત્કૃષ્ટ ધર્મ છે અને તે બહારમાં ક્યાંય નથી, આત્મામાં જ છે. પૂ. આચાર્ય ભગવાન મુનિસુંદરસૂરિજી અધ્યાત્મ કલ્પદ્રુમ નામના ગ્રંથમાં ફરમાવે છે કે :

दीपो यथाल्पोऽपि तमांसि हन्ति लवोऽपि रोगान् हरते सुधायाः ।
तृण्यां दहत्याशु कणोऽपि चाग्नेर्धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ॥

ઉપયોગ એ વરદાન

એક નાનો દીવો પણ અંધકારને હઠાવી દે છે. અમૃતનું એક ટીપું જુનામાં જુના રોગનો નાશ કરી નાખે છે. ઘાસના મોટા મોટા ગંજને સાચા અગ્નિની એક ચિનગારી બાળીને ભસ્મીભૂત કરી નાખે છે, તેવી જ રીતે આચાર્ય ભગવાન ફરમાવે છે કે ધર્મનો એક અંશ પણ નિર્મળ હોય તો તે

જન્મોજન્મનાં પાપકર્મને હણી નાખે છે. કર્મ ખપાવવા અંગેની પ્રચંડ તાકાત ધર્મમાં રહેલી છે. પણ તેમાં મુખ્ય જરૂર અંતરની ભાવશુદ્ધિની છે. ભાવ અને ઉપયોગ વગર ગમે તેટલી ક્રિયાઓ કરવામાં આવે તો તેથી કાય કલેશ જરૂર થાય છે. પણ કર્મ નિર્જરા થતી નથી. નિર્જરાનો મુખ્ય આધાર તો અંદરના ભાવ અને ઉપયોગ ઉપર રહે છે. દરેક ધર્મનાં અનુષ્ઠાનોમાં અંતરનો ઉપયોગ એ વરરાજા છે. અલુણા ધાનમાં સ્વાદ ન આવે તેમ ભાવ વગરની ક્રિયાને પણ અલુણા ભોજનની ઉપમા છે. ભોજનમાં સબરસ ભળે તો અનેરો સ્વાદ આવી જાય તેમ ક્રિયામાં પણ સમતા રસ ભળે તો કલ્યાણ થઈ જાય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ગણધર ભગવંતો એ ફરમાવ્યું છે કે "પોલ્લેવ મુઠ્ઠી જહસે અસારે।

દ્રવ્યશલ્ય અને ભાવશલ્ય

પોલી મુઠ્ઠી જેમ અસાર છે, કાચમણી જેમ નિઃસાર છે, તેમ વિપરીત આશયથી કરાતો ધર્મ પણ અસાર છે. અનુષ્ઠાન ધર્મનું હોય પણ આશયની જો વિપરીતતા હોય તો શાસ્ત્રો તેને વિષાનુષ્ઠાન કહે છે. અને શુદ્ધાશયથી કરાતા અનુષ્ઠાનને શાસ્ત્રો અમૃતાનુષ્ઠાન કહે છે. માટે ધર્મ કરનારનું હૃદય, અંતઃકરણ ખૂબ નિર્મળ હોવું જોઈએ. ધર્મ થોડો થાય એ ચલાવી લેવાશે, પણ હૃદયની મલિનતા નહિં ચલાવી લેવાય. ધર્મને મલિન બનાવનારા જે દોષો છે તેમાં વિષય કષાયાદિ મુખ્ય છે. નિઃકષાય અને નિઃશલ્યને જ્ઞાનીએ શુદ્ધ કહ્યો છે. વ્રતી પણ તે જ છે કે જે નિઃશલ્ય છે. ધર્મમાં જે મલિનતા આવે છે તેનું મુખ્ય કારણ શલ્ય છે. પગમાં કાંટો કે કાચની કણી વાગી જાય અને તે ન નીકળે ત્યાં સુધી પગમાં ખટકયા જ કરે. તે દ્રવ્ય શલ્ય છે, જ્યારે માયા શલ્ય, નિયાણ શલ્ય અને મિથ્યાત્વ

શલ્ય એ ભાવ શલ્ય છે. દ્રવ્ય શલ્યથી થોડા સમયનું દુઃખ છે, જ્યારે ભાવ શલ્ય ભવોભવમાં દુઃખનું કારણ છે. માટે તેનાથી આત્માનો ઉદ્ધાર કરવો અને નિઃશલ્ય અને નિઃકષાય થઈને ધર્મ આચરવો તે જ ખરી ધર્મશુદ્ધિ છે.

લક્ષ્મણા સાધ્વીએ તપ ઘણાં કર્યા પણ તેની શુદ્ધિ ન થઈ. કારણ મનમાં માયા શલ્ય રાખીને તેણે તપ કર્યું હતું. તામલી તાપસે સાઠહજાર વર્ષો સુધી લાગલાગટ ઉગ્ર તપ કર્યો છતાં તપનાં વાસ્તવિક ફળને તે ન પામ્યો. કારણ તેનામાં મિથ્યાત્વ શલ્ય હતું. તેમ સંભૂતિ કરીને કોઇ મહાતપસ્વી હતા. તેમણે સંભૂતિનાં ભવમાં ઘણું ઉગ્ર તપ કર્યું પણ છેલ્લે નિયાણુ કરવાથી તપનાં વાસ્તવિક ફળને ન પામ્યા. સનતકુમાર ચક્રવર્તિનું અંતે ઉર તેમને વંદન કરવા આવે છે. તેમણે જો કે અનશન કરેલું છે પણ સનતકુમાર ચક્રવર્તિના પટ્ટરાણી જેને સ્ત્રીરત્ન કહેવામાં આવે છે તે જ્યાં સંભૂતિ મુનિને મસ્તક નમાવીને વંદન કરે છે ત્યાં તેના વાળનો મુનિના શરીરને સ્પર્શ થાય છે અને મુનિ નિયાણું કરે છે કે આ તપનું જો કાંઈ પણ ફળ હોય તો આવતા ભવે મને આવા સ્ત્રીરત્નની પ્રાપ્તિ થજો. બસ, આને નિયાણ શલ્ય કહેવામાં આવે છે અને મુનિ આ રીતનું નિયાણું કરીને તપનાં ફળને વેચી નાખે છે. પછી ત્યાંથી એક ભવ દેવલોકનો કર્યા બાદ તેઓ બ્રહ્મદત્ત નામે બારમા ચક્રવર્તિ થયા છે અને ચક્રવર્તિના ભવમાં પૂર્વે નિયાણુ કરેલું હોવાથી ભોગસુખોમાં તિવ્રપણે આશક્તિ પોષાવાથી અંતે તેઓ સાતમી નરકના અધિકારી બન્યા છે. માટે ધર્મ માર્ગમાં નિઃશલ્યપણું અતિ જરૂરી છે નિઃશલ્ય બનીને ધર્મ આચરનાર જરૂર તેનાં તાત્વિક ફળને પામે છે. રત્ન ચિંતામણી ફળે છે. કલ્પતરૂ ફળ આપે છે. જ્યારે ધર્મ તો તેથી પણ અધિક છે તો તે શું ફળ આપ્યાવિના રહે? કલ્પતરૂ

ન ફળે તો શું કંટકતરૂ ફળશે ? એક ચીભડાની વેલપણ ફળ આપે છે તો ધર્મ એ તો અમૃતવેલ છે. તે ફળ આપ્યા વિના રહે જ નહિ. માટે સૂત્રકાર ફરમાવે છે કે—

" अप्पादंतो सुहि होइ अस्सि लोअे परत्थय !

આત્માને દમનાર આ લોક અને ઉભય લોકમાં સુખી થાય છે. પણ આત્માને દમવો એ કાંઈ સહેલી વાત નથી ઉપદેશ માળામાં શ્રી ધર્મદાસગણી લખે છે કે :

खर करह तुरय वसहा, मत्तगयंदा विनाम दम्मंति ।
इक्को नवरि न दम्मइ, निरंकुसो अप्पणो अप्पा, ॥

સ્વને દમનારા વિરલા

ગર્દભ, ઊંટ, અશ્વ, બળદ, મદોન્મત્ત હાથી, કેસરી સિંહ, મહા ભયંકર ફણીધરો પણ દમી શકાય છે. પણ એક નિરંકુશ એવો પોતાનો આત્મા દમાવવો અતિ કઠીન છે. સરકસોમાં હાથી સિંહ, રીંછ વિગેરે પ્રાણીઓ પાસે વિધવિધ પ્રકારના ખેલ કરાવવામાં આવે છે. કારણ કે તે પ્રાણીઓ સારી પેઠે સમજે છે કે જો બરાબર આપણે ખેલ નહિ કરીએ તો આપણા માથે વિજળીનાં હંટરનો માર પડશે. ગારૂડિક લોકો મહાભયંકર કાળઝાળ જેવાં સર્પોને કરંડીયામાં પુરીને તેને આધારે પોતાની ઉદરપૂર્તિ કરતા હોય છે. કરંડીયામાં પૂરતા પહેલાં સર્પોની દાઢમાંથી ઝેર નિચોવી લેવામાં આવે છે. આવા મહાભયંકર પ્રાણીઓનું દમન કરનારા આજે વિશ્વમાં ઘણાં પડયાં છે. જ્યારે સ્વ–આત્માને દમનારા વિરલા છે.દમન કહો, નિગ્રહ કહો; એકની એક વાત છે. વિભાવ દશામાં જતાં આત્માનો નિગ્રહ કરીને તેને સ્વભાવ દશામાં ટકાવી રાખવો તેને આત્મદમન કહેવામાં આવે છે અથવા ચાર કષાય અને પાંચ ઈન્દ્રિયોનાં વિષય વિકારથી જે આત્માને નિવર્તાવવો તે જ ખરૂં આત્મદમન છે. આ તો આત્માને

જ્ઞાનયોગથી દમવાની વાત છે. સરકાર ઘણી વાર પ્રજા ઉપર દમનનો દોર છુટો મૂકી દે છે તે દમનની અહિં વાત નથી. સમ્યક્‌જ્ઞાન દર્શન અને ચારિત્રનાં બળે જ આત્માને દમી શકાય છે. પૂ. ધર્મદાસ ગણી ઉપદેશમાળામાં આગળ વધીને ફરમાવે છે કે :

વરં મે અપ્પા દંતો સંજમેણ તવેણ ય ।
મા હં પરેહિં દમ્મંતો બંધણેહિં વહેહિ અ ॥

"કાં તપ સંયમ કાં વધ બંધન"

મારા વડે તપ સંયમથી સ્વ–આત્માનું દમન થાય એ જ મારા માટે શ્રેષ્ઠ છે પણ પારકાને હાથે વધ બંધનથી દમાવવું પડે એ શ્રેષ્ઠ નથી આ વાત સાંભળીને તમારે એક નિર્ણય ઉપર આવવું પડશે. તપ સંયમથી આત્માને સમજીને સ્વેચ્છાથી દમો, નહિતો ભવોભવમાં પારકાને હાથે વધ બંધનથી દમાવવું પડશે. હવે એક નિર્ણય ઉપર આવી જાવ. બોલો ! ભવોભવમાં પારકાને હાથે દમાવવું છે કે સ્વેચ્છાથી તપ સંયમથી આત્માને દમવો છે ? કાં દમો કાં ભવોભવમાં દમાવવું પડશે ? એક બાજુ તપ–સંયમ બીજી બાજુ વધ બંધન–આ બેમાંથી તમારે કઈ તરફ ઢળવું છે ? તમારા મનનું વલણ કઈ તરફ છે ? આવું સ્પષ્ટતયા સમજાયા પછી તો તમારા મનનો આખોય ઝોક બદલાઈ જવો જોઈએ. પારકાને હાથે આત્મા ભવોભવથી માર ખાતો આવ્યો છે, વધ બંધનથી પારકાને હાથે જીવ ભવોભવથી દમાતો આવ્યો છે, નારકીમાં ઉત્પન્ન થયેલાં નારકો પરમાધામીનાં હાથે દમાતાં હોય છે. નારકીના જીવોને પરમાધામી દેવો અનેક પ્રકારે ત્રાશ પમાડતાં હોય છે આગળ આગળનાં નારકોમાં પરમાધામી કૃત વેદના નથી. ત્યાં પરસ્પરકૃત વેદના છે. નારકોને ક્ષેત્રજન્ય વેદના પણ અતિતીવ્ર હોય છે.

દમનનો દોર

તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયેલાં જીવોનું પણ અનેક પ્રકારે દમન થતું હોય છે. ઘરડાં બળદને પણ કેટલીકવાર તેના માલિક તરફથી લોઢાની આર ભોંકવામાં આવતી હોય છે. જીંદગી ભર કષ્ટ વેઠનારાં પશુઓને છેલ્લે જો માલિકની નિર્દયતા હોય તો કતલખાનામાં પણ કપાવવું પડે છે. મનુષ્ય ગતિમાં પણ ઘણાં મનુષ્યોને પારકાને હાથે દમાવું પડે છે. નોકરી કરનારાં માણસોને શેઠિયાઓનાં ફાટાદાર વાકયો મુંગે મોઢે સાંભળી લેવા પડે છે. જો સામે બોલવા જાય તો શેઠિયાઓ કેટલીક વાર નોકરી ઉપરથી નીચે ઉતારી મૂકે છે. કૃપણવૃત્તિના માલિકો પગાર ઘણો ઓછો આપી નોકરો પાસેથી કામ ખૂબ લેતાં હોય છે. એ પણ એક પ્રકારનું દમન નથી તો બીજું શું છે? કેટલીકવાર તો ઘર વાળા તરફથી પણ તમારો નિગ્રહ થતો હોય છે. આ કાંઈ જેવી તેવી શોચનીય ઘટના છે. ભણેલા છોકરાઓથી પણ તમારે દબાઈને રહેવું પડે છે. ખરું પૂછો તો તમે મોટાં માણસો તો ઘરમાં પૂતળાં સરકાર રૂપે છો. ઘરમાં આજે તમારું કેટલું ઉપજે છે તે તમે સારી પેઠે સમજી શકો છો. ખરી રીતે તો પરમાં ઉપજાવવાનો મોહ મૂકીને સ્વમાં ઉપજે તેવું કરો. જ્ઞાની પુરૂષો પણ એજ કહે છે કે સ્વનેદમો.

ગાંડા હાથીને જેમ છુટો ન મુકાય તેમ શરૂઆતમાં સ્વ–આત્માને પણ છુટો ન મૂકાય. ગાંડા હાથી ને છુટો મૂકવામાં આવ્યો હોય તો આખા ગામમાં હાહાકાર મચાવી દે. તેમ મોહદશાવાળા આત્માને પણ છુટો મૂકયો હોય તો જગતમાં રસાતળ વાળી દે. આત્માને ધર્મધ્યાન આદિની પ્રવૃત્તિમાં જોડીને અંકુશમાં રાખવો જોઈએ. શરૂઆતની સાધકદશાવાળા જીવો માટે નિરંકુશપણું અતિ ભયંકર છે. તેવા

જીવોએ દેવ, ગુરુ અને ધર્મનાં આલંબને આત્માર્થ સાધવો જોઈએ. મેઘકુમાર, ધન્નાજી, શાલિભદ્રજી વિગેરેએ સ્વ–આત્માને વશમાં રાખ્યો તો તેઓ સ્વર્ગનાં સુખને પામ્યા છે અને એકાદ ભવ કરીને તેઓ મોક્ષપદને પણ પામવાના છે. અતિ ઉગ્ર એવા તપ સંયમના પાલનથી તેઓએ આત્માને સ્વાધીન કર્યો હતો. અને શ્રી તિર્થંકરદેવ જેવા દેવાધિદેવનું તેમને આલંબન મળ્યું હતું તો તેઓ કલ્યાણ સાધી ગયા, જ્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિ-એ પોતાનાં આત્માને સ્વેચ્છાપૂર્વક ઇન્દ્રિયોનાં સુખ ભોગવવા તદ્દન છૂટો મૂકયો હતો તો તેનાં ફળ વિપાકરૂપે આજે તેમનો આત્મા સાતસી નરક પૃથ્વીમાં સબડી રહ્યો છે. દુર્ગતિનાં દારૂણ દુઃખ ભોગવતાં તેમનાં આત્માને કોઈ શરણરૂપ નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે સ્પષ્ટતયા ફરમાવ્યું છે કે

"मायापिअा ण्हुआ भाया भज्जापुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय लुप्पंतस्स सकम्मुणा ॥

સ્વ–કર્મોદયથી દુઃખ ભોગવતાં આત્માનું માતા, પિતા, ભાઈ ભગિની, પુત્રપૌત્રાદિ કોઈપણ રક્ષણ કરવાને સમર્થ નથી. એતો મૃત્યુને પામનારો લાખો અને કરોડો અહિં મૂકી ગયો હોય તો પાછળનાં સૌ સંબંધીજનો તેનાં ધનનો આનંદથી અહિં ઉપભોગ કરે. બાકી દુર્ગતિના દારૂણ દુઃખ તો તેનાં આત્માને એકલાને જ ભોગવવાના છે. માટે આત્માને છુટો મૂકીને વિષય કષાય અને પરિગ્રહાદિ દશામાં તીવ્રપણે રાગ પોષવા જેવો નથી, એ વિષય, કષાય અને પરિગ્રહાદિ જેટલાં શરૂઆતમાં સારાં તેટલા જ પરિણામે ભયંકર છે.

પાપના દારુણ વિપાકો

ભીષણ એવી નરક અને તિર્યંચ ગતિમાં તેમજ દેવ અને મનુષ્ય ગતિમાં જીવે અપરંપાર દુઃખો ભોગવ્યા છે. જ્ઞાની ફરમાવે છે કે હે જીવ! હવે તો તું નિર્વેદને પામ અને તારા

શુદ્ધ સ્વરૂપની ભાવના કર કે જેથી તારા દુઃખનો નિવેડો આવે. અનંતાનંત કાળથી ભવમાં ભમતાં આ જીવે એકલાં દુઃખ અને તીવ્ર અશાતાનનું જ વેદન કર્યું છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જ્ઞાની પુરૂષો ફરમાવે છે કે તેના પ્રમાણમાં એક આંખના પલકારા જેટલી પણ આ જીવે શાતા વેદી નથી અને સુખ પણ અનુભવ્યું નથી. દેવગતિ કે મનુષ્ય ગતિમાં થોડાંક અલ્પ પ્રમાણમાં જીવે જે સુખો અનુભવ્યા છે તે અનંતાનંત કાળ સુધીનાં નરક કે નિગોદનાં દુઃખની આગળ એક બિન્દુ તુલ્ય પણ નથી. કોઇ જીવ આ મૃત્યુ લોકમાં અશાતાના ઉદયે અતિતીવ્ર વેદના અનુભવતો હોય તે કરતાં પણ નરક ગતિની વેદના અનંતગણી છે. તેવી તીવ્રતર અને તીવ્રતમ વેદનાઓ પણ આ જીવે અનંતવાર વેદેલી છે. પરમાધામી દેવો નારકીનાં જીવોનાં શરીરનાં રાઈનાં દાણા દાણા જેટલાં બારીક ટુકડા કરી નાખતા હોય છે છતાં કાચા પારાની જેમ એ ટુકડા પાછા તરતમાં સંધાઈ જતાં હોય છે.

નરક ગતિમાં ઉત્પન્ન થનારાં જીવો કુંભીમાં ઉત્પન્ન થાય છે. કુંભીનું મોઢું ઘણું સાંકડું હોય છે અને અંદર ઉત્પન્ન થનાર નારકોનાં શરીરનું કદ જરા મોટું હોય છે. પરમાધામી દેવો જ્યારે કુંભીમાં ઉત્પન્ન થયેલાં નારકોને ખેંચીને બહાર કાઢે ત્યારે નારકો તીવ્ર દુઃખને અનુભવતાં હોય છે. નરક ગતિમાં મંગળાચરણમાં જ આવું તીવ્ર દુઃખ હોય છે. હવે આગળના દુઃખોની તો વાત જ શી કરવી? અગ્નિકુંડ ઉપર ઉંધે માથે બાંધીયે પરમાધામી દેવો નારકીનાં જીવોને પકવતાં હોય છે. અહિં જેમ કાચી વસ્તુને અગ્નિમાં પકવવામાં આવે તેમ ત્યાં બિચારા નારકોને પરમાધામીને હાથે પકાવું પડે છે. શેરડીની જેમ નારકોને યંત્રમાં પીલવામાં આવે છે. દુઃખથી અને ભયથી ભાગતા નારકોની પાછળ સુવ્વર અને કુક્કરને દોડાવવામાં આવે છે. પરમાધામી દેવો લોહમય રથની

સાથે નારકોને જોડે છે, જેનું ધૂસરૂં જલતી આગ જેવું હોય છે. પ્રચંડ અગ્નિની અંદર મહિષની જેમ નારકોને જલાવામાં આવે છે. વિલાપ કરતાં નારકોની ઉપર ઢંક અને ગીધ વિગેરે પક્ષી આવીને તૂટી પડતા હોય છે. પક્ષી વિગેરેની બધી વિકુર્વણા પરમાધામી દેવો કરતાં હોય છે. દેવોમાં વિકુર્વણા શક્તિ ઘણી અજબ હોય છે. તૃષાતુર થયેલા નારકીનાં જીવો પાણીની આશાથી વૈતરણી તરફ જાય છે. જે વૈતરણી નદીની પાણીની ધાર અસ્ત્રાની ધાર કરતાં પણ તીક્ષ્ણ હોય છે તે ધારથી નારકોનાં શરીર વેરણ છેરણ થઈ જાય છે. વૈતરણી નદીમાં એકલા લોહી અને પરુ જેવા પદાર્થો વહેતા હોય છે, જે અતિ મલિન અને દુર્ગંધયુકત હોય છે.

ઉષ્ણતાના તાપથી સંતપ્ત થયેલાં નારકીનાં જીવો શીતલતાની આશાથી અસિપત્ર વનમાં જતા હોય છે. પણ તે વનમા ઉત્પન્ન થવા વાળા વૃક્ષનાં પર્ણ તલવારની ધાર જેવાં તીક્ષ્ણ હોય છે. તેવા પત્ર નારકોના શરીર પર પડવાથી શરીરના અવયવો છેદાઈ જાય છે. પરમાધામી નારકોને મુદ્ગરથી, ત્રિશૂલથી માર મારતા હોય છે. તૃષાતુર નારકોને પરમાધી તપાવેલા લોઢાનો રસ, સિસાનો રસ, તાંબાનો રસ પરાણે પિવડાવતા હોય છે. પૂર્વભવમાં માંસભક્ષણ કરનારાઓને પરમાધામી તેનાંજ શરીરનું માંસ પરાણે ખવડાવતા હોય છે. અહિં મદિરાપાન કરનારાને અગ્નિ સમાન ઉષ્ણ ચરબી અને રુધીરનું પાન કરાવવામાં આવે છે. અહિંની ઉષ્ણ અને શિત વેદના કરતાં નરક ગતિની વેદના અનંતગણી છે. નરક ગતિનાં દુઃખોનું વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમાં અધ્યયનમાં અને સૂત્રકૃતાંગ સૂત્રમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. જે વર્ણન વાંચતા પણ આપણે કંપી ઉઠીએ એ બધા પાપનાં દારૂણ વિપાકો છે. જીવના માથે આવા દુઃખો કોઇ પરાણે લાદતું નથી. જીવ પોતે જ જીવહિંસા મિથ્યા ભાષણ

મહારંભ અને મહા પરિગ્રહાદિનાં ઘોર પાપો આચરે છે અને તે પાપકર્મોનાં અતિ દારૂણ અને કટુક ફળ જીવને પલ્યોપમ અથવા સાગરોપમનાં કાળ સુધી નરક ગતિમાં ભોગવવાં પડે છે. જીવથી એક ક્ષણનું પણ દુઃખ કે ત્રાસ ખમાતો નથી તે આ જીવ પલ્યોપમ કે સાગરોપમનો કાળ દુઃખમાં કેમ પસાર કરશે ? પણ કર્મ સત્તા આગળ કોઈનું કાંઈ શાણપણ ચાલ્યું નથી. જીવનું બફારાપણ તો તેકહેવાય કે જીવ તેવા ઘોરપાપ જ ન આચરે કેઆવા મહાભયંકર દુઃખો દીર્ઘ કાળ પર્યંત જીવને ભોગવવા પડે. હિંસા, અસત્ય, ચૌર્યકર્મ વિગેરે ઘોર પાપકર્મોથી વિરામ પામેલાં જીવોને દુર્ગતિનાં કોઈ દારૂણ દુઃખ ભોગવવા પડતા નથી. જીવ ઘોર પાપ આચરીને નરકમાં પડે છે તો તેને પરમાધામીનાં હાથનાં તીવ્ર દુઃખ ભોગવવા પડે છે.

મહારંભ અને મહા પરિગ્રહાદિનાં ઘોર પાપને આચરનારાં મનુષ્યો આજે તો જો કે રાતી પીળી મોટરમાં ફરતાં દેખાય છે. પણ ભવાંતરમાં પરમાધામીને જવાબ આપવો તેમને ભારે પડી જશે. એક તો મહારંભ અને મહાપરિગ્રહ એ મહા ભયંકર પાપ છે અને તેમાં વળી જો તીવ્રપણે રસ પોષાતો હોય તો જીવ ભવાંતરમાં નરકાધિકારી થાય છે. જીવે દુર્ગતિનાં અધિકારી ન બનવું હોય તો મહારંભ મહાપરિગ્રહ, રૌદ્ર ધ્યાન, પંચેન્દ્રિય વધ વિગેરે જે જે દુર્ગતિનાં દ્વાર છે તે સદંતરપણે બંધ કરી દેવા. કદાચ કર્મોદયે તેવા પાપો સેવવા પડે તો લેશ પણ હૃદયમાં તેની અનુમોદના નહિ રાખવી. આખા શહેરમાં મોટામાં મોટો ઉદ્યોગપતિ હું છું, આઠથી દશ મીલનો હું માલિક છું, આપણી મીલનો માલ બહાર પડે ને તરત ખપી જાય છે. આપણી મીલમાં ઉંચામાં ઉંચી યંત્રસામગ્રી વસાવવામાં આવી છે. આ રીતે મહારંભાદિ અંગે મનમાં અહંકાર નહિ પોષાવો જોઈએ. કદાચ આવા ઉદ્ગાર મુખમાંથી નીકળી પણ જાય, પણ તરત

પાછો વિચાર આવવો જોઈએ કે આ હું મહારંભાદિની કયાં અનુમોદના કરી બેઠો ! ઉલટું મનમાં એમ થવું જોઇએ કે જીંદગી ઘણી ટૂંકી છે. આયુષ્યનો કોઈ ભરોસો નથી. ટૂંકા ગાળાની જીંદગી માટે આવા મહારંભ અને મહા પરિગ્રહાદિનાં પાપ મારે શા માટે આચરવા જોઈએ. આવી રીતની વિચારણાથી જીવની પરિણતીમાં ઘણી નરમાશ આવી જાય છે. આજે અહિં વ્યાખ્યાનમાં કોઈ મોટો ઉદ્યોગપતિ આવે તો તમે તેને સૌની આગળ બેસાડો છો એટલે કે તેનું સ્થાન અહિં સૌની આગળ રહે છે. તેમ સમજી લેજો કે તે મનમાં જો મહારંભાદિના પાપ અંગે અરેરાટી પણ નહિ અનુભવતો હોય તો ભવાંતરમાં નરક ગતિમાંયે તેનું સ્થાન આગળ છે. જે સમયે અહિનાં મીલ, કારખાનાં કે ધનવૈભવ કોઈ તેનું રક્ષણ કરવાને સમર્થ નથી. વૈભવ કે માલમિલકતમાં જીવ અમસ્તો રાગ પોષે છે. તે વૈભવાદિ બરા સમયે જીવનું કોઈ રક્ષણ કરવાને સમર્થ નથી. તપ સંયમમાં પરાક્રમ ફોરવવા વડે કરીને જીવ પોતે જ પોતાનું રક્ષણ કરવાને સમર્થ છે અથવા તેવા સાચે રસ્તે ચડાવનારાં મહા પુરુષોથી જીવનું રક્ષણ થશે. બાકી બાવળ સાથે બાથ ભીડવાની છે. બીજા કોઈથી જીવનું રક્ષણ થવાનું નથી.

મુક્તિ કિનારે

પૂ. ઉપાધ્યાય શ્રી. યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર નામે પોતાના સ્વ. વિરચિત ગ્રંથમાં ફરમાવે છે કે,

बिभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारपौरूषम् ॥

સંસારથી જો તું ભય પામ્યો હો અને મોક્ષપદની પ્રાપ્તિને જો તું અંતરથી ઈચ્છતો હો તો તે માટેનો આ એક જ અમોઘ

ઉપાય છે કે તારી પાસે જેટલું બળ છે. જેટલી તાકાત છે તેને ઇન્દ્રિયોને જીતી લેવા ઉગ્રપણે ફોરવ. ઈન્દ્રિયો, મન અને ચાર કષાયને જીતી લેવા એ જ ખરૂં આત્મ દમન છે. શમદમમાં તો આખાયે માર્ગનો સાર છે. અંતરમાં ભવનો ભય લાગ્યો હોય તો દમન એ કોઈ દુષ્કર વસ્તુ નથી ભવમાં જીવ આજકાલથી નથી ભમતો અનંત કાળથી ભમી રહ્યો છે. છતાં સંસારનો હજી અંત આવ્યો નથી. ભવિ જીવ જ પરિભ્રમણનો અંત લાવી શકે છે. અભવિના પરિભ્રમણ કદી અંત ન આવે. અંનતકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરતો આવ્યો છે. આમાં બેઠેલાઓમાં કેટલાને હવે ભવનો થાક જણાય છે? અરર! અનાદિ અનંતકાળથીઆ મારોઆત્મા ભવમાંભમતો આવ્યો છે. હજુ પરિભ્રમણનો અંત ન આવ્યો. હું તે ભવિ હોઈશ કે અભવિ? ખરેખર ભવિ જીવને આ વિચાર આવતા તેની આંખમાંથી દડદડ આંસુ પડે. અંદરથી તેની નસેનસ ખેંચાય તે તો અંતરથી વિચારે કે આ રખડપાટનો હવે અંત ક્યારે આવશે એ તો અંતરથી પરમાત્માને વિનવતો હોય કે નાથ! હવે તો આ ભવમાં ભમી ભમીને થાક્યો—કોઈ એવી કૃપા વરસાવો કે આ પરિભ્રમણનો અંત આવે. અંતરની આ રીતની પરિણતીવાળા જીવને જ્ઞાનીએ ભવિ કહ્યો છે.

જેને મનમાં આ રીતનો સંદેહ થાય કે હું તે ભાવ હોઈશ કે અભવિ? તે જીવ ભવિ છે તેમ સમજવું અથવા મોક્ષનાં સુખની વાત આવે કે જેના રોમરોમ ખડાં થઈ જાય તે પણ ભવિ છે. ઘાતી કર્મનો ક્ષય પછીનું સુખ એ કોઈ અપૂર્વ સુખ છે. મોક્ષમાં અનંત અવ્યાબાધ સુખ છે. પૌદ્ગલિક સુખ એ તદ્દન કૃત્રિમ છે, જ્યારે મોક્ષનું સુખ જ વાસ્તવિક અને સાચું સુખ છે. આવી વાતોના શ્રવણમાં જેને ખૂબ રસ પડે તે જીવ નિયમા ભવિ છે અને સમજી લેવું કે તે મુક્તિ નગરનાં દરવાજે આવી ઊભો છે, ભવ સમુદ્રનો કિનારો તેના માટે હવે ઘણો નજદીક છે.

અનંત જીવરાશી

ઘણાને એવી પણ ચિંતા થાય છે કે બધા જીવ મોક્ષે જશે તો આ સંસાર ખાલી થઈ જશે. તેવી જરાયે મનમાં ચિંતા રાખતા નહિ. સંસાર કોઈ કાળે ખાલી થઈ જવાનો નથી અને બધા જીવો કોઈ કાળે મોક્ષે પહોંચી જવાના નથી. આ તો એક હકીકત છે અને છતાં પહોંચી જાય તો તમારે શી ચિંતા છે? બધા અનંત સુખના ભોકતા બને તેનો આપણને તો ઉલટો આનંદ હોવો જોઈએ. જો કે અત્યારસુધીમાં અનંત જીવો મોક્ષને પામ્યા છે છતાં ગમે તે સમયે કેવલી ભગવંતને પૂછવામાં આવે કે પ્રભુ! અત્યાર સુધીમાં કેટલા આત્માઓ મોક્ષને પામ્યા છે? કેવલી ભગવંત તરફથી ત્રણે કાળમાં એકનો એક પ્રત્યુત્તર મળવાનો છે કે અત્યાર સુધીમાં એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધિ ગતિને પામ્યો છે ગમે તે સમયે પૂછો આ એકનો એક પ્રત્યુત્તર મળશે.

સિદ્ધના જીવો પાંચમે અનંતે છે. અભવિના જીવો ચોથે અનંતે છે અને નિગોદના જીવો આઠમે અનંતે છે ચૌદરાજ લોકમાં નિગોદના અસંખ્ય ગોલક છે. પ્રત્યેક ગોલકમાં અસંખ્ય નિગોદ છે અને એક એક નિગોદમાં અનંત જીવરાશિ છે. આ તો સૂક્ષ્મ નિગોદ અંગેની ઘટના છે લસણ, ડુંગળી વગેરે જે બાદર નિગોદ કહેવાય તેમાં પણ અનંતાનંત જીવરાશિ છે. હવે આટલી બધી જ્યાં જીવરાશિ છે ત્યાં સંસાર કયાંથી ખાલી થઇ જવાનો છે? આ તો તમારો મહાન પુણ્યોદય છે કે તમે મનુષ્ય ભવાદિની ઉંચામાં ઉંચી સર્વોત્તમ સામગ્રીને પામ્યા છો. માટે મોક્ષ માર્ગમાં પુરુષાર્થ એવો ઉગ્રપણે કરો કે મળેલી સામગ્રી સાર્થક થઈ જાય. તમારી ઉજ્જવળ ભવિતવ્યતાએ તમને મુક્તિનાં મંગળ દ્વાર સુધી પહોંચાડી દીધા છે. પણ સામે તમારો, એટલો બધો પ્રમાદ છે કે દરવાજે

આવીને ઊભા છો છતાં ખોંખારો સરખો પણ ખાતાં નથી, તમારા ઘર આંગણે આવેલો માણસ ઘંટડી વગાડે ત્યાં તમે દ્વાર ઉઘાડી આપો છો તેમ આટલે સુધી પહોંચ્યા પછી જો પુરુષાર્થની ઘંટડી વગાડો તો મોક્ષનાં દ્વાર ઉઘડી જાય.

કર્મવિવર

મોક્ષનાં દરવાજે આવી ઊભા છો પણ અંદર દાખલ થવાનો એટલે કે મોક્ષપદની પ્રાપ્તિ અંગેનો હજી જેવો જોઈએ તેવો પુરુષાર્થ નથી. કેટલાંકને તો એમ પણ બોલતા સાંભળ્યા છે કે શું કરીએ ભાઇ? ધર્મ કરવાની તો ઘણી ઈચ્છા થાય પણ કર્મ કયાં વિવર (માર્ગ) આપે છે? ભાઈ શું કરીએ? હજી કર્મનું જોર બહુ છે, એમ બોલનારાંઓને હું પૂછું છું કે કર્મનું જોર ગમે તેટલું હોય પણ સામે તમારો આત્મા પણ કયાં કમજોર છે? દરેકનો આત્મા પણ અનંત શક્તિનો ધણી છે. કર્મ ગમે તેટલા બળવાન હોય પણ અંતે તો તે જડ છે. જ્યારે આત્મા ચેતન છે. કર્મસત્તાને હંફાવવાની તાકાત આત્મામાં પડેલી છે અને તે તાકાત અજમાવવાનો અત્યારે તો તમને ખરેખરો અવસર મળ્યો છે, આમ છતાં મુખમાંથી નબળાં ઉદ્‌ગારો નીકળે છે તે જરાએ શોભારૂપ નથી. ધર્મ કરવાની ઘણી ઇચ્છા થાય પણ કર્મ કયાં વિવર આપે છે આવા ઉદ્‌ગારો અંદરના પુરુષાર્થને હણી નાખનારા છે આર્યદેશ અને ઉત્તમ કુળમાં મનુષ્ય ભવ મળ્યો. દેવગુરુ અને ધર્મની સામગ્રી મલી. સદ્‌ગુરૂનો સુયોગ મળ્યો એ જ એમ સૂચવે છે કે કર્મે વિવર કરી જ આપેલો છે. એટલેસુધી પહોંચ્યાં પછી હવે કર્મને દોષ દેવો એ તો ઘોર અજ્ઞાન છે. સીત્તેરથી એંસી કૂટનો રોડ હોય ને છતાં કોઈ માણસ કહે કે મારે ચાલવું છે પણ શું કરૂં? રસ્તો બહુ સાંકડો છે. ભાઈને પોતાને ચાલવું નથી ને રસ્તાનો વાંક કાઢે છે. આ જીવની પણ તેવીજ હાલત છે. મનુષ્યભવાદિની સામગ્રી આ જીવ પામ્યો તેનો અર્થ

એ છે કે, કર્મસત્તાએ તેને વિશાળ ઘેારી માર્ગ કરી આપ્યેા છે. પણ પેાતાને પુરુષાર્થ કરવેા નથી એટલે દેાષ કર્મને આપે છે. અને કેટલાકેા તેા વળી કાળને પણ દેાષ દેતાં હેાય છે. શું કરીએ? પડતેા કાળ છે. આપણાથી કાંઈ બનતું નથી. આવા વચનેા ઉચ્ચારીને મનુષ્યેા પેાતાના પુરુષાર્થનાં વેગને ઢીલેા પાડી દેતાં હેાય છે. એટલું પણ વિચારતાં નથી કે આવા પડતાં કાળમાં યે આપણને લેાકેાત્તર એવા જિનશાસનની પ્રાપ્તિ થઈ છે. જિન શાસનની શીતળ છાયાને પામીને આવા પડતા કાળમાં પણ ઘણું સાધી શકાય છે.

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયાદિ પર્યાયમાં રહેલા જીવેા તેા બિચારાં કર્મસત્તાની નીચે પૂરેપૂરા દબાયેલાં છે. નરક નિગેાદમાં રહેલાં જીવેા ઉપર પણ કર્મસત્તાએ પેાતાનેા બરેાબરનેા પગદંડેા જમાવેલેા છે. એ બિચારાં જીવેાને કર્મે વિવર આપ્યેા નથી એમ જરૂર માની શકાય. બાકી તમે એટલે સુધી પહેાંચ્યાં પછી હવે શાનાં રેાદણાં રેાવેા છેા? તમારે તેા કર્મસત્તાની સામે હવે બરાબરની ટક્કર ઝીલવાની છે. એટલે સુધી પહેાંચેલેા જીવ જ કર્મસત્તા સામે લાલ આંખ કરી શકે. બાકી તેા કર્મમદારી વાંદરાની જેમ આ જીવને નચાવી રહ્યો છે. તેમાં કયાંય જીવને કારી લાગતી નથી, બાકી અત્યારે તમારા પુણ્યે તમને બરાબરની યારી આપી છે. ત્યાં તમે કુંભકર્ણની નિદ્રામાંથી જાગતા નથી. એટલે સુધી પહેાંચેલાં તમે જો સ્વમાં જાગ્રત બનીને મેાક્ષમાર્ગમાં ઉગ્રપણે પુરુષાર્થ જગાડેા તેા એકવાર આ કર્મમદારીનાં દાંત એવા ખાટાં થઈ જાય કે, ફરી તમારૂં નામ ન લે. કર્મની તાકાત ગમે તેટલી હેાય, પણ જીવ જો એકવાર સ્વમાં જાગ્રત બને તેા કર્મસત્તાનાં હાથ એવા હેઠાં પડી જાય કે ફરી ઉંચું માથું ન કરી શકે. કેાઈ પણ બળવાન શત્રુ સામે લડવું હેાય તેા ગમે તેવા બળવાન સૈનિકને પણ

બીજાનો સાથ જોઈએ, જ્યારે અત્યારે તમને દેવગુરુ અને ધર્મનો સાથ મળ્યો છે માટે કર્મસત્તા સામે બરાબરની બાથ ભીડી લો કે જેથી તેનો બોડો નીકળી જાય અને આત્મા ઉપરથી સદાકાળ માટે કર્મશત્રુનો ભય ટળી જાય અને આત્મા સદાકાળને માટે નિર્ભય બની જાય.

જીવરાશિના વિભાગ

જીવરાશિનાં ચાર વિભાગ પડે છે. ભવિ, 'અભવિ' દુર્ભવિ, 'અને જાતિભવ્ય' જેનાં સંસારનું પરિભ્રમણ બહુ લાંબું નથી. એક પુદ્ગલ પરાવર્ત જેટલાં કાળમાં પણ જે જીવ મોડમાં મોડો મોક્ષપદને પામે તેને ભવિ કહેવાય. ઘણાં લાંબા ગાળે જેનો મોક્ષ થવાનો હોય અથવા એક પુદ્ગલ પરાવર્તના કાળથી જે જીવનો સંસાર અધિક હોય તે દુર્ભવિ. જે જીવનો સંસાર અનાદિ અનંતમે ભાગે છે, જે જીવો મોક્ષપદને પામવાની યોગ્યતાજ ધરાવતા નથી તેવા જીવો અભવિની કોટિના ગણવા. ચોથા પ્રકારમાં જાતિભવ્ય છે. મોક્ષની યોગ્યતા જે જીવોમાં હોવા છતાં જે જીવો તથા પ્રકારની સામગ્રીનાં અભાવે કોઈ પણ કાળે મોક્ષપદને પામવાના નથી, એટલું જ નહિં, પણ જે જીવો કોઈ પણ કાળે અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં પણ આવ્યા નથી આવતા નથી, ને આવવાનાએ નથી તે જીવોની ગણના જાતિભવ્યમાં થાય છે. તમને ઘડીભરને માટે મનમાં શંકા થશે કે એવું શું કારણ કે એ બિચારાં જીવો ઉંચે જ આવતા નથી ? આ રીતની શંકાનાં સમાધાનમાં જ્ઞાની ભગવંતોએ એટલું જ ફરમાવ્યું છે કે ત્યાં બીજું કોઈ કારણ નથી, પણ તે બિચારાં જીવોની કોઈ ભવિતવ્યતા જ તેવા પ્રકારની છે કે ઉંચેઆવતા નથી.દરેકઆરસનાં પત્થરમાં પ્રતિમા થવાની યોગ્યતા રહેલી છે પણ તથા પ્રકારની કારણસામગ્રીના

યોગ વિના તેમાંથી પ્રતિમાં બનતી નથી. તેમ મોક્ષે જવાની જે જે જીવોમાં યોગ્યતા છે તે બધા મોક્ષને પામી જવાના નથી. દેવગુરુ અને ધર્મ વિગેરે સામગ્રીનો યોગ મળતાં જે જે જીવો મોક્ષમાર્ગમાં ઉગ્રપણે પુરુષાર્થ કરે છે તે જીવો જ મોક્ષપદને પામે છે. માટે જ્ઞાની પુરુષો કહે છે કે હે આત્મન્! તને જો ભવનો ભય લાગ્યો હોય અને તું જો મોક્ષપદની પ્રાપ્તિને અંતરથી ઈચ્છતો હો તો તું ઈન્દ્રિયોને જીતી લેવા પ્રબળ પુરુષાર્થ કર!

સંસાર અનંત દુઃખમય

જંગલમાં સિંહ કોઈથી ભય પામતો નથી. માત્ર એક અગ્નિથી ભય પામે છે. તેમ સમકિતી કે જે સિંહ સમાન છે તે બીજા કોઇથી ન ડરે પણ સંસારના પરિભ્રમણનો ડર તેને અવશ્ય હોય છે. કારણ કે ચારગતિરૂપ સંસારમાં તેને કયાંય વાસ્તવિક સુખ દેખાતું નથી. તેની એ દૃઢ માન્યતા હોય છે કે એકાંતિક અને આત્યંતિક સુખ માત્ર મોક્ષમાં જ છે. નરકગતિ કે તિર્યંચ ગતિમાં તો સુખ જેવું છે જ નહિં પણ દેવગતિ અને મનુષ્ય ગતિમાં પણ દુઃખનાં લવલેશ વગરનું વાસ્તવિક સુખ નથી. જે સુખ છે તે માયાવી સુખ છે. દેવોમાં ઈર્ષ્યાઅને અદેખાઇ ઘણી હોય છે. પોતાનાથી અધિક વૈભવવાળાં દેવોને જોઈને અમુક દેવોને મનમાં ઇર્ષ્યા થયા વિના રહેતી નથી. માનસિક સંકલેશ દેવોમાં પણ હોવાથી દેવ નિકાયમાં વાસ્તવિક સુખનો અભાવ છે. તિર્યંચ ગતિમાં પરાધીનતાનાં દુઃખનો કોઈ પાર નથી તેમજ વિવેક વિકલતા પણ તિર્યંચ ગતિમાં ઘણી અધિક હોય છે. તિર્યંચ ગતિમાં માલિકની પરાધીનતાને કારણે તિર્યંચોને અનેક કષ્ટો સહન કરવાં પડતાં હોય છે. તેમાં આ કાળમાં તો વળી મોટાં ભાગનાં તિર્યંચો કતલખાનામાં કપાય

છે. ઘેટાં બકરાં જેવાં બિચારાં રાંક પ્રાણીઓને રંસીજ નાખવામાં આવે છે—જાણે આ ફાની દુનિયામાં તેનો તો કોઈ રાખણહાર જ નથી. એકલાં પોતાનાં જ ક્ષણિક સુખ સામું જોનારાં મનુષ્યો ગાય, બળદજેવાં પ્રાણીઓને પણછેલ્લે નિર્દયરીતેમરાવીનંખાવે છે. આ રીતે તિર્યંચ ગતિમાં પણ કોઈ દુઃખની સીમા નથી.

મનુષ્ય ગતિમાં પણ આધિ, વ્યાધિ, અને ઉપાધિ વિગેરેનાં તેમજ ઈષ્ટનાં વિયોગ અને અનિષ્ટનાં સંયોગ, દારિદ્રય, દૌર્ભાગ્ય વિગેરેનાં અનેક દુઃખો મનુષ્યોને ભોગવવા પડે છે તેમાં પુણ્યોદય હોય તો વળી થોડીક અનુકૂળતા મળે છે બાકી પ્રતિકૂળતાનો તો કોઈ પાર નથી. આ કાળનાં મનુષ્યો તો મોટા ભાગે થપ્પડ મારીને મોઢાં લાલ રાખે છે. બાકી અંતરંગ અશાન્તિનો કોઈ પાર નથી. ચારગતિરૂપ સંસાર આ રીતે અનંત દુઃખથી ભરેલો છે. સંસારનું આવું સ્વરૂપ સાંભળ્યા પછી જે જીવ અભવિ હોય તેને જ ભવનો ભય ન લાગે. બાકી ભવિતો કંપી ઉઠે. અનંત દુઃખમય સંસારનું સ્વરૂપ જાણ્યા પછી ભવિને તો એમ જ થઈ જાય છે કે આ મનુષ્ય ભવને પામીને માત્ર મોક્ષ માટેનો જ પુરુષાર્થ કરવા જેવો છે. એ સિવાયની બધી મહેનત અંતે માથે પડવાની છે. અને કોઇ માનવી એક કરોડ વર્ષ સુધી પાણી વલોવે રાખે છતાં તેમાંથી ઘી નીકળવાનું નથી. તેમ આ અસાર સંસારને તમે જીંદગી આખી ખેડચા કરો પણ તેમાંથી તમને સાચું સુખ મળવાનું નથી, જ્યારે તેટલો જ પુરુષાર્થ જીવ જો મોક્ષ માટે કરે તો કોટી કલ્યાણ થઈ જાય.

દિશા બદલો

આ જીવે અત્યાર સુધીમાં સેંકડો મહાપુરુષોને સાંભળ્યા પણ દુઃખિત હૃદયે જણાવવું પડે કે આ જીવે હજી દિશા પણ બદલી નથી. તપ સંયમ વડે સ્વ—આત્મદમન એ જ મોક્ષપદની

પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે. જ્ઞાનીનાં એજ વચનો છે કે સ્વ–આત્માને જ દમો. દુનિયા આખી બીજા બધાંને દમવા મથે છે. પણ આપણે આપણા આત્માને દમવાનો છે. આત્માર્થીને અને જગતને છે કયાંય મેળ–સેડે કે સીમાડે કયાંય મેળ બેસે તેવો નથી. પરદમન તો તિર્યંચ ગતિમાં પણ છે. બિલાડી ઉંદરનું દમન કરતી હોય છે અને તેનું ભક્ષણ પણ કરી નાખે છે. શ્વાન વળી બિલાડીનું દમન કરે છે જંગલમાં રહેતાં વાઘ, વરુ વિગેરે પ્રાણીઓ પણ અનેકોનું દમન કરતાં હોય છે. તમે પણ દુકાનમાં રાખેલાં નોકરનું શું દમન નથી કરતાં હોતાં? આ રીતે પરદમન તો ચોમેર ચાલુ જ છે. સાચા અર્થમાં એ દમન જ નથી. એ તો જીવોને રીબાવવાની અને દુઃખી કરવાની વાત છે. દુઃખી કરવાના ધ્યેયથી કોઈનું દમન કરવાનું હોતું નથી. એમાં તો ઉલ્ટા જીવો ત્રાસને અનુભવે છે. કોઇને સવળે રસ્તે ચડાવવા કાંઇ પગલાં લેવા પડે તો એ શ્રેષ્ઠ દમન છે. પોતાના પુત્રપૌત્રાદિ પણ અવળે રસ્તે જતાં હોય તો તેમને સવળે રસ્તે ચડાવવાં જોઇએ અને તે માટે તેમનો નિગ્રહ પણ કરવો પડે તો નિગ્રહ પણ કરવો જોઇએ. તેમની ઉપર અમુક પ્રકારનાં અંકુશ પણ મૂકવા જોઇએ. શિષ્ય અવળે રસ્તે જતો હોય તો ગુરુ ભગવંતે તેનો પણ નિગ્રહ કરવો જોઇએ. એ શ્રેષ્ઠ દમન છે. કારણ કે એની પાછળ સ્વપરનાં કલ્યાણનો હેતુ છે.

કામ ભોગાદિ એ દુર્ગતિનાં કારણરૂપ છે. તેની મનમાં ઝંખના રાખવી એ પણ દુર્ગતિનાં કારણરૂપ છે. ઘણીવાર મનુષ્યો ભોગવીને તેટલાં કર્મો નથી બાંધતા જેટલાં ચિંતવીને બાંધે છે. તમને થશે કે અમે તો કામ ભોગમાં જ પડેલા છીએ. અમારો શે ઉદ્ધાર થશે? તે અંગેનું પણ સમાધાન છે. પૂ. હરિભદ્રસૂરિ યોગદ્રષ્ટિ સમુચ્ચય નામનાં ગ્રંથમાં ફરમાવે છે કે—

भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ।

ભોગવતો હોવા છતાં જો તેમાં અનાસક્ત હોય તો તે પરમ પદને પામે છે. તમારે હવેથી ભોગવતાં માપ કાઢવાનું છે. માપ કાઢતાં જ રહેવાનું છે કે આત્મા તેમાં લેપાયેલો કેટલો છે અને વિરક્ત કેટલો છે. જો લેપાયેલો હોય તો સમજવું સંસાર હજી ઘણો બાકી છે અને અંતરથી વિરક્ત હોય તો સમજવું મુક્તિ નજીકમાં છે એટલા માટે જ જ્ઞાનીએ ઇચ્છાનાં નિરોધને પરમ તપ કહ્યું છે. આત્માને સ્વ દ્રવ્યની, સ્વ ગુણની, સ્વ–પર્યાયની ઓળખ નથી તેમાં જ પર દ્રવ્યની તેને ઝંખના થાય છે. સ્વને ઓળખીને જો સ્વમાં સમાઇ જાય તો અંદરની બધી ઝંખનાઓ મટી જાય અને અંતે જ્યોતમાં જ્યોત મળી જાય અને આત્મા સદાકાળ માટે બંધનમુક્ત બની અજરામર સ્થાનને પામી જાય. સૌની આ સ્વરૂપે સ્થિતિ થાય એજ એક અંતરની મહેચ્છા.

બ્રહ્મચર્યરૂપી પાયો જો મજબૂત હોય તો શરીરરૂપી ઇમારતને પક્ક, પાવડર રૂપી વ્હાઈટ–વોશની લાંબી જરૂર રહેતી નથી અને પાયો જ જો કાચો હશે તો એકલા વ્હાઇટ–વોશથી ઈમારત ટકવાની નથી. માટે શરીરરૂપી ઇમારતના બ્રહ્મચર્ય-રૂપી પાયા તરફ વિશેષ ધ્યાન દેવું જોઈએ અને લોકો આજે પાયા તરફ ધ્યાન દેતા નથી અને એકલા વ્હાઈટ–વોશમાં પડી ગયા છે.

તેજ અને તિમિર

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પહેલાં અધ્યયનની ગાથાઓ ઉપરથી આત્મદમન એ વિષય ઉપરનાં વ્યાખ્યાનો શરૂ કરેલાં છે.

શ્રી તિર્થંકર અને ગણધર જેવાં મહાન પુરુષોએ આત્મદમન અંગેનાં સ્પષ્ટ વિધાનો કર્યા છે કે દરેક મુમુક્ષુઓએ પોતાના આત્માને જ દમવો જોઇએ. મોક્ષપદની પ્રાપ્તિ માટેનો એજ અમોઘ ઉપાય છે—

પોતાના પુત્રપૌત્રાદિ કહ્યામાં ન રહેતા હોય તો તમને મનમાં કેટલું બધું લાગી આવે છે અને બોલી પણ નાખતાં હો છો કે શું કરીએ? આ કાળમાં પેટનાં દિકરાં પણ કહ્યામાં રહેતા નથી. પણ હું પૂછું છું કે પેટનાં દિકરા એ તો દૂર વાત રહી—પહેલાં તમારૂં મન અને તમારી ઈન્દ્રિયો તમારા કહ્યામાં છે? મન અને ઈન્દ્રિયો સાથે પુત્ર પૌત્રાદિ કરતા તો જીવને ઘણો નિકટનો સંબંધ છે.

દુનિયામાં દરેક વસ્તુની સમતુલા જાળવવી સહેલી છે પણ મનની સમતુલા જાળવવી કઠીન છે—મન નિરંકુશ ન બને અને ઇન્દ્રિયો બેફામ ન બની જાય એ ખાસ લક્ષમાં રાખવાનું છે.

જ્ઞાનીનાં અંતરમાં તો ભાવઅનુકંપા છે કે જગતના જીવ માત્રનું કલ્યાણ થઈ જાય. સંપત્તિના સ્વામી પણ ધર્મ પામેલા ન હોય તો તેમનાં પ્રત્યે પણ મહાપુરુષોનાં અંતરમાં ભાવ અનુકંપા હોય છે.

જેટલાંએ આત્મા ઉપરનો અંકુશ ગુમાવ્યો તે બધાને દુઃખનાં ભાગીદાર બનવું પડયું છે. ભાવિનાં તિર્થંકરના આત્મા રાવણ જેવાંની કેવી હાલત થઈ છે ? તેમણે આત્મા ઉપરનો કાબુ ગુમાવ્યો તો તેમનો આત્મા આજે ચોથી નરક પૃથ્વીમાં સબડે છે. આવા ભાવિના મહાન આત્માઓ પણ પોતાનો આત્મા કાબૂમાં ન રહેતાં દુર્ગતિનાં દારૂણ દુઃખોને પામ્યા છે.

ધર્મહીનની ભાવદયા

ધર્મહીન એવો ચક્રવર્તિ પણ જ્ઞાનીની દૃષ્ટિમાં ભાવ અનુકંપાને પાત્ર છે, અને ધર્મના રસ્તે ચડેલો પુણિયા શ્રાવક જેવો આર્થિક દૃષ્ટિ એ તદ્દન સામાન્ય સ્થિતિનો શ્રાવક પણ અત્યંત પ્રશંસાને પાત્ર છે.

દ્રવ્યદયા કરતા પણ ભાવદયા ઘણી ચડિયાતી છે. અત્યંત દુઃખને અનુભવતા તદ્દન નિરાધાર બની ગયેલા ચીંથરે હાલ થઈ ગયેલા મનુષ્યોને જોઈને અથવા દુઃખને અનુભવતા કોઈ પણ જીવને જોતાં મનમાં જે દયા ઉત્પન્ન થાય તે દ્રવ્ય દયા છે.

અને શ્રીમંતાઈનાં અને વૈભવનાં શિખર પર બેઠેલાં હોય, પણ પરમાર્થનાં માર્ગથી વિમુખ બનેલાં હોય તેવાની મનમાં જે દયા ઉત્પન્ન થાય તે ભાવદયા છે. ટૂંકમાં દુઃખીની દ્રવ્યદયા અને દોષિતની ભાવદયા.

અનંતકાળથી સંસારમાં ભટકી રહેલાં અને ચારગતિરૂપ સંસારનાં અનંતાનંત દુઃખોને અનુભવી રહેલાં પોતાનાં આત્મા અંગેની પણ મનમાં ભાવદયા પ્રગટવી જોઈએ. સ્વની પણ દયા છે એ તો આપણે સમજ્યા જ નથી. તેમાં વળી મોટરમાં રાતાપીળા થઈને ફરતાં હોય તેની દયા કોને આવે તેવાઓનાં વૈભવને જોઈને તો ઘણાંને મોઢામાં પાણી આવી જાય છે. પણ

ભાઈ ! મોઢામાં પાણી લાવવા જેવું નથી. લાવવું જ હોય તો આંખમાં લાવજે. અને મનમાં ચિંતવજે કે આ બિચારા એકલા બહારનાં વૈભવમાં જ રાચી રહ્યા છે. પોતાના આત્માના વૈભવને તો આ બિચારા ઓળખતા પણ નથી.

બરો વૈભવ

કેવળજ્ઞાન અને કેવળ દર્શનાદિ અનંતાનંત ગુણ સમુદાયનો જે વૈભવ તે જ આત્માનો વૈભવ છે. જીવને પોતાના અંદરનાં વૈભવનું ભાન થયું નથી એટલે એકલા બહારનાં વૈભવને ઝંખી રહ્યો છે. પોતાનો બંગલો હોય, પોતાની મોટર હોય, બાગ–બગીચા હોય, ઘરમાં રાચરચીલું હોય, હવા માટે ઘરમાં પંખા વસાવેલા હોય, ઠંડક માટે એરકંડીશન વસાવ્યું હોય એટલે ભાઈ માને કે મારા જેવો કોઈ વૈભવશાળી નથી. પણ ભાઈ ! આ બધી પુણ્યની લીલા છે. પુણ્ય પરવારશે અને પાપોદય જાગશે તે દિવસે આ બધી લીલા એક પળવારમાં સમેટાઈ જવાની છે, અને સમય આવે ભલભલા ચક્રવર્તિઓનાં પણ પુણ્ય પરવારી જાય છે.

ઉદય તેનો અસ્ત

પુણ્યોદય, શુભોદય, અભ્યુદય એ દરેકની પાછળ ઉદય શબ્દ છે. દુનિયામાં જેનો ઉદય તેનો અસ્ત છે ! માટે પુણ્યોદયનાં કાળમાં પણ જીવે રાચવા જેવું નથી. પાપ સર્પની ફેણ જેવું છે અથવા સર્પદંશ જેવું છે, તો પુણ્ય ઉંદરની કુંક જેવું છે. સર્પનું ઝેર તરતમાં મારે અને ઉંદરનું ઝેર રીબાવી રીબાવીને મારે. પુણ્યોદયમાં જીવ આસક્ત બને એટલે પાપ બંધાય અને પાપ ઉદયમાં આવતાં પાછીઘોર દુઃખની પરંપરા સર્જાય પાપોદયમાં તરત દુઃખ અને પુણ્યોદયમાં પાછળથી દુઃખ. પુણ્યોદયમાં પ્રમાદ ન પોષતા જીવ જો રત્નત્રયીની આરાધનામાં

વિર્યોલ્લાસવાળો બની જાય તો કામ કાઢી જાય અને પુણ્યની મીઠાશમાં જ રાચ્યા કરે તો જીવને ઘણું મોટું નુકશાન થઇ જાય. પુણ્યાનુબંધી પુણ્યના ઉદય વિના રત્નત્રયની આરાધનામાં વિર્યોલ્લાસ પ્રગટતો નથી. માટે માર્ગમાં પુણ્યાનુબંધી પુણ્યની જ ઉપાદેયતા છે.

ભલભલા દુનિયામાં પુણ્યોદયને જીરવી શકતા નથી અને ઉન્મત્ત બની જાય છે.તેવા પુણ્યોદયવાળા હોવા છતાં જ્ઞાનીની દૃષ્ટિમાં દયાને પાત્ર છે. આવું સાંભળ્યા પછી હવેથી કોઈનાં પણ હાટ–હવેલી કે બંગલા જોઈને મોઢામાં પાણી નહિ લાવતા તેવા પણ ધર્મથી વિમુખ બનેલાં હોય તો મનમાં કરૂણા લાવજો અને પાણી જ લાવવું હોય તો મોમાં નહિ પણ આંખમાં લાવજો કે આ બિચારાં અત્યારે તો સુખનાં શિખર ઉપર છે, પણ સન્માર્ગથી એટલા બધા દૂર નીકળી ગયેલા છે કે ભવિષ્યમાં ઊભા રહેવા તળેટીમાં યે જગ્યા નહિ મળે અને કયાંના કયાં દુઃખની ઊંડી ખીણમાં ફેંકાઈ જશે ફરી અનંત કાળે સુખ રૂપી શિખરનાં દર્શન નહિ પામે.

જ્ઞાની શું વિચારે !

રાજા મહારાજાઓનાં અને શ્રીમંતોના વૈભવને જોઇને અજ્ઞાનીને મોમાં પાણી આવે, જ્યારે જ્ઞાનીને મોંમાં પાણી આવે જ નહિ–જ્ઞાની તો વિચારે કે આ બિચારા વૈભવ અને વિલાસમાં એવા ખૂંચી ગયેલા છે કે ભવિષ્યમાં શું થશે એમ વિચારતાં જ્ઞાનીનાં અંતરમાં કરૂણાનાં સાગર ઉભરાય છે. જ્યારે આ તો જગતના મોટા ભાગનાં જીવોની સ્થિતિ પેલા બિલાડા જેવી છે. એકલું દુધ જુએ પણ પાછળની ડાંગ ન જુએ. જગતનાં જીવો તેવી રીતે કામભોગાદિમાં સુખને જોનારાં છે. પણ તેની પાછળનાં દારૂણ વિપાકને જોનારા નથી જો વિપાકને જોતાં થઈ જાય તો પોતાનો આત્મા આજે કાબૂમાં આવી જાય.

આજની દુનિયામાં સ્વચ્છંદ અને સ્વેચ્છાચારે તો માજા મૂકી છે. આજે છુટથી વર્તવાનો તો જાણે મેનિયા ચાલ્યો છે. અમારે સાધુઓમાં પણ આજે સ્થિતિ એવી છે કે શિષ્યને જરાક બોલતાં આવડ્યું એટલે ગુરુથી છુટો થઈ જાય. ચોમાસા જુદા કરવાની ગુરુ પાસે આજ્ઞા માગે! આજ્ઞા માગે ત્યાં સુધી તો હજી ઘણું સારું—આજ્ઞા માગવાનીએ દરકાર ન રાખે તો ગુરુ શું કરે? આ જમાનાનો ઝેરી પવન થોડો અમને પણ લાગ્યો તો છે. છતાં શ્રી જિન શાસનની બલિહારી છે. ઘણાં આત્માઓ ગુરુકુળ વાસમાં રહીને સ્વ—આત્માર્થ આજે પણ સાધી રહ્યા છે. અન્ય સંપ્રદાયો તરફ દૃષ્ટિપાત કરશો તો લાગશે કે જૈન સાધુઓ હજી ઘણી ઉચ્ચ ભૂમિકાએ છે અને છકકાયનાં કુટામાં પડેલાં ગૃહસ્થોની અપેક્ષાએ તો તેઓ ઘણાં જ મહાન અને ઘણી જ ઉચ્ચ કક્ષાએ છે.

વ્યસનથી વ્રતમાં અંતરાય

સ્વચ્છંદ અને સ્વેચ્છાચાર સામે જ્ઞાનીઓ કહે છે કે સ્વ ઉપર જ વિજય મેળવો દરેક પર આત્માએ કાબૂ રાખ્યો છે. પણ મન અને ઈંન્દ્રિયો પર કાબૂ રખાતો નથી. તેથી વ્રત, પચ્ચક્ખાણાદિમાં પણ ઘણી શિથિલતા આવતી જાય છે. ચૌદશ જેવી પર્વ તિથીના દિવસે એક એકાસણાં જેવું વ્રત કરવું હોય તો પણ જીવ અંદરથી વિચારે ચડે છે. તેમાં મુખ્ય વિચાર તો એ આવે કે એકાસણું તો કરી નાખું, પણ મારે સવારનાં ઉઠતાવેંત ચા જોઈએ તેના વિના કેમ ચાલશે? ચા વિના તો મારું મગજ ઠેકાણે નહિ આવે. મન અને ઈન્દ્રિયોની ગુલામીએ તો જીવોને આરાધનાનાં માર્ગથી કયાંના કયાં દૂર ધકેલી મૂકયા છે. અનંત શક્તિનો ધણી આત્મા બે ઘડી ચા કે બીડી વિના રહી શકતો નથી. કેટલી પરાધીનતા છે. તેવા વ્યસનોનો ત્યાગ

કરવાથી જ વ્રત, પચ્ચક્ખાણાદિ કરવામાં વિર્યોલ્લાસ પ્રગટે છે. જીવનમાં વ્યસન એ ભયંકર ગુલામી છે. તેનાં લીધે બીજાં મોટા ખર્ચા પણ ઘણાં ઊભા થાય છે. માટે જીવનમાં સ્વાધીનતા કેળવીને સ્વેચ્છાથી સહન કરતાં શીખો. પરાધીનપણે તો જીવે અત્યાર સુધીમાં અનંતકાળથી ઘણું વેઠેલું છે. હવે તો જેટલું વેઠાય તેટલું શાન્તિથી સ્વાધીનપણે વેઠી લો.

સ્વવશતાની સાચી ગુણવત્તા

આચારાંગ સૂત્રની ટીકામાં પૂ. શિલાંકાચાર્ય ફરમાવે છે કે—

સહ કલેવર ! દુઃખમચિન્તયન્
સ્વવશતા હિ પુનસ્તવ દુર્લભા ।
બહુતરં ચ સહિષ્યસિ જીવ હે
પરવશે ન ચ તત્ર ગુણોઽસ્તિ તે ॥

હે આત્મન્ ! મનમાં કોઈ પણ પ્રકારનું આર્તધ્યાન કર્યા વગર પ્રશન્ન ચિત્તે સહન કર ! સુખ દુઃખાદિ અંગેના કોઈપણ પ્રકારનાં મનમાં વિચારો લાવ્યા વગર સમતા ભાવે સહન કર ! અરર ! મારી પર એક પછી એક ઉપરાઉપરી દુઃખો આવ્યા કરે છે. હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? મારૂં શું થશે. આજે મારી પડખે કોઈ નથી ઉપર આભને નીચે ધરતી છે. અરર ! આ શું થવા બેઠું છે ? આ બધા દુઃખોમાંથી મારો ક્યારે છુટકારો થશે. દુઃખના પ્રસંગે આવા બધાં નબળાં વિચારો મનમાં લાવવા એ પણ એક પ્રકારનું આર્તધ્યાન છે. આક્રંદન, રૂદન, શોક નિઃસાસા નાંખવા માથાનાં વાળ ખેંચવા એ બધા આર્તધ્યાનનાં લક્ષણો છે—

માટે કહે છે કે આવા કોઈ પણ પ્રકારનાં નબળાં વિચારો મનમાં લાવ્યા વગર ઉદયકાળને સમતા ભાવે ભોગવી લે. કારણ કે હે આત્મન્! તને બધું સુલભ છે પણ સ્વાધીનતા અતિ દુર્લભ છે.

હે આત્મન્! તેં પરાધીનપણે ઘણાં કષ્ટો સહન કર્યા છે. છતાં તને તેથી લેશ પણ ગુણ થયો નથી. બળદ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, પશુ પંખી વિગેરે પ્રાણીઓ પરાધીનપણે ક્ષુધા, તૃષા, વધ બંધન વિગેરેનાં અનેક કષ્ટો સહન કરતાં નજરે જોવામાં આવે છે. છતાં તે જીવો સકામ નિર્જરાનાં ફળને પામી શકતા નથી. કારણ તેમાં પરાધીનપણે સહન કરવાનું છે. જ્યારે મુનિ ભગવંતો લોચ વિહારાદિનાં કષ્ટો સ્વાધીનપણે સ્વેચ્છાથી સહન કરતાં હોવાથી તેઓ ડગલેને પગલે સકામ નિર્જરા સાધે છે—જીવે પરાધીનતામાં રહીને જેટલું સહન કર્યું છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી જ્યારે સ્વાધીન પણે સમતા ભાવે સહન કરવાનો અપૂર્વ અવસર તો કયારેક જ મલે છે. એટલા માટે તો મુનિ ભગવંતો ગમે તેવા ઉપસર્ગાદિનાં પ્રસંગે પણ પીછે હઠ કરતા નથી તેઓ સમજતા હોય છે કે સ્વાધીન પણે સહન કરવું એમાંજ ખરી નિર્જરા છે—

ધન્ય અવસર

રણ સંગ્રામમાં પરાક્રમી ગજરાજ જેમ મોખરે હોય છે તેમ પરિસહ અને ઉપસર્ગના પ્રસંગે મુનિ ભગવંતો પણ મોખરે ઊભા હોય છે. શત્રુ પક્ષ તરફથી ગમે તેવી બાણવર્ષા થાય છતાં શૂરવીર ગજરાજ પીછે હઠ કરે નહિ–તેમ જીવલેણ ઉપસર્ગના પ્રસંગે પણ મુનિ ભગવંતો પીછેહઠ કરતા નથી. એ તો ઉપસર્ગ કરનારને પણ મિત્ર સમાન લેખે. ઉપરાઉપરી

ઉપસર્ગો આવતાં હોય અને અંદરમાં સમતારસ વૃદ્ધિને પામતો હોય, મુનિઓ માટે એથી બીજો કોઈ ધન્ય અવસર નથી. તેમ અશાતાના ઉદય કાળમાં પણ મહાપુરુષો ઘણી નિર્જરા સાધે છે. અશાતાના ઉદયે તનમાં મહાભયંકર વ્યાધિ લાગુ પડયો હોય ને તેવીજ મનમાં અપૂર્વ સમાધિ અનુભવાતી હોય પછી શું બાકી રહે !

દૃષ્ટાંત

આ પ્રસંગમાં સનતકુમાર મહામુનિ પ્રબળ દૃષ્ટાંતરૂપ છે દિક્ષા અંગીકાર કર્યા પછી સાતસો વર્ષ પર્યંત તેમનાં શરીરમાં મહાભયંકર વ્યાધિઓ રહી, પણ મનની સમાધિ કયારે પણ છુટી નથી. બસ આજ ખરી અંતરાત્મદશા છે. પરીક્ષા લેવા માટે આવેલા દેવો પણ છક્ક થઈ ગયા. દેવો ધન્નવંતરીનું રૂપ લઈને આવેલાં હતા. સનતકુમાર મહર્ષિને કહે છે કે આપના શરીરની ચિકિત્સા કરવા આવ્યા છીએ. મહર્ષિ કહે છે કોઇ એવી દવા આપો કે ભવ વ્યાધિ મટી જાય. દેવો કહે છે એ વ્યાધિથી તો અમે પણ ઘેરાયેલા છીએ. મહર્ષિએ તરત કહ્યું તો પછી તમે પોતે રોગી અને બીજાનાં રોગ મટાડવા નીકળી પડયા છો ! શરીરનાં રોગ મટાડવાની દવા તો મારા શરીરનાં મળમૂત્રમાં ભરી પડી છે. થોડોક પ્રયોગ પણ કરી બતાવ્યો. દેવો તો આભા બની ગયા. અંતે મૂળ સ્વરૂપમાં પ્રગટ થયાં અને મહાપુરુષનાં પગમાં પડી ગયા. મહાપુરુષની નિઃસ્પૃહતા તેમનાં હૃદયમાં વસી ગઈ. ઇન્દ્રે પ્રશંસા કરી તે કરતાં પણ મહાત્મા તેમને સવાયા લાગ્યા. માનવી દરેક વસ્તુમાં નિઃસ્પૃહતા દાખવી શકે છે, પણ શરીરમાં નિઃસ્પૃહ રહેવું એ ઘણીજ અઘરી વાત છે. —દેહાધ્યાસ છુટે ત્યારે આટલી નિઃસ્પૃહતા આવે છે. દેહાધ્યાસ છુટે તો આત્મા કર્મનો કર્તા મટીને જ્ઞાતા ને દૃષ્ટા બની જાય.

સાતસો વર્ષ સુધી શરીરમાં રોગ રહ્યા. સનત્‌કુમાર મુનિએ સ્વાધીનપણે ઘણું સહન કર્યું. બસ આ રીતની સ્વાધીનતા જ જીવને અતિ દુર્લભ છે. આ એક શ્લોકમાં તો કેટલાય શાસ્ત્રોનું દોહન આવી જાય છે. માનવી આ એક શ્લોક પર ઉંડાણથી ચિંતવના કરે તો જીવનમાં તેજના પુંજ રેલાઈ જાય અને તિમિર વિખરાઈ જાય.

સંક્ષેપમાં સાર

વ્યાસ મહર્ષિએ અઢાર પુરાણ લખ્યાં, જેમાં લાખોને કરોડો પ્રમાણ શ્લોક રચાયેલાં છે, શિષ્ય કહે છે. પ્રભુ આ તો આપે લાંબુ લાંબુ લપસીંદર કર્યું. આટલા શ્લોકો વાંચવામાં જ જીંદગી લગભગ પૂરી થઈ જાય, પછી આચરવું કયારે ? માટે કૃપા કરીને દશ વીસ શ્લોકમાં જ અઢારે પુરાણનો સાર અમને સમજાવી દો –વ્યાસજી કહે છે કે આટલાં દશ વીશ શ્લોકમાંયે શા માટે સમજાવવું પડે ? તમારે અઢાર પુરાણનો સાર જીવનમાં આચરવો જ હોય તો માત્ર અર્ધા શ્લોકમાં સમજાવી દઉં ! શિષ્ય કહે છે, તો તો પ્રભુ આપની અસીમ કૃપા ! હવે અઢાર પુરાણનો સાર માત્ર અરધા શ્લોકમાં સમજાવતા વ્યાસજી કહે છે.

अष्टादशपुराणेषु व्यासस्य वचनं द्वयम् ।
परोपकारः पुन्याय पापाय परपीडनम् ॥

અઢાર પુરાણનાં સારરૂપે વ્યાસજીનાં બે વચનો છે. પરોપકાર જેવું દુનિયામાં કોઈ મહાન પુણ્ય નથી અને પરપીડન જેવું કોઈ પાપ નથી. અનાદિથી જીવ પરપીડનમાં પડયો છે. તેમાં દારૂણ દુઃખ ભોગવતો આવ્યો છે. પોતાને સુખી થવું છે, પણ બીજાને પીડા આપવી છે. કયાંથી સુખ મળવાનું છે ?

પુણ્યોદયથી સુખી થવાય છે અને પુણ્ય ઉપાર્જન કરવા પરોપકારાદિનાં કાર્યો કરવા જોઈએ. છેવટે બીજા કોઈને પીડા તો ન જ પહોંચાડવી જોઈએ.

શ્રી ભદ્રબાહુ સ્વામી સ્પષ્ટતયા આચારાંગ સૂત્રની નિર્યુક્તિમાં ફરમાવે છે કે :

"सायं गवेसमाणा परस्स दुक्खं उदीरंति ।

પોતાના માટે શાતાની ગવેષણા કરનારાં અનેકોને અશાતા ઉત્પન્ન કરતા હોય છે. તેમાં પછી છએ છ કાયના જીવોનું ઘાણ વાળી નાખે છે. જરાક પોતાનાથી ગરમી સહન ન થાય એટલે તરત પંખો ચાલુ કરે—અથવા નળની નીચે ન્હાવા બેસી જાય. તેમાં એમ ન વિચારે કે આ મારા નજીવા શાતાના સુખ માટે કેટલાય વાયુકાય અને અપ્કાયના જીવોની વિરાધના થઈ જાય છે. શરીરને પુષ્ટ બનાવવા કેટલાંકો ઈંડા જેવી અભક્ષ વસ્તુઓનું પણ ભક્ષણ કરતાં થઈ જાય છે, પણ તેમાં એમ ન વિચારે કે મારા શરીરનાં ક્ષણિક સુખ માટે હું આ શા માટે અનેક જીવોને ત્રાસ પમાડી રહ્યો છું ? બીજાને અશાતા પમાડનારા કોઈ ભવે શાતા નહિ પામે.

અરણ્ય રૂદન

परपीडेह सूक्ष्मापि, वर्जनीया प्रयत्नतः ।

પૂ. હરિભદ્રસૂરિ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં ફરમાવે છે કે :

સૂક્ષ્મ એવી પણ પરપીડાનો પ્રયત્નપૂર્વ પરિત્યાગ કરવો જોઈએ. આવી વાતો આજે ઉચ્ચારવી કોના સમક્ષ ? આજે તો ભારત જેવા દેશમાં ચોમેર એકલી સંહારલીલા ચાલી

રહી છે. બિચારા નિરાધાર અને મુંગા પ્રાણીઓનું આજે કોઇ ધણી નથી. અમે આવી વાતો પાટ ઉપર ઉચ્ચારીએ એ અમારૂં એક પ્રકારનું અરણ્યરૂદન છે. મંગલમય વાણી ઉચ્ચારવામાં આવે છે, પણ ઝીલનારાં નથી. જો કે સંભળાવનારને એકાંતે લાભ છે. પણ ઝીલનારાં હોય તો ઘણા મોટાં લાભનું કારણ થાય. નિર્દોષ પશુઓનાં સંહારની વાત સાંભળીએ ત્યારે અંદરથી હૃદય કંપી ઉઠે છે. અને સરકાર પણ પરદેશમાંથી હુંડિયામણ મેળવવા એ સંહારલીલાને ઉત્તેજન આપે જ જાય છે. ખરેખર ! જ્યાં રક્ષક ભક્ષક બને ત્યાં એ બિચારાં નિર્દોષ મુંગા પશુઓ કોની સમક્ષ ફરિયાદ નોંધાવે ? સંહાર અટકાવવા દરેક મનુષ્યોએ યથાશક્તિ પોતાનાથી બનતો ભોગ આપવો જોઈએ.

જ્ઞાનીઓ તો ફરમાવે છે કે પ્રાણને ભોગે પણ અન્ય જીવોની રક્ષા કરવી જોઈએ. સંસારમાં સુખ ઉતારવું છે પણ આ સંહાર ચાલુ છે ત્યાં સુધી સુખ કયાંથી ઉતરી આવવાનું છે ? રોજીંદા હજારોની સંખ્યામાં પશુઓ કપાય છે તેના નિઃસાસા આ દેશને નહિ લાગતા હોય ? સુખનું સ્વર્ગ નીચે ઉતારવું હોય તો દરેકને શાન્તિથી જીવવા તો દો ! આપણે કોઈને પ્રાણ આપી શકતા નથી તો કોઈનાં પ્રાણ લેવાનો આપણને શો અધિકાર છે ? આપણા તરફથી સૌ જીવોને અભયદાન મળવું જોઈએ. અન્ય જીવો પ્રતિની સુક્ષ્મ એવી પણ પરપીડાનો ત્યાગ કરવો. આટલામાંતો પૂ. હરિભદ્રસૂરિએ ઘણું કહી નાખ્યું છે.

ધોરી નસ

પૂ. વીરવિજયજી મહારાજ પૂજાની ઢાળમાં કહે છે કે,

"પ્રાણ જાયે એહવી વાક કેને ન કહીયે રે"
"આવો આવો જશોદાના કંત અમ ઘર આવો રે"

સામા માણસનાં દિલને આઘાત લાગે તેવા કટુ વચનો પણ કોઈને નહિ કહેવા જોઈએ. ત્યાં કોઈને હણવાની તો વાત જ ક્યાં રહી. સામા માણસની લાગણી દુભાય તેવા વચન કહેવા એ પણ એક પ્રકારની વાચિક હિંસા છે અને કોઇનું મનથી પણ ખરાબ ચિંતવવું એ માનસિક હિંસા છે. આ સમજણ એ જ જૈન દર્શનની ધોરી નસ છે–સામાના દોષોનો પણ ખ્યાલ એવી રીતે સુમધુર ભાષામાં આપવો જોઈએ કે તે જીવ હળુકર્મી હોય તો સુધરી જાય. છેવટે અધર્મ તો ન જ પામે. કોઇને કાંઈ કહેવું હોય તો કહેવાની પણ રીત હોય છે.

જ્ઞાનની સર્વારાધકતા

વ્યાસજીએ અને હરિભદ્રસૂરિએ અર્ધા અર્ધા શ્લોકમાં તો ઘણું કહી નાખ્યું છે. વિશ્વમાં જ્ઞાન અને જ્ઞાનીની બલિહારી છે. મોક્ષમાર્ગમાં પણ જ્ઞાન એ સર્વારાધક છે, તો ક્રિયા એ દેશારાધક છે. ક્રિયાની અમુક કાળ મર્યાદા છે. જેમ સામાયિકનો કાળ બે ઘડીનો છે, તેમ પૌષધનો પણ અમુક કાળ છે. ચાર પ્રહરનો અથવા આઠ પ્રહરનો પણ અમુક કાળતો નક્કી જ છે. તેટલોકાળ પૂરો થાય કે તરત સામાયિક કે પૌષધ પારવાનું દિલ થઈ જાય. એટલા માટે ક્રિયા દેશારાધક છે. જ્યારે જ્ઞાનનેતેવી કાળમર્યાદા નથી. જીવ પોતાના જ્ઞાન સ્વભાવમાં નિરંતર રમણતા કરી શકે છે પછી વન વગડામાં કે કોઈ પર્વતની ગિરિકંદરામાં બેઠેલો હોય ? જ્યાં બેઠો હોય ત્યાં જ્ઞાન સ્વભાવમાં રમણતા કરી શકે છે. જેમ દ્રવ્ય સામાયિકમાં પ્રતિજ્ઞાથી બદ્ધ થયા પણ ભાવ સામાયિકમાં આત્માને રાખવો હોય તો સદા કાળ માટે રાખી શકાય છે. સામાયિકનો અમુક કાળ ખરો, પણ સમતા ભાવમાં આત્મને રાખવો હોય તો તેનો કોઇ કાળ નથી. જો કે જીવનાં અધ્યવસાય તો બદલાયા જ કરે છે, પણ અભ્યાસના બળે જીવને

સમતા ભાવમાં સ્થિત બનાવી શકાય છે. અને સામાયિક પણ સમતા ભાવની પ્રાપ્તિ માટે જ છે. નિશ્ચયથી તો આત્મા એ જ સામાયિક છે. ભાવ સામાયિકની પ્રાપ્તિ માટે દ્રવ્યસામાયિક છે. ભાવ સામાયિકનાં લક્ષે દ્રવ્ય સામાયિક થાય તો જ જીવનમાં સમતા આવે. બે ઘડીનો કાળ પૂરો થાય એટલે સામાયિક પાળી લેવાય છે. પણ સમતા ભાવનાં સંસ્કાર રહી જવા જોઈએ.

ફરી પાછા મૂળ સ્વરૂપમાં

સામાયિક કરીને ઘેર આવે હજી બે પાંચ મીનીટ ન થઈ હોય ત્યાં સાસુ વહુ વચ્ચે ઘણીવાર કજીયો થઈ જાય છે. ત્યાં કહેવું પડે કે સામાયિક કરી આવ્યા પણ સમતા ત્યાં ઉપાશ્રયમાં જ મૂકતા આવ્યા. આ કથન એક સાસુ વહુ માટે નહિ પણ દરેક માટે સમજવાનું છે. વર્ષોથી ધર્મ કરતા હોઈએ અને જીવનમાં સમતા ન આવે એ એમ સૂચવે છે કે ધર્મ ધર્મની રીતે થતો નથી. ઉપાશ્રયમાં સામાયિક પાળીને કટાસણા અને ચરવળાને ઘણાં ખીંટીએ ટીંગાડે છે. ભેગેભેગી સમતાને પણ ખીંટીએ ટીંગાડી દેતાં લાગે છે. સામાયિક પાળીને જેવા ઘેર ગયા હોય ને વહુમાંથી કે નોકરમાંથી કોકે થોડીક ભૂલ કરી હોય ત્યાં તેની ઉપર વીજળીની જેમ તૂટી પડે. તરત જ મૂળ સ્વરૂપમાં આવી જાય. એ જ એમ સૂચવે છે કે ઉપાશ્રયમાંથી સામાયિક કરીને ઘેર આવનારાં સમતાને ત્યાંજ મૂકતા આવે છે. નહિતો તો કોકે ભૂલ કરી હોય તો શું તેને કાંઇ કહેવું હોય તો શાન્તિથી ન કહી શકાય.

સમતામાં રહેવા માટે સામાયિક કરવાની છે. સામાયિક તે માટેનો અભ્યાસ છે—ત્રસ હોય કે સ્થાવર હોય, શત્રુ હોય કે મિત્ર હોય સર્વ જીવો પ્રતિનો જે સરખો સમભાવ તેને કેવળી ભગવંતોનાં શાશનમાં સામાયિક કહેવામાં આવે છે. કોઈ પણ

આત્મા પ્રતિ મનમાં રોષ ન રહે અને સર્વ જીવો પ્રતિ મનમાં સમભાવ આવી જાય તે જ સામાયિક છે. સમતાની આત્મામાં આવક થાય એ જ સામાયિકનો સ્પષ્ટ અર્થ છે. ઘરમાં દિકરી હોય કે વહુ હોય, ભણેલો દિકરો હોય કે અભણ હોય, કમાવનારો દિકરો હોય કે ઘરમાં બેસીને ખાનારો હોય બધાં ઉપર સમદૃષ્ટિ તે જ સામાયિક છે.

કષાયોનો નિરોધ એ પણ અપૂર્વ સિદ્ધિ

વિવેક કરવો પણ મનમા એક પ્રતિ રાગ ન જોઈએ. અને બીજા પ્રતિ દ્વેષ ન જોઈએ. કદાચ રાગદ્વેષ રહેતા હોય તો તેમા તીવ્રતા ન રહેવી જોઇએ. જેમ જેમ સાધનાના માર્ગમાં આગળ ધપતા જઇએ તેમ તેમ અંદરના અભ્યંતર શત્રુ નબળા પડવા જોઈએ. આ કાળે વીતરાગ ચારિત્ર નથી. સરાગ ચારિત્ર છે. પણ અંદરના શત્રુઓને નબળા પાડી શકાય છે. સરાગ ચરિત્રમાં સર્વથા કષાય રહિતપણું નથી હોતું પણ ઉદયમાં આવતા કષાયોનો નિરોધ જરૂર કરી શકાય છે અને એ પણ કાંઈ જેવી તેવી સિદ્ધિ નથી. મહાન સિદ્ધિ છે. સાધ્યના લક્ષે આ કાળમાં પણ ધર્મ ક્રિયાઓ થાય તો અંદરના શત્રુઓ નબળા તે જરૂર પડે! જેમ અંદરના રાગદ્વેષાદિનું બળ તૂટે તેમ આત્માનું બળ વધે છે.

સ્વભાવદશાનું પરિણમન

જ્ઞાનની સર્વારાધકતા એટલા માટે છે કે આત્મા ધારે તો પોતાના જ્ઞાન સ્વભાવમાં સદા રમણતા કરી શકે છે—આત્માને તમારે રમાડવો જ છે તો જ્ઞાન સ્વભાવમાં રમાડો! પરભાવમાં શા માટે ભમાડો છો? ઉત્તરોત્તર આત્મામાં શુભ અધ્યવસાય લાવવા તેને જ સ્વભાવની રમણતા કહેવામાં આવે છે. અધ્યવસાય તો બદલાયા કરે પણ શુભની ધારા ન તૂટવી જોઈએ.

સાધકદશામાં વચમાં કચારેક અશુભ ભાવો આવી જાય તો તેને જાગૃતિપૂર્વક હઠાવી દેવા જોઈએ. મૃત્યુ પામેલાં કોઈ પણ પ્રાણીને જેમ ઘરમાં રાખતા નથી તેમ અશુભ ભાવોને પણ મનમાં નહિ રાખવા જોઇએ–શુભની સંતતિ (પરંપરા) જળવાઈ રહેવી જોઈએ.

વિમાનમાં કે મોટરમાં બેસીને મુસાફરીએ નીકળેલો મનુષ્ય પણ પોતાના જ્ઞાન સ્વભાવમાં અંદરની સંપૂર્ણ જાગૃતિ હોય તો પરિણમન કરી શકે છે. કારણ કે જ્ઞાન અને આત્મા બન્ને જુદા નથી. અભિન્ન છે. જ્ઞાન એ જ જીવનો સ્વભાવ છે. રાગમાં જીવ પરિણમે એ જીવનો સ્વભાવ નથી વિભાવ છે. પણ જીવ મોટે ભાગે વિભાવમાં જ પરિણમતો હોવાથી જાણે વિભાવને જ પોતાનો સ્વભાવ માની લીધો છે. સદ્‌ગુરુનાં સમાગમે જીવને પોતાનો સ્વભાવ સમજાય છે જ્ઞાન સ્વભાવમાં પરિણમનની પરંપરા એજ જ્ઞાનની સર્વારાધકતા છે. સુવર્ણમાંથી જેટલી વસ્તુઓ બને તે બધી સુવર્ણમય જ હોય પછી ભલે કુંડળ બને કંકણ બને, કે કડાં બને તેમ જ્ઞાનીનાં અંદરના ભાવ પણ જ્ઞાનમય જ હોય. ભલે અંદરના ભાવો બદલાયા કરે પણ જ્ઞાની બનતા સુધી શુભમાંથી અશુભમાં ન જાય. પોતાના અપરાધીનું પણ એ મનથી બરાબ ન ચિંતવે.

લોહમાંથી જેટલી વસ્તુઓ બને તે બધી જેમ લોહમય હોય તેમ અજ્ઞાનીનાં અંદરનાં ભાવો અજ્ઞાનમય હોય. જરા પોતાની ઉપર દુઃખ પડે કે દોષ બીજાને આપે. નિમિત્ત ઉપર જ ઓઢાડે, અરે! ફલાણાએ મારૂં નિકંદન કાઢી નાંખ્યું; ફલાણો તો મારી પાછળ જ પડ્યો છે. એનાથી તો હું હેરાન હેરાન થઈ ગયો. આ સ્વરૂપે પરિણમન ચાલ્યા કરે તેમાં શુભભાવો કયાંથી પ્રગટે? એ તો પ્રગટે આખી અંદરની દૃષ્ટિ પલ્ટાય ત્યારે.

દુઃખનાં પ્રસંગે પણ જ્ઞાની બીજા કોઇને દોષ ન આપતાં પોતાના કર્મોદયનો વિચાર કરે છે અને છેલ્લે તો કર્મને પણ દોષ ન આપતાં પોતાના આત્માને દોષ આપે છે, અને વિચારે છે કે કર્મ બિચારા શું કરે? તેને બાંધનારો તો હું પોતે છું. માટે મારો આત્મા જ દોષિત છે.

લક્ષ્મી ચાલી જાય તો પણ જ્ઞાનીને આર્તધ્યાન ન થાય. એ સમયે પણ જ્ઞાનીનું પરિણમન જ્ઞાનમય હોય. લક્ષ્મી ચાલી જાય તેમાં નવાઈ શી છે, લક્ષ્મી સ્વભાવે ચપળા છે આને જ જ્ઞાનમય પરિણમન કહેવાય. ઈષ્ટનો વિયોગ થાય ત્યારે પણ જ્ઞાની શોક ન ધરે અને વિચારે કે જેનો સંયોગ તેનો વિયોગ છે જ. શોક શા માટે કરવો પડે. સયોગ અને વિયોગ એતો અનાદિની ઘટમાળ છે. પદાર્થ માત્રની અનિત્યતા વિચારે. સંસારની અશરણમયતા વિચારે એટલે જ્ઞાનીને શોક ન થાય. અજ્ઞાની જ્યાં માથા પછાડે ત્યાં જ્ઞાની હાથ પણ ન પછાડે વસ્તુગતે જ્યાં વસ્તુને જાણી લીધી હોય ત્યાં જ્ઞાનીને હર્ષ પણ શેનો હોય અને શોક પણ શેનો હોય. માટે તમે પણ અંતરમાં જાગૃતિ એવી કેળવો કે શુભની પરંપરા તૂટી ન જાય અને અખંડપણે જળવાઈ રહે અને પરંપરાએ શુભ ભાવોની પ્રકૃષ્ટતા થતાં આત્મામાં શુદ્ધતા પ્રગટી જાય. શુભ જ પરંપરાએ શુદ્ધિનું કારણ બને છે. બસ સાધનાની આ જ બરી પગદંડી છે. બીજી લાઈને જે ચડી ગયા તો ફરી પાછા ઘોરી માર્ગ પર આવતાં જુગનાં જુગ વિતિ જશે છતાં માર્ગ હાથમાં આવશે નહિ.

જ્ઞાનીની બલિહારી

જ્ઞાની કહેવાતા પણ કયારેક માર્ગ ચૂકી જાય છે છતાં સમ્યગ્જ્ઞાની ફરી પાછાં માર્ગ ઉપર આવી જાય છે. એકવાર સમ્યક્ત્વના પરિણામને પામેલો જ્ઞાની પુરુષ કદાચ માર્ગથી દૂર

પણ ફેંકાઈ ગયો હોય છતાં છેવટે અર્ધપુદ્ગલપરાવર્ત જેટલા કાળમાં જ્ઞાની પુરુષ ફરી પાછો મૂળ માર્ગ ઉપર આવીને ઊભો રહે છે. દોરાથી પરોવાયેલી સોય ખોવાતી નથી અને કદાચ ખોવાઈ પણ જાય તો પણ પાછી જડી જાય છે. જ્ઞાની પુરુષને પણ દોરાવાળી સોયની ઉપમા છે. જ્ઞાની માર્ગ ઉપર હોય છે. કદાચ કચારેક કોઈ તથા પ્રકારનાં કર્મનાં ઉદયે માર્ગથી ભ્રષ્ટ પણ થઈ જાય તો પણ હમણાં જ ઉપર વર્ણવી ગયા તેટલા કાળમાં તો જ્ઞાની જરૂર માર્ગ ઉપર આવી જાય છે અને તેને કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ પડતો નથી. તેટલો કાળ પણ વધારેમાં વધારે છે. વીંધેલા મોતીને ફરી વીંધવું ન પડે. કદાચ તેમાં કચરો પણ ભરાઈ જાય છતાં વીંધાવવું ન પડે. તેમ જ્ઞાની માર્ગથી ચલિત પણ થઈ જાય છતાં તેનામાં એવી ઉંચી પાત્રતા હોય છે કે અંતે અમુક કાળમાં તો તે મોક્ષ પદને પામી જાય છે.

અન્ય બૌદ્ધ દર્શનવાળા પણ જ્ઞાન સહિતની ક્રિયાને સુવર્ણઘટ સમાન કહે છે. સુવર્ણઘટ કદાચ ભાંગી પણ જાય તો પણ તેના સુવર્ણભાવને ન છોડે તેમ જ્ઞાની પડવાઈ પણ થઈ જાય છતાં તેનાં અંદરનાં અધ્યવસાય એટલા બધાં તીવ્ર સંક્લેશવાળા થતા નથી કે જેથી અંતઃકોટાકોટી સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ તેને પડે! જ્ઞાની સમ્યક્જ્ઞાન સહિતની ક્રિયાથી પડી પણ જાય તો પણ તેને કર્મની અધિક સ્થિતિનો બંધ પડતો નથી સુવર્ણઘટ ભાંગે તો પણ સોના તરીકેની તો તેની કિંમત ઉપજે જ, જ્યારે માટીનો ઘટ ભાંગી જાય તો તેની શું કિંમત આવે તેમ અજ્ઞાની માર્ગથી ચ્યુત થઈ જાય તો તેની કશી કિંમત અંકાવવાની નથી તે તો ક્રિયા કરીને પણ અનંતકાળ રખડવાનો છે અભવિ ગમે તેટલી ક્રિયા કરે છતાં રખડે જ છે ને? જ્યારે જ્ઞાનદશાનું ખરૂં મૂલ્યાંકન એ જ છે કે મોડો કે વહેલો જ્ઞાની શિવસુખને સાધે જ છે.

દૃષ્ટાન્ત

નંદિષેણ મહર્ષિના દ્રષ્ટાંતથી આ આખીએ ઘટના ખૂબ સારી રીતે સમજી શકાશે. અઘરામાં અઘરા વિષયને પણ દ્રષ્ટાંતથી ઘણી સહેલાઇથી સમજી શકાય છે.

નંદિષેણ પૂર્વાવસ્થામાં રાજગૃહી નગરમાં શ્રેણિક મહારાજાના પુત્ર હતા. પાંચસો મહારાણીઓ સાથે તેમને પરણાવવામાં આવ્યા હતા. પ્રબળ પુણ્યનો ઉદયકાળ વર્તતો હતો. પૌદ્ગલિક સુખ ભોગવવા અંગેના બધા સંયોગો તેમને સાનુકૂળ હતા. એકલી અંબના કરે સંસારિક બધી સાનુકુળતાઓ મળતી નથી. સાનુકુળતાઓ મળી આવવી તેમાં પુણ્યોદય પ્રબળ કારણરૂપ છે. નંદિષેણ તીવ્ર પુણ્યોદયવાળા હતા.

એકવાર રાજગૃહી નગરીની બહાર ઉદ્યાનમાં વીર ભગવાનને સમવસરેલાં જાણીને નંદિષેણકુમાર વંદન કરવા બહાર ઉદ્યાનમાં જાય છે. ભગવાનની દિવ્ય વાણી સાંભળતા નંદિષેણ પ્રતિબોધને પામે છે અને પોતાના મનની અમુક શંકાઓનું સમાધાન થઇ જતાં તરત જ ભગવાનની સમીપે દીક્ષા અંગીકાર કરવાની પોતાની ભાવના વ્યક્ત કરે છે. હજી તો ભગવાનનો સમાગમ થયો ત્યાં તો એક ક્ષણવારમાં આખા સંસાર ઉપરનો મોહ ઉતરી ગયો. ભગવાનની વાણીએ નંદિષેણના આત્મા ઉપર કોઈ એવો તો જાદુ કર્યો કે પાંચસો અપ્સરા જેવી સ્ત્રીઓ ઉપરની પણ મમતા એક પળવારમાં ઉતરી ગઇ અને દીક્ષા લેવાને તૈયાર થઇ ગયા.

તમે આટઆટલા વ્યાખ્યાનો સાંભળો છો, પણ તમારાથી એકાદ ઉપરની એ મમતા મૂકાતી નથી. કદાચ એક ઘડાકે વસ્તુ ન મૂકી શકાય પણ તેના ઉપરની મમતા છોડી શકાય છે. મમતા છુટે અને સમત્વ આવે એટલે છેલ્લે સમાધિ સુલભ બની જાય.

અનેરો ઉત્સાહ

નંદિષેણ ભગવાનને વિનંતી કરવા પૂર્વક કહે છે કે હે ત્રિલોકના નાથ, પ્રભુ દીક્ષા આપવા વડે કરીને મારા આત્માનો આપ ઉદ્ધાર કરો. પ્રભુ, કહે છે, હે વત્સ ! તારે ભોગાવળી કર્મ ભોગવવાના બાકી છે. માટે હમણાં તું દીક્ષાનો આગ્રહ ન રાખ, એજ સમયે આકાશવાણી પણ થાય છે કે હે નંદિષેણ ! તમારે હજી ભોગ કર્મ ભોગવવાના ઘણાં બાકી છે માટે દીક્ષાની ઉતાવળ ન કરો : એ એવી આકાશમાંથી દિવ્યવાણી થાય છે, છતાં નંદિષેણ મનને દ્રઢ કરીને ભગવાનના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરે છે અને ભગવંતે પણ ભાવિ અન્યથા ન થાય એમ જાણીને દીક્ષા આપી. નંદિષેણ એ સમયે એટલા બધા ઉત્સાહમાં હતા કે ખુદ ભગવાને તેમના ભોગાવલી કર્મ અંગેનો ઉલ્લેખ કર્યો છતાં ભાવનાથી ચલિત થયા નથી.

દીક્ષા આપીને ભગવાન નંદિષેણ મુનિને સ્થવિર મુનિ ભગવંતોને સોંપે છે. નંદિષેણ મુનિ જ્ઞાન અને ધ્યાનની સાધનામાં એટલા બધા નિમગ્ન બને છે કે થોડાક જ સમયમાં દશ પૂર્વના અભ્યાસી જાની જાય છે. તપમાં પણ ઉત્કટપણે વીર્ય ફોરવે છે. છઠ્ઠ અઠ્ઠમાદિ અતિ દુષ્કર તપના પ્રભાવે તેઓ અનેક લબ્ધિઓથી સંપન્ન બને છે. તપના પ્રભાવે જ લબ્ધિઓ પ્રગટે છે. તપના પ્રભાવે લબ્ધિઓ પ્રગટે પણ પ્રગટેલી લબ્ધિઓ જીરવાવવી જોઈએ. જીવનમાં પચાવવું એ સહેલી વાત નથી. આજે તેવા કોઈ લબ્ધિસંપન્ન દેખતા નથી. પણ આ કાળના જીવોમાં જીરવવાની એ કયાં તાકાત છે ? પૂર્વકાળના પુરુષો તો મેરૂ સમધીર અને સાગર સમ ગંભીર હતા. શાસન રક્ષાના કાર્યમાં જ તેઓ શક્તિ ફોરવનારા હતા.

દૃષ્ટિરાગની ઝરી વ્યાખ્યા

વ્યક્તિ પ્રભાવનામાં પડી જનારા તે પુરુષો ન હતા. કેવળ શાસન રક્ષાના કાર્યમા જ પોતાનું સર્વસ્વ સમર્પણ કરનારા તે પુરુષો હતા. જે કોઈ તેમના પરિચયમાં આવે તેને પણ શાસન-રાગી બનાવન રા તે પુરુષો હતા, નહિ કે વ્યક્તિરાગી બનાવ-નારા—વ્યક્તિ રાગમાંથી દૃષ્ટિરાગ જન્મે છે અને દૃષ્ટિરાગે તો આ કાળમા દાટ વાળ્યો છે. કુદર્શન પ્રત્યેનો રાગ જેમ દૃષ્ટિ-રાગ છે તેમ એકાદ વ્યક્તિ પ્રત્યેનો રાગ તે પણ દૃષ્ટિરાગ જ છે. આજે આ પડતા કાળમાં ઘણા એવા શ્રાવકો છે કે જેમને અમુક જ સમુદાયના સાધુ માન્ય હોય છે. બીજા સમુદાયના સાધુઓનું વ્યાખ્યાન સાંભળતા પણ તેમને મિથ્યાત્વ લાગી જાય છે. આ હડહડતો દૃષ્ટિરાગ નહિ તો બીજું શું છે? માર્ગમાં સ્થિત દરેક મહાપુરૂષોને સાંભળવા જોઈએ, દરેક મહાપુરુષોનું ક્ષયોપશમ ભિન્ન હોય છે. મહાપુરુષોને સાંભળવાથી સમ્યક્ત્વ ગુણની પુષ્ટિ થાય છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે કામરાગ અને સ્નેહરાગને સહેલાઈથી નિવારી શકાય છે, જ્યારે પાપી એવો દૃષ્ટિરાગ સજ્જનો માટે પણ દુરુચ્છેદ છે. જેમાં એ રાગ બંધાઈ જાય તે નિર્ગુણી હોય તો તેને દૃષ્ટિરાગી ગુણી માની લે અને મહાન ગુણી કહેવાતા પુરુષોને પણ નિર્ગુણી માની લે. દૃષ્ટિરાગની આજ ઝરી વ્યાખ્યા છે. મૂઢ જીવો તો દૃષ્ટિરાગના પોષણને જ સમકિત માની લેતા હોય છે સ્યાદ્વાદની રીતે વસ્તુ તત્વની વિચારણા કરનારા અને દરેક મહાપુરૂષોને સમ-દૃષ્ટિથી ભજનારા આ કાળમાં વિરલા છે. સમકિત એતો આત્માના પરિણામની વસ્તુ છે. આત્મા અરૂપી છે તેમ તેના ગુણ પણ અરૂપી છે જ્ઞાનગુણની જેમ સમકિત એ પણ આત્માનો મહાન

ગુણ છે. આત્મા સમ્યકશ્રદ્ધાનથી ભ્રષ્ટ થાય ત્યારે જ તે સમ્યકત્વના પરિણામથી ચ્યુત થાય છે.

કર્મસત્તા દૃઢ નિરધારને નિરાધાર બનાવી દે

મૂળ વાત ઉપર આવીએ. આ બાજુ તપના પ્રભાવથી નંદિષેણ મુનિને અનેક લબ્ધિઓ તો પ્રગટ થઈ પણ બીજી બાજુ ભોગાવલીકર્મના લીધે કામવાસના પણ તેમનામાં તીવ્રપણે વૃદ્ધિને પામતી જાય છે. નંદિષેણ મુનિને એ બાબતનો પણ મનમાં પૂરેપૂરો ખ્યાલ છે કે ભગવાને નિષેધ કર્યો હોવા છતાં મેં સંયમ અંગીકાર કર્યો છે. એટલે કામવાસના ઉપર વિજય મેળવવા પોતાની બનતા બધા પ્રયાસો કરે છે. એમણે દૃઢ નિરધાર કર્યો છે કે મેં અંગીકાર કરેલા વ્રતનો ભંગ નહિં થવો જોઈએ, છતાં કર્મોદય વસ્તુ એવી છે કે કેટલીકવાર ભલ ભલાના દૃઢ નિરધારને પણ નિરાધાર બનાવી દે છે. નંદિષેણ ઉગ્રપણે તપ તો તપી જ રહ્યા છે, પણ તેમણે લીધેલા વ્રતનો ભંગ કોઈપણ સંયોગોમાં ન થવો જોઈએ. તે માટે આત્મઘાત કરવાના પણ તેમણે અનેક પ્રયાસો કર્યા પણ એ બધા પ્રયાસોને શાસન દેવતાએ નિષ્ફળ બનાવી દીધા?

આત્મઘાત એ દુઃખ મુક્તિનો ઉપાય નથી

એકવાર તો પર્વત ઉપરથી ઝંપાપાત કરવાનો પ્રયાસ કર્યો શાશનદેવે તેમને અદ્ધરથી ઝીલી લીધા અને કહ્યું કે હે! મુનિ આ પ્રમાણે આત્મઘાત કરવાથી શું નિકાચિત કર્મનો ક્ષય થશે? કોઈ કાળે નહિ. થાય, માટે આવા વિચારોથી નિવૃત્ત થાઓ. આત્મઘાત એ કર્મક્ષયનો ઉપાય નથી. ઉદયમાં આવેલાં ભોગાવલી કર્મો તીર્થંકર જેવા મહાપુરુષોને પણ ભોગવવા પડયા છે. કેટલાક નિકાચિત કર્મો એવા હોય છે કે જેનો ભોગવટો કર્યા વિના તે

કર્મોનો ક્ષય થતો નથી. આત્મઘાત કરવાથી તો ઉલ્ટા નવા કર્મો બંધાય છે. આત્મઘાત એ છુટવાનો ઉપાય નથી. આ કાળમાં કેટલાક બ્હેનો દુઃખમાંથી છુટવા આત્મઘાત કરી નાખે છે, પણ તેમને આ વાત બરાબર મગજમાં બેસાડી લેવી કે આત્મઘાત એ દુઃખમુકિતનો ઉપાય નથી. દુઃખમુકિતનો ખરો ઉપાય જ્ઞાનદર્શન અને ચારિત્ર છે. આત્મઘાત કરતા તો ઘણા કરી લે પણ પાછળથી મનમાં આર્તધ્યાન એવું થઈ જાય કે પરલોક બગડ્યા વિના રહે નહિ. એક ભવ બગડતા તો ભવોના ભવ બગડી જાય. જોકે નંદિષેણ મુનિનું ધ્યેય તો ચારિત્રની રક્ષા માટેનું હતું પણ શાસનદેવે તેમને તેમ કરતા અટકાવી દીધા.

ધર્મલાભ ને સામેથી અર્થલાભ

એકવાર નંદિષેણ મુનિ છઠ્ઠના પારણે ભિક્ષા નિમિત્તે રાજગૃહી નગરીમાં પરિભ્રમણ કરી રહ્યા છે. ઉંચ કે નીચ કુળોનો ભેદ મનમાં રાખ્યા વિના ઘેર ઘેર ભિક્ષા નિમિત્તે ભમી રહ્યા હતા. એટલામાં એક ઉંચા ભવ્ય પ્રાસાદમાં ભિક્ષા નિમિત્તે દાખલ થાય છે અને દાખલ થતા વેંત મુખમાંથી ધર્મલાભ એવા મહા મંગલકારી વચનો ઉચ્ચારે છે. મુનિ ગૃહસ્થના ઘેર માધુકરી નિમિત્તે જાય એટલે ધર્મલાભ આપ્યા વિના સીધે સીધા દાખલ ન થઈ જાય. ગૃહસ્થો કેવી સ્થિતિમાં બેઠા હોય, કેવી સ્થિતિમાં ન બેઠા હોય–ધર્મલાભ આપે એટલે સૌ સજાગ બની જાય. નંદિષેણ મુનિએ જેવો ધર્મલાભ આપ્યો તેવો જ સામેથી અર્થલાભ એવો અવાજ આવ્યો. મુનિ ઘડીભરને માટે ચોંકી ગયા અને વિચારમાં પડી ગયા કે આ રીતે સામેથી હજી સુધીમાં કયારે પણ અર્થલાભ એવો અવાજ કોઇએ કર્યો નથી. આ હું કોના ઘરમાં દાખલ થયો છું ? ત્યાંતો ખ્યાલ

આવી ગયો કે આ ઘર તો વેશ્યાનું છે– વેશ્યા ઘરમાંથી બહાર આવીને કહે છે. મુનિ ! અહિં કયાં ભૂલા પડયાં ? અહિં તો અર્થનું કામ છે, ધર્મલાભનું અહિં કાંઈ કામ નથી.

એ વચન સાંભળતાં જ મુનિને પોતાની લબ્ધિ ફોરવવા અંગેનું મનમાં અભિમાન આવી જાય છે—અને વેશ્યાના ઘરનું એક તરણું ખેંચીને પોતાના તપની લબ્ધિના પ્રભાવે ત્યાંને ત્યાં સાડાબાર ક્રોડ સોનૈયા વરસાવ્યા. નંદિષેણ મુનિ વેશ્યાને કહે છે કે ધર્મલાભનો તારે બદલે નથી તો આ અર્થલાભને તું ગ્રહણ કર; એમ કહીને મુનિ પાછાં વળી જતાં હતાં તેટલામાં ગણિકા તેમની આગળ આવીને ઊભી રહી અને મુનિને કહેવા લાગી આટલા બધા ધનને હું શું કરું ? આ દ્રવ્ય તમે ગાડાં અને ઉંટ ભરીને અહિંથી તમારા સ્થાને લઈ જાઓ. અમે તો પણ્યાંગના કહેવાઈએ. પુરુષને પ્રસન્ન કરીને તેણે આપેલું દ્રવ્ય ગ્રહણ કરીએ બાકી કાંઈ લઈએ નહિ. એક તો સ્ત્રી જાત અને તેમાં વળી વેશ્યાની જાત એટલે તેને બધાં ચરિત્ર કરતાં આવડે ! આગળ વધીને વેશ્યા કહે છે આ દ્રવ્યને આપ ગ્રહણ કરો અથવા અહિ મારી સાથે રહીને આ દ્રવ્યનો ભોગવટો કરવા પૂર્વક મારી સાથેનાં ભોગસુખને પણ આપ સ્વેચ્છા પૂર્વક ભોગવો ! ફરી આવો સુયોગ મળવો દુર્લભ છે. મારો પણ યૌવનકાળ છે અને આપનો પણ ભરયૌવન કાળ છે. આ અવસ્થા યોગસાધના માટે નથી. માટે મારી સાથે વિષય સુખ ભોગવીને યૌવનને સફળ કરો ! ફરી પાછો આવો અવસર નહિ આવે. કયાં આ તમારી સુકોમળ કાયા અને કયાં આ તપનું કષ્ટ ? બન્નેને કયાંય મેળ નથી. આવા યોગને પામ્યા પછી કોણ એવો મૂર્ખ મનુષ્ય હોય કે જે તપ વડે પોતાના તનનું નાહક શોષણ કરે ?

ભોગાવલીનો ઉદય કાળ

આ પ્રમાણેનાં વેશ્યાનાં કોમળ વચન સાંભળતાં મુનિનું મન અંતરથી ક્ષોભને પામી ગયું અને પોતાના ભોગાવલી કર્મનાં ઉદયને જાણીને તેની સાથે ગૃહવાસ માંડીને રહે છે. તેમાં અહર્નિશ દશને પ્રતિબોધ પમાડ્યા વિના મુખમાં અન્ન તો ઠીક પણ જળ પણ લેતા નથી—નંદિષેણ દેશના લબ્ધિથી સંપન્ન હતાં તેમની ઉપદેશ શક્તિ એવી હતી કે વાણી સાંભળીને હળુકર્મી જીવ ધર્મ પામી જાય. વેશ્યાને ત્યાં આવનારા કેવા હોય? છતાં નંદિષેણની વચન લબ્ધિથી આવનારા ધર્મ પામી જતાં. આ રીતે દરરોજ દશ દશને પ્રતિબોધ પમાડીને વીર ભગવાનનાં વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરાવે છે. આજે ધર્મ સ્થાનકોમાં રહીને અમે તમને પ્રતિબોધ પમાડી શકતા નથી, જ્યારે આ મુનિ વેશ્યાવાડે અનેકોને પ્રતિબોધ પમાડે છે. તમે ધર્મ સ્થાનકોમાં આવનારાઓ ઝટ અમારાથી પ્રતિબોધને પામતા નથી અને આ વેશ્યાને ત્યાં આવનારા પ્રતિબોધ પામી દીક્ષાને અંગીકાર કરે છે તો બાર વર્ષમાં કેટલાને અપાવી હશે? કંઈક મનમાં વિચારો તો ખરા? તમે મારી સામે બેઠેલા કમ—બુદ્ધિશાળી નથી. તમારે તો અમારી સામે બેસીને ડોકાજ ધુણાવવાનાં છે. જ્યારે આ તો કેસરિયા કરી નાખે છે. બાર વર્ષ પર્યંત વેશ્યાને ત્યાં રહીને નંદિષેણે આ રીતે અનેકોને પ્રતિબોધ પમાડેલ છે અને દશને દરરોજ પ્રતિબોધ પમાડવાના પોતાના નિયમનું સાંગોપાંગ રીતે તેમણે પાલન કર્યું છે. આમાંથી સાર એ નીકળે છે કે નંદિષેણ ચારિત્રથી પડ્યા હતા પણ દર્શનથી નહોતાં પડ્યાં.

શાસ્ત્રમાં સ્પષ્ટ પાઠ આવે છે—

" दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं "

" सिज्जंति चरण रहिया दंसणरहिया न सिज्जंति "

દર્શનથી જે ભ્રષ્ટ થયો તે જ ખરો ભ્રષ્ટ છે. કારણ કે દર્શનથી ભ્રષ્ટ થયેલો મોક્ષને પામતો નથી. ચારિત્રથી ભ્રષ્ટ થયેલાં નિર્વાણને પામે છે. પણ દર્શનથી ભ્રષ્ટ થયેલાં અલ્પકાળમાં મોક્ષને પામતા નથી.

વર્તન મલિન પણ દૃષ્ટિ નિર્મળ

ભોગાવલીના ઉદયે નંદિષેણના વર્તનમાં મલિનતા આવી હતી. છતાં તેમની દૃષ્ટિમાં નિર્મળતા એવી ને એવી હતી. અંદરનાં સમ્યક્ત્વના પરિણામ તેમનામાં જળવાઈ રહ્યા હતાં. વર્તનમાં મલિનતા ચલાવી લેવાશે પણ દૃષ્ટિની મલિનતા નહિં ચલાવી લેવાય. કર્મોદયે ચારિત્ર તરતમાં ન પણ લઈ શકાય પણ દૃષ્ટિમાં નિર્મળતા હોવી જોઈએ. 'તે જ સાચું અને નિઃશંક છે કે જે જિન ભગવંતોએ પ્રરૂપેલું છે. નિર્ગ્રંથ, પ્રવચન એજ અર્થરૂપ છે. એ સિવાયનું બાકીનું અનર્થ રૂપ છે. આને જ દર્શનશુદ્ધિ કહેવામાં આવે છે.

એક જ વચને ભોગાવલીનો અંત

નંદિષેણને વેશ્યાને ત્યાં બાર વર્ષ પસાર થયા બાદ એક દિવસ એક અનોખી ઘટના બને છે. જે ઘટનાથી નંદિષેણનો સૂતેલો આત્મા ફરી પાછો જાગૃત થઈ જાય છે. ઘટના એવી બને છે કે દસને પ્રતિબોધ પમાડવાનો તેમનો જે નિયમ હતો તેમાંથી નવને પ્રતિબોધ પમાડી શક્યા પણ દશમો એક સોની તેમને માથાનો મળ્યો. તે કેમે પ્રતિબોધ પામ્યો નહિ. નંદિષેણને સામેથી તેણે કહ્યું કે સંસાર અસાર, સંસારના ભોગ સુખ અસાર એવો બોધ તમે મને આપો છો તો તમે શા માટે

એક ઘડાકે છોડી દેતા નથી. તમે પહેલા એક ઘડાકે મૂકી દો પછી તમારો કરેલો બોધ જરૂર બીજાને લાગશે. તમારે વેશ્યા જેવી આખાયે ગામની એઠવાડ સમી સ્ત્રીની સાથે રહીને સુખ ભોગવવા છે અને બીજાને દીક્ષા અપાવવી છે એ વાત મને કેમે ગળે ઉતરવાની નથી. તેની સાથેની આ રીતની ચર્ચામાં મધ્યાહ્નકાળનો સમય થઈ ગયો. વેશ્યા આવીને કહે છે. નાથ! આ સોની વિષયલંપટ છે. કેમે પ્રતિબોધ નહિ પામે. આપ હવે ઉઠો. ભોજનની વેળા વિતવા આવી છે. બેથી ત્રણ વાર મારે આપના માટે ફરી ફરીને ગરમ રસોઈ બનાવવી પડી છે. આપ ઉઠતા નથી ને રસોઈ ઠરી જાય છે. નંદિષેણ કહે છે આ દશમો નહિ બૂઝે ત્યાં સુધી મારાથી અહીંથી ઉઠાશે નહિ અને હું ભોજન પણ નહિ લઈ શકું. મારા નિયમનો ભંગ થાય તેવું મારે કરવું નથી.

વેશ્યા કહે, નાથ! હજી મેં પણ ભોજન લીધું નથી માટે આપ હવે ઊભા થાઓ અને આપના નિયમનું જ પાલન કરવું હોય તો આ સોનીને તો હું સારી પેઠે ઓળખું છું. એ મારો જૂનો ગ્રાહક છે. માટે નિયમનું જ આપને અડગપણે પાલન કરવું હોય તો હવે આપ જ દસમાં તૈયાર થઈ જાવ. આ વચન સાંભળતા જ નંદિષેણના ભોગાવલીનો જાણે અંત આવી જાય છે અને નંદિષેણ સિંહ કેસરીની જેમ કમર મરડીને બેઠા થઈ જાય છે અને તરત જ ખીંટીએ ટીંગાડી રાખેલો યતિવેશ પુનઃધારણ કરીને વેશ્યાને ધર્મલાભ આપે છે.

રાગભર્યા વચનો

વેશ્યા તો નંદિષેણના મુખથી ધર્મલાભ સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ બની ગઈ અને કરગરીને વિનવવા લાગી. નાથ! મેં તો આપને હસતા હસતા કહ્યું છે કે આપ જ દસમાં તૈયાર થઈ

જાવ આવા એક હાસ્ય અને વિનોદના નિર્દોષ પ્રસંગને આપ આવું ઉગ્ર સ્વરૂપ આપી રહ્યા છો તે કોઈ રીતે વ્યાજબી નથી. આટલા વર્ષો સુધી મારી સાથે રહ્યા બાદ અને પ્રેમની ગાંઠ મજબૂતપણે બંધાયા બાદ આપ હવે મને નિરાધાર મૂકીને ચાલ્યા જાવ છો એ આપને જરાયે શોભતું નથી. નાથ ! પ્રીત બાંધવી સહેલી છે, નભાવવી કઠિન છે. સ્નેહની ગાંઠથી મારું મન આપની સાથે બંધાઇ ગયેલું છે. હું આપનાથી વિખુટી પડવાને ઇચ્છતી નથી અને આપે તો સાધુપણાનો સ્વાંગ વીજળીના ઝબકારાની જેમ એક પળવારમાં સજી લીધો. અને એક આંખના પલકારે આપે મારા પરની માયા ઉતારી નાખી. પણએ બિચારીને એ વાતની ખબર જ કયાં હતી કે જે કર્મે શૂરા હોય તેજ પાછા ધર્મે શૂરા બને છે.

નંદિષેણ વેશ્યાના રાગભર્યા વચનોથી જરાયે ચલિત થતા નથી. વચનો એવા હતા કે ભલભલા યોગીન્દ્રોનું મન ક્ષોભને પામી જાય. છતાં નંદિષેણ પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા અને વિદાય લેતા પહેલા વેશ્યાને ઘણા જ માર્મિક શબ્દોમાં અંતિમ વિદાય સંદેશ આપે છે અને કહે છેઃ મારા ભોગાવલી કર્મનો હવે અંત આવ્યો છે. તેવા કોઇ કર્મોદયને કારણે મારે તારી સાથે આટલા વર્ષો સુધી રહેવું પડયું છે. કેટલાક નિકાચિત કર્મોના ભોગ એવા હોય છે કે ભલભલા મહાપુરુષોને પણ તે ભોગવવા પડે છે. હવે આપણા બન્ને વચ્ચેના સંબંધનો અંત આવ્યો છે. જેવી લાગણીથી આપણે બન્ને આટલા વર્ષો સુધી સંગાતે રહ્યા તેવી અંતરની લાગણીથી તારે મને વિદાય આપવાની છે. અને તું પણ પરલોક સામે નજર રાખીને હવેથી જીવન જીવજે અને તારા જીવનપંથને અજવાળજે. આટલું કહીને નંદિષેણ ત્યાંથી સીધા વીર ભગવાનની સમીપે આવીને વીર ભગવાનના વરદ હસ્તે ફરી દીક્ષા અંગીકાર કરે છે. પછી તો

તપ સંયમથી આત્માને ખૂબ સારી રીતે દમે છે, નિરતિચારપણે ચારિત્રનું પાલન કરે છે. છેલ્લે અનશન અંગીકાર કરવા પૂર્વક નંદિષેણ મુનિ સમાધિપૂર્વક મૃત્યુ પામીને દેવલોકમાં જાય છે.

પતન અને ઉત્થાન

આ રીતે પડેલા આત્માઓ પણ ફરી પાછા માર્ગ ઉપર આવી જાય છે. પતન થયું હોય તેનું ફરી ઉત્થાન ન જ થાય તેવું એકાંતે નથી. આમાંથી એટલું આપણે જરૂર શીખવાનું છે કે નિકાચિત કર્મો પણ કેટલા બળવાન હોય છે. આવા મહાન ગજરાજ જેવા પુરુષો પણ ગોથું ખાઇ જાય તો આપણા જેવા ચેટાં ગાડરડાનું શું ગજું ? માટે આપણે તો પળે પળે સાવધાન રહેવાની જરૂર છે. સ્વમાં જાગૃત રહી પોતાના આત્મા ઉપર કાબૂ ધરાવનારો આત્મા જ આ કાળમાં પોતાનું સાધી શકે છે. આત્મ દમનને માર્ગે સૌ મંગળ પ્રસ્થાન કરી સ્વ-આત્માર્થ સાધો એ જ એક મહેચ્છા.

❋

દુનિયામાં ધર્મ ધર્મ સૌ કહે છે, પણ ધર્મનો મર્મ જાણનારા વિરલા છે. અપરાધીનું પણ મનથી પ્રતીકૂલ નચિંતવે અને તીવ્ર પાપકર્મ આચરતાં જે અટકી જાય તેણે જ ધર્મનો મર્મ જાણ્યો કહેવાય.

અસિધારા વ્રત

मत्तेभकुंभदलने भुवि संति शूराः
केचित् प्रचंड मृगराजवधेऽपि दक्षाः ।
किंतु ब्रवीमि बलीनां पुरतः प्रसह्यः
कंदर्पदर्पदलने विरला मनुष्याः॥

આત્મદમનનાં વિષય પર વ્યાખ્યાનો ચાલુ રાખ્યા છે. આગળનાં વ્યાખ્યાનોમાં કહી ગયા તેમ સિંહ અને હાથી જેવાં પ્રાણીઓનું દમન સહેલું છે. એક પોતાના આત્માનું દમન એજ કઠિનમાં કઠિન છે. શ્રી ભર્તૃહરિ વૈરાગ્ય શતકમાં કહે છેઃ

દુનિયામાં એવા પણ શૂરવીર અને પરાક્રમી માનવો પડયા છે કે જે મદોન્મત્ત એવા હાથીના ગંડસ્થલને ભેદી નાખે. પ્રચંડ જેની તાકાત છે એવા સિંહ કેસરીનું નિગ્રહ કરવાને સમર્થ એવા પણ મનુષ્યો આ અવનીપર અનેક વિદ્યમાન છે પણ ભર્તૃહરિ આગળ વધીને કહે છે.

હું બલવાનોની સમક્ષ છાતી કાઢીને કહું છું કે કંદર્પના દર્પનું દલન કરનાર મનુષ્યો આ પૃથ્વી પર વિરલા છે. શક્તિશાળી કહેવાતા મનુષ્યોની તાકાત પણ અંદરની વાસના જ્યાં જાગે છે ત્યાં નબળી પડી જાય છે. તેનું શું કારણ હશે એ સમજવા જેવી વાત છે. બીજું કોઈ કારણ નથી. જીવ અનાદિથી નબળા સંસ્કારોને પોષતો આવ્યો છે, અને હજી

અહિં પણ તેવા નબળા સંસ્કારોને પોષી રહ્યો છે. એટલે પછી સમય આવે નિમિત્તો મળતાં જીવ નબળો પડી જાય છે. પરંતુ અહિં સબળો બને તો કામ થઈ જાય તેવું છે. દુનિયામાં જે મનુષ્યોની હાંક વાગતી હોય અને બજારમાં સિંહની જેમ ગાજતાં હોય તેવા મનુષ્યો પણ જ્યાં ઘરમાં દાખલ થાય ત્યાં બકરી જેવા બની જાય છે. આમાંથી તમારે ઘણું સમજી લેવાનું છે. અમે તો સંક્ષેપમાં સાર કહી દઈએ બાકી નિચોડ તમારે ખેંચી લેવાનો છે.

અનાદિથી જીવ વાસનાથી ઘેરાયેલો છે. વાસના પર વિજય મેળવવો એ અતિ દુષ્કર છે. તેના પર વિજય મેળવ્યો શ્રી સ્થુલિભદ્રજીએ, વિજય શેઠ અને વિજયા શેઠાંણીએ કામદેવની આગળ એ મહાપુરૂષો વિજેતા પુરવાર થયાં જ્યારે આપણે હારેલા પુરવાર થયા. જ્યાં એમનો ડંકો વાગ્યો ત્યાં આપણી પપુડીએ વાગતી નથી.

ઉપાસના હોય ત્યાં વાસના ન ટકે

એ મહાપુરુષો કામવાસના ઉપર વિજય મેળવી શકયા તેનું મૂળ કારણ એ છે કે તેમના જીવનમાં બરેબરી અરિહંતની ઉપાસના હતી. જીવનમાં અરિહંતની ઉપાસના હોય તો કામવાસના ટકી જ ના શકે. કામવાસનાનાં સંસ્કારો તો દરેક આત્માઓમાં અનાદિનાં છે, પણ અરિહંતની ઉપાસનામાં એ તાકાત છે કે એ ક્રમે ક્રમે પણ વાસનાને મોળી પાડી દે! જેમ લૌકિક કહેવતમાં પણ કહેવાય છે. 'કે રામ ત્યાં કામ નહિં અને જ્યાં કામ ત્યાં રામ નહિ,' રવિ રજનીની જેમ કામ અને રામ બન્ને એક જગ્યાએ રહી શકતા નથી–ત્રિવિધ યોગ પૂર્વકની આપણી ઉપાસના હોય, રત્નત્રયની આરાધના હોય અને મન વાસનામાં કીડાની જેમ બદબદે એ ત્રણ કાળમાંયે બનવા યોગ્ય નથી.

મન ઉપર વાસનાનું જોર છે તેનું કારણ ઉપાસનામાં આવી છે—અરિહંત એ શબ્દમાં જ એટલો બધો પાવર છે કે અરિહંતનું સ્મરણ કરનાર સ્મર ઉપર (કામ ઉપર) ઘણી સહેલાઈથી વિજય મેળવી શકે છે—અરિહંતની ઉપાસનામાં અજબ તાકાત છે અરિહંતની ઉપાસનાથી પરંપરાએ ઉપાસક અરિહંત બની જાય છે.

ઉપાસનાની તાકાત

શ્રી આનંદઘનજી મહારાજ ફરમાવે છે કે,

"જિન સ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે"

જિન સ્વરૂપ થઈને એટલે કે જિનેશ્વરના સ્વરૂપમાં તન્મય થઇને જે કોઈ જિનેશ્વરને આરાધે છે તે આરાધનારો આરાધક પણ જિનેશ્વર બને છે. જેમ ભમરી ઈલિકાને ચટકા મારે છે. તે ચટકાના રટણમાંને રટણમાં ઈયળ ઇયળ મટીને ભમરીબની જાય છે. માટીના પડમાં ઈયળ ઉત્પન્ન થાય છે તેને ભમરી ચટકો મારે એટલે ઈયળ ભમરી રૂપ થઈ જાય છે તેમ અરિહંતની ઉપાસના કરનાર અરિહંત સ્વરૂપી બની જાય છે. આ ઉપાસનાની જેવી તેવી તાકાત છે ? આ સ્વરૂપે અંતરની ઉપાસના હોય ત્યાં વાસના ઊભી કયાં રહે ? ગારુડિક મંત્રના પ્રભાવથી જેમ સર્પનું ઝેર ઉતરી જાય છે તેમ પરમાત્માની ઉપાસનાથી વાસનાનું ઝેર ઉતરી જાય છે અને આત્માનિર્વિકારી બને છે. ચંદનના વૃક્ષોને સર્પો વીંટળાએલા હોય છે. પણ મયૂરનો કેકારવ સાંભળે ત્યાં સર્પો ત્યાંથી દૂર પલાયન કરી જાય છે. તેમ આત્મારૂપી ચંદનવૃક્ષને વાસનારૂપી સર્પો વીંટળાએલા છે. પણ અરિહંતની ઉપાસનારુપી મયૂરનું કેકારવ સાંભળીને તે વાસનારુપી સર્પો પણ દૂર ભાગી જાય છે.

અમોઘ ઉપાય

ઉપાસનાનું આટલું મહાત્મ્ય સાંભળીને દરેક સાધકે જ્યારે પણ મન વાસનાથી વાસિત બને ત્યારે અરિહંતના ધ્યાનમાં મનને લગાડી દેવું, બસ વાસના ઉપર વિજય મેળવવાનો આ અમોઘ ઉપાય છે. વિષય વાસનાએ તો આજે ભલભલાના મન ઉપર સામ્રાજ્ય જમાવ્યું છે. વર્ષોથી ધર્મ કરનારાઓનાં મન પણ સામે નબળા નિમિત્તો ઉપસ્થિત થતા ચલિત થઈ જાય છે. નબળા નિમિત્તો તો આજે ડગલેને પગલે છે. એકલા રંગરાગથી જ ભરેલું આજનું વાતાવરણ છે. તેવા વાતાવરણની વચમાં રહીને નિશ્ચલ બની આપણી ધાર્મિક ભાવનાને ટકાવી રાખવાની છે, તે માટે દેવગુરુ અને ધર્મ એ જ આપણા માટે પ્રબળ આલંબન રુપ છે.

સિંહ સંયમી વાંદરા વિકારી

શ્રી સ્થુલિભદ્રજી કામવાસના ઉપર મહાન વિજય મેળવી શકયા તેનું કારણ એજ કે તેઓ દૃઢ મનોબળવાળા હતા અને પુરુષોમાં સિંહ સમાન હતા. સંયમી પુરુષોને જ સિંહની ઉપમા ઘટે છે જ્યારે વિકારી વૃત્તિવાળાને વાંદરાની ઉપમા ઘટે છે. કારણ કે સિંહ જેવા સંયમી હોય છે તેવા જ વાંદરાવિકારી હોય છે. આજે દુનિયામાં સિંહની ઉપમાવાળા સંયમી બહુથોડા છે. બાકી ચોમેર વાંદરાની ઉપમાવાળા ઘણાં છે. ઉખર ભૂમિમાં જેમ બીજ ઉગે નહિ, તેમ જ્યાં સુધી વિષય વાસનાથી વાસિત મન છે ત્યાં સુધી તેમાં વૈરાગ્ય ભાવનાના અંકુર ફુટે નહિ. મોક્ષમાર્ગમાં વિષય, વિરાગ અને કષાય ત્યાગની અગત્યની જરૂર છે. તેટલી જ જરૂર ગુણાનુરાગ અને પ્રશસ્ત ક્રિયાઓમાં અપ્રમાદની પણ છે. આટલી ભૂમિકા કર્યા બાદ હવે સ્થુલિભદ્રજીનો પ્રસંગ વર્ણવવામાં આવે છે.

દૃષ્ટાંત

શ્રી સ્થુલિભદ્રજીનું શુભનામ સમગ્ર જૈન આલમમાં પ્રખ્યાત છે. માંગલિક સંભળાવવાના શ્લોકમાં પણ તેમનું શુભ નામ જોડાયેલું છે. માંગલિક શ્લોકમાં ભગવાન્ મહાવીર અને ગૌતમ ગણધર પછી તરત જ સ્થુલિભદ્ર મહામુનિનો નંબર લાગે છે.

"મંગલં ભગવાન વીરો–મંગલં ગૌતમઃપ્રભુઃ
મંગલં સ્થુલભદ્રાદ્યા–જૈન ધર્મોસ્તુ મંગલં"

ભગવાન મહાવીર મહા મંગલકારી છે. ગૌતમ ગણધર મહા મંગલકારી છે. સ્થુલિભદ્રાદિ મુનિપુંગવો મંગલકારી છે જૈન ધર્મ પણ મહા મંગલકારી છે. આ રીતનાં મહા મંગલકારી શ્લોકમાં જે મહાપુરુષનું શુભનામ જોડાયેલું હોય તે મહાપુરુષથી કોણ અપરિચિત હોય? પોતાનું પહેલાં મંગલ કરે તે જ જગત આખાનું મંગલ કરી શકે. ભગવાન મહાવીર શાથી મહામંગલકારી છે? આવો સવાલ કોઈના મગજમાં ઉઠે તો સમજવાનું કે તપ સંયમમાં ઉગ્રપણે પરાક્રમ કરીને ભગવાને સ્વઆત્માનું મંગલ કર્યું છે. માટે જગત આખા માટે મહા મંગલકારી છે. ગૌતમ ગણધરમાં અનેકાનેક ગુણ હતાં. પણ તેમાં વિનય ગુણની પ્રધાનતા હતી. વિનય ગુણથી જ બીજા બધા ગુણો આત્મામાં પ્રગટે છે. તેવા મહાન ગુણ અંગે ગૌતમ ગણધર પણ મહા મંગલકારી છે. સ્વનું મંગલ કરનારા જ વિશ્વનું મંગલ કરે છે. સ્વમાં નિષ્ફલ બનેલા પરમાં કયાંથી સફળ થવાના છે? ગૌતમ ગણધર એવા મહાન લબ્ધિ સંપન્ન પુરુષ હતાં કે જેમનું નામ લેવા માત્રથી કંઈકનાં શોક સંતાપ ટળે છે. તો પછી એ મહાપુરુષની સાંગોપાંગ આરાધના કરવામાં આવે તો શું બાકી રહે?

મોહના ઘરમાં રહીને મોહને જીત્યો

સ્થુલિભદ્રજીમાં બ્રહ્મચર્યનો મહાન ગુણ હોવાથી મહા મંગલકારી છે. રણક્ષેત્રમાં તો શત્રુને સૌ જીતે પણ, શત્રુના ઘરમાં દાખલ થઈને શત્રુને જીતી લેનારા વિરલા હોય છે. તેમ જંગલમાં અને પર્વતોની ગિરિકંદરાઓમાં રહીને મોહને જીતી લેનાર ઘણાં હોય છે. પણ મોહના ઘરમાં રહીને મોહને જીતી લેનારા વિરલા હોય છે. સ્થુલિભદ્રજીએ કોશાને ત્યાં ચાર ચાર મહિના પર્યંત રંગરાગના વાતાવરણની વચમાં રહીને જે બ્રહ્મચર્ય વ્રતનું અખંડપણે પાલન કર્યું છે તે ઘણું જ દુષ્કર કર્યું છે. સ્થુલિભદ્રજીના જીવનમાં એ એક અલૌકિક ઘટના બની છે. તેમના ગુરુ સંભૂતિવિજય નામે મહા મુનિ હતા. તેમની પાસે ચાર મુનિ ભગવંતો જુદા જુદા સ્થાને ચાતુર્માસ રહેવાની આજ્ઞા માંગે છે. તેમાંથી એક મુનિ સિંહની ગુફા પાસે ચાતુર્માસ રહેવાની આજ્ઞા માગે છે. બીજા એક મુનિ સર્પના બીલ પાસે ચાતુર્માસ રહેવાની આજ્ઞા માગે છે. ત્રીજા એક મુનિ કૂવાની મધ્ય ભાગમાં (અંતરાળે) રહેલા લાકડા ઉપર ચાતુર્માસ રહેવાની આજ્ઞા માગે છે અને સ્થુલિ ભદ્રજી કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવાની આજ્ઞા માગે છે. ગુરુ ભગવંત ચાર મુનિવરોને તે તે સ્થાનમાં ચાતુર્માસ ગાળવા માટેની આજ્ઞા આપી દે છે.

ગુરુ ભગવંતની આજ્ઞા શિરોમાન્ય કરીને ચારે મુનિપુંગવો નિર્ણય કરેલા સ્થાને ચાતુર્માસ ગાળવા જાય છે. તેમાં સ્થુલિભદ્રજી કોશાને ત્યાં જાય છે. સ્થુલિભદ્રજીને કોશા સાથે સંસારીપણે બાર વર્ષનો સમાગમ છે. કોશા તો પૂર્વના સંબંધને લીધે સ્થુલિભદ્રજી ઘરઆંગણે પધારતાં હર્ષઘેલી બની જાય છે. કોશાના અંતરમાં આનંદની અવધિ થઈ જાય છે. સ્થુલિભદ્રજી પોતાના કલ્પ મુજબ કોશાની અનુજ્ઞા લઈને તેના મકાનમાં ઉતરે છે. કોશા પણ રમ્ય ચિત્રશાળામાં મહા-

મુનિને ઉતારો આપે છે. ચિત્રશાળા પણ સાક્ષાત્ આરિસા ભુવન જેવી છે. ચિત્રશાળાની અંદર એકલા કામવાસનાને પોષક ચિત્રો આલેખાયેલા છે. રાગદશાને પોષનારી દરેક પ્રકારની સામગ્રી ચિત્રશાળામાં ગોઠવેલી છે. કોશાનું રૂપ અને સૌંદર્ય એ તો અતિ અદ્‌ભુત હતું જ પણ એકવાર તો ચિત્રશાળાને જોઈને મનુષ્ય થંભી જાય તેવું ચિત્રશાળાનું પણ અતિ મોહક વાતાવરણ હતું. સ્થુલિભદ્ર મહામુનિ આવા સ્થાનમાં રહીને પણ તપ સંયમની સાધનામાં લીન બની ગયા મોહકમાં મોહક વાતાવરણમાં રહીને પણ મહામુનિ જ્ઞાનને ધ્યાનની જાણે આહેલક જગાવી દે છે. સ્વરમણતામાં એવા સાવધાન છે કે મેરૂ ડગે પણ એ મહામુનિ ન ડગે. કોશા પૂર્વની પ્રીત સંભારીને મહામુનિને ચલાયમાન કરવા માટેનાં અનેક પ્રયાસો કરે છે. ગોચરી પાણીમાં રોજીંદા બત્રીસ શાક અને તેત્રીસ પકવાન વહોરાવે છે. અનેરા ઉલ્લાસથી અને અંતરના પ્રેમથી વહોરાવે છે. છતાં મહામુનિનાં અંતરમાં લેશ વિષય વાસનાની વૃત્તિ જાગતી નથી. કોઈ એક મહર્ષિ સજઝાયમાં ફરમાવે છે કે,

"પકવાન તિહાં બહું ભાત
ઉપર ચોસઠ શાકની જાત
તો યે ન સુણી વિષયની વાત રે;
સ્થુલિભદ્ર મુનિ ઘેર આવે"

કોશાને ત્યાં રહીને સ્થુલિભદ્રજી સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ ભોજન આરોગતા હોવા છતાં એમણે મનમાં લેશ વિષય વાસનાને સ્થાન આપ્યું નથી. મોહક સ્થાનમાં રહીને સિંહ કેશરીયા મોદક પચાવવા એ સહેલી વાત નથી. એ તો સ્થુલિભદ્રજી જ પચાવી શકે. જે સ્થાનમાં બીજાને એક રાત પસાર કરવી ભારે થઈ પડે તેવા સ્થાનમાં સ્થુલિભદ્રજીએ એકસો વીસ અહોરાત્ર પસાર

કર્યા છે. કોશાની વાત વિષય વાસનાને પોષવા માટેની હતી, છતાં મહામુનિએ તેની કોઈ વાત હૃદયમાં ધરી નથી. સજ્ઝાયના રચયિતા મહર્ષિ આગળ વધીને ફરમાવે છે કે,

" કોશા સજ્જતી સોળ શણગાર
કાજળ કુમકુમને ગળે હાર.
અણવટ અંગૂઠે વીંછીયા સાર....રે
સ્થુલિભદ્રમુનિ ઘેર આવે.

દ્વાદશ ધપમપ માદલ વાજે
ભેરી ભુંગળને વીણા ગાજે,
રૂપે તો અપ્સરા બિરાજે રે,
સ્થુલિભદ્ર મુનિ ઘેર આવે....

એવા બહુવિધ નાટક કરીયા.
સ્થુલિભદ્રે હૃદય નવ ધરીયા,
સાધુ સમતા રસનાં દરિયા રે.
સ્થુલિભદ્ર મુનિ ઘેર આવે....

કોશા સોળ શણગાર સજીને વિધ વિધ પ્રકારના નાટક કરે છે. વીણા વગેરે વાજીંત્રોના સુમધુર નાદથી આખું વાતાવરણ જાણે રસ તરબોળ બનાવી મૂકે છે. અંગમરોડ અને કટાક્ષની વિદ્યામાં તો કોશા પારગામી હતી. સ્ત્રીઓની બધી કળામાં કોશા ઉત્તીર્ણ હતી. તેમાં નૃત્ય કળામાં તો કોશા સિદ્ધહસ્ત જેવી હતી. સરસવના ઢગ ઉપર સોય રાખીને અને તેની ઉપર પુષ્પ ગોઠવીને તે પુષ્પ ઉપર આખાએ શરીરની સમતુલા જાળવીને કોશામાં આબેહૂબ નૃત્ય કરી બતાવવાની કળા હતી.

ખાંડાની ધાર

આ રીતે દરેક કળામાં જેની ચતુરાઇ છે એવી કોશા સ્થુલિભદ્રજી સમક્ષ વિધવિધ પ્રકારના નાટારંભ અને નૃત્ય કરે છે. છતાં મહામુનિ પોતાના ધ્યાનથી લેશ ચલિત થતા નથી. કોશા એટલે રૂપ રૂપનો અંબાર વિજળીના ઝબકારા સમી જેની કાયા છે છતાં સ્થૂલિભદ્રજી તેની તરફ આંખ ઉંચી કરતા નથી. પૂર્વે જેની સાથે દરેક પ્રકારના સુખો ભોગવેલા છે. જેની સાથે બાર વર્ષ પર્યંત વિષયરસ પોષેલો છે, ફરી તે જ વિષય રસમાં જોડાવા કોષા કોડો ગમે ઉપાયો કરી રહી છે. છતાં સ્થૂલિભદ્રજી તેની તે જ કોશા તરફ આજે ઉંચી નજરે જોતા પણ નથી. કેવી સંયમની ધાર છે! બસ આને જ ખાંડાની ધાર કહેવામાં આવે છે. આજે સ્થૂલિભદ્રજી ખાંડાની ધાર ઉપર ચાલી રહ્યા છે. મનથી પણ ક્ષોભ પામતા નથી. આને જ બીજા શબ્દોમાં અસિધારા વ્રત કહેવામાં આવે છે.

"કોશાએ વાત વિષયની વખાણી
સ્થૂલિભદ્રે હૃદય નવ આણી
હું તો પરણ્યો સંયમ પટરાણી રે,
સ્થૂલિભદ્ર મુની ઘેર આવે....

સંયમના માર્ગમાં મહાપુરુષની ઘણી જ અડગતા હોવા છતાં કોશા તેમની સમક્ષ વિષયની જ વાત માંડે છે, અને એવા સ્વરૂપે માંડે છે કે, સામે કોઈ કાચો પોચો હોય તો તેની આખીએ જીંદગી રાંડે, કોશા જ્યાં વિષય વાસનાથી વિહ્વલ બનેલી છે. તેથી એ તો વિષયની જ વાત માંડે પણ કોશા જેમાં વિહ્વલ બનેલી છે. તેમાં સ્થૂલિભદ્રજી વિરક્ત બનેલા છે. ક્યાંથી હવે પૂર્વની જેમ બન્ને વચ્ચે પ્રીતિ જામે, એક જેમાં

રક્ત છે, તેમાં બીજા અત્યંત વિરક્ત છે. કોશાને વિષયની ધૂન લાગી છે. જ્યારે મહામુનિને સંયમની રઢ લાગી છે. કોશાએ વાત વિષયની વખાણી પણ મહામુનિએ તે વાત જરાયે હૃદયમાં નહિ આણી અને સામેથી કોશાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે. હું તો હવે સંયમરૂપી પટરાણી વર્યો છું. પટરાણી જેના ઘરમાં આવી તેનું મન મેતરાણીમાં જાય? કોઇ કાળે ન જાય માટે હે સુંદરી! તારે હવે મારી આશા રાખવાની નથી. મેં માર્ગ હવે જોગનો લીધો છે. જોગને રસ્તે ચડેલાં નિર્મોહી અને નિર્લોભી હોય છે. તેમને કોઇપણ વસ્તુ પરત્વેની મનમાં તૃષ્ણા હોતી નથી. મારી દૃષ્ટિમાં હવે ભોગ એ રોગ છે, અને યોગ એ અમૃત છે.

અંતરના ઉદ્‌ગાર

સ્થૂલિભદ્રજીની વૈરાગ્ય ભાવના જોઈને કોશા અંતરમાં આશ્ચર્યને અનુભવે છે. કોશાને પોતાના રૂપ અને સૌંદર્યનો ગર્વ ઉતરી જાય છે. એને મનમાં થઇ જાય છે કે હું કેવી અદ્‌ભુત! આ ચિત્રશાળાનું વાતાવરણ પણ કેટલું બધું મોહક! મુનિને હું જે આહાર વહોરાવું છું તે પણ માદક! છતાં આ મુનિ કોઇ રૂવાંડે વિકારને પામતાં નથી. લેશમનથી પણ ચલિત બનતા નથી. અહો ? આ મુનિની સંયમયાત્રા અજોડ છે. ખરેખર આમુનિની આગળ મારી હાર છે. અને આ ખરા અણગાર છે. આમની આગળ મારા શરીરપરનાં સોળ શણગાર પણ ભંગાર છે. આ ઉદ્‌ગારો પરથી આપને લાગે છે ને કે હવે કોશાના અંતરમાં બોધી રૂપી બીજા-ધાનની તૈયારી છે.

મોક્ષમાં જ વાસ્તવિક સુખ

આટલું મનમાં થયા પછી પણ કોશાને થાય છે કે હજી એકાદ અખતરો કરી જોઉં. મુનિને કહે છે : આ છતાં સુખનો ત્યાગ કરીને અને તેવા સુખ ભોગવવા મારા જેવી અપ્સરા તમને સ્વાધીન હોવા છતાં શા માટે મોક્ષનાં અચ્છતાં સુખ મેળવવા આવા દુષ્કર વ્રતને આચરી રહ્યા છો ? શા માટે દેહને દમી રહ્યા છો ? સ્વેચ્છા મુજબ મારી સાથે આનંદ લુંટો. મુનિ કહે છે હે સુંદરી ? સંસારના બધા પૌદ્ગલિક સુખો ક્ષણપુરતા છે અને તેની પાછળ ભાવિમાં અનંતકાળનાં દુઃખો છે. જન્મ મરણનો અભાવ હોવાથી મોક્ષમાં જ વાસ્તવિક સુખ છે, માટે હું તે સુખ માટે મથી રહ્યો છું. આવા વિષય જન્ય સુખ તો આ જીવે અનંતીવાર અનુભવેલા છે. દેવલોકનાં દિવ્યસુખ પણ આ જીવે અનંતીવાર અનુભવેલાં છે. છતાં આ જીવ તૃપ્તિને પામ્યો નથી અને પામવાનો પણ નથી અને તે સુખોને જ્ઞાનીએ કિંપાકના ફળની જેમ વિપાકમાં અતિ દારુણ કહ્યા છે, માટે છતાં સુખોનો ત્યાગ કરીને હું મોક્ષનાં સુખ માટે મથી રહ્યો છું. અને તારે પણ તે સુખ મેળવવા પ્રયત્ન આદરવાની જરૂર છે. અત્યાર સુધીમાં સેંકડોવાર તેં તારી કાયાને પાપ-કર્મથી અભડાવી છે. પાપકર્મનાં ભારથી હવે તારે પણ તારા આત્માને શા માટે લાદવો જોઈએ? માટે સુંદરી તું, પણ હવે પ્રતિબોધને પામ અને કલ્યાણના ધોરી માર્ગે મંગલ પ્રસ્થાન કરીને નરજન્મને સફલ કરી લે !

" કોશાને કીધી સમકિત ધારી,
વિષય રસ સુખને નિવારી.
એવા મુનિવરને જાઉં બલિહારી,
સ્થૂલિભદ્ર મુનિ ઘેર આવે."

કોશા અંતે સ્થૂલિભદ્ર મહામુનિથી પ્રતિબોધને પામે છે. કોશા સામેથી મહામુનિને કહે છે કે મેં આપને ચળાવવા અંગેના ઘણાં પ્રયાસો કર્યા છતાં આપ મનથી પણ ચળ્યા નથી માટે સમ્યક્ત્વ પમાડીને હવે આપ મારો ઉદ્ધાર કરો. અંતે સ્થૂલિભદ્રજી તેને સમ્યક્ત્વ સહિત બાર વ્રત ઉચ્ચરાવે છે અને કોશા પરમ શ્રાવિકા બને છે. તરેલો માણસ જ બીજાને તારી શકે છે. સ્થૂલિભદ્રજી પોતે તો તર્યા અને કોશાને પણ તારી. જો કે તેમણે અનેકોને તાર્યા છે પણ કોશા અંગેની ઘટના તેમના જીવનમાં અલૌકિક બની છે. જે વાતાવરણમાં ભલભલા ગોથું ખાઈ જાય તેવા વાતાવરણમાં સ્થૂલિભદ્રજી અચળ રહ્યા છે અને કોશા ઉપર પણ તેમનો કોઈ અનેરો પ્રભાવ પડ્યો છે. એક નજીવી છૂટ રાખીને કોશાએ સ્થૂલિભદ્રજી પાસે વ્રતો અંગીકાર કર્યા છે. કોશાએ વ્રત અંગીકાર કરવાના સમયે એટલી છૂટ રાખેલી કે આ નગરીનો રાજા કોઈ પુરુષ ઉપર પ્રસન્ન થઈને તે પુરુષને મને સુપ્રત કરે તો તેની સાથેનાં સમાગમની કોશાએ છૂટ રાખેલી. તેમાં એક વાર રાજાની સભામાં કોઈ રથકાર આવેલો અને રાજા તેની ઉપર કોઈ કારણસર ખૂબ પ્રસન્ન થયો અને તે રથકારે રાજા પાસે કોશાની માંગણી કરી. સંતુષ્ટ થયેલા રાજાએ તેને કોશા સુપ્રત કરી. પછી તે રથકાર કોશાને ત્યાં આવે છે. કોશા હંમેશા તેની આગળ સ્થૂલિભદ્ર મહામુનિનાં મુક્તકંઠે ગુણ ગાય છે. રથકારને મનમાં થાય છે. આ કોશા આટલી બધી સ્વરૂપવાન હોવા છતાં એક યોગી પર આટલી બધી કેમ મુગ્ધ બની છે? વાતવાતમાં સ્થૂલિભદ્રને જ સંભારે છે અને તેમને સંભારતાં આ કોશાનાં ગાત્રેગાત્ર જાણે રોમાંચને અનુભવતા હોય છે.

કોશાની અજબ કળા

રથકારને મનમાં થાય છે આ કોશા હજી મને પીછાણતી નથી. હું પણ મારી કળા એને બતાવું કે જેથી કોશાને મારી તરફ અનુરાગ વધે. પછી તો તે રથકાર ચિત્રશાળાના ઝરૂખામાં બેસીને પોતાની બાણવિદ્યાથી પાછળ બગીચામાં રહેલા આંબાના વૃક્ષ પરથી ફળની આખી એક લુંબ શરસંધાન કરીને મેળવી લે છે. નીચે ઉતર્યા વિના ઝરૂખામાં રહીને જ ધનુર્વિદ્યા વડે આંબાની લુંબ તોડી લે છે. એને એમ કે આ મારી કળા કુશળતા જોઈને કોશા મારી પર મુગ્ધ (આફ્રિન) થઈ જશે પણ કોશાને તેથી લેશ આશ્ચર્ય ન થયું અને આપણે વચમાં કહી ગયા તેમ સરસવનાં ઢગ ઉપર ગોઠવેલી સોય ઉપર ફુલ રાખીને કોશા તે પુષ્પ ઉપર નૃત્ય કરી બતાવે છે. કોશાની આ કળા જોઈને રથકારનો ગર્વ ગળી જાય છે=જાણે તેનું મસ્તક લજ્જાથી નીચું નમી જાય છે. તરત જ કોશા રથકારને કહે છે કે–

न दुक्करं अंबियंलुबतोडणं, न दुक्करं सरिसव नच्चियाए ।
न दुक्करं तंच महाणुभावं जं सो मुणि पमयवणम्मि वुच्छो ॥

અહીં ઝરૂખામાં રહીને આંબાની લુંબ તોડવી એ કાંઈ દુષ્કર નથી તેમજ મેં જે મારી કળા બતાવવા સરસવનાં ઢગ પર ગોઠવેલી સોય પર નૃત્ય કરી બતાવ્યું તે પણ દુષ્કર નથી. દુષ્કરમાં દુષ્કર તો એ છે કે જે સ્થૂલિભદ્રે અહીં ચાર મહિના રહીને કરી બતાવ્યું છે. પ્રમદારૂપી વનમાં રહ્યા છતાં લેશ પ્રમાદને ન પામ્યા એ દુષ્કરમાં દુષ્કર છે. રથકાર પણ આ વાત સાંભળીને ચકિત બની જાય છે. આ રૂપ રૂપના અંબાર સમી

કોશાને સ્થૂલિભદ્રજીમાં સંપૂર્ણ અનુરાગ હોવા છતાં સ્થૂલિભદ્રજી લેશ પણ રાગદશાને ન પામ્યા. ખરેખર આનાથી દુનિયામાં બીજું શું દુષ્કર હોઈ શકે.

કાજળની કોટડીમાં રહ્યા છતાં નિર્લેપ

મહાન કવિઓએ પણ સ્થૂલિભદ્રજીનાં મુક્તકંઠે ગુણ ગાયા છે અને ત્યાં સુધી તેમના અંગે કહ્યું છે કે પર્વતની ગુફાઓમાં રહીને નિર્જન વનપ્રદેશમાં વાસ કરીને અત્યાર સુધીમાં ઘણા મનુષ્યોએ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે પણ ભવ્ય પ્રાસાદમાં યુવતિની સમીપમાં રહીને ઇન્દ્રિયોને વશમાં રાખનારા તો એક શકટાલ નંદન સ્થૂલિભદ્ર જ થયા. એમણે અગ્નિમાં પ્રવેશ કર્યો છતાં જરાએ દાઝયા નહિ. તલવારની ધાર પર ચાલ્યા છતાં જરાએ છેદાયાં નહિ. કાળા સર્પનાં દરમાં રહ્યાં છતાં ડંખાયા નહિ અને કાજળની કોટડીમાં રહ્યાં છતાં તેમને ડાઘ લાગ્યો નહિ. ધન્ય છે તે સ્થૂલિભદ્ર મહામુનિને ! કેવા ભાવવાહી શબ્દોમાં કવિઓએ તેમને સ્તવ્યા છે.

પૂ. વિનયવિજયજી મહારાજે તો આગળ વધીને કલ્પસૂત્રની ટીકામાં ત્યાં સુધી કહ્યું છે કે—

श्री नेमितोऽपि शकटालसुतं विचार्य मन्यामहे वयममुं भटमेकमेव।
देवोऽद्रिदुर्गमधिरुह्य जिगाय मोहं यन्मोहनालयमयंतु वशी प्रविश्य।

અમારે એમ માનવું પડે છે કે શ્રી નેમિનાથ પ્રભુ કે જેઓ બાવીસમા તીર્થંકર છે. તેમનાં કરતાં પણ સ્થૂલિભદ્ર તો વળી અદ્વિતીય પરાક્રમી નીકળ્યા. શ્રી નેમિનાથ પ્રભુએ તો ગિરનાર પર્વતના દૂર્ગનો આશ્રય કરીને મોહને જીત્યો, જ્યારે સ્થૂલિભદ્રજી એ તો મોહનાં ઘરમાં દાખલ થઈને મોહને જીત્યો. જો કે શ્રી

તીર્થંકરથી કોઈ મહાન હોઈ શકતા નથી. તીર્થંકર ભગવંતોને તીર્થંકર ભગવાનની સાથે સરખાવી શકાય. છતાં પણ કવિઓએ સાપેક્ષપણે આ બધી ઘટનાઓ કરી છે.

રાગના વાતાવરણમાં ઉત્કટ વૈરાગ્ય

ચાર મહીના જે વાતાવરણમાં રહીને સ્થૂલિભદ્રજીએ સંયમનું પાલન કર્યું. એ વાતાવરણ મન અને ઈન્દ્રિયોને અત્યંત ઉત્તેજીત કરનારું હતું, છતાં તે લેશ પણ ચલિત થયા નહિ. કોશા તેમની તરફ અત્યંત રાગવાળી હતી. તેમની આજ્ઞા મુજબ વર્તનારી હતી. ષટ્રસ ભોજન આરોગવાના હતાં અને સુંદર એવી ચિત્રશાળામાં રહેવાનું હતું. મનોહર શરીર હતું. બન્નેની યુવાવસ્થા હતી. કાળ પણ વર્ષાઋતુનો હતો છતાં પણ જેમણે કામને જીત્યો એવા કોશાને પ્રતિબોધ પમાડવામાં કુશળ શ્રી સ્થૂલિભદ્ર મુનિને હું વંદન કરું છું. આ રીતે જેમના ચરણ સરોજમાંમહા મુનિ ભગવંતોએ કોડાનુકોડ વંદનાવલીની મહાકિંમતી ભેટ ધરી છે તે સ્થૂલિભદ્ર મહામુનિની બીજા કયા શબ્દોમાં સ્તવના કરી શકાય. તે માટે તેવા કોઈ શબ્દો જ જડતા નથી.

એહવે પુરૂં થયું ચોમાસુ,
સ્થૂલિભદ્ર આવ્યા ગુરુ પાસે.
દુષ્કર દુષ્કર વ્રત ઉલ્લાસે રે,
સ્થૂલિભદ્ર મુનિ ઘેર આવે....

એટલામાં ચાતુર્માસ પુરો થાય છે. અને સ્થૂલિભદ્ર મુનિ પોતાના ગુરુ પાસે આવે છે. બીજા ત્રણ મુનિઓ જે જુદે જુદે સ્થળે ચાતુર્માસ કરવા ગયેલાં તેઓ સ્થુલિભદ્રજી પહેલા આવી પહોંચે છે. ત્રણે મુનિઓ ગુરુ ભગવંતને જેવા વંદન કરે છે તેવા

ગુરુ ભગવંત તેમને દુષ્કર એટલે તમે દુષ્કર કર્યું એવા શબ્દથી સંબોધે છે. એટલે ત્રણે મુનિવરોને યોગ્ય સન્માન આપે છે. સ્થૂલિભદ્રજી જેવાં વંદન કરે છે કે ગુરુભગવંત દુષ્કર દુષ્કર દુષ્કર એમ ત્રણ વાર બોલીને તેમને આદર આપે છે. એટલે પેલા સિંહગુફાવાસી મુનિ મનમાં મત્સર ધારણ કરે છે અને પરસ્પર એક એકને કહે છેઃ ગુરુનો વિવેક જોયો. આપણા ગુરુ કેવા વિવેકી છે! આપણે મહા વિકટ પ્રદેશમાં રહીને ચાર મહિના પર્યંત અતિ દુષ્કર તપ કર્યું છતાં આપણને એકજ વાર દુષ્કર કહે છે અને જેણે ચાર મહિના કોશાને ત્યાં રહીને એકલા માલ પાણી આરોગ્યા તેને ત્રણ વાર દુષ્કર કહે છે! એ તો ચિત્રશાળા જેવા રમ્ય મકાનમાં ચાર ચારમહિના રહ્યાં છે, અને કોશા ખડે પગે એમની સેવામાં રહેનારી હતી. એ ત્યાં રહીને ષટરસ ભોજન આરોગતાં હતાં જ્યારે આપણે તોવન વગડામાં રહીને કેટલા કષ્ટો વેઠેલા છે. કેટલી ઉગ્ર તપશ્ચર્યા આપણે કરી છે! સિંહ અને સર્પ જેવા ભયંકર પ્રાણીઓની પાડોશમાં આપણે ચાર ચાર મહિના રહ્યાં. સિંહગુફાવાસી મુનિ કહેછે. સિંહ-ની ત્રાડ સાંભળીને બીજા થરથરી ઉઠે તેવા સિંહની પાડોશમાં મેં ચાર ચાર મહિના નિર્ભિકપણે પસાર કર્યા છે છતાં ગુરુએ મારા તપની કદર ઘણી ઓછી કરી છે અને સ્થૂલિભદ્રજીને ત્રણ વાર દુષ્કર કહીને આપણા કરતાં ઘણું માન આપ્યું છે. આ સ્થૂલિભદ્રજી તરફનો ગુરુનો પક્ષપાત કહેવાય. સિંહ ગુફાવાસી મુનિને મનમાં સ્થૂલિભદ્રજી તરફ ઇર્ષ્યા પેદા થઇ જાયછે. બીજા બે મુનિઓને થોડું મનમાં લાગ્યું અરૂ છતાં તેમણે મનમાં ઇર્ષ્યા ન રાખી.

તપમાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય

સિંહગુફાવાસી એટલું પણ ન સમજી શકયા કે બધું આચરવું સહેલું છે પણ વિકાર પર વિજય મેળવવો અતિ દુષ્કર

છે. સૂયગડાંગ સૂત્રમાં ગણધર ભગવંતોએ ફરમાવ્યું છે તેમ तवेसु वा उत्तम बंभचेरं તપમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તપ બ્રહ્મચર્ય છે. દાનમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અભયદાન છે. સત્ય વચનમાં શ્રેષ્ઠ નિરવદ્ય વચન છે. નિર્ગ્રંથોમાં શ્રેષ્ઠ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર છે.

આગાથામાં તપમાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય કહ્યું છે. આટલું જો સિંહ ગુફાવાસી સમજ્યા હોત તો સ્થૂલિભદ્ર મહામુનિની તેઓ ઈર્ષ્યા ન કરત અને બ્રહ્મચર્ય પણ સ્ત્રીની સમીપમાં રહીને પાળવું એ તો વળી અતિ દુષ્કર છે. કોશા કે જે સ્થૂલિભદ્રજીની પૂર્વાવસ્થામાં સંપૂર્ણ પરિચિત હતી તેની સમીપમાં રહીને સ્થૂલિભદ્રજીએ જે વ્રતનું પાલન કર્યું છે એ તો એમણે દુષ્કર જ નહિ પણ અતિ દુષ્કર કર્યું છે. આટલું ન સમજ્યા તેમાં સિંહગુફાવાસીને તેમના પ્રતિ ઈર્ષ્યા થઈ છે.

ગુણાનુરાગ એ ધર્મપ્રાપ્તિનું બીજ

આ બાબત અંગે પૂ. ધર્મદાસ ગણીએ ઉપદેશમાળામાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે–

जइ दुक्कर दुक्करकारउत्ति, भणिओ जहट्ठिओ साहु ।
तो किस अज्ज संभूअविजयसीसेहिं न खमियं ॥

સંયમમાં સ્થિત એવા સ્થૂલિભદ્રજી તે કોશાને ત્યાં ચાતુર્માસ રહીને ગુરુસમીપે જ્યારે પાછા આવ્યા ત્યારે ગુરુએ તેમને દુષ્કર દુષ્કર કારક એમ ત્રણ વાર કહીને બહુમાનપૂર્વક બોલાવ્યા. તે ગુરુ વચન સિંહગુફાવાસીથી કેમ ન ખમાયું ? અર્થાત્ એ તેમનું નિર્વિવેકી પણું છે યથાસ્થિત ગુણોને જોઈને દરેકે મનમાં ગુણાનુરાગ ધરવો જોઈએ. ગુણાનુરાગ એ ધર્મ પ્રાપ્તિનું બીજ છે. ગુણાનુરાગથી જીવ દર્શનવિશુદ્ધિને પામે છે. ઉત્તમ પુરુષોના ગુણ ગાવા જોઈએ. તેવા પુરુષોના ગુણ ગાવાથી તે ગુણ આપણા જીવનમાં આવે છે.

ગુણની ઇર્ષ્યા કરવાથી માનવીમાં નિર્ગુણતા આવે છે. માટે ગુણ દેખાય ત્યાં ગુણાનુરાગ ધરવો જોઈએ. નિર્ગુણતા દેખાય ત્યાં માધ્યસ્થ ભાવ ધરવો જોઇએ. ગુણી તરફ ગુણાનુરાગ હોય પણ નિર્ગુણી તરફ મનમાં દ્વેષ ભાવ નહી રાખવો જોઇએ. તેવા પ્રત્યે માધ્યસ્થ ભાવ જોઇએ. આ ઘણાંજ ઊંડા રહસ્યની વાત છેઅને આ વાતમાં ઘણા શાસ્ત્રોનો નિચોડ આવી જાય છે, પણ રાગી જેમ દોષને જોઈ ન શકે તેમ દ્વેષી ગુણને ન જોઈ શકે.

પરની માંડે તેમાં જિંદગી રાંડે

સ્થૂલિભદ્ર સ્વામીનાં મેરૂ પર્વત જેવાં મહાન ગુણને સિંહ ગુફાવાસી એ સમયે જોઈ ન શકયા. આજના જગતની એથી પણ ઘણીજ વિષમ પરિસ્થિતિ છે. આજે બીજા કોઈનો ઉત્કર્ષ તો કોઈથી જોવાતો નથી. એક સાધુ આગળ બીજા સાધુની સારી વાત કરશો ત્યાં પ્રમોદભાવ વ્યક્ત કરવાને બદલે તરત જ ઝેર ઓકવા માંડશે. પ્રમોદભાવ વ્યક્ત કરનારા પણ છે, પણ કાળની વિષમતાને લીધે અને જીવોની અંતરગત મલિનતાનેલીધે ઝેર ઓકનારા પણ વધતા જાય છે. આજની દુનિયામાં નબળી વાતોમાં રસ બહુ પોષાય છે. ધર્મસ્થાનકોમાં પણ નિંદા કુથલીની પ્રવૃત્તિ વધતી જાય છે. પ્રતિક્રમણમાં આવનારાં હજુ પ્રતિક્રમણ શરૂ ન થયું હોય તે પહેલાં ગામ આખાની રામાયણ માંડે અને એવી માંડે કે જેમાં જિંદગી આખી રાંડે. એવા જીવો ધર્મકરણીનાં ફળને પણ શું પામે? જીવ ચિકણાકર્મ આમ બાંધે છે. કેટલાક શ્રાવકો આજે સાધુઓની નિંદા કરતા થઈ ગયા છે, જે અતિ ભયંકર છે. સામાન્ય માણસની નિંદા કરવી એ પણ પાપ છે તો મહાવ્રતધારી શ્રમણ ભગવંતોની નિંદા કરવી એ તો મહાપાપ છે. એટલું નથી વિચારતા કે આ પડતા કાળમાં પણ જૈન સાધુઓ કેટલું ઊંચામાં ઊંચું જીવન જીવી રહ્યા છે.

એક રાત્રિભોજન, કંદમૂળ કે સિનેમાનો ત્યાગ કરવો હોય તો ગૃહસ્થોને લાખ લાખ વિચાર થઇ પડે છે તો જેઓ જાવજીવ સુધી મહાવ્રતને પાળનારાં છે તેવા પુરુષોની સ્તવના ન થાય તો છેવટે નિંદાના પાપથી તો બચવું.

નિન્દા એ સારા માણસનો ધંધો નથી

કોઈ મૂર્ખ માણસ આવીને કહે કે મેં તો આજે સસલાને શીંગડા જોયા, વળી કોઈ એમ કહે, મેં આકાશમાં ફૂલ ઉગેલાં જોયા તો આવી વાતને ડાહ્યા મનુષ્યો શું માન્ય રાખે? ન જ રાખે. બસ એવીજ રીતે અછતા દોષ ઊભા કરીને મહાપુરુષોને નિંદવા અને તેમની ઉપર ખોટા આક્ષેપ કરવાં એ બધી ગગનમાં ફૂલ ઉગવા જેવી અથવા તો સસલાને શીંગડાં ઉગવા જેવી વાતો છે. સાધુપુરુષોની અથવા કોઈની પણ નિંદા કરતા હોય તેવાને તમારે નૈતિક હિંમતથી કહી દેવું કે આવા ઘોર કર્મ શા માટે બાંધો છો? તમારી અમને દયા આવે છે આવા પાપ બાંધીને છુટશો કયા ભવે? નિંદા એ સારા માણસનો ધંધો નથી. પહેલાના કાળમાં કોઈ માટેની કોઈ નબળી વાત ફેલાવવી હોય તો એ ધંધો હજામને સોંપવામાં આવતો, જ્યારે એ ધંધો આજે તમે લઇ બેઠાં છો. જો કે કોઈ માટેની નબળી હવા ફેલાવવી એ પાપ છે અને કોઈની મારફત તેવો પ્રચાર કરાવવો એ પણ પાપ છે. કોઈના દોષો જોવા જ ના જોઈએ. પ્રમાદને વશ જીવ છે. ક્યારેક જોવાઈ ગયા તો તે વ્યક્તિને રૂબરૂમાં જઇને કહી દેવું અને કહેવામાં પણ તે વ્યક્તિ અંગેની મનમાં હિતબુદ્ધિ હોવી જોઇએ દોષ દૃષ્ટિથી નિંદા થાય છે અને ગુણ ઉપર દૃષ્ટિ દેવાથી ગુણાનુરાગ પ્રગટે છે. સર્વગુણી વીતરાગ છે, બાકી બધામાં ન્યૂનતા રહેલી જ છે. તો પછી પોતે પોતાની અપૂર્ણતા વિચારવી એના જેવી બીજી કઈ ઉત્તમ વાત છે. છતાં નૈતિક હિંમત

હોયતો રૂબરૂ કહેવું અને સામા માણસને સુધારવાના પ્રયાસો પણ કરવા. પ્રયાસો કરવા છતાં ન જ સુધરે તો તેની તરફ માધ્યસ્થભાવ ધારણ કરવો કે બધા જીવો કર્મને આધીન છે, પણ કોઈની જે તેના મોઢે હલકાઈ કરવી એ સજ્જનનું કર્તવ્ય નથી.

પાયામાંજ હાડકાં

આજે માનવી પોતાના મેરૂતુલ્ય દોષ જોતો નથી અને બીજાનાં અણુતુલ્ય છિદ્ર જોતો હોય છે. એટલે પૂ.ઉપાધ્યાયયશોવિજયજીને લખવું પડયું કે "જેહને નિંદાની ઢાળ છે, તપક્રિયા તસ ફોક" જેનામાં નિંદાની કુટેવ છે તેવા મનુષ્યની તપક્રિયા ફોક છે. કેટલાં કડક શબ્દો ઉચ્ચાર્યા છે ! આજે ધર્મક્રિયાઓ ફળતી નથી તેનું કારણ પાયામાં આવા મોટા દોષો રહી ગયા છે. પાયામાં જ હાડકાં રહી ગયા હોય તો ઈમારતનાં ચણતર કામમાંભલીવાર કયાંથી આવે ? જિનાલય જેવાં જિનાલયનું બાંધકામ કરવું હોય તો તેના પાયામાં હીરા, માણેક, સુવર્ણ નાંખવું જોઈએ તેમ ધર્મ, રૂપ, ભવ્ય પ્રાસાદ ચણવો હોય તો તેનાં પાયામાં નીતિ, ન્યાય, પ્રામાણિકતા, સત્ય, અહિંસા, સ્વદારા સંતોષ, અલ્પપરિગ્રહ, મૈત્રિ, પ્રમોદ રૂપી સદ્‌ગુણ હોવા જોઈએ તો જ ધર્મરૂપી પ્રાસાદનું ભવ્ય બાંધકામ થાય.

આ તો પ્રસંગોપાત વિવેચન કર્યું. આવા શિક્ષણની આજે અગત્યની જરૂર છે. આપણી મૂળ વાત એ હતી કે સિંહગુફાવાસી મુનિ મહાન સમર્થ અને જ્ઞાની હોવા છતાં સ્થૂલિભદ્રજીનાં ઉત્કર્ષને સહી ન શકયા અને બીજી સાલનું ચાતુર્માસ કોશાને ત્યાં રહેવા માટેની ગુરુ ભગવંત પાસે અનુજ્ઞા માંગે છે. ગુરુ ભગવંત કહે છે, આમાં તારૂં કામ નથી, પ્રતિકૂળ પરિષહ સાધુ-

પણામાં જિતાવવા સહેલાં છે પણ અનુકૂળ પરિષહ જિતાવવા સહેલાં નથી. માટે કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવા અંગેનો આગ્રહ તું મૂકી દે, છતાં સિંહગુફાવાસી સ્થૂલિભદ્રજીની હરીફાઈમાં ગુરુ આજ્ઞાની ઉપરવટ થઈને કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવા જાય છે. કોશા તેમનેચિત્રશાળામાં જઉતારો આપે છે.તેમનીસાથેનાંથોડીક વારનાં વાર્તાલાપમાં કોશા સમજી ગઇકે આ તો સ્થૂલિભદ્રજીની હરીફાઈમાં અહીં આવેલાં છે. કોશા મનમાં નિર્ધાર કરે છે કે હું એમને ઇર્ષ્યાનું બરાબર ફળ બતાવી આપું. રાત્રિનાં સમયે કોશા સોળ શણગાર સજીને તે મુનિ સમક્ષ આવીને ઊભી રહી. અંગોપાંગને અનેક પ્રકારે મરોડ આપતી કોશા મુનિ સમક્ષ અનેક પ્રકારે હાવભાવાદિની ચેષ્ટાઓ કરે છે. એ તો આપણે પહેલા જ કહી ગયા કે કોશા રૂપરૂપના અંબારસમી હતી. જ્યાં સોળ શણગાર સજીને કોશા મુનિ સમક્ષ આવીને ઊભી રહે છે ત્યાં મુનિનું મન એક ક્ષણવારમાં ચલિત થઇ જાય છે. સિંહની ગુફા આગળ ચાર ચાર મહિના નિર્ભિકપણે પસાર કરનારા કોશાને ત્યાં એક અહોરાત્ર નિર્વિકારપણે પસાર કરી શકયા નહિ. પોતાનાં તપનાં પ્રભાવથી સિંહ જેવા મહાભયંકર પ્રાણીને થંભાવી દેનારાં મુનિને કામદેવે એક ક્ષણવારમાં થંભાવી દીધાં! ઘડીભરને માટે આખી દુનિયાને થંભાવી દેનારા અંદરની કામવાસના આગળ એક ક્ષણવારમાં થંભી જાય છે. માટે કહેવું હોય તો એમ જરૂર કહી શકાય કે આ પડતાં કાળમાં જેણે કામને જીત્યો તે કલીકાલનો રામ છે એમ મમજવું, કામ એ શેતાન છે. તેને ઉચાળા ભરાવવા હોય તો હૃદયમાં ભગવાનને બિરાજમાન કરો.

રત્નકંબલ મેળવવા નેપાલ દેશ ભણી

મનથી ચલિત થઈ ગયેલા મુનિ કોશાની આગળ ભોગ-સુખની માંગણી કરે છે. કોશા કહે છે જેની પાસે દ્રવ્ય હોય તેનું અહીં કામ છે. આ સ્થાનમાં નિર્ધન સન્માનને પામી શકે નહિ. મુનિ વિચારમાં પડી જાય છે કે હું નિર્ગ્રંથ છું. મારી પાસે દ્રવ્ય કયાંથી હોય ? ઊંડાણથી ચિંતન કરતાં મુનિને એક વાત યાદ આવી જાય છે કે નેપાળ દેશનો રાજા પહેલવહેલા જે કોઈ સાધુ ત્યાં જઈ ચડયા હોય તેમને રત્નકંબલ વહોરાવે છે. બસ પછી તો મુનિ નેપાળદેશ ભણી ભરચોમાસાની સીઝનમમાં વિહાર લંબાવે છે. મુનિ મનમાં ચિંતવે છે કે રત્નકંબલ લાવીને આ કોશાના ચરણે ધરી દઉં.. પછી કામ સુખ ભોગવવા અંગેની મારી મનોવાંછા આ કોશા જરૂર પરિ-પૂર્ણ કરશે. કોશા સ્થૂલિભદ્રજીથી ધર્મ પામેલી છે. એ સ્વરૂપમાં કોશાને મુનિ ઓળખી શકયા નહિ.

રત્નત્રય આગળ રત્નકંબલની શી કિંમત !

મુનિવિહાર લંબાવીને નેપાળ દેશમાં મહામુશીબતે પહોંચ્યા, રાજાની પાસે રત્નકંબલની માંગણી કરી. એટલે રાજાએ મુનિને મહાકિંમતી કંબલ વહોરાવી. રત્નકંબલ લઈને પાછા ફરતાં રસ્તામાં ચોરોએ કંબલ લૂંટી લીધી. મુનિને ફરીવાર રાજાએ કંબલ વહોરાવી. બીજીવાર ત્યાંથી વિહાર લંબાવીને મુનિ ઘણાં કષ્ટો વેઠવા પૂર્વક પાટલીપુત્ર નગરે પહોંચ્યા. મહાકિંમતી રત્નકંબલ કોશાને અર્પણ કર્યું. એક ક્ષણિક કામવાસના પોષવા મુનિને કેટલા કષ્ટો વેઠવા પડયા છે. એટલા કષ્ટો જીવ જો કર્મ નિર્જરાના ધ્યેયથી વેઠે તો કલ્યાણ થઈ જાય. રત્ન કંબલ જેવું કોશાને અર્પણ કર્યું કે કોશાએ તરત જ તેનાથી

પગ લૂછીને તેને બાળમાં ફેંકી દીધી. મુનિ કોશાને કહે, અરે! અભાગણી તે આ શું કર્યું? આ રત્નકંબલ કેટલું બધું દુર્લભ છે તે તું કાંઈ જાણે છે? કોશા કહે છે? હું તો ભલે અભાગિણી રહી પણ મુનિ તમે તો નિર્ભાગીઓમાં શિરોમણિ છો. મેં તો રત્નકંબલ બાળમાં નાખી, પણ તમે તો રત્નત્રય રૂપી ભાવ રત્નકંબલને વિષય વાસનાની ગટરમાં નાંખી રહ્યાં છો. હવે કોણ દુર્ભાગી અને કોણ સૌભાગી તેનો નિર્ણય મુનિ તમે જાતે કરી લેજો. એક તો જીવને મનુષ્યભવ જ દુર્લભ અને તેમાં વળી આર્યદેશ અને ઉત્તમ કુળની દુર્લભતા, ધર્મનું શ્રવણ અતિ દુર્લભ, શ્રવણ કર્યા પછી શ્રદ્ધા બેસવી એ તો અતિ દુર્લભ, શ્રદ્ધા બેઠા પછી સાધુ ધર્મની પ્રાપ્તિ તો વળી અતિ દુર્લભ, તેવા સાધુ ધર્મને પામીને તમે વમેલાં ભોગ સુખને ફરી ઝંખી રહ્યા છો તેના જેવી બીજી અધમતા કઈ છે? માટે મુનિ કંઈ વિચાર કરો. મુનિ! સ્થુલિભદ્ર જીની હરીફાઇએ નીકળ્યા છો પણ શુકન જોઈને નીકળ્યા નથી. મુનિ! એ વાત બરોબર લક્ષમાં લેજો. એ શકટાલ નંદન દુનિયામાં એક જ છે અને અદ્વિતીય પુરુષ છે. પુરુષોમાં એ સિંહ સમાન છે. એના મન ઉપરનો કાબૂ અને આત્મદમન અજોડ છે. મુનિ જે સ્થાનમાં તમે એક અહોરાત્ર પસાર કરી શક્યા નથી તે સ્થાનમાં સ્થૂલિભદ્રે એકસોવીશ અહોરાત્ર તદ્દન નિર્વિકાર-પણે પસાર કર્યા છે. હું તેમની પૂર્વાવસ્થામાં સંપૂર્ણ પરિચિત હોવાં છતાં કોઈ ઇંવાડે મને તેમનામાં વિકારીભાવનાના દર્શન થયા નથી. મુનિ તમે એની ચાલે કયાં ચાલવા ગયા? અગ્નિનાં સંયોગને પામીને ઘી ઓગળ્યા વિના રહે જ નહિ. બિલાડીનાં સ્થાનમાં ઉંદર રહે એ જેમ તેના માટે અતિ ભયજનક છે, તેમ મુનિ! સ્ત્રીનાં સહવાસમાં મુનિને રહેવું એ પણ તેમનાં ચારિત્ર માટે અતિ ભયજનક છે. આવા કોશાના મહામૂલાં વચનો સાંભળ્યા

પછી મુનિની બુદ્ધિ ઠેકાણે આવી અને કોશાને મુનિ કહે છેઃ ભવસમુદ્રમાં બુડતાં એવા મારા આત્માનો તેં ઉદ્ધાર કર્યો છે અને તેં હિતશિક્ષારૂપે મને જે વચનો કહ્યા છે તેની લાખ લાખ સોનામહોર કરતા પણ અનંતગણી કિંમત છે.

ઈર્ષ્યા, ત્યાગ અને ક્ષમાપના

સિંહગુફાવાસી ત્યાંથી પોતાના ગુરુ ભગવંતની સમીપે આવી પહોંચે છે. સૌથી પહેલાં મહામુનિ સ્થૂલિભદ્રજીને પુનઃ પુનઃ પગમાં પડીને ખમાવે છે અને ગદ્‌ગદ્ કંઠે કહે છેઃ પ્રભુ આપની ગત તો આપ જ જાણો. મારા જેવા પામરનું તેમાં કામ નહિં. જેમાંથી આપ જેવા પાર ઉતરે તેમાં મારા જેવાં ખૂંચી જાય. જે પરાક્રમીપુરૂષ હોયતેજસિંહણનાં આંચળમાંહાથનાંખીનેતેમાંથી દૂધ કાઢી શકે, કાચાપોચાનું તેમાં કામ નહિ. તેવી રીતે સ્ત્રીની સમીપમાં રહીને આપ જેવા જ કામ ઉપર વિજય મેળવી શકે. તેવા રસ્તે બીજા ચાલવા જાય તો ક્યાંનાં ક્યાં દૂર ફેંકાઈ જાય.

પછી પોતાના ગુરુ ભગવંતને કહે છે કે આપે સ્થૂલિભદ્રજી માટે જે ત્રણ વાર દુષ્કર દુષ્કર કહ્યું તે પ્રભુ! તદ્દન સત્ય છે. હવે મારી ભ્રમણા ભાંગી ગઈ છે. એ પ્રમાણે કહી પોતાના દોષની પોતે આલોચના કરે છે અને ફરીથી ચારિત્ર ગ્રહણ કરી સદ્‌ગતિને પામે છે. આ રીતે સિંહ ગુફાવાસીને પોતાની ભૂલનું ભાન થયું તો તેઓ પોતાનો આત્માર્થ સાધી ગયા. ભૂલનું ભાન થાય એ પણ ઘણી મોટી વાત છે. ન ભૂલે એ ભગવાન કહેવાય અને ભૂલે તે ઈન્સાન કહેવાય, પણ ભૂલે અને ભૂલ ન કબૂલે તે શેતાન કહેવાય, માટે ભૂલને પાત્ર તો સૌ છે પણ ભૂલને સુધારી લે એ જ ખરો બહાદુર છે.

છેલ્લે કવિ ઘટના કરે છે.–

"નામ રાખ્યું જેણે જગમાંહી
ચોરાસી ચૌવીસી લગે ત્યાંહી.
સાધુ પહોંચ્યા છે દેવલોકમાંહી રે
સ્થૂલિભદ્રમુનિ ઘેર આવે"

પોતાનાં સંયમ ધર્મનાં પ્રભાવે ચોરાશી ચૌવીસી સુધી સ્થૂલિભદ્ર મહામુનિનું નામ અમર રહેવાનું છે. આ કોઈ જેવી તેવી ઘટનાં નથી, અલૌકિક ઘટના છે. ચોરાશી ચૌવીસી સુધી જેઓ પોતાના નામને અમર કરી ગયા એ સ્થૂલિભદ્ર મહામુનિને આપણા કોડાનુકોડ વંદન હો—એ મહાપુરુષના સાધુ ચરિત્ર ઉપર લંબાણથી વિવેચન કરવામાં આવ્યું છે. સૌ એમાંથી સાર ગ્રહણ કરી ભવ પાર પામો એજ એક અભિલાષા!

સંસારી મોટે ભાગે મમતાને બળે જીવે છે; સત્તાધીશો અહંતાને બળે જીવે છે અને યોગીઓ સમતાને બળે જીવે છે.

સુખ અને દુઃખ બંને પોતાની કરણીનું ફળ છે, તેમાં બીજાને દોષિત ઠરાવવો એ ઘોર અજ્ઞાન છે.

મનો વિજ્ઞાન (પૂર્વાર્ધ)

આત્મદ્દનના વિષયનાં અનુસંધાનમાં આજથી મનોવિજ્ઞાનના વિષયપર વ્યાખ્યાનો શરૂ થાય છે.

વિષય અતિ ગહન અને ગંભીર છે. આપણે આગળના વ્યાખ્યાનોમાં કહી પણ ગયા કે મન અને ઈન્દ્રિયો પર વિજય મેળવવું એજ આત્મદ્દમન છે મન જિતાય એટલે ઈન્દ્રિયો તો જીતાયેલીજ છે. ઈન્દ્રિયોને સારે કે નરસે રસ્તે મન જ પ્રવર્તાવે છે. મન ઉપર કાબૂ હોય તો ઈન્દ્રિયો સંયમમાં પ્રવર્તે જ. મન જ બેકાબૂ હોય તો ઇન્દ્રિયો વિષયોમાં પ્રવર્તે. મન ઉપર ઘણો મોટો આધાર છે. "मन एव मनुष्याणां, करणं बन्ध मोक्षयो"। તત્ત્વદ્રષ્ટાઓએ સ્પષ્ટતયા ફરમાવ્યું છે કે મનુષ્યો માટે મન જ બંધનું કારણ છે અને મન જ મોક્ષનું કારણ છે. આ શ્લોકનો પૂર્વાર્ધ થયો. ઉત્તરાર્ધમાં વળી અલૌકિક ઘટના કરી છે. તેમાં કહ્યુ છે કે વિષયોમાં આસક્તિવાળું જે મન તે બંધનું કારણ છે અને વિષયોમાં વિરકત મન મોક્ષનું કારણ છે. વિરકત અને આસક્ત આ ભેદ સમજાઈ જાય પછી શું સમજવાનું બાકી રહે છે. જે ચીજમાંથી મન ઉઠી જાય તેમાં રસ રહે જ નહિ. વિષયોમાંથી એકવાર મન ઉઠી જાય પછી વિષયો કાંતીલ ઝેર જેવાં લાગે બાકી મન કેળવાય જ્ઞાન અને વૈરાગ્યથી જ્ઞાન અને વૈરાગ્ય એ મનને કેળવવા માટેનાં બે અદ્ભુત સાધના છે કેટ

લીક વાર મનુષ્યો વિણ ખાધે અને વિણ ભોગવે નાહક કર્મ બાંધતા હોય છે. અને તેવા મનુષ્યોનો માનસિક આર્ત્તધ્યાન તો કેમે ટળે નહીં. તેવા મનુષ્યોનાં કાજળથી પણ શામળા મનના પરિણામ હોય છે. પરિણામ અંદરથી નિર્મળ ન થાય ત્યાં સુધી એકલી કાયિક ક્રિયાથી પણ શો અર્થ સરવાનો છે.

વિપાક સંબંધી ચિંતવના

મૈત્ર્યાદિ ચારે ભાવનાઓનાં ચિંતનથી મનના પરિણામને સુધારી શકાય છે. તેમાં બાર ભાવનાઓનું ચિંતન પણ અતિ ઉપયોગી છે. ભાવનાઓનાં ચિંતનથી જ અંદરનાં રાગ દ્વેષાદિનો ક્ષય થાય છે. સંસારનાં પદાર્થોની અનિત્યતા અને જગત આખાનું અશરણપણું અહર્નિશ વિચારવામાં આવે તો કર્મોનાં બંધન શિથિલ થયા વિના રહે જ નહીં. શરીરથી અટકી ગયેલાં મનુષ્યો પણ આ રીતે શુભભાવનાઓનાં ચિંતનથી પોતાનાં પરિણામને સુધારી શકે છે. જ્યારે તનથી ધર્મ ન થાય ત્યારે આ રીતે મનથી પણ ધર્મ થઈ શકે છે. ગમે તેવા અશુભોદયનાં કાળમાં પણ મન આર્ત્તધ્યાનમાં ન પડી જાય તે માટે સતત્ જાગૃત રહેવાની જરૂર છે. જેમ પૂ. વીરવિજયજી મહારાજે ફરમાવ્યું છે કે,

" મિથ્યાત્વે વાહયો રે, આર્ત્તધ્યાન ધરે "
" તુજ આગમ વાણી રે. સમકિતી ચિત્ત ધરે "

મિથ્યાત્વનાં તીવ્ર ઉદયવાળા જીવો ડગલે ને પગલે આર્ત-ધ્યાન ધરતા હોય છે. જ્યારે સમકિતી પોતાની ઉપર ચોમેરથી ઉપરાઉપરિ દુઃખો પડતા હોય તેવા સમયે પણ જિનવાણીનું આલંબન અંગીકાર કરે છે. ઉપરાઉપરી દુઃખો પડતા

હોય ત્યારે કર્મોના વિપાક સંબંધી ચિંતવના કરવી એ પણ એક પ્રકારનું ધર્મધ્યાન છે. કર્મવિપાક સબંધી ચિંતવના કરવાથી મન આર્તધ્યાનથી બચી જાય છે. મનને સાધી લેતાં આવડે તો સિદ્ધિ હાથવેંતમાં છે. કિમિયાગર લોકો પૂર્વકાળમાં સુવર્ણસિદ્ધિ માટે કાચાપારાને સાધતા તેમાં કાચો પારો સધાય એટલે સુવર્ણ સિદ્ધિ તેમ મન સધાઈ જાય તો મોક્ષની સિદ્ધિ. જેણે મનને સાધી લીધું તેને મોક્ષ મેળવવું એ ઘણું સહેલું છે. બાકી મનને સાધી લેવું એ સહેલી વાત નથી આજે ઘણાં કહી દેતાં હોય છે કે 'મન ચંગા તો કથરોટમેં ગંગા' મગર મન લફંગા હોવે તો ફિર કિધર ગંગા હૈ ફિર સમજ લેના કિધર ભી ગંગા નહિં હૈ !

"મનને વશ કરવાના ઉપાયો"

મનની ચંચલતા અંગે શ્રી અર્જુન જેવાને પણ મનમાં મુંઝવણ ઉભી થયેલી. શ્રી કૃષ્ણ અર્જુનને યોગમાર્ગ અંગેનો ઉપદેશ આપે છે. ત્યારે અર્જુન શ્રીકૃષ્ણને કહે છે કે ચંચલ એવા મનથી પ્રભુ? યોગ શી રીતે સાધી શકાય.

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये, वायोरिवसुदुष्करम् ॥

કૃષ્ણ! મન અતિ—ચંચળ છે, ચંચળ છે એટલું નહિ ઉન્મત્ત અને અતિ બલવત્તર છે. અને તે મનનો નિગ્રહ મને તો વાયુનાં નિગ્રહ કરતા પણ દુષ્કર જણાય છે. માટે પહેલા મનોનિગ્રહ માટે નો ઉપાય બતાવો. અને પછી યોગ માર્ગનો ઉપદેશ કરજો. પ્રત્યુત્તરમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે,

असंशयं महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय, वैराग्येण च गृह्यते ॥

"હે! અર્જુન તમારી વાત શંકા વિનાની છે. મનનું નિગ્રહ ખરેખર અતિ દુષ્કર છે. છતાં અભ્યાસ અને વૈરાગ્યનાં બળે ચંચળ એવા મનનો પણ નિગ્રહ કરી શકાય છે. શ્રીકૃષ્ણે અર્જુનની શંકાનું સમાધાન કર્યું છે પણ પ્રત્યુત્તર આપવાની શૈલી કેટલી બધી ગંભીર છે, જ્યારે આજે તો સામા માણસની પુરી વાતે સાંભળે નહિ. હજી તો પેલાએ પુરી વાત ન કરી હોય ત્યાં વચમાં જ તોડી નાખે! જ્યારે આ તો મનોનિગ્રહ અંગેના ઉપાય બતાવતા પહેલાં કહે છે. અર્જુન! તમારી વાત શંકા વિનાની છે. અને ત્યારબાદ ઉપાયો બતાવે છે. આવી શૈલીથી સમજાવવામાં આવે તો સામાને પણ શેર લોહી ચડે કે નહીં? માટે તમે લોકો પણ ઘણીવાર અમુક પ્રશ્નોનાં ઉકેલ માટે ભેગા થાઓ છો એ સમયે પ્રત્યુત્તર વાળવાની આ શૈલી લક્ષમાં રાખજો, આવી શૈલીમાં વાત કરવામાં આવે તો કોઈ સાથે વાદ વિવાદ કે વિખવાદનું કારણ જ ઊભુ ન થાય. વાણીમાં અમૃત પણ છે અને ઝેર પણ છે. વાણી એવી હોય કે સામો માણસ પાણી થઈ જાય. પ્રત્યુત્તર વાળવાની શૈલી એવી હોય કે ગમે તેવો અક્કડ માણસ એક વાર નમ્ર બની જાય. **અભ્યાસ અને વૈરાગ્યનાં બળે ચંચળ મનને પણ વશ કરી શકાય છે.** કેવો સુંદર ઉપાય બતાવ્યો? યમનિયમાદિનું પાલન, સત્ સંગ, સ્વાધ્યાય એને અભ્યાસ કહી શકાય અને સંસારનાં બધા પદાર્થોની ક્ષણભંગુરતા વિચારતા તે તરફનો રાગ જે ઓછો થાય તે જ વૈરાગ્ય, જેમાં સાર હોય તેમાં મન દોડે પણ એમ લાગી જાય કે બધુ અંતે નિઃસાર છે. પછી મન શેમાં જાય. રસ્તામાં મણિ માણેક પડ્યા હોય તો માણસનું રસ્તા પરથી પસાર થતાં ધ્યાન ખેંચાય, કોહીનૂરને બદલે એકલા

કંકર પડ્યા હોય તો તેમાં શેનુ ધ્યાન ખેંચાય ? તે તરફ કોઈ નજરે નહીં કરે, કારણ કે જાણે છે આમાં શું છે, ત્યારે જ્ઞાની કહે છે કે મણિમાણેક કે મુક્તાફળમાં એ શું છે ? તત્વ દૃષ્ટિએ એ પણ પૃથ્વીકાયનાં જ પ્રકારો છે. ભલે બન્ને વચ્ચેનો વિવેક હોય પણ જ્ઞાન દૃષ્ટિ પ્રગટ્યા પછી રાગ દ્વેષની બુદ્ધિ ન હોય. મૃત્યુના સમયે મણિમાણેકે જીવનું રક્ષણ કરવાને સમર્થ નથી. એ બધાનાં સંયોગથી ક્યારેક જીવને આફતમાં મુકાવવું પડે છે. અનેકો સાથે ઘર્ષણ પણ એમાંથી પેદા થાય છે ભાઈ–ભાઈ વચ્ચે વૈમનસ્ય પણ એમાથી સર્જાય છે. માટે સોનું રૂપુ કે મણિ માણેકે નિઃસાર છે, આમ દરેક પદાર્થની નિઃસારતા સમજાતા મન બધેથી પાછું હઠીને અંતે સ્વરૂપમાં વિશ્રાંતિ પામે છે. માટે અભ્યાસ અને વૈરાગ્ય મનનાં નિગ્રહ માટેના શ્રેષ્ટ ઉપાયો છે.

આજે ઘણાં અમને પ્રશ્ન કરે છે કે મહારાજશ્રી ! આ મનને જીતવા માટેનાં ઉપાય શું ? ધાર્મિક પ્રવૃતિમાં મનની સ્થિરતા કેમ નહિ જળવાતી હોય ? માળા ગણવા બેસીએ ત્યારે જ મન કેમ બીજે ભટકવા જાય છે ? આ બધા પ્રશ્નોનો જવાબ ઉપરોક્ત વિવેચનમાં આવી જાય છે– **માળા ગણતાં મન ભટકવા જાય છે પણ નોટોનાં બંડલ ગણતાં મન કયાંય બીજે ભટકવા જાય છે ?** હું નથી માનતો નોટોનાં બંડલ ગણતાં મન કયાંય બીજે ભટકવા જતું હોય ? ત્યારે માળા ફેરવતા જ મન કેમ બીજે ભટકવા જાય છે. તેનું કારણ એજ કે માળા નિઃસાર માની છે અને નોટોનાં બંડલમાં સાર માન્યો છે. માળા ફેરવતા તો ઘણાંને ઝોલા પણ આવી જાય છે અને કેટલીકવાર તો માળા હાથમાંથી નીચે પણ પડી જાય છે. જેમાં જીવને રસ હોય તેમાં મન ચોંટે છે અર્થાર્જનની

પ્રવૃતિમાં જીવને રસ છે તો તેમાં મન પરોવાઈ જાય છે તેવો રસ જો ધર્મ પ્રવૃતિમાં હોય તો મન તેમાં પણ ચોંટી જાય.

વ્યાપારમાં લીન અને ભજનમાં દીન

પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે ફરમાવ્યું છે કે

"લીન ભયો વ્યવહારમેં રે યુગતી ન ઉપજે કોય
દીનભયો પ્રભુપદ જપે રે મુગતી કહાંસે હોય."

વ્યવહારમાં–વ્યાપાર વાણિજ્યમાં જીવ એટલો બધો લીન બની જાય છે કે બીજી કોઈ પ્રવૃતિમાં એ સમયે એનું મન પરોવાતું નથી. ગ્રાહક સાથેનો સોદો પતાવતા હો અને ભોજનની વેળા થઈ જતા, ઘરવાળા જમવા માટેનું આમંત્રણ આપવા આવ્યા હોય એજ સમયે ઘરવાળાને પણ શું કહી દો કે હમણાં મને જરાએ ફુરસદ નથી. ઘરનાં બીજા બધાને જમાડી દો, મારી રાહ હમણાં જોતાં નહીં–મને હમણાં ગ્રાહક સિવાય બીજા કોઈ સાથે વાત કરવાનીએ ફુરસદ નથી અથવા તો અહિં દુકાને જ ભાણું મોકલી દેજો. હું મારી અનુકૂળતાએ પતાવી લઈશ. હમણાં આ વ્યાપારની સીઝન છે. માટે ખાવાપીવા અંગેની મારી ચિન્તા કરતા નહિ? કહો વ્યાપાર વાણિજ્યમાં મન કેવું લીન બને છે. તેની લીનતામાં તો ખાવા પીવાનું પણ ભૂલી જાય છે. એનો એ માણસ જ્યારે પ્રભુપદ જપતો હોય ત્યારે તદ્દન દીન બનીને જપતો હોય છે. ત્યારે જ્ઞાનીઓને કહેવું પડયું છે કે આવા જીવની મુક્તિ કયાંથી થાય? જેમાં લીન બનવાનું છે તેમાં દીન બને ને જેમાં દીન બનવાનું છે તેમાં લીન બને છે. આ જીવની શું જેવી તેવી અવળાઈ છે. **શ્રી નાગકેતુ પૂજા કરતા પરમાત્મ**

સ્વરૂપમાં એવા લીન બન્યા કે ત્યાંને ત્યાં કેવળજ્ઞાન પામ્યા. તેમની આંગળીએ સર્પે ડંશ દીધેલો છતાં નાગકેતુએ લીનતા ન છોડી. મમ્મણશેઠની લીનતા ભજકળદારમાં હતી તો મમ્મણશેઠ સાતમી નરકે ગયા. હવે તમે પણ નિર્ણય કરી લેજો કે લીનતા શેમાં કેળવવી, મન તો કોઈને કોઈ પ્રકારનાં વિષયમાં જોડાવવાનું જ છે. તમે એને શુભમાં નહિ જોડો તો એ અશુભમાં જોડાશે. મનને શુભ ધ્યાનમાં જોડવામાં પ્રયત્ન કરવો પડે છે અને દુર્ધ્યાનમાં મન સહેજે જોડાઈ જાય છે. કારણ કે અનાદિનો અભ્યાસ અવળો છે, છતાં આપણે પ્રયત્ન જો ચાલુ જ રાખીએ તો જતે દહાડે પણ મન શુભધ્યાનમાં જોડાઈ જાય. કોઇ પણ કાર્યની સિદ્ધિ પ્રયત્નથી જ થાય છે. સુતેલાં સિંહના મુખમાં મૃગલાઓ આવીને પડતા નથી. તેને પણ પ્રયત્ન તો કરવો જ પડે છે. ઉદ્યમ વિના સિદ્ધિ છે જ નહીં. તેમ મનને શુભ ધ્યાનમાં ન જ જોડી શકાય તેવી કોઇ વાત છે જ નહીં.

કર્મનું કારખાનું

મનને પહેલાં તો નવરૂ જ ન પડવા દેવું. નવરૂં પડેલું મન શેતાનનું ઘર કહેવાય. અથવા પ્રતિ સમય નવા બંધાતા કર્મોનું કારખાનું કહેવાય. તમારી કહેવતમાં પણ કહેવાય છે કે નવરા નખોદ વાળે ! માટે મનને કોઇ ને કોઈ પ્રકારની શુભ પ્રવૃતિમાં જોડી રાખવું. ભગવાન ઉમાસ્વાતિ આ વિષય અંગે પ્રશમરત્તિ નામે ગ્રંથમાં ફરમાવે છે કે,

પૈશાચિકમાખ્યાનં, શ્રુત્વા ગોપાયનં ચ કુલવધ્વાઃ ।
સંયમયોગૈરાત્મા. નિરંતર વ્યાપૃતઃ કાર્યઃ ॥

બે દૃષ્ટાંતો

પિશાચ સંબંધી વાર્તા અને કૂળવધુના રક્ષણ અંગેની ઘટના સાંભળીને મુમુક્ષુએ પોતાના ત્રણે ત્રણ યોગને શુભમાં પ્રવર્તાવવા અર્થાત્ સંયમના પાલન વડે નિરંતર આત્માને શુભમાં પ્રવર્તાવવો ? ત્રણે ત્રણ યોગ મનુષ્યોનાં મોટે ભાગે અશુભમાં જ પ્રવર્તતા હોય છે. સાધુપણામાં આવ્યા પછી પણ નિરંતર શુભમાં પ્રવર્તનારાં વિરલા છે. સાધુપણાનો સ્વાંગ સજીને પણ આજે ઘણાં સાધુઓ એકલી બાહ્ય પ્રવૃતિઓમાં પડી ગએલાં હોય છે. જે જે કાર્યો ગૃહસ્થોને કરવાના હોય છે તેનો વહીવટ લઇને સાધુઓ બેસી ગયા છે. આ બધા પડતીના એંધાણ છે. મૂખ્યપણે જેમાં સ્વનું સાધવાનું હોય છે. તેને બદલે એકલા પરમાં જ પડી જવું એ શું સાધુપણાની મર્યાદા છે, પણ આજે સંઘમાં કોઈ એવું બંધારણ જ નથી રહ્યું. એટલે કોઈ કોઈને પૂછનાર છે નહી.

પિશાચની શરત

ગાથામાં ઉમાસ્વાતિજીએ પિશાચ સંબંધી વાર્તા અને કૂળવધુનાં દ્રષ્ટાંતનો ઉલ્લેખ કર્યો છે– કોઈ એક વણિક ગૃહસ્થે અમુક પ્રકારની મંત્રવિદ્યા વડે એક પિશાચને વશ કર્યો. મંત્ર-વિદ્યાના પ્રયોગ વડે પિશાચ વણિકને આધીન થયો ખરો, પણ વચમાં એક તેણે એ રીતની શરત રાખી કે મને કંઈને કંઈ નિરંતર કામ બતાવતા રહેજો. કારણ કે કામ એજ મારો ખોરાક છે. જે દિવસે મને કોઈપણ પ્રકારનાં કામમાં નહીં લગાડો તે દિવસે હું તમારો વધ કરી નાંખીશ, માટે મને કામ સોંપશો ત્યાં સુધી તમારો વિકાસ છે અને જે દિવસે કામ નહીં આપી

શકો તે દિવસે તમારો વિનાસ છે, તમારે મને આધીન રાખવો હોય તો આ શરતનું તમારે પાલન કરવાનું છે.

પિશાચની જેમ મનને કામે લગાડો

શેઠ મનમાં વિચારે છે મારે ત્યાં કામનો કયાં દુકાળ છે. મોટા પાયા પર મારે વ્યાપાર ચાલે છે અને ડગલેને પગલે કામતો ઉભું જ હોય છે. એટલે પેલા પિશાચની શરત કબુલ રાખી અને પિશાચને કામે લગાડી દે છે. ઘડીકમાં તેને ઘર બાંધવાનું કામ સોંપે છે તો ઘડીકમાં ધન ધાન્યાદિ લાવવા અને સુવર્ણ રજત મણિ માણેક વગેરે ઈષ્ટસામગ્રી સંપાદન કરવાનું કાર્ય સોંપે છે. પિશાચે પોતાની દૈવી શક્તિના પ્રભાવે એ બધાં કાર્યો થોડાક જ વખતમાં પતાવી દીધાં. શેઠ જે કાંઇ કામ સોંપે તે કાચી સેકંડમાં પતાવી આપે, હવે શેઠને મનમાં મુંઝવણ વધતી જાય છે કે કામ હવે ખુટવા આવ્યું છે અને આ પિશાચ કયાંય મને પતાવી દેશે ? એટલામાં ગામમાં કોઈ જ્ઞાની ગુરુ આવ્યા અને શેઠ જ્ઞાની ગુરુની સમીપે જઈને પોતાની મુંઝવણની વાત કરે છે. જ્ઞાની ગુરુ કહે છે શેઠ તમારે આમાં મુંઝાવા જેવું શું છે– મારી વાત તમે ધીરજથી સાંભળો. હું તમારી મુંઝવણનો કોયડો ઉકેલી આપું· શેઠ કહે છે તો તો આપે મારી પર અનંત ઉપકાર કર્યો કહેવાશે અને આપના તરફથી મને જીવીતદાન મળ્યું માનીશ.

ત્યારબાદ જ્ઞાની ગુરુ શેઠને કહે છે કે શેઠ તમે જંગલ· માંથી ત્રણ વાંસડા મંગાવો. તેમાંથી બે સામસામા ખોડાવજો અને એક વાંસડો બંને સામસામા ખોડાવેલા વાંસડાની ઉપર ચડાવજો. પછી પેલા પિશાચને કહી દેજો કે તને બીજા કોઈ પણ કામે ન લગાડું ત્યાં સુધી વાંસડાની ઉપર તું ચડઉતરની

ક્રિયા કર્યા કર. બસ આ તને કાયમનું કામ સોંપવામાં આવે છે. ગુરુ ભગવંત પાસેથી આ ઉપાય સાંભળીને વણિક પોતાને ઘેર આવીને તે મુજબ જ વાંસડા જમીનમાં ખોડાવીને પેલા પિશાચને કામે લગાડી દે છે. પિશાચને કામ મળી જતા વણિક ઉપરનો ઉપદ્રવ સદાકાળને માટે દૂર થઈ જાય છે અને વણિક ગૃહસ્થ સદા સર્વદા ભયમુક્ત બને છે. અંતે પિશાચ કંટાળીને કહે છે કે મને કામ પડે બોલાવજો હવે હું અહિંથી વિદાય લઉં છું. શેઠ તમે મને બરા ગુરુ મલ્યા. અંતે હું હાર્યો અને તમે જીત્યા. આ તો એક દૃષ્ટાંત છે. આ દૃષ્ટાંત હવે આપણે મન ઉપર ઘટાવવાનું છે દુર્ધ્યાનમાં ચડેલા મનને પણ પિશાચની જ ઉપમા ઘટે છે. એ મનરૂપી પિશાચને તમારે પડકાર કરીને કહી દેવું કે તને કોઈપણ પ્રકારની બીજી શુભ પ્રવૃત્તિમાં જોડવામાં ન આવે ત્યાં સુધી અંદર નવકાર ગણ્યા કર ? **નમસ્કાર મહામંત્રનાં ધ્યાનમાં મન પરોવાઈ જાય એટલે મનમાં બીજા નબળાં વિચાર આવવાનો અવકાશ જ ન રહે. શુભ ધ્યાનમાં જોડાએલાં મનને દુર્ધ્યાનરૂપી રાક્ષસો છળી શકતા નથી.** નવરું પડેલું મન દુષ્ટ વિચારોથી તરત ઘેરાઈ જાય છે. માટે જરા નવરાશ મળે કે તરત નવકારને સંભારવો. હ�ૃદયમાં નવકારની ધૂન રહે એટલે બીજાં નબળાં વિચારોને અવકાશ મળે જ નહીં.

દિવ્ય દર્શન

બીજું દૃષ્ટાંત કુળવધૂનું છે. કોઈ એક ગૃહસ્થની પુત્રવધૂ અત્યંત સ્વરૂપવાન હતી, પણ તેને અશુભના ઉદયે વૈધવ્યની પ્રાપ્તિ થયેલી. તેનાં અદ્‌ભુત સૌંદર્યને જોઈને કોઈ એક જાર કર્મ કરનારા પુરુષે તેની પાસે વિષયભોગ માટેની પ્રાર્થના કરી તેની પ્રાર્થના તેણીએ કબૂલ રાખી. આવો તેનો અભિપ્રાય તેણીનાં સાસુ સસરાએ જાણી લીધો અને તેણીનાં સાસુ સસ-

રાને મનમાં થયું કે આ તો કયારેક આપણાં કુળને કલંક લગાડી દેશે, માટે આને ઘરનાં કામકાજમાં જોડી દેવી જોઈએ જેથી આના મનમાં બીજાં કોઈ નબળાં વિચારો ન આવે. આ રીતે વિચારીને તેણીની માથે સઘળો ઘર વ્યાપાર નાંખી દીધો. હવે ઘરનાં સઘળાં કામકાજ અંગેનો બોજો તેણીની માથે પડવાથી તેને નિદ્રા લેવાની પણ ફુરસદ મળતી નથી. આથી પેલી વિષય ભોગ સંબંધી કબુલાત તેનાં મગજમાંથી નીકળી ગઈ. એ રીતે સાધુઓએ પણ સંયમ વ્યાપારમાં પોતાના મનને, વચનને અને તનને એવા પરોવી દેવાં કે બીજાં કોઇ વિષયનાં લગતાં આલતુફાલતુ વિચારો મગજમાં આવે જ નહિં—કેવી અદ્‌ભુત ઘટના ઉમાસ્વાતિજીએ આ ગાથામાં કરી છે ! આવા મહાપુરુષોને જ જ્ઞાનીએ ખરેખરા દિવ્ય દૃષ્ટા કહ્યા છે અને મહાપુરુષોએ આપણને દર્શન જ નથી કરાવ્યું, પણ દિવ્ય દર્શન કરાવ્યું છે. આવું સ્પષ્ટ દર્શન થયા પછી તો માનવી ઘણી સહેલાઇથી પોતાના મનને અંકુશમાં રાખી શકે છે.

મનરૂપી મર્કટ

ઘણી જગ્યાએ મનને વાંદરની ઉપમા દેવામાં આવે છે, પણ વાંદરાની ચંચલતા કરતાંયે મનની ચંચળતા ઘણી વધારે છે. પૂ. હેમચંદ્રાચાર્યજી યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે :

मनःकपिरयं विश्वपरिभ्रमण लंपटः ।
नियंत्रणीयो यत्नेन, मुक्तिमिच्छुभिरात्मनः ॥

આ મનરૂપી કપિ (વાંદરો) આખાયે વિશ્વમાં પરિભ્રમણ કરવાના લંપટ સ્વભાવવાળો છે માટે મુક્તિ મેળવવાની ઈચ્છા રાખનારાં દરેક મુમુક્ષુઓએ પ્રયત્નપૂર્વક તેનો નિગ્રહ કરવો—

હવે કયાં વાંદરાની ચંચલતા અને કયાં મનની ચપલતા ! વાંદરા તો અમુક એનાં સર્કલમાં જ પરિભ્રમણ કરતા હોય છે. અમે એકવાર ધોરાજી ચાતુર્માસ હતા. ધોરાજીથી જુનાગઢ ચૌદ માઈલ જ દૂર છે. જુનાગઢ પાસે આવેલાં ગિરનારજી પર્વતમાં ઘણાં વાંદરા રહે છે. પણ તે વાંદરાને કોઇપણ દિવસે ધોરાજીમાં અમે જોયાં નથી. કયારેક કોઈવાર ભૂલા પડી ગયા હોય એ જુદી વાત છે બાકી પોતાના સર્કલમાં જ એ પરિભ્રમણ કરતાં હોય છે. એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર અને બીજા ઝાડ ઉપરથી ત્રીજા ઉપર આમ કુદાકુદ કર્યા કરે, પણ પોતાની હદમાં રહીને કરે. જ્યારે આ મનમર્કટ તો આ ક્ષણે અહીં હોય તો બીજી જ ક્ષણે દિલ્હી આગ્રા પહોંચે અને ત્રીજી જ ક્ષણે ન્યુયોર્ક પહોંચી જાય. રોકેટનાં વેગ કરતાં મનનો વેગ અનંતગણો છે.—હવે આમાં વાંદરાની ચંચલતા શા હિસાબમાં છે ? આ તો વાંદરાની જાતમાં લાંબી અક્કલ નહિ. નહિ તો તો મનને વાંદરાની ઉપમા આપનારા ઉપર એ બદનક્ષીનો કેસ માંડત ? અને કોર્ટમાં પૂરવાર કરી આપત કે આ માનવજાત અમને મનની સાથે સરખાવીને વગોવે છે. પણ વાંદરા વતી કેસ લડે કોણ ? ખરેખર આ ઘટના સમજવા જેવી છે. આજે સામાયિક પ્રતિક્રમણમાં બેઠેલાઓનું મન પણ હેકાણે રહેતું નથી, મનને જ્યાં ત્યાં ચોમેર આપણે ભમાડતા જ હોઈએ છીએ ? પણ એથી કયો અર્થ સરવાનો છે.

પદાર્થ માત્ર અંગેનું સમ્યક્‌દર્શન

મન મર્કટની જેમ ચોમેર ભમ્યા કરે છે તેનું કારણ જીવની દૃષ્ટિ શુદ્ધ થઇ નથી. જીવ સમ્યક્‌ત્વ ગુણને પામી જાય તો દર્શન શુદ્ધિની સાથે અંદરનાં માનસિક ભાવોમાં અજબ

પરિવર્તન આવી જાય. જીવનમાં જેમ દેવ ગુરુ અને ધર્મ અંગેનું સમ્યક્‌દર્શન જોઈએ વીતરાગ અને સર્વજ્ઞને જ દેવાધિદેવ માની શકાય. નિર્ગ્રંથ અને ત્યાગી હોય તેમનેજ ગુરુ માની શકાય. સર્વજ્ઞ ભગવંતોએ ઉપદેશેલા ધર્મને જ ધર્મ માની શકાય, આ દેવ ગુરૂ અને ધર્મ અંગેનું સમ્યક્‌દર્શન છે તેમ પદાર્થ માત્ર અંગેનું સમ્યક્‌દર્શન હોવું જોઈએ. આ શરીર અંગેનું પણ સ્પષ્ટ દર્શન હોવું જોઈએ, કે આ શરીર અંતે સડણ (સડવાનું), પડણ (પડવાનું) અને વિધ્વંસન (નાશ) સ્વભાવવાળું છે. ગમે તેટલું આ શરીરને પુષ્ટ બનાવવામાં આવેછતાંતેનોઅંતેનાશ થવાનો છે. માટે શરીર વિનાશીછે.તમેજે મકાનમાં વસવાટ કરીને રહ્યા છો તે અંગેનું પણ સ્પષ્ટ દર્શનહોવું જોઈ એ, કે આ મકાન ભલે મારા પોતાના માલિકીનો છે, પણ એક દિવસે મારે આ મકાનમાંથી વિદાય લેવાની છે, માટે ખરી રીતે તો આ મુસાફરખાના રૂપજ છે. માતા પિતા, ભાઈ ભગિની વિગેરે જે કુટુમ્બીજનો સાથે તમે રહ્યા છો તે અંગેનું પણ દર્શન હોવું જોઈએ કે હું અને આ બધા સંબંધીજનો અંતે પંખીના મેળા રૂપ છીએ. સંપત્તિની પાછળ અંતે વિપત્તિ છે. લક્ષ્મી કોઇ એકને વળગીને રહેનારી નથી, માટે જ્ઞાનીઓએ તેને ચપળા કહી છે. હાથીના કાન જેમ સ્થિર હોતા નથી તેમ તન, ધન કે યૌવન કાંઇ પણ દુનિયામાં સ્થિર નથી, બસ આનેજ સમ્યક્‌દર્શન કહેવામાં આવે છે. આ રીતનું દર્શન થયા પછી જીવ કર્મોદયથી સંસારમાં રહ્યો હોય પણ તેમાં તેની રમણતા ન રહે? સમ્યક્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બાહ્યદૃષ્ટિથી બન્ને સરખા લાગે છે, પણ બન્નેની અભ્યંતર પરિણતીમાં મહદ્‌ અંતર હોય છે.

ચિત્ત પરમાર્થ ઉપર

સમ્યક્ત્વના પરિણામને પામેલો જીવ કર્મોદયથી સંસારમાં રહ્યો હોય, ભોગાવલીના ઉદયે ભોગ પણ ભોગવતો હોય છતાં તે અંતરથી તેમાં લેપાયેલો હોતો નથી. શરીરથી જ તે સંસારમાં રહ્યો હોય છે, બાકી અંતરથી તેનું ચિત્ત તો પરમાર્થને જ ઝંખતું હોય છે. ગમે તે પ્રવૃત્તિ કરતાં અંતરથી ચિત્ત પરમાર્થને ઝંખ્યા કરે એજ સમકિતની ખરી નિશાની છે. તાજેતરમાં પરણેલી સ્ત્રી ઘરનાં બધા કામ કરતી હોય પણ તેનું ચિત્ત અંતરથી પોતાના પ્રીતમને ઝંખતું હોય છે. ગાયો જંગલમાં ચરવા જાય છે, વનવગડામાં ચારો ચરવા માટે તે ચોમેર ભમતી હોય છે, પણ તેનું ચિત્ત વાછરડામાં હોય છે. તેમ સમકિતિ વ્યાપાર વાણિજ્ય વગેરેની બધી પ્રવૃત્તિ કરતો હોવા છતાં તેનું ચિત્ત પરમાર્થ ઉપર હોય છે, એટલે જ્ઞાનીઓએ સમકિતિ જીવ સંસારમાં રહ્યો હોવા છતાં તેને મનઃપાતિ નહિં પણ કાયપાતિ કહ્યો છે. એટલે તે મનથી તેમાં ખૂંચેલો હોતો નથી. વંદિતા સૂત્રની ૩૬ મી ગાથામાં પણ આજ વાતને પુષ્ટિ આપનારી હકીકત વર્ણવાએલી છે. તેમાં ફરમાવ્યું છે કે સમ્યક્દૃષ્ટિ જીવ તીવ્ર રાચી માચીને પાપ આચરનારો હોતો નથી, તેથી તેને કર્મોનું બંધ અલ્પ પડે છે. કારણ કે નિર્ઘૃંસ પરિણામથી તે પાપ આચરતો નથી. જોકે તથા પ્રકારનાં કર્મોદયથી સમકિતિ જીવને પણ પાપ આચરવા પડતા હોય છે છતાં પાપ પ્રતિ તેનાં અંતરમાં લેશ પણ બહુમાન કે પ્રેમ હોતો નથી. અમુક કાર્ય કરવાની તમારી ઇચ્છા નહિ હોવા છતાં કોઈ સંબંધીનાં આગ્રહને વશ થઈને તે કાર્ય જેમ તમારે અનિચ્છાએ પણ કરવું પડે છે તેમ પાપ કર્મ તરફ મનમાં સંપૂર્ણ ઘૃણા હોવા છતાં સમકિતિ જીવને

તથા પ્રકારનાં કર્મોદયથી પાપ આચરવાં પડે છે. અનિચ્છાએ જે કામ કરવુ પડે તેમાં રસ કયાંથી હોય ? તેમ અંદરમાં પાપ કર્મ તરફ સંપૂર્ણ તિરસ્કાર હોયને પાપ આચરવા પડતા હોય તેમાં રસ કયાંથી હોય ? આટલી ભૂમિકાએ પણ તમે પહોંચી ગયા હોતો સમજી લેજો કે આ નર જન્મને પામીને કમાણી ઘણી સારી કરી લીધી છે. આત્માનાં એક સમ્યકૃત્વ ગુણમાં કેટલી તાકાત રહેલી છે ! સમ્યકૃત્વ આવે એટલે જ્ઞાન તો સમ્યક્ થઈ જ જાય પણ ચારિત્ર એજ વખતે આવે તેવો નિયમ નથી. કાળાન્તરે પણ આવે અને કોઈ જીવને તરતમાં પણ ચારિત્ર ઉદયમાં આવે. જ્યારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રિપુટીની સંગઠિત તાકાત કેટલી હશે તેની જરા મનમાં કલ્પના તો કરી જુઓ ! આ ત્રણમાં એકનો પણ અભાવ હોય ત્યાં સુધી સંપૂર્ણ મોક્ષ-માર્ગની સિદ્ધિ નથી. અને આ ત્રણનાં સમાયોગને જિન શાસનમાં મોક્ષ-માર્ગ કહ્યો છે. આટલી વાત મનમાં બેસી જાય તો મન બીલે બંધાઈ જાય. દૃષ્ટિ સમ્યક્ થઈ નથી તેથી જ આ મનની ખોટી દોડધામ છે.

શેઠનું દૃષ્ટાંત

એક ગામમાં કોઈ એક શેઠ સવારનાં સમયે સામયિક લઈને બેઠેલા અને સામાયિકમાં માળા કે અનાનુપૂર્વી ગણતા હશે પણ શેઠનું મન બીજે ભમ્યા કરતું હતું. શેઠાણી સવારનોસમયહોવાથી ઘરમાંથી વાસીદું કાઢતાં હતાં એટલામાં શેઠને મલવા નિમિત્તે એક ભાઈ ગામમાંથી શેઠને ઘેર આવ્યા. બહારનાં ભાગમાં ઓસરીમાં શેઠાણી વાસીદું કાઢતાં હતાં એટલે પેલા ભાઈએ શેઠાણીને પૂછયું કે શેઠ કયાં છે ? મારે તેમને મળવું છે. શેઠાણી

શેઠની બાસિયત જાણતા હોવાથી તરત જ પેલા ભાઈને કહ્યું કે શેઠને તમારે મળવું છે, પણ શેઠ ઘેર નથી. ઢેડવાડે ગયા છે. આ શેઠાણીના વચનો અંદર સામાયિકમાં બેઠેલા શેઠે સાંભળ્યા અને એટલામાં સામાયિક પૂરી થતાં સામાયિક પારીને શેઠ બહાર આવ્યા અને તરત જ શેઠાણીને કહ્યું કે હું હમણાં કયાં ઢેડવાડે ગયો હતો ? મળવા આવનાર ભાઈને તેં કહ્યું કે શેઠ ઢેડવાડે ગયા છે ! શેઠાણીએ શેઠને તરત પૂછ્યું કે તમે ભલે સામાયિકમાં બેઠેલા હતા, પણ તમારું મન કયાં ભમતું હતું ? શેઠે કબૂલ કર્યું કે ઢેડવાડે એક આપણો જુનો ગ્રાહક છે અને તેનામાં બસો રૂપિયા લેણાં નીકળે છે એટલે સામાયિકમાં મને વિચાર આવ્યો કે સામાયિક પારીને તરત જ પેલા ગ્રાહકને ત્યાં ઉઘરાણીએ જવું છે. શેઠાણીએ કહ્યું ત્યારે મેં પેલાં મળવા આવનારને શું ખોટું કહ્યું ? શેઠે પોતાની અસ્થિરતા કબૂલ કરી. આ સ્વરૂપે મનની હાલત હોય ત્યાં સામાયિકે એક બાજુ પર રહી જાય. એકલા દ્રવ્ય ધર્મથી કર્મોનાં બંધન છેદાતાં નથી, માટે દરેક પ્રકારની ધર્મ પ્રવૃત્તિમાં અંદરનાં ભાવની ઘણી મોટી કિંમત છે.

જાન જોડીને વેવાઈને ત્યાં જનારાં વરરાજાને સૌની આગળ રાખે છે, અને વરરાજા જ ભૂલાઈ ગયા હોય તો ત્યાં સ્વાગત નહિ પણ ઉલ્ટી ફજેતી થાય, સ્વાગત કરવા આવનારાઓની પહેલી મીટ વરરાજા ભણી મંડાય છે. હવે જાનૈયા ઘણાં હોય પણ જાનમાં વરરાજાનો જ અભાવ હોય તો સૌ એકી અવાજે બોલી નાંખે કે આ તો ભાઈ ! વર વિનાની જાન છે. હવે આને કોનાં માંડવે ઊભી રાખવી ? તેમ ધર્મક્રિયામાં ભાવજ ન હોય તો સમજી લેવું કે એ ક્રિયા પ્રાણ વગરનાં કલેવર જેવી છે, જેને શાસ્ત્રોમાં સમૂર્છિમ ક્રિયા કહી છે. મનની

જ ચંચલતા હોય તો ઉપયોગ રહે કયાંથી ? અને તે વિના ભાવ પ્રગટે શી રીતે ? માટે સ્થિરતા વિના સિદ્ધિ નથી. જ્યારે મનમર્કટ તો આખાએ વિશ્વમાં પરિભ્રમણ કરવાના સ્વભાવવાળું છે. માટે આચાર્યશ્રી કહે છે કે યત્નપૂર્વક મનનો નિગ્રહ કરવો.

મનની સમતુલા

આગળ વધીને પૂ. આચાર્યશ્રી ફરમાવે છે કે :

मनः क्षपाचरो भ्राम्यन्नपशंकं निरंकुशः ।
प्रपातयति संसारावर्त्तगर्ते जगत्त्रयी ॥

આ ગાથામાં મનને રાક્ષસની ઉપમા આપી છે અને ઘટનાકરે છે કે નિઃશંક અને નિરંકુશપણે ભમતો આ મનરૂપી રાક્ષસ ત્રણે જગતના જીવોને સંસાર રૂપી આવર્તના ખાડામાં પાડે છે—**મન ચોમેર ભમ્યા જ કરતું હોય છે સંકલ્પ અને વિકલ્પ એજ મનનું કાર્યક્ષેત્ર છે. જરાક સુખ મળે તો માનવી ઉન્મત્ત બની જાય છે અને જરાક માથે દુઃખ પડે તો રોવા બેસી જાય છે.**—આવી સ્થિતિમાં મનની સમતુલા કયાંથી રહે ? સુખ કે દુઃખ બન્નેમાં સમભાવે રહેવું એ જ ખરી સમતુલા છે. સંસારના દુઃખ જેમ અસાર છે તેમ સંસારનાં સુખ પણ અસાર છે. આ રીતની સમજણ થયા પછી જ મન સમભાવમાં આવે છે. દુઃખમાં જીવને જેવો અણગમો છે તેવો જ અણગમો કહેવાતા પૌદ્ગલિક સુખમાં થાય એટલે સમજવું મનની સમાધિ હવે દુર્લભ નથી. દુઃખ વર્તમાનમાં ભયંકર છે તો સુખ ભાવિમાં ભયંકર છે. વર્તમાનમાં વૈષયિક સુખમાં જીવ જેટલો રાચે તેટલાં જ ભાવિમાં તેની

માથે ઘોર દુઃખ પડવાના છે. કારણ સુખનો રાગ જીવ પાસે પાપ કરાવે છે. પૌદ્ગલિક સુખની મીઠાસ એ મોહનીય કર્મ જનિત છે. ભાવિમાં જેની પાછળ અનંત દુઃખ છે તેવા ક્ષણપૂરતા સુખને સુખ માની લેવું એના જેવું બીજું ઘોર અજ્ઞાન કયુ છે ? બીજા શબ્દોમાં આને જ મીથ્યાત્વ મોહ કહેવામાં આવે છે. જીવને સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ એ જ અનાદિની બંધ પરંપરા છે–રાગદ્વેષથી જ જીવને બંધ છે. સુખ દુઃખ બન્નેમાં સમભાવ આવે ત્યારે જઆ બંધ પરંપરા અટકે છે. એકમાં ન રાગ કે બીજામાં ન દ્વેષ એ જ બરો પરમાર્થ છે. દુઃખમાં કંઈક જાગૃતિ રહે, જ્યારે સુખમાં તો ભલભલા છકી જાય છે. માટે સંસારનાં દુઃખ કરતાં એ સુખ ભયંકર છે. સુખ માટે જીવ ઘોર પાપ આચરે છે. અને પાપ વિપાકમાં અતિ દારુણ હોય છે. આવી સમજણ આવે તો કૃત્રિમ સુખ પાછળની મનની દોડધામ મટી જાય. વાસ્તવિક સાચું સુખ આત્મામાં જ છે. અનંત અવ્યાબાધ સુખ આત્મામાં છે, જ્ઞાન જેમ આત્મામાં છે તેમ સુખ પણ આત્મામાં છે. પૌદ્ગલિક સુખ વિષયજન્ય છે. આત્મિક સુખ તદ્દન નિર્દોષ છે. તેની પ્રાપ્તિ માટે કોઈ પાપ આચરવા પડતા નથી. આ રીતની સમજણથી જ મન વિશ્રાંતિને પામે છે.

પૈસો એ પરમેશ્વર નહિ પણ વિનશ્વર

ચોમેર પરિભ્રમણ કરતાં મનને અને અશુભ ભાવમાં પરિણમતા મનને રાક્ષસની ઉપમાં છે. જ્યારે સ્વરૂપમાં વિશ્રાંતિને પામેલાં સ્થિર મનને કલ્યાણમિત્રની ઉપમાં છે. તેવું મન તો મોક્ષપદની પ્રાપ્તિમાં કારણ બને છે. મન વિશ્રાંતિને પામે કયાંથી ? આજે ભલભલાનું મન પૈસાની પાછળ અને

સંસારના ભૌતિક સુખોની પાછળ ભમતું હોય છે. પૈસાને તો જાણે પરમેશ્વર માન્યો છે. પહેલાંથી જ શિક્ષણ ખોટું મળ્યું છે. મનને શિક્ષણ એવું આપવાની જરૂર જે કે પૈસો એ પરમેશ્વર નથી, પણ વિનશ્વર વસ્તુ છે. તેમાં જીવે રાચવા જેવું નથી. પદાર્થની ક્ષણભંગુરતા સમજાઈ નથી એટલે મન જે તે બાહ્ય વસ્તુઓમાં રાચે છે. પોતાની પાસે બે પૈસાનો જોગ થાય એટલે ઘણાં છલકાઈ જાય છે અને વિયોગ થાય એટલે પાછા તરત કરમાઈ જાય છે. પ્રાપ્તિમાં હરખ નહિ અને હાનિમાં શોક નહિ તે જ ખરો આત્મજ્ઞાની છે. પ્રાપ્તિ અને હાનિ બંનેમાં સમતા રહે તો સમજવું મનને સાધી લીધું છે. બહારના વ્યાપાર–વાણિજ્ય અંગેનાં નફા અને નુકશાનની ભલભલાના મન ઉપર અસર આવી જાય છે. તેના લીધે ઘણાંના મગજ ઉપર કંટાળો બ્લડપ્રેશર રહ્યા જ કરતો હોય છે અને અંતે તેમાંથી બ્લડપ્રેશર જેવાં દર્દો ઘણાંને લાગુ પડે છે.

મનની આધિ શારીરિક વ્યાધિને જન્મ આપે છે. અને બંનેમાંથી ઉપાધી જન્મ લે છે એમેરથી ઉપાધીમાં ઘેરાએલાંઓને ચિત્તની સમાધિ કયાંથી હોય? માટે બાહ્ય સંયોગો અંગેની ઉપાધિ મનમાં રાખવી નહિ. આપણે કંઈ સાથે લઈને આવ્યા નથી અને કંઈ સાથે લઈ ને જવાના નથી. મનુષ્યોનાં સર્વ ઋદ્ધિનાં સમુદાયો ક્ષણિક સ્વભાવવાળા છે; અને સંયોગો માત્ર પરંપરાએ શોકને ઉત્પન્ન કરનારાં છે, અને સંયોગ તેનો અંતે વિયોગ તો છે જ. આ રીતના જ્ઞાનથી મનને કેળવી શકાય.બાકી એકલા હઠયોગનાં પ્રયોગથી મનને સાધી ન શકાય. મનના વેગને રોકયા વિના જે યોગી બનવાની અથવા યોગ સાધવા અંગેની જે કોઈ અભિલાષા રાખે છે તે તો પાંગળા માણસે દિલ્હી કે આગ્રા પહોંચવાની ઇચ્છા રાખવા બરાબર છે. મનને

અંકુશમાં રાખવાથી સર્વબાજુથી બંધાતા નવા કર્મો પણ રોકાઈ જાય છે, અને મનનો જેઓ નિરોધ કરી શકયા નથી તેવા મનુષ્યોને તેનાં તે કર્મો વૃદ્ધિને પામે છે.

–તો પંડિત કે મૂર્ખ બન્ને એક સમાન

મનની શુદ્ધિ એ તો ન બુઝાય તેવી મોક્ષમાર્ગને દેખાડનારી સાક્ષાત્ દીપકા છે. જો મનની શુદ્ધિ હોય તો સત્તામાં રહેલાં ગુણો પણ પ્રગટે છે અને મનની શુદ્ધિ વિના પ્રગટેલાં ગુણો ઉલ્ટા અવરાઇ જાય છે માટે પૂ. આચાર્ય હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે–

तथावश्यं मनः शुद्धिः कर्तव्या सिद्धिमिच्छता,
तपश्रुतयमप्रायैः, किमन्यैः कायदण्डनैः ॥

માટે મોક્ષપદની ઈચ્છા રાખનારા દરેક મુમુક્ષુએ અવશ્ય મનની શુદ્ધિ કરવી જોઈએ. કારણકે મનની શુદ્ધિ વિના તપ, જપ, યમનિયમાદિનું જે પાલન છે તે કેવળ દેહને દંડ આપવા રૂપ છે. મનમાં રહેલાં વેરઝેર, રાગદ્વેષ, કામક્રોધાદિનાં નબળાં સંસ્કારો નાબૂદ કરી નાંખવા અથવા છેવટે એ સંસ્કારોને નબળાં પાડી દેવા તે જ અભ્યંતર શુદ્ધિનો અમોઘ ઉપાય છે, મનની શુદ્ધિ માટે અંદરના રાગ દ્વેષાદિનો ત્યાગ કરવો જોઈએ, જેથી મલિનતાનો ત્યાગ કરીને આત્મા પોતાનાં શુદ્ધ સ્વરૂપમાં સ્થિત બને. પાણી ડહોળાયેલું અને મલિન હોય ત્યાં સુધી તળ ભાગમાં રહેલી વસ્તુનાં દર્શન ન થાય તેમ મન અંદરથી ડામાડોળ હોય ત્યાં સુધી અભ્યંતર જ્યોતિનાં દર્શન ન થાય મન સ્થિર થાય ત્યારે જ સ્પષ્ટ દર્શન થાય છે. કોઈ મહાત્માએ કહ્યું છે. કે,—

"કામ ક્રોધ મદ લોભકી જબ લગ ઘટમેં ખાણ"
"તબ લગ પંડિત મૂર્ખ હી કબીર એક સમાન"

માનવીનું મન જ્યાં સુધી કામ, ક્રોધ, મદ, લોભ વગેરે દોષોની ખાણરૂપ છે, ત્યાં સુધી ભલે પંડિત હોય કે મૂર્ખ હોય બન્ને એક સમાન છે અભણ કે ભણેલાં વચ્ચે ત્યાં સુધી તત્ત્વદ્રષ્ટિએ કાંઇ અંતર નથી.–દાખલા તરીકે ભણેલાને સન્નિપાત ઊપડયો હોય અને અભણને પણ સન્નિપાત ઊપડયો હોય ત્યારે બન્નેનો બબડાટ સરખો જ હોય છે. કદાચ ફેર પડે તો એટલો પૂરતો પડે કે એક અંગ્રેજીમાં બબડે અને બીજો તેની ચાલુ માતૃભાષામાં બબડાટ કરે. બસ અંતર પડે તો આટલા પૂરતો પડે તેવી જ રીતે મૂર્ખ કે પંડિત કામ ક્રોધાદિને આધીન હોય તો સમજવું કે તાત્ત્વિક દૃષ્ટિએ બન્ને વચ્ચે અંતર નથી, **અજ્ઞાની વાતવાતમાં કોપ કરે તેમ જ્ઞાની પણ કરે તો સમજવું કે કહેવાતા જ્ઞાનીએ એકલો જ્ઞાનનો ભાર મગજ ઉપર ઉપાડયો છે, પણ તેના આત્મામાં જ્ઞાન પરિણમ્યું નથી.** મૂર્ખ મનુષ્ય કામક્રોધાદિને આધીન બને તો તે બિચારો દયાને પાત્ર છે. કારણ કે તેને તે તે દોષો અંગેના અનર્થની સમજણ નથી, પણ કહેવાતા જ્ઞાનીને તો તેની સમજણ હોય છે. આમ છતાં દોષોને આધીન તે બને તો સમજવું કે તેનાં જ્ઞાનની વિડંબના છે.

દોષોમાંથી જન્મતા અનર્થો અંગેની જીવે વિચારણા જ કરી નથી. ક્રોધ, માન, માયા અને લોભ આ ચારેચાર અભ્યંતર દોષો છે. તેમાંથી જન્મતા અનર્થોની ઊંડાણથી ચિંતવના કરવી એ પણ ધર્મધ્યાનનાં ચાર પ્રકાર પૈકીનું અપાયવિચય નામે ધર્મધ્યાન છે. અતિદુર્જય એવા ક્રોધ, માન, માયા અને લોભ વડે પરાભવને પામેલા આત્માઓ જે જે અનર્થને

પામે છે, તેનું વર્ણન કરવાને પણ કોણ સમર્થ છે. શ્રી પ્રશમરતિ પ્રકરણની ચોવીશમી ગાથામાં પૂ. ઉમાસ્વાતિજીએ આ સ્વરૂપે ઉલ્લેખ કર્યો છે અને આગળની ગાથામાં ફરમાવ્યું છે.

क्रोधात्प्रीति विनाश, मानाद्विनयोपघातमाप्नोति ।
शाठयात्प्रत्ययहानिं. सर्वगुण विनाशनं लोभात् ॥

ક્રોધથી વર્ષોની પ્રીતિનો વિનાશ થાય છે. માનથી વિનય ગુણનો ઉપઘાત થાય છે. માયાથી મૈત્રીનો વિનાશ થાય છે અને લોભથી સર્વ ગુણનો નાશ થાય છે. કષાયોમાંથી આવા તો કેટલાય અનર્થો જન્મે છે. સ્વ. આત્માનું હિત ઈચ્છનારા મનુષ્યોએ આ ચારે ચાર દોષોને કાતીલ ઝેર કરતા પણ ભયંકર સમજીને વમી નાંખવા જોઈએ. **સંસારરૂપી વિષવૃક્ષને પોષણ આપનારા આ ચાર કષાયો છે અને કર્મની જડને નવપલ્લવિત રાખનારા પણ આ ચાર કષાયો છે.** માટે મન દોષોની ખાણરૂપ છે ત્યાં સુધી પંડિત કે મૂર્ખ વચ્ચે કશું અંતર નથી. મન આ દોષોને આધીન ન બને ત્યારે સમજવું કે હવે સાધક મોક્ષમાર્ગની નજદીકમાં છે. કયારેક મન દોષોથી ઘેરાઈ જાય, પણ મનને ફરી મૂળ સ્વરૂપમાં લાવવાનો પ્રયત્ન ચાલુ રાખે તો એ સમજવું કે સાધક શુદ્ધ દશામાં છે.

આ કાળના જીવોની મનોદશા

કયાં પૂર્વકાળનાં મહાપુરુષોનું મન કે, જે મહાપુરુષો મરણાંત ઉપસર્ગનાં સમયે પણ લેશમાત્ર મનથી ચલિત બન્યા નથી અને કયાં આ કાળનાં મનુષ્યોનું ચંચલ મર્કટ જેવું અસ્થિર મન કે, જે વાતવાતમાં ગરમ થઈ જાય, વાત વાતમાં મનમાં લાગી આવે. આ કાળનાં મોટા ભાગનાં મનુષ્યોની મનની

સ્થિતિ જાણે ઘડીકમાં તોલો ને ઘડીકમાં માસા જેવી છે. આજનાં મનુષ્યોનાં મન સાચવવાં એ ઘણી અઘરી વાત છે. આજથી પચ્ચાસ સો વર્ષ પહેલાનાં મનુષ્યોમાં પણ સહિષ્ણુતા ઘણી હતી. ગમે તેવું માથે કષ્ટ પડયું હોય તો સહન કરી લેતા, જ્યારે આજે સહિષ્ણુતા જરાયે રહી નથી.

જીવનમાં સહન કરતાં શીખવું જોઈએ. તમે દરેક પ્રકારનાં તપ આચરો છો, પણ એક વાત નોંધી રાખો કે સહિષ્ણુતા જેવું બીજું એકે દુનિયામાં તપ નથી. હજી કદાચ મેરૂ ચલિત થાય પણ પૂર્વકાળનાં મહાપુરુષો પોતાના ધ્યેયથી ચલિત થયા નથી. પોતાના માર્ગમાં તેઓ અડગ રહ્યા એટલે તેઓ મોક્ષને પામ્યા છે. શ્રી ગજસુકુમાલ, શ્રી મેતાર્ય મુનિ, શ્રીસુકોશલ મુનિ જેવા મહાપુરુષોને કેવા ઘોર ઉપસર્ગો થયા છે. છતાં તે મહા પુરુષોએ મોઢામાથી ઊંહ સરખો શબ્દ કર્યો નથી અને ઘોર ઉપસર્ગ કરનારાઓને પણ તેમણે મિત્ર સમાન લેખ્યા છે. હવે વિચારી જુઓ તે મહાપુરૂષોની અંતરંગ દશા. કેટલી જાગૃત હશે અને તેમનો આત્મા કેટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચી ગએલો હશે ! તે મહાપુરુષો આખો માર્ગ પસાર કરી ગયા, જ્યારે આપણે હજી ચાલવાની શરૂઆતે કરી નથી. તેમનાં આત્મામાં ઝળહળતા કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થઈ ગયો જ્યારે હજી આપણા આત્મામાં અરૂણોદય પણ પ્રગટયો નથી. તેઓ આત્માની પૂર્ણતાને પામી ગયા, જ્યારે હજી આપણે એકડો ઘૂંટી રહ્યા છીએ. તેઓ ગિરિશિખર ઉપર આરૂઢ થઈ ગયા, જ્યારે આપણે હજી તળેટી સુધી પહોંચ્યા નથી. આપણું મન હજી ક્ષણિક સુખોને તલસી રહ્યુ છે, જ્યારે તે મહાપુરુષો શાશ્વત સુખના ભોક્તા બની ચુકયા છે. આપણો આત્મા હજી જન્મ મરણનાં ચક્રાવે ચરેલો

છે, જ્યારે તે મહાપુરુષો અજરામર સ્થાને પહોંચી ગયા છે. માટે તેમના આત્મા અને આપણા આત્મા વચ્ચે ઘણું અંતર પડે છે. તેઓ ભગવાન થઈ ગયા, જ્યારે આપણે હજી ભવમાં ભટકતા રહી ગયા. છતાં આ અંતરને ન જ ભાંગી શકાય તેવી કોઈ વાત નથી. માત્ર મનને સવળો વળાંક આપવાની જરૂર છે. આત્મા મનને પરવશ પડેલો છે, તેની જગ્યાએ મન આત્માને વશ થઈ જાય એટલે મોક્ષની સંપદા હાથવેંતમાં છે.

માલિક ઉપર ઘોડાની સવારી

આત્મા ધારે તો મનને વશ કરી શકે છે. કારણ કે આત્મા જ સર્વોપરિ સત્તા છે આત્મા મહારાજા છે; તો મન પ્રધાન છે. મનનો વેગ ગમે તેટલો હોય પણ આત્માની શક્તિ અમાપ છે. મનના પણ બે પ્રકાર છે–દ્રવ્યમન અને ભાવમન. તેમાં દ્રવ્યમન તો મનોવર્ગણાના પુદ્ગલોથી બનેલું હોવાથી જડરૂપ છે, જ્યારે ભાવમન જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમ રૂપ હોવાથી ચેતનરૂપ છે.

જેનાથી વિચાર કરી શકાય એવી આત્માની શક્તિ તે મન છે. બન્ને પ્રકારનાં મનનો સુમેળ થતા જીવ સ્પષ્ટ વિચારી શકે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને બન્ને પ્રકારનાં મન હોય છે. અસંજ્ઞિ જીવોમાં સ્પષ્ટ વિચાર શક્તિનો અભાવ હોવાથી તેમને ફક્ત ક્ષયોપશમરૂપ ભાવમન હોય છે.

આત્મા જ્ઞાનની પરિપૂર્ણ ભૂમિકાએ પહોંચ્યો નથી ત્યાં સુધી વચગાળામાં મન અને ઈન્દ્રિયોનો તેને સહારો લેવો પડે છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જીવને મન અને ઇન્દ્રિયોના આલંબનથી થાય છે. આગળ જતાં ક્ષાયિકભાવે કેવળજ્ઞાન પ્રગટ થતાં તે બધાં આલંબનો છૂટી જાય છે.

જો કે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ક્ષાયોપશમિક ભાવે હોય છે. છતાં તેમાં પણ મન કે ઈન્દ્રિયોનું આલંબન હોતું નથી, તે બન્ને જ્ઞાન દેશ પ્રત્યક્ષ છે તો કેવલજ્ઞાન સર્વ-પ્રત્યક્ષ છે. મતિ અને શ્રુત સિવાયનાં બાકીનાં ત્રણે જ્ઞાન અતીન્દ્રિય પ્રત્યક્ષ કહ્યાં છે.

અપંગને જેનો ટેકો લેવો પડે તેનો ટેકો જેના હાથ પગ મજબૂત હોય તેવા માણસને લેવો પડતો નથી. એટલે આત્મા અનંત શક્તિમાન છે. આત્મા પોતે જાગૃત અવસ્થામાં હોય તો મન આત્મા ઉપર સવાર થઈ શકતું નથી– **ઘોડા ઉપર તેનો માલિક સવાર થાય છે, પણ ઘોડો તેના માલિક ઉપર સવાર થાય એ વાત તો કદી કોઇના સાંભળવામાં પણ નહી આવી હોય. તેવી રીતે ઈન્દ્રિયો અને મન આત્મા ઉપર સવાર થાય ત્યારે સમજી લેવું કે ઘોડાએ માલિક ઉપર સવારી કરી છે, જે કોઈનાં ગળે ઉતરે તેવી વાત નથી.** અને તેના જેવી બીજી આત્માની વિડંબના કઇ છે? વર્તમાનમાં જીવની તે સ્વરૂપે હાલત છે. મન અને ઈન્દ્રિયોનો આત્મા જાણે કે ગુલામ બન્યો છે. આ તો મનમર્કટ આત્મારૂપી મદારીને નચાવી રહ્યો છે. જગત વ્યવહારમાં જુઓ તો મદારી મર્કટને નચાવે છે, જ્યારે અહીં મનમર્કટ આત્મારૂપી મદારીને નચાવે છે. આ પણ એક અજબગજબની વાત છે, નહિ તો આત્મા આગળ મનની તાકાત કેટલી? આત્મા તો શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ બધાયની પેલે પાર છે. પણ તે પોતેપોતાને ભૂલ્યો એટલે મન, ઈન્દ્રિયો બધા તેના પર ચડી બેઠા છે.

તો મુક્તિ સુખ હાથ વેંતમાં

આત્મા રાજા છે અને મન પ્રધાન છે. પણ રાજા પોતે મોહમદિરાનું પાન કરીય ઉન્મત્ત બન્યો હોય ત્યાં રાજ્ય

કારભાર તો પ્રધાનનાં જ હાથમાં રહેવાનો છે. આત્મા રૂપી મહારાજાના વિશાળ સામ્રાજ્યમાં અત્યારે મનનો જ કારભાર ચાલે છે. આત્મા પોતે પોતામાં સાવધાન ન હોય એટલે રાજ્યમાં ચલણ તો પ્રધાનનું જ રહેવાનું છે. જુનાગઢમાં નવાબી હતી ત્યારે તેના રાજ્યમાં પ્રધાનનું ચલાણ હતું. પ્રધાને નવાબને એવો ચડાવ્યો કે નવાબને પાકિસ્તાન ભેગા થવું પડયું અને તેની સ્થિતિ ધોબીના કુતરા જેવી થઈ પડી. ત્યાં પાકિસ્તાનમાં તેનું કોઈ સ્થાન ન રહ્યું અને અહિંના સાલીયાણાનો લાભ પણ તેને ગુમાવવો પડયો. આત્મા પણ મનને આધીન બને તો તેની પણ તેવી સ્થિતિ થાય. પછી આત્મા ન મોક્ષનો અધિકારી બને કે ન સદ્ગતિનો અધિકારી બને. અંતે દુર્ગતિના ખાડામાં આત્માને પડવુ પડે, માટે મન કે ઈન્દ્રિયોને આત્માએ આધીન ન બનતા એણે મન અને ઈન્દ્રિયોને પોતાને સ્વાધીન કરી લેવા. આત્માએ પોતે મનને વશ થવું નહિં પણ મન પર અંકુશ રાખવો એ ઘણું જ અગત્યનું છે. મન વશ હોય તો દેવસુખ અને આગળ વધીને મોક્ષસુખ હાથવેંતમાં છે. અને મન વશ ન હોય તો બધું ધૂળધાણી છે અને ઉલ્ટી માથે ઘોર દુઃખની પરંપરા આવી પડે છે. અધ્યાત્મ કલ્પદ્રુમમાં પૂ૦ મુનિસુંદર સૂરિ ફરમાવે છે કે—

प्रयत्नाद् तदन्तः करण कुरुष्व ।

હે આત્મન્ તું પ્રયત્ન વડે મનને જલ્દીથી વશ કરી લે? વશ અને અવશ મન વચ્ચે તો આકાશ પાતાળ જેટલું અંતર છે. મન પોતાને વશ હોય તો અલ્પકાળમાં કેવલજ્ઞાન અપાવે અને મનને જો આત્મા પોતે વશ હોય એટલે કે મન અવશ હોય તો ક્ષણમાં સાતમી નરક અપાવે પ્રસન્નચંદ્ર રાજર્ષિ તેમાં દૃષ્ટાંતરૂપ છે.

રાજર્ષિનું સંક્ષેપમાં વૃતાંત

પ્રસન્નચંદ્ર પોતનપુર નગરનાં રાજવી હતા. એકવાર સૂર્યાસ્તના સમયે ખીલેલી સંધ્યા તરફ તેમની દૃષ્ટિ પડે છે. સંધ્યાનો રંગ આબેહૂબ ખીલ્યો હતો. આકાશમાં રંગબેરંગી વાદળાંઓની પણ અદ્‌ભુત શોભા હતી. સંધ્યા સમયની શોભા જોઈને રાજવીને મનમાં ખૂબ હર્ષ થયો. ત્યાં તો એક થોડીક વારમાં જ એ બધી શોભા વિખરાઈ ગઈ. રાજવી વિચારે છે. અરર! એ શોભા કયાં ગઈ? રાજવીના મનમાં સમસ્ત સંસાર પર ઉત્કટ વૈરાગ્ય પ્રગટે છે અને એ વિચારે છે કે આ રીતે આ તન; ધન અનેયૌવનક્ષણવારમાંવિખરાઈજશે.ત્યારબાદપોતાનાલઘુવયનાં બાળકને રાજગાદી પર બેસાડીને પ્રસન્નચંદ્ર રાજાએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. પૃથ્વીતલ પર વિહાર કરતાં એક વાર રાજગૃહી નગરીની બહારનાં ભાગમા શ્મશાન જેવાં નિર્જન પ્રદેશમાં પોતે કાર્યોત્સર્ગ ધ્યાનમાં સ્થિત રહ્યાં છે, એક પગ ઉપર બીજાં પગને ચડાવીને અને સૂર્યનાં મંડળ પર પોતાની દૃષ્ટિને સ્થાપીને અડોલ આસને પોતે ઊભેલાં છે, એટલામાં વીર ભગવાન ત્યાં ગ્રામાનુગ્રામ વિચરતાં રાજગૃહી નગરીનાં બહારનાં ભાગમાં ઉદ્યાનમાં સમવસરે છે. દેવતાઓ ત્યાં આવી સમવસરણ રચે છે.

શ્રેણિક મહારાજાને વધામણીનાં સમાચાર મળતાં પરમાંત્માને ચતુરંગી સેનાં સજીને મોટા આડંબર સહિત વંદના કરવા જાય છે. સૈન્યની આગળ ચાલનારો સુમુખ નામે દૂત મહર્ષિની સ્તવના કરે છે. ધન્ય છે આ મહર્ષિને કે જેમણે સમગ્ર રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરીને પ્રવ્રજ્યાં અંગીકાર કરી છે અને કેવા ઉગ્રપણે તપ તપી રહ્યા છે!

અને જાણે મોક્ષ સામે જ મીંટ માંડીને મેરુ પર્વતની જેમ અડોલ આસને ઊભા છે. મોક્ષને અને આમને હવે બે આંગળનું પણ છેટું નથી. ધન્ય છે આ મહાત્માને કોટીકોટી વંદન હો આ મહર્ષિનાં ચરણમાં! આ રીતે સુમુખે સ્તવના કરી. ત્યાં પેલો દુર્મુખ નામે દૂત કહે છે. કે આ મુનિ તો અધન્ય છે અને મહા પાપી છે. તું આ મુનિની આટલી બધી પ્રશંસા શા માટે કરે છે? કહેવતમાં કહેવાયછે "યથા નામા તથા ગુણા." બંનેમાં નામ પ્રમાણેનાં ગુણ છે. સુમુખે મહર્ષિનાં તપની કેટલી અનુમોદના કરી, જ્યારે દુર્મુખ તેમને મહાપાપી ઠરાવે છે. દુનિયામાં દૃષ્ટિ તેવી સૃષ્ટિ છે. બધો આધાર જીવની પાત્રતા ઉપર છે. સુમુખ વિચારે છે કે દુર્જનનો સ્વભાવ જ હંમેશા એવો હોય છે કે તે સદ્‌ગુણમાંથી પણ અવગુણને જ ગ્રહણ કરે, આવા ગુણગણનાં ભંડાર જેવા આ મહાપુરુષમાં પણ દુર્મુખની દૃષ્ટિ દોષને ગ્રહણ કરે છે.

માનસિક સંગ્રામ

પછી સુમુખ પેલા દુર્મુખને કહે છે કે આ મહાપુરુષને તું શા માટે નિંદે છે? ત્યાં દુર્મુખ કહે છે: અરે! આનું નામ પણ લેવા જેવું નથી. આણે તો પોતાનાં નાનાં પાંચ વર્ષની ઉંમરનાં છોકરાને પ્રધાનોનાં ભરોસે રાજ્યગાદી પર બેસાડીને દીક્ષા અંગી કાર કરી છે. સાંભળવા પ્રમાણે થોડાંક જ સમયમાં રાજ્ય તરફનાં મોહને લીધે રાજ્યગાદી પર બેસાડેલાં બાળકનો વધ કરીને પ્રધાનો રાજગાદી પડાવી લેવાના છે. એનાં પુત્રનો વધ થાય એટલે આ દીક્ષિત બનેલાં રાજવીના વંશનો ઘાત થાય. વંશના ઘાતકીને મહાપાતકી કહ્યો છે. માટે કહું છું કે સુમુખ! તું આની પ્રસંશા કરે છે, પણ હું તો આને સારી રીતે ઓળખું

છું.' ! દુર્મુખમા અજ્ઞાન હોવાથી તેણે તેની સમજણ મુજબ આ વાત કરી છે. બાકી સંસારમા કોના વંશ શાશ્વત રહ્યા છે? અને પ્રસન્નચંદ્ર રાજાએ તો પુત્રપૌત્રાદિ તો ઠીક પણ શરીર પણ પોતાનું નથી એવા ઉત્કટ જ્ઞાન–વૈરાગ્યથી દીક્ષા લીધી છે.

પુત્રનો વધ કરીને પ્રધાનો રાજ્યગાદી પડાવી લેવા માંગે છે આ શબ્દો જેવા પ્રસન્નચંદ્ર રાજર્ષિનાં કર્ણ કોટરની સાથે અથડાણાં કે તત્ક્ષણમાં તેમનું સમાધિરૂપી વૃક્ષ મૂળમાંથી ઉખડી ગયુ અને મહર્ષિનું મન અંદરથી દુર્ધ્યાનમાં ચડી જાય છે એ વિચારે છે કે મારા જીવતાં શું આ પ્રધાનો મારા પુત્રનો વધ કરી નાંખશે? અરર આ પ્રધાનોના ભરોસે મેં પુત્રને રાજ્ય-ગાદી પર બેસાડ્યો. એ તો મેં બિલાડીને દૂધ ભળાવવા જેવું કર્યું ! હવે હું જોઈ લઉં છુ કે કેમ આ પ્રધાનો મારા પુત્રનો વધ કરીને રાજ્યગાદી પડાવી લે છે? અને મુનિ પ્રધાનોની સાથે માનસિક સંગ્રામ આરંભી દે છે, પ્રધાનોની સામે મુનિ જાણે ભયંકર સંગ્રામ ખેલી રહ્યા છે. મુનિનાં અંતરમાં જાણે મહાભયંકર ઝંઝાવાત મચી જાય છે. પરિણતિ અંદરથી એકદમ રૌદ્ર બની જાય છે. ધર્મધ્યાનની જગ્યાએ મુનિનું અંતઃકરણ રૌદ્રધ્યાનથી ઘેરાઈ જાય છે. પ્રધાનોની સામે માનસિક સંગ્રામમાં એક પછી એક શસ્ત્ર છોડે જ જાય છે. એમ કરતાં હથિયાર બધાં ખૂટી ગયા. મુનિ વિચારે છે, કે મારા મસ્તક ઉપર જે મુગટ રહેલો છે. હવે તેનાથી આ સામે ઉભેલા દુશ્મનોને હમણાં ઠાર કરી નાખું ! મસ્તક પરથી મુગટ હાથમાં લેવા માટે મુનિ જેવાં જેવા મસ્તક પર હાથ મૂકવા ગયા કે તરત પોતાને પોતાની મૂળ સ્થિતિનું ભાન થઈ આવે છે. એમના મનમાં એવા શુભ ભાવો ફરી પાછાં પ્રગટ થાય છે કે અરર !! મે આ શું ચિંતવ્યું? હું તો પંચમુષ્ટિ લોચ કરીને દીક્ષિત બનેલો

છું. મસ્તક પર હાથ મૂકતા મસ્તક પરનાં લોચ ઉપરથી પોતાને આ રીતનું ભાન થયું છે, આ રીતે દ્રવ્ય ચારિત્રની પણ અતિ ઉપયોગિતા છે. અહીં દ્રવ્ય મુંડન ભાવ મુંડનમાં કારણ બની જાય છે. દ્રવ્ય ભાવનું કારણ છે. એ સનાતન પરંપરા ખોટી નથી. દ્રવ્ય ક્રિયાનો લોપ કરનારા માર્ગનાં મર્મને સમજ્યાજ નથી. જ્ઞાન અને ક્રિયા, નિશ્ચય અને વ્યવહાર બન્નેના આધારે સિદ્ધિ છે. બન્નેમાંથી એકનો લોપ કરવો તે બન્નેનો લોપ કરવા બરાબર છે.

નિમિત્તની અસર

પ્રસન્નચંદ્ર મહર્ષિને ભાન થયું કે મેં આ કેવું ભયંકર દુર્ધ્યાન ધર્યું !! કોના પુત્ર ને કોનો પરિવાર ? સંસારમાં કોઇ કોઈનું નથી. મેં પુત્રના નિમિતે નાહક દુર્ધ્યાન ધર્યું ! પુત્ર અને કુટુંબ પરિવાર તરફના મમત્વભાવને ત્રિવિધે વીસરાવીને મેં આ સાચો સંયમનો રાહ લીધો છે. આ રીતની વિચારણાથી એ ફરી પોતાના આત્માને શુભ ધ્યાનમાં સ્થાપે છે અને પછી તો ઉત્તરોત્તર ધ્યાનની શ્રેણી વૃદ્ધિને પામતી જાય છે. નિમિત્તો પણ આત્માના પરિણામ ઉપર અસર કેવી પાડે છે એ હકીકત આમાંથી ખાસ વિચારવા જેવી છે જેઓ નિમિત્તની અસર ન માનતા હોય તેઓ માટે આ ઘટના પુનઃ પુનઃ વિચારવા યોગ્ય છે. દુર્મુખના વચન સાંભળીને રાજર્ષિને ક્રોધ ચડી ગયો અને કેવો માનસિક સંગ્રામ આરંભી દીધો. નબળાં નિમિત્તો કયારેક આવા મેરૂ પર્વત જેમાં ધૈર્યશાળી પુરુષોને પણ ધ્રુજાવી નાંખે છે. તો પછી સામાન્ય મનુષ્યોનું શું ગજું ? માટે નબળાં નિમિત્તો સાથે પનારો નહીં પાડવો. પ્રસન્નચંદ્ર રાજર્ષિ તો દ્રવ્ય ચારિત્રના પ્રભાવે ફરી પાછાં સમાધિભાવમાં આવી ગયા. કોઈ બીજો હોય તો રખડી જાય.

ખામી માત્ર વિવેકની

પ્રસન્નચંદ્ર મહર્ષિ જે સમયે ભયંકર કોટીનાં દુર્ધ્યાનમાં ચડી ગયેલાં હતાં તે જ સમયે હાથીની અંબાડી પર બેઠેલા શ્રેણિક મહારાજાએ એમને ધ્યાનસ્થ અવસ્થામાં ઊભેલાં જોયા હતા. કારણકે શ્રેણિક મહારાજા પોતે જ ચતુરંગી સેના સહિત પરમાત્માને વંદન કરવા જઈ રહ્યા હતા. શ્રેણિક મહારાજાને પણ થઈ ગયેલું કે ધન્ય છે આ મહાત્માને !! કેવું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરી રહ્યા છે ! હાથીની અંબાડી પરથી નીચા ઊતરીને શ્રેણિક મહારાજા મહર્ષિને ત્રણ પ્રદક્ષિણ દેવા પૂર્વક વંદન કરે છે. શ્રેણિક જેવાં રાજવી કેટલો વિનય અને વિવેક જાળવે છે ! આ રીતે કોઈ મહાત્મા સામે મળ્યા હોય તો તમે મોટરમાંથી નીચે ઊતરો ખરા? મોટરમાં બેઠાં બેઠાં જ હાથ જોડી લેતા હશો ! અરે ? એ રીતે જોડનારાં પણ વિરલા છે. આજે તમારા જીવનમાં કોઈ વાતની ખામી નથી. ખામી માત્ર વિવેકની છે. જ્યારે ધર્મ માર્ગમાં વિવેકની તો પહેલી જરૂર છે. આજનાં સુખ શીલીયા મનુષ્યોએ ધર્મને પણ સગવડીઓ કરી નાંખ્યો એ બરાબર નથી. ધર્મમાં કષ્ટો વેઠવા પડે તો પણ હસ્તે મોંએ વેઠી લેવા જોઈએ. તેમાં પણ એકાંતે નિર્જરા છે.

ઋષિ પામ્યા કેવળજ્ઞાન

શ્રેણિક મહારાજા પ્રસન્નચંદ્ર મહર્ષિના દર્શન કરી ભગવાન મહાવીર પરમાત્માના સમવસરણમાં આવે છે. ભગવાનને વિધિપૂર્વક વંદન કરી અને પમાત્માની વાણી–સુધાનું પાન કર્યા બાદ પરમાત્માને પૂછે છેઃ પ્રભુ ! મે રસ્તામાં પ્રસન્નચંદ્ર મહર્ષિને કર્યોત્સર્ગ ધ્યાનમાં ઊભેલાં જોયા તેઓ તે અવસરે

કાળધર્મને પામ્યાં હોત તો કઈ ગતિમાં જાત? ભગવંતે ફરમાવ્યું કે તેઓ સાતમી નરકે જાત. શ્રેણિક તો આ વાત સાંભળીને વિસ્મયને પામી ગયા. પ્રભુ! આવા મહર્ષિની આવી દુર્ગતિ કેમ થાય? પછી પ્રભુએ પ્રસન્નચંદ્ર મહર્ષિ દુર્મુખના વચનસાંભળી કંઈ રીતે દુર્ધ્યાનમાં ચડી ગયાં તે આખાએ પ્રસંગનું વર્ણન કર્યું. શ્રેણિક રાજાએ થોડીક વારના અંતર પછી ફરી પૂછયું કે પ્રભુ! એ મહર્ષિ અત્યારે કાળ કરે તો કઈ ગતિને પામે? પ્રભુએ કહ્યું કે એ અત્યારે કાળ કરે સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર વિમાન નામે ઉચ્ચામાં ઉંચા દેવલોકને પામે. જો કે શ્રેણિકે ઉત્તરોત્તર પૂછયું છે અને ભગવાને જવાબ પણ ઉત્તરોત્તર આપેલાં છે. એટલામાં તો દેવ દુંદુભિનો નાદ થયો અને મહર્ષિ કેવળજ્ઞાનને પામી ગયા. બસ આનું નામ જ "मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ॥ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરકના દળીયા ભેગાં કર્યા હતાં પણ નિકાચિત પણે તેનો બંધ નહોતો પડયો એટલે શુભ ધ્યાનથી તે દળીકો તેમણે વિખેરી નાખ્યા, જ્યારે શ્રેણિક મહારાજા જેવોને નિકાચિત પણે બંધ પડી ગયેલો? તો તેમને પાછળથી ક્ષાયિક સમકિત અને તિર્થંકર નામ કર્મની નિકાચના કરવા છતાં નરકે જવું પડયું. મનનું તોફાન ઉપડે ત્યારે કેવું ઉપડે છે એ રાજર્ષિનાં દષ્ટાંત પરથી દરેક મુમુક્ષુએ સમજી લેવા જેવું છે. મનનું તોફાન કયારેક તપ સંયમરૂપી નૌકાને મધદરિયે બુડાડી દે. તેમાં આત્મારૂપી સુકાની જો પ્રસન્નચંદ્ર મહર્ષિની જેમ જાગૃત બની જાય તો નૌકાને કિનારે પહોંચાડી દે! આત્માની જાગ્રતિ વિના મન બીજા કોઇને ગણકારે તેમ નથી–ઈન્દ્રિયો તો મનની આજ્ઞા મુજબ વર્તતી હોય છે એટલે એ તો મનની સામે મોરચો માંડી શકે તેમ નથી.

બુદ્ધિને પણ કયારેક મન પોતાની ઇચ્છા મુજબ દોરી જાય છે. મનમાં સિનેમા જોવાની ઇચ્છા થઈ એટલે ઈન્દ્રિયો, બુદ્ધિ ને મન બધા એક થઈ જાય છે અને એ બધા એક થઈ જાય એટલે તન અને ધનને તો તેની પાછળ રહેવું જ પડે. એક આત્મા પોતે જ જો એ સમયે સાવધાન થઈ જાય તો આ બધાની નબળી ઈચ્છાઓ ધૂળમાં મળી જાય.

તન, મન, ઈન્દ્રિયોથી આત્મા પોતાનું ભેદ વિજ્ઞાન કરીને જો પોતાના સ્વરૂપમાં સ્થિત બની જાય તો મન, ઇન્દ્રયોનું તોફાન આજે શાન્ત પડી જાય. જીવ પોતાના સ્વરૂપમાં પોતે સાવધાન બન્યો નહિ એટલે મન ઈન્દ્રિયોએ તેના પ્રમાદનો ખૂબજ ગેરલાભ ઉઠાવ્યો છે. મન અને ઈન્દ્રિયોનાં વિષયોને આધીન બનેલાં જીવો એવા ઘોર પાપો આચરે છે કે જેનાં કટુક વિપાક તે જીવોને નરક નિગોદમાં ઘણા લાંબા કાળ પર્યંત ભોગવવા પડે છે માટે ઈન્દ્રિયોનાં વિષયોને આધીન ન બનતા સ્વરૂપમાં રહેવું જોઈએ. પોતાના-જ લોહીથી ખરડાયેલાં શુષ્ક હાડને જેમ શ્વાન અતિ ગૃદ્ધતાથી ચાટે છે તેમ જડમતિ મનુષ્યો વિષયોમાં અત્યંત આશક્તિને પોષે છે. શુષ્કહાડ જેમ તદ્દન નિ:સાર હોય છે છતાં શ્વાન તેમાં આશક્ત બને છે. તેમ વિષયો નિ:સાર હોવા છતાં મૂઢમતિ મનુષ્યો તેમાં આસકત બને છે. ભોગાવલીના ઉદયે ભોગ તો જ્ઞાની પણ ભોગવે છે પણ તેને રોગ સમાન સમજીને, જ્યારે અજ્ઞાની તેમાં રાચે છે. અજ્ઞાની કેટલીક વાર નહિં ભોગવતો હોવા છતાં નવા કર્મ બાંધે છે, જ્યારે જ્ઞાની ભોગવીને પણ નિર્જરા સાધે છે. કારણ કે એકને ભોગ સામગ્રીનો જોગ નહીં હોવા છતાં મનમાં ઝંખના અતિ તીવ્ર હોય છે, જ્યારે જ્ઞાનીને પુણ્યના ઉદયે ષટખંડના વૈભવનનો યોગ હોવા છતાં તેમાં

હોતી નથી. શ્રી ભરત ચક્રવર્તિ ષટખંડનાં વૈભવના અધિપતિ હોવા છતાં તેમાં મનથી તદ્દન નિર્લેપ હતા અને તેનાજ પ્રભાવે તેઓ આરિસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા. જ્ઞાન અને વૈરાગ્યનું જ કોઇ અદ્‌ભુત મહાત્મ્ય છે કે ભોગોને ભોગવતો હોવા છતાં જ્ઞાની લેપ.તો નથી અને અજ્ઞાની પ્રતિ સમયે એકલી અંદરની લોલુપતાથી બંધાતો હોય છે. બસ આને જ વસ્તુ વિજ્ઞાન સાર કહેવામાં આવે છે. આટલું સમજાઈ જાય પછી કાંઈ સમજવાનું બાકી રહેતું નથી.

રસ હોય ત્યાં મન રીઝે

જો જીવ એક મનને વશ રાખે તો અનંતભવે જે ન સાધી શકાય તે ક્ષણવારમાં સાધી શકાય. નવપદજીનાં ધ્યાનનાં પ્રભાવે મનને વશ કર્યું શ્રીપાળ મહારાજાએ ! શ્રીપાળ મહારાજા ઓળીનાં નવ દિવસ જ નહી પણ સદા સર્વદા નવપદનું ધ્યાન ધરનારા હતા. સંપત્તિના સમયે કે વિપત્તિના સમયે કયારે પણ શ્રીપાળ મહારાજા નવપદનાં લક્ષને ચૂકયા નથી. નવપદનું ધ્યાન એ તો એમની જીંદગીનો જાણે ધ્રુવ કાંટો હતો. આજે ઘણાં ભાવિકો ઓળીનાં નવ દિવસો દરમ્યાન નવપદની આરાધના કરતા હોય છે. નવપદનું ધ્યાન તો અહર્નિશ ધરવું જોઈએ જીવનમાં શ્વાસોશ્વાસની જેમ નવપદ વણાઈ જવા જોઈએ. નવપદના આલંબનથી મનને વશ કરી શકાય છે. પંચ પરમેષ્ટિનાં સ્મરણથી પણ મનને વશ કરી શકાય. સ્વાધ્યાય સત્સંગ એ પણ મનને વશ કરવાના ઉપાયો છે. તેમાં સ્વાધ્યાયથી તો મનની ખૂબ સ્થિરતા કેળવાય છે. વૈરાગ્ય રસ પ્રધાન પુસ્તકોનું વાંચન મનન તેને સ્વાધ્યાય કહેવામાં આવે છે. માનવીનું મન હમેશાં રીઝે કયાં જેમાં રસ પડે તેમાં મન રીઝે

છે આજે નાટક સિનેમામાં મનુષ્યોના મન ચોંટી રહે છે. કારણકે તેમાં રસ પોષાય છે. તેમાં મનુષ્યોને આનંદ પડે છે; પણ તેમાં એટલું પણ ભાન નથી રહેતું કે એ આનંદ તામસી આનંદ છે અને તેમાં જે રસ પોષાય છે તેમાં એકલો બિભત્સ રસ પોષાય છે. જે બધાં રસોમાં નબળામાં નબળો છે એ રસ એવો છે કે એમાં એકલો રાગ પોષાય અને તેનાથી જીવને પ્રતિસમય નવાં કર્મોનું બંધ પડે. માટે આવા નબળાં રસ જીવનમાં પોષવા નહિ.

ઘણાં કહે છે કે મનને બે ઘડી બહેલાવા માટે નાટક સિનેમા જોવામાં વાંધો શું? પણ તેમા મનને બહેલાવવા જેવું છે જ શું? ઊલટું મનને બહેકાવવા જેવું છે. મનને બહેલાવવું હોય તો સ્વાધ્યાયાદિની શુભ પ્રવૃત્તિમાં મનને જોડી દેવું જોઈએ. જ્યાં રસ પડે ત્યાં મન રીઝે. સ્વાધ્યાયાદિમાં ગુરૂભગવંતોનાં મુખેથી જિન વાણીનું શ્રવણ કરવામાં અપૂર્વ રસ પડે તેવું છે. અરે! એ તો રસની લૂંટાલૂંટ છે, મહાપુરુષો તો લૂંટાવવા જ બેઠા છે, તેમને કોઈ લૂંટનારા મળતા નથી. પોતાના હૃદયનાં હીર નિચોવીને મહાપુરુષો ઉપદેશ આપતાં હોય છે. તેવા મહાપુરુષોનો તો જગત ઉપર મહન ઉપકાર છે. જૈનધર્મની પ્રત્યેક ધર્મક્રિયાઓમાં પણ રસ પડે તેવું છે, પણ આજે ઘણાને રસ પડતો નથી. તેનું કારણ એ છે કે જ્ઞાન માર્ગની ઉપાસના કર્યા વિના સીધા ક્રિયામાં જોડાઈ જાય છે. ક્રિયામાં જોડાવવું ઘણી સારી વાત છે, પણ જોડે જ્ઞાન માર્ગની ઉપાસના હોવી જોઈએ. કારણકે માર્ગમાં પહેલું જ્ઞાન અને પછી અહિંસા છે. આજે ક્રિયામાર્ગમાં આ પણામાં દર સાલ લાખો રૂપિયા વપરાય છે. અને માણસો ક્રિયામાં જોડાય છે ખરા પણ જ્ઞાનના અભાવે મહિનાઓ સુધી ક્રિયાઓ કર્યા પછી પણ તેમનામાં જે જાતનાં ધર્મના સંસ્કારો પડવા જોઈએ તે પડતા નથી. માટે જ્ઞાનમાર્ગના ઉદ્ધારની

પણ આજે સંપુર્ણ જરૂર છે. અને તે માટે ગૃહસ્થોએ દાનની દિશા પણ બદલવી જોઈશે ?

જૈન વિદ્યાર્થીઓને પાઠશાળામાં પ્રતિક્રમણના મૂળ સૂત્રો કંઠસ્થ કરાવવામાં આવે છે તેની સાથે સૂત્રોનાં અર્થનું પણ જ્ઞાન આપવું જોઇએ જો કે હમણાં હમણાં અર્થનું જ્ઞાન પણ અપાય છે. છતાં પણ એ પ્રવૃત્તિમાં ઘણી મંદતા છે. તેમાં વેગ લાવવાની જરુર છે. તે માટે પાઠશાળાઓમાં પગારનું ધોરણ ઉંચું રાખીને અભ્યાસી અને અનુભવી શિક્ષકો રોકવા જોઈએ. આજે મોટેભાગે પાઠશાળાઓમાં અઢીસોથી ત્રણસો રૂપિયા સુધીનું ધોરણ હોય છે. હવે આટલા ટૂંકા પગારમાં સારા શિક્ષકો કયાંથી મળે ! એટલે દાનની દિશા બદલીને પાઠશાળાઓને સદ્ધર બનાવવાની અગત્યની જરૂર છે. જ્ઞાનમાર્ગના ઉદ્ધારમાં ક્રિયા માર્ગનો પણ ઉદ્ધાર સમાએલો છે. ક્રિયા માર્ગમાં પણ ભાદરવામાં ભરતી આવે છે અને તે પણ પર્યુષણ પર્વનાં આઠ દિવસો દરમ્યાનમાં ભરતી આવે છે. દરેકની એકજ ફરિયાદ છે કે ક્રિયા કરીએ પણ તેમાં રસ પડતો નથી તેની સામે એટલું જ કહેવાનું છે કે અર્થ સાથેનું જ્ઞાન સંપાદન કરો ક્રિયામાં જરૂર રસ પડશે. કારણ કે જ્યાં રસ હોય ત્યાં મન રીઝે છે. જ્ઞાન અને ક્રિયા બન્નેનો સુમેળ એટલે સોનામાં સુગંધ !

વિકલ્પ માત્રથી સિદ્ધિ નથી

આપણે વચમાં કહી ગયા તેમ મનને જીતવાના ઉપાયોમાં સ્વાધ્યાય એ શ્રેષ્ઠ ઉપાય છે. સ્વાધ્યાયમાં રત રહેનારો જીવ ઘણાં કર્મોની નિર્જરા સાધે છે મનને જ્યાં ત્યાં ભમાડવા કરતાં સ્વાધ્યાયમાં રકત બનાવવું શું ખોટું છે ? જીવ મનથી વિકલ્પો ગમે તેટલા કર્યા કરે પણ તેટલા માત્રથી સિદ્ધિ નથી. પૂ. ધર્મદાસગણી ઉપદેશમાળામાં સ્પષ્ટતયા ફરમાવે છે કે

अणवट्ठियं मणो जस्स, झायइबहुयाइ अट्टमट्टाइं ।
तं चितिअं च न लहइ, संचिणइ पावकम्माइं ॥

જેનું અનવસ્થિત (અતિચંચળ) મન અનેક પ્રકારનાં દુષ્ટ વિચારોને હૃદયમાં ચિંતવે છે, પણ તેટલા માત્રથી તે જીવોને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી અને ઉલ્ટા તે જીવો પ્રતિસમય નવા પાપ કર્મોનો સંચય કરે છે. પુણ્યોદય વિના ઈચ્છિતની કયાંથી પ્રાપ્તિ થવાની છે ? મનમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ધરે કાંઈ બધા મનોરથો થોડાક જ પૂરાં થઈ જવાના છે ? તેથી તો ઉલ્ટા જીવો કર્મનાં ભારથી લદાવવાના છે. **શુભોદયના કાળમાં કે અશુભોદયનાં કાળમાં અંતરમાં જાગૃતિ એવી કેળવવી કે અવનવી ઈચ્છાઓ જ ન જન્મે. કદાચ તેવી ઈચ્છાઓ જન્મે તો પુરુષાર્થનાં બળે તેનો નિરોધ કરવો. ઈચ્છાનો નિરોધ એ બધા પ્રકારનાં તપમાં શ્રેષ્ઠ તપ છે.**

જ્યોત પ્રગટે એટલીવાર

અગ્નિ સળગાવતા પહેલાં ધુમાડો થાય છે પણ અગ્નિ જેવો પ્રગટે કે ધુમાડો તરતજ વિખરાઈ જાય છે. તેમ મનમાં જે સંકલ્પ વિકલ્પ થાય એ પણ એક પ્રકારનો ધુમાડો છે. અંતરમાં જ્યાં જ્ઞાન અને ધ્યાનની પરમજ્યોત પ્રગટે છે ત્યાં સંકલ્પ અને વિકલ્પનો ધુમાડો તત્ક્ષણમાં વિખરાઈ જાય છે. પૂ. ઉપાધ્યાયજી સુજસ વિલાસમાં લખે છે કે—

"પરમ જ્યોત પરગટ જિહાં રે ।
તિહાં વિકલ્પ નહીં કોય ॥

અંતરમાં જ્યાં જ્ઞાનની પરમ જ્યોત પ્રગટે છે ત્યાં વિકલ્પો રહેતા **નથી.** સંકલ્પ એ કોઈ જીવનું સ્વરૂપ નથી. એ

મનનું સ્વરૂપ છે. જ્યારે આત્મા તો નિર્વિકલ્પ, નિસ્તરંગ મહોદધિ છે. જીવને આ રીતે પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય એટલે સંકલ્પ વિકલ્પ એની મેળે શમતા જાય છે અને પરંપરાએ આત્મા જ્યારે સંપૂર્ણ વીતરાગ ભાવને પામે છે ત્યારે અંદરની વૃત્તિઓ સંપૂર્ણ વિરામને પામે છે.

સમાધ માટેની અનુપમ દૃષ્ટિ

મનને અને આત્માને ગાઢ સંબંધ હોવાથી આટલું લંબાણથી વિવેચન કર્યું છે. મનનો નિગ્રહ આત્મા કરી લે તો મુક્તિદ્વાર નજર સામે દેખાવા માંડે. વાતવાતમાં મન ઉપર ખોટાં રીએકશન આવ્યા જ કરે છે. બહારનાં વાતાવરણની અસર તો સાધકે મન ઉપર નહીં જ લેવી જોઈએ. પણ શરીરમાં મહાભયંકર વ્યાધિ લાગુ પડેલો હોય તો તેની પણ અસર મન પર નહીં આવવા દેવી જોઈએ અને મનને સમાધિભાવમાં રાખવા માટેનો પુરુષાર્થ ચાલું રાખવો જોઈએ. ઉંચામાં ઉંચી સાધકદશા આને કહેવામાં આવે છે. સાધક જ અંતે સિદ્ધ થાય છે. જગતમાં કર્મના નિયમને અનુસરીને સર્વ વૃત્તાંતો બને છે, અકસ્માત્ કાંઇ બનતું નથી. જે થાય તે સારા માટે. અથવા કર્મનાં નિયમને અનુસરીને થાય છે. આ રીતનાં વિચારોથી મનની વિકલતા દૂર થાય છે અને મન ઉપર ખોટાં રીએકશન આવતાં બંધ થઈ જાય છે. દુનિયામાં તો કંઇક બનાવો બન્યા કરે છે. આપણા અંગત જીવનમાં પણ કેટલીય ઘટનાઓ બની જાય છે. હવે આપણે મન પર અસર લીધા જ કરીએ તો તેનો પાર શે આવે? અને મનની વિકલતા દૂર શી રીતે થાય? માટે જ્ઞાનીએ દીઠું હોય તેમ બન્યા કરે છે. આ રીતની ચિંતવનાથી ચિત્ત અનુપમ સમાધિને અનુભવે છે.

મનના ચાર પ્રકાર

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ મનનાં ચાર પ્રકાર યોગશાસ્ત્રમાં વર્ણવ્યા છે. 'વિક્ષિપ્તમન, યાતાયાત મન, શ્લિષ્ટ અને સુલીન મન. મનનાં આ ચાર પ્રકાર છે. યોગશાસ્ત્રનાં બારમાં પ્રકાશમા પોતાના સ્વાનુભવનાં વિષયમાં કલિકાલસર્વજ્ઞે આ પ્રકારો વર્ણવ્યા છે. જેમાં અત્યંત ચંચલતા હોય તેને વિક્ષિપ્તમન કહેવામાં આવે છે, જેના લીધે સાધનામાં વારંવાર વિક્ષેપ ઊભો થયા કરે અથવા સાધકને સાધનાના માર્ગમાં આગળ ધપવામાં મુશ્કેલી પડે. મન ચંચલતા કર્યા કરે પણ ઠરીને ઠામ ન થાય તે બધું વિક્ષિપ્ત મનને લીધે થાય છે. પરંતુ તેથી સાધકે નાસીપાસ થવાનું નથી. સાધકે દૃઢતાથી પોતાની સાધના ચાલુ જ રાખવી. અભ્યાસનાં માર્ગમાં જેમ જેમ સાધક આગળ ને આગળ ધપતો જશે તેમ તેમ મનનાં વિકલ્પો પણ શાંત પડતા જશે અને અંતે મન સાધકને સ્વાધીન થઈ જશે. બાકી મનની શરૂઆતની અસ્થિરતા જોઈને સાધક જો હિંમત હારી ગયો તો પછી મન કદી સાધકને આધીન નહિ થાય.

સંકલ્પ વિકલ્પની જાળ

પહેલી વિક્ષિપ્તદશા ઓળંગ્યા પછી બીજી મનની યાતાયાત અવસ્થા છે. જરાવાર મન સ્થિર રહે અને વળી બીજે ચાલ્યું જાય. મનમાં વિકલ્પો ઉઠે અને ફરી પાછા શાંત પડી જાય. સાધકને મનમાં એટલું જરૂર રહ્યા કરે કે હું આ સામાયિકમાં બેઠો છું છતાં આ મન કેમ અન્ય વિચારોમાં ચડી જાય છે, અને મનમાં ન આવવાના વિચારો આવી જાય છે. આ રીતની અંદરની જાગૃતિના બળે ફરી મનને ઠેકાણે લાવે. વળી મન બીજે ચાલ્યું જાય. આ યાતાયાત નામની મનની બીજી અવસ્થા

કંઈક સારી છે, છતાં અસ્થિરતાવાળી તો છે જ. પરંતુ બન્ને અવસ્થા વચ્ચે તરતમતા જરૂર છે. આજકાલનાં સાધકોનો મોટે ભાગે આ શરૂઆતની બે અવસ્થાઓમાં સમાવેશ થાય તેવું છે. કોઈ પણ ધર્મક્રિયામાં તમે જોડાયેલા હો, તેમાં સ્થિરતાનું પ્રમાણ કેટલું અને અસ્થિરતાનું પ્રમાણ કેટલું ? અડતાલીશ મીનીટનો કાળ સામાયિકનો છે. હવે તમે સામાયિક લઈને બેઠાં હો ત્યારે સ્થિરતાનું પ્રમાણ કેટલું રહે છે અને અસ્થિરતાનું પ્રમાણ કેટલું રહે છે તેનો વિચાર કરો. તેમાં સામાયિક લઈને બેઠાં હો અને ઓચિંતા ઘર આંગણે મહેમાન આવી ચડયા હોય તો હું પુછું છું કે ટાઈમનું માપ રાખવા માટે જે જોડે રેતીની ઘડીયાળ રાખેલી હોય છે તે કેટલીકવાર ઊંચી નીચી કરો છો ? સૌ મનમાં વિચારી લેજો. કોઈને ઈશારામાંએ કાંઈ કહેવાની જરૂર નથી. સૌએ પોતાનું ઘર પહેલાં તપાસવાનું છે.

સામાયિક લઈને બેઠાં હોઈએ ત્યારે માળા ઘણીવાર હાથ પર ફરતી હોય છે અને મનજીભાઈ એરંડા બનરમાં ભમતા હોય છે. વિચારવમળમાં મન એક ક્ષણવારમાં અટવાઈ જાય છે. સંકલ્પ વિકલ્પની જાળ એવી ભયંકર છે કે જેમાં ભલભલા સમજુ આત્માઓ ફસાઈ જાય છે. અધ્યાત્મકલ્પદ્રુમમાં પૂ. મુનિસુંદરસૂરિએ મનને માછીમારની ઉપમા આપી છે. અને તેમાં ફરમાવ્યું છે કે મન મચ્છીમાર જાણે સોનેરી તારવાળી સંકલ્પ વિકલ્પની જાળ એવી ખૂબીથી બિછાવે છે કે જેમાં ભલભલા આત્માઓ સપડાઇ જાય છે અને તે આત્માઓને અનંતકાળ દુર્ગતિનાં મહેમાન બનવું પડે છે. સ્થિરતા જે આત્માઓમાં આવી હોય તે આત્માઓ જ તે સંકલ્પ વિકલ્પની જાળને છેદી શકે છે. સ્થિરતા અને સમજણરૂપી કાતર વિના તે જાળ છેદાતી નથી.

પુણિયો શ્રાવક સ્થિર ચિત્તે અને સમભાવે સામાયિક કરતો હતો તો ભગવાને તેની સામાયિકની કેટલી બધી કિંમત આંકી છે ! શ્રેણિક મહારાજાને ભગવાને કહેલું કે રાજન્ ! પુણિયા શ્રાવકની સામાયિક ખરીદી લો તો નરક ગતિનો ફેરો ટળી જાય. શ્રેણિક પોતાને નરકે જવું પડશે એ વાત સાંભળીને મુંઝાઈ ગયેલા. તેમાંથી બચવા માટે શ્રેણિકે ભગવાનને રસ્તો પૂછ્યો ત્યારે આ રસ્તો બતાવ્યો અને એવા બીજા પણ રસ્તા બતાવ્યા. પરંતુ તેમાંથી શ્રેણિક એકેમાં સફલ થયા નથી. પુણિયા શ્રાવકે કહી દીધેલું કે રાજન્ ! સામાયિક એ બજારુ વસ્તુ નથી કે હું આપી દઉં. એ તો આત્માના પરિણામની વસ્તુ છે અને તે પરિણામ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી આત્મામાં પ્રગટ થાય છે. માટે આમાં લેવડદેવડ થઈ શકતી નથી. શ્રેણિક તો પુણિયા શ્રાવકને આખા મગધદેશનું સામ્રાજ્ય આપવાને તૈયાર થઈ ગયા, પણ પુણિયા શ્રાવકે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે સામાયિક એ બાહ્ય વસ્તુ નથી. હવે આપ વિચારી જુઓ સામાયિક એ કેટલી મહાન વસ્તુ છે ! લાખો અને કરોડો સોનામહોરનાં દાન કરતાં સામાયિકનું ફળ અધિક છે. માત્ર તેમાં મનની એકાગ્રતા રહેવી જોઈએ.

ધાર્મિક જીવનનો પાયો

પુણિયા શ્રાવક જેવાને પણ સામાયિકમાં એકવાર થોડીક અસ્થિરતા થઈ ગયેલી. તરત પોતાના ઘરવાળાને કહ્યું કે આજે સામાયિકમાં પરિણતી જામતી નથી તેનું કારણ શું છે ! તરત તેમનાં ઘરવાળાએ કહ્યું કે આજે મારાથી થોડીક ભૂલ થઈ ગયેલી છે. આજે અડાયા છાણા રાજરસ્તાપરથી રાજકર્મચારીઓની પરવાનગી વિના લઈ આવી છું. પુણિયા શ્રાવકે કહ્યું કે આટલી

પણ ભૂલ તમારે નહિ કરવી જોઈએ. એ છાણા રાજદ્રવ્ય ગણાય અને પૂછ્યાં વિના તેને લેવાં એ ચોરી કહેવાય.

તેમનાં પત્નીને થઈ ગયેલી ભૂલ અંગેનો મનમાં પશ્ચાતાપ થાય છે અને ફરી તેવી ભૂલ નહિં કરું તેવી પોતાના પતિને ખાત્રી આપે છે, અને જે છાણા રાજ રસ્તા પરથી લઈ આવેલા તે છાણા પાછા રાજરસ્તાપર મૂકી આવે છે.

પુણિયા શ્રાવકની શ્રાવક ધર્મની મર્યાદા કેટલી મહાન હતી ! જ્યારે આજે ડગલે ને પગલે માનવી અનીતિ આચરે છે આજે નીતિનું દ્રવ્ય કેટલાની પાસે છે ? પહેલાં દ્રવ્ય શુદ્ધ હોય તો અન્નશુદ્ધિ થાય છે. અન્નશુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે. અને મનની શુદ્ધિથી આત્મ શુદ્ધિ થાય છે, જ્યારે આજે તો ખાટલે મોટી ખોટ કે પાયો જ ન મળે. પેટમાં અનાજ કેવું જાય છે તેની ઉપર મનની સ્થિરતાનો ઘણો મોટો આધાર રહે છે. એટલે માર્ગાનુસારિનાં પાંત્રીસ બોલમાં પહેલો જ બોલ "ન્યાયસંપન્ન વિભવનો છે" **ગૃહસ્થની પાસે ધન હોય તેની કોઈને ઈર્ષ્યા નથી પણ ન્યાયસંપન હોવું જોઇએ. નીતિને ન્યાય એ તો ધાર્મિક જીવનનો પાયો છે. આજે અનુષ્ઠાનોમાં સ્થિરતા રહેતી નથી તે અંગેના કારણો હવે તમે તમારી મેળે વિચારી લે જો. મે તો મારા અલ્પ-ક્ષયોપશમ મુજબ સમજાવવાનો પ્રયાસ કર્યો છે.**

જેટલી સ્થિરતા તેટલો આનંદ

મનના બે પ્રકાર વર્ણવી ગયા. તેમાં કહી ગયા કે મનની પહેલી અવસ્થા કરતાં બીજી શ્રેષ્ટ છે. તેમાં કાંઇક આનંદનો અંશ રહેલો છે. જેટલીવાર મન સ્થિર રહે તેટલીવાર તે આનંદ લૂંટી શકે છે. હવે શ્લિષ્ટ નામની મનની ત્રીજી અવસ્થા છે. તે

સ્થિરતા અને આનંદવાળી છે. અને સુલીન નામની ચોથી અવસ્થા છે, જે નિશ્ચલ અને પરમાનંદવાળી છે. જેવા તે અવસ્થાઓનાં નામ છે તેવાજ તે અવસ્થાઓમાં ગુણ છે. મનની જેટલી સ્થિરતા રહે તેટલો જીવનનો આનંદ છે. સાધક અભ્યાસનાં બળે માર્ગમાં જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ શરૂઆતની મનની બન્ને અવસ્થાઓને ઓળંગીને ત્રીજી અને ચોથી અવસ્થામાં દાખલ થાય છે. અને પરંપરા એ અભ્યાસની પ્રબલતાથી યોગીને નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ થતાં તેના ફળ રૂપે સમરસી ભાવને પામી પરમાનંદપણું અનુભવે છે.

એક મનને જ કેળવી લો એટલે બેડો પાર

માનવી પાસે મનનાં આલંબને વિચારણા શક્તિ છે. એજ તેની મહત્તા છે. માનવી સારાસારનો વિચાર કરી શકે છે, તેમ જ તત્વાર્થની પણ ઉંડાણથી ચિંન્તવના કરી શકે છે. તત્વાર્થની વિચારણા એ જ બુદ્ધિનું વાસ્તવિક ફળ છે. માનવી તત્વાર્થનાં સારને પામી જાય તો અંદરની વૃત્તિઓ પર માનવીનો વિજય થઇ જાય. **બધા શાસ્ત્રોનો સાર એટલોજ છે કે વૃત્તિપર વિજય મેળવવો અને ચિત્તની વૃત્તિઓનો નિરોધ એજ શ્રેષ્ટ યોગ છે.** રાગ દ્વેષાદિ નબળી વૃત્તિઓને લીધે જ માનવીનું મન વિકળ બને છે. મનની વિકલતામાંથી આકુળતા જન્મે છે. અને આકુળતા અશાન્તિને જન્મ આપે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ સ્પષ્ટતયા કાવ્યમય ગુર્જર ગિરામાં ફરમાવ્યું છે કે''

કલેશ વાસિત મન સંસાર,
કલેશ રહિત મન તે ભવપાર ।।

કલેશ વાસિત જે મન તે જ સંસાર છે. અને કલેશ રહિત મન તેજ ભવપાર કહેતા મોક્ષ છે. મનને કલેશ રહિત બનાવવામાં

તો પૈસા બેસતા નથી ને ? તો પછી આવો નગદ ધર્મ આચરવામાંએ કેમ પ્રમાદ સેવાય છે ? જો કે ઔદાર્ય વિના તો ધર્મ સિદ્ધિ છે જ નહિ, પણ આ તો અપેક્ષાએ ઘટના છે. મનનો કલેશ જાય એટલે આત્મામાં સદ્‌ગુણો પ્રગટે જ ! પરંતુ મનને કેળવવું એ બચ્ચાંનાં ખેલ નથી. મન કેળવાઈ જાય અને મનમાંથી કલેશ નીકળી જાય પછી તો કેવલજ્ઞાન અને આપણી વચ્ચે કેટલું ક અંતર રહે ? આ કાળે કેવલજ્ઞાન નથી પણ આત્મજ્ઞાનતો છે ને ? આ કાળે અહીંથી મોક્ષ નથી પણ મોક્ષમાર્ગ તો છે ને ? માર્ગે ચડેલા કદાચ પંથ લાંબો હશે તો રસ્તામાં રાત્રિ વિસામો કરીને પણ મોડાં કે વહેલાં ધારેલા સ્થાને પહોંચી જવાના છે. માત્ર સાચે રસ્તે ચડેલા હોવા જોઈએ. આખી દુનિયાને તમે સાધવા નિકળી પડયા. તેના કરતા એક મનને જ સાધી લો એટલે બેડો પાર થઈ જાય. રસોઈમાં બહેનો જેમ કણકને કેળવે તેમ મનને કેળવો !

એક મન કાબૂમાં આવી જાય તો પરમાર્થનો પંથ જરાએ દૂર નથી. બાકી ફાંફાં માર્યા જ કરો. કંઈ હાથમાં આવવાનું નથી. પૂ. ઉપાધ્યાયજી ફરમાવે છે તેમ

જબ લગ આવે નહિ મન ઠામ,

તબલગ કાય ક્રિયા સવિ નિષ્ફળ, જ્યું ગગને ચિત્રામ.

જ્યાં સુધી મન ઠરીને ઠામ ન થાય ત્યાં સુધી શરીરથી ગમે તેટલી ધર્મ ક્રિયાઓ થાય તો પણ તે સફળ નથી ! રંગમાં પીંછી બોળીને જેમ કોઇ ગગનમાં ચિત્રામણ કરવા જાય તો ઉલ્ટી મહેનત માથે પડવાની આગળ વધીને કહે છે.

"કરણી બિન તું કરે રે મોટાઈ,
બ્રહ્મવતી તુજ નામ.

આખર ફળ ન લહેગો જ્યોં,
જગ વ્યાપારી બિનુ દામ.
જબ લગ આવે નહીં મન ઠામ"

બ્રહ્મવ્રતીનું નામ ધરાવે છે અને કરણી વગર તું ખોટી મોટાઇ રાખે છે! તેમાં તું આખર કોઇ ફળને પામી શકવાનો નથી. જેમ વ્યાપારી પાસે દામ ન હોય તો તે શું ફળ પામે, તેમ મન ઠામ ન હોય તો સાધક શું ફળ પામે, શંકાકાર શંકા કરે છે કે મસ્તકનું મુંડન કરાવેલ હોય, વાળ હાથથી ઉખેડયા હોય, વનવગડાનાં નિર્જન પ્રદેશમાં વિચરતા હોઈએ —અથવા ખૂબ મોટી દાઢી વધારી હોય, અનેક કષ્ટો સહન કરતાં હોઈએ છતાં શું એક મન ઠેકાણે ન હોય તો આટલાં કષ્ટો સહન કરવા છતાંયે કાંઈ ફળ ન મળે?

"મુંડ મુડાવત સબહી ગડરીયા,
હરિણ રોઝ વન જાત.
જટા ધાર વટ ભસ્મ લગાવત,
રાસભ સહેતુ હે ઘામ.
જબ લગ આવે નહીં મન ઠામ॥"

પ્રત્યુત્તરમાં કહે છે ઘેટાં પણ દર છ મહિને મુંડાવે છે. હરણ અને રોઝ વન વગડામાં જ ભમે છે. વડલાના વૃક્ષ પણ મોટી લાંબી દાઢી વધારે છે. ગધેડા અને ઉંટ પણ અનેક કષ્ટો સહે છે; છતાં સકામ નિર્જરાનાં ફળને પામતા નથી. તેમ મન સમતાભાવમાં આવ્યા વિના અજ્ઞાન પણે ગમે તેટલા કષ્ટો સહેવામાં આવે છતાં જીવ સકામ નિર્જરા સાધી શકતો નથી. આ ઉપરથી સમજાય છે કે પૂ. યશોવિજયજી મહારાજ અધ્યાત્મના માર્ગમાં કેટલાં ઊંડા ઉતર્યા હશે. તેમની અંતરદૃષ્ટિ

કેટલી જાગૃત હશે. જ્ઞાન દૃષ્ટિ વિનાના મનુષ્યો તો આવી વાતો સાંભળીને પણ ઊભા થઈ જાય! શું અમે આ બધું કરીએ એ ખોટું છે? અરે ભાઈ ખોટું, કોણ કહે છે. પરંતુ જ્ઞાનીના આવા મહાભૂલાં વચનો સાંભળીને તેમાં સુધારો કરવામાં શો વાંધો છે? દરેક ધર્મ પ્રવૃત્તિમાં જેમ તનને સ્થિર રાખીએ છીએ તેમ મનને પણ સ્થિર રાખવાની જ્ઞાની પુરૂષો હિતશિક્ષા આપે છે.

દૃષ્ટિને અંતરમાં વાળો

"એતે પર નહીં યોગકી રચના,
જો નહીં મન વિશ્રામ.
ચિત્ત અંતર પર કે છળ ચિંતવત,
કહાં જપત મુખ રામ.
જબ લગ આવે નહીં મન ઠામ ॥

કહે છે એકલાં બાહ્ય કષ્ટો સહવા માત્રથી યોગ સિદ્ધિ નથી. જો મન વિશ્રાંતિને ન પામ્યું હોય તો! ચિત્તમાં તું પારકાનાં દૂષણ ચિંતવે છે તો પછી તું મોઢેથી રામ રામ શું જપવા બેઠો છે? કયા મોઢે તું ભગવાનનું નામ લે છે? કેવી અદ્‌ભુત વાણી ઉચ્ચારી છે. **આજે મોટે ભાગે આ જ વાતાવરણ ચાલી રહ્યા છે. એક બાજુ ઉપાશ્રયમાં માળા જપતા હોય અને બીજી બાજુ બીજાઓના મનમાં દોષ ચિંતવતા હોય અરે કેટલાકો તો સાધુઓનાં પણ છિદ્ર જોતા હોય. આવી મનની સ્થિતિ હોય ત્યાં યોગ સિદ્ધ કયાંથી સંભવે.** આપણે આપણા દોષ જોવા, બીજાનાં જોવાનો આપણને શો અધિકાર છે? પણ જીવે દૃષ્ટિને અંતરમાં વાળી નથી. ભગવાન મહાવીર કેટલા અંતર્મુખ હતા અને તેમની સાથે રહેનારો

ગોશાળો કેટલો બધો બહિર્મુખ હતો? જ્યાં ત્યાં ડોકાયા જ કરતો હતો અને કેટલાયના હાથનો તેણે મેથી પાક ચાખેલો, છતાં ઠરીનેઠામ ન થયો. તેવી જ રીતે આજે પણ મનુષ્યોમાં બહિર્મુખ ભાવ ઘણો વધ્યો છે, જે પોતાના માટે અત્યંત નુકશાનકારક છે.

તો પ્રગટે આતમરામ

છેલ્લે ઉપાધ્યાયજી કહે છે કે વચન અને કાયાને ઘણાં ગોપવે છે. પણ મનરૂપી ઘોડાની લગામકાબૂમાં રાખી શકતા નથી. તેવા મનુષ્યો મોક્ષનાં સાધનને પામી શકતા નથી. તેવાઓ માટે સાધન પણ અંતે બંધનરૂપ થાય છે. સત્ સાધન સમજ્યા વિના બંધન શેં તૂટવાના છે? આ બધી મનના નિગ્રહની વાતો સાંભળીને અને એ વાત બહુ અઘરી લાગતા નિરાશાને અનુભવતો સાધક કહે છે. ત્યારે હવે અમારે શું કરવું? આ બધી જ્ઞાન ક્રિયા વગેરેની પ્રવૃત્તિ મૂકી દેવી? મન તો એકદમ ઠેકાણે આવતું નથી ત્યારે શું આ બધી પ્રવૃત્તિ છોડી દેવી?

"પઢો જ્ઞાન કરો સંયમ કિરિયા,
મત ફિરાવો મન ઠામ,
ચિદાનંદ ઘન સુજસ વિલાસિ,
પ્રગટે આતમરામ.
જબલગ આવે નહીં મન ઠામ."

શંકાના સમાધાનમાં ગુરુભગવંત કહે છે કે ખૂબ જ્ઞાન ભણો, સંયમની બધી ક્રિયાઓ પણ કરો, ધર્મ પ્રવૃત્તિ પણ આદરો. વાતએટલી જ છે કે મનને ચારે બાજુ ભમાડો નહિ. ભલે મન એકદમ ન જીતી શકાય પણ અભ્યાસ ચાલુ રાખો. અંતે મન જરૂર તમને વશ થઈ જશે. સ્થિરતા

આવી જશે. ચિદાનંદઘનરૂપી સુજસના વિલાસી પૂ. યશોવિજયજી ફરમાવે છે કે સ્થિરતા આવતા આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થશે. મનને સંબોધીને પૂ. યશોવિજયજી મહારાજે જ્ઞાનસાર ગ્રંથમાં પણ ફરમાવ્યું છે કે હે વત્સ ! ચંચળ બનીને તું શા માટે ચારેબાજુ ભમીભમીને તારો ચિનાશ નોંતરેછે. અખૂટભંડાર તો તારીપાસેજ છે. તું સ્થિરતા કેળવ.એસ્થિરતાજ તને અખૂટ ભંડારનાં દર્શન કરાવી આપશે. આવા મહાપુરૂષોનાં વચનોમાંથી આપણે ઘણું મેળવવાનું છે. મહાપુરુષોએ આવી દ્રષ્ટિ આપીને આપણા પર અસીમ ઉપકારો કર્યા છે.

વિરાટના દર્શન કરવા હોય તો

મનની શક્તિઓ જે છૂટી છવાઈ વેરાઈ ગએલી છે તેને જો એક જગ્યાએ કોઈ એકાદ પદનાં ચિંતનમાં કેન્દ્રિત કરવામાં આવે તો એક મહાન વિરાટ શક્તિ નિર્માણ થાય.વૈજ્ઞાનિકો એક જડ પદાર્થમાં મનની શક્તિને કેંદ્રિત કરીને તેમાંથી કેટલા આવિષ્કારો પ્રગટ કરે છે અમેરિકામાં ભાષણ ચાલતું હોય અને આપણે અહિં બેઠા સાંભળીએ એ જડની શક્તિને આવિષ્કાર નથી તો બીજુ શું છે. બસ તેવીજ રીતે ચૈતન્યની સાધનામાં મનની શક્તિઓને આપણે જો કેંદ્રિત કરી હોય તો એક વાર ભલભલા તાજુબી અનુભવે તેવા આવિષ્કારો ચૈતન્યમાંથી પ્રગટ થાય. પૂર્વકાળમાં થઈ ગયેલાં વાલી મુનિ વિષ્ણુકુમાર જેવાં મહાપુરૂષોમાં તેવી અફાટ શક્તિઓ પ્રગટેલી હતી અને તે મહાપુરૂષોએ ફક્ત શાસનના રક્ષાના કાર્યમાં જ પોતાની શક્તિઓનો ઉપયોગ કર્યો છે. પંચમ કાળમાં થયેલાં પૂ. હેમચંદ્રાચાર્યજી, પૂ.હીરવિજયસૂરિજી મહારાજ,પૂ.યશોવિજયજી મહારાજ વગેરે મહાપુરૂષોએ પણ શાસન રક્ષાના મહાન કાર્યો કર્યા છે. સાધનાના પ્રભાવે આત્મામાં શક્તિઓ તો પ્રગટે પણ પાછી

જરવાવવી જોઈએ. વિજ્ઞાને તો જડમાં પ્રગતિ સાધી છે. અને એ પ્રગતિ પણ અંતે પરાગતિને લાવનારી છે. એ કોઈ સાચી પ્રગતિ નથી. પણ આપણે તો તેમાંથી સાર એટલું લેવાનું છે કે એ જડના વિકાસમાં આગળ વધ્યા તો આપણે આત્માના જ્ઞાન, 'દર્શન' અને ચારિત્રનાં વિકાસમાં કેમ આગળ ન વધી શકીએ, પણ મનની શક્તિઓને આપણે પંચપરમેષ્ટિનાં સ્મરણમાં કે નવપદનાં ધ્યાનમાં કેન્દ્રિત કરી શકતા નથી.

ત્રિવિધ યોગ પૂર્વકની સાધના

એક શ્રીપાળ મહારાજાના જીવનમાં અભ્યંતર શક્તિના કેટલાં આવિષ્કારો થયા છે. વિમલેશ્વર યક્ષ જેમની સેવામાં સ્મરણ કરતાં હાજર થઈ જતો હતો. કારણ કે ત્રિવિધ યોગ પૂર્વકની તેમની સાધના હતી. માટે સમજી જ લેવું કે એકાગ્રતા વિના સિદ્ધિ જ નથી. અને જ્યાં મનની સ્થિરતા છે ત્યાં આવી સામાન્ય સિદ્ધિઓ તો ઠીક પણ અંતે મોક્ષની સિદ્ધિ છે. વચગાળામાં ગમે તેટલી લબ્ધિઓ પ્રગટ થાય પણ અંતિમ સિદ્ધિ તો મોક્ષ જ છે. ગમે તેવી લબ્ધિઓ પ્રગટ થાય મહાપુરૂષો તેમાં મોહ પામે જ નહી. મહાપુરૂષોની મીટ તો પરમપદની પ્રાપ્તિ ઉપર જ મંડાયેલી હોય છે.

ક્રિયામાં પ્રાણ પૂરવાની જરૂર

મૂળ વાત એટલી જ છે કે મન આપણું ચારે બાજુ ભમે છે તેથી આપણે સાધનાનાં માર્ગમાં ધારી સફળતા મેળવી શકતા નથી. વૈજ્ઞાનિકો જડના વિકાસમાં આગળ વધતા જાય છે. જે વિકાસ અંતે વિનાશને નોંતરનારૂં છે છતાં વિજ્ઞાનની પાછળ દુનિયા આજે મંત્ર મુગ્ધ બની છે. હવે તો સૌ ચંદ્રલોકની મુસાફરીની રાહ જોઈ રહ્યા છે. જે અમને તો અશક્ય વાત

લાગે છે. મનોવિજ્ઞાન એ ખરૂં વિજ્ઞાન છે. માનવી મનને જીતી લે તો સમજવું ત્રણે લોક જીતી લીધા. કયાંય પાછા નહીં પડનારાં મનની આગળ પાછાં પડી જાય છે. આપણે ધર્મ ધ્યાન કરીએ છીએ પણ મનની તેમાં સ્થિરતા નહીં રહેતી હોવાથી સિદ્ધિ દેખાતી નથી. આપણી બધી ક્રિયાઓ ફલવતી છે અને તેનું ફલ તો એવું મહાન છે કે એકવાર શ્રદ્ધા હીન માણસો પણ ધર્મમાં શ્રદ્ધાળુ બની જાય, **ઉપયોગ શુન્યપણે થતી ક્રિયાઓમાં પ્રાણ પુરવાની જરૂર છે. મનનું પ્રણિધાન કેળવાય તો પ્રાણ પુરાઈ જાય. ચિત્તની એકાગ્રતા એજ પ્રણિધાન છે.**

સ્થિર દીપકની ઉપમાં

સર્પ ડંશ થતાં શરીરમાં ઝેર વ્યાપી જાય છે. પણ ગારૂડિકનાં મંત્ર વિદ્યાના પ્રયોગથી ઝેર ડંખમાં આવી જાય છે આખાએ શરીરમાં વ્યાપેલા ઝેરને ગારૂડિક ડંખમાં લાવી મૂકે છે ઝેર ડંખમાં આવે એટલે દર્દી પણ શુદ્ધિમાં આવી જાય છે. અને પછી તો થોડીક વારમાં ઝેર ઉતરી પણ જાય છે. તેમ આખાએ વિશ્વમાં પરિભ્રમણ કરતાં મનને યોગીઓ કોઈ એકાદ પદનાં ધ્યાનમાં લીન બનાવી દે છે. અને ચારે બાજુ ભમતું મન વાયુ વગરનાં પ્રદેશમાં રહેલા દીપકની જેમ સ્થિર થઈ જાય છે. અપૂર્વ સાધના હોય તો જ મન આ રીતે સ્થિર દીપકની ઉપમાને પામે છે.

છેલ્લું રહસ્ય

સ્થિરતાને પામી ગએલું મન તેને સંકલ્પ વિકલ્પનો ખોરાક ન મલતા અંતે પોતાની મેળે વિનાશને પામી જાય છે. બસ આત્મવિકાસની આ જ ઉંચામાં ઉંચી ભૂમિકા છે.

જેને યૌગિક ભાષામાં ઉન્મનીભાવ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં જેને અમનસ્કદશા કહેવામાં આવે છે. અમનસ્કપણું એ જ યોગ રૂપી પર્વતનું ગિરિ શિખર છે. ઉન્મનીભાવ રૂપ નવીન અમૃતનાં કુંડમાં મગ્ન થયેલો યોગી ઉત્કૃષ્ટ તત્વામૃતનાં આસ્વાદનો અનુભવ કરે છે. આવા યોગી પુરૂષોનો મોક્ષ થાય છે. અને મોક્ષને ન પામે ત્યાં સુધી અહિં મૃત્યુલોકમાં પણ તેવા યોગીઓ ધ્યાન જનિત અનુપમ આનંદને અનુભવતા હોય છે. જે આનંદની આગળ દુનિયાનાં સમગ્ર સુખો એક સડેલાં તૃણની માફક પ્રતિભાસે છે. આ છેલ્લામાં છેલ્લુ રહસ્ય છે. અને તેની સાથે આ મનોવિજ્ઞાનનાં વિષય પરનું પૂર્વાર્ધ પુરૂ થાય છે. ઉત્તરાર્ધ હવે પછીનાં વ્યાખ્યાનમાં વર્ણવાશે, જેમાં પૂ. આનંદઘનજી મહારાજાએ રચેલાં કુંથુનાથ ભગવાનના સ્તવન પર લંબાણથી વિવેચન સંભળાવવામાં આવશે.

❋

પોતાના માથે દુઃખ આવી પડે ત્યારે માનવી દુઃખ તરફ જુએ છે પણ દુઃખના કારણ તરફ જોતો નથી. દુઃખનું કારણ પાપ છે. એ કારણ જો નાબૂદ કરી નાખે તો કોઈ પણ કાળે દુઃખ માથે પડે જ નહીં

મનોવિજ્ઞાન (ઉત્તરાર્ધ)

મનોવિજ્ઞાનનાં વિષય પર લંબાણથી વિવેચન કરી ગયા, છતાં હજી સમજાવવાનું ઘણું બાકી છે, એટલે મનોવિજ્ઞાનનાં વિષયને પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધના બે વિભાગમાં વહેંચી નાખવો પડયો છે. તેમાં પૂર્વાર્ધમાં મનો નિગ્રહ અંગેના ઉપાયો તેમજ મનનું સ્વરુપ અનેક દાખલા દૃષ્ટાંતો આપવા પૂર્વક સમજાવી ગયા. હવે ઉત્તરાર્ધમાં પૂ. યોગીરાજ આનંદઘનજીએ રચેલા સત્તરમાં કુંથુનાથ ભગવાનના સ્તવન પર વિવેચન કરવાનું છે. 'આનંદઘન ચોવીશી' આપણામાં પ્રખ્યાત છે. શ્રી આનંદઘનજીએ અમુક પદો પણ રચ્યા છે. શ્રી આનંદઘનજીનો આશય અત્યંત ગંભીર અને ઉદ્ધાર છે, તેનો પાર સ્વાનુભવ વિના પામી શકાતો નથી. નાના બાળકને કોઈ પૂછે કે સમુદ્ર કેવડો મોટો છે? તો બાળક કયા શબ્દોમાં તેનું વર્ણન કરે? તે તો હાથ લાંબા કરીને કહે કે આવડો મોટો છે. તેમ સ્વાનુભવ વિના આનંદઘન જેવા મહાન યોગી પુરુષોના આશયનો કયા શબ્દોમાં વર્ણન કરી શકાય! અનુભવ ગોચર જે વસ્તુ હોય છે તેનો પાર એકલા શાસ્ત્ર જ્ઞાનથી પણ પામી શકાતો નથી. શાસ્ત્ર પણ દિશા બતાવનાર છે, વસ્તુની પ્રાપ્તિ તો અનુભવજ્ઞાનથી જ થાય છે. સ્વાનુભવ એ આત્માનો ખરો મિત્ર છે. અનુભવ રહિત જ્ઞાન પાણી અને દૂધની ઉપમાવાળું છે, જેને શ્રુત અને ચિંતાજ્ઞાન કહેવામાં આવે છે, જ્યારે અનુભવયુક્ત ભાવનાજ્ઞાન એ અમૃત સમાન છે.

શ્રુતજ્ઞાનનો પરિપાક તે જ અનુભવજ્ઞાન

જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જુદી હોય છે, તેમ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનથી પૃથક્ અનુભવજ્ઞાનને પંડિતોએ કેવલજ્ઞાન રૂપી સૂર્યના અરૂણોદયરૂપ કહ્યું છે. અગ્નિ પર ચડાવીને દૂધને ખૂબ ઘૂંટવામાં આવે એટલે તેમાંથી જેમ દૂધપાક, બાસુંદી, માવો બને છે, તેમ શ્રુતજ્ઞાનના ઘોલનનાં પરિપાક રૂપે અનુભવજ્ઞાન પ્રગટે છે. જ્ઞાનના તો પાંચ જ પ્રકાર છે. શ્રુતજ્ઞાનનો પરિપાક એજ અનુભવજ્ઞાન છે. અનુભવજ્ઞાન મતિ શ્રુતજ્ઞાનનું ઉત્તરભાવિ હોવાથી અને કેવલજ્ઞાનનું પૂર્વભાવિ હોવાને લીધે તેને કેવલજ્ઞાનરૂપી સૂર્યના અરૂણોદય સ્વરૂપ કહ્યું છે. અતીન્દ્રિય એવું જે પરબ્રહ્મ છે (આત્મ સ્વરૂપ છે) તે શાસ્ત્રોની સેંકડો યુક્તિઓથી પણ જાણી શકાતું નથી. પણ તે અનુભવજ્ઞાનથી જ જાણી શકાય છે. શાસ્ત્રો સાંભળીને જ બેસી રહીએ તો અનુભવજ્ઞાન કયાંથી પ્રગટવાનું છે? શ્રવણ ઉપર ચિંતન હોય, મનન હોય તો તેના ફળસ્વરૂપે અનુભવજ્ઞાન પ્રગટે છે.

કલ્પનાના ઘોડા દોડાવે શું વળે?

એકલી કડછી દૂધપાકમાં ફર્યા કરે તો તે કડછી દૂધપાકનો સ્વાદ કયાંથી માણી શકવાની છે? તેમ માનવી શાસ્ત્રને ભણીને એકલા કલ્પનાના ઘોડા જ દોડાવ્યા કરે તો શાસ્ત્રના ખરા રહસ્યને તે કયાંથી પામી શકશે? દૂધપાકના ભાણે બેઠેલો માણસ જેમ જીભ વડે દૂધપાકનો આસ્વાદ માણી શકે છે, તેમ અનુભવજ્ઞાનરૂપી જિવ્હાવડે શાસ્ત્રરૂપી ક્ષીરાન્નનો સ્વાદ અનુભવજ્ઞાની માણી શકે છે. આજે પણ તમે જોઈ શકો છો કે ભણી ગયેલા પંડિતો ઘણા મળી આવશે; પણ જીવનમાં તે અંગેનો સ્વાનુભવ કર્યો હોય તેવા મળી આવવા દુર્લભ છે. માટે પૂ. ઉપાધ્યાયજીએ ફરમાવ્યું છે કે:

"व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शनं एव हि ।
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥

સર્વ શાસ્ત્રોનો વ્યાપાર દિશા બતાવવા પૂરતો છે. જ્યારે માત્ર એક અનુભવજ્ઞાન ભવસમુદ્રથી પાર પમાડે છે. અનુભવ જ્ઞાન અંગેની રજૂઆત પૂ. ઉપાધ્યાયજીએ કેટલી સુંદર શૈલીમાં કરી છે! મેંદીને પાંદડે પાંદડે રંગ છે, પણ તે રંગ ચડે કયારે? મેંદીને પીસવામાં આવે ત્યારે. મેંદીને પાંદડે પાંદડે જેમ રંગ તેમ **જિનવાણીના શબ્દેશબ્દમાં વૈરાગ્યનો રંગ છે,** પણ તે રંગ લાગે કયારે? શાસ્ત્રો સાંભળ્યા પછી જે ઘોલન કરવામાં આવે, શબ્દેશબ્દ ઉપર ઊંડાણથી ચિંતન કરવામાં આવે તો જરૂર ચોળ મજીઠનો રંગ લાગે!

તરતા પુરુષની વાણી

આતો કેવલજ્ઞાનરૂપી સૂર્યોદયના અરૂણોદય રૂપ ઊંચામાં ઊંચા અનુભવજ્ઞાન અંગેની વ્યાખ્યા થઈ. આ અનુભવજ્ઞાનને શાસ્ત્રીય ભાષામાં પ્રાતિભજ્ઞાન પણ કહેવામાં આવે છે. જન્મો-જન્મની જ્ઞાનની આરાધનાના ફળરૂપે જીવ આવા ઊંચામાં ઊંચા અનુભવજ્ઞાનની ભૂમિકાને પામે છે. જ્યારે આનંદઘનજી જેવા મહાપુરુષોમાં શરૂઆતની ભૂમિકાનું અનુભવજ્ઞાન જરૂર હતું! તેમણે જે વાણી ઉચ્ચારી છે, તે અનુભવગમ્ય વાણી ઉચ્ચારી છે. તેમણે રચેલા પદો અને સ્તવનો જ્યારે આપણે ગાતા હોઈએ છીએ ત્યારે જરૂર આપણા મન ઉપર એવી છાપ પડે છે કે આ કોઈ તરતા પુરુષે ઉચ્ચારેલી વાણી છે. પૂ. આનંદઘનજીએ રચેલા સ્તવનોમાં–પદોમાં શાસ્ત્ર જ્ઞાનની સાથે અનુભવજ્ઞાનનું ઘણું સુંદર દોહન કર્યું છે. સ્વાનુભવને તો તેમણે આત્માનો જાણે કલ્યાણમિત્ર ઠરાવ્યો છે.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકાકારતા

આપણે જે કુંથુનાથ ભગવાનના સ્તવત પર વિવેચન કરવાનું છે, તે સ્તવનની રચના આવા મહાન યોગીપુરુષે કરેલી છે. આજથી લગભગ ત્રણસો વર્ષ પૂર્વે આ રચના થયેલી છે. આ એક સ્વવનના વિવેચન પરથી આપને લાગશે કે તેમણે રચેલા દરેક સ્તવનો અર્થ સહિત ગુરુગમથી વિચારવા જેવા છે. આનંદઘનજી જેવા યોગી પુરુષને પણ મનના સૂક્ષ્મ કોયડા અંગેની હૃદયમાં વિમાસણ પેદા થઈ છે, અને દેવાધિદેવ શ્રી કુંથુનાથ ભગવાનને સ્તવનામાં વિનવે છે.

કુંથુજિન મનડું કિમ હી ન બાજે,
જિમ જિમ જતન કરીને રાખું.
તિમ તિમ અલગું ભાજે,
હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે.” ૧

કુંથુનાથ પ્રભુ! આ મનડું કેમે કરી સ્થિરતાને પામતું નથી જતન કરીને જેમ જેમ આ મનને સ્થિરતા પમાડવાના પ્રયાસો કરું છું તેમ તેમ દૂરને દૂર ભાગતું જાય છે. હું આ મનને નાથ! આપ પરમાત્માના શુદ્ધ સ્વરૂપના ચિંતનમાં એકાગ્ર કરવાના પ્રયાસો કરું છું ત્યાં તે મર્કટની જેમ છલાંગ મારીને કોઈ જુદા જ વિષયોમાં પ્રવેશ કરી જાય છે. મન જો પરમાત્મ સ્વરૂપમાં એકાગ્ર બને તો પછી બાકી શું રહે? નિશ્ચયથી તો પોતાનો આત્મા પણ પરમાત્મ સ્વરૂપ છે. અનંતજ્ઞાન, દર્શનને ચારિત્ર એજ મારુ શુદ્ધ સ્વરૂપ છે. શરીરાદિ બધા બાહ્ય પદાર્થોથી ભિન્ન હું એક અવિનાશી ચૈતન્ય સ્વરૂપી છું. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્ય આવા અનંત ચતુષ્ટયનો હું સ્વામી છું. સત્તાગત આત્મામાં અનંત

અવ્યાબાધ સુખ અને અનંતવીર્ય રહેલું છે. આ રીતના પોતાના શુદ્ધ સ્વરૂપના ચિંતનમાં મન પરોવાઈ જાય તો ધ્યાતા, ધ્યાન ને ધ્યેયની એકાકારતા સધાઇ જાય.

ધ્યાતા આત્મા પોતે, ધ્યાન પોતાના શુદ્ધ સ્વરૂપનું અને ધ્યેય પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ અથવા મોક્ષપદની પ્રાપ્તિ– આ ત્રણેની એકાકારતા એજ યોગમાર્ગની અંતિમ સિદ્ધિ છે. ઘી, ગોળ અને ઘઉં એ ત્રણની એકાકારતા થાય એટલે મોદક બને અને ધ્યાતા, ધ્યેય અને ધ્યાન આ ત્રણની એકાકારતા થાય એટલે મોક્ષ થાય. પણ મન જ બહાર ભમે છે પછી ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકાકારતા સધાય કયાંથી ? મન જાણે છે કે હું પરમાત્મ સ્વરૂપ તરફ વળ્યો તો મારી હસ્તિ જ નામૂદ થઈ જવાની છે. ઉપયોગ અંતરમાં વળે એટલે અંતરાત્મા કહેવાય અને અંતરાત્મ પરંપરાએ પરમાત્મા બને. પછી મનની વિદ્યમાનતા રહે કયાંથી ? એટલે મન બહારની દુનિયામાં જ જ્યાં ત્યાં ચોમેર ભમ્યા કરે છે. એ જાણે છે કે જો હું અંતરની દુનિયામાં દાખલ થયો તો મારી વિદ્યમાનતા નહિ રહે. કારણ કે તેવી ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા આત્માઓ નિર્વિકલ્પ હોય છે. ત્યાં મનનું તોફાન રહેતું નથી. હવે આવી સ્તિતિમાં મન કયાંથી ઝટ અંતરમાં વળે ? એટલે શ્રી આનંદઘનજી જેવા મહાન યોગી પુરુષને કહેવું પડયું કે મનને જતન કરીને સ્થિર કરવાના પ્રયાસો કરું છું પણ મન તો કયાંનું કયાં દૂરને દૂર ભાગે છે. હવે મન કયાં કયાં ચક્કર લગાવવા નીકળી પડે છે તે બીજી ગાથામાં દર્શાવે છે.

રજની વાસર વસતિ ઉજડ ગયણ પાયાલે જાય,
સાપ ખાએને મુખડું થોથું,
એહ ઉખાણો ન્યાય,
હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે. ૨

ચોમેર ભમતું મન

મનને પરિભ્રમણ કરવામાં કાળ કે ક્ષેત્રનો કોઇ પ્રતિબંધ નથી. મન અમાસની કાળી રાત્રિનાં સમયે પણ ભમવા નીકળી પડે છે. ભરનિદ્રામાંએ મનનું ભ્રમણ ચાલુ હોય છે. બહારની સૃષ્ટિમાં રખડવાનું ન મળે તો સ્વપ્નાની સૃષ્ટિમાં મન ભમવા નીકળી પડે છે. કંઈક સટોડીયા સ્વપ્નામાં ઈતના લીયા ને ઈતના દીયાનો બબડાટ કરતા હોય છે. કાપડીયા તો સ્વપ્નમાં કાપડના તાકા ફાડી નાંખે, તાકો હાથમાં ન આવે તો છેવટે પોતાનું ધોતીયું ફાડી નાંખે. સવારનાં ઉઠે ત્યાં કપડાનુંયે ઠેકાણું ન હોય. એટલે ઉંઘમાંયે મનનું કામ ચાલુ હોય છે.

મન રાત્રિએ, દિવસે જ્યાં મનુષ્યો વસતા હોય તેવા વસતી-વાળા પ્રદેશમાં, જ્યાં કોઈનો વસવાટન હોય તેવા ઉજડપ્રદેશમાં, આકાશમા, પાતાળમાં, ચોમેર ભમવા જાય છે. મન ચારે બાજુ ભમે તેથી કાંઈ અર્થ સરી જાય છે તેવું નથી. કદાચ કોઈને મનમાં શંકા થાય કે મનને તેમાં મજા પડતી હશે? જે જે વસ્તુમાં મન જાય તે તે વસ્તુનો મનને આનંદ મળતો હશે? પ્રત્યુત્તરમાં જ્ઞાની ગુરુ કહે છે કે તેવું કશું નથી. આગળ વધીને ઘટના કરે છે કે સર્પ કોઈને કરડે છે ત્યારે તેને સાપે ખાધો એમ કહેવતમાં કહેવાય છે, પણ તેથી સર્પના મોઢામાં કંઈ આવતું નથી. સર્પ જેને ડંખ મારે તેનો તો જીવ જાય પણ સર્પનું મોઢું તો થોથુંને થોથું હોય છે. તેને સામાને ડંખ દેવાથી તૃપ્તિનો આનંદ મળતો નથી. તેનું મોઢું તો તદ્દન ખાલીખમ હોય છે. ઉંદર જેવાં પ્રાણીને સર્પ ગળી જાય તોય તેનાં મોંમાં કયો આનંદ આવે છે? તમે ભજીયા ખાતા હો ને સ્વાદ પડે તેમ સર્પ કે મોટા અજગર કંઈકને ગળી જાય છે પણ તેમાં તેને કશો સ્વાદ આવતો નથી. તેનાં યોગે

તેની ક્ષુધાશાન્તિ થાય એ જુદી વાત છે. મનની હાલત પણ તેવીજ છે. આ ઉખાણો, દૃષ્ટાંત કે ન્યાય મનને પણ બરાબર લાગુ પડે છે. મન ચોમેર ભમ્યા કરે અથવા ઈષ્ટ પદાર્થો જોઈને મન સંકલ્પવિકલ્પ કર્યા કરે છે. પણ તેથી તેને તે તે વિષયોનો આનંદ મળતો નથી. ઉલટા મનમાં ખોટાં વિચારો કરવાથી નવા કર્મ બંધાય છે, આનંદ તો આપણે પૂર્વાર્ધમાં વર્ણન કરી ગયા તેમ મન વિશ્રાંતિને પામે તો જ મળવાનો છે.

તનના નિરોગી પણ મનના રોગી

કંદોઇની દુકાને જલેબી તળાતી હોય અને ત્યાંથી પસાર થનારાં કોઈ માણસનાં મોઢામાં પાણી આવી જાય અને ગજવામાં પૈસા ન હોય તો મોઢામાં પાણી આવી જાય એટલા માત્રથી કાંઈ તેનાં મોંમાં થોડાક જ જલેબીનાં ગુંચળા પડી જવાના છે? ભલે તે મનમાં જલેબીનાં સ્વાદ અંગેના ગમે તેટલાં વિચારો કર્યા કરે! કાઠીયાવાડી ભાષામાં કહેવું હોય તો—ભલે ઊભો ઊભો લાળા લીધાં જ કરે! પણ તેથી કાંઈ તે તૃપ્તિને ન પામે. વિચારો લાવ્યા જ કરે તેથી તેને કયો આનંદ મળી જવાનો છે તેમ સ્વરૂપવાન સ્ત્રીઓને જોઈને કોઈ મનમાં નબળા એના કરતાં મનમાં સારાં વિચારો લાવે કે આ તો મારાં માટે સગી બહેન સમાન છે તો મનથી નવા કર્મ તો ન બંધાય. જીવ મન, વચન, અને શરીર ત્રણેથી દંડાય છે. તેમાં મનથી વિશેષ દંડાય છે. મોંમાં કાંઇ આવે નહિ અને ખોટાં લબરકા લેવા તેનો શો અર્થ છે? કેટલાકો બીજાનો ઉત્કર્ષ જોઇને મનમાં બળતા હોય છે. કેટલાકોથી સગા ભાઈનો પણ ઉત્કર્ષ ખમી શકાતો નથી. પરંતુ મનમાં બળતરા રાખવાથી સામાનું કાંઈ બગડી જવાનું નથી. કોઈનો પણ ઉત્કર્ષ જોઈને મનમાં રાજી થવું જોઈએ

પરંતુ કેટલાંકો તનની અપેક્ષાએ નિરોગી હોય છે પણ મનનાં રોગિષ્ટ હોય છે. કોઈના અંગેની સારી વાત સાંભળી ન શકે. એ બધાં માનસિક રોગનાં પ્રકારો છે. પોતાના પ્રતિસ્પર્ધિની પણ પ્રશંસા સાંભળીને જ્યારે મનમાં પ્રમોદ થાય અને તેની નિંદા સાંભળીને મનમાં દુઃખ થાય ત્યારે સમજવું કે જીવનમાં ખરી ધર્મ ભાવના પ્રગટી છે. ધર્મની ભાવનાવાળો અંતરથી કોઈની તરફ દુશ્મનાવટ રાખેજ નહિ. છતાં અજ્ઞાન દશાને લીધે કોઈ બીજાં મનુષ્યો તેની તરફ દુશ્મનાવટ રાખતા હોય તો તેઓનું પણ તે મનથી બરાબ ચિંતવે નહિ. જીવનમાં ધર્મની પ્રવૃત્તિ આવવી સહેલી છે, પણ ધર્મની પરિણતિ આવવી કઠીન છે. અંદરથી ચિત્તની વિશુદ્ધિ થાય ત્યારે જ ધર્મની પરિણતિ આવે છે, જેને બીજા શબ્દોમાં ધર્મની લેશ્યા કહેવામાં આવે છે. તેવા જીવો જ ખરી નિર્જરા સાધી શકે છે. અંતરની શુદ્ધિ વિના ગમે તેટલો ધર્મ કરવામાં આવે તેનાથી કદાચ પુણ્ય બંધાશે પણ નિર્જરા નહિ સાધી શકાય. અને પુણ્ય પણ ઊંચા પ્રકારનું નહિ બંધાય. સકામ નિર્જરાથી જ ભવનો અંત આવે છે. બાકીતો પાપની જેમ પુણ્ય પણ જીવને સંસારમાં રખડાવનારૂં છે. ફકત પુણ્યાનુબંધી પુણ્યની અપેક્ષાએ પુણ્યને શ્રેષ્ઠ કહેવામાં આવે છે. જીવની મુકિત તો પુણ્ય ને પાપ ઉભયના ક્ષયથી થાય છે.

પુણ્યાનુબંધી પુણ્ય મોક્ષ માર્ગમાં વેળાવારૂપ છે. છેલ્લે તો એ પણ ખપી જાય છે. પરંતુ માર્ગમાં જીવને એ બાધાકારી નથી, પણ સહાયકારી છે. મારવાડના અમુક પ્રદેશમાં મેણા જ્ઞાતિની વસ્તિ આવે છે. તે પ્રદેશમાંથી વિહારમાં પસાર થતા અમારે સાધુઓને પણ તે જ્ઞાતિનો વળાવિયો લેવો પડે છે. નહિ તો તેઓ અમને પણ રસ્તામાં લૂંટીલે. અમારી પાસે બીજું શું હોય ? કપડાં લૂંટીલે. તેમ પુણ્ય પાપ બન્ને

આઠ કર્મની જ્ઞાતિનાં હોય છે, પણ મોક્ષમાર્ગમાં કર્મની જ્ઞાતિનો જ વળાવીયો લીધો હોય તો પાપકર્મરૂપી મેણાનો ઉપદ્રવ ન નડે. વોળાવીયો આપણા સ્થાન સુધી પહોંચાડી દે. પછી એની મેળે છૂટી જાય, તેમ પુણ્યાનુબંધી પુણ્ય મુક્તિદ્વાર સુધી પહોંચાડી દે. પછી છેલ્લે ચૌદમે ગુણ સ્થાનકે બધી પ્રકૃતિઓ ખપી જાય છે અને આત્મા શુદ્ધ નિરંજન દશાને પામી જાય છે. પુણ્ય ને પાપની ચૌભંગી સમજ્યા વિના એકાંતે પુણ્યને હેય કહેનારા માર્ગ ભૂલ્યા છે. અને એકલી પુણ્યની મિઠાશથી જ ધર્મ કરનારા પણ માર્ગ ભૂલ્યા છે. માર્ગમાં સંવર અને નિર્જરાનો જ મહિમા છે. નિર્જરાના ધ્યેયથી ધર્મ કરનારા જીવોને પુણ્યનુબંધી પણ બંધાય છે, પણ તેવાં પુણ્યનાં ઉદય કાળમાં જીવનો વિકાસ અટકતો નથી. આ કાળમાં તો સરાગ ચારિત્રની ભુમિકા છે. તેમાં નિર્જરાની સાથે પુણ્ય પણ બંધાવવાનું જ છે. મોક્ષનાં ધ્યેયથીજ જીવ માર્ગની આરાધનામાં પ્રવર્તતો હોય, પછી વચગાળામાં ભલે પુણ્ય બંધાઈ જાય. તે પુણ્ય જીવને રખડાવનારૂં નથી.

પોતાનું જ બગાડનારા

આપણી વાત તો મનનાં વિષય પરની હતી. મનમાં કોઈના માટે નઠારાં વિચારો લાવવાથી કોઈનું કાંઈ બગડવાનું નથી. ઉલ્ટું આપણું પોતાનું બગડવાનું છે. માટે સાપ ખાયને મુખડું થોથું આ કહેવત આપણા મનને લાગુ ન પડી જાય તે માટે સદા સર્વદા સાવચેત રહેવું. હવે આગળની ત્રીજી ગાથામાં પૂ. યોગીરાજ અનોખી ઉદ્ઘોષણા કરે છે.

"મુકિત તણા અભિલાષી તપિયા,

જ્ઞાન ને ધ્યાન અભ્યાસે.
વયરીડું કાંઈ એહવું ચિંતે,
નાખે અવળે પાસે.
હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે" ૩

આ ત્રીજી ગાથા શ્રી હેમચંદ્રાચાર્ય રચિત યોગશાસ્ત્રનાં ચતુર્થમા પ્રકાશમાં આવતી છત્રીસમીગાથા સાથે તદ્દન મળતી આવે છે જાણે શ્રી આનંદઘનજીએ યોગશાસ્ત્રની છત્રીસમી ગાથાને જ ત્યાંથી ઉપાડીને આ સ્તવનમાં કાવ્યમય ગુર્જર ગિરામાં ઉદ્ધૃત ન કરી હોય! બન્ને ગાથાઓનાં ભાવાર્થને સરખાવવા માટે તે ગાથાને અહિં પુષ્ટિમાં લેવામાં આવે છે.

तप्यमानांस्तपो मुक्तौ गंतुकामान् शरीरीणः ।
वात्येव तरलं चेतः क्षिपत्यन्यत्र कुत्रचित ॥

તપસ્વી કહેવાતા પણ મોહના પાશમાં

શ્રી આનંદઘનજી ફરમાવે છેઃ "મુકિત તણા અભિલાષી તપિયા" શ્રી હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે" तप्यामानां स्तपो मुक्तौ

બન્ને ગાથાઓનાં પ્રાસ કેટલાં મળતાં આવે છે! તેમાં બન્ને મહાપુરુષોનો કહેવાનો ભાવાર્થ એજ છે કે મોક્ષ પદ મેળવવાની અભિલાષાથી કેટલાય આત્માઓ ઉગ્રપણે તપ તપતાં હોય છે અને તે તપ પણ જ્ઞાન ને ધ્યાનના અભ્યાસપૂર્વક તપતા હોય છે. નહી તો એકલું તપજ તપતા હોય અને જ્ઞાન ને ધ્યાન બાજુ પર રહી જાય તો તેવા તપનો પણ કશો અર્થ નથી. આ તો જ્ઞાન ધ્યાનનાં અભ્યાસપૂર્વક તપ તપતા હોવા છતાં તેવા ઉગ્ર તપસ્વીઓનું મન પણ કયારેક એવું દુર્ધ્યાનમાં ચડી જાય છે અને અંદરથી એવું ચિંતવન

કરી નાંખે છે કે તેવા તપસ્વીઓ પણ ક્ષણવારમાં મોહના પાશમાં પટકાઈ જાય છે, પોતાના સાધ્યની સમીપમાં પહોંચેલા હોવા છતાં કયાંના કયાં દૂર ફેંકાઇ જાય છે. આજ વાતની પુષ્ટિમાં પૂ. વીરવિજયજી મહારાજ પૂજાની ઢાળમાં લખે છે તેમઃ—

"એમ અનેક તે ચુકયા,
તપ બળ વને મૂકયા
શકયા નહિં વેદ છુપાયરે
મન માન્યા મોહનને"

વેદ મોહનીયના ઉદયે કંઇક આત્માઓ પોતાના લક્ષને ચૂકી ગયા અને પોતાના તપબળને વનમાં મૂકીને ફરી પાછા ઘરબારી થયા. પણ વેદોદયને કાબૂમાં રાખી શકયા નહિ. શાસ્ત્રોમાં અનેક મુનિઓ પડયાનાં ઘણા દાખલાઓ છે. જીવ બરાબર સ્વમાં જાગૃત નહિ બને ત્યાં સુધી કર્મસત્તા પણ જીવને હંફાવવાની છે. સ્વમાં અત્યંત જાગૃત બનેલો આત્મા જ કર્મસત્તાની સામે ઊભો રહી શકે છે. બાકી અગીયારમાં ગુણસ્થાનકે પહોંચેલાં આત્માઓને પણ કર્મસત્તા નીચે પછાડે છે અને અનંતકાળ પર્યંત તે આત્માઓને ભવમાં ભમવું પડે છે. એટલે સ્વમાં ખૂબ સાવધાન થઇ જવું. જીવ પરાક્રમી બને તો કર્મસત્તાને મૂળમાંથી ઉચાળા ભરાવવાની તાકાત પણ જીવમાં રહેલી છે. પોતે અનંત શક્તિનો ધણી છે એવું ભાન જ આ જીવને થયું નથી. પોતાના સ્વરૂપને પોતે ભૂલ્યો તેમાંજ અનંતાનંત દુઃખની પરંપરાને જીવ અનુભવી રહ્યો છે. સ્તવનની ત્રીજી ગાથામાં આનંદઘનજીએ બરેબરૂં રહસ્ય પ્રગટ કર્યું છે. દુર્ધ્યાનમાં ચડેલાં મનને શત્રરૂપ કહ્યું છે. અંદરનાં વિચાર સારા હોય અને મન જો ધર્મધ્યાનમાં જોડાયેલું હોય તો તેવા મનને મોક્ષનું કારણ કહ્યું છે.

" આગમ આગમધરને હાથે
નાવે કિણવિધિ આંકુ
કિહાં કણેજો હઠ કરી કરી હડકું તો
વ્યાલ તણી પરે વાંકુ
હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે" ૪

હવે આગળની ચોથી ગાથમાં કહે છે કે, ભલભલા આગમધરો પણ આ મનને અંકુશમાં રાખી શકતા નથી. બધા આગમો જેમને કંઠસ્થ હોય તેવા આગમધરોથી પણ આ મન અંકુશમાં રહેતું નથી.

" નાવે કિણ વિધ આંકુ" એટલે કોઈપણ પ્રકારે વશમાં રહેતું નથી, અને હઠ કરીને બળાત્કારે હડયોગના પ્રયોગથી જો મનને એકદમ હડસેલો મારવા જઉં છું તો સર્પની જેમ વક્રગતિને ધારણ કરે છે. આ ગાથામાં મનને સર્પની ઉપમા આપી છે. સર્પની ચાલ હંમેશા વાંકી હોય છે અને તેને જો છંછેડવામાં આવ્યો હોય તો વિશેષ વક્રતા ધારણ કરે. માટે એ તો જે રસ્તે જતો હોય તે રસ્તે તેને શાંતિથી પસાર થવા દેવો. સર્પને છંછેડવો નહિ. તેમ મન પણ દોડધામ કરતું હોય તો આત્માએ થોડીવાર જ્ઞાતા–દ્રષ્ટા ભાવે જોયા કરવું. પછી થાકીને એની મેળે ઠેકાણે આવશે. આ ગાથાના ભાવાર્થનો પડઘો યોગશાસ્ત્રમાં પણ છે.

" चेतोऽपि यत्र यत्र प्रवर्तते नो ततस्ततो वार्य ।
अधिकीभवति वारितमवारीतं शांतिमुपयाति ॥

મનને જ્ઞાનયોગથી સાધી શકાય

મન જ્યાં જે ઠેકાણે પ્રવર્તતું હોય તે ઠેકાણેથી તેને એકદમ પાછું નહિ વાળવું. કેમકે વાળવાથી વિશેષ દોડયા કરે

છે અને ન વાળવાથી એની મેળે શાન્ત પડી જાય છે. જેમ મદોન્મત્ત હાથીને વારવાથી તે અધિક તોફાને ચડે છે અને તેને જો પરાણે બળાત્કારે રોકવામાં ન આવે તો પોતાને ઈષ્ટ લાગતા વિષયને પામીને તે પોતાની મેળે શાંત થઈ જાય છે. મનની પણ એજ સ્થિતિ છે. ઇન્દ્રિયો માટે પણ આચાર્યશ્રીએ એ સ્વરૂપે ઘટના કરી છે. ઇન્દ્રિયોને વિષયો પ્રત્યે પ્રેરવી નહિ અને પોતાના વિષયને ગ્રહણ કરતી ઈન્દ્રિયોને એકદમ બળાત્કારે રોકવી નહિ. એમ કરવાથી મન અને ઈન્દ્રિયો એની મેળે શાંત પડી જાય છે. જો કે આ ઘણી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા મહાપુરુષો માટે ઘટના છે. આપણા જેવા સામાન્ય કક્ષાના સાધકોને આ ઘટના લાગુ પડતી નથી. આપણે તો વિષયોને માર્ગે જતા મન અને ઇન્દ્રિઓને તે માર્ગેથી નિવર્તાવવાના છે અને સંયમને માર્ગે પ્રવર્તાવવાના છે. શાસ્ત્રોના આવા વચનોથી કેટલાકો ઊંધે રસ્તે દોરવાઈ જાય છે. પછી યોગ સાધના બાજુ પર રહી જાય અને તેવાઓ ભોગ સાધનામાં પડી જાય છે. માટે પોતાની ભૂમિકા અનુસાર યોગમાર્ગમાં આગળ વધવું.

શ્રી આનંદઘનજીએ આ ગાથામાં ગૂઢમાં ગૂઢ રહસ્ય પ્રગટ કર્યું છે. તે કાળમાં પ્રાણાયામ વગેરે હઠયોગના પ્રયોગો બહુ ચાલતા. તેની સામે આ ગાથામાં લાલબત્તી ધરી છે. હઠયોગ એ એક પ્રકારની સજા છે. તેનાથી પવનનો નિરોધ થતા થોડી વાર મન પર કાબૂ આવી જાય, પણ અંતે પાછું તે ગાંડા હાથીની જેમ અથવા છંછેડાયેલા સર્પની જેમ તોફાને ચડી જાય છે. જ્યારે જ્ઞાનયોગ સજા નથી. એ એક પ્રકારનું ઊંચામાં ઊંચુ શિક્ષણ છે. શિક્ષણ આપવાથી મન કેળવાઈ જાય છે. તમારા છોકરાઓને તમે વારંવાર સજા કરો તો ઉલ્ટા બિગડી જાય અને શિક્ષણ આપો તો સુધરી જાય. બસ એના જેવો જ આ મનનો ઘાટ છે. જ્ઞાનયોગથી જ મનને જીતી શકાય છે. બાકી

જોર કરીને એકદમ મનને હડસેલો મારવા જઇએ તો બાજી બગડી જાય છે અને મન વકતાને ધારણા કરે છે, સર્પની જેમ વાકુંચૂકું થઈ જાય છે.

મનની મેલી રમત

"જો ઠગ કહું તો ઠગતો ન દેખું,
શાહુકાર પણ નાંહીં;
સર્વ માંહે તે સહુથી અળગું,
એ અચરિજ મન માંહી,
હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે." ૫

જો મનને ઠગ કહીએ તો કયાંય ઠગાઈ કરતું દેખાતું નથી. કારણકે મનની પ્રેરણા પામીને ઈન્દ્રિયો વિષયોમાં પ્રવર્તે છે અને તેનાથી આત્મા કર્મ બંધનમાં ફસાય છે. મન તો ઈન્દ્રિયોને પ્રેરણા આપીને જાણે બાજુ પર રહી જાય છે. એવી પ્રકૃતિના પણ મનુષ્યો હોય છે કે જે બીજાને લડાવીને પોતે બાજુ પર ખસી જાય અને દૂર ઉભા રહીને તમાશો જોયા કરે. આ મન પણ આત્મા સાથે એવી જ મેલી રમત રમનારુ છે. એટલે શ્રી આનંદઘનજી કહે છે કે મનને ઠગ કહેવા જાઉ તો કયાંય ઠગાઇ કરતું દેખાતું નથી. એટલે આ મન ઠગ છે એમ કહી શકાય નહિ. તેમ મનને શાહુકાર પણ કહી શકાય તેવું નથી. કારણ કે બીજાને ઉશ્કેરીને પોતે બાજુ પર રહી જાય તેને શાહુકાર પણ કેમ કહી શકાય! ઈન્દ્રિયો મનની પ્રેરણા વિના કાંઈ કરી શકતી નથી. મન ઈન્દ્રિયો નહિ પણ નોઇન્દ્રિય કહેવાય છે અને મન આખાયે શરીરમાં વ્યાપક છે. એટલે તે પાંચે ઈન્દ્રિયોને પ્રેરણા આપનારું છે. દરેક ઈન્દ્રિયોના વિષયોને તે જાણે છે એટલે એક અપેક્ષાએ સર્વ ઈન્દ્રિયોમાં મન ભળેલું હોવાથી સર્વમાં છે અને સર્વથી અળગું પણ છે.

આ બાબત અંગેનું ભલભલાને આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવું છે. બધું તંત્ર પોતાના હાથમાં રાખીને આ ચપળ મન પાછું બધાથી અળગું પડી જાય છે! આ જેવું તેવું આશ્ચર્ય છે?

नात्मा प्रेरयति मनो न मनः प्रेरयति यर्हि करणानि ।
उभयभ्रष्टं तर्हि स्वयमेव विनाशमाप्नोति ॥

યોગશાસ્ત્રમાં આ ગાથા આવે છે અને તેમાં ફરમાવ્યું છે કે નિરંતર ઉદાસીન ભાવમાં મગ્ન થયેલો આત્મા જ્યારે મનને પ્રેરણા કરતો નથી અને મન જ્યારે ઇન્દ્રિયોને પ્રેરણા કરતું નથી ત્યારે બન્ને તરફથી ભ્રષ્ટ થયેલું મન પોતાની મેળે જ વિનાશને પામે છે. અમુક માણસને બીજા કોઈ તરફથી બૅકિંગ હોય ત્યાં સુધી એ જોર કરે અને બીજા તરફથી મળતો સાથ બંધ થઈ જાય એટલે એના હાથ હેઠા પડી જાય, તેમ આત્મા પોતાના સ્વરૂપનું ભેદ વિજ્ઞાન કરીને પોતાના સ્વરૂપમાં સ્થિર બની જાય એટલે મનના બધા તરંગો એની મેળે શમી જાય. પછી મન કોના બળ ઉપર કૂદાકૂદ કરે? બધા પરદ્રવ્યો તરફથી પોતાના ઉપયોગને ક્રમે ક્રમે હઠાવીને જીવ પોતાના સ્વભાવ તરફ ઉપયોગને વાળતો જાય પછી મનના સંકલ્પ-વિકલ્પ રૂપ વ્યાપારનો અંત આવી જ ગયો સમજવો.

જીવનું શુદ્ધ સ્વરૂપ

પૂ.ઉપાધ્યાય યશોવિજયજીએ 'અમૃતવેલ'ની સજ્ઝાયમાં ફરમાવ્યું છે કે,

"દેહ મન વચન પુદ્ગલ થકી,
કર્મથી ભિન્ન તુજ રૂપ રે!

અક્ષય અકલંક છે જીવનું,
જ્ઞાન આનંદ સ્વરૂપ રે!"

દેહ મન, વચન વગેરે પુદ્ગલો થકી જીવનું સ્વરૂપ ભિન્ન છે, એટલું જ નહિ કર્મથી પણ જીવ ભિન્ન સ્વરૂપવાળો છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલોનું લક્ષણ છે. જ્યારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર અથવા ઉપયોગ એ જીવનું લક્ષણ છે. આઠ કર્મની ગણના પણ પુદ્ગલ દ્રવ્યમાં થાય છે. અક્ષય-અકલંક જ્ઞાન અને આનંદ એ જ જીવનું શુદ્ધ સ્વરૂપ છે. લક્ષણની ભિન્નતા હોવાથી બધા પુદ્ગલાદિ પરદ્રવ્યોથી જીવનું ભિન્ન સ્વરૂપ છે. શરીરના ધર્મો સડણ-પડણ-વિધ્વંશન છે. સંકલ્પ વિકલ્પ એ મનના ધર્મો છે. એ બધાથી જીવનું સ્વરૂપ જુદું પડે છે. માટે શરીર અને શરીરના ધર્મોથી તો આત્મા ભિન્ન છે, પણ મન અને મનના સંકલ્પવિકલ્પ રૂપ ધર્મોથી પણ જીવનું સ્વરૂપ ભિન્ન છે. જ્ઞાતા-દ્રષ્ટા ભાવથી જગતના ભાવોને જોવા કે જાણવા એ જીવનો સ્વભાવ છે, પણ તેમાં સંકલ્પ-વિકલ્પ કરવા એ બધો વ્યાપાર મનનો છે, જીવને જ્યારે ભેદ વિજ્ઞાન થઈ જાય છે, ત્યારે જીવ સંકલ્પવિકલ્પ રૂપ માનસિક ધર્મોનો ત્યાગ કરીને પોતાના નિર્વિકલ્પ ઉપયોગમાં સ્થિર બનતો જાય છે.

કર્મથી કલ્પના ઉપજે,
પવનથી જેમ-જલધિ વેલ રે!
રૂપ પ્રગટે સહજ આપણું,
દેખાતા દૃષ્ટિ સ્થિર મેલ રે!"

પવનના તોફાનને લીધે જેમ સમુદ્રમાં ભરતી આવે તેમ આત્માની સાથે કર્મનો યોગ થવાથી અનેક પ્રકારની કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. જીવની સાથેના તન-મનના યોગનું કારણ

પણ કર્મનો યોગ છે. કર્મ ખપાવીને મોક્ષે ગયેલા જીવોને ત્યાં તનમનનો યોગ નથી. દૃષ્ટિને સ્થિર કરીને પોતાના સ્વરૂપ તરફ ઉપયોગને વાળતા પોતાનું સહજ સ્વરૂપ પ્રગટ થાય છે. જ્ઞાન અને આનંદ એ જ જીવનું સહજ સ્વરૂપ છે. આત્મા પોતે જ ચિદાનંદ સ્વરૂપી છે. અંદરમાં જે કાંઈ અળભળાટ કે તોફાન દેખાય છે એ બધું કર્મના યોગને લીધે છે. આત્મા પોતે પરમાત્મ સ્વરૂપ છે. તેમાં બીજી કોઇ ખરાબી છે જ નહિ. બસ રાગ ને દ્વેષ એટલી જ જીવમાં ખરાબી છે અને તે પણ કર્મના યોગને અંગે છે. જીવના પ્રદેશે પ્રદેશમાં વિષયને કષાયનું કાતિલ ઝેર વ્યાપેલું છે. પરમાત્માની વાણી સાંભળતા એ ઝેર જો ઉતરી જાય તો જીવ શાશ્વત એવા ભાવ જીવનને પામી જાય.

જીવનું સ્વરૂપ ઘણું ઊંચું છે, પણ જીવને પોતાના સ્વરૂપની ઓળખાણ થઇ નથી તેની આ બધી વિડંબના છે. આઠ કર્મનાં આવરણથી ઘેરાયેલો છે ત્યાં સુધી જીવ એ જીવ છે. પુરુષાર્થનાં બળે આ આવરણોને જીવ જ્યાં હઠાવી દે છે ત્યાં એ જીવ મટીને શિવ બને છે. આવું આ અદ્‌ભુત સામર્થ્ય જીવનું છે. વાત એટલી છે કે પોતાને પોતાની ઓળખાણ થવી જોઈએ.

સમજે ન મારો સાલો

હવે આગળની છઠ્ઠી ગાથામાં શ્રી આનંદઘનજી મન અંગે લખે છે :

"જે જે કહું તે કાન ન ધારે,
આપ મતે રહે કાલો !
સુર નર પંડિત જન સમજાવે,
સમજે ન મારો સાલો
હો કુંથુજિન મનડું કિમહી ન બાજે" ૬

આ મનને સમજાવવા માટે જે જે વચનો કહું છું તે તો આ મન કાન દઈને સાંભળવા પણ તૈયાર નથી—જાણે કોઈ વચનને કાનમાં પડવા દેતો નથી ! સારા બોધનાં વચનો માનવી સાંભળે પણ નહિ તો તેને બોધ લાગે ક્યાંથી ? સાચા અર્થમાં સકર્ણ તે જ કહેવાય કે જે અહર્નિશ જિનવાણી સાંભળતો હોય જિનવાણીના શ્રવણથી જ જીવને પદાર્થ માત્રનું સમ્યક્ જ્ઞાન થાય છે. પુણ્યને પાપ બન્નેને જીવ જિનવાણીનાં શ્રવણથી જાણે છે. સંવર, નિર્જરા અને મોક્ષને પણ જીવ શ્રવણથી જાણે છે. હું મનને હિતશિક્ષારૂપે બોધમય વચનો અંતરનાં પ્રેમથી સંભળાવવા કોશીશ કરું છું પણ આ મન તો એવું ચંચળ છે કે મારી વાત કાન દઈને સાંભળતું પણ નથી અને આ કાલો પોતાની ઇચ્છા મુજબ વર્તન કરે રાખે છે. કાલો એ શબ્દપ્રયોગ સ્પષ્ટ મારવાડી છે. મારવાડી ભાષામાં વાતવાતમાં આ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તને આટલું પણ સમજાતું નથી, તું તો સાવ કાલો લાગે છે. "આપ મતે રહે કાલો" આ કાલો આપ મતે પોતાની ઇચ્છા મુજબ ચાલે છે, પણ આત્માના કહ્યામાં રહેતો નથી, મહાપુરુષોની આજ્ઞા પ્રમાણે વર્તતો નથી.

સુરનરપંડિત વગેરે આ મનને સમજાવવાની રીતે ખૂબસમજાવે છે, પણ મારો સાલો કોઈથી સમજતો નથી. આનંદઘનજી જેવા યોગી પુરુષે પણ જ્યારે જોયું કે આ મન લાખ વાતે કોઈથી સમજતું નથી ત્યારે મન ઉપર એકદમ ઉગ્ર થઈ ગયા અને "સમજે ન મારો સાલો" એમ કહી નાંખ્યું એક મહાન પુરૂષે આવી આકરી ભાષાનો પ્રયોગ કર્યો. બીજા કોઈ માણસ માટે આવા શબ્દો વાપર્યા હોય તો તેને એમ લાગે કે આણે મને ગાળ દીધી, પણ આ તો પોતાના જ મનના ઉદ્બોધન માટે આવા શબ્દો વપરાયા છે, એટલે કોઈને કાંઈ કહેવાપણું રહેતું નથી. પોતાની કુમતિરૂપી સ્ત્રીનો મનને ભાઇ ઠરાવીને "સમજે ન મારો સાલો" એ શબ્દનો પ્રયોગ થયો છે.

તંદુલિયા મત્સ્યનું દૃષ્ટાંત

ભલભલા પંડિતો સમજાવે છે છતાં મન સમજતું નથી. મનને સમજાવવા માટે તો શાસ્ત્રોમાં તંદુલિયા મત્સ્ય વગેરેનાં દૃષ્ટાંતો અપાએલાં છે. સમુદ્રમાં મોટાં મત્સ્યનીઆખની પાંપણમાં તંદુલિયો મત્સ્ય ઉત્પન્ન થાય છે. તેનું તંદુલિયો નામ એટલા માટે છે કે ચોખાના દાણા જેટલું જ તેનું શરીર હોય છે અને તેનું આયુષ્ય માત્ર બે ઘડીનું હોય છે. મહામત્સ્યના પેટમાં કેટલાય નાના મત્સ્ય પ્રવેશ કરતા હોય છે અને પાછા બહાર નીકળી જતા હોય છે. પાણી તેનાં પેટમાં ખૂબ ભરાઈ જાય એટલે મોઢું પહોળું કરીને પાણી બહાર કાઢવા જાય તેની સાથે માછલા પણ બહાર નીકળી જાય. તંદુલિયો મત્સ્ય આંખની પાંપણમાં બેઠો બેઠો એ સમયે એવું દુર્ધ્યાન ધરતો હોય છે કે આ મહામત્સ્યની જગ્યાએ હું હોઉ તો આમાંથી એક પણ મત્સ્યને જીવતો મારા પેટમાંથી બહાર ન જવા દઉં ? શરીરથી કોઈ મત્સ્યનું વધ કરવાની તેનામાં તાકાત હોતી નથી, પણ મનથી એ આ રીતનું દુર્ધ્યાન ધરે છે અને પોતાનું બે ઘડીનું આયુષ્ય પુરું થઈ જતાં મૃત્યુને પામીને તંદુલિયો મત્સ્ય સાતમી નરકે જાય છે.

મનથી કર્મ કેવા બંધાઈ જાય છે તે માટે તંદુલિયો મત્સ્ય દૃષ્ટાંત રૂપ છે. ઘણા મનુષ્યોમાં શારીરિક બળ નથી હોતું ઘણાં તો એવા હોય કે જેમનામા સેકેલો પાપડ ભાંગવાની તેવડ નહોય, છતાં મનમાં બીજાનું બરાબ ચિંતવીને ઘોર કર્મ ઉપાર્જન કરતા હોય છે. એ બધા તંદુલિયા મત્સ્યના મોટાભાઈ નથી તો બીજું શું છે ? 'કાં દુનિયામાં આ નહિ ને કાં હું નહિ, 'આ પાર કાં પેલે પાર.' આવા શબ્દો ઘણાનાં મોઢામાંથી નીકળી જાય છે. આને જ અભ્યંતર રૌદ્રતા કહેવામાં આવે છે.

આવી રૌદ્રતામાંથી જ કયારેક તીવ્ર કર્મ બંધાઈ જાય છે. જેટલી કષાયેાની ઉગ્રતા તેટલી જ બંધમાં તીવ્રતા આવે છે અને રસ બંધ તીવ્ર પણે પડે છે. તે રીતે બંધાયેલાં કર્મોનેા ઉદયકાળ જાગતા જીવને ઘણી આકરી સજા ભેાગવવી પડે છે, તેની આગળ ફાંસીની સજા પણ કેાઈ હિસાબમાં નથી. કર્મોનાં ઉદયને લીધે જે સજા થાય છે તે તેા ભવેાભવમાં અનેકવાર ભેાગવવી પડે છે. જ્યારે તીવ્ર કર્મોદયને લીધે જીવને જે નરક નિગેાદની સજા થાય છે તે તેા ઘણાં લાંબા કાળ સુધી ભેાગવવી પડે છે. માટે વિના કારણ મનથી દુર્ધ્યાન ધરીને જીવે તીવ્ર કર્મ નહિ બાંધવા.

કાળસૌરિક કસાઈને શ્રેણિક મહારાજાએ હિંસા અટકાવવા માટે અંધારીયા કુવામાં ઉંધે માથે લટકાવ્યેા, છતાં પણ તેણે તનથી નહિ તેા મનથી તેા પાંચસેા પાડાનેા વધ ચાલુ જ રાખ્યેા. પાણીમાં પાડાઓની આકૃતિ કલ્પી કલ્પીને તેણે એક માર્યો, એમાર્યા એમ મનમાં સંકલ્પ વિકલ્પ અને દુર્ધ્યાનની પરંપરા ચલાવવા પૂર્વક પાંચસેા પાડાનેા વધ કર્યો. અંધારીયા કુવામાં લટકાવ્યેા છતાં તેનું મન કાબૂમાં ન રહ્યું. કાળસૌરિક કષાઈ અંતે મૃત્યુને પામીને સાતમી નરક ગતિને પામ્યેા છે.

મહાન કહેવાતા પંડિતેા આવા આવા અનેક દાખલા અને દૃષ્ટાંતેાથી મનને સમજાવે છે, છતાં ભલભલા કહેવાતા સુર, નર અને પંડિતેાથી પણ આ મન ઝટ તરતમાં સમજતું નથી—

"મેં જાણ્યું એ લિંગ નપુંસક.
સકલ મરદને ઠેલે !
બીજી વાતે સમરથ છે નર,
એહને કેાઈ ન ઝેલે !!
હેા કુંથુજિન મનડું કિમ હી ન બાજે. ૭

મન નપુંસક છતા સકલ મરદને ઠેલે

શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે મેં તો એમ માન્યું હતું કે મન વ્યાકરણની દ્રષ્ટિએ, ભાષા પ્રયોગની અપેક્ષાએ નપુસંક લિંગી છે. જેમ કે "મનઃ મનસી-મનાંસિ-મનાંસિ-વારી-વારિણી-વારિણી. વ્યાકરણ પ્રમાણે આ રીતે થતાં શબ્દ પ્રયોગો નપુંસક લિંગી કહેવાય છે. આ રીતના શબ્દપ્રયોગની અપેક્ષાએ મન પણ નપુંસક લિંગી છે, છતાં ભલભલા મરદાનગીવાળા કહેવાતા મરદો પણ આ નપુંસક લિંગ કહેવાતા મન આગળ પીછેહઠ કરી જાય છે. જેનામાં પુરુષાતન હોય તેને પુરુષ કહેવાય. જે નમાલા જેવાં હોય તેને નપુંસક કહેવાય, છતાં આ મનની બાબતમાં તેથી ઉલ્ટું છે. મન નપુંસક લિંગ છે છતાં પુરુષોને પણ તે કયાંના કયાં દૂર પટકી દે છે. બીજી બધી વાતોમાં મનુષ્યો ઘણાં સામર્થ્યશાળી જોવામાં આવે છે પણ આ મન ઉપર તેવા સમર્થ કહેવાતા મનુષ્યો પણ વિજય મેળવી શકતાં નથી. અર્થાત્ મરદ કહેવાતા મનુષ્યોમાં પણ મનને જીતી લેનારા વિરલા છે, એટલે શ્રી ઉત્તરાધ્યયન જેવાં આગમસૂત્રમાં ગણધર ભગવંતોએ સ્પષ્ટ વિધાનો કર્યા કે હે આત્મન્! તારે યુદ્ધ જ કરવું હોય તો તું મન સાથે યુદ્ધ કર! બહારનાં સાથે તારે યુદ્ધ કરવાનું પ્રયોજન શું છે?"

કેવાં મહામૂલાં વચનો ઉચ્ચાર્યા છે કે જેની કિંમત કોહીનૂર ને રત્ન ચિંતામણિ કરતાં અનંતગણી છે. આ તો વાણીરૂપી રસાયણ કહેવાય, જેનાં વિધિપૂર્વકના સેવનથી જીવનાં ભવ-વ્યાધિનો અંત આવી જાય છે. સામાન્ય દવાઓનાં સેવનથી દ્રવ્ય આરોગ્યની પ્રાપ્તિ થાય છે, જ્યારે આ વાણીરૂપ રસાયણનાં સેવ-નથી તો જીવને મોક્ષરૂપી ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે. પિત્તના દર્દથી ઘેરાએલો મનુષ્ય શર્કરા, એલચી અને કેસરથી સંસ્કારેલાં

દૂધને જેમ કડવું લેખે છે, તેમ તીવ્ર રાગદ્વષનાં ઉદયવાળા જીવો તેમજ આઠ પ્રકારનાં મદથી મદોમન્ત બનેલાં નામર્દ જેવાં આ સર્વજ્ઞ પરમાત્માની વાણીરૂપ રસાયણને સુમધુર હોવા છતાં અને અત્યંત ગુણકારી હોવા છતાં કડવુ લેખે છે અને જીવનમાં તેને આદરતા નથી. તેવા મનુષ્યો આ લોક કે પરલોકમાં પોતાના આત્માના હિતકારી અર્થને પણ જોઈ શકતા નથી."

अप्पाणमेव जुज्झाहि, किंते जुज्झेण बज्झाओ ।

કેવા વચનો ઉચ્ચાર્યા છે જ્ઞાનીઓએ! આત્મા સાથેજ યુદ્ધ કર. બહારનાં સાથે તારે યુદ્ધ કરવાનું પ્રયોજન શું છે? આત્માને આત્મા વડે જીતી લેલાર જ વાસ્તવિક સુખને પ્રાપ્ત કરે છે. રણક્ષેત્રમાં એકલે હાથે દશ લાખ દુર્ધર એવાં યોદ્ધાઓને જીતી લેનાર ખરો વિજેતા નથી પણ પોતાના મનને જીતી લેનાર જ ખરો વિજેતા છે. આ વાણી પણ ઉત્તરાધ્યયન સૂત્રની છે. રણક્ષેત્રમાં અનેકોને હંફાવનારા પણ મનને અંકુશમાં લઈ શકતા નથી. એટલે કહ્યું કે "એહને કોઈ ન ઝેલે." બાહ્ય વિજય મેળવનારા પણ મન ઉપરની અભ્યંતર જીત મેળવી શકતા નથી.

મનને સાધી લેવું એ સહેલી વાત નથી

આ સ્તવનની કુલ નવ ગાથાઓ છે. તેમાંથી સાત ગાથા ઉપર લંબાણથી વિવેચન કરી ગયા. હવે પછીની આઠમી ગાથામા ઊંચામાં ઊંચા તત્વજ્ઞાનનું વર્ણન કરે છે.

"મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહીં ખોટી ।
એમ કહે સાધ્યું તે નવિ માનું
એ કહી વાત છે મોટી ॥
હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે. ૮

જેણે મનને સાધી લીધું તેણે તપ, જપ, સંયમ વગેરે સર્વ કાંઈ સાધી લીધું, અથવા મન જેણે સાધી લીધું તેણે ચૌદ રાજલોક સાધી લીધા. મનને સાધી લીધા વિના તપ જપાદિની પણ સફળતા નથી. જ્ઞાન, ધ્યાન, તપ, પૂજા વગેરે સર્વ ધર્મનાં અનુષ્ઠાનો મનોનિગ્રહ વિના વૃથા છે. આવા વચનો અધ્યાત્મકલ્પદ્રુમમાં પૂ. આચાર્યશ્રી મુનિસુંદરસૂરિએ ઉચ્ચાર્યા છે. અને ફરમાવ્યું છે કે મનને વશ કરવું એ મહાયોગ છે, વળી આગળ વધીને ત્યાં સુધીનાં વિધાનો કર્યા છે :

જપ કરવાથી કે બાહ્ય અને અભ્યંતર ભેદે તપ કરવાથી મોક્ષ મળતો નથી. તેવી રીતે ચારિત્ર, દમ કે મૌન ધારણ કરવા માત્રથી પણ મોક્ષ થતો નથી. પણ સારી રીતે વશ કરેલું એકલું મન જ મોક્ષ આપે છે. મન વશ કરવાના ધ્યેયને નજર સામે રાખીને જો તપ જપાદિ થતાં હોય તો જરૂર મોક્ષને આપે છે. બાકી એકલાં રાગદ્વેષથી જ મન ઘેરાએલુ હોય તો તપનું શું પ્રયોજન છે ? તેમજ રાગદ્વેષ મનમાં ન હોય તો પણ તપનું શું પ્રયોજન છે? સાધ્યની સિદ્ધિ થાય એટલે સાધન છૂટી જાય છે. તેમજ સાધ્યનું લક્ષ જ ન હોય અને સાધન કરે જ જાય તો તેથી પણ શો અર્થ સરવાનો છે ? ઉપરોકત વિવેચનનું આટલું જ પરમાર્થ છે.

મનને સાધી લેવા માટેના આલંબનો

મનને જેણે સાધી લીધું તેણે સઘળું સાધી લીધું. પૂ. આનંદઘનજી કહે છે કે આ વાત જરાએ ખોટી નથી, પણ મનને સાધી લેવું એ કાઈ બચ્ચાંના ખેલ નથી, નાનીસુની વાત નથી. રાધાવેધ સાધવો સહેલો છે, પણ મનને સાધવું કઠીન

છે. છતાં કોઈ એમ કહે કે મેં તો મનને સાધી લીધું છે. હવે તપ જપાદિના અનુષ્ઠાન કરવાની કાંઈ જરૂર નથી. બસ અમારૂં મન અમારાં કાબૂમાં છે. અમારે હવે બહારનાં આલંબનની જરૂર નથી. અમારા મનમાં પાપ નથી. અમારે સાધન કરવાની જરૂર શી છે? જેમનું મન કાબૂમાં નથી તેમણે તપ જપાદિ કરવાના હોય. અમે તો અમારા મનને સાધી લીધું છે. આનંદઘનજી કહે છે આવા બણગાં એકદમ માનવાને હું તૈયાર નથી. મનને સાધી લેવું એ ઘણી મોટી વાત છે. એ મોઢેથી બોલવાની વાત નથી. જ્ઞાન અને ધ્યાનનાં માર્ગમાં ભગીરથ પુરુષાર્થ હોય તો જ મનને સાધી શકાય છે.

નિંદા કુથલીમાં જે મનુષ્યોને જરા પણ રસ ન હોય; કોઈની આધી પાછી કરવામાં જેઓ પાપ સમજતા હોય; કોઇ ઉપર ખોટાં દોષારોપણ કરવામાં જેઓ મહા ભયંકર પાપ સમજતા હોય, પરકથા અને પરપ્રવૃત્તિથી પારકી ખટપટથી, જેઓ વિરામ પામેલા હોય, અહર્નિશ સત્સંગ અને આગમ શાસ્ત્રોનું જેઓ શ્રવણ કરતાં હોય તેવા મનુષ્યો જ મનને સાધી શકે છે. જિન પડિમા અને આગમ એ બન્ને મનને સાધવા માટેનાં પ્રબલ નિમિત્તો છે. જિન પડિમા પણ શુદ્ધ ધ્યાનપ્રાપ્તિનું પ્રબલ આલંબન છે. આલંબન છે એટલું જ નહિ પુષ્ટાલંબન છે. આવા આલંબનનું આ પડતા કાળમાં ત્યાગ કરવું એ મધદરીએ વહાણનો ત્યાગ કરવા બરાબર છે. હિંસાને આગળ કરીને કેટલાકો જિન પડિમ નો લોપ કરે છે, પણ તે તદ્દન વિપરિત વાત છે. હિંસાની વાત આગળ ધરીને પ્રતિમા પૂજનનો લોપ કરનારાં એટલી વાત ભૂલી જાય છે કે તો પછી મુનિઓથી ગ્રામનુગ્રામ વિહાર કેમ થશે? સુપાત્રે દાન કેમ દેવાશે! ગરમ ચા કે દૂધ વહોરાવતા તેમાંથી વરાળ નિકળતા શું વાયુકાયનાં જીવોની વિરોધના નહિ થાય?

ગામોગામનાં સંઘો ચાતુર્માસમાં સાધુ સાધ્વીજીને વાંદવા આવે તેમાં શું વિરાધના નહિ થતી હોય? તો તે રીતે વંદન કરવા જવામાં પુણ્ય કે પાપ? એ એક મોટો સવાલ ઊભો થશે. વંદના કરવા આવેલાં સંઘોની ભક્તિ કરવામાં આવે છે. તેમાં પણ અશનાદિની સામગ્રી બનાવતાં છ કાયનાં જીવોની વિરાધના થાય છે. તો પછી વાતવાતમાં હિંસાને જ આગળ કરવામાં આવશે તો આમાંના સંઘભક્તિ વગેરેનાં કોઈ અનુષ્ઠાનો નહિ ઉજવી શકાય, અને એ બધું ધર્મને નામે થતું હોય છે. તો પછી પ્રતિમાપૂજનમાં જ બધી હિંસા ક્યાંથી પેસી ગઈ?

પ્રતિમાપૂજનની સિદ્ધિ

વિહારમા મુનિઓને નદી ઉતરવી પડે છે. તો શું તેમાં અપકાયનાં જીવોની વિરાધના નહિ થતી હોય?

કદાચ કોઈ દલીલ ખાતર દલીલ કરશે કે એ નદી તો વિધિપૂર્વક ઉતરવાની હોય છે તો સામેથી કહેનારા એમ પણ શું નહિ કહે કે પૂજા પણ વિધિપૂર્વક કરવાની હોય છે. નદી ઉતરતાં મુનિનાં પરિણામ જીવ દયાના હોય છે. તેમ પ્રતિમા પૂજનમાં શ્રાવકનાં પરિણામ પણ ઘણાં ઊંચા હોય છે. અને શાસ્ત્રોમાં પરિણામનાં વશે જ બંધ કહ્યો છે. ચિત્તની પ્રસન્નતા એજ પૂજાનું ખરૂં ફળ છે. દ્રૌપદી મહાસતીએ સ્વયંવર મંડપમાં જતાં પહેલાં વિધિપૂર્વક જિનપડિમાનું પૂજન કર્યું છે. જ્ઞાતાસૂત્રમાં સ્પષ્ટ પાઠ છે. એ પાઠ ઉપર હજાર વર્ષ પહેલાની પૂ. અભયદેવસૂરિની ટીકા છે, જેસલમેર જેવાં ભંડારોમાંથી હજારો વર્ષ પહેલાંની હસ્તલિખિત પ્રતો નીકળે છે. પરંતુ આ બધું ઉંડાણથી કોને વિચારવું છે. દ્રૌપદીએ કામદેવની પૂજા

કરી નથી. 'જિન પડિમાણં અચ્ચેઈ' એવો સ્પષ્ટ પાઠ છે. અને દ્રવ્ય પૂજા કર્યા પછી તેણીએ નમુથ્થુણંનું પાઠ ઉચ્ચારવા પૂર્વક ભાવપૂજા પણ કરી છે, જેને શાસ્ત્રોમા ભાવસ્તવ કહેવામાં આવે છે. તે પાઠ પણ મૂળ સૂત્રમાં છે પાછળથી ઉમેરાયેલો નથી. હવે કામદેવની પ્રતિમા હોયતો તેની આગળ નમુથ્થુણંનો પાઠ દ્રૌપદી જેવી વિવેકી મહાસતી ઉચ્ચારે ખરી ? પ્રતિમા પૂજનનાં અનેક શાસ્ત્રોમાં સ્પષ્ટ પાઠો મળી આવે છે. શ્રી આનંદઘનજી જેવાં યોગી પુરુષે પણ આલંબન માન્ય રાખ્યું છે અને નવમા સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં પ્રતિમા પૂજનની આખીયે વિધિ વિસ્તારથી વર્ણવી બતાવી છે અને તેમાં સ્પષ્ટ ઉદ્‌ઘોષણા કરી છે કે

"દ્રવ્યભાવ શુચિભાવ ધરીને હરખે દેહરે જઈએ રે"

દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારે શુદ્ધિ કરી અનેરા ઉલ્લાસથી જિન મંદિરે જવું. આ ઉદ્‌ગારો શું સૂચવે છે ? વળી આગળ કહે છે કે :

કુસુમ અક્ષતવર વાસ સુગંધી,
ધૂપ દીપ મન સાખી રે ।
અંગપૂજા પણ ભેદ સુણી ઈમ,
ગુરૂ મુખ આગમ ભાખી રે ॥

આ ગાથામાં પુષ્પપૂજા, અક્ષત પૂજા, સુગંધી વાસક્ષેપથી પૂજા, ધૂપ પૂજા, દીપ પૂજા આ બધા પૂજનના પ્રકાર વર્ણવ્યા છે અને આ બધા પ્રકાર ગુરૂ ભગવંતોનાં મુખેથી આગમની સાક્ષીએ વર્ણવાયેલાં છે. આ રીતે યોગીરાજ શ્રી આનંદઘનજી જેવાએ પણ પ્રતિમા–પૂજનની સિદ્ધિ કરી બતાવી છે. માટે મનને સાધવા માટેનાં જે અનેક અલંબનો છે, તેમાં જિન પડિમા એ પણ એક મહાન પુષ્ટાલંબન છે.

ગુણવર્માનું દૃષ્ટાંત

મનને સાધવું એ ઘણું અઘરું છે, છતાં મનને નજ સાધી શકાય તેવી વાત નથી. જેની નજર સામે અનંતાનંત જન્મ મરણનો ભય હોય તે ઘણી સહેલાઇથી મનને અને ઇન્દ્રિયોને સાધી શકે છે—જેમ શાસ્ત્રોમાં ગુણવર્માનું દૃષ્ટાંત આવે છે તે નાસ્તિક જેવો હતો. નગરશેઠનો પુત્ર હતો. તે જે નગરમાં રહેતો હતો તે નગરનો રાજા ખૂબ ધાર્મિક હતો. દરરોજ તે રાજા પંચ મહાવ્રતધારી સાધુપુરુષોનાં ગુણ ગાય ધન્ય છે તે મહાપુરુષોને કે જેમણે મન અને ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો છે. એ સ્વરૂપે ગુણાનુવાદ કરે છે. ગુણવર્માને એ વાત રૂચતી નથી. તે એમજ માનતો કે એવા કોઇ મહાપુરુષો હોઈ શકતા નથી કે જેઓએ મન પર વિજય મેળવ્યો હોય એવું તે દૃઢપણે માનતો હતો પછી તેને ઠેકાણે લાવવા રાજા ઉપાય યોજે છે. ગુણવર્મા ઉપર ખોટો ચોરીનો આરોપ આવે છે અને રાજા તેને મરણાંત સજા કરે છે. તેનાં માતાપિતા વચમાં પડીને કહે છે કે કોઈ પણ ભોગે મારા પુત્રને જીવિત દાન આપો. તેનામાં ચોરીનું દૂષણ નથી, પણ કોઇ અશુભના ઉદયે તેની ઉપર આરોપ આવ્યો છે. આપ તેને અભયદાન આપો. તેના બદલામાં હું મારૂં સર્વસ્વ આપને અર્પણ કરવા તૈયાર છું. રાજા કહે છે મારે કાંઇ ન જોઈએ, પણ મારી એક શરતનું જો આ ગુણવર્મા પાલન કરે તો હું તેને અભયદાય આપી દઉં.—તે શરત એ છે કે હાથમાં છલોછલ ભરેલો તેલનો વાટકો લઈને ગુણવર્મા આખાએ નગરમાં પરિભ્રમણ કરે. તેની આજુબાજુમાં હથિયારબંધ પોલીસ પહેરો ગોઠવાશે, જો વાટકામાંથી એક પણ તેલનું ટીપું નીચે પડશે તો એજ સમયે કોટવાળો તેનું

મસ્તક તલવારને ઝાટકે ઉડાડી દેશે. ગુણવર્મા એ શરત કબૂલ રાખે છે અને તેને એ રીતે આખાયે નગરમાં ફેરવવામાં આવ્યો.

રાજાએ નગરમાં પૂરબહાર પાંચે ઇંદ્રિયોનાં વિષયોની સામગ્રી ચારે બાજુ પથરાવી દીધી છે. કયાંક વારાંગનાઓ નૃત્ય કરે છે તો કયાંક અત્તરની એકલી ખુશબો ઉડે છે, તો કયાંક વળી સુમધુર કંઠે ગંધર્વ જેવાં સંગીતકારો લલકારી રહ્યા છે, તો કયાંક વળી સુખ શય્યાની સજાવટ કરવામાં આવી છે. પાંચે ઇંદ્રિયોનાં વિષયોની અનોખી સજાવટ કરવામાં આવી છે છતાં ગુણવર્માનું લક્ષ ફક્ત તેલના કટોરામાં છે. આવી સજાવટ રાજાએ કરાવી છે છતાં કોઈ વિષયોની સજાવટ તરફ ગુણવર્માએ દૃષ્ટિપાત પણ કર્યો નહીં. કારણ કે નજર સામે મૃત્યુનો ભય હતો રાજસભામાં ગુણવર્મા આવી પહોંચ્યો. રાજા પૂછે છે કે ગુણવર્મા નગરની સજાવટ કેવીક અદ્‌ભુત હતી ? ગુણવર્મા કહે છે કે– બે જ વસ્તુ મારી નજર સામે હતી. એક આ વાટકો અને બીજું નજર સ્હામે તરવરતું મૃત્યુ. એ સિવાય નગરની સજાવટ મેં નજરે નિહાળી નથી. મારી નજર સામે મૃત્યુ હોવાથી મારૂં મન બીજે કયાંય ભમવા ગયું નથી. હવે મોકો જોઈને રાજા ગુણવર્માને કહે છેઃ મહાપુરુષોની નજર સામે અનંતાનંત જન્મ મરણનો ભય હોય છે, તો પછી તે મહાપુરુષોનું મન પણ બીજે કયાંય ન જાય તો તેમાં શી નવાઈ છે! તારી નજર તો આ એક ભવ આંગેના મૃત્યુ પર હતી ત્યારે મહાપુરુષોની નજર તો ભવોભવ આંગેના મૃત્યુ ઉપર હોય છે. તેઓ તો વિચારતા હોય છે આ વિષયોમાં અસકતા બન્યા તો અનંતીવાર મરવું પડશે અને અનંતીવાર જન્મવુ પડશે અને ભવોભવમાં અનંતા દુઃખો ભોગવવા પડશે તો ગુણવર્મા હવે તું વિચારી જો કે મહાપુરુષો

મન અને ઇંદ્રિયો પર વિજય કેમ ન મેળવી શકે ? આવી દૃષ્ટિ જેમની પાસે છે તે મહાપુરૂષો મન અને ઇન્દ્રિયો પર વિજય મેળવી શકે છે.

મન કાબુમાં આવે જો ભવનો ભય લાગે તો

રાજાની આ હીતની સમજાવટથી ગુણવર્મા રાજાને કહે છે. આપે મારી નાસ્તિકતા દૂર કરી અને મહાપુરુષો પ્રતિ આપે મારા મનમાં સદ્‌ભાવ જગાડ્યો ! ખરેખર મૃત્યુના ભયથી હું મારા મનને વાટકામાં સ્થિર કરી શક્યો. તેવી રીતે મહાપુરૂષો પણ જરૂર પોતાના મનને વશ કરી શકે છે. એમાં હવે મને શંકા નથી. રાજા કહે છે તને નિઃશંક બનાવવા જ મેં આ પ્રયાસ કર્યો છે. તારી પર ચોરીનો જે આરોપ આવ્યો તેમાં પણ હું જ નિમિત્તરૂપ છું. તને મહાપુરુષો પ્રતિ શ્રદ્ધાળુ બનાવવા જ મેં આ પ્રપંચ રચ્યો હતો. તારી ભ્રમણા દૂર થઈ જતાં તને અને તારા પરિચયમાં આવનાર દરેકને પારમાર્થિક દૃષ્ટિએ ઘણો લાભ થયો છે. આજ વાતનો ઉલ્લેખ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ જ્ઞાનસાર નામે ગ્રંથમાં કર્યો છે.

તૈલ પાત્રધરો યદ્વત્ રાધાવેધોદ્યતો યથા ।
ક્રિયાસ્વનન્યચિત્તઃ સ્યાદ, ભવભીત સ્તથા મુનિઃ॥

તેલથી સંપૂર્ણ ભરેલા પાત્રને ધારણ કરનાર પુરુષ અને રાધાવેધ સાધવાને પ્રયત્નશીલ બનેલો પુરૂષ જેમ તે ક્રિયામાં ચિત્તની એકાગ્રતા કેળવે છે. તેમ સંસારથી ભય પામેલાં મુનિ પણ ચારિત્ર ક્રિયામાં તેવીજ એકાગ્રતા કેળવે છે. તે ક્રિયામાં સંપૂર્ણ એકાગ્રચિત્તવાળા હોય છે, જો ભવનો ભય લાગે તો મન અને ઇંદ્રિયો કાબૂમાં આવી જ જાય. વિષની પીડા જેને થઈ હોય તે મંત્રવાદીની શોધમાં રહે છે. રોગિષ્ટ ધન્વંતરીની શોધ ચલાવે

છે. તેમ ભયભીત બનેલો મનુષ્ય પોતાનાથી ઉપરી એવા શક્તિશાળીનો ભેટો થઈ જતાં તેનું શરણ અંગીકાર કરે છે. તેમ ભવના ભયથી ભય પામેલાં મુમુક્ષુજનો ધર્મને શરણે જાય છે. અથવા અરિહંતનું શરણ અંગીકાર કરે છે અને પછી તો મન ધર્મ પ્રવૃત્તિમાં તદાકાર બની જાય છે. એટલે મનને ન જ સાધી શકાય તેવી કોઈ વાત નથી. બાકી કઠીન કામ છે એટલે શ્રી આનંદઘનજીને કહેવું પડ્યું કે મનને સાધી લેવુ એ સામાન્ય વાત નથી. મોટી વાત છે ? હવે છેલ્લી ગાથામાં ફરમાવે છે—

"મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું,
આગમથી મતિ આણું,
આનંદઘન પ્રભુ માહરૂં આણો,
તો સાચું કરી જાણું ॥
હો કુંથુજિન મનડું કિમ હીનું બાજે ॥ ૯

છેલ્લી ગાથામાં શ્રી આનંદઘનજી પરમાત્માને વિનવે છે— નાથ ? મન અત્યંત દુરારાધ્ય છે. દુઃખે કરીને સાધી શકાય તેવું મન છે. છતાં નાથ ? આપે મનને વશ કરેલું છે એમ આપના આગમ સિદ્ધાંત પરથી મને પાકો નિર્ધાર થએલો છે. આપે મનને વશ કર્યું છે એ હકીકત આગમ પ્રમાણથી સિદ્ધ થએલી છે અને હું પણ તે આગમ પ્રમાણથી સિદ્ધ છે એમ દૃઢપણે માનું છું પણ હે પ્રભુ ? જો આપ મારી પર કૃપા વર્ષાવીને મારૂં મન મારા વશમાં આણો તો તે હકીકતને હું પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થએલી માનું. જો કે આપે મનને વશ કરેલું છે એ ઘટના તદ્દન સાચી છે તેમાં કયાંય મીન મેખ નથી. ભક્તિ ભાવનાથી યોગીઓએ ઘણી જગ્યાએ પરમાત્માને ઓલંભા પણ આપેલા છે નાથ ! આપ તરણ તારણહાર કહેવાઓ છો.

પરંતુ આ સેવકને તારતા નથી તો શું ભવોદધિ તારક એવું જુઠું બિરૂદ ધરાવો છો? આવા તો ઠેકઠેકાણે ભક્ત યોગીઓએ પરમાત્માને ઓલંભા આપેલ છે. યોગીરાજ આનંદઘનજી પણ ત્રિલોકના નાથ પરમાત્માને વિનવે છે કે નાથ! આપે તો આપના મનને વશ કર્યું એ આગમની રીતે મેં માન્ય કર્યું. પરંતુ સાચું તો ત્યારે માનું કે જ્યારે મારા મનને વશ આણી દો!

ભક્ત હૃદય ભક્તિભાવનાથી તરબોળ હોય છે, અને ત્યારે જ આવા અંતરના ઉદ્‌ગારો નીકળે છે. તમને પણ સાધુ મહારાજ તરફ અંતરની લાગણી હોય એટલે કહી શકો ને કે, આપ સાધુ બન્યા એ મારે મન આનંદની વાત છે; પણ મને સાધુ બનાવો તો માનું કે આપ બરા સાધુ છો. શ્રી આનંદઘનજીએ તો પોતાના રચેલા સ્તવનોમાં એકલો ભક્તિરસ અને અધ્યાત્મરસ છલકાવ્યો છે. તે અંગેનો આ સ્તવનના વિવેચન પરથી આપને ખ્યાલ આવ્યો હશે. આવાં યોગી પુરુષોએ આ પડતા કાળમાં અમૃતનાં વરસાદ વર્ષાવ્યા છે. માનવીનું મન અશાંત બનેલું હોય અને શ્રી આનંદઘનજી જેવા કોઈ પણ યોગી પુરુષે રચેલું એકાદ પદ કે સ્તવન નિર્જન વાતાવરણમાં રહીને સુમધુર કંઠે લલકારે તો તેના અંતરમાં પરમાનંદ છવાઈ જાય અને રોમેરોમમાં આનંદ ઉભરાઈ જાય. પ્રાચીન કાળની સ્તવન સજ્ઝાય વગેરેની કૃતિઓમાં પણ ઘણા ઊંડા રહસ્યો ભરેલા છે, એટલે આપણે આજના વ્યાખ્યાનમાં શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવન પર લંબાણથી વિવેચન કર્યું છે.

મનને વિશુદ્ધ ધ્યાનમાં પરોવી દો

હવે છેલ્લે આખાએ વિષયનો ઉપસંહાર કરવામા આવે છે. પૂ. ઉમાસ્વાતિજીએ શ્રી પ્રશમરતિ શાસ્ત્રમાં ત્યાં સુધી ફરમાવ્યું છે કે.

"यावत्परगुणदोषपरिकीर्तने व्यावृतं मनो भवति ।
तावद्वरं विशुद्धे ध्याने व्यग्रं मनः कर्तम् ॥

મન જ્યાં સુધી બીજાનાં ગુણદોષનાં કીર્તનનાં વ્યાપારમાં પ્રવર્તતું હોય ત્યાં સુધી તે મનને વિશુદ્ધ ધ્યાનમાં પરોવી દેવું એ વધારે સારૂં છે. મનનાં નિગ્રહ માટેના આપણે જેટલા ઉપાયો અત્યાર સુધીનાં વિવેચનમાં વિચાર્યા તે બધામાં સર્વોત્તમ અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપાય આ છે. કોઈને અહીં શંકા થાય કે કોઈનાં દોષ કીર્તનમાં મન પ્રવર્તતું હોય ત્યારે મનને શુદ્ધ ધ્યાનમાં જોડી દેવું એ તો જાણે બરાબર છે, પરંતુ મન બીજાનાં ગુણકીર્તનમાં જોડાય તેમાં શો વાંધો ? અને પર ગુણ પ્રકાશન કરવામાં શો વાંધો ? પરગુણ કીર્તનની પ્રવૃત્તિને તો સારી લેખવી જોઈએ. કોઈનાં દોષોનું પ્રકાશન કરવું એ તદ્દન નિંદ્ય પ્રવૃત્તિ છે. પ્રત્યુત્તરમાં શાસ્ત્રકાર ફરમાવે છે કે,

ननु च परगुणोत्कीर्तनं न निन्द्यं ।
उच्यते अध्यात्मचिंतापन्नस्य न तेनापि किंचित्प्रयोजनम् ॥

સાધક દશામાં ગુણકીર્તન પણ જરૂરી

બીજાનાં ગુણનું કીર્તન એ નિંદ્ય નથી, પણ અધ્યાત્મ ચિંતામાં મગ્ન થયેલા મહાપુરુષોને બીજાના ગુણકીર્તન કરવાનું

પણ કંઈ પ્રયોજન રહેતું નથી. તેઓ તો પોતાના આત્મ સ્વરૂપમાં જ રમણતા કરનારા હોય છે. આત્મજ્ઞાનની ઘણી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલાં મહાપુરુષોને ઉદ્દેશીને આવા વિધાનો કરાયેલાં હોય છે. બાકી આપણા જેવાં પ્રમાદશીલ મંદ અધિકારી જીવો માટે તો સાધક દશામાં ગુણકીર્તન અત્યંત જરૂરી વસ્તુ છે. કેવી અનુપમ દૃષ્ટિ મહાપુરુષોએ આપણને આપી છે!

આત્મજ્ઞાનની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા પુરુષો માટે ગુણકીર્તનનું પ્રયોજન રહેતું નથી, જ્યારે આ કાળનાં મનુષ્યો બીજાનાં દોષ જોવામાથી ઉંચા આવતા નથી અને કોઈને નામે આફી નાંખવું એ તો એમને મન જાણે રમત વાત! એવાં જીવો તો સાધક દશાથી પણ ઘણાં દૂર છે તો પછી આગળનાં ગુણઠાણાની ભૂમિકાની તો એવા જીવો માટે વાત જ શી કરવાની રહે? કયાંથી એવા જીવો પોતાના મનને વિશુદ્ધ ધ્યાનમાં જોડી શકવાના છે.

શરૂઆતની ભૂમિકામાં તો નિજ ગુણવૃદ્ધિ અને દોષ–હાનિ માટે ઉત્તમ આત્માઓમાં રહેલાં જે કોઈ સદ્‌ગુણ દૃષ્ટિ ગોચર થાય તેની ભૂરિ ભૂરિ આપણે અનુમોદના કરવા પૂર્વક તે તે ગુણોની પ્રશંસા કરવી જોઈએ. આગળની ઉચ્ચ ભૂમિકાએ પહોંચવા માટેનો એ જ ધોરી માર્ગ છે.

જીવનનો સાર

આપણામાં રહેલાં જે જે દોષોથી બીજાઓને આપણી તરફ અપ્રીતિ થાય અને અન્ય જન સમુદાય અનુપકારી અને અત્યંત ખિન્ન થાય તે તે દોષોનો સદાને માટે આપણે પ્રયત્નપૂર્વક પરિત્યાગ કરી દેવો! **એક આપણામાં ક્રોધ કષાયનો દોષ હોય તો કેટલાયને આપણી તરફ મનમાં ઉદ્વેગ થઈ જાય છે, એક આપણામાં નિંદા કુથલીની કુટેવ હોય તો કેટલાયને**

આપણી તરફ અપ્રીતિ થઇ જાય છે. વાતવાતમાં આપણે અસત્ય બોલતા હોઈએ, ઘોર હિંસા આચરતા હોઈએ વિશ્વાસઘાત કરતાં હોઈએ, કૂડ કપટ આચરતા હોઇએ તો કેટલાય મનુષ્યો આપણા વિદ્વેષી બને છે. માટે તે તે દોષોનો સમજીને પરિત્યાગ કરવો–પછી તે દોષ ભલે માનસિક વાચિક અથવા શારીરિક હોય ! જેથી જગતનાં જીવો સાથે મૈત્રી કેળવાય અને આપણા તન મન અને વચનની પણ શુદ્ધિ થાય. આ અનંત જ્ઞાનીઓએ કરાવેલું સ્પષ્ટ દર્શન છે. આના કરતાં ઉચ્ચ બીજું કોઈ તત્વજ્ઞાન આ જગતમાં નથી. આ દર્શન ભગવાન ઉમાસ્વાતિજી એ પ્રશમરતિ શાસ્ત્રમાં કરાવ્યું છે. કોઈ માટે મનમાં નબળું વિચારવું નહિ, નબળું ઉચ્ચારવું નહિ અને નબળું આચરવું નહિ. બસ આજ જીવનનો સાર છે. દુનિયાની નિઃસાર પ્રવૃત્તિઓમાં નહિ પડે તે આ જીવનના સારને પામી જશે. મનોવિજ્ઞાન પરનો ઉત્તરાર્ધ આટલેથી સમાપ્ત થાય છે. સૌ જીવનનાં સારને પામી આત્માર્થ સાધો એજ મહેચ્છા.

❋

કૃત્રિમ સાધનોના ઉપયોગથી સંતતિનિયમન કરવું એ આર્યાવર્તના મનુષ્યો માટે લાંછનરૂપ છે. ખરી રીતે સ્વેચ્છાથી મનોબળ કેળવીને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ.

શાંતિનો સંદેશ

શાંતિજિન ! એક મુજ વિનતિ,
સુણો ત્રિભુવનરાય રે ।
શાન્તિ સ્વરૂપ કેમ જાણીયે,
કહો મન કિમ પરખાય રે. શાંતિ. ૧

આ પહેલી ગાથા પ્રશ્ન પૂછવા રૂપે છે. યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ સોળમા શાંતિનાથ પ્રભુનું શાંતરસમય સ્વરૂપ જાણે સાક્ષાત્ પ્રભુના શ્રીમુખેથી જ સાંભળવાને ન ઈચ્છતા હોય તેમ શાંતિથી પ્રભુને પ્રશ્ન કરે છે કે હે ત્રણે ભુવનના મહારાજા શાંતિનાથ પ્રભુ ! મારી આપને એક નમ્ર વિનંતિ છે કે હું શાંતિનું સ્વરૂપ કેવી રીતે જાણી શકું તે આપ મને કૃપા કરીને કહો ! મારા મન વડે પણ તે સ્વરૂપની પરીક્ષા કઈ રીતે કરી શકું તે આપ મને કહો.

જિજ્ઞાસા પણ અતિ દુર્લભ

ધન્ય તું આતમ જેહને,
એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો,
કહું શાંતિ પ્રતિભાસ રે....શાંતિ.... ૨

હવે બીજી ગાથામાં ભકતયોગી શ્રી આનંદઘનજીને જાણે સાક્ષાત્ શાંતિનાથ પ્રભુ જ પ્રત્યુત્તર ન આપતા હોય તેમ પ્રત્યુત્તરમાં કહે છે કે હે આતમન્ ! તને ધન્ય છે કે આ રીતની

શાંતિનું પરમ સ્વરૂપ જાણવા અંગેનો તને પ્રશ્ન ઉત્પન્ન થયો અને તે સ્વરૂપની મનમાં જિજ્ઞાસા જાગી. કારણ કે પરમતત્વની જિજ્ઞાસા પણ મિથ્યાત્વ મોહનીય કર્મની મંદતા વિના થતી નથી. સાંખ્ય દર્શનમાં પણ વિધાન છે કે પુરુષ ઉપરથી પ્રકૃતિનો અધિકાર જ્યારે અલ્પાંશે પણ ઓછો થાય ત્યારે જીવમાં તત્ત્વની જિજ્ઞાસા પ્રગટ થાય છે. માટે હે આત્મન્! તું તેટલો હળુકર્મી કે તને તત્વની જિજ્ઞાસા પ્રગટ થઇ. હવે હું તને શાંતિનું યથાર્થ સ્વરૂપ કહું છું. માટે તું મનમાં બરોબર ધીરજ રાખીને સ્થિર ચિત્તે તે સ્વરૂપનું શ્રવણ કરજે! શાંતિના સ્વરૂપની જિજ્ઞાસા પણ જો પ્રબળ પુણ્યન. ઉદયે થાય છે, તો તે સ્વરૂપની પ્રાપ્તિની તો વાતજ શી કરવી! આજનાં મોટાં ભાગનાં જીવોમાં તો આવી જિજ્ઞાસાયે જોવા મળતી નથી. એકલાં અર્થ અને કામસુખની પ્રાપ્તિ માટેની આંધળી દોટ જોવા મળે છે. માટે આત્મિક શાંતિ પ્રાપ્ત કરવા માટેની જે આત્મામાં રુચિ ઉત્પન્ન થાય તે આત્મા પણ ધન્ય છે. તે હકીકત આ બીજી ગાથા ઉપરથી સમજી શકાય છે.

શાંત રસની પ્રાપ્તિનો પ્રથમ અમોઘ ઉપાય

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે,
કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ સદ્દહે,
પ્રથમ એ શાંતિપદ સેવ રે....શાંતિ....૩

સુવિશુદ્ધ અને અવિશુદ્ધ– સારા અને નરસા જે જે જીવ અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ,સંવર,નિર્જરા,બંધ,મોક્ષ તથા ષદ્રવ્ય વગેરેના ભાવ શ્રી જિનેશ્વરદેવે જે મુજબ કહ્યા છે, તે તે ભાવ નિઃશંકપણે યથાતથ્ય છે. તેમાં જરાયે શંકાને સ્થાન નથી. તે જ સાચું અને શંકા વિનાનું છે કે જે જિનેશ્વરદેવોએ પ્રરૂપેલું

છે. બસ, આ રીતનું દૃઢ શ્રદ્ધાન તે જ શાંતિના પરમ સ્વરૂપની પ્રાપ્તિ માટેનો પ્રથમ અમોઘ ઉપાય છે.

મિથ્યાત્વનું કાતિલ ઝેર

આ ત્રીજી ગાથામાં સમ્યક્‌દર્શનની વાત કરી છે. જીવને પ્રબળ અશાંતિનું મૂળ કારણ મિથ્યાદર્શન છે. વિપરીત શ્રદ્ધાનને લીધે જીવ ઘોર દુઃખની પરંપરાને પામ્યો છે. બધાં પાપોનું મૂળ ઉત્પત્તિસ્થાન મિથ્યાત્વ છે. સર્પદંશથી શરીરમાં ઝેર વ્યાપી જતાં જેમ શરીર મૂર્ચ્છિત અવસ્થાને પામી જાય છે તેમ મિથ્યાત્વનાં ઝેરથી આત્મા પણ મૂર્ચ્છિત દશાને પામ્યો છે. તેવી દશાને પામેલો આત્મા હિતાહિતને પણ જાણતો નથી, ધર્માધર્મને જાણતો નથી, કર્તવ્યાકર્તવ્યને પણ જાણતો નથી, વસ્તુને વસ્તુના સ્વરૂપે પણ જાણતો નથી. મિથ્યાત્વ એ કાતિલમાં કાતિલ ઝેર છે. એ ઝેર છે ત્યાં સુધી કાળો કેર છે. અને એ ઝેર ઊતરી ગયા પછી લીલા લહેર છે. પરંતુ સર્પનું ઝેર જેમ ગારુડિકનાં મંત્રથી ઊતરે છે, તેમ આ મિથ્યાત્વરૂપી ઝેર પણ પ્રભુની વાણીરૂપી મહામંત્રથી ઉતરે છે. અને મિથ્યાત્વરૂપી ઝેર ઊતરી ગયા પછી આત્મામાં પરમ શાંતિરૂપી આહ્‌લાદ છવાઈ જાય છે. માટે યથાર્થ શ્રદ્ધાનરૂપી સમ્યક્‌દર્શન એ શાંતિનો પ્રથમ મહાન ઉપાય છે.

સમ્યક્‌ત્વની પ્રાપ્તિ નિસર્ગ અને અધિગમથી

આગમધર ગુરુ સમકિતી,
કિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદ્ધા,
શુચિ અનુભવ ધાર રે
....શાંતિ....૪

સમ્યગ્દર્શન એ આત્મશાંતિનો પરમ અમોઘ ઉપાય છે, અને તે જ મોક્ષનું પરમ બીજ છે. સમ્યક્‌દર્શનમાં જે આત્મિક આનંદ આપવાની તાકાત છે તેવી તાકાત દુનિયાના સર્વ ભૌતિક સુખના સાધનોમાં એ નથી. આત્માના તો તેવા અનંત ગુણો છે, અને તે અનંત ગુણોનું ભાજન આત્મા છે કારણ કે વસ્તુ માત્ર અનંત ધર્માત્મક છે. આત્માના એક ગુણમાં અનંત શાંતિ આપવાની તાકાત છે ત્યારે આત્માના સર્વ ગુણસમુદાયની તાકાત તો કેટલી હશે ? આવા મહાન અદ્‌ભુત અનંતગુણના સમુદાયરૂપ આત્માના એક સમ્યક્‌દર્શન ગુણનું સ્વરૂપ ત્રીજી ગાથામાં કહી ગયા હવે ચોથી ગાથામાં સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કેવા પ્રકારના પવિત્ર આલંબનથી થાય તે વર્ણવે છે. જીવને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ નિસર્ગ અને અધિગમથી થાય છે. કોઈપણ પ્રકારના બાહ્ય આલંબન વિના નિસર્ગપણે (સ્વાભાવિકપણે) સમ્યગદર્શનની જીવને પ્રાપ્તિ થાય તે નિસર્ગદર્શન છે. જીવની હળુકર્મીતાને લીધે કોઈપણ શુભ નિમિત્તના આલંબન વિના પણ મિથ્યાત્વનો ક્ષયોપશમ થઈ જતા જીવને સમ્યગદર્શનની પ્રાપ્તિ થઈ જાય છે.

બીજા પ્રકારમાં અધિગમથી જીવને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થાય છે. જિનપ્રતિમા, ગુરુ મુખેથી જિનવાણીનું શ્રવણ વગેરે શુભ નિમિત્તો છે. આ સ્તવનની ચોથી ગાથામાં શ્રીમાન આનંદ ઘનજી સદ્‌ગુરુના આલંબનની વાત કરે છે અને ફરમાવે છે કે સમ્યક્‌દર્શનથી વિભૂષિત આગમધર સારભૂત એવી સંવરની ક્રિયા આચરવાવાળા અને ગુરુ પરંપરાના સંપ્રદાયથી પ્રાપ્ત થયેલી શુદ્ધ સમાચારીને આચરવાવાળા, પરિચયમાં આવનાર કોઈપણ આત્માને પોતાના સ્વાર્થ ખાતર નહિ છેતરનારા અને પવિત્ર એવા સ્વાનુભવરૂપી જ્ઞાનના પરમ આધારભૂત એવા પરમ સદ્‌ગુરુ હોય છે. ચોથી ગાથાના પૂર્વાર્ધમાં જે સદ્‌ગુરુના ત્રણ

વિશેષણો મૂક્યા છે તેમાં રત્નત્રયીની વાત આવી જાય છે. ગુરુ ભગવંત આગમધર હોય એટલે સમ્યક્‌જ્ઞાનયુકત હોય. સમકિતી હોય એટલે સમ્યગ્‌દર્શનથી ઉપેત હોય. સમકિત ન હોય તો નવપૂર્વ સુધીનું જ્ઞાન પણ અજ્ઞાનરૂપે પરિણમે છે.

ત્રીજા વિશેષણમાં ગુરુભગવંત સંવર ક્રિયાથી યુકત હોય એટલે ચારિત્રગુણથી અલંકૃત હોય છે. ટૂંકમાં રત્નત્રયનાં જે પરમારાધક હોય અને અન્યમાં આરાધકભાવ જગાડવાવાળા હોય તે જ સદ્‌ગુરુ ભગવંત છે, અને આવા ગુરુ ભગવંતના આલંબનથી જીવને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થાય છે. આ ચોથી ગાથામાં નિમિત્તની પુષ્ટિ કરી છે, શુષ્ક અધ્યાત્મી જે એકાંતે નિમિત્તનો લોપ કરતાં હોય છે તેમના માટે આ ગાથા માર્ગદર્શનરૂપ છે. હવે પાંચમી ગાથામાં પણ નિમિત્તની જ પુષ્ટિ કરે છે.

જીવવું થોડું અને જંજાળ ઘણી

શુદ્ધ આલંબન આદરે,
તજી અવર જંજાળ રે.
તામસી વૃત્તિ સવિ પરિહરી,
ભજે સાત્ત્વિકી સાલ રે....શાંતિ. ૫

આવા સદ્‌ગુરુ ભગવંત અને જિનપ્રતિમા વગેરેના શુદ્ધાલંબન મળ્યા પછી બીજી સર્વ જંજાળનો ત્યાગ કરીને શુદ્ધ આલંબનનું પરમ પ્રીતિભાવથી–ભક્તિભાવથી આદર–બહુમાન કરે અને તેવા નિમિત્તોનું સેવન કરે. મનુષ્ય જંજાળ ન છોડે ત્યાં સુધી સ્થિર ભાવથી શુભ નિમિત્તોનું સેવન કરી શકતો નથી. એટલે શ્રી આનંદઘનજી કહે છે કે, સર્વ જંજાળનો ત્યાગ કરીને શુદ્ધ આલંબનને ગ્રહણ કરે, આજે તો જીવન અતિ અલ્પ

છે અને જંજાળ ઘણી છે. જીંદગીનો અંત છે અને તૃષ્ણા અનંત છે. પરિગ્રહ અને ભોગની તૃષ્ણામાંથી જ સર્વ જંજાળ ઊભી થાય છે. તૃષ્ણારૂપી વિષવેલને મારવી જ્ઞાનરૂપી દાંતરડા વડે મૂળમાંથી ઉખેડી નાંખે તો અહીં મૃત્યુલોકમાં મોક્ષસુખની મોજ માણી શકે. આગળ વધીને પાંચમી ગાથામાં શ્રી આનંદ ઘનજી ફરમાવે છે કે, જેટલી કામ-ક્રોધરૂપી તામસી વૃત્તિ અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે તેટલી તામસી વૃત્તિઓનો સર્વથા નિરોધ કરીને પરિત્યાગ કરે અને તેની પ્રતિપક્ષી એવી સાત્ત્વિક વૃત્તિને અહર્નિશ ભજે. સત્ત્વ રજસ અને તમઃ એ ત્રણેય કર્મજન્ય પરિણામ છે, છતાં જીવ સર્વથા કર્મમુકત ન થાય ત્યાં સુધી સાત્ત્વિકવૃત્તિને ભજવી એ માનસિક શાંતિનો અમોઘ ઉપાય છે. પાંચ ગાથા પૂરી થયા પછી છઠ્ઠી ગાથામાં ગુરુ ભગવંતના ઉપદેશનું વર્ણન છે તેવા લક્ષણવાળા ગુરુનો ઉપદેશ કેવો હોય તે હવે દર્શાવે છે.

ઉપદેશ ધારા

ફળ વિસંવાદ જેહમાં નહિ,
શબ્દ તે અર્થ સંબંધી રે.
સકળ નયવાદ વ્યાપી રહ્યો,
તે શિવસાધન સંધિ રે....શાંતિ. ૬

પૂજ્ય ગુરુ ભગવંતનો ઉપદેશ એવો તો સચોટ હોય છે કે તેમના ઉપદેશ મુજબ વર્તનારને અવશ્યમેવ લોકોત્તર ફળની પ્રાપ્તિ થાય છે સદ્‌ગુરુ મળ્યા પછી મુમુક્ષુ જીવને લૌકિક ફળની તો ઈચ્છા મનમાં રહેતીજ નથી. કર્મનિર્જરારૂપ લોકોત્તર ફળની જ તેને અપેક્ષા હોય છે. તેમજ પૂજ્ય ગુરૂમહારાજ જે જે શબ્દ પ્રયોગ દેશનામાં કરતા હોય તે તે શબ્દો અર્થની સાથે સંબંધવાળા હોય છે. કારણ કે જ્ઞાની ગુરુઓ અર્થ વગરની

વાત જ કરતા હોતા નથી. વળી તે ઉપદેશધારામાં નયવાદ વ્યાપેલો હોય છે. તેમની દેશના એકાંતે એકાદ નયને અનુસરનારી હોતી નથી.

નયવાદ અને દુર્નયવાદ

શાસ્ત્રોમાં આવે છે કે જેટલા વચનના પ્રકાર છે તેટલા નયવાદ છે અને જેટલા નયવાદ છે તેટલા પરસમય છે. અને તે દરેક એકાંતદૃષ્ટિવાળા હોવાથી અપસિદ્ધાંત છે. પરંતુ તે સઘળા નયો જો સમુદિત હોય તો જિનશાસન રૂપ છે. અનંત ધર્માત્મક વસ્તુના એકાદ અંશરૂપ ધર્મમાં સંપૂર્ણ વસ્તુ માનનારા જુદા જુદા નયો મિથ્યાદૃષ્ટિ છે. અનંત ધર્માત્મક વસ્તુના એકાદ ધર્મની બીજા ધર્મોના નિષેધ વગર પ્રરૂપણા કરવી તે નયવાદ છે અને બીજા ધર્મોના લોપપૂર્વક પ્રરૂપણા કરવી તે દુર્નયવાદ છે, જે મિથ્યાવાદ ઠરે છે. એકાંતે નિશ્ચય નયથી મોક્ષમાર્ગની કેટલાક શુષ્ક અધ્યાત્મિઓ પ્રરૂપણા કરે છે, પણ તે તદ્દન મિથ્યાવાદ છે. કારણ કે જૈનીતીર્થ પ્રવર્તના વ્યવહાર અને નિશ્ચય ઉભય નયને આધીન છે તેમાં કોઈપણ નયને ગૌણ કે મુખ્ય કરી શકાય. બાકી એમ તો ન જ કહી શકાય કે મોક્ષમાર્ગમાં વ્યવહાર એ હેય છે અને નિશ્ચય એજ ઉપાદેય છે. એકાંતે વ્યવહાર નયને હેય ઠરાવવાથી તો આખા મોક્ષમાર્ગનો જ લોપ થાય છે. કારણ કે શ્રી તીર્થંકર ભગવંતો જે ધર્મ તીર્થ પ્રવર્તાવે છે તે પણ વ્યવહારનયને અવલંબીને પ્રવર્તાવે છે. કારણ કે નિશ્ચયનયથી તો સર્વ જીવ સિદ્ધ સમાન છે.

વ્યવહાર નયના વિચ્છેદમાં તીર્થનો વિચ્છેદ

સિદ્ધસમાન હોય તેમને ધર્મતીર્થના આલંબનનીયે જરૂર રહેતી નથી. જ્યારે શાસ્ત્રોમાં તો સ્પષ્ટ આવે છે કે,

એક ઉત્સર્પિણિમાં કે એક અવસર્પિણિમાં તીર્થનાં આલંબને અસંખ્ય આત્માઓ મોક્ષને પામે છે. એટલા માટે જ 'સમયસાર'ની ટીકામાં પણ શ્રી અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે કે, જો તું જિનમતને અનુસરવાને ઈચ્છતો હો તો વ્યવહાર કે નિશ્ચય બન્નેમાંથી કોઈનો પણ ત્યાગ કરીશ નહિ, વ્યવહારનયનો વિચ્છેદ કરવાથી તીર્થનો (માર્ગનો) વિચ્છેદ થાય છે. અને નિશ્ચયનયનો વિચ્છેદ કરવાથી તત્ત્વનો છેદ થાય છે. સમયસારની મૂળ બારમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્ય પણ લખે છે કે, આત્માના પરમ જ્ઞાનસ્વભાવમાં સ્થિત થયેલા માટે નિશ્ચયની દેશના છે અને જે જીવો તેવા સ્વભાવમાં સ્થિત થયેલા ન હોય તેવાઓ માટે વ્યવહાર પણ મહાન હસ્તાલંબનરૂપ છે.

આત્માને ઓળખનાર માર્ગ ન લોપે

આવા પોતાને માન્ય પુરુષોની ઉપરવટ થઈને વ્યવહારનયનો અને ધર્મક્રિયાનો લોપ કરનારા ભવોભવમાંયે છૂટવાના નથી અને તેઓ પાછા એમ મિથ્યાભિમાન કરે છે કે અમે જ આત્મજ્ઞાની છીએ, આત્મા તો અમે જ ઓળખ્યો છે. પરંતુ આત્માને ઓળખનાર કોઈ કાળે માર્ગનો લોપ કરે જ નહિ અને બીજા નયની અપેક્ષા રાખ્યા વિના એક નયનો ઉપદેશ એ તો પાપોપદેશ છે. માટે તેવાઓ જ્ઞાની નથી પણ મહા મિથ્યાભિમાની છે. જ્ઞાની તો યોગીરાજ આનંદઘનજી જેવા મહાપુરુષોને જ કહી શકાય કે જેમની પ્રરૂપણા અપેક્ષાવાદ માર્ગને અનુસરનારી છે.

વચન સાપેક્ષ વ્યવહાર સાચો

તેઓશ્રી જ ફરમાવે છે કે જ્ઞાની ગુરુની દેશનામાં તો નયવાદ વ્યાપેલો હોય, દુર્નયવાદ વ્યાપેલો ન હોય. કારણ કે તે

તો મિથ્યાવાદ છે અને તેવી જે જ્ઞાનીની સાપેક્ષવાદને અનુસરતી જે દેશના છે તે જ શિવમાર્ગની સંધિરૂપ છે, (કારણરૂપ છે) અર્થાત્ આ રીતના સાપેક્ષ નયવાદયુક્ત ઉપદેશનું આચરણ કરવાથી જીવનો અવશ્ય મોક્ષ થાય છે. સાપેક્ષ દૃષ્ટિથી પ્રરૂપણા કરનારના બધા કથન સાચા હોય છે, જ્યારે નિરપેક્ષપણે પ્રરૂપણા કરનારના કથન મિથ્યા હોય છે અને તેવા નિરપેક્ષ વચનયુક્ત અપાતા ઉપદેશથી જીવનો મોક્ષ થાય જ નહિ. આ રીતનો છઠ્ઠી ગાથામાં પૂ. યોગીરાજ આનંદઘનજી મહારાજનો આશય હોય તેમ સમજાય છે. બાકી તો પૂ. આનંદઘનજી મહારાજના આશયો અતિ ગંભીર હોય છે આપણા જેવા અલ્પમતિ જીવો તેમના આશયનો પાર પામી શકવાના નથી.

સ્વરૂપનું પ્રગટીકરણ એ જ મુખ્ય કર્તવ્ય

હવે આગળની સાતમી ગાથામાં ગુરુમહારાજના ઉપદેશમાં મુખ્ય આત્માના સ્વરૂપની વાત હોય તે દર્શાવે છે.

વિધિ પ્રતિષેધ કરી આતમા,
પદારથ અવિરોધ રે,
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો,
ઈશ્યો આગમેઓધ રે....શાંતિ. ૭

અનાદિથી પોતાનું આત્મસ્વરૂપ કર્મના આવરણથી તિરોભાવને પામેલું છે. તે સ્વરૂપનું આવિર્ભાવે પ્રગટીકરણ કરવું એજ મુમુક્ષુજનોનું મુખ્ય કર્તવ્ય હોય છે તે આત્મ સ્વરૂપના આવિર્ભાવની રીત હવે શ્રી આનંદઘનજી મહારાજના કથન મુજબ વિચારી જઈએ. વિધિ અને પ્રતિષેધ વડે કોઇપણ પ્રકારના વિરોધ વિના આત્મા રૂપ પરમ પદાર્થનો સાક્ષાત્કાર કરી શકાય છે. તેમાં વિધિ એટલે વિધાનયુક્ત જે તપસંયમાદિની

ક્રિયાઓ અથવા જ્ઞાનદર્શન અને ચારિત્રની આરાધના એને વિધિ કહેવામાં આવે છે. રાગ દ્વેષાદિનો પરિત્યાગ તેને પ્રતિષેધ કહેવામાં આવે છે. આ રીતના વિધિ અને પ્રતિષેધથી આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આજે મોટે ભાગે ક્રિયાઓ થાય છે. રત્નત્રયીની આરાધના પણ વિધાન મુજબ ઘણાં ભાગ્યશાળી આત્માઓ કરે છે. પણ તેની સામે પ્રતિષેધ તરફ ધ્યાન દેવાતું નથી.

ઉપશમ ભાવમાં જ આરાધક ભાવ

દવાના સેવન સાથે જો કુપથ્યનો પ્રતિષેધ ન થાય તો વ્યાધિ ઉપશમે નહિ. તેમ ભવવ્યાધિના નાશ માટે રત્નત્રયીરૂપ પરમ ઔષધનું સેવન કરવાની સાથે કામ–ક્રોધાદિ કુપથ્યનો ત્યાગ હોવો જોઇએ. તે આજે જોવામાં આવતો નથી. સમાજમાં અમુક પ્રશ્નો એવા તો સળગતા રહ્યા છે કે રાગ–દ્વેષનો અને કષાયનો અગ્નિ સદા સળગતો જ રહે. ખરી રીતે આરાધક ભાવ ઉપશમભાવને આધારે છે અને તેનું વિધાન બારસાસૂત્રમાં સ્પષ્ટપણે કરાયેલું છે. તો પણ એકાંતે વ્યવહાર નયને વળગવા જતાં નિશ્ચયનયના વિધાનો તરફ આજે લક્ષ જ દેવાતું નથી. આવી જ્યાં આજે સ્થિતિ હોય ત્યાં વિખવાદનો અગ્નિ સમાજમાં ક્યાંથી ઉપશમે ?

શ્રીમાન્ આનંદઘનજી અભિનંદન સ્વામીના સ્તવનમાં કહે છે તેમ 'સહુ થાપે અહમેવ' સૌને પોતાનું અહંપદ સ્થાપવું છે. એટલે કે અમે કહીએ તેજ સાચું છે. બીજા સામે ગમેતેવા ગીતાર્થ હોય પણ તેમની વાતને અહં ભાવને લીધે તેઓ વિચારતા જ નથી. નહિ તો સરળતાથી બધા સળગતા પ્રશ્નોનો નિકાલ લાવી શકાય છે. પરંતુ એતો જ્યારે

કલિકાળમાં જિનશાસનનું સામ્રાજ્ય એકછત્રી થવાનું હશે ત્યારે સૌને સન્મતિ સુઝવાની છે.

ઇત્યો આગમે બોધ

શ્રીમાન્ આનંદઘનજીએ આ સાતમી ગાથામાં આત્મ-તત્ત્વની પ્રાપ્તિ માટેની અપૂર્વ વાત કરી છે. વિધિ અને પ્રતિષેધ વડે કરીને જ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે અને આ મુજબના વિધિ અને પ્રતિષેધના માર્ગથી જ મહાપુરુષોએ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો છે અને આગમમાં પણ આ મુજબનો ઠેકઠેકાણે બોધ છે. આ મુજબ શ્રી આનંદઘનજી ફરમાવે છે, "ઇત્યો આગમે બોધ રે." આ કથન ઉપરથી શ્રીમાન્ આનંદઘનજી મહારાજને આગમ ઉપર અપૂર્વ ભક્તિ હતી એમ સ્પષ્ટ સમજી શકાય છે. એટલે જ તેઓશ્રી સ્પષ્ટ કહે છે કે આ મુજબનો બોધ આગમમાં છે. આ બોધ મારા ઘરનો નથી કે વિધિ અને પ્રતિષેધ વડે આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે, એ બોધ આગમનો છે.

એક ક્ષણના સત્સંગથી પણ અપૂર્વ લાભ

હવે આગળની આઠમી ગાથામાં વિધિ, પ્રતિષેધની વાતને જરા લંબાણથી કહે છે.

દુષ્ટજન સંગતિ પરિહરી,
ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે,
ધરે મુગતિ નિદાન રે.....શાંતિ....૮

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે વિધિ અને પ્રતિષેધની બાબતમાં દુષ્ટ મનુષ્યોની સોબતનો દૂરથી જ પરિત્યાગ કરવો જોઈએ અને સદ્‌ગુરુની જ ઉપાસના કરવી જોઇએ. ગીતાર્થ ગુરુ

મહારાજની અથવા તેમની જે શિષ્ય પરંપરા હોય તેમની સોબતમાં અહર્નિશ રહેવું જોઈએ. કહેવતમાં પણ કહેવાય છે કે સોબતની અસર ભલભલાને લાગી જાય છે. દુષ્ટજનની સોબતથી સારા માણસને પણ બગડતા વાર લાગતી નથી અને સત્સંગ ઉપર તો શાસ્ત્રોમાં ઠેકઠેકાણે ભાર મૂકાએલો છે. એક ક્ષણનો પણ જે સત્સંગ છે તે ભવસાગરમાં નૌકા સમાન છે. સંતસમાગમથી ઘણાં આત્માઓ ઉર્ધ્વગતિને પામ્યા છે. શાસ્ત્રોના વિધાન મુજબ ગુરૂકુળવાસ વગેરેનું સેવન કરવાથી પરંપરાએ જીવને સામર્થ્યયોગની ભૂમિકા પ્રાપ્ત થાય છે. એટલે કે ક્ષપક શ્રેણિની ભૂમિકાએ પહોંચી જાય છે. જે સામર્થ્ય યોગની ભૂમિકામાં ચિત્તનો ભાવ ઉત્કૃષ્ટ અને સુવિશુદ્ધ હોય છે. પરમાત્માના ચરણે જીવનને સમર્પણ કરવાની ઉત્કૃષ્ટ ભાવના આ યોગમા પ્રગટે છે. જે સર્વ સંગનો ત્યાગ કરાવી અંતે મુક્તિ પદની પ્રાપ્તિનું કારણ બને છે. આ મુજબનો આશય આ ગાથાનો સમજાય છે. બાકી તો દરેક ગાથામાં આશયની અતિગંભીરતા છે. જેમાં મારા જેવા અલ્પમતિની ચાંચ કયાંથી ખૂંચે ?

બધા ઉપર સરખો સમભાવ

હવે આગળ નવમી અને દસમી ગાથામાં સામર્થ્યયોગમાં ચિત્તનો ભાવ કેટલો બધો સુવિશુદ્ધ બની જાય છે. તે અત્યંત ભાવવાહિ શૈલીમાં શ્રીમાન્ આનંદઘનજી વર્ણવે છે.

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે,
ઈશ્યો હોયે તું જાણ રે....શાંતિ....૯

પૂર્વની ગાથામાં કહી ગયેલાં ઉપાયથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ જેમણે કરી હોય તેમના ચિત્તની એટલી બધી નિર્મળતા વધી જાય છે કે માન અને અપમાન બન્નેમાં સામર્થ્યયોગની ભૂમિકાએ પહોંચેલાનું ચિત્ત સમાન હોય છે. કોઈ તેમને માન આપે તેમની તરફ રાગ ઉત્પન્ન ન થાય અને અપમાન કરનાર તરફ દ્વેષ ઉત્પન્ન ન થાય પણ બન્ને સ્થિતિમાં પોતે સમચિત્ત હોય છે. તેમજ કનક અને પાષાણ બન્ને ઉપર મહાત્મા પુરૂષોની સમદૃષ્ટિ હોય છે તેઓ જ્ઞાન દ્રષ્ટિથી સમજતા હોય છે કે સુવર્ણ અને પાષાણ બન્ને પૃથ્વીનાં વિકાર હોવાથી પુદ્ગલ-ભાવરૂપ છે. માટે આ મુજબના વસ્તુ સ્વરૂપને જાણતા હોવાથી યોગરૂપ ગિરિશિખર ઉપર પહોંચેલા પુરૂષોની દ્રષ્ટિ બન્ને ઉપર સમ હોય છે. એકમાં રાગ ન હોય અને બીજામાં દ્વેષ ન હોય તેવા પુરુષો નિંદક અને વંદકને પણ સમદૃષ્ટિથી જોતા હોય છે. તેઓ યથાર્થ વસ્તુ સ્વરૂપને જાણતા હોવાથી વિચારતા હોય છે. કે નિંદા કે પ્રશંસા કરનાર જે શબ્દો ઉચ્ચારે છે તે ભાષા વર્ગણારૂપ પુદ્ગલ દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે. જ્યારે હું તો ચિદાનંદ સ્વરૂપ આત્મા શબ્દરૂપ પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છું. માટે તેવા શુભ કે અશુભ શબ્દરૂપ પુદ્ગલદ્રવ્યની મારે મારા મન ઉપર સારી–નરસી અસર શા માટે થવા દેવી જોઈએ ?

જ્ઞાનદૃષ્ટિનું અપૂર્વ બળ

આ જ્ઞાનદૃષ્ટિના બળે મહાપુરૂષો મરણાંત ઉપસર્ગમાં પણ લોકોત્તર સમતા ટકાવી શકયા છે. એકલી શુષ્ક ભેદજ્ઞાનની વાતો કરવાથી દૃષ્ટિમાં તેવું બળ આવી જતું નથી, પણ શ્રુત અને ચિંતા જ્ઞાનમાંથી આગળ જતાં ભાવના જ્ઞાનની

પરિણતિ થાય ત્યારે જ્ઞાનદૃષ્ટિમાં અપૂર્વ બળ આવી જાય છે છે. છેલ્લે નવમી ગાથામાં શ્રી આનંદઘનજી કહે છે કે આવા ભાવવાળો જે કોઈ હોય તે પરમયોગી છે એમ જાણો. અથવા પોતાના શિષ્યને જાણે સંબોધન કરતા હોય છે કે હે શિષ્ય! તારે આવા સ્વરૂપના જાણકાર બનવાનું છે.

સમભાવની પરાકાષ્ટા

એટલે હે મુમુક્ષુજન! તું આવા લોકોત્તર સમભાવના સ્વરૂપનો જાણકાર થા! જેથી તને પણ એવા લોકોત્તર સમભાવની પ્રાપ્તિ થાય, હજુ દશમી ગાથામાં આ લોકોત્તર સમભાવને વિસ્તારથી વર્ણવે છે.

"સર્વ જગજંતુને સમ ગણે
સમગણે તૃણમણિભાવ રે,
મુગતિ સંસાર બિહું સમગણે,
મુણે ભવજલનિધિ નાવ રે, ...શાંતિ....૧૦

લોકોત્તર સમતાને પામેલો યોગી સવિ જગજંતુને સમાન ગણતો હોય છે. પછી શત્રુ હોય કે મિત્ર હોય બન્ને ઉપર યોગીરાજની સમદૃષ્ટિ હોય છે, દાખલા તરીકે કમઠ કે ધરણેંદ્ર બન્ને ઉપર પાર્શ્વનાથ ભગવાનની સમદૃષ્ટિ હતી. કમઠ ભગવાનને ઘોર ઉપસર્ગ કરનાર હતો. ત્યારે ધરણેંદ્ર ઉપસર્ગ દૂર કરનાર હતા. છતાં ભગવાનને બન્ને તદ્દન સમાન હતા. બસ? અહીં લોકોત્તર સમભાવની પરાકાષ્ટા થઈ જાય છે. આ રીતનો જે સમભાવ તે જ કેવળજ્ઞાન રૂપી સૂર્યોદય પહેલાંનો અરુણોદય છે. અરુણોદયની પાછળ જેમ સૂર્યોદય

થાય છે તેમ લોકોત્તર સમભાવની જ્યાં પરાકાષ્ટા થાય છે ત્યાં કેવળજ્ઞાનરૂપી સૂર્યનો અંતર્મુહુર્તમાં ઉદય થઈ જાય છે. લોકોત્તર સમભાવવાળો યોગી સર્વ જગજંતુને સમ ગણતો હોય છે. તેનું કારણ એ છે કે સંગ્રહ નયની અપેક્ષાએ સર્વ જગજંતુની આત્મસત્તા સમાન છે. તેમાં જરાયે વિષમભાવ નથી માટે યોગીને સર્વ પ્રાણી ઉપર સમભાવ હોય છે.

જીવ માત્ર સત્તાની દૃષ્ટિએ સમસત્તાવાન

જેવી આત્મસત્તા સિદ્ધ પરમાત્માની છે તેવીજ આત્મસત્તા નિગોદમાં રહેલાં આત્માની છે. ફેર માત્ર એટલો જ કે એકની સત્તા પ્રગટેલી છે અને બીજાની અવરાયેલી છે. બાકી સત્તાની અપેક્ષાએ સિદ્ધ કે સંસારી બન્ને સમસત્તાવાન સ્વરૂપે છે. સંગ્રહ નયમાં ભેદ દૃષ્ટિ છે જ નહીં. ભેદનાં કથન તો વ્યવહારનયની અપેક્ષાએ થાય છે, છતાં સાપેક્ષ દ્રષ્ટિથી બન્ને નયના કથન સાચાં છે. આગળ વધીને શ્રીમાન્ આનંદઘનજી કહે છે કે– સર્વ જગજંતુને સમ ગણવાની પેઠે સમતાભાવી આત્મા તૃણ કે મણિને પણ સમ ગણતો હોય છે. તેની દૃષ્ટિમાં મણિ એ કાંઇ ઇષ્ટ નથી. કોઈ પણ પરદ્રવ્યમાં ઈષ્ટ કે અનિષ્ટની બુદ્ધિ તો તેને થતી જ નથી. માનિક દેવની રૂદ્ધિ હોય કે રજકણ હોય બન્ને ઉપર તેની દૃષ્ટિ સમાન હોય છે. કારણ કે તે જાણે છે બન્ને પુદ્ગલ દ્રવ્યનાં પરિણામ છે.

ભવ્યત્વપણાની શ્રેષ્ઠ છાપ

પુદ્ગલ દ્રવ્યનાં ગમે તેવા ઉત્કર્ષમાં પણ આત્મજ્ઞાની પોતાનો ઉત્કર્ષ જોતો નથી. અને પુદ્ગલ દ્રવ્યનાં અપકર્ષમાં તે પોતાનો અપકર્ષ જોતો નથી. વ્યવહારમાં પણ બીજાનાં

ઉત્કર્ષમાં કોઈ પોતાનો ઉત્કર્ષ માનતા નથી. તેમ આત્મજ્ઞાની પણ શરીર, ધન, યૌવન, વૈભવ વગેરેનાં ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ માનતા નથી. તેઓ તો એમ વિચારતા હોય છે કે

" उत्कर्षः परपर्यायैश्चि दानन्दघनस्यकः ।

પરદ્રવ્યનો અને પરપર્યાયનો ગમે તેવો ઉત્કર્ષ થાય તેમાં ચિદ્દાનંદઘન આત્માને શું ? એટલે કે તેમાં આત્માને લેશ પણ લાભ નથી. આત્માને તો જે આત્મભાવની વૃદ્ધિ થાય તો તેનાથી એકાંતે લાભ છે. માટે જ સમતાયોગી તૃણ કે મણિ પરદ્રવ્ય હોવાથી બન્નેને સમ પરિણામથી જોતો હોય છે. તૃણ કે મણિ તરીકેનો ભલે તેના અંતરમાં વિવેક હોય છે. પણ એમાંથી એક ઉપર રાગ કે બીજા પર દ્વેષ હોતો નથી. આગળ વધીને ફરમાવે છે કે–

મુક્તિ અને સંસારને પણ સમતાયોગી સમ ગણતો હોય છે. અને સમતાયોગી એમ પણ સમજતો હોય છે કે લોકોત્તર સમતા એતો ભવસાગરમાં નાવ સમાન છે. આ મુજબ દશમી ગાથાનો અર્થ પૂર્ણ થાય છે. પણ આ દશમી ગાથામાં પૂ. આનંદઘનજીએ ઘણી ઉચ્ચ ભૂમિકાની વાત કરી છે. તેમાંયે " મુક્તિ સંસાર બેહુ સમ ગણે " આ લીટીમાં તો અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણે રહેલાં યોગીન્દ્રની ભૂમિકા વર્ણવી છે, કારણ કે શરૂઆતની ભૂમિકામાં તો મુક્તિ તરફ અનુરાગ કેળવવાની વાત હોય છે. શરૂઆતની સાધકદશામાં રહેલાં આત્માઓને તો ભવ તરફ વિરાગ અને મુક્તિ તરફ સંપૂર્ણ અનુરાગ કેળવવાનો હોય છે અને મુક્તિ તરફનો અનુરાગ

એ તો ભવ્યત્વપણાની શ્રેષ્ઠ છાપ છે કારણ કે અભવિને કોઇ પણ કાળે મુક્તિ તરફ અનુરાગ પ્રગટે જ નહિ. તેમજ ભવિ જીવ પણ જ્યાં સુધી અચરમાવર્તમાં હોય ત્યાં સુધી તેનામાં પણ મુક્તિ તરફનો અનુરાગ પ્રગટ થતો નથી. માટે મુક્તિ અને સંસાર બન્નેને સમ ગણવાની વાત તો આગળની ભૂમિકાએ પહોંચ્યા પછીની સમજવાની છે. નવમી અને દશમી એ બન્ને ગાથામાં યોગીરાજ આનંદઘનજીએ લોકોત્તર સમતાની અદ્‌ભૂત વાત કરી છે.

જીવ સમતાભાવમાં આવે તો ક્ષણમાં કામ કાઢી જાય

આજે ધર્મનાં અનુષ્ઠાનો તરફ લક્ષ દેવાય છે, પણ તેની સાથે જીવનમાં સમતા ગુણ આવવો જોઈએ, નહિ તો પૂ. વિનયવિજયજી મહારાજના શબ્દોમાં કહીએ તો.

સમતા વિણ જે અનુસરે,
પ્રાણી ધર્મનાં કાજ રે;
છાર ઉપર તે લીંપણું,
કાં ઝાંખર ચિત્રામ રે.

જીવ ગમે તેવા ધર્મનાં અનુષ્ઠાન કરે પણ તેમાં જો સમતા ન હોય તો તે છાર ઉપર લીંપણ જેવું છે. કલિકાળ સર્વજ્ઞ પૂ હેમચંદ્રાચાર્યજી પણ ફરમાવે છે કોટી જન્મના તપ વડે પ્રાણી તેટલાં કર્મ ખપાવતો નથી કે જેટલાં સમતાના આલંબન વડે માત્ર અંતર્મૂહુર્તમાં ખપાવે છે. માટે તપ સંયમના અનુષ્ઠાનની સાથે જો સમતાભાવની વૃદ્ધિ હોય તો એકાંતે કર્મ નિર્જરાનો લાભ થાય છે. બાકી તો દશવૈકાલિક નિર્યુક્તિમાં

પૂ૦ ભદ્રબાહુ સ્વામી ફરમાવે છે કે સમ્યક્ પ્રકારે શ્રમણપણાનું પાલન કરનારનાં પણ કષાય જો ઉત્કટ હોય તો શેરડીના પુષ્પની જેમ તેનું શ્રમણપણું નિષ્ફળ છે. શેરડીને જે પુષ્પ આવે તેને લોકભાષામાં તમરા કહેવામાં આવે છે. તમરાનું કામ શેરડીને નબળી પાડવાનું છે. શેરડીના સાંઠામાં જે સુમધુર રસ હોય છે તેને તમરા ચૂસી લે એટલે શેરડી નબળી પડતી જાય. તમરાની જેમ કષાયોનું કામ પણ આત્માના સમતા રસને ચૂસી લેવાનો છે. એટલે પછી આત્મા તપ સંયમના માર્ગમાં નબળો પડતો જાય અને અંતે તપ સંયમના ફળને હારી જાય માટે ધર્મનાં અનુષ્ઠાનો સાથે કષાયોનો ઉપશમ કરવાપૂર્વક મનુષ્યોએ સમતા કેળવવી જોઈએ કે જેથી તપ સંયમના લોકોત્તર ફળને પામી શકાય.

ત્રિવિધ ચેતના

હવે અગીયારમી ગાથામાં આત્મતત્વની અદ્‌ભૂત વાત લખે છે.

આપણો આતમ ભાવ જે,
એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી,
એહ નિજ પરિકર સાર રે....શાંતિ. ૧૧

આપણો પોતાનો જે આત્મા છે તે માત્ર એક ચૈતન્ય સ્વભાવવાળો છે. ચેતના એજ આત્માનો સ્વભાવ છે. ચેતનાના પણ ત્રણ પ્રકાર છે. કર્મચેતના, કર્મફળ ચેતના, અને જ્ઞાનચેતના, આ મુજબના ચેતનાનાં ત્રણ પ્રકાર છે. તેમાં જ્ઞાન ચેતના એ જ આત્મા માટે પરમ આધારરુપ છે. ત્રણ પ્રકારની

ચેતનામાં સ્થાવરકાય અને નિગોદનાં જીવો કર્મફળ ચેતનારૂપે પરિણમતા હોય છે અનેત્રસ પર્યાયને પામેલાંઆત્માઓ કર્મચેતના રૂપે પરિણમે છે, અને સિદ્ધનાં આત્માઓ જ્ઞાન ચેતનારૂપે પરિણમે છે. જો કે સંસારી જીવો અપેક્ષાએ ત્રણે ચેતનારૂપે પરિણમે છે, પણ આ તો ગૌણ અને મુખ્યપણાની અપેક્ષાએ વાત કરી છે. એકેન્દ્રિય જીવો કર્મફળ ચેતનારૂપે પરિણમતા હોય છે. તેનો અર્થ એટલો જ થાય છે કે તેઓ મોટે ભાગે કર્મના ફળ જ ભોગવતા હોય છે, એટલાથી નવા કર્મ નથી બાંધતા હોતા તેમ લેવાનું નથી, પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પાસે કર્મ બાંધવાના અધિકરણ અધિકહોવાથી તે જીવોનેકર્મચેતનાવાળા કહ્યા છે. જ્યારે સિદ્ધોતો એકલી જ્ઞાનચેતનાને જ અનુભવતા હોય છે ત્યાં તેમને કર્મ ચેતના કે કર્મફળ ચેતનારૂપે પરિણમવાનું કોઈ કારણ જ નથી.

પરિવાર એટલે પંખીનો મેળો

અહીં સંસારી જીવોમાં પણ સમ્યક્‌દર્શનને પામેલાં જીવો અલ્પાંશે પણ જ્ઞાનચેતનારૂપે પરિણતા હોય છે અને તેટલાં પરિણમન પ્રમાણે તેઓ જીવનમાં અનુપમ શાંતિ પણ અનુભવતા હોય છે. બાકી તત્વદૃષ્ટિથી વિચારવામાં આવે તો આત્મા માટે માત્ર જ્ઞાનચેતના જ આધારભૂત છે. જ્ઞાનચેતના અને આત્મા કોઈ ભિન્ન વસ્તુ નથી. બન્ને ધર્મ, ધર્મીભાવ છે. આત્મા ધર્મી છે, તો જ્ઞાનચેતના તેનો ધર્મ છે. ધર્મ, ધર્મી કથંચિત અભિન્ન હોય છે. માટે જ્ઞાનચેતના એજ આત્માનું સ્વરૂપ છે. બાકી શારીરાદિ જે બાહ્ય પદાર્થો છે તે આત્માની સાથે માત્ર સંયોગ સંબંધે રહેલાં છે. એ કોઈ આત્માનો શાશ્વત પરિવાર નથી. પંખીના મેળાની જેમ રાત્રિ પર્યંત એક સ્થાને રહીને સવાર પડે વિખરાઈ જાય તેવો ક્ષણિક પરિવાર

છે. શરીર પણ આત્માની સાથે સંયોગ સંબંધે છે, ત્યાં બીજાં કુટુમ્બ કબીલાના પરિવારની તો વાત જ કયાં કરવાની રહી? જે શરીરને જીવે પોતાનું માન્યું છે તે પણ એક દિવસે છૂટી જવાનું છે. ત્યાં ધન–વૈભવ તો શરીરના સંબંધની અપેક્ષાએ ઘણા દૂરના સંબંધીઓ છે. તે તો શરીરની હયાતિમાં પણ ઘણીવાર આ ભવમાંયે જીવથી છૂટા પડી જાય છે.

વોસિરે વોસિરે કરનારને ઓયરે ઓયરે કરવાનો વખત ન આવે

માટે શ્રીમાન આનંદઘનજી ફરમાવે છે કે, જ્ઞાનચેતના સિવાયનો બાકીનો બધો પરિવાર જીવની સાથે સંયોગ સંબંધે રહ્યો હોય છે. તેનો એક દિવસે નિશ્ચિતપણે વિયોગ થાય છે. સંયોગમાં રાગ અને મમત્વનું શલ્ય જેટલું ઊંડું જાય છે. તેટલું જ વિયોગમાં દુઃખદાયક થાય છે, માટે સંયોગિક સંબંધોને તો જીવે રાત્રિનાં શયન કરતાં પહેલાં અહર્નિશ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવવા જોઈએ આ સંબંધોને જ વોસિરાવવા જોઇએ, તેમ નહી તેના ઉપરનીમમતા પણ વોસિરાવી દેવી જોઈએ. મનુષ્યો સમજીને વોસિરે–વોસિરે નથી કરતા અને વિયોગનાં સમયે પાછળથી ઓયરે, ઓયરે કરતા હોય છે. અને જેનો સંયોગ છે તેનો વિયોગ તો નિશ્ચિતપણે થવાનો જ છે. આત્મા અને જ્ઞાનનો વિયોગ ન થાય કારણ બન્નેનો તાદાત્મ્ય સંબંધ છે. જ્યારે શરીર અને આત્માનો તો વિયોગ થવાનો જ છે. કારણ કે બન્નેનો સંયોગ સંબંધ છે.

અધ્યાત્મના ગ્રંથોનું ઊંડું જ્ઞાન

આત્મા માટે જ્ઞાન, દર્શન અને ચારિત્ર સિવાયનાં બધાં બહિર્ભાવો છે. આજ ગાથાના ભાવાર્થને અનુસરતી ગાથા સમયસારમાં મોક્ષ અધિકારમાં આવે છે.

પણ્ણાએ ધિત્તવો જો ચેદા, સોઅહંતુ ણિચ્છયદો ।
અવસેસા જે ભાવા તે મજ્જ પરેત્તિ ણાયવ્વા ॥

સમયસારમાં શિષ્યે એ રીતનો પૂ. ગુરુદેવને પ્રશ્ન કર્યો કે પ્રભુ ? આત્મા કઈ રીતે ગ્રહણ થાય તે આપ મને ફરમાવો પ્રત્યુત્તરમાં ગુરૂમહારાજ કહે છે કે પોતાની પ્રજ્ઞા વડે જ આત્માને ગ્રહણ કરી શકાય છે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાની રીત એવા પ્રકારની છે કે જેનું ચૈતન્ય એ જ સ્વરૂપ છે અથવા ચેતના એ જ જેના માટે પરમાધારરૂપ છે તે જ હું પોતે આત્મા છું એટલે કે ચૈતન્ય તે જ હું છું. બાકીના જેટલાં બહિર્ભાવો છે તે બધા મારાથી પર છે. આ સમયસારની ગાથાના ભાવાર્થ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પૂ. આનંદઘનજી મહારાજને આગમશાસ્ત્રોની જેમ અધ્યાત્મના ગ્રંથોનું પણ ઊંડું જ્ઞાન હતું.

શ્રીમાન્ આનંદઘનજીની ચોવીશીમાં ઘણાં ઘણાં શાસ્ત્રોના ઉલ્લેખ સ્પષ્ટતયા મળી આવે છે. છઠ્ઠા ભગવાન શ્રી પદ્મપ્રભસ્વામિનાં સ્તવનમાં તેઓ ફરમાવે છે કે;

" અન્ય સંયોગી જ્યાં લગી આતમા રે,
સંસારી કહેવાય. "

આબેહુબ આવા જ પ્રકારનો સ્પષ્ટ ઉલ્લેખ પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ રચેલાં યોગબિંદુ ગ્રંથમાં આવે છે કે"

આત્મા તદન્ય સંયોગાત્ સંસારી તદ્ વિયોગતઃ ।

"અર્થાત્ આત્મા અન્ય કર્મ સંયોગને લીધે સંસારી છે અને અન્ય સંયોગનો વિયોગ થતાં તેનો તે આત્મા મોક્ષાધિકારી થાય છે. વચમાં ત્રણ ચેતનાનો જે આપણે ઉલ્લેખ કરી ગયા તેનું વિસ્તારથી સ્વરૂપ પૂ. આનંદઘનજી મહારાજે બારમા શ્રી વાસુપૂજ્ય ભગવાનનાં સ્તવનમાં કહેલ છે અને પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્યે પણ ત્રણે ચેતના ઉપર વિસ્તારથી વિવેચન કરેલ છે.

શ્રીમાન્ આનંદઘનજી બારમા ભગવાનના સ્તવનની એક ગાથામાં ફરમાવે છે કે,

"પરિણામી ચેતન પરિણામો,
જ્ઞાન કરમ ફલ ભાવી રે,
જ્ઞાન કરમ ફળ ચેતન કહીયે,
લેજો તેહ મનાવી રે;
વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી,
ધનનામી પરનામી રે;

જ્યારે પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્ય લખે છે કે,

अप्पा परिणामप्पा परिणामो णाणकम्म फलभावि,
तम्हा णाणं कम्मं फलं च आदा मुणेयव्वो ॥

આ બન્ને ગાથાઓ તદ્દન મળતી આવે છે બન્ને ગાથાઓનો ભાવાર્થ આ મુજબ છે કે, આત્મા પરિણામી હોવાથી ચૈતન્ય પરિણામવાળો છે અને તેની ચેતના, જ્ઞાન, કર્મ અને કર્મફળ આ ત્રણ પ્રકાર વાળી છે. માટે જ્ઞાન, કર્મ અને કર્મફળ એ ત્રણ ચેતનારૂપ આત્માને જાણી લેજો.

અન્ય દર્શનવાળા કેટલાકો આત્માને અપરિણામી માને છે, જ્યારે જૈન દર્શન પરિણામી માને છે. છતાં તેમાં એટલી વાત છે કે આત્મા પરિણામી હોવા છતાં અને પરિણામી હોવાથી પ્રતિ સમયે આત્મામાં પરિણમન થતું હોવા છતાં તે આત્મા પોતાના ચૈતન્ય પરિણામને કયારે પણ છોડતો નથી. પરિણામ, પરિણામી અને પરિણમન એ ત્રણેય વ્યવહારનયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન છે. બાકી નિશ્ચય નયની અપેક્ષાએ ત્રણેય અભિન્ન છે. માટે કથંચિત્ ભિન્નાભિન્ન એ જ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ છે. આ ચર્ચા જો વિસ્તારથી લખવા જઈએ તો બહુ લાંબી થઇ જાય. આપણે અહીં એટલું જ સમજવું જરૂરનું છે કે પૂ. આનંદઘનજી મહારાજશ્રીને સિદ્ધાંત સંબંધી જ્ઞાન અત્યંત તીવ્ર હતું અને તેઓશ્રીએ શ્વેતામ્બર શાસ્ત્રોની જેમ દિગમ્બરનાં શાસ્ત્રો પણ અવગાહેલાં હતાં.

દર્શનથી દર્શન થાય તો અંતરમાં આનંદ ન માય

હવે છેલ્લી ત્રણ ગાથાઓમાં શ્રી આનંદઘનજી પરમાત્મા તરફનો પોતાનો નિર્મળ ભક્તિભાવ દર્શાવે છે :

"પ્રભુ મુખથી એમ સાંભળી,
કહે આતમરામ રે;

તાહરે દરિસણે નિસ્તર્યો,
મુજ સીધાં સવિ કામ રે;....શાંતિ. ૧૨

સાક્ષાત્ જાણે પ્રભુના મુખથી આ મુજબ શાન્તિનું અનુપમ સ્વરૂપ સાંભળીને અંતરથી અત્યંત આહ્લાદ લાવીને પોતાનો આતમરામ કહે છે કે હે નાથ! આજે હું આપ ત્રિલોકનાં નાથનાં દર્શનથી નિઃસ્તારને પામી ગયો છું. હે નાથ! આપના દર્શનથી તો જાણે હું સંસાર સાગરને તરી ગયો છું. મારા સર્વ મનોવાંછિત આજે સિદ્ધ થઈ ગયાં છે અથવા મારી સર્વ કામનાઓ આજે સિદ્ધ થઈ ગઇ છે. મારે સંસારથી નિઃસ્તાર પામવા સિવાયની બીજી કોઈ કામના મનમાં નથી અને આપના દર્શનથી મારી તે મનોકામના સફળ થઈ છે. નાથ! આપના દર્શનથી મને આજે આત્મદર્શન થયું છે. તેથી મારા અંતરનો આનંદ ક્યાંય સમાતો નથી. અને વાત પણ તદ્દન સાચી છે. દર્શનથી જો દર્શન થઈ જાય તો તે આનંદ ચૌદરાજ લોકમાંયે ન સમાય આજે આપણે સૌ પરમાત્માના દર્શન કરીએ છીએ પણ અંતરમાં જે આનંદ ઉભરાતો નથી તેનું કારણ એજ છે કે દર્શનથી વાસ્તવિક દર્શન થયું નથી.

પરમાત્માના વીતરાગ સ્વરૂપનો વિચાર કરવાથી જ દર્શનથી દર્શન થાય છે. શ્રીમાન આનંદઘનજીને દર્શનથી આત્મદર્શન થતાં આત્મામાં અપૂર્વ ઉલ્લાસ આવી ગયો છે અને અત્યંત ભાવવાહી શૈલીમાં કહે છે કે હે નાથ! આપના દર્શનથી હું નિસ્તારને પામી ગયો છું. હવે મારે કાંઈ જ મેળવવાનું બાકી રહ્યું નથી.

પોતાની પ્રભુતાનું પોતાને ભાન થતાં નિકળેલ ઉદ્‌ગાર

હવે તેરમી ગાથામાં પોતાને જ જાણે નમન કરવાનું ન કહેતા હોય તેમ કહે છે કે :

"અહો ! અહો ! હું મુજને કહું,
નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની,
જેહની ભેટ થઈ તુજ રે....શાંતિ. ૧૩
"અહો ! અહો ! હું મુજને કહું"

ગાથાની શરૂઆતનું આ વચન અત્યંત આહ્‌લ્લાદ્‌ દર્શક છે. પ્રભુનાં શ્રીમુખેથી ઉપદેશ સાંભળીને અંતરાત્મભાવને પામેલા યોગીરાજ પોતાના આત્માને ધન્ય માને છે અને પ્રભુની તુલ્ય પોતાની પ્રભુતા જણાવવાથી અંતરમાં અત્યંત આલ્હાદ્‌ લાવીને કહે છે કે :

"નમો મુજ નમો મુજ રે"

મને નમન હો ! મને નમન થાઓ ! કારણ કે નિશ્ચય-નયથી હું પણ પરમાત્મા છું.

ધર્મસંગ્રહણી વગેરે શાસ્ત્રોમાં વર્ણવાયેલાં અનાદિ પારિણામિક ભાવની અપેક્ષાએ આત્મા કારણ પરમાત્મા તો છે જ અને તેને પરમાત્માના દર્શનથી પોતાની આત્મસત્તાનું ભાન થતાં કાર્ય પરમાત્મા થતાં કેટલીવાર લાગવાની છે ? માટે કહે છે "મને નમન હો નમન હો" કારણ કે આજે મોક્ષરૂપી અમૃતફળ આપનાર પ્રભુનો મને મેળાપ થયો છે. અને મારી પ્રભુતાનું મને ભાન થયું છે. તેથી હું પણ નમવા યોગ્ય છું. જેને પોતાની પ્રભુતાનું ભાન થાય તે શુદ્ધ આત્મપણું પામે જ છે અને તેથી તેની દીનતા દૂર થઈ જાય છે.

પરમાત્માના દર્શનથી આત્મા ભલે તરતમાં જ પરમાત્મા ન બની જાય, પણ અંતરાત્મભાવને તો પામી જાય છે અને અંતરાત્મભાવ એજ પરમાત્મભાવનું કારણ બને છે. માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહે છે કે, હું પણ આ પરમાત્મા તુલ્ય છું. ભલે આજે હું સેવક છું પણ આ ત્રિલોકનાં નાથના સેવક બને તે સેવ્ય પણ બની જાય છે.

જેમ એકવીશમા ભગવાનનાં સ્તવનમાં શ્રી આનંદઘનજી કહે છે કે—"જિન સ્વરૂપ થઈ જિન આરાધે"
તે સહી જિનવર હોવે રે,"

જિન સ્વરૂપ થઇને જે જિનેશ્વર ભગવાનને આરાધે તે પોતે પણ આરાધક આત્મા અંતે જિનેશ્વર બની જાય છે. માટે તેરમી ગાથામાં શ્રીમાન આનંદઘનજી મહારાજે નિશ્ચયનયની અપેક્ષાએ પોતાના પરમાત્મભાવની અપૂર્વ ઉદ્‌ઘોષણા કરી છે. આ ગાથામાં યોગીરાજની આત્મમસ્તીનો તાદૃશ ચિતાર ખડો થઈ જાય છે. યોગી પુરૂષોનાં શુદ્ધાશયને સમજ્યા વિના ઘણાં બહિર્મુખ આત્માઓ આવી ગાથાઓ વાંચીને વિપર્યાસને પામતા હોય છે. પણ ગુરુગમથી આવી ગાથાઓ ઊંડાણથી વિચારવી જોઈએ કે જેથી વિપર્યાસ ન થાય.

શાંતિ માટે સ્વરૂપમાં લીન બનો

હવે છેલ્લી બે ગાથાઓમાં સ્તવનનો ઉપસંહાર કરે છે.
"શાંતિ સરૂપ સંક્ષેપથી,
કહ્યો નિજ પરરૂપ રે;
આગમ માંહે વિસ્તર ઘણો,
કહ્યો શાંતિ જિન ભૂપ રે....શાંતિ. ૧૪.

સ્વ. પર માટે શાંતિનાથ ભગવાનના સ્તવનને અવલંબીને શાંતિનું પરમ સ્વરૂપ મેં સંક્ષેપથી કહ્યું છે. બાકી આગમમાં શાંતિનાથાદિ તીર્થંકર ભગવંતોએ તો શાંતિનું સ્વરૂપ ખુબ જ વિસ્તારથી કહેલું છે. માટે વિસ્તાર રુચિવાળા જીવોએ તે સ્વરૂપને વિસ્તારથી આગમગ્રંથો ઉપરથી જાણી લેવું. આત્મા જ્યાં સુધી પોતાના શાંતરસમય સ્વરૂપને પિછાણીને તેમાં નહિ ડુબે ત્યાં સુધી બીજાં કરોડો ગમે ઉપાયોથી પણ સાચી શાંતિ મળવાની નથી. પોતાના આત્મામાં જ છે, પણ સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરીને આત્મા જ્યારે પોતાના નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય ત્યારે તેને શાંતિની પ્રાપ્તિ થાય છે.

હવે છેલ્લી ગાથામાં કહે છે કે,

શાંતિ સરૂપ ઈમ ભાવશે,
ધરી શુદ્ધ પ્રણિધાન રે,
આનંદઘન પદ પામશે,
તે લહેશે બહુમાન રે....શાંતિ. ૧૫

ચિત્તની એકાગ્રતાથી આ મુજબ જે કોઈ ભવ્ય પ્રાણી શાંતિના સ્વરૂપનું વિચાર કરશે તે પોતાના આત્મામાં પરમ શાંતિનો અનુભવ કરીને અંતે આનંદનાં સમૂહરૂપ એવા મોક્ષપદને પ્રાપ્ત કરશે અને જગતમાં પણ ડગલે ને પગલે માન-સન્માનને પ્રાપ્ત કરશે. ભલે એને માન-સન્માનની પડી ન હોય પણ જગત તેને સામેથી માન સન્માન આપશે. સૌ કોઈ શાંતિનાથ ભગવાનના પરમ શાંત રસમય સ્વરૂપને ઓળખીને અખૂટ શાંતિને પામો અને જીવનમાં રસાધિરાજ એવા શાંત રસની ઉપાસનાં સાધો એજ એક મહેચ્છા.

ગિરિરાજનાં આઠ શિખરો

શાસ્ત્રોમાં જેમ કર્મક્ષય માટેનો ઠેકઠેકાણે ઉપદેશ અપાએલો છે તેવી રીતે મદના ત્યાગ માટેનો પણ ઠેકઠેકાણે ઉપદેશ અપાએલો છે. કર્મનાં જેમ આઠ પ્રકાર છે તેમ મદના પણ આઠ પ્રકાર છે. માનવી જેનાથી મત્ત બને અથવા ઉન્મત્ત બની જાય તેને મદ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં અહંકારને જ મદ કહેવામાં આવે છે. અહંકાર અને મમકારનો જ આ સંસાર છે. મમકારને રાગ સાથે દોસ્તી છે, તો અહંકારને દ્વેષ સાથે પાકી ભાઈબંધી છે. એટલે કે મમકાર એ રાગ પર્યાયવાચી છે, તો અહંકાર એ દ્વેષ પર્યાયવાચિ છે જીવે કોઈ પણ વસ્તુનો મદ કરવા યોગ્ય નથી.

પદાર્થ માત્ર જ્યાં અસ્થિર અને અસાર છે ત્યાં વળી તેનો અહંકાર શેનો હોય? પ્રાતઃકાળમાં જે વસ્તુ જોવામાં આવે છે તે મધ્યાન્હકાળના સમયે જોવામાં આવતી નથી અને મધ્યાન્હકાળના સમયે જે કાંઈ જોવામાં આવે છે તે સાયંકાળના સમયે જોવામાં આવતુ નથી. પદાર્થ માત્રની આ સ્વરૂપે અનિત્યતા છે. છતાં તે અંગે કોઈ અહંકાર કરે તો સમજવું કે તે જીવનું મહાભયંકર અજ્ઞાન છે. ક્ષણનો જ્યાં ભરોસો નથી. વાત કરતા એક પળવારમાં પ્રાણ ઉડી જાય છે. આ ક્ષણે વિદ્યમાન વસ્તુ બીજી ક્ષણે આપણી નજર સામેથી અલોપ થઈ જાય છે. દુનિયામા કયાંય તેની તે સ્વરૂપે વિદ્યમાનતા રહેતી નથી. હવે તે અંગેનું જીવનમાં મદ કરવો તેના જેવી બીજીઘોર અજ્ઞાનતા કઈ હોઈ

શકે ? મદનાં આઠ પ્રકાર છે. તેમાંથી જીવ જે કોઈ વસ્તુ અંગેનો મદ કરે છે તે તે વસ્તુ જીવને ભવાંતરમાં હીન પણે પ્રાપ્ત થાય છે. આઠ પ્રકારમાં પહેલો જાતિમદ, બીજો કુળમદ, ત્રીજો રૂપમદ, ચોથો બળ મદ, પાંચમાં પ્રકારમાં લાભમદ, છઠ્ઠો બુદ્ધિમદ, સાતમો લોકવલ્લભતામદ, અને આઠમો શ્રુતમદ છે. આ મદના આઠ પ્રકાર છે. આ આઠે પ્રકાર ઉપર શ્રી પ્રશમરતિ પ્રકરણને આધારે લંબાણથી છણાવટ કરવાની છે.

જાતિમદને લીધે હીન જાતિની પ્રાપ્તિ

મદથી અંધ બનેલાં મનુષ્યો જીવનમાં કોઈ પરમાર્થ સાધી શક્તા નથી. કહેવતમાં પણ કહેવાય છે કે,

"ગર્વ કર્યો સોઇ નર હાર્યો !"

આ ભવમાં જાતિનો મદ કરનારા મનુષ્યો ભવાંતરમાં અધમ જાતિમાં ઉત્પન્ન થાય છે. કુળનું મદ કરનારાં અધમ કુળને પામે છે. ભવોભવમાં તેવા આત્માઓ ચંડાળ જેવા અધમ કુળોમાં ઉત્પન્ન થાય છે. મદ કરનારા આ સ્વરૂપે હીનતા પ્રાપ્ત કરે છે. પહેલો મદ જાતિનો છે.

"न सा जाइ न सा जोणी न तं ठाणं न तं कुलं"
न जाया न मुआ जत्थ सव्वे जिवा अणंतसो

દુનિયામાં એવી કોઇ જાતિ નથી, એવું કોઈ કુળ નથી, એવું કોઈ યોનિસ્થાન બાકી રહ્યું નથી કે જે જાતિમાં, જે કુળમાં, અને જે યોનિસ્થાનમાં સંસારવર્તી સર્વ આત્માઓ અનંતીવાર ન જન્મ્યા અને અનંતીવાર મૃત્યુને ન પામ્યા હોય ! સંસાર જીવને આજ કાલથી વળગેલો નથી. જીવ જેમ અનાદિથી છે તેમ સંસાર પણ અનાદિનો છે અને જીવની સાથે

કર્મનો યોગ પણ અનાદિથી છે. હવે એટલા કાળમાં તો કેટલાય જન્મ મરણ આ જીવે કર્યા છે.

સંસારભાવનામાં સ્પષ્ટતયા મહાપુરુષો ફરમાવે છે કે આખાએ લોકાકાશમાં એક વાળનાં અગ્રભાગ જેટલી પણ જગ્યા બાકી રહી નથી, જ્યાં આ જીવે અનંતીવાર જન્મ મરણ ન કર્યા હોય! અનાદિથી જ્યાં આ જીવ જન્મ મરણના ચક્રાવે ચડેલો છે ત્યાં કોઇ પણ આકાશ પ્રદેશ એવો કયાંથી બાકી રહ્યો હોય કે જે જીવના જન્મ મરણથી ન સ્પર્શાએલો હોય? તે રીતે દરેક જાતિ અને કુળમાં પણ જીવ અનંતીવાર જન્મ-મરણ કરી ચુકેલો છે માટે ગમે તેવી ઉત્તમ જાતિ કે કુળમાં આ ભવમાં જન્મ થયો હોય છતાં તે અંગેનો મદ કરવા યોગ્ય નથી.

શ્રેષ્ઠ જાતિમાં ધર્મસામગ્રીની સુલભતા

આઠેઆઠ મદ ઉપર શ્રી પ્રશમરતિ પ્રકરણમાં લાક્ષણિક શૈલીમાં વ્યાખ્યાઓ અપાએલી છે. તેમાં જાતિમદ અંગેની વ્યાખ્યામાં પ્રશમરતિ શાસ્ત્રમાં ભગવાન ઉમાસ્વાતિએ ફરમાવ્યું છે કે,

> જ્ઞાત્વા ભવપરિવર્તે જાતીનાં કોટીશતસહસ્ત્રેષુ ।
> હીનોત્તમમધ્યત્વં કો જાતિમદં બુધઃકુર્યાત્ ॥

સંસારમાં પરિભ્રમણ કરતા જીવને લાખો કરોડો જાતિમાં હીન ઉત્તમ કે મધ્યમપણું પ્રાપ્ત થાય છે. એ સ્વરૂપે હકીકત જાણીને કોણ એવો સમજુ માણસ હોય કે જે જાતિનો મદ કરે? જાતિએ માતૃપક્ષ કહેવાય છે અને કુળ એ પિતૃપક્ષ કહેવાય છે. જીવને પુણ્યોદયે શ્રેષ્ઠ જાતિમાં જન્મ મળે છે, પણ એટલાથી જાતિ અંગેનો મદ પોષવાનો હોતો નથી.

ક્ષત્રિય અથવા વણિક જેવી શ્રેષ્ટ જાતિમાં જન્મને પામીને મનુષ્યોએ જીવનમાં ધર્મનાં સંસ્કાર પોષવા જોઈએ. શ્રેષ્ઠ જાતિમાં જન્મેલાં મનુષ્યોને ધર્મસામગ્રી ઘણી સુલભ હોય છે. એટલે ઘણી સહેલાઈથી ધર્મ પામી શકાય છે. જે વસ્તુ પુણ્યોદયે મળે તેનો ઉપયોગ એવો ન થવો જોઈએ કે ફરી પાછો પાપોદય જાગે! સારી જાતિમાં જન્મ મલ્યાની સાર્થકતા એ જ છે કે જીવન ધર્મ ભાવનાથી વાસિત બને!

હીનતા કે ઉત્તમતાનો ખરો આધાર સંસ્કાર ઉપર

ચંડાળ વગેરેની જાતિમાં ઉત્પન્ન થયેલાં હીન કહેવાય, વચગાળાની અમુક જાતિઓ એવી છે કે જેમાં જન્મેલાં મધ્યમ કહેવાય. ક્ષત્રિય વગેરે અમુક જાતિઓ એવી છે કે જેમાં જન્મેલાં ઉત્તમ કહેવાય, છતાં આ બધી ઘટનાઓ વ્યવહારથી છે. **હીન જાતિમાં જન્મેલાં બધાં અધમ જ હોય અને ઉત્તમજાતિમાં ઉત્પન્ન થયેલાં બધાં ઉત્તમ જ હોય તેવું એકાંતે નથી. ઘણીવાર નબળી જાતિમાં જન્મેલાં સંસ્કારની અપેક્ષાએ ઘણાં ઉત્તમ પણ હોય છે અને ઉત્તમજાતિમાં જન્મેલાં સંસ્કારની અપેક્ષાએ કેટલીકવાર અધમ હોય છે. તત્ત્વદ્રષ્ટિએ હીનતા કે ઉત્તમતાનો આધાર સંસ્કાર ઉપર છે.** માટે કોઈ પૂર્વના કર્મોદયથી હીન જાતિમાં ઉત્પન્ન થયેલાં મનુષ્યો તરફ લેશ પણ મનમાં ઘૃણા નહિ લાવવી જોઈએ અને પોતાની ઉત્તમ જાતિ અંગેનો મનમાં ગર્વ નહિ આણવો જોઈએ. મનમાં ઉત્તમ જાતિ અંગેનો મદ આવવાની તૈયારી હોય ત્યારે એવા સ્વરૂપે વિચારવું કે અધમમાં અધમ કહેવાતી જાતિમાં પણ મારો આત્મા અનંતીવાર જન્મી ચૂકેલો છે, નબળી કહેવાતી દરેક જાતિઓમાં આ જીવે અનંતા જન્મ-

મરણ કરેલાં છે. આ સ્વરૂપે વિચારવામાં આવે તો ભલભલાનો મદ ઊતરી જાય.

ભણતરની સાથે જીવનઘડતરની પણ જરૂર

શાસ્ત્રોમાં જે ઉત્તમ જાતિ કે ઉત્તમ કુળનો મહિમા ગવાએલો છે એ તો ધર્મસામગ્રીની પ્રાપ્તિ અંગે છે. આ કાળમાં પણ અમુક જાતિઓ એવી છે કે જેમાં જન્મ પામેલા મનુષ્યોને જીવદયા વગેરેના સંસ્કાર ગળથુંથીમાંથી જ મળેલાં હોય છે. જાતિ એ માતૃપક્ષ હોવાથી માતાઓનાં સંસ્કાર ઉત્તમ હોય તો ગર્ભાશયમાં રહેલા બાળક ઉપર પણ તેનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. લઘુવયમાં બાળકોમાં જે સંસ્કાર માતાઓ રેડી શકે છે તેવા કોઈ રેડી શકે નહિ. બાળકોને નાનપણમાં શિક્ષકો પાસે ભણાવવામાં આવે છે! પણ શિક્ષકો આપી આપીને શું આપી શકે? શિક્ષણ આપે, પણ જે જાતના સંસ્કાર બાળકોમાં માતાઓ રેડી શકે તેવા સંસ્કાર શિક્ષકો પણ રેડી શકે નહિ.

આ કાળનાં શિક્ષકોમાં વાસ્તવિક ધાર્મિક દૃષ્ટિવાળા શિક્ષકો ઘણા ઓછા છે. એકલી આલોકપ્રધાન દૃષ્ટિવાળા શિક્ષકો પાસે લાંબી આશા રાખી શકાય નહિ. અથવા એકલા પગાર સામે નજર રાખીને ભણાવનારા શિક્ષકો તો ભાડુતી જેવા કહેવાય. જો કે બધા કંઈ તેવા હોતા નથી પણ કાળની વિષમતાને લીધે આજે મોટા ભાગનાઓની મીટ પોતાની સ્વાર્થવૃત્તિ પર જ મંડાયેલી છે. **જ્યારે તે કાળના શિક્ષકોમાં બાળકોના આલોક અંગેની જ નહિ પણ પરલોક અંગેની પણ ચિંતા હતી અને તેવા શિક્ષકોના હાથે ભણતરની સાથે બાળકોના જીવનનું ઘડતર પણ થઈ શકે. આજે**

ભણતર રહી ગયું છે પણ જીવન ઘડતર નથી. વાસ્તવમાં ખરી જરૂર તો જીવન ઘડતરની છે. ભણેલામાં પાપભીરૂતા પહેલી આવવી જોઈએ. પાપથી ડરતો રહે તે જ ખરો પંડિત છે. ભણ્યા પછી હોંશિયારીથી પાપ આચરે તો તેના જેવો દુનિયામાં બીજો કોઈ અભણ નથી. આજે અમે લોકો વિહારમાં હોઈએ છીએ ત્યારે રસ્તામાં સામે મળતા ખેડૂતો તરત હાથ જોડે. જ્યારે શહેરોમાં ગૌચરી વહોરવા નિમિત્તે બહાર નીકળ્યા હોઈએ ત્યારે સામે ઘણા ભણેલાઓ મળે, પણ તેમને સામું જોવાનીયે કુરસદ હોતી નથી. ઘણા તો ઉલટું મોઢું ફેરવી લેશે. હવે તમે જ વિચારી લો કે આમાં ભણેલા કોને ગણવા? ઓછું ભણેલો હોય પણ સંસ્કારી હોય તો અમારે કહેવું પડે કે એ ખૂબ ભણેલો છે. અથવા તેણે ભણતરનું ફળ મેળવેલું છે. ઘણું ભણીને બાપને બાપ કહેતા પણ શરમાય તો તે ભણતરનો અર્થ શો છે? આ બાબત અંગેનું દૃષ્ટાંત પ્રખ્યાત છે. આપે પણ તે દૃષ્ટાંત ઘણીવાર સાંભળેલું હશે?

દૃષ્ટાંત

કોઈ એક ભાઇ ઈંગ્લેંડમાંથી ખૂબ ભણીને અહીં દેશમાં પાછા આવેલા. અહીં તાજમહેલ હોટલ જેવા કોઈ જાહેર સ્થાનમાં પોતે ઉતર્યા. ઘણા મિત્રો તેમના સ્વાગત માટે ત્યાં એકત્રિત થયેલા હતા. ઘણા વર્ષે પોતાનો દીકરો ભણીને આવતો હોવાથી તેના પિતા પણ પુત્રને મળવા નિમિત્તે અહીં મુંબઈ આવેલા, તેના પિતા સૌરાષ્ટ્ર કે ગુજરાતના કોઈ નાના ગામડામાં રહેતા, એટલે તેમની વેશભૂષા ગામડાંને અનુરૂપ હતી. માથે પાઘડી. લાંબી છાળનું કેડીયું અને નીચે ધોતિયું. આ તેમનો પહેરવેશ હતો. ભણીને આવેલા પેલા ભાઇને તેના મિત્રો પૂછવા લાગ્યા. કે આ બધા સ્વાગત કરવા આવેલામાં આ

વૃદ્ધ કોણ છે ? કોઈ ગામડાંનો રહેવાસી લાગે છે. ત્યાં પેલાએ કહ્યું, " This is my servent " આ તો મારો નોકર છે. વૃદ્ધ અંગ્રેજી ભણેલો હતો નહિ, પણ છોકરાના મોઢાના ભાવ પરથી સમજી ગયો કે આણે મને પોતાના નોકર તરીકે ઓળખાવ્યો છે. ત્યાં તો તેણે તરત જ બુલંદ અવાજે બધાની સમક્ષ જાહેર કર્યું કે તમે જેનું સ્વાગત કરવા આવ્યા છો તેનો હું નોકર નથી પણ બાપ છું. ઘણા વર્ષે એ પરદેશથી ભણીને આવતો હોવાથી હું પણ તેને મળવા અહીં આવ્યો છું પરંતુ સગો દીકરો હોવા છતાં તેણે જે સ્વરૂપે તમારી સમક્ષ મારી ઓળખાણ આપી છે તે પરથી મને લાગ્યું છે કે એ પરદેશમાંથી શિક્ષણ લઈ ને ભલે અહીં આવ્યો છે પણ સંસ્કાર ત્યાં મૂકીને આવ્યો છે. પછી તો સ્વાગત કરવા આવેલા મિત્રોએ પણ તેને ખૂબ ઉપાલંભ આપ્યો અને કહ્યું કે તને આપને બાપ તરીકે ઓળખાવતા શરમ આવી ! આ તો અમે તારા મિત્રો હોવાથી અમારે પણ શરમાવવા જેવું થયું. ભણેલા મનુષ્યોએ તો પોતાના માતાપિતા તરફ વિશેષ નમ્રતા દાખવવી જોઈએ. અભણ મનુષ્યો પણ પોતાના માતાપિતાના ઉપકારોને ભૂલી જતાં નથી. તો પછી ભણેલા કેમ ભૂલી શકે? પરંતુ આપણે વચમાં વિવેચન કરી ગયા તેમ આજે શિક્ષણ તરફ ધ્યાન દેવાય છે પણ બાળકોના સંસ્કાર તરફ ધ્યાન દેવાતું નથી તેની જ આ બધી મોંકાણ છે.

સંસ્કારને પોષણ આપે તે જ ખરુ શિક્ષણ

શિક્ષણ પણ મનુષ્યોને લીધા વિના ચાલતું નથી. પરંતુ ખરું શિક્ષણ કહેવાય કોને? વિનય, વિવેક, પાપભીરુતા, માતાપિતાની સેવા, દેવ ગુરુની ભક્તિ–આ–બધા સંસ્કારોને

જે પોષણ આપે તે જ ખરું શિક્ષણ. શિક્ષણ જરૂરી છે. પણ અપેક્ષાએ શિક્ષણ કરતાંયે સંસ્કાર કિંમતી છે. વ્યવહારિક શિક્ષણ તમે બાળકોને ગમે તેટલું આપો પણ ખરી જરૂર ધાર્મિક જ્ઞાનની છે. તો જ શિક્ષણ અને સંસ્કારનો જીવનસાં સુમેળ જામશે. **માતા-પિતામાં સંસ્કાર હોય તો છોકરાઓને તે સંસ્કાર જરૂર વારસામાં મળે, ધનમાલના વારસા કરતાં પણ સંસ્કારધનનો વારસો ઘણો ઊંચો છે. પરંતુ માબાપના જ સંસ્કાર જો નબળા હોય તો બાળકોમાં સારા સંસ્કાર કયાંથી આવવાના છે? તમારા બાળકોના હિત માટે પણ તમારે સુધરવું જોઇએ અને જીવનમાં જે નબળા સંસ્કાર હોય તેને કચરાની જેમ ફેંકી દેવા જોઇએ.** છોકરાઓ આજે તમારી-માબાપની આમન્યા અને વિનય ન જાળવતા હોય તો તેમાં એકલો તેમનો જ દોષ નથી. ભેગો તમારો પણ દોષ છે. બાળકોમાં નાનપણથી જ સંસ્કારો રેડ્યાં હોત તો આજે જે પરિણામ આવ્યું છે તે ન આવત.

માતાની ગોદ એજ બાળકોની ખરી નિશાળ

બાળક તરફ માતાની લાગણી અંતરની હોય છે. માતા તો બાળકની ગળથુંથીમાં જ અમૃત વર્ષાવી શકે. શિક્ષકો ગમે તેટલું શિક્ષણ આપે પણ સંસ્કાર રેડવાની બાબતમાં સો શિક્ષકની ગરજ એક જનેતા સારે છે. માતાની ગોદ એ જ શરૂઆતમાં બાળકોની ખરી નિશાળ છે. આટલું સાંભળીને હવેથી બાળકોના સંસ્કાર તરફ પૂરતું લક્ષ આપજો. એકલા ભણાવવાના મોહમાં પડીને ધર્મના શુભ સંસ્કારના લાભથી તેમને વંચિત નહિ રાખતા સારી જાતિમાં જન્મ મળ્યાનો મોટામાં મોટો લાભ એ છે કે શરૂઆતથી જ જીવનમાં સંસ્કાર સારા પડે છે. બાકી તે અંગેનો મદ પોષવાનો હોતો નથી.

તીવ્ર મોહના ઉદયે એકેન્દ્રિયપણાની પ્રાપ્તિ

જાતિમદ અંગેની બીજી ગાથામાં ભગવાન ઉમાસ્વાતિ ફરમાવે છે કે,

नैकाज्जातिविशेषानिन्द्रियनिर्वृत्तिपूर्वकान्सत्त्वाः ।
कर्मवशाद्गच्छन्त्यत्र कस्य काशाश्वता जातिः ॥

જીવાત્માઓ કર્મના વશથી ભિન્ન ભિન્ન પ્રકારની ઈન્દ્રિયોની રચના પૂર્વક જુદી જુદી જાતિઓમાં ઉત્પન્ન થાય છે.

હવે આમાં કોની કઈ જાતિ શાશ્વત જાણવી ? નામકર્મની પ્રકૃતિઓમાં જાતિનામ કર્મની પાંચપ્રકૃતિઓ છે. તેમાં એકેન્દ્રિય જાતિનામ કર્મ, બેઇન્દ્રિ જાતિ નામકર્મ, તેઇન્દ્રિય જાતિ નામકર્મ, ચઉરિંન્દ્રિય જાતિ નામકર્મ, અને પંચેન્દ્રિય જાતિ નામકર્મ. આમાં ફક્ત પંચેન્દ્રિય જાતિ નામકર્મની ગણના શુભ પ્રકૃતિમાં છે. બાકીની જાતિ નામકર્મની ચારે પ્રકૃતિની ગણના અશુભમાં છે. એટલે પાપ પ્રકૃતિમાં ગણના છે. જાતિ નામકર્મનાં ઉદયે જીવો ગમે તે એક જાતિમાં ઉત્પન્ન થાય છે. પુણ્યના ઉદયે જીવો પંચેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે. મોહનીય કર્મનો તીવ્ર ઉદયકાળ વર્તતો હોય અને જીવનમાં મહાભયંકર અજ્ઞાન વર્તતું હોય અને અશાતારૂપ વેદનીયકર્મ ઉદયમાં આવ્યું હોય ત્યારે જ જીવો એકેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે. ભૂષણ, ઉદ્યાન, વિમાન અને વાપિકા વગેરેમાં તીવ્રપણે મૂર્ચ્છાભાવને પોષનારા દેવો પણ ઘણી મોટી સંખ્યામાં દેવનિકાયમાંથી ચ્યવીને પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પરિગ્રહાદિમાં મૂર્ચ્છાભાવને પોષનારા અને ઈન્દ્રિયોનો દુરુપયોગ કરનારા મનુષ્યો પણ ભવાંતરમાં એકેન્દ્રિયપણું અથવા વિકલેન્દ્રિયપણું પ્રાપ્ત કરે છે. મળેલી વસ્તુનો સદુપયોગ કરી જાણવો એમાંજ ખરી

બુદ્ધિમત્તા છે. જ્યાં દેવ જેવા દેવો પણ એકેન્દ્રિય જાતિમાં ચાલ્યા જાય છે ત્યાં મદ કરવા અંગેની વાત કયાં રહી?

આપણે સૌ અત્યારે ગર્ભજ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણું પામેલા છીએ. પરંતુ એ વાત ભૂલી નહિ જતા કે આ પંચેન્દ્રિયપણું આપણા માટે કંઈ ભવોભવમાં રજીસ્ટર થયેલું નથી. માટે ઉમાસ્વાતિ મહારાજ લખે છે કોના માટે કઈ જાતિ શાશ્વત છે? તમે પાછા એમ નહિ માની લેતા કે આ વણિક જાતિમાં જન્મ મલ્યો એટલે સદા કાળ માટે આ જાતિજ તમારા માટે રજીસ્ટર થયેલી છે. ક્ષત્રિય અને વણિક જેવી જાતિમાં જન્મ પામીને પણ જો ઘોર પાપ આચરવામાં આવે તો ભવાંતરમા ફરી પાછો મનુષ્યભવમા નંબર લાગવો પણ દુર્લભ છે. સારી જાતિમાં જન્મ પામીને ખૂબ સારા કાર્યો કરો અને એવા શુભ કાર્યો કરો કે જેની સુવાસથી જીવન મઘમઘાયમાન બને. દેવો, નારકો સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામેલાં છે. તિર્યંચોમા પણ ઘણાં સંજ્ઞી પંચેન્દ્રિય છે, પુણ્યના ઉદયે જીવને ઈન્દ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે, પણ તે બધામાં મનુષ્યભવમા જે સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય તેની બહુ દુર્લભતા છે. ઉત્તમ જાતિમાં મનુષ્યભવ પામીને પણ તે અંગેનો મદ નહીં કરવો જોઈએ એ વાત ઉપર આપણે લંબાણથી વિવેચન કરી ગયા.

દૃષ્ટાંત

આઠ મદમાં પહેલો જાતિમદ છે. પૂર્વભવમાં હરિકેશી મુનિએ જાતિ અંગેનો મદ કર્યો હતો, હરિકેશી મુનિ પૂર્વભવમા કોણ હતા અને તેમણે જાતિ અંગેનો મદ કઇ રીતે કર્યો હતો, ત્યારબાદ તેમને હરિકેશી તરીકેના ભવમાં કેવી

હીન જાતિમાં ઉત્પન્ન થવું પડયું છે, તે આખીયે ઘટના વિસ્તારથી વર્ણવામાં આવે છે.

પૂર્વકાળમાં શંખ નામે એક રાજા હતા. તેઓ મથુરા નગરીનાં રાજવી હતા. ગુરુ ભગવંતનો સુયોગ મળી જતાં શંખરાજાએ ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે ગીતાર્થ થયા. વિહાર કરતાં કરતાં એકવાર શંખરાજર્ષિ હસ્તિનાપુર નામે નગરમાં પધાર્યા. બહાર ઉદ્યાનમાં સમવસર્યા છે. મધ્યાહ્ન કાળના સમયે રાજર્ષિ ભિક્ષા નિમિત્તે શહેરમાં પ્રવેશ કરે છે. પણ માર્ગ નહિ જાણવાથી તેમણે સોમદેવ નામે બ્રાહ્મણને ગૃહસ્થોનાં ઘર તરફનો માર્ગ પુછયો. આ સોમદેવ એ જ હરિકેશીનો જીવ છે.

એ નગરમાં અમુક એક એવી શેરી હતી કે જે શેરીનો માર્ગ ઉનાળાના તાપથી તપેલા લોઢાની જેમ અત્યંત ઉષ્ણ રહેતો! તે શેરીમાં કોઇ પણ મનુષ્યો ઉઘાડા પગે ચાલી શકતા નહિ! ઉપદેશમાળાની ટીકામાં તો ત્યાં સુધીની વાત આવે છે કે એ માર્ગ કોઇ વ્યંતરથી અધિષ્ઠિત હતો. અજાણ્યો માણસ તે શેરીમાં ચાલે તો તે તરત જ ભુંજતા ચણાની જેમ ઉચ્છળીને મૃત્યુને પામી જતો. આજે પણ શહેરોમાં ડામરના રસ્તા એવા તપી જાય છે કે બપોરનાં સમયે પગ ન મૂકી શકાય. સોમદેવ શંખમહર્ષિને તે શેરીનો રસ્તો ચીંધી દે છે. મુનિ તરફના દ્વેષથી તેણે મનમાં વિચાર કર્યો કે આ સાધુ ભલે આ માર્ગમાં જઇને બળી મરે! મને થોડીવાર કૌતુક જોવા મળશે. મુનિ પણ તે જ માર્ગે ચાલ્યા? મુનિ ભગવંતના પાદસ્પર્શના કોઈ અલૌકિક પ્રભાવથી તે માર્ગ જળ કરતાં પણ વધારે શીતળ થઈ ગયેા. ધીમે ધીમે ઇર્યાસમિતિના પાલનપૂર્વક મુનિને એ રસ્તેથી શાંતિથી પસાર થઈ જતા જોઈને પુરોહિતનાં મનમાં આશ્ચર્યનો કોઈ પાર ન

રહ્યો. આ મુનિ આગ જેવા ભડભડતા રસ્તા પરથી કઈ રીતે આગળ ધપી રહ્યા છે તેની ખાત્રી કરવા પુરોહિત પોતાના ઘરમાંથી બહાર નીકળીને તે શેરીમાં દાખલ થયો. શેરીના માર્ગનો હિમના જેવો શીતળ સ્પર્શ જોઈને પુરોહિત મનમાં અત્યંત વિસ્મયને પામી ગયો, એટલું જ નહીં પણ મુનિ તરફ તેને મનમાં અત્યંત પૂજ્યભાવ પેદા થાય છે, અહો! આ મુનિની તપશક્તિનો કેટલો બધો પ્રભાવ છેઃ કે જે તપશક્તિના પ્રભાવે આ અગ્નિ જેવો ઉષ્ણ માર્ગ પણ અમૃતરસથી છંટાયો હોય તેવો શીતળ બની ગયો! આ મહાત્મા ચોક્કસ કોઈ મહાન પ્રભાવશાળી પુરુષ છે.

પશ્ચાત્તાપ અને પ્રવ્રજ્યા

ત્યારબાદ પુરોહિતને પોતાની જાત ઉપર તિરસ્કાર છૂટે છે, અરર! મેં પાપીએ આ કેવું મહાભયંકર પાપ આચર્યું! આવા મહાપુરુષને મેં ઉંધે રસ્તે ચડાવી દીધા! આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતો તે વિપ્ર મુનિનાં પગમાં પડી જાય છે. મુનિ તો તદ્દન સમતાભાવી હતા. મુનિએ લેશ પણ કોપ કર્યો નહિ! તેની ઉપર કરૂણા આણીને મુનિએ તેને સાધુધર્મનો ઉપદેશ કર્યો પુરોહિતે પણ પ્રતિબોધ પામીને તે જ શંખમહર્ષિના વરદહસ્તે પ્રવ્રજ્યા અંગીકાર કરી. દીક્ષા અંગીકાર કર્યા પછી તે નિર્દોષપણે ચારિત્રનું પાલન કરે છે. પરંતુ મૂળ બ્રાહ્મણ જાતિમાં જન્મ થએલો હોવાથી તેના મનમાં જાતિ અંગેનો મદ આવી જાય છે. પૂર્વાવસ્થામાં હું બ્રાહ્મણ હતો. બ્રાહ્મણ ધર્મમાં કેટલી બધી પવિત્રતા. તેવી પવિત્રતા આ માર્ગમાં નથી. આ માર્ગમાં તો સ્નાનવિધિનો પણ નિષેધ છે. આ રીતે મનમાં જાતિ અંગેનો મદ આવી જાય છે.

અભિમાન સુરાપાન

મદ જીતવો એ સહેલી વાત નથી. શાસ્ત્રકાર ફરમાવે છે કે મદોન્મત્ત ગજેન્દ્રની જેમ પ્રાણીઓને મદ જીતવો મહા દુષ્કર છે. ચાર કષાય ચારે ગતિના જીવોમાં હોય છે છતાં શાસ્ત્રોએ તેમાં તરતમતા દર્શાવી છે. નારકોમાં ક્રોધ કષાયની માત્રા અધિક હોય છે. દેવોમાં લોભ કષાયની માત્રા અધિક હોય છે. તિર્યંચોમાં માયા અધિક હોય છે અને મનુષ્યોમાં માન અધિક હોય છે. માનવીમાં માનની ભૂખ એટલી બધી હોય છે કે જરાક કોઈ માન આપે એટલે મોઢુ મલકાઈ જાય અને જરાક કોઈ અપમાન કરે એટલે મોં પડી જાય ! જીવનમાં બહુ માનની ભૂખ નહિ રાખવી. યોગીઓ માન અપમાન બન્નેને સમ ગણતા હોય છે અને તો જ તેઓ જીવનમાં અનુપમશાંતિ અનુભવતા હોય છે. **મહાપુરુષોએ સ્પષ્ટ ફરમાવ્યું છે કે અભિમાન એ એક પ્રકારનું સુરાપાન છે.** દારૂડિયામાં ઉન્માદ હોય તેમ અભિમાનીમાં અહંકાર હોય અથવા ખોટો હુંકાર હોય. બસ દુનિયામાં હું એક જ છું, મારા જેવો બીજો કોણ છે ? દુર્યોધન અને રાજા રાવણનો હુંકાર આવો હતો, પણ તેવા મહાબળવાન કહેવાતા પણ આ ધરતી પરથી આથમી ગયા તો પછી આ કાળના પામર મનુષ્યો કયા હિસાબે જીવનમાં અહંકાર પોષતા હશે ?

જાતિમદને લીધે હીન જાતિમાં થયેલો જન્મ

સોમદેવ મુનિ છેલ્લે જાતિમદની આલોચના કર્યા વગર મૃત્યુને પામીને દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવભવનું આયુષ્ય પૂરુ થતાં ત્યાંથી આવીને ગંગા નદીના તટ ઉપર બલકોટ નામના ચંડાળને ઘેર તેમને જન્મ લેવો પડયો.

પૂર્વભવમાં જાતિમદ કરીને નીચગોત્ર કર્મ ઉપાર્જન કરેલું એટલે પંચેન્દ્રિય જાતિ નામકર્મના ઉદયે ભલે પંચેન્દ્રિયપણું પામ્યા પણ નીચગોત્ર કર્મના ઉદયે હલકી જાતિમાં તેમનો જન્મ થયો. ઉચ્ચગોત્ર અને નીચગોત્ર આ ગોત્રકર્મની બે ઉત્તર પ્રકૃતિ છે. પૂર્વે ઉચ્ચ ગોત્ર બાંધેલ હોય તો સારી જાતિમાં જન્મ મળે છે. સ્વપ્રશંસા, પરનિંદા અને મદ કરવા વડે કરીને નીચગોત્ર કર્મ ઉપાર્જન કરેલું હોય તો પંચેન્દ્રિય જાતિ નામ-કર્મના ઉદયે ભલે પાંચે ઈન્દ્રિયોની પૂર્ણતાને પામે પણ જન્મ હીન જાતિમાં થાય છે. પૂર્વે ઉપાર્જન કરેલું કર્મ પોતાનો પ્રભાવ બતાવ્યા વિના રહે નહિ. બધી બાજુથી શુભનો ઉદયકાળ તો કોઈકને જ હોય છે. અમુક શુભ પ્રકૃતિઓનો ઉદયકાળ વર્તતો હોય તો બીજી બાજુ અમુક અશુભનો પણ ભેગો ઉદય ચાલતો હોય! એટલે હરિકેશી જેવા પૂર્વભવની અપેક્ષાએ સંયમધર મહાત્માને પણ હલકી જાતિમાં જન્મ લેવો પડ્યો. કર્મને કયાં કોઈની શરમ છે! હરિકેશી ગર્ભાશયમાં હતા ત્યારે તેમની માતાએ લીલાર'ગનો આંબો સ્વપ્નમાં જોયેલો એટલે તેમનું નામ હરિકેશીબળ પાડવામાં આવ્યું! નાનપણમાં હરિકેશી જરા ખૂબ તોફાની હતા. વસંતોત્સવમાં એકવાર બાળકોની સાથે ક્રીડા કરતાં બીજા બાળકોની તેમણે તર્જના કરી એટલે બધા બાળકોએ મળીને તેમને પોતાના મંડળમાંથી હાંકી કાઢ્યા!

સદ્‌ગુણથી સુખ અને દુર્ગુણથી દુઃખ

એટલામાં એક સર્પ નીકળ્યો. તે ઝેરી હોવાથી બધા લોકોએ મળીને તે સર્પને મારી નાખ્યો. તેટલામાં વળી એક બીજો સર્પ નીકળ્યો. તેને પણ લોકો મારવા તૈયાર થયા, પણ એટલામાં ત્યાં બેઠેલા વૃદ્ધોએ કહ્યું કે આ સર્પને તમે શા

માટે મારો છો ? આ સર્પ કોઈને વિષબાધા કરે તેવો નથી. કારણ કે તે નિર્વિષ છે– વિષ વગરનો છે. એટલે લોકોએ તેનો વધ ન કર્યો. હરિકેશી પૂર્વનાં આરાધક અને હળુકર્મી હોવાથી આ દ્રશ્ય જોઈને વિચારે છે કે આ જીવ પોતાના કર્મથી દુઃખી થાય છે. હું તોફાની હોવાથી મારા મિત્રોએ પોતાના સર્કલમાંથી મારી હકાલ પટ્ટી કરી તેમાં કોઈનો દોષ નથી. જીવે ઉદયમાં આવેલા પોતાના કર્મો ભોગવી લેવાના છે. તેમાં બીજા કોઈ પર આક્રોશ શા માટે કરવો જોઈએ. **સુખ દુઃખનું મૂળ કારણ પોતાનો આત્મા છે. સદ્‌ગુણનાં સમુદાયથી આ જીવ સુખી થાય છે અને દુર્ગુણથી દુઃખી થાય છે.** ઝેરીલા નાગને લોકોએ મારી નાખ્યો. પણ બીજા સર્પને ન માર્યો, કારણ કે તે નિર્વિષ હતો ! તેમ આ જગતમાં પણ વિષયરૂપ કાતિલ ઝેરવાળા મનુષ્યો જ મૃત્યુને પામે છે. જેઓ સંયમી છે અને વિષયરૂપ વિષથી રહિત છે તેઓ ધન્યવાદને પાત્ર છે. આ પ્રમાણે ચિંતવતા હરિકેશીના અંદરના ચક્ષુ ઉઘડી જાય છે અને જન્માંતરના ભાવોને જણાવનારૂં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. પોતાના પૂર્વભવને સ્પષ્ટતયા જ્ઞાનરૂપી દર્પણમાં તેમણે જોઈ લીધું અને વિચારે છે કે પૂર્વભવમાં સોમદેવના ભવમાં ચારિત્રનું પાલન કર્યું પણ જાતિમદ કરવાથી મારો જન્મ હલકી જાતિમાં થયો છે. હવે આ ભવમાં નિરતિચારપણે ચારિત્રનું પાલન કરીને અધૂરી રહેલી સાધના મારે પુરી કરી લેવી છે.

પૂર્વની આરાધના આ ભવમાં જરુર કામ લાગે

એટલામાં હરિકેશીને કોઈ મહાન ગુરુનો ભેટો થાય છે. અને ગુરુ ભગવંતના શ્રીમુખેથી જિનવાણી સાંભળીને હરિકેશી ચારિત્ર અંગીકાર કરે છે. વિરાધના વિરાધનાનું ફળ આપે તો

આરાધના આરાધનાનું ફળ આપે છે. પૂર્વે ચારિત્રધર્મની વિરાધના કરેલી એટલે ચંડાળને ત્યાં જન્મ લેવો પડયો અને આરાધના પણ કરેલી એટલે નબળી જાતિમાં જન્મેલાં હોવા છતાં તરત ચારિત્ર ઉદયમાં આવી ગયું ! તમે બધા ઉચ્ચ જાતિમાં જન્મેલા તો આ વાત સાંભળીને આભાજ બની ગયા લાગો છો.

તપનો અપૂર્વ પ્રભાવ

ચારિત્ર અંગીકાર કર્યા પછી હરિકેશ મુનિ છઠ્ઠ–અઠ્ઠમાદિ ઉગ્ર તપ તપે છે. તપ એવું ઉગ્ર તપે છે કે તપના પ્રભાવે દેવો પણ તેમનું સાંનિધ્ય કરવા લાગ્યા ! વિહાર કરતાં વારાણસી નગરીનાં તિંદુકવનમાં તિંદુકયક્ષના મંદિરમાં કાયોત્સર્ગ ધ્યાનમાં માસક્ષમણનું તપ કરીને સ્થિત રહ્યા છે.અને યક્ષ પણ તે મહામુનિના તપના પ્રભાવથી રંજિત થઈને મહામુનિની ઉપાસના કરવા લાગ્યો. હવે વિચારી જુઓ તપના પ્રભાવથી યક્ષ પણ જ્યારે મહર્ષિનો પરમ ઉપાસક બની ગયો. આ તપનો પ્રભાવ જેવો તેવો છે? સગા દીકરા આજે તમારી સેવા કરતા નથી. જ્યારે આ યક્ષ સેવામાં ખડે પગે ઊભો રહે છે, હવે આમાં એકાંતે જાતિ કે કુળની કયાં પ્રધાનતા રહી દુનિયામાં ખરી પ્રતિષ્ઠા ગુણની છે–સંયમધર બનેલાં હરિકેશી મુનિની ભૂમિકા છઠ્ઠા સાતમા ગુણઠાણાની છે. છઠ્ઠે સાતમે ગુણઠાણે નીચ ગોત્ર ઉદયમાં રહેતુ નથી. પૂ. વીરવિજયજી મહારાજે પૂજાની ઢાળમાં આ ઘટના અંગેનો ઘણી સુંદર શૈલીમાં ઉલ્લેખ કર્યો છે.

હરિકેશી ચંડાળે જાયા, સંમયધર મુનિરાયા રે,
નીચગોત્ર ઉદયેથી પલાયા, ઉંચ કુળે શ્રુત ગાયા રે
અક્ષતપૂજા ગોધુમકેરી નીચગોત્ર વિખેરી રે'

હરિકેશી સંયમધર બન્યા એટલે નીચેગોત્ર ઉદયમાં ન રહ્યું અને શાસ્ત્રોમાં છઠ્ઠા સાતમા ગુણસ્થાનકે રહેલાં મુનિભગવંતોને ઉચ્ચગોત્રના ઉદયવાળા કહ્યાં છે આગળ જતાં હરિકેશી મુનિનાં જીવનમાં એક અનોખી ઘટના બને છે, વાણારસી નગરીના રાજાની પુત્રી સુભદ્રા પૂજાની સામગ્રી લઈને પોતાની સખીઓની સાથે યક્ષરાજની પૂજા કરવા નિમિત્તે તિંદુકયક્ષનાં ચૈત્યમાં આવી.

અજ્ઞાનને લીધે રાજકન્યાએ મુનિની કરેલી ઘોર આશાતના

ચૈત્યમાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભેલા મુનિને જોઈને તે રાજકન્યા મુનિની હેલના કરે છે : અરે ! આ પ્રેત જેવો અહીં કોણ ઊભો છે ? સખીઓને કહે છે આની કાયા તો જુઓ એકલા મળથી મલિન બનેલી છે, મુનિ સમક્ષ જોઈને તે રાજકન્યા શું શું કરે છે. મુનિઓ દ્રવ્ય (પાણીથી) સ્નાન કરનારા હોતા નથી. બ્રહ્મચર્યરૂપી ભાવસ્નાન કરનારા હોય છે. રાજકન્યા સુભદ્રા મુનિપદના સ્વરૂપ અંગેના જ્ઞાનથી તદ્દન અજ્ઞાન છે. એટલે ઘોર આશાતનાનું પાપ તેણે વહોરી લીધું. ત્યાં તો યક્ષ એકદમ કોપાયમાન થઈ જાય છે. અરે ! આ રાજકન્યા ઘોર દુષ્કર્મ કરનારી છે. સુર અને અસુરથી વંદિત એવા તપસ્વી મહામુનિની આણે આશાતના કરી છે. તેથી કરીને અવજ્ઞાનું ફળ આને તરતમાં જ બતાવી આપું અને યક્ષ તેણીના શરીરમાં પ્રવેશ કરે છે. વળગાડ વળગતા શરીરની જે હાલત થાય તેવી હાલતમાં રાજકન્યા મૂકાઈ જાય છે. તે શરીર ઉપરનો કાબૂ ગુમાવી નાંખે છે અને જોરજોરથી બકવાટ શરૂ કરી દે છે. તેની સાથે આવેલી

સખીઓ એકદમ ગભરાઇ ગઈ. અમુક રાજ્યના સેવકો પણ સાથે હતા, તેઓ સુભદ્રાને તેના માતા પિતા પાસે પાછી લઈ આવ્યા? પુત્રીની આ દશા જોઈ પુત્રી તરફના સ્નેહને લીધે રાજા અનેક ધન્વંતરી વૈદ્યોને બોલાવીને તેના શરીરની ચિકિત્સા કરાવે છે. પરંતુ તેમાં કાંઈ કારી લાગી નહિ. પછી મંત્રવિદ્યાના જાણકાર માંત્રિકોને બોલાવવામાં આવ્યા. અનેક પ્રયોગો કરાવવામાં આવ્યા, પણ કંઈ ફેર પડયો નહિ. પછી રાજાની પણ મતિ મુંઝાઈ ગઈ. રાજા વિચારે છે કે હવે આને મૂળ સ્વરૂપમાં લાવવા શું ઉપાયો કરવા? આને કેવા પ્રકારના અશુભનો ઉદયકાળ જાગ્યો છે?

સંતોને સંતાપનારા શાતા ક્યાંથી પામે?

પછી યક્ષે પ્રત્યક્ષ થઈને પરકાયમાં પ્રવેશ કરીને જે ઘટના બની ગયેલી તે અંગેનો ઘટસ્ફોટ કર્યો અને રાજાને કહ્યું રાજન્! આ તમારી પુત્રીએ મહાતપસ્વી એવા મુનિનો ઉપહાસ કર્યો છે, હું તે મહામુનિનો પરમ ઉપાસક છું મેં જ આ તારી પુત્રીને ગાંડી કરી છે. જેની હું ઉપાસના કરું તેની કોઈ હેલના કરે તે હું કેમ જોઇ શકું? મુનિ ભગવંત પ્રતિ યક્ષને અંતરમાં કેટલો બધો પૂજ્યભાવ છે. નહિ તો આ રાજકન્યા યક્ષની પૂજા કરવા આવેલી હતી. છતાં મુનિનાં ઉપહાસને યક્ષ સહન ન કરી શકયો. માનવી અભિમાનમાં આવી જઈ ને ન કરવાનું કરી બેસે છે. આજે પણ કેટલાકો આશાતનાનું પાપ વહોરી લેતાં હોય છે. **સામાન્ય માણસની નિંદા એ પણ પાપ છે તો મુનિ ભગવંતોની નિંદા કરવી એતો મહાપાપ છે, એવા પાપકર્મથી કેટલીકવાર કર્મ એવા બંધાઈ જાય છે કે જે ભવોભવમાં**

ન છૂટે. સંતોને સંતાપનારાં શાતા કયાંથી પામવાના છે? આગળ વધીને યક્ષ કહે છે હવે આ કન્યાને તે જ મુનિને જો આપી દેવામાં આવે તો જ તેની આ દુઃખમાંથી મુક્તિ થશે. એ સિવાય બીજો કોઈ દુઃખમુક્તિનો ઉપાય નથી. યક્ષે આ જે શરત મૂકી તે ફક્ત રાજકન્યાના રૂપ અંગેના મદને ઉતારવા માટે હતી. બાકી યક્ષ સારી રીતે જાણતો હતો કે મુનિ ભગવંત કોઈ કાળે કન્યાને ગ્રહણ કરવાના નથી! રાજાએ યક્ષની વાત કબૂલ રાખી પોતાની પુત્રી રાજાને ખૂબ જ પ્રિય હોવાથી રાજાની ઈચ્છા તેને કોઈ પણ ભોગે દુઃખમાંથી મુક્તિ અપાવવાની હતી. કન્યા જીવતી હશે તો કયારેક તેણીનું મુખ જોવા મળશે. રાજાએ યક્ષનું વચન અંગીકાર કર્યું. એટલે રાજકન્યા ચંદ્રકળાની જેમ ફરી પાછી પોતાના મૂળ સ્વરૂપને પામી ગઈ.

જગતને જેમાં મોહ તેમાં મુનિ નિર્મોહ

રાજાની આજ્ઞાથી તે રાજકન્યા પરિવાર સહિત યક્ષના ચૈત્યમાં મુનિ ભગવંતની સમીપે પહોંચી જાય છે. મુનિને પ્રણામ કરીને કહે છે હે મહર્ષિ! આપના હાથવડે આપ મારા હાથને ગ્રહણ કરો! આપ મારી સાથે પાણિગ્રહણ કરો. હું આપની સમક્ષ સ્વયંવરા થઈને આવી છું. પ્રત્યુત્તરમાં મુનિ કહે છે હે ભદ્રે! મુનિઓ કનક-કાંતાના સંગથી રહિત હોય છે. નિઃસંગતા એજ મુનિપણાનું ખરૂં ભૂષણ છે. મુનિભગવંતો સ્ત્રીનાં શરીરનો સ્પર્શ પણ કરનારા હોતા નથી, તો પછી તેમની સાથે પાણિગ્રહણ કરવાની તો વાત જ કયાં કરવાની રહી! કેટલી મુનિભગવંતની નિસ્પૃહતા છે. આખા જગતને જેમાં મોહ તેમાં મુનિ નિર્મોહ. આ કાંઈ રમત વાત નથી. આઠ કર્મમાં ભારેમા ભારે મોહનીય કર્મ છે. આથી જ તેને જીતી લેનારાં મુનિભગવંતોને જ શાસ્ત્રકારોએ મેરૂસમધીર અને

સાગરસમ ગંભીર કહ્યા છે. મોહરૂપી સમુદ્ર પાર કરી ગએલાં મુનિ સ્ત્રીરૂપી નદીમાં તો ડૂબે જ શેનાં ? જ્ઞાનદ્રષ્ટિનાં બળે મોહને જીતી શકાય છે. મોહભાવનો જ્યાં ક્ષય હોય અથવા છેવટે ઉપશમ અથવા ક્ષયોપશમ થયેલો હોય તેને જ સાચી જ્ઞાનદશા કહેવામાં આવે છે. બાકી જ્ઞાનના નામે બધી ભ્રમણા સમજવાની છે. સાતમી નરકપૃથ્વીની વેદનાની વાત સાંભળીએ ત્યારે આપણને એ કેટલી ભયંકર લાગે? તે કરતાં પણ જ્ઞાનીની દૃષ્ટિમાં જગતની મોહની ભયંકર છે. કારણ કે નરક વેદનાને એ મોહની જ અપાવે છે. પરંતુ એ મોહનીને જો દેવ, ગુરુ અને ધર્મ તરફ વાળી લેવામાં આવે તો બેડા પાર લગાવી દે.

જગતનાં કોઇ પદાર્થોમાં તીવ્રપણે મોહને પોષવો નહિ. કારણ કે મેળવવો છે આપણે મોક્ષ અને પોષવો છે મોહ! ક્યાંથી મેળ મળવાનો છે? પદાર્થ માત્રમાં અનાસક્તિ ભાવ કેળવો એટલે ક્રમે ક્રમે મોહ છૂટતો જશે. મોહના બંધનથી મુક્ત થવું તેનું નામ જ મોક્ષ છે. નિર્મોહીને કોઈ ઈષ્ટ વસ્તુનો વિયોગ થઈ જતાં પણ મનમાં પરમ શાંતિ હોય છે; જ્યારે મોહદશાવાળાને એવા સમયે આક્રંદન કરવું પડે છે. જગતના સૌ જીવો સુખને ઝંખે છે? પણ માર્ગ પકડયો છે દુઃખનો. જ્ઞાની ફરમાવે છે મોહ મૂકો એટલે દુઃખ છે જ નહિ- પૈસા પરનો મોહ છૂટે તો તેનો સન્માર્ગે વ્યય કરી શકાય. શરીરપરનો મોહ છૂટે તો શરીરથી તપશ્ચર્યા અને પરોપકારાદિનાં કાર્યો કરી શકાય. તેમજ વ્રત પચ્ચખ્ખાણાદિમાં પણ ઉત્સાહથી પ્રવર્તી શકાય? ઘટમાં સમ્યગ્જ્ઞાનની જ્યોત પ્રગટે તો મોહરૂપી અંધકાર તત્ક્ષણમાં વિખરાઈ જાય.

મુનિ સંગથી નિર્લેપ હોય

હવે આપણે ફરી પાછા મૂળ વાત ઉપર આવી જઈએ. હરિકેશી મુનિએ રાજકન્યા સુભદ્રાને છેલ્લે કહ્યું કે મુનિઓ સંગમાત્રથી નિર્લેપ હોય છે એટલે પાણિગ્રહણની વાત સાથે મારે કાંઈ પણ લેવાદેવા નથી. યક્ષને પણ એ વાત તો ખ્યાલમાં જ હતી. એટલે પછી બીજી રીતે તે કન્યાની વિટંબણા કરીને યક્ષે તેને ત્યાંથી રવાના કરી દીધી. યક્ષને ખાત્રી થઇ ગઈ કે હવેથી આ રાજકન્યા કોઈ કાળે કોઈ મુનિની આશાતના નહિ કરે, આટલી સજામાં તો આને ઘણો બોધપાઠ મળી ગયો છે.

રાજકન્યા ત્યાંથી પોતાના પિતાની પાસે આવે છે. બની ગયેલી આખીયે ઘટના પોતાના પિતાને કહી સંભળાવે છે. તે સમયે રાજાની સમીપે રુદ્રદેવ નામે પુરોહિત બેઠેલો તે પુરોહિતે રાજાને કહ્યું કે રાજન્! આ કન્યા ઋષિપત્ની થએલી છે. જો કે મહર્ષિ વેરે એ પરણી નથી, પણ વાગ્દાનથી ઋષિને અપાએલી છે. આને હવે તમારે બ્રાહ્મણને જ આપવી પડશે. ઋષિએ જેનો ત્યાગ કર્યો તે કન્યાને બ્રાહ્મણને આપવી એવું વેદ વચન છે. "રાજા, વાજા ને વાંદરા"—રાજા પુરોહિતના વચનથી ભોળવાઇ ગયો અને તેણે તે કન્યાને રુદ્રદેવ પુરોહિતને જ અર્પણ કરી. પુરોહિતને રાજકન્યા મળતા આનંદનો પાર ન રહ્યો. ઐંઠવાડ મળી જાય તો કુતરાને કેટલો બધો આનંદ થઈ જાય તેમ ક્ષુદ્ર માણસ અસાર વસ્તુને પામીને પણ આનંદિત બની જાય છે. પછી તો પુરોહિત તેની સાથે હર્ષથી ભોગ ભોગવવા લાગ્યો.

એકવાર રુદ્રદેવ બ્રાહ્મણ યજ્ઞ સમારંભ યોજે છે. તેમાં સુભદ્રાને તેણે યજ્ઞ પત્ની બનાવી. યજ્ઞ પત્ની બનાવી તેનો અર્થ એ કે યજ્ઞની અમુક ક્રિયા બન્ને સાથે મળીને કરે! યજ્ઞમંડપમાં

ઘણાં બ્રાહ્મણો એકત્રિત થયેલાં હતાં. કુશલ યાજ્ઞિકો યજ્ઞ વિધિ કરવા લાગ્યાં અને એકત્રિત થયેલાં બ્રાહ્મણોને જમાડવા માટે પુષ્કળ પ્રમાણમાં ભોજનસામગ્રી બનાવવામાં આવી છે. તે જ સમયે હરિકેશી મુનિ કે જેમની માસક્ષમણની તપશ્ચર્યા પૂર્ણ થએલી છે, એટલે નિર્દોષ આહાર, પાણીની ગવેષણા કરવા નિમત્તે તે જ યજ્ઞમંડપમાં દાખલ થયાં. મુનિને જોતાં જ જાતિ અંગેના મદથી મદોન્મત્ત બનેલાં બ્રાહ્મણો મુનિનો તિરસ્કાર કરે છે અને મુખમાંથી વચનો એવા ઉચ્ચારે છે : અરે! આ મળથી મલિન ગાત્રવાળો, નિંદ્યવેશને ધારણ કરનારો, યજ્ઞમંડપને મલિન કરવા કોણ આ બાજુ આવી રહ્યો છે? તે વખતે યજ્ઞમંડપની સમીપમાં આવેલાં હરિકેશી મુનિએ તો નિર્દોષ ભિક્ષાની બ્રાહ્મણો પાસે યાચના કરી! તે સાંભળીને બ્રાહ્મણોએ કહ્યું કે યજ્ઞમંડપમાં તૈયાર કરેલું આ અન્ન પવિત્રમાં પવિત્ર છે. શુદ્ર કરતાં પણ અધમ એવા તને આ અન્ન કેમ અપાય? આ અન્ન જો બ્રાહ્મણોને જમાડવામાં આવે તો સહસ્ત્રગણું પુણ્ય થાય અને તારા જેવાને જો આપી દેવામાં આવે તો રાખમાં ઘી ઢોળવા જેવું થાય. બસ મદોન્મત્ત પણું આને કહેવામાં આવે છે. આ બિચારાઓને લેશપણ માર્ગમાં સ્થિત મહાપુરુષની યોગ્યતાની પિછાણ નથી. ઘોર અજ્ઞાનને લીધે મહાવ્રતધારી મહામુનિની હેલના કરી રહ્યા છે.

આગળ વધીને મુનિને કહે છે:તું અહીંથી ચાલ્યો જા. અહીં શા માટે ઊભો છે? મુનિની આ પ્રમાણે હેલના થતી જોઇને તિંદુકયક્ષ ફરી મુનિનાં શરીરમાં પ્રવેશ કરીને બ્રાહ્મણોને કહે છે. તમે મને પુછો છો કે તું કોણ છે? સાંભળો, હું મારી તમને ઓળખાણ આપું. હું શ્રમણ તપસ્વી સર્વ સાવદ્ય વ્યાપારથી વિરમેલો, અહિંસા, સત્ય બ્રહ્મચર્યાદિ મહાવ્રતને ધારણ કરનારો, પરિગ્રહાદિનો ત્યાગી જૈન શ્રમણ નિર્ગ્રંથ છું.

હું અહીં કોઈ બીજી આશાએ આવ્યો નથી. ફક્ત નિર્દોષ ભિક્ષાની ગવેષણા નિમિત્તે હું અહિં આવેલો છું. તમોએ તમારા માટે ભોજનસામગ્રી તૈયાર કરી છે. તમારા ભાગ્યથી જ હું તમારા યજ્ઞમંડપમાં આવેલો છું અને મહાવ્રતધારી હોવાથી હું સુપાત્ર છું, માટે તમારે મહાન પુણ્ય ઉપાર્જન કરવું હોય તો સુપાત્રે દાન કરો!

મુનિનાં શરીરમાં દાખલ થએલાં યક્ષે આ સ્વરૂપે મુનિની ઓળખાણ કરાવી, છતાં બ્રાહ્મણો ન સમજ્યા. યક્ષે ત્યાં સુધી કહેલું કે આ મુનિ જ ખરા સુપાત્ર છે. હિંસા અસત્યાદિનું આચરણ કરનારાં ખરા સુપાત્ર નથી. ત્યાં તો પેલા બ્રાહ્મણો મુનિને મારવા તૈયાર થયા અને લાકડી અને મુષ્ટિ વડે મુનિનાં શરીર ઉપર એકદમ પ્રહાર કરવા લાગ્યા! પછી તો કોપાયમાન થએલા યક્ષે પણ બધાની બબર લઇ લીધી અને શરીરનાં સાંધા એવા શિથિલ કરી નાંખ્યા કે: બધા જમીન પર ઢળી પડ્યા! ચારે તરફ કોલાહલ મચી ગયો. ઘણા મનુષ્યો ત્યાં એકઠાં થઈ ગયા. કોલાહલ સાંભળીને રાજકન્યા સુભદ્રા પણ તરત જ ઘરમાંથી બહાર આવી. રાજકન્યાએ મુનિને જોયાં કે તરત ઓળખી લીધાં અને એ એકદમ ભયભીત બની ગઇ. ત્યાં ઊભેલાં બ્રાહ્મણોને રાજકન્યાએ કહ્યું અરે! આ મુનિને શું તમે ઓળખો છો? આ તો મહાન તપસ્વી અને તિંદુક યક્ષથી પણ પૂજાતા પ્રભાવશાળી મહામુનિ છે. આ મુનિને જો હેરાન કર્યા તો તમે બધાં યમમંદિરે પહોંચી જશો.

આ મહામુનિની આશાતના કર્યા અંગેના કટુક ફળ મારે હમણાં તાજેતરમાં જ ભોગવવા પડ્યાં છે. ત્યારબાદ સ્વયંવરા થઈને હું આ મુનિની સમીપે ગયેલી છતાં એમણે મારા સંગની લેશ ઈચ્છા કરી નથી. એ પોતાના ધ્યાનથી

ચલિત થયા નથી માટે આ મહામુનિને તો ધન્ય છે અને આપણા સૌ માટે કોડાનુકોડ વંદનાને પાત્ર છે. આ રીતે સ્તવના કરતી સુભદ્રા મહામુનિનાં ચરણમાં પડી જાય છે. અને વિનવે છેઃ પ્રભુ! આપ તો કરૂણાના સાગર છો. આ અજ્ઞાનજનોએ કરેલાં અપરાધને ક્ષમા કરો! મુનિ ભગવંતે પ્રત્યુત્તરમાં કહ્યુઃ મુનિઓ કોઇ પણ ઉપર કોપ કરતાં જ નથી. કારણ કે ક્રોધ એ તો મહા અનર્થકારી છે. પૂર્વકોડ વર્ષથી ઉગ્રપણે તપને તપનારો આત્મા માત્ર બે ઘડી ક્રોધને આધીન બને તો તેટલાં વર્ષો સુધીનાં તપનાં ફળને હારી જાય છે. માટે સાધુને કોપ કરવો યોગ્ય નથી. આ બધા ઉપર યક્ષે કોપ કર્યો છે. માટે યક્ષને પ્રસન્ન કરો!

મુનિ ભગવંતનો સૌ કોઈ પર પડેલો અજબ પ્રભાવ

મુનિનાં કહેવાથી બ્રાહ્મણોએ યક્ષને સંતુષ્ટ કર્યો. એટલે સર્વ બ્રાહ્મણો સાજા થઈ ગયા. પછી તેઓ યજ્ઞકાર્ય છોડી દઈને મુનિનાં પગમાં પડયા અને શુદ્ધ અન્નવડે મુનિને પડિલાભ્યા. તે વખતે ત્યાં પંચદિવ્ય પ્રગટ થતાં સૌનૈયાની વૃષ્ટિ થઈ. તે જોઈ સર્વ ત્યાં વિસ્મિત હૃદયવાળાં બની ગયા. અને મુનિનાં તપના પ્રભાવ અંગેની સૌ અનુમોદના કરવા લાગ્યાઃ અરે! આ હરિકેશી ચંડાળના પુત્ર હોવા છતાં તેમનો પ્રભાવ કેટલો છે! એમનાં તપના પ્રભાવ અંગેનું આપણને સ્પષ્ટ દર્શન થયું છે. આમાં તો તપની જ વિશેષતા છે! જાતિ અંગેની કોઈ વિશેષતા આમાં રહી નથી. આ તપસ્વી મુનિનું દેવો સાંનિધ્ય કરે છે. જાતિનું જ વિશેષપણું હોય તો આપણે બ્રાહ્મણો હોવા છતાં દેવતાઓ કેમ સાંનિધ્ય ન કરે! માટે દુનિયામાં ગુણની જ પૂજા થાય છે. નિર્ગુણીને

કોણ ભજે ? બ્રાહ્મણોનાં આ રીતનાં ઉદ્‌ગારો પરથી તેમનાં હૃદયનું પરિવતન જાણીને મુનિ તેમને પ્રતિબોધ કરવા કહે છે. ધર્મ એકલો બાહ્ય શુદ્ધિમાં જ નથી, પણ ધર્મ આભ્યંતર શુદ્ધિમાં છે. કર્મરૂપી આભ્યંતર મળનો નાશ કરવાથી આભ્યંતર શુદ્ધિ થાય છે. જળસ્નાન વડે આભ્યંતર શુદ્ધિ થતી નથી. મહાભારતમાં પણ આ બાબત અંગે સ્પષ્ટ વિધાન છે કે,

સમાતાનદી સંયમતોયપૂર્ણા સત્યાવહા શીલતટા દયોર્મિ ।
તત્રાભિષેકં કુરુ પાંડુપુત્ર ! ન વારિણા શુધ્યતિ ચાંતરાત્મા ॥

સમતારૂપી નદી જે સંયમરૂપ જળથી ભરેલી છે, સત્યના પ્રવાહમાં જે વહેનારી છે, શીલરૂપી જેનો તટ છે અને કરૂણારૂપી જેમાં તરંગો છે એવી સમતારૂપી નદીમાં હે ! પાંડુપુત્ર યુધિષ્ઠિર ! તું સ્નાન કર ! જળવડે સ્નાન કરવાથી અંતરાત્માની શુદ્ધિ થતી નથી. આ રીતનો ઉપદેશ શ્રીકૃષ્ણે મહાભારતમાં ધર્મરાજ યુધિષ્ઠિરને કરેલો છે.

યજ્ઞનું વાસ્તવિક સ્વરૂપ

મુનિ આગળ વધીને કહે છે કે તમે જે આ યજ્ઞ માંડેલો છે તેમાં ઘણાં જીવોની વિરાધના હોવાથી તે નિરવદ્ય નથી પણ સાવદ્ય છે. પછી ત્યાં એકત્રિત થએલાં યાજ્ઞિકો તરત મુનિને પૂછે છે અને તે અંગેનો ઉલ્લેખ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં બારમાં અધ્યયનમાં આ રીતે કરાએલો છેઃ

કહં ચરે મિક્ખુ વયં જયામો પાવાઇં કમ્માઇં પણોલ્લયામો ।

હે ભિક્ષુ ! અમે કઈ રીતે યજ્ઞ કરીએ અને યજ્ઞ વિધિમાં અમે કઈ રીતે પ્રવર્તિએ કે જેથી અમારા પાપ કર્મોનો નાશ થઈ જાય. હે મુનિ ! આપ અમને તે અંગેની વિધિ કહો.

જિજ્ઞાસા ભાવથી આ રીતે પૂછનારાં બ્રાહ્મણો ઉપર મુનિનો અપૂર્વ પ્રભાવ પડયો છે. નબળાં કુળમાં જન્મેલાં હરિકેશી મુનિએ પણ સંયમ અંગીકાર કર્યા પછી કેવી અપૂર્વ સાધના કરી હશે ? નહિ તો યાજ્ઞિકો ઉપર તેમનો આટલો બધો પ્રભાવ પડે શેનો ? મુનિ યાજ્ઞિકોની જિજ્ઞાસા જાણીને શુદ્ધ એવા ભાવયજ્ઞનું સ્વરૂપ વર્ણવતા કહે છે. જીવ એજ યજ્ઞ કુંડ છે. ઉગ્રપણે જે તપ આચરવું તે અગ્નિરૂપ છે: અને તેમાં મન વચન, કાયારૂપી કડછી વડે જ્ઞાનને ધ્યાનરૂપી ઘી હોમાતાં અથવા ચારિત્રધર્મનાં શુભ વ્યાપાર રૂપ ઘી હોમાતા તે તપરૂપી અગ્નિ પ્રદીપ્ત બને છે. પ્રદીપ્ત બનેલો તપરૂપી અગ્નિ આઠ કર્મરૂપી ભાવ ઈંધનને તત્ક્ષણમાં બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે અને તે જ વાસ્તવિક ભાવયજ્ઞ છે.

ભાવસ્નાનથી કેવળજ્ઞાન

આ પ્રમાણે યજ્ઞનું સ્વરૂપ જાણીને બ્રાહ્મણો સ્નાનનું સ્વરૂપ પૂછે છે. અને મુનિ પ્રત્યુત્તરમાં કહે છે. ધર્મરૂપી દ્રહ છે અને બ્રહ્મચર્યરૂપી શાંતિ તીર્થ છે. દ્રહ એટલે નિર્મળ જળથી ભરેલો કુંડ આધુનિક ભાષામાં જેને હોજ કહેવામાં આવે છે. અહીં ધર્મરુપી દ્રહ કે જે અહિંસા, સંયમ-રૂપી જળથી છલોછલ ભરેલો છે અને બ્રહ્મચર્ય કે જેને શાંતિ તીર્થની ઉપમા છે. મિથ્યાત્વરૂપી કાલિમાંથી રહિત અને ચિત્તની પ્રસન્નતારૂપ સારી લેશ્યાવાળું તે દ્રહ શાંતિરૂપી તીર્થ છે. આત્માની શુદ્ધિ માટે દ્રહ અને તીર્થ આવા સ્વરૂપવાળા હોય છે. એમાં સ્નાન કરવું એજ મહાસ્નાન છે. આ રીતના ભાવસ્નાનથી સમગ્ર કર્મમળ દૂર થાય છે અને જીવ કેવલજ્ઞાનને પામી પરંપરાએ મુક્તિરૂપી મંગળ સ્થાનને પ્રાપ્ત કરે છે.

ઘણા જીવોને પ્રતિબોધ

આ પ્રમાણે મુનિની ધર્મદેશનાં સાંભળીને બધા બ્રાહ્મણો પ્રતિબોધને પામી સમ્યક્ધર્મને અંગીકાર કરે છે. બીજા પણ ઘણાં મનુષ્યો પ્રતિબોધને પામે છે. રાજા પણ એ સમયે ત્યાં આવેલો હતો. તેણે પણ સુપાત્ર દાનની ભૂરિ ભૂરિ અનુમોદના કરી. આ રીતે હરિકેશી મુનિનાં તપ, ત્યાગ અને ચારિત્ર ધર્મનાં પ્રભાવથી ઘણા જીવો ધર્મને રસ્તે ચડી ગયાં. ધન્ય હો! આવા તપસ્વી મુનિ પુંગવોને! આપણાં કોડોનુકોડ વંદન હો આવા મુનિભગવંતોનાં ચરણારવિંદમાં! હરિકેશી મુનિ શુદ્ધ સંયમ માર્ગને આરાધી પ્રાંતે કેવલજ્ઞાનને પામી મોક્ષપદને પામ્યા છે.

સર્વ જીવ છે સિદ્ધ સમ

જાતિમદ ઉપરનાં વિવેચનમાં આપણે લંબાણથી છણાવટ કરી છે. એમાથી ખાસ વસ્તુએ યાદ રાખી લેવાની કે કોઈ માટે કોઈપણ જાતિ શાશ્વત નથી. તત્વ દૃષ્ટિએ કોઈ પણ આત્માઓમાં ઉચ્ચ કે નીચપણાનો ભેદ નથી. શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ સર્વે આત્માઓ સિદ્ધ સમાન છે. ઉચ્ચ કે નીચ અંગેના ભેદો છે તે તો કર્મોદય જનિત છે! માટે નબળી જાતિમાં કોઈ જન્મેલાં હોય તો તેમની તરફ મનમાં લેશપણ તિરસ્કાર આણવો નહિ. નબળી જાતિમાં જન્મેલા પણ કેટલીકવાર હરિકેશીની જેમ કામ કાઢી જાય છે અને તેવી નબળી જાતિમાં આપણો આત્મા પણ અનંતીવાર જન્મેલો છે અને કોણ જાણે કેટલીવાર હજી આપણે જન્મવું પડશે!

ગર્વ ગળે તો જ્ઞાન મળે

ગર્વરૂપી ગિરિરાજના જે આઠ શિખરો છે તેમાંથી આ એક શિખર હજી તો આપણે માંડ સર કરી શકયા, એટલે કે

પહેલા જાતિમદ ઉપરનું લંબાણથી વિવેચન પૂરું કર્યું. શિખર સર કર્યું ત્યારે જ કહેવાય કે જ્યારે આટલું વિવેચન સાંભળ્યા પછી જાતિ અંગેનું મદ છૂટી જાય. મદના જે આઠ પ્રકાર છે તે જ ગર્વરૂપી ગિરિરાજના આઠ શિખરો છે– જેમ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ફરમાવ્યું છે તેમ—

"આઠ શિખર ગિરિરાજ કે, ઠામે વિમલાલોક,
તો પ્રકાશ સુખ કયું લહે, વિષમ માન વશલોક"

ગર્વરૂપી ગિરિરાજના આઠ મદરૂપી જે આઠ શિખરો છે. તે વિમલાલોક એટલે આત્માનો જ્ઞાનરૂપી જે દિવ્ય પ્રકાશ તેની આડા પડેલા છે. વિષમ એવા માન કષાયને વશ પડેલા લોકને વિમલાલોકના દર્શન કયાંથી થઈ શકે. અંદરનો ગર્વ ગળે તો જ્ઞાન મળે અથવા અભિમાન જાય ત્યારે અંદરમાં જ્ઞાન પ્રગટે છે. જાતિમદ, કુળમદ, રૂપમદ, બળમદ વગેરે મદના આઠ સ્થાન તે જ ગર્વરૂપી ગિરિરાજનાં આઠ શિખરો છે. હિમાલયના શિખરો સર કરવા સહેલાં છે, પણ મદ સ્થાનના આઠ શિખર સર કરવા એ અત્યંત કઠિન છે. છતા બાહુબલિ જેવા મહાપુરુષોના આદર્શને નજર સામે રાખી માનવી જો પુરુષાર્થ આદરે તો દુનિયામાં કાંઈ કઠિન નથી! પુરુષાર્થથી દરેક વસ્તુ સિદ્ધ થાય છે. પુરુષાર્થની પ્રચંડ તાકાત સૌના અંતરમાં પ્રગટો એ જ એક મહેચ્છા!

પોતાના માથે દુઃખ આવી પડે ત્યારે માનવી દુઃખ તરફ જુએ છે પણ દુઃખના કારણ તરફ જોતો નથી. દુઃખનું કારણ પાપ છે. એ કારણ જો નાબૂદ કરી નાખે તો કોઈ પણ કાળે દુઃખ માથે પડે જ નહીં



ગિરિરાજના આઠ શીખરો

(શિખર બીજું)

મદના આઠ પ્રકારમાં જાતિમદ પછી બીજા પ્રકારમાં કુળમદ આવે છે. જાતિ જેમ માતૃપક્ષ છે, તેમ કુળ એ પિતૃપક્ષ છે, પિતાના વંશને કુળ કહેવામાં આવે છે. જાતિ અંગેનો મદ કરનારા ભવાંતરમાં જેમ હીન જાતિમાં ઉત્પન્ન થાય છે તેમ કુળ અંગેનો મદ કરનાર ભવાંતરમાં અધમ કુળમાં ઉત્પન્ન થાય છે. કોઈ એક જાતિ જેમ કોઈ માટે શાશ્વત નથી તેમ કોઈ એક કુળ પણ કોઈ માટે શાશ્વત નથી, માટે શ્રેષ્ઠ કુળમાં જન્મ મળ્યો હોય તો તે અંગેનું મદ કર્તવ્ય નથી.

સંસાર તે વિષમય કે અમૃતમય ?

કુળમદના ત્યાગ માટે ભગવાન ઉમાસ્વાતિ પ્રશમરતિ ગ્રંથમાં ફરમાવે છે કે,—

रूपबलश्रुतमतिशीलविभवपरिवर्जितांस्तथा द्रष्ट्वा ।
विपुलकुलोत्पन्नानपि ननु कुलमानः परित्याज्यः ॥

જગવિખ્યાત એવા વિશાળ અને શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલા સ્ત્રી-પુરુષોને પણ કેટલીકવાર રૂપ, બળ, શ્રુત, જાતિ શીલ અને વૈભવથી રહિત નિર્ધન સ્થિતિના જોઈને અવશ્ય-

મેવ કુળમદ પરિહરવા યોગ્ય છે. સારા કુળમાં જન્મેલા હોવા છતાં ઘણા મનુષ્યો આજે પણ પ્રત્યક્ષપણે રૂપવિહીન જોવામાં આવે છે. તેવા મનુષ્યો શરીરની અપેક્ષાએ કાં કુબડા હોય છે તો કાં વામન હોય છે. કાં તદ્દન બેડોળ આકૃતિવાળા હોય છે કે સ્વરૂપની અપેક્ષાએ તદ્દન વિરૂપ હોય છે. કોઈ પુણ્યના ઉદયે સ્વરૂપવાન પણ હોય છે. સંસારી માત્ર ભિન્ન ભિન્ન પ્રકારના કર્મોદયવાળા હોવાથી સંસારમાં ચોમેર એકલી વિષમતા વ્યાપેલી છે. એકને ત્યાં હાથી ઝૂલતા હોય તો બીજાને ત્યાં વળી ગધેડાં ભૂંકતા હોય. એકને ત્યાં રેડિયા વાગતા હોય તો બીજાને ત્યાં વળી રોકકળ ચાલતું હોય. એકને ત્યાં કુળવંતી નાર હોય તો બીજાને ત્યાં વળી કજીયાળી હોય. અમુક જગ્યાએ વિદ્વાનો તત્ત્વની ગોષ્ટિ કરતાં હોય તો અમુક જગ્યાએ દારૂડિયા એકલો બકવાદ કરતાં હોય. આ રીતે જગતમાં સર્વત્ર વિષમતા છે. એટલા માટે તો શ્રી ભર્તૃહરિ જેવાને કહેવું પડયું કે આ સંસાર તે વિષમય છે કે અમૃતમય? સંસાર અનંત દુઃખમય હોવાથી વિષમય છે.

કુળમદના ત્યાગ માટેની અપૂર્વ દૃષ્ટિ

સારા કુળમાં જન્મેલા રૂપની અપેક્ષાએ જેમ વિરૂપ હોય છે તેમ બળની અપેક્ષાએ નિર્બળ હોય છે. કેટલાક મનુષ્યો તો એટલા બધા નિર્બળ જોવામાં આવે છે કે બેઠેલા હોય તો ઊભા ન થઈ શકે અને ઊભા હોય તો મહામુસીબતે બેસી શકે! શારીરિક દુર્બળતાને લીધે તેવા મનુષ્યો કેટલીક વાર જીવનમાં નિરાશાને પણ અનુભવતા હોય છે. બળ કે પરાક્રમ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશયથી પ્રાપ્ત થાય છે. શ્રુતજ્ઞાનથી હીન હોવાથી સારા કુળમાં જન્મેલા હોવા છતાં કેટલાકો તદ્દન મૂર્ખ જેવા હોય છે. કક્કા બારખડીનું પણ

જ્ઞાન ન હોય એવા તદ્દન નિરક્ષર જેવા હોય છે. મતિની અપેક્ષાએ મતિ મંદ હોવાથી હિતાહિતનો પણ નિર્ણય કરી શકતા નથી. અહિતના ત્યાગપૂર્વક હિતમાં પ્રવર્તવું તેને જ હિતાહિતનો નિર્ણય કહી શકાય ?

સાપ ગયા ને લીસોટા રહ્યા

શ્રેષ્ઠ કુળમાં જન્મેલા ઘણા શીલથી પણ ભ્રષ્ટ થયેલા હોય છે. સદાચારને શીલ કહી શકાય ? જુગાર, પરસ્ત્રીસેવન, મિથ્યાભાષણ, ચૌર્યકર્મ અને નિર્દયતાનો જે પરિત્યાગ તે જ સદાચાર છે. ધન, ધાન્ય, કનક અને રજતાદિની જે સંપત્તિ તે વૈભવ કહેવાય. અશુભના ઉદયે વિશાળ કુળમાં જન્મેલા મનુષ્યો પણ આ બધા પ્રકારની સંપદાથી વિહીન હોય છે. માટે વિપુલ કુળમાં ઉત્પન્ન થયેલા આત્માઓને પણ રૂપની અપેક્ષાએ વિરૂપ અને ધનની અપેક્ષાએ નિર્ધન જોઈને નિશ્ચયે કરીને કુળ અંગેના ગર્વનો પરિત્યાગ કરવો જોઈએ.

આગળ વધીને ભગવાન ઉમાસ્વાતિ ફરમાવે છે કે,

यस्याशुद्धं शीलं प्रयोजनं तस्य किं कुलमदेन ।
स्वगुणालंकृतस्य हि किं शीलवतः कुलमदेन ॥

જેનું શીલ અશુદ્ધ છે તેને કુળમદ કરવાનું પ્રયોજન શું છે ? અને ગુણ સમુદાયથી વિભૂષિત એવા શીલવાનને પણ કુળમદનું પ્રયોજન શું છે ? દુરાચારનાં સેવનથી વર્તન જેનું મલિન છે તે માનવી ગમે તેટલું મદ કરે તો તેથી તેની સમાજમાં પ્રતિષ્ઠા વધી જતી નથી. શીલથી ભ્રષ્ટ થએલાં મનુષ્યો ઉલ્ટા ચૌમેર દુનિયામાં અપકીર્તિને પામે છે, માટે એકલા કુળ તરફ ન જોતાં શીલ તરફ જોવું જોઈએ કે ભલે જન્મ જૈન જેવાંઊંચા કુળમાં મલ્યો છે.પણ મારાઆચાર વિચાર કેવાં છે? આજે

શ્રેષ્ઠ કહેવાતા કુળોની સ્થિતિ એવી છે કે "સાપ ગયા ને લિસોટા રહ્યા" સારા કુળોમાંથી પણ આચાર વિચારની મર્યાદા લોપાતી જાય છે. સારા કુળોમાંથી પણ સદ્‌વર્તને જાણે વિદાય લેવા માંડી છે. આચાર વિચારની પવિત્રતા વિના એકલા કુળની શી કિંમત અંકાવવાની છે. માટે શીલ જેનું અશુદ્ધ છે તેવા મનુષ્યોએ કુળ અંગેનું મદ કરવું તદ્દન નિષ્પ્રયોજન છે, સદાચારથી સંપન્ન એવા શીલવાનને પણ મદ કરવાનું કોઈ પ્રયોજન નથી. રૂપ, બળ, શ્રુત, બુદ્ધિ, વિભવાદિકના સમુદાયથી અલંકૃત મનુષ્ય તો પોતાના ગુણ સમુદાયથી દુનિયામાં શોભાને પામે છે. તેને વળી મદ કરવાની શી જરૂર છે? ઘરમાં અગરબત્તી સળગતી હોય તો તેની સુવાસ આખાએ ઘરના વાતાવરણમાં એની મેળે પ્રસરી જાય છે, તેમ મનુષ્યનાં જીવનમાં રહેલાં ગુણ સમુદાયની સુવાસ પણ એની મેળે ચોમેર પ્રસરી જાય છે. સાચા હીરાને પોતાના મુખથી કહેવું જ નથી પડતું કે મારુ મૂલ્ય સવા લાખ સોના મહોરનું છે. કિંમત આંકનારા ઝવેરી એની મેળે સાચા હીરાની કિંમત આકી જ દે છે–તેવી રીતે સદ્‌ગુણની સુવાસ દુનિયામાં કયાંય છાની રહેતી નથી. હવા અગીચા પરથી પસાર થઈને આવતી હોય તો હવામાં સુગંધ આવ્યા વિના રહેવાની જ નથી અને ઉકરડાં પરથી પસાર થઈને હવા આવતી હોય તો હવામાં દુર્ગંધ આવ્યા વિના રહેવાની નથી. આજ દૃષ્ટાંત માનવીનાં જીવનમાં રહેલાં સદ્‌ગુણને લાગુ પડે છે.

માનવીનાં જીવનમાં રહેલાં સદ્‌ગુણોથી ચોમેર સુવાસ પસરે છે અને દુર્ગુણથી ચોમેર દુર્ગંધ ફેલાય છે. ક્ષમા, ઋજુતા, નમ્રતા, નિર્લોભતા, વિવેક વગેરે સદ્‌ગુણો એટલા બધા મહાન છે કે જેની સુવાસ આગળ કસ્તુરીની સુવાસ પણ કુચા રૂપ છે, માનવીને આજે બહારમાં પ્રતિષ્ઠા મેળવવી છે. પણ

જીવનમાં સદ્‌ગુણની પ્રતિષ્ઠા કરવી નથી. જીવનમા સિદ્ધિ નથી તો પ્રસિદ્ધિ કયાંથી મળવાની છે? દુર્ગંધથી માનવી દૂર ભાગે છે પણ દુર્ગુણથી દૂર ભાગતો નથી. દુર્ગુણોનો તો જાણે જીવનમાં સંચય કરે જાય છે. વ્યવહારમાં પણ ઘરમાં સૌ દ્રવ્યનો સંચય કરે છે પણ કોઈ કચરાને ઘરમાં સંઘરતા નથી. કચરાને તો સવારના ટાઈમે બોરાઓ ઘરમાંથી વાસિંદુ કાઢીને બહાર ફેંકી દે છે. બસ તેવીજ રીતે તમારે જીવનમાં સંચય જ કરવો હોય તો સદ્‌ગુણરૂપી દ્રવ્યનો સંચય કરો પણ દુર્ગુણરૂપી કચરાનો જીવનમાં સંચય ન કરો! સારા કુળમાં જન્મ પામીને સદ્‌ગુણથી સમલંકૃત બનવું એમાંજ સુકુળની ખરી શોભા છે.

મહાન પુણ્યોદય

પહેલાં તો જીવને મનુષ્ય ભવ મળવો દુર્લભ છે અને મનુષ્ય ભવ પણ પાછો આર્યદેશમાં મળવો અતિ દુર્લભ છે. ભરતક્ષેત્રમાં ફક્ત સાડા પચ્ચીસ જ આર્યદેશ છે, સામે બત્રીશ હજાર અનાર્ય દેશ છે. અમુક તો એવા દેશો છે કે જેમાં જન્મેલાં લોકો ઉંદરનો અથાણામાં ઉપયોગ કરે છે અને મકોડાઓનો ચટણીમાં પ્રયોગ કરે છે. પ્રાણી વધમા જેઓ જરાએ અરેરાટી ન અનુભવતા હોય તેમને અનાર્ય કહેવામાં આવે છે. અથવા ધર્મ માર્ગથી આઘા રહેનારા તે પણ અનાર્ય, આર્ય દેશમાં જન્મેલાં હોય અને નિઃશંકપણે પાપ આચરતા હોય તો આર્ય-દેશમાં જન્મેલાં હોવા છતાં અનાર્ય, સમજવા અનાર્ય દેશમાં જન્મેલાં હોય, પાપકર્મથી પરાંગમુખ રહેનારા હોય તો અનાર્ય દેશમાં જન્મેલાં હોવા છતાં સંસ્કારની અપેક્ષાએ આર્ય સમજવા. તમને એવા દેશમાં જન્મ મળ્યો છે કે જ્યાં જિનવાણીના શ્રવણનો તમને અવારનવાર સુયોગ મળી આવે છે. મહાન પુણ્યનો

ઉદય હોય ત્યારે જ ધર્મના બોલ કાને પડે છે. જ્યારે અમુક દેશમાં જન્મેલાં મનુષ્યોને જિંદગીપર્યંત આવા અપૂર્વ લાભથી વંચિત રહેવું પડે છે. તમારા ખુશ નશીબ છે કે એવા લાભને તમે પામી શકો છો, સાડા પચ્ચીસ જ આર્યદેશ અને બત્રીશ હજાર અનાર્ય દેશ, તેમાં આર્ય દેશમાં આપણો નંબર લાગ્યો એતો આપણા મહાન પુણ્યનો ઉદય કહેવાય.

રત્નની ખાણ જેવું જૈન કુળ

આર્ય દેશમાં પણ ઉત્તમ કુળમાં મનુષ્ય ભવ મળવો એતો વળી અતિ દુર્લભ છે. આર્યદેશમાં પણ કેટલાંક એવા કુળો છે જેમાં દિવસ ઉગેને મારો ને કાપોની જ વાત હોય. બિચારાં નિર્દોષ જીવોના સંહાર માટે હાથમાં છરાને ચાકા ઝાલવાની જ વાત હોય ! જ્યારે આપણા કોઈ મહાન પુણ્યનો ઉદય કે જૈન જેવા શ્રેષ્ઠ કુળમાં જન્મ મળ્યો છે. જે કુળમાં દિવસ ઉગે સામાયિક પ્રતિક્રમણ કરવાની કાં દેરાસર જવાની વાત હોય છે. જૈન કુળનાં બાળકો પણ મા–બાપને દેરાસર જતા જોઈને તરત કહે કે બા ! મારે પણ દેરાસર આવવું છે. સાધુ મહારાજ શેરીમાં વહોરવા નિકળ્યા હોય તો ઘરમાં જઈને પોતાની માને કહે બા ! મહારાજ શેરીમાં વહોરવા પધાર્યા છે આપણા ઘેર તેડી આવું ? આવા નાનપણમાં જ બચ્ચાઓમાં જે સંસ્કાર હોય છે તે પ્રભાવ સારા કુળમાં જન્મ મળ્યો તેનો છે. જૈન કુળ એતો રત્નની ખાણ જેવું કુળ છે. રત્નની ખાણમાંથી જેમ રત્ન પાકે તેમ આ કુળ એવું શ્રેષ્ઠ છે કે જેમાંથી કોહીનૂર પાકે. જૈનકુળમાં જન્મેલાને શરૂઆતથીજ સંસ્કાર સારા મળ્યા હોય તો કામ કાઢી જાય. બાળકોને સારા સંસ્કારથી કેળવી લેવા જોઇએ અને કેળવી લેતા આવડે તો ખરેખર આ કુળમાંથી

કોહીનૂર હીરા જ પાકે. જૈનકુળમાં જન્મ મળ્યો હોય અને સંસ્કારી મા–બાપ મળ્યા હોય પછી બાકી શું રહે? આજે મોટે ભાગે બહારની કેળવણી તરફ ધ્યાન દેવાય છે. ધર્મના સંસ્કાર વગરની એકલી બહારની કેળવણી એતો નાગી તલવાર છે.

આપણી સંસ્કૃતિ

માનવીમાં ધાર્મિકતા હોય તો જ આ કાળમાં માનવીનો ઉદ્ધાર છે. આજની દુનિયામાં સ્વચ્છંદ અને સ્વેચ્છાચારે માજા મૂકી છે. માનવીને મર્યાદાઓનું પાલન આજે બંધનરૂપ લાગે છે. પૂર્વકાળમાં અમૂક કુલ મર્યાદાઓનું પાલન થતું હતું. જ્યારે આ કાળમાં તેનું ઉલ્લંઘન છે. તેમાં આજની કેળવણીએ પણ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. આજનું જગત પશ્ચિમી અનુકરણને માર્ગે ઘસડાતું જાય છે. પણ પરિણામે આ ભારત જેવા દેશને ઘણું સહન કરવું પડશે.

આ દેશમાં થઈ ગયેલા મહર્ષિઓએ તો માનવ સમાજને એવું સુંદર માર્ગદર્શન આપ્યું છે કે આપણે અમેરિકા કે રશિયા જેવા બીજા કોઈ દેશનું કે બીજા કોઇ દેશની સંસ્કૃતિનું અનુકરણ કરવાની જરૂર નથી. આપણી આર્ય સંસ્કૃતિ તો એટલી બધી મહાન છે કે બીજા પરદેશ વાસીઓને આપણું અનુકરણ કરવું પડે. જ્યારે આજે ગંગા જ આખી ઉલ્ટી વહે છે. આપણે જ પશ્ચિમનું અનુકરણ કરી રહ્યા છીએ અને તે અનુકરણ પણ આપણને કરતાં આવડ્યું નથી. પશ્ચિમના અનુકરણમાંથીએ જેટલું નબળું હતું તેટલું આપણે ગ્રહણ કર્યું પણ સારું ગ્રહણ ન કર્યું. એ લોકોમાં જે નીતિમત્તા અને પ્રમાણિકતા છે તેનું આપણે અનુકરણ ન કર્યું અને કેવળ તે લોકોની વેશભૂષા અને ખોટી ટાપટીપનું અનુકરણ

કર્યું. તે દેશની ફેશન આજે આપણા દેશમાં આવી. તે દેશની છૂટછાટ પણ આપણા દેશમાં આવી. જ્યારે આપણા દેશની રહેણીકરણીથી તે દેશના લોકો જરાએ પ્રભાવિત બનતા નથી. આપણી સંસ્કૃતિ મુજબ જે આપણે જ વર્તતા નથી તો બીજા ઉપર તેનો પ્રભાવ કયાંથી પડવાનો છે. અહિંસા સત્ય અને તપ ત્યાગની ભાવના ઉપર રચાયેલી આપણી સંસ્કૃતિ છે. જેમાં ધર્મ અને મોક્ષ પુરૂષાર્થની પ્રધાનતા છે. જ્યારે પશ્ચિમની સંસ્કૃતિનું મંડાણ ભૌતિકવાદના પાયા ઉપર છે. એ લોકો અર્થ અને કામ પુરૂષાર્થને પ્રધાનતા આપનારા છે. કયાં અધ્યાત્મવાદ અને કયાં ભૌતિકવાદ ? અધ્યાત્મવાદ માનવીની દૃષ્ટિને અંતરમાં વાળે છે જ્યારે ભૌતિકવાદ દૃષ્ટિને કેવળ આ લોકના બાહ્ય સુખ પ્રતિ વાળે છે.

સંસ્કારની જનેતા તે સંસ્કૃતિ

આજે પશ્ચિમના લોકોની દૃષ્ટિ આપણા આર્યદેશના અધ્યાત્મવાદ તરફ વળી રહી છે. ઇંગ્લેન્ડ અને અમેરિકામાં કેટલાક લોકો શાકાહારી બનતા જાય છે. અધ્યાત્મ એ જ માનવી માટે અંતિમ ગતિ છે. એ વિના માનવી ભલે કરોડો રૂપિયા ઉપાર્જન કરી લે પણ હૃદયની શાંતિ તેને મળવાની નથી. એટલે પશ્ચિમના કેટલાક લોકો આપણા અધ્યાત્મવાદ તરફ આકર્ષાયા છે. એટલું જ નહીં, કેટલાકો ઈશ્વરપ્રતિ પણ શ્રદ્ધાળુ બન્યા છે. જ્યારે આ દેશમાં જન્મેલાં આજે ઈશ્વરને ભૂલતા જાય છે. અને સંસ્કૃતિનો ભવ્ય વારસો પોતાની પાસે હોવા છતાં પશ્ચિમના ભૌતિકવાદ તરફનું આકર્ષણ વધતું જાય છે. સાચી વસ્તુ પોતાની પાસે હોવા છતાં માનવીને ખોટી વસ્તુ તરફનું આકર્ષણ વધતુ જાય છે. એ પણ એક પ્રકારની ભયંકર કમનશીબી છે ? આપણી સંસ્કૃતિમાં કઈ

આમી છે કે દરેક વાતમાં આપણે પશ્ચિમનું અનુકરણ કરવા મંડી પડયા છીએ? આપણી સંસ્કૃતિનું આજે આપણને ગૌરવ નથી. એટલે આપણે આપણી સંસ્કૃતિને દુનિયામાં ઝાંખી પાડી રહ્યા છીએ! સંસ્કારની જે જનેતા તેને સંસ્કૃતિ કહી શકાય, જેટલી મર્યાદા આપણે આપણી સગી જનેતાની સાચવીએ છીએ તેટલી જ મર્યાદા સંસ્કૃતિની જાળવવી જોઈએ.

જમાનાની ફેશન

આ કાળમાં સિનેમા અને સહ શિક્ષણે પણ આપણી સંસ્કૃતિના પાયા હચમચાવી મૂકયા છે. એમ કહીએ તો પણ ચાલે. આ બન્ને અનિષ્ટોની જુવાન માનસ પર ઘણી બરાબ અસર થાય છે.

જીવનમાં જ્યાં શરૂઆતથી જ સડો પેસે છે. પછી તેને કાઢવો બહુ ભારે પડી જાય છે. સિનેમા શરૂઆતથી જ માનવીના સંસ્કાર બગાડે છે. એક વાર માનવીના સંસ્કાર બગડયા પછી બગડવાનું શું બાકી રહ્યું? છતાં સિનેમા પ્રતિનું આકર્ષણ વધતું જાય છે. હજી બપોરના સમયે વેવિશાળ થયા હોય ત્યાંતો સાંજના સમયે બન્ને સિનેમા જોવા ઉપડી જાય છે. હરવું ફરવું, જ્યાં ત્યાં રખડવું, જે તે બાવું, નાટક સિનેમા જોવા એતો આ જમાનાની જાણે ફેશન થઈ પડી છે. કયાંથી આમાં માનવીના સંસ્કાર સુધરે, સંસ્કારની અપેક્ષાએ માનવીને આકાશમાં ઉડડયન કરવાનું હતું એટલે કે ઉચ્ચ ભૂમિકાએ પહોંચવાનું હતું. તેની જગ્યાએ માનવી ભ્રષ્ટાચારની તદ્દન નીચલી ભૂમિકાએ નીચે ને નીચે ઉતરતો જાય છે. આમાં માનવ સમાજને આગળ જતાં ઘણું સહન કરવું પડશે.

આ તો સવેળાની ચેતવણી છે. જો કે ઘણું મોડું થયું છે છતાં આવા અનિષ્ઠોને તિલાંજલિ આપો તો હજી કાંઈ બગડયું નથી.

પણ તમે તિલાંજલી એકદમ નહીં આપી શકો કારણ કે એમાં કેટલાક અંશે તમે પણ લેપાએલા છો. મહિનો બે મહિના ન થયા હોય ત્યાં તો તમને પણ સિનેમા જોવાની ઇચ્છા થઈ જાય છે. એ ઇચ્છાનો જેમણે નિરોધ કર્યો હોય તેમને અંતરનાં ધન્યવાદ ઘટે છે, પણ આ સભામાંથી હાથ ઉંચો કરો કેટલાએ સિનેમા જોવાની બાધા રાખી છે. આજે બીજી બધી બાધાઓ કરતાં પહેલી સિનેમાની બાધા કરવાની જરૂર છે.

અવસરે રાંક બને તેની હાંક કયાંથી વાગે

યુવાન વર્ગ તો સિનેમા પ્રતિ આકર્ષાએલો છે પણ તમને પણ કયારેક ઇચ્છા થઈ જાય છે. એ તો મહદાશ્ચર્યની વાત છે. છોકરાઓને ફિલ્મ જોવાની ઇચ્છા થાય એટલે ઘરમાં વડીલ પાસે પૈસાની માંગણી કરે. એટલે થોડીક વાર તો ઘરનાં વડિલ તેને ધમકાવે પણ બરાં. અલ્યા! હજી તો ગયા રવિવારે તું ફિલ્મ જોઈ આવ્યો ને આજે ફરી પાછો પૈસા માગવા આવ્યો? છોકરો કહે બાપુજી આજની ફિલ્મ તદ્દન નવી છે. અને ઘણી સરસ જોવા જેવી છે. માટે આજે પૈસા આપો. પછી આવતાં અઠવાડિયે પૈસા નહીં માગું. ત્યાં તો બાપ કહે બ્ત ઘરમાં તારા બાની ઇચ્છા હોય તો તેને પણ પૂછતો આવ. છોકરો તરત ઘરમાં પૂછવા જાય કે બા—બાપુજીએ પૂછાવ્યું કે તમારે ફિલ્મ જોવા આવવું છે? ત્યાં તેની બા પોતાની છોકરીને પૂછે, બેબી તારે સિનેમા જોવા આવવું છે? છોકરી કહે બા તમે જતા હો તો મારે પણ આવવું છે.

છોકરાંને તેની બા કહે, જા તારા બાપુજીને કહેજે, બા બેન બધાને ફિલ્મ જોવા આવવું છે. છોકરો આવીને તેના બાપને કહે બાપુજી બા બહેન બધા મારી સાથે ફિલ્મ જોવા આવે છે. ત્યાંતો બાપો કહે તમે બધા જતા હો તો ચાલો હું એ તમારી ભેગો આવું ? આ રીતે ઘરનાં વડિલ થઈને તમે પણ ચલતીમાં બેસી જાવ તો ઘર ઉપર તમારો કાબુ (કંટ્રોલ) કયાંથી રહેવાનો છે ? તમારે તો ઘરનાં વડિલ તરીકે ખૂબ જ મક્કમ રહેવું જોઈએ, અને તો જ તમારો ઘરનાં નાના મોટા દરેક ઉપર કાબૂ રહે. ઘરમાં તમારે તો એવા મક્કમ રહેવું જોઈએ કે ઘરમાં તમારી હાંક વાગે, તમે જ જ્યાં રાંક બની જાવ ત્યાં હાંક કયાંથી વાગે ? અને પછી છોકરાઓનો શું વાંક કાઢવો. તમારામાં પોલ જોઈ ગયા પછી તો છોકરાંઓ તમે આંખ કાઢો તો એ પછી તમારૂં ન માને, માટે ઘરનાં વડિલ તરીકે તમારે ખૂબ મક્કમ રહેવું જોઈએ. તો જ ઘરમાં તમારો પ્રભાવ પડે.

કહેવાનું એજ છે કે – સિનેમાએ અને ટી. વી. વીડીયાએ આ કાળમાં મનુષ્યોના સંસ્કાર ધનને ઘણું મોટું નુકશાન પહોંચાડયું છે. ધનની ખોટ પુરી શકાય પણ સંસ્કાર ધનની ખોટ શે પૂરી શકાય? માટે જે રસ્તે જવાથી સંસ્કાર ધનનો હ્રાસ થતો હોય તે રસ્તો જ મૂકી દેવો. સિનેમાથી જેમ સંસ્કાર બગડે છે તેમ આજની સહશિક્ષણની પ્રથાથી સહચાર વધે છે. અને સહચાર અંતે અનાચારને જન્મ આપે છે. જુવાન છોકરા–છોકરીઓને ભેગા ભણાવવા એ દારૂ ને દેવતા ભેગા કરવા બરાબર છે. પછી તેમાંથી પરિણામ કેવું આવે, સહશિક્ષણમાંથી કેવા અનિષ્ઠો જન્મે છે. એ આજે છાપાની દુનિયામાં કોઈનાથી કાંઈ અજાણ્યું નથી.

સંસ્કૃતિ અને સદાચારનું બંધારણ

તત્ત્વ દ્રષ્ટાઓએ સ્પષ્ટતયા ફરમાવ્યું છે કે :

માત્રા સ્વસ્રા દુહિત્રા ચ ન એકાંત પરિસેવનમ્ ।
બલવાન્ ઇન્દ્રિયગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ ॥

સગી માતા હોય કે સગી બહેન હોય અથવા સગી પોતાની પુત્રી હોય તેની સાથે પણ એકાંત નહિ સેવવું જોઈએ. આ ગાથા મહાભારતમાં આવે છે. વ્યાસ મહર્ષિએ આ સ્વરૂપે સ્પષ્ટ ઉદ્‌ઘોષણા કરી એટલે તરત તેમના કોઈ એક શિષ્યે કહ્યું કે, પ્રભુ ! સગી–બહેન દીકરી સાથે એકાંત સેવવામાં શું વાંધો છે. ભાવિની પ્રજા કયાંક તમને વેદિયા કહેશે. વ્યાસ મહર્ષિ પ્રત્યુત્તરમાં કહે છેઃ હે શિષ્ય? ઈન્દ્રિયોનો સમૂહ એટલો બધો બલવાન છે કે સામે નિમિત્તો ઉપસ્થિત થતાં ભલભલા વિદ્વાનોને પણ મોહમાં પાડી દે છે. શિષ્યને પોતાની શંકાનું સમાધાન મળ્યા પછી રોમેરોમમાં આનંદ છવાઈ ગયો. આ છે આપણા પૂર્વકાળનાં મહર્ષિઓએ ઘડેલું સંસ્કૃતિ અને સદાચારનું બંધારણ. આજે આ બધી મર્યાદાઓનું છડેચોક ઉલ્લંઘન થઈ રહ્યું છે, અને તેમાંથી જન્મતા અનિષ્ટોને આજે સૌ કોઈએ જાણી લીધેલા છે. અને હજી પણ સમજીને બધી મર્યાદાઓનું પાલન કરવામાં આવે તો એક વાર સૃષ્ટિ પર સ્વર્ગ ઊતરે !

મૂડીમાં વધારો કરો

આવા પડતા કાળમાં જૈન કુળમાં જન્મ મળ્યો તેના પ્રભાવે તમે અનેક રીતે બચી ગયા છો. પંચેન્દ્રિય વધ, માંસ ભક્ષણ, મદિરાપાન, જુગાર, શિકાર, વેશ્યાગમન જેવા મોટકાં પાપોથી સુકુળના પ્રભાવે બચી ગયા છો. હવે તો પુરુષાર્થ

કરીને તમારે રાત્રિભોજન, કંદમૂળાદિનું ભક્ષણ, અનીતિ મિથ્યાભાષણ, અપ્રમાણિકતા, નિંદા કુથલી જેવા પાપોથી પણ બચી જવું જોઈએ પોતાના પુત્રને પિતાએ જે મૂડી વારસામાં આપી હોય તેમાં પુત્ર જો હોશિયાર અને બુદ્ધિશાળી હોય તો વૃદ્ધિ કરે છે તેમ તમને સુકુળનાં પ્રભાવે જે સંસ્કાર મળ્યા છે તેમાં તમારે પણ અભિવૃદ્ધિ કરવી જોઈએ. સંસ્કાર એજ સાચી મૂડી છે. ત્યાગ અને તપની ઉત્કૃષ્ટતા અંગે જૈન કુળની બલિહારી છે.

એવાં શુભ કાર્યો કરો કે જેની સુવાસ રહી જાય

સારા કુળમાં જન્મ પામીને જૂઠું બોલવું અથવા નિંદા કુથલી કરવી, કોઈ સાથે વિશ્વાસઘાત કરવો અનિતી આચરવી. પરસ્ત્રી તરફ નબળી દૃષ્ટિ કરવી એ શ્રેષ્ઠ કુળને કલંકિત કરવા બરાબર છે. કુળને કલંક લાગે એવું કાંઈ પણ નહીં કરવું જોઈએ. સુકુળમાં જન્મ પામીને એવાં શુભ કાર્યો કરો કે જેની સુવાસ વર્ષોનાવર્ષો સુધી રહી જાય. માનવી આ ફાની દુનિયામાંથી વિદાય લઈ જાય છે, પણ તેના શુભ કાર્યોની સુવાસ તેની ગેરહાજરીમાં પણ દુનિયામાં રહી જાય છે. ભગવાન આદિનાથ કે ભરત ચક્રવર્તિ શુ આજ કાળમાં થઈ ગયા છે? એ મહાપુરુષોને થઈ ગએ આજે કોટી કોટી સાગરોપમનો કાળ પસાર થવા આવ્યો છતાં એ મહાપુરુષોને આજે આપણે સંભારીએ છીએ, જ્યારે આપણને બે પાંચ વર્ષ પછી એ કોઈ ભાગ્યે જ સંભારશે. કારણ કે એવા કોઈ શુભ કાર્યો આપણે આપણા જીવનમાં કર્યા નથી વિમળશા મંત્રી, કુમારપાળ ભૂપાળ, વસ્તુપાળ, તેજપાળ, ભામાશાં જગડુશા, જાવડશા, ધરણાસાશેઠ જેવા મહાપુરુષોને આજે આપણે હરઘડીએ યાદ કરતા હોઈએ છીએ. એમણે જીવનમાં કરેલાં કર્તવ્યો આપણને એ મહાપુરુષોની યાદ અપાવે છે, એ મહાપુરુષો ક્ષર દેહે આજે

આપણી સામે વિદ્યમાન નથી. પણ અક્ષરદેહે આજે આપણી સામે વિદ્યમાન છે. ઇતિહાસના ઉજ્જવળ પાને એ મહાપુરુષોનાં નામ સુવર્ણાક્ષરે લખાઇ ગએલાં છે.

કુમારપાળ મહારાજા અને વસ્તુપાળ, તેજપાળ જેવાના ચરિત્રો પંચ મહાવ્રતધારી શ્રમણ ભગવંતોએ લખ્યાં છે. હવે વિચારી જુઓ કે એ મહાપુરુષો જીવન સુવાસ કેવી મૂકી ગયા છે! પંચ મહાવ્રતધારી જેમના જીવનચરિત્રો લખવા કલમ ઉઠાવે એ શું નાનીસૂની વાત છે? તમે પણ જીવનમાં એવું કાંઈ કરી છૂટો કે તમારૂં જીવનચરિત્ર લખવા અમને કલમ ઉઠાવવાનું દિલ થઇ જાય. એ મહાપુરુષોએ કરેલાં શુભ કાર્યો તેમની કીર્તિનાં કળશરૂપ છે, બાકીએ મહાપુરુષોને કીર્તિ અંગેની લેશ પણ મનમાં અભિલાષા ન હતી. એ મહાપુરુષોએ બંધાવેલાં ભવ્ય જિન મંદિરોમાં કે ધર્મસ્થાનોમાં કયાંય પ્રાયઃ શિલાલેખ લાગેલા નથી, જ્યારે આજે તેના તે જ જિનમંદિરોના જીર્ણોદ્ધારાદિનાં કાર્યમાં હજાર પાંચસો રૂપિયા આપનારાઓનાં શિલાલેખ લાગી જાય છે કારણ કે તે કાળના મનુષ્યોમાં કર્તવ્યની ભૂખ હતી. જ્યારે આ કાળનાં મનુષ્યોમાં માત્ર કીર્તિની ભૂખ છે.

દૃષ્ટાંત

ભગવાન શ્રી ઋષભદેવ અષ્ટાપદગિરી પર્વત પર નિર્વાણ પામ્યા બાદ શ્રી ભરત ચક્રવર્તિએ એ પર્વત ઉપર ભવ્ય જિન મંદિરો બંધાવી તેમાં ચોવીશે જિન ભગવંતોની નિજ નિજ દેહ પ્રમાણે રત્નમય પ્રતિમાં ભરાવેલ હતી. એટલું જ નહિ પોતાના નવ્વાણુ ભાઈ, મરૂદેવી માતા બ્રાહ્મી સુંદરી વગેરે પોતાનાં પરિવારમાં મોક્ષ પામેલા દરેકની રત્નમય પ્રતિમાઓ ભરાવેલ. ભરત ચક્રવર્તિએ એવા મહાન સુકૃતનાં કાર્યો કર્યા

કે જેની અનુમોદના કરોડો સાગરોપમનાં કાળ સુધી ભાવિની પેઢી કર્યા કરે.

ભરતક્ષેત્રના ભૂષણરુપ તીર્થ

અષ્ટાપદ ગિરિપર્વત પર ભવ્ય જિનમંદિરો બંધાવ્યા બાદ અને તેમાં વિધિપૂર્વક રત્નમય જિન બિંબ પ્રતિષ્ઠા વિધિ પૂર્વક પધરાવ્યા બાદ ભરત ચક્રવર્તિ વિચારે છે આ મહાન તીર્થ કોડાકોડી સાગરોપમના કાળ પર્યંત જયવંત રહેશે. અને ભરતક્ષેત્રના ભૂષણરૂપ આ તીર્થ છે. આગળ જતાં વિષકાળનાં પ્રભાવે કંઈક લોભી પ્રકૃતિના મનુષ્યો થશે અને રખે એ બિચારાઓ તીર્થની આશાતના ન કરી બેસે એટલે બત્રીશ કોશ પ્રમાણ પર્વતની ઊંચાઈ હોવાથી એક એક જોજનને આંતરે ભરત ચક્રવર્તિ આઠ પગથિયાની પાજ બંધાવે છે. આઠ પગથિયાના હિસાબે એ તીર્થની પ્રખ્યાતિ અષ્ટાપદ તરીકેની થઈ જાય છે. આ રીતે અષ્ટાપદ તીર્થની સ્થાપના ભરત ચક્રવર્તિ જેવા અનુભવી મહાપુરુષને હાથે થયેલ છે. ત્યારબાદ ભરત ચક્રવર્તિ પણ આરિસાભૂવનમાં કેવલજ્ઞાન પામીને પ્રાંતે મોક્ષપદને પામ્યા છે.

ભગવાન ઋષભદેવે પ્રવર્તાવેલું ધર્મશાસન

પચાસ લાખ કોડ સાગરોપમનાં કાળ સુધી ભગવાન ઋષભદેવનું ધર્મશાસન આ ભારતભૂમિમાં ચાલુ અવસર્પિણિના કાળમાં રહ્યું છે. બેંતાલીશ હજાર વર્ષ ન્યુન એક કોટા કોટિ સાગરોપમ પ્રમાણ જે ચોથા આરાનો કાળ કહેવાય, તેના અર્ધા ભાગમાં ભગવાન ઋષભદેવનું શાસન હતું અને બાકીના ચોથા આરાનાં અર્ધા ભાગમાં ત્રેવીશ જિનપતિઓએ

પ્રવર્તાવેલું શાસન રહ્યું છે. ભગવાન ઋષભદેવે પ્રવર્તાવેલું શાસન અસંખ્ય પાટપરંપરા સુધી ચાલ્યું છે, જેને શાસ્ત્રોમાં યુગાંતકૃત ભૂમિ કહેવામાં આવે છે અને ભગવાન ઋષભદેવે પ્રવર્તાવેલા ધર્મતીર્થના આલંબને અસંખ્ય આત્માઓ આ ભરતક્ષેત્રમાંથી મુક્તિપદને પામ્યા છે. કારણ કે તેમણે પ્રવર્તાવેલું શાસન અસંખ્ય પાટ પરંપરા સુધી ચાલ્યું છે. ધર્મતીર્થને પ્રવર્તાવનારા મહાપુરુષોનું કેવું લોકોત્તર સૌભાગ્ય હોય છે! બાકીના ત્રેવીશ તીર્થંકરોનાં શાસનકાળમાં પણ સંખ્ય અસંખ્ય આત્માઓ મુક્તિ સ્થાનને પામ્યા છે.

ધન્ય ઇક્ષ્વાકુ કુળને

કુળમાં ઘણાં શ્રેષ્ઠ કુળ કહેવાય છે, પણ ઈક્ષ્વાકુ કુળની દુનિયામાં જોડ નથી. જેમાં બાવીશ તીર્થંકરો ઉત્પન્ન થએલા છે. શ્રી નેમનાથ અને મુનિસુવ્રતસ્વામી હરિવંશ કુળમાં ઉત્પન્ન થયેલા છે. ઈક્ષ્વાકુ કુળમાં ભરત ચક્રવર્તિ સૂર્યવંશી કહેવાણા અને બાહુબલી ચંદ્રવંશી કહેવાણા છે. ઇક્ષ્વાકુ કુળ એવું મહાન કે, જેમાંથી એકલાં રત્નો જ પાકચા છે. જગદ્ ઉદ્ધારક બાવીશ બાવીશ તીર્થંકરો જે કુળમાંથી પ્રકટચા એ કુળને સંબોધવા આપણી પાસે કોઈ શબ્દો નથી. આજનું જૈન કુળ પણ એવું શ્રેષ્ટ છે કે જેમાંથી કેળવાયેલાં આપણે વચમાં કહી ગયા તેમ કોહીનુર જ પાકે. બાકી શરૂઆતથી સંસ્કાર જો સારા ન મલ્યા હોય તો આ એવો પડતો કાળ છે કે વખતે સારા કુળોમાંથીયે હીરા પાકવાને બદલે પત્થરા પાકે. સુકુળમાંથી હીરા પકવવા હોય તો માતાપિતાએ પણ પોતાની જવાબદારી સમજવાની રહેશે.

અષ્ટાંપદ તીર્થની યાત્રાએ ઊપડેલા સગર ચક્રવર્તિના સાઠ હજાર પુત્રો

ભગવાન ઋષભદેવ પછી બીજાં તીર્થંકર ભગવાન અજિતનાથ પણ ઈક્ષ્વાકુ કુળમાં જન્મેલા છે. ભગવાન ઋષભદેવના સમયે તેમના પોતાના પુત્ર ભરત ચક્રવર્તિ હતા. જ્યારે અજિતનાથ ભગવાનના સમયે તેમના પોતાના બાંધવ સગર નામે ચક્રવર્તિ હતા. સગરચક્રવર્તીને સાઠ હજાર પુત્રો હતા. એક વાર સગરના સાઠે હજાર પુત્રો અષ્ટાપદ તીર્થની યાત્રાએ અને ભરત ચક્રવર્તિએ અષ્ટાપદ ગિરિ પર બંધાવેલા જિનમંદિરોનાં દર્શનાર્થે જાય છે. હવે આપણી મૂળ મુદ્દાની વાત આવે છે. બધા જિન મંદિરોને જુહાર્યા બાદ સગર ચક્રિના સાઠ હજાર પુત્રો મનમાં અનેરી પ્રસન્નતાને અનુભવે છે. નિજ નિજ દેહ પ્રમાણ ચોવીશે જિનેશ્વર ભગવાનની પ્રતિમાઓના દર્શન પૂજનથી તેમના રોમેરોમમાં અનુપમ આનંદ અને ઉલ્લાસ છવાઈ જાય છે. ઘરેઘર પરમાત્માના દર્શનથી જ્યારે દર્શન થાય છે ત્યારે જીવનમાં આનંદની અવધિ થઇ જાય છે. પરમાત્મ દર્શનથી જીવને જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય તેને જ દર્શનથી દર્શન કહેવામાં આવે છે. પછી અંદરથી આત્મા આનંદવિભોર બને છે. પ્રભુ જેવું આપના આત્માનું સ્વરૂપ તેવું જ નિશ્ચયથી મારા આત્માનું સ્વરૂપ છે. આપ મુકત અને હું બદ્ધ. આપ કર્મોના આવરણથી મૂકાએલાં અને હું બંધાયેલો! હું રાગી અને આપ વીતરાગ. હું મોહાંધ અને આપ નિર્મોહી, બસ નાથ! આપના આત્મા વચ્ચે અને મારા આત્મા વચ્ચે આટલું અંતર છે. આપ ભગવાન ને હું ભવમાં ભટકતો હું પરિગ્રહી અને આપ ત્યાગી. નાથ! આટલું અંતર જો ભાંગી જાય તો પછી લેશ આપના આત્મા અને મારા આત્મા વચ્ચે અંતર રહેતું નથી. આ અંતર

ભાંગવું એ સહેલી વાત નથી. પ્રબળ પુરુષાર્થના બળે અંતર ભાંગે છે. આ રીતે પોતાના આત્માના સ્વરૂપ અંગેની પ્રતીતિ થાય તેનેજ દર્શન કહેવામાં આવે છે. સગરના સાઠે હજાર પુત્રો તીર્થના દર્શનથી અનુપમ આનંદને અનુભવે છે.

શુભ કાર્યોની અનુમોદના

અષ્ટાપદ તીર્થની પૂજાની ઢાળમાં પૂ. દ્વીપવિજયજી મહારાજે આ પ્રસંગનું વર્ણન ઘણીજ સુંદર શૈલીમાં કર્યું છે. તેઓશ્રી ફરમાવે છે કે,

"પચાસ લાખ ક્રોડ સાગરનાં
પૂર્વજ પ્રતિ સંભારેજી.
આપણા કુળમાં ભરત નરેશ્વર
કીધા એહ વિહાર
સાંભળ સજની જી રે"

પચાસ લાખ ક્રોડ પ્રમાણ સાગરોપમનો કાળ પમાર થઈ ગયો, છતાં સગરના પુત્રો પોતાના પૂર્વજને સંભારે છે. આપણા કુળમાં થઇ ગએલાં ભરતચક્રિએ આ ભવ્ય જિનમંદિરો અષ્ટાપદ ગિરિ પર્વત પર બંધાવેલા છે. અહો! આપણા પૂર્વજોએ કેવા મહાન કાર્યો કર્યા છે!

ધન ભરતેશ્વર ધન મરૂદેવા,
ધન નવ્વાણું ભાઈ જી,
લાભ હેતુએ સુકૃત કીધાં,
એ આપણા પિતરાઈ
સાંભળ સજનીજી રે

તે ભરતેશ્વરને ધન્ય છે. નવ્વાણું ભાઇઓને પણ ધન્ય છે મરૂદેવા માતાને પણ ધન્ય છે. આપણા જેવાના લાભ માટે અને પોતાના આત્માના પારમાર્થિક લાભ માટે એમણે કેવા સુકૃતના કાર્યો કર્યા છે! જુઓ તો ખરા! આપણા પૂર્વજો કેવા મહાન થઈ ગયા! આ રીતે સાઠે હજાર સગરનાં પુત્રો પોતાના પૂર્વજોને સંભારો સંભારીને તેમણે કરેલાં શુભ કાર્યોની અનુમોદના કરે છે. ભાવિની તમારી પેઢીને અનુમોદના રહી જાય એવા શુભ કાર્યોનો વારસો તમે પણ મૂકતા જજો. આપણા કુળમાં થઈ ગયેલાં પુરુષોએ કેવા મહાન કાર્યો કર્યા છે! એવા સ્વરૂપે ભાવિની પેઢી તમને સંભાર્યા જ કરે. શકિત હોવા છતાં જીવનમાં જો એવા અનુમોદનીય કાર્યો ન થયા હોય તો સમજજો કે જંગલમાં ઊગેલા ગુલાબના ફૂલની જેમ આપણું જીવન નિષ્ફળ છે.

તીર્થરક્ષા અંગેના શુભ પરિણામ

પછી તો તેમનાં અંતરમાં તીર્થરક્ષા અંગેના પરિણામ પ્રગટે છે અને અષ્ટાપદને ફરતી ઊંડી ખાઈ ખોદે છે, અને તેની રજ નાગનિકાય સુધી પહોંચે છે. તરત નાગનિકાયના દેવો આવીને તેમને ઉપાલંભ આપે છે અરે! ભાઈ તમે આ શું કર્યું? તમે તો આ બાળક બુદ્ધિ કરી, નાગલોકના અપરાધી ઠર્યા છો. અપરાધ તો તમે એવો કર્યો છે કે ક્ષણવારમાં બાળીને ભસ્મીભૂત કરી નાંખુ પણ તમે ભગવાન ઋષભદેવનાં વંશજ હોવાથી તમારી પર અમે ક્રોધ કરતા નથી અને અમારી આ હિતશિક્ષા લક્ષમાં લેજો. ફરી આવો અપરાધ નહિ કરતા આ પહેલીવારનો અપરાધ અમે માફ કર્યો છે. હવે પછી માફ નહિ કરીએ. એમ કહીને નાગનિકાયના દેવો પોતાના સ્થાને જેવા ગયા કે પાછળથી સગરચક્રિના પુત્રો વિચારે છે. હવેથી આપણે બાઇ

ખોદવી નહિ, પણ આ ખોદેલી ખાઈને જો ગંગા નદીનાં નીરથી ભરી દઈએ તો તીર્થરક્ષાનું આપણું કાર્ય પૂર્ણ થઈ જાય. આ પ્રમાણે મનથી દૃઢ નિર્ધાર કરીને દંડરત્નવડે ખોદકામ કરીને ગંગાનદીને પૂર્વે તૈયાર કરેલી ખાઈ તરફ વાળે છે ખાઇ આખી ગંગા નદીનાં જળથી ભરાઈ જાય છે. ખાઇ ઘણીજ ઊંડી ખોદેલી હોવાથી ગંગાનદીનાં નીર નાગનિકાય સુધી પહોંચી જાય છે.

ત્યાં તો ક્રોધથી ધમ ધમી ઊઠેલા નાગનિકાયના દેવો ત્યાં આવીને ચક્રિના સાઠે હજાર પુત્રોને એકીસાથે બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. બધાના તીર્થરક્ષા અંગેના પરિણામ હોવાથી મૃત્યુને પામીને બારમાં દેવલોકમાં જાય છે, તીર્થરક્ષાના શુભ ભાવમાં એ આત્માઓ કામ કાઢી જાય છે. નાગનિકાયના દેવોએ તેમના શરીરને સળગાવી દીધા પણ તેઓ આત્માને સળગાવી શકયા નથી. તે આત્માઓના અધ્યવસાય ઊંચા હોવાથી બધા ઉર્ધ્વગતિના સ્થાનને પામ્યા છે. તીર્થરક્ષાના કાર્યો અંગેની જવાબદારી આજે પણ જૈન સંઘ ઉપર આવી પડેલી છે. તેની અંદર તન, મન, અને ધનથી ભોગ આપનારા મહાન પુણ્ય ઉપાર્જન કરવા પૂર્વક ઘણા કર્મોની નિર્જર પણ સાધી લે છે. આજે ચારે બાજુથી આપણાં પવિત્ર તીર્થો ઉપર આક્રમણો થઇ રહ્યા છે. એવા સમયે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે જરાએ ગફલતમાં રહેવા જેવું નથી. ઘર ઉપર આક્રમણ આવે તો જેમ આપણે ઊભા થઈ જઈએ છીએ તેમ આવા તીર્થરક્ષા જેવાં મહાન પવિત્ર કાર્યોમાં પણ ભોગ આપવા આપણે તત્પર રહેવું જોઈએ. આપણા ઘર અને વૈભવ કરતા પણ તીર્થ એ મહાન વસ્તુ છે. ઘર વૈભવમાં તો મોહભાવને પોષીને જીવ સંસાર સાગરમાં ડૂબે. જ્યારે તીર્થના આલંબને તો સંસાર સાગર તરી જવાય છે, તીર્થરક્ષાના પરિણામમાં પણ

કેટલી પ્રચંડ તાકાત રહેલી છે કે જેના પ્રભાવે સગરચક્રિના પુત્રો બારમાં દેવલોકને પામ્યા !

કુળનો મદ નહિ કરવો પણ ધાર્મિકવૃત્તિવાળા બનવું

સારા કુળમાં જન્મીને શુભ કાર્યો કરવા એમાં જ સુકુળની ખરી મહત્તા છે. બાકી કુળ અંગેનો મદ કરવો એ તો એક પ્રકારની અધમતા છે. ભગવાન મહાવીર પરમાત્મા ત્રીજા ભવે મરિચીના ભવમાં હતા અને તે ભવમાં મરિચીના જીવે કુળ અંગેનો મદ કર્યો.—

" अहो मे उत्तमं कुलं "

અહો ! મારું કુળ કેવું ઉત્તમ છે ! મારા પિતામહ આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણિ કાળના પ્રથમ તીર્થંકર અને મારા પિતા ભરત પ્રથમ ચક્રિ અને હું પ્રથમ વાસુદેવ વાહ ! મારું કુળ કેવું ઉત્તમ છે. આ રીતે કુળનો મદ કરવાથી કર્મ એવું બંધાઈ ગયું કે, સત્તાવીશમાં ભવે ભગવાન મહાવીર પરમાત્માને બ્રાહ્મણ કુળમાં જન્મ લેવો પડ્યો. ભગવાન મહાવીરના છેલ્લા ભવમાં પણ કર્મે પોતાનો પ્રભાવ બતાવ્યો. માટે શ્રેષ્ટ કુળ કે જાતિમાં જન્મ પામીને મદ નહિ કરવો પણ ધાર્મિકવૃત્તિવાળા બનવું.

સારા કુળમાં જન્મેલાઓના આજના નાટક સિનેમાના વાતાવરણે સંસ્કાર સારા રહેવા દીધા નથી. પહેલાના જમાનામાં તો પોતાના કુળના પ્રભાવે પણ પાપ કરતાં અટકી જતાં. અરે ! હું આવા જૈન જેવા શ્રેષ્ઠ કુળમાં જન્મેલો. મારા વડીલોના સંસ્કાર કેટલા ઊંચા ! મારાથી આવું કામ થાય ? મારાથી જૂઠું કેમ બોલાય ? મારાથી અનીતિ કેમ કરાય ?

મારાથી કોઈની થાપણ કેમ ઉલ્લંઘાય. મારાથી વિશ્વાસઘાત કેમ થાય ? અરર ! હું આવા ઘોર પાપ-આચરું તો મારું કુળ લાજે. આ રીતની વિચારણાથી પહેલાના કાળમાં મનુષ્યો પાપથી બચી જતા, જ્યારે આજે તો પાપ આચરતા કોઈ હળુકર્મી આત્મા હોય તેને જ આંચકો લાગે છે. બાકી તો પરલોકનો મનમાં ભય રાખ્યા વગર મનુષ્યો બેધડકપણે પાપ કરે જાય છે. પરંતુ એટલી વાત સૌ ધ્યાનમાં રાખે કે, વિપાકના સમયે પાપ કોઈનું સગુ થતું નથી. આ શાસનની ભાવિની આગાહીમાં ખુદ ભગવાન વર્ધમાન સ્વામીએ પોતાની અંતિમ દેશનામાં પુણ્યપાલ મંડલેશને આવેલા આઠ સ્વપ્નાના ફળ નિર્દેશમાં ફરમાવ્યું છે કેઃ

धार्मिका न भविष्यंति संजाता सुकुलेष्वपि ।

રાજન ! આગળ જતાં કાળ એવો આવશે કે સુકુળમાં ઉત્પન્ન થયેલા પણ ધાર્મિક આચાર વિચારવાળા નહિ હોય ! કમળાકરમાં ઉત્પન્ન થયેલાં કમળ જેમ સુગંધી હોય, તેમ સુકુળમાં જન્મેલાં સંસ્કારી હોવા જોઈએ. પરંતુ આગળ જતાં કાળ એવો આવશે કે સુકુળમાં જન્મેલામાંથી પણ સંસ્કારી ઘણાં ઓછા નિકળશે. મોટે ભાગે આજે એ જ પરિસ્થિતિ દેખાય છે. જન્મ નબળા કુળમાં થયેલો હોય પણ વિનય, વિવેક, જીવદયા અંગેના સંસ્કાર ઉંચા હોય તો તે કુળથી ચંડાળ કહેવાય પણ કર્મથી મહાન કહેવાય. તેમ જૈન જેવા શ્રેષ્ઠ કુળમાં જન્મ થયેલો હોય અને કર્મ જો નબળાં હોય તો તે કુળથી જૈન કહેવાય પણ કર્મથી અધમ કહેવાય.

સુકુળને અજવાળો.

આ વાતનો પડઘો શ્રીઉત્તરાધ્યયન જેવાં સૂત્રમાં પડેલો છે. તેમાં સ્પષ્ટ ફરમાવવામાં આવ્યું છે કે કર્મથી ક્ષત્રિય થવાય છે અને કર્મથી બ્રાહ્મણ થવાય. કર્મથી વૈશ્ય થવાય છે અને કર્મથી શુદ્ર થવાય છે. સત્ કર્મ અંગે જ સુકુળની શ્રેષ્ઠતા છે. બાકી ઘોર દુષ્કર્મ આચરવા અને સુકુળ અંગેનો મદ કરવો એ તો વદતો વ્યાઘાત જેવું છે. સદ્‌ગુણથી સમલંકૃત બની સૌ સુકુળને અજવાળો એજ એક મ્હેચ્છા.

વૃક્ષનાં ફળ વૃક્ષને પોષણ આપીને જો ખાવામાં આવે તો દરસાલ વૃક્ષ નવાં ફળ આપ્યા જ કરે અને વૃક્ષનાં મૂળને ઉખેડીને જો ફળ ખાવામા આવે તો ફરી કોઇ કાળે ફળની પ્રાપ્તિ થતી નથી. તેમ ધર્મરૂપી કલ્પવૃક્ષનાં સુખ, સૌભાગ્ય અને સંપત્તિરૂપી ફળ જો ધર્મરૂપી કલ્પવૃક્ષને પોષણ આપીને એટલે કે ધર્મને આરાધીને ખાવામાં આવે તો ભવોભવમાં ધર્મરૂપી કલ્પવૃક્ષ સુખ, સૌભાગ્ય અને સંપત્તિરૂપી ફળ આપ્યા જ કરશે અને પરંપરાએ મોક્ષ ફળની પણ પ્રાપ્તિ થશે. પણ ધર્મરૂપી વૃક્ષનાં મૂળને ઉખેડીને એટલે કે ધર્મને ભૂલીને સંસારનાં સુખ ભોગવવામાં આવે તો ફરી અનંતકાળે સુખ મળવું દુર્લભ છે.

અંતિમ અપૂર્વ આરાધના

જૈન શાસ્ત્રોમાં સતી મદનરેખાનું નામ ખૂબજ વિખ્યાત છે. સોળ મહાસતીઓમાં જેની ગણના થાય છે તે સતી મદનરેખાએ પોતાના પતિ યુગબાહુને અંતિમ સમયે અપૂર્વ આરાધના કરાવેલ હતી. તે આરાધના જૈન શાસ્ત્રોનાં પાને આજ પર્યંત નોંધાયેલી છે, જે આરાધના દરેક મુમુક્ષુ આત્માઓ માટે અત્યંત અનુકરણીય અને આદરણીય છે.

સતી મદનરેખા અત્યંત સ્વરૂપવાન હતા અને જેવું એ મહાસતીનું રૂપ હતું તેવું જ શિયળ હતું. સોનામાં સુગંધ જેવો સુમેળ હતો. સતી મદનરેખાનું શિયળવ્રત પર્વતની રેખા જેવું હતું. પર્વતની રેખાને કોઈ ભૂંસી ન શકે તેમ કોઇની તાકાત નથી કે સતી સ્ત્રીના શિયળનો ભંગ કરી શકે. સતી મદનરેખાના પતિ યુગબાહુ નામે હતા અને યુગબાહુના મોટાભાઈ મણિરથ હતા, જેઓ સુદર્શનપુર નગરના રાજવી હતા, જ્યારે યુગબાહુ યુવરાજ પદે હતા. કોઈવાર નિમિત્ત મળતાં મણિરથની દૃષ્ટિ મદનરેખાના સૌંદર્ય ઉપર પડે છે અને મણિરથ મદનરેખાના સૌંદર્યમાં લુબ્ધ બને છે. મણિરથ મદનરેખાના જેઠ હોવાથી મદનરેખા તેના માટે પુત્રીતુલ્ય ગણાય, છતાં કામવાસનાથી અંધ બનેલો માનવી એ જોતો જ નથી કે સામે કોણ છે અને કોણ નથી. ગીધની દૃષ્ટિ કરતાં કામાંધ અને સ્વર્થાંધની દૃષ્ટિ ભયંકર હોય છે.

પછી તો મદનરેખાને આધીન બનાવવા મણિરથ ઘણા ઘણા પ્રયાસો કરે છે, તેની ઉપર અનેક પ્રકારની કીમતી વસ્તુઓનાં ભેટણાં મોકલાવે છે, છતાં મદનરેખા તેને આધીન બનતી નથી. સામેથી સતી મદનરેખાએ કહ્યું કે, 'રાજન્ તમારી આ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ છે. રાજન્! જેની ઈચ્છા કરવી મહા પાપ છે તેનો તમે ઉપભોગ કરવાને ઈચ્છો છો. રાજન્! તમારી મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે. કામવાસનાની આધીનતાથી રાજા રાવણ જેવાનો પણ વિનાશ થયો છે. તો તમે તો કોણ માત્ર છો? ત્યાં મણિરથ વિચારે છે કે યુગબાહુ હયાત છે ત્યાં સુધી આ મને આધીન થાય તેમ નથી. માટે મારે પહેલો ઉપાય યુગબાહુના વધ માટેનો કરવો જોઈએ. એક પાપમાંથી બીજાં કેટલાં પાપ કરવા પડે છે તે આ ઉપરથી સમજી શકાય છે. વિષયવાસના એવી ભયંકર વસ્તુ છે કે તેમાંથી કયારેક રૌદ્ર ધ્યાન જન્મી જાય છે અને તેવા રૌદ્ર ધ્યાનથી જીવને ઘણી વાર નરકાયુનો બંધ પડી જાય છે. મણિરથને પોતાના સગાભાઈના વધ માટેના વિચારો આવ્યા. તેને હિંસાનુબંધી રૌદ્ર ધ્યાન કહી શકાય યુગબાહુના વધ માટે મણિરથ અહર્નિશ તેનાં છિદ્રો જોયા કરે છે અને જાણે પોતે મોકાની જ રાહ જોઈ રહ્યો છે.

આ બાજુ મદનરેખા સગર્ભા બને છે. મદનરેખા સ્ત્રી જાત હોવા છતાં અત્યંત ગંભીર હતાં. પોતાના પતિને મણિરથના બદાશયની તેમણે વાત પણ કરી નહિ. નાહક બન્ને ભાઈઓ વચ્ચે વિખવાદ થાય એટલે ખૂબ જ ગંભીરતા ધારણ કરી હતી. મદનરેખાને ચંદ્રયશા નામે મોટી ઉંમરનો

એક પુત્ર પણ હતો. છતાં મણિરથના ખરાબ આશયની કોઇને ગંધ પણ તેણીએ આવવા દીધી ન હતી. સ્ત્રીઓના પેટમાં વાત ટકે નહીં છતાં કેટલી ગંભીરતા તેણીએ દાખવી છે!

એકવાર વસંતઋતુ આવતાં મદનરેખા પોતાના પતિ યુગબાહુની સાથે નગરીની બહાર આવેલા ઉદ્યાનમાં જાય છે. ત્યાં આખો દિવસ અનેક પ્રકારની ક્રીડાઓ કરે છે. આમ કરતાં રાત પડી જાય છે. બન્નેને થાય છે કે આજે ઘેર જવું જ નથી બન્ને ત્યાં ઉદ્યાનમાં જ એક કદલીગૃહમાં શયન કરી જાય છે. આ બાજુ મણિરથ વિચારે છે કે, આજે મોકો ઠીક મળ્યો છે. હાથમાં તલવાર લઈને મણિરથ સીધો ઉદ્યાનમાં આવે છે અને યુગબાહુના સૈનિકો કે જે રાત્રિનો પહેરો ભરી રહ્યા છે તેમને પૂછે છે કે મારો ભાઈ યુગબાહુ કયાં છે? બધા પહેરેગીરો ઘડીભરને માટે તો વિસ્મય પામી ગયા કે આ રાજવી પોતે મધ્યરાત્રિના સમયે અહીં શા માટે આવ્યા છે? ત્યાં મણિરથ કહે છે કે, મારો નાનો ભાઈ અહીં ઉદ્યાનમાં કયાં સૂતેલો છે તે સ્થાન બતાવો. હું તેનું રક્ષણ કરવા અહીં આવ્યો છું. સૈનિકો કહે કે સામે કદલીગૃહમાં સૂતા છે. મણિરથ કદલીગૃહમાં જાય છે. પગનો અવાજ થતાં યુગબાહુ એકદમ જાગી ગયા અને મોટા ભાઈને બે હાથ જોડી પ્રણામ કરે છે. કેવી યુગબાહુની સરળતા છે. તે મોટાભાઈનું કેટલું બહુમાન જાળવે છે! જ્યારે મોટાભાઈના હૃદયમાં એકલું હલાહલ કાતિલ ઝેર ભર્યું છે. જગતમાં કેવી કર્મજન્ય વિષમતા છે કે જેનો પાર ભલ ભલા પામી શકતા નથી. સગા ભાઈ હોવા છતાં બન્ને વચ્ચે કેટલું અંતર છે?

પાપની પરાકાષ્ઠા

મણિરથ યુગબાહુને કહે છેઃ ચાલ હું તને તેડવા આવ્યો છું. આવા નિર્જન પ્રદેશમાં રાતવાસો કરવો એ અત્યંત જોખમ ભરેલું છે. કેવી ખોટી લાગણી બતાવે છે! માયા–કપટની પણ કોઇ અવધિ તો હોવી જોઈએને? યુગબાહુ સરળ હોવાથી મોટાભાઈની આજ્ઞા શિરોમાન્ય કરીને ત્યાંથી સુદર્શન નગર ભણી ચાલવા માંડે છે ત્યાં પાછળથી મણિરથ યુગબાહુની ગરદન પર જોરથી તલવારનો પ્રહાર કરે છે. યુગબાહુની કાયા એકદમ જમીન પર ઢળી પડે છે. બસ, પાપકર્મની આને પરાકાષ્ઠા કહી શકાય. એક ક્ષણિક વિષય વાસનાના સુખ માટે જીવ કેવાં ઘોર પાપ આચરે છે તે માટે આ મણિરથ દૃષ્ટાંતરૂપ છે. સંયમથી ઇંદ્રિયો પર વિજય મેળવનારા મનુષ્યોને આવાં ઘોર પાપ આચરવા પડતાં નથી. ખરેખર, સંયમધર્મની બલિહારી છે. તેવા સંયમી મનુષ્યો જ સદ્‌ગતિના અધિકારી બને છે. યુગબાહુને ધરતી ઉપર ઢળી પડેલા જોઈને અન્યાય, અન્યાય. અરે! કોઈ દોડો, દોડો મને ઘોર અન્યાય થયો છે એમ સતી મદનરેખા જોરથી પોકાર કરે છે. પોકાર સાંભળીને યુગબાહુના સુભટો એકદમ ત્યાં દોડી આવે છે અને મ્યાનમાંથી તલવારો બહાર કાઢીને મણિરથને કહે છે કે તમે આ શું કર્યું? તમે રક્ષક થઈને ભક્ષક બન્યા? સગાભાઈનો વધ કરીને ઘોર પાપ આચર્યું? ત્યાં મણિરથ લૂલો બચાવ કરતાં કહે છે કે, આ તલવાર અચાનક હાથમાંથી સરી જતાં આ ઘટના બની છે. કેવો પાંગળો બચાવ! માનવી આવાં ઘોર પાપ આચરીને પરમપદના અધિકારી એવા પોતાના આત્માને હાથે કરીને નરકાધિકારી બનાવે છે. ખરેખર આવા જીવોની જેટલી દયા ચિંતવીએ તેટલી ઓછી છે.

હવે આપણા મૂળ વિષયની વાત આવે છે. સતી મદનરેખાએ જોયું કે તલવારનો ઘા એવો જોરથી લાગ્યો છે કે મારા પતિ હવે કોઇ સંજોગોમાં બચી શકે તેમ નથી. ગામમાં તેમના પુત્ર ચંદ્રયશાને સૈનિકો તરફથી ખબર પહોંચતાં તે પણ ધન્વંતરિ વૈદ્યોને સાથે લઇને ત્યાં આવી પહોંચ્યો. વૈદ્યોએ ઘણા ઉપચાર કર્યા, પણ તલવારનો ઘા એવો લાગેલો કે કોઈની કોઈ કારી લાગી નહિ. આથી પોતાના મનને અત્યંત કઠણ બનાવીને રખે પોતાના પતિનું મૃત્યુ આર્તધ્યાનમાં ન થઈ જાય તે માટે મદનરેખા પોતાના પતિને અપૂર્વ અંતિમ આરાધના કરાવે છે. બીજી સ્ત્રીઓ જે સમયે રોકકળમાં પડી જાય તેવા સમયે સતી મદનરેખા મનોબળ કેળવીને પોતાના પતિને અપૂર્વ એવી અંતિમ આરાધના કરાવી શકયાં એ કોઇ જેવી તેવી સામાન્ય ઘટના નથી પણ એક અપૂર્વ ઘટના છે. પોતાનો સ્વાર્થ હણાવાના સમયે બીજાના પરમાર્થનો વિચાર આવે એ આત્માની ઘણી મહાન યોગ્યતા હોય તો જ બની શકે છે. ખરેખર સંસારમાં આવાં ધર્મપત્ની મળવાં પણ અત્યંત દુર્લભ છે. પ્રબળ પુણ્યના યોગે આવો સુયોગ મળે છે. પતિ મૃત્યુની શય્યા પર પોઢેલો છે. તેનું મૃત્યુ થતાં પોતાનું ભાવિ તદ્દન અંધકારમય બની જશે. તે અંગેનો લેશમાત્ર મનમાં વિચાર ન લાવતાં, રખે પોતાના પતિનો પરલોક ન બગડી જાય એટલી જ મનમાં જેણે ચિંતા રાખી છે તે સતી મદનરેખાને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

જીવનનો સરવાળો

પોતાના પતિની નજીક બેસીને તેમના કાનની પાસે મુખ રાખી સતી મદનરેખા મૃત્યુની શય્યા પર પોઢેલા પોતાના પતિને કોમળ વચનો વડે કહે છેઃ 'નાથ! ધૈર્ય ધારણ કરીને ચિત્તને સ્વસ્થ બનાવજો. અંતિમ ઘડીના સમયે કોઈના ઉપર રોષ કરશો નહિ. મદનરેખાને પોતાના પતિના આંખના ખૂણામાં લાલાશ દેખાણી હતી એટલે કહે છે કે તમે કોઈ પણ ઉપર રોષ કરશો નહીં. પોતાના જ કર્મોદયથી આ કષ્ટ પ્રાપ્ત થયેલ છે. તેને તમે સમતાભાવે સહન કરી લેજો. અંતિમ ઘડીએ પોતાના પતિને મદનરેખા કેવાં સુંદર બોધમય વચનો સંભળાવે છે! આવી ધર્મપત્ની તો કયારેક આવા અંતિમ સમયે ધર્મગુરુની ગરજ સારે છે. રખે પોતાના પતિને મૃત્યુ સમયે રાજા મણિરથ તરફ મનમાં રોષ ન રહી જાય તે માટે કહે છેઃ 'નાથ! પોતાના જ કર્મોદયથી પ્રાપ્ત થયેલું આ દુઃખ છે. તેમાં મણિરથ તો નિમિત્ત માત્ર છે. તેની તરફ મનમાં જરા પણ રોષ રાખશો નહિ, તેની તો દયા ચિંતવો. છેલ્લે રોષ રહી જાય તો પરલોક બગડે.' આમાંથી આપણે સૌએ ઘણું શીખવા જેવું છે. અંતિમ ઘડી સુધરી જાય તો આખો મનુષ્યજન્મ સફળ બની જાય. માનવી જે જીવન જીવી રહ્યો છે તેને માપવા માટે અંતિમ ઘડી પારાશીશી સમાન છે. મૃત્યુ એ જ આખા જીવનનો સરવાળો છે. તે સમયે આત્મા જો નિષ્કષાય અને નિઃશલ્ય બની ગયો હોય તો ભવાંતરમાં સદ્ગતિ જરૂર તેની રાહ જુએ.

સતી મદનરેખા આગળ વધીને કહે છે કે, 'નાથ! પ્રાણીને પોતાનાં કર્મ જ અપરાધી છે. તેમાં બીજા કોઈનો દોષ નથી. આ ભવમાં કે પરભવમાં પ્રાણી જે શુભાશુભ કર્મ

આચરે છે તેજ કર્મો ઉદયકાળના સમયે પ્રાણી માત્રને વેદવાનાં રહે છે. તેમાં બીજા તો નિમિત્ત માત્ર છે. સતી મદનરેખા અંતિમ ઘડીએ પોતાના પતિને કેવી અનુપમ દૃષ્ટિ આપે છે? મદનરેખાની દિવ્યવાણી સાંભળતાં યુગબાહુની આંખમાંથી મણિરથ તરફનું ઝેર ધીમેધીમે નીતરતું જાય છે અને તેની બન્ને આંખોમાં જે રોષની લાલાશ હતી તેની જગ્યાએ મૈત્રીભાવનું અમૃત છલકાઈ જાય છે. આગળ વધીને કહે છેઃ 'નાથ! હવે છેલ્લે અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનું શરણ અંગીકાર કરો. કેવી સુંદર આરાધના કરાવે છે! જીવને છેલ્લે છેલ્લે જેનું શરણ છે, તેનો પહેલાંથી જ અંગીકાર કરે તો એક સમય એવો આવે કે સદાકાળ માટે જીવ મૃત્યુના ભયમાંથી મુક્ત બની જાય. ભય ઊભો થાય એટલે માનવી શરણ ગોતે છે. તેમ જેને ભવનો ભય લાગ્યો હોય તે અરિહંતનું શરણ સ્વીકારે છે. અંતકાળે જેને અરિહંત સાંભરી આવે તેનો તો બેડો પાર થઈ જાય.

ચાર શરણ અંગીકાર કરાવીને મદનરેખા પોતાના પતિને અંતિમ આરાધનામાં જીવહિંસા વગેરે અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરાવે છે અને કહે છેઃ 'હે બુદ્ધિનિધાન! પરલોકનું ભાતું બાંધો. પૂર્વે સેવાઈ ગયેલા પાપ કર્મોની આત્માની સાક્ષીએ ખૂબ ખૂબ નિંદા કરો. સર્વ પ્રાણી માત્ર સાથેના અપરાધને ખમાવી લો, એટલું જ નહિં, તેમણે તમારા કોઇપણ અપરાધ કર્યા હોય તો તેમને પણ ક્ષમા આપો.'

'नाशयेन्निजमेवार्थं द्वेषस्तस्माद् विमुञ्च तम् ।
सुहृदो मम सर्वेऽपि जीवा इति विभावय ॥

પોતાના જ પરમાર્થનો નાશ કરનારો એવો જે દ્વેષ તેનો તમે ત્યાગ કરો અને સર્વ જીવ મારા મિત્ર છે એ રીતના મૈત્રીભાવનું ચિંતન કરો. છેલ્લે મૃત્યુ સમયે કેવા પ્રકારનું ચિંતન કરવું જોઈએ તેનો આખો સાર આ ગાથામાં આવી જાય છે. જેવા ભાવમાં જીવ છેલ્લે દેહ છોડે છે તેવા જ ભાવમાં તે ભવાંતરમાં ઉત્પન્ન થાય છે. આખા જીવનમાં કરેલી સાધનાનું તાત્વિક ફળ એજ છે કે, છેલ્લે લેશ્યા બગડી ન જાય. રાગ અને દ્વેષ બન્ને જીવના પરમાર્થનો નાશ કરનારા છે. માટે છેલ્લે પણ તેનો ત્યાગ કરી દેવો જોઈએ. રાગ અને દ્વેષ જ જીવને ચાર ગતિમાં રખડાવનારા છે. જીવ છેલ્લે શરીર છોડે તે પહેલાં રાગ ને દ્વેષ છૂટી જાય તો જીવને દુર્ગતિના દ્વારમાં દાખલ ન થવું પડે.

'धन–स्वजन–मित्रादावभिष्वङ्गं च मा कृथाः।
न हि प्राणभृतां तानि भवेयुः शरणं भवे ॥

'ધીરજને ધારણ કરનારા હે ધીર! ધન, સ્વજન કે મિત્ર આદિ છેલ્લે કોઇ પણ ઉપર રાગનો અનુબંધ રાખશો નહિ તેમાંના ખરા સમયે કોઈ શરણરૂપ નથી. સ્વજન આદિને જીવ જે વળગતો જાય છે એ તો બાવળને બાથ ભીડવા જેવું છે. સ્વજન આદિને કલ્યાણને રસ્તે દોરી જવા એ ઘણી ઉત્તમ વાત છે. તેમજ કુટુંબ અંગેની પોતાની ફરજ બજાવવી પડે તેમાં પણ વાંધો નથી, પણ તેમાં અપ્રશસ્ત ભાવે રાગ પોષવા જેવો નથી. તીવ્ર અશાતાના ઉદયકાળે અથવા મૃત્યુના સમયે તેમાંથી કોઇ રક્ષણ કરી શકે તેમ નથી. તેવા સમયે તો ધર્મ જ જીવનું રક્ષણ કરી શકે છે. ધર્મપરિણત આત્મા ગમે તેવા અશાતાના ઉદયકાળને પણ સમાધિભાવે વેદી લે છે અને મૃત્યુને પણ મિત્રની જેમ ભેટી શકે છે. માટે નાથ! નિર્ધાર કરો કે ધર્મ

જ બરું બંધન અને સાચો કલ્યાણમિત્ર છે અને આપ હવે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વગેરે ચારે આહારના પચ્ચકખાણ કરો અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવા પૂર્વક શરીર તરફના મમત્વ ભાવનો પણ ત્યાગ કરી દો.'

'स्मृतेन येन पापोऽपि जन्तुः स्यान्नियतं सुरः ।
परमेष्ठिनमस्कारं मन्त्रं त स्मर मानसे ॥'

'છેલ્લે જેનું સ્મરણ કરવાથી પાપી મનુષ્ય પણ અવશ્ય સદ્ગતિને પામે છે તે પંચપરમેષ્ઠી નમસ્કારનું, નાથ!' મનમાં સ્મરણ કરો. નમસ્કાર મહામંત્રનો મહિમા અપરંપાર છે. ચૌદ પૂર્વધરો પણ છેલ્લે નમસ્કાર મહામંત્રનું શરણ અંગીકાર કરે છે નવકાર મહામંત્રમાં ચૌદે પૂર્વનો સાર છે.

આખીયે દ્વાદશાંગી પરિણામની શુદ્ધિ માટે છે અને તે પરિણામની શુદ્ધિ નમસ્કાર મહામંત્રના સ્મરણથી પણ થઈ શકે છે. જે કાર્ય દ્વાદશાંગીના આલંબનથી થાય છે તે જ કાર્ય નમસ્કાર મહામંત્રના આલંબનથી થાય છે, માટે નમસ્કાર મહામંત્ર એ ચૌદ પૂર્વના અથવા આખીયે દ્વાદશાંગીના સારરૂપ છે. કારણ કે અંદરના પરિણામની શુદ્ધિ વિના તો નિશ્ચયથી ધર્મ છે જ નહિ અને પરિણામની શુદ્ધિ માટે સાધક દશામાં આલંબનની જરૂર રહે છે. તે માટે નવકાર એ શ્રેષ્ઠ આલંબન છે.

સતી મદનરેખા અંતિમ આરાધનામાં પોતાના પતિને કહે છે, 'નાથ! આપ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો અને રાજ્ય, સ્વજન આદિ તથા દરેક વસ્તુ તરફની મમત્વભાવના ત્રિવિધે ત્રિવેધે વોસિરાવી દો. કોઈ પણ બાહ્ય વસ્તુની વળગણા મનમાં રાખશો નહિ. છેલ્લે જીવને જેમાં આસક્તિ રહી જાય

તેમાં ભવાંતરમાં ઉત્પત્તિ થાય છે. આ રીતે સતી મદનરેખાના મુખમાંથી નીકળતાં વચનો મૃત્યુની શય્યા ઉપર પોઢેલા યુગબાહુ બે હાથ જોડીને ખૂબ જ ભાવથી અંગીકાર કરે છે અને ત્યારબાદ આરાધના સ્થિરચિત્તે સાંભળ્યા પછી બીજી જ ક્ષણે મૃત્યુ પામીને પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આરાધનાના પ્રભાવે તેમના અધ્યવસાય ખૂબ નિર્મળ થઈ ગયા. મંત્રમણિના પ્રભાવે ઝેર ઊતરી જાય તેમ આરાધનાના પ્રભાવે તેમનું રાજા મણિરથ તરફનું દ્વેષરૂપી ઝેર ક્ષણવારમાં ઊતરી ગયું અને જે તેમનો આત્મા આર્તધ્યાનની પરંપરામાં પડી જવાની તૈયારીમાં હતો તેના બદલે ધર્મધ્યાનમાં સ્થિર બની ગયો અને યુગબાહુ આપણા માનવજીવનના સારને પામી ગયા. છેલ્લે સતી મદનરેખાની જેમ આરાધના કરાવનારાં મળી આવવાં અતિ દુર્લભ છે. આજે તો મોટેભાગે છેલ્લે રોક્કળ કરતાં હોય છે અથવા વીલની વેતરણમાં પડ્યાં હોય છે, પણ સામાનું મૃત્યુ ન બગડી જાય એ રીતની ચિંતા રાખનારા કોઈ વિરલા જ હોય છે. મદનરેખાંએ આ રીતની પોતાના પતિના આત્માની ચિંતા રાખીને તેમને સમાધિ મૃત્યુના અધિકારી બનાવ્યા.

રોજિંદી આરાધના

મદનરેખાએ છેલ્લે કરાવેલી આરાધના દરેક મુમુક્ષુએ હ�ૃદયમાં લખી રાખવા જેવી છે. અંતિમ ઘડી તો એક દિવસે સૌને આવવાની છે. તેને સફળ બનાવવા આ વિચારણા સફળ નીવડવાની છે. અંતિમ આરાધના પામવા રોજિંદી આરાધના ચાલુ રાખવી જોઈએ. મુનિ ભગવંતો તો સદા આરાધનામાં જ રત હોય છે. ગૃહસ્થો માટે સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, દાન, શિયળ, તપ, ભાવધર્મ વગેરેની આરાધના એ

અપૂર્વ આરાધના છે. તદુપરાંત દરેક ગૃહસ્થોએ રાત્રે સૂતાં પહેલાં અહર્નિશ આખા દિવસમાં સેવાઈ ગયેલાં દુષ્કૃત્યોની આત્માની સાક્ષીએ નિંદા કરવી જોઇએ. દુષ્કૃત્યોની નિંદા કરવાથી નિબિડ એવાં કર્મોના બંધ શિથિલ થઈ જાય છે અને હૃદયમાં ઘણી કુણાશ આવે છે. ફરી પાપ આચરવાના સમયે હૃદયમાં બળાપો રહે છે.

દુષ્કૃત્યની નિંદા કરવા પૂર્વક સુકૃતની અનુમોદના કરવી જોઇએ. આખા દિવસમાં જે કોઈ સુકૃતનો લાભ મળ્યો હોય તેની પુનઃ પુનઃ અનુમોદના કરવાથી ઘણા મોટા લાભનું કારણ થાય છે. કરેલાં સુકૃતની બીજાના મોંએ પ્રશંસાનો નિષેધ છે, પણ સ્વ–આત્માની સાક્ષીએ અનુમોદના જરૂર કરવી જોઈએ. પ્રશંસા એ બાહ્ય વસ્તુ છે, જ્યારે અનુમોદનાં એ અંતરંગ વસ્તુ છે. વારંવારની અનુમોદનાથી સુકૃતનાં મૂળ ઊંડા જાય છે અને પરંપરાએ મોક્ષરૂપી અમૃત ફળની પ્રાપ્તિ થાય છે.

ત્રીજા નંબરમાં શયન પહેલાં મૈત્રી આદિ ચારે ભાવનાઓનું ઊંડાણથી ચિંતન કરવું જોઈએ. પરના હિતની ચિંતા તે મૈત્રી છે. બીજાના દુઃખનો વિનાશ કરવાની બુદ્ધિ તે કરૂણા. બીજાનો ઉત્કર્ષ જોઈ મનમાં પ્રસન્ન થવું તે પ્રમોદ અને બીજાના દોષની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થભાવના છે. આ મુજબ મૈત્રી, કારૂણ્ય, પ્રમોદ અને માધ્યસ્થભાવનાનું પા–અડધો કલાક સૂતાં પહેલાં અથવા સવારે ઊઠીને ચિંતન કરવું એ પણ અપૂર્વ આરાધના છે. ચારે ભાવનાઓના ચિંતનથી હૃદયની વિશુદ્ધિ થાય છે. અને એવી વિશુદ્ધિ પરંપરાએ ચિત્તની સમાધિમાં કારણ બને છે.

ત્યારબાદ રાત્રે શયન કર્યા પહેલાં શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનું શરણ અંગીકાર

કરવું જોઈએ. અરિહંત પરમાત્મા રાગ–દ્વેષ આદિ અઢાર દોષથી મુક્ત છે; ઇંદ્રો અને નરેંદ્રોથી પણ પૂજિત છે, મોક્ષ માર્ગને પ્રવર્તાવનારા છે. એક શ્રી અરિહંતની યથાસ્થિત સ્વરૂપમાં ઓળખાણ થઇ જાય તો જીવ અંતર્મુખ દશાને ઘણી સહેલાઈથી પામી જાય. અંદરના કામ, ક્રોધ, રાગ, દ્વેષ આદિ શત્રુઓને જે હણનારા તેમને અરિહંત કહેવામાં આવે છે. આવા અરિહંતની શરણાગતિ સ્વીકારનાર ભવોભવના ભયમાંથી સદાકાળ માટે મુક્ત બને છે.

સિદ્ધ ભગવંતો અજરામર સ્થાનને પામેલા છે. સિદ્ધ ભગવંતોનો પણ જગત આખા ઉપર મહાન ઉપકાર છે. એક આત્મા સિદ્ધપદને પામે ત્યારે બીજી બાજુ બીજો એક આત્મા અવ્યવહાર રાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે. આ સિદ્ધ ભગવંતોનો જેવો તેવો ઉપકાર છે ?

સ્વપરના કલ્યાણને સાધે તેમને સાધુ કહેવામાં આવે છે. શ્રીજિને ઉપદેશેલો અહિંસા, સંયમ અને તપરૂપ જે ધર્મ તેને ધર્મ કહેવામાં આવે છે. આ ચારેનું અહર્નિશ શરણ અંગીકાર કરવાથી જીવના તથાભવ્યત્વનો પરિપાક થાય છે. ભવ્યત્વનો પરિપાક થતાં જીવ માટે મોક્ષમાર્ગની પ્રાપ્તિ ઘણી સુલભ બની જાય છે જીવમાં મોક્ષે જવાની જે યોગ્યતા તેને ભવ્યત્વ કહેવામાં આવે છે. તે ભવ્યત્વ ભવી જીવમાં સમાન હોવા છતાં તથાભવ્યત્વ દરેક જીવોમાં ભિન્ન હોય છે. આ રીતની રોજિંદી આરાધના ચાલુ રાખનાર અંતિમ આરાધનાને ઘણી સહેલાઈથી પામી શકે છે.

છેવટે યુગબાહુ આરાધનાના ફળરૂપે પાંચમાં દેવલોકને પામ્યા. જ્યારે મણિરથ ત્યાંથી ભાઈનો વધ કર્યા બાદ પોતાના

નગર ભણી પૂરવેગમાં આગળ ધપી રહ્યા હતા ત્યાં રસ્તામાં સર્પદંશ થતાં મૃત્યુ પામીને પાંચમી નરક–પૃથ્વીમાં ઉત્પન્ન થયા. કર્મ કોઇને છોડતો નથી. અતિ ઉગ્ર પુણ્ય કે પાપ જીવને કેટલીક વાર આ ભવમાં જ ભોગવવાં પડે છે.

પાછળથી સતી મદનરેખાને પણ શિયળ ધર્મની રક્ષા માટે ઘણાં કષ્ટો વેઠવાં પડ્યાં છે. તેમ સગર્ભા હોવાથી જંગલમાં પુત્રને જન્મ આપેલો, જે નમિ રાજર્ષિ તરીકે જૈન શાસ્ત્રોમાં પ્રખ્યાત છે. સતી મદનરેખાને એ ખબર નહોતી કે, મણિરથ રાજા રસ્તામાં મૃત્યુ પામી ગયા છે એટલે પોતાના શિયળની રક્ષા માટે પોતાના પતિના મૃત્યુબાદ તેઓ ત્યાંથી ઘોર જંગલમાં ચાલી નીકળ્યાં. તેમના પુત્ર ચંદ્રયશા પણ ત્યાં હાજર હતા, પણ સૌ શોકાતુર બનેલા હોવાથી અને રાત્રિનો સમય હોવાથી, મદનરેખા કયારે ત્યાંથી ચાલી નીકળ્યા તેની કોઈને ખબર પડી નહીં. તેમને જંગલમાં જે પુત્રને જન્મ આપ્યો હતો તે પરંપરાએ મિથિલાના રાજવી નમિરાજા તરીકે પ્રખ્યાત થયા હતા. પ્રાંતે દીક્ષા અંગીકાર કરીને નમિરાજા મોક્ષપદને પામ્યા હતા. મદનરેખાં પણ છેલ્લે ચારિત્ર અંગીકાર કરીને દિવ્ય ગતિને પામ્યાં છે. તેમનું આખું ચરિત્ર લખવા જઈએ તો એક મોટું પુસ્તક તૈયાર થઇ જાય. આ તો તેમણે પોતાના પતિને કરાવેલી અપૂર્વ અંતિમ આરાધના પૂરતો જ વિષય સમજાવવાનો હોવાથી તેટલા વિષય ઉપર જ વિવેચન કર્યું છે. તેમણે કરાવેલી અપૂર્વ આરાધનાના સારને સૌ પામી સાચા આરાધકભાવને પામો એ જ એક અભિલાષા !

જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા (પૂર્વાર્ધ)

આજે રવિવારના દિવસે 'જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે.

જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કહો અથવા ધર્મનું સ્થાન કહો, એકની એક વાત છે. ગમે તેવો વિશાળકાય હાથી હોય પણ તે જેમ દંતુશળ વિના શોભતો નથી, અશ્વ દેખાવમાં ગમે તેવો સુંદર હોય પણ તે તેની સુંદર ચાલ વિના શોભતો નથી, ચંદ્રવિના રજની શોભતી નથી; વિનય ગુણ વિના પુત્ર શોભતો નથી તેમ ધર્મ વિનાં જીવન શોભતું નથી. શરીરની શોભા ઉપર ઉપરથી ગમે તેટલી સારી હોય પણ તેમાં જીવ ન હોય તો તે શોભા શા કામની? તેમ ધર્મ વિનાતું જીવન એ જીવ વિનાનાં મૃતકલેવર જેવું છે. પૂ૦ આચાર્ય ભગવાન શ્રી. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ગ્રંથમાં ફરમાવે છે કે—

'उपादेयश्च संसारे धर्म एव सदा बुधैः
विशुद्धो मुक्तये सर्व यतोऽन्यद् दुःखकारणम् ॥

साधनने साध्य न मानो

આ સંસારમાં વિશુદ્ધ ધર્મ જ બુધજનોને મુક્તિ અર્થે સદા ઉપાદેય છે—આદરથી ગ્રહણ કરવા યોગ્ય છે; કારણ કે બીજું બધું ય અંતે દુઃખનું કારણ છે. હેય, જ્ઞેય અને ઉપાદેય.

આ ત્રણમાં બધાં તત્ત્વો સમાઈ જાય છે. નવ તત્ત્વમાં આશ્રવ, બંધ અને પાપ એ ત્રણ તત્ત્વો હેય છે પુણ્યાનુબંધી પુણ્ય સંવર, નિર્જરા અને મોક્ષ એ ઉપાદેય છે. જીવ અને અજીવ એ જ્ઞેય છે. હેયનો અર્થ છાંડવાયોગ્ય, ઉપાદેયનો અર્થ આદરવાયોગ્ય અને જ્ઞેયનો અર્થ જાણવા યોગ્ય છે. જીવનમાં ધર્મ અને મોક્ષની જ ઉપાદેયતા હોવી જોઈએ. તમે કહેશો કે, મહારાજ! તમે ગમે તેટલું સમજાવો પણ અમારા અંતરમાં તો રોડા તે કુકાની ઉપાદેયતા બેઠી છે. અમને તો ભજકલદારમ્ ઉપાદેય લાગે છે અને જીવનમાં ડગલે ને પગલે જરૂર પણ અમને એની જ જણાય છે. સવારના અમારે શાકમારકીટમાં જવું હોય તોયે ખિસ્સામાં પાંચ-દશ રૂપિયા જોઈએ, માટે અમારા મગજમાં એની હેયતા શી રીતે બેસે? અને ધર્મની ઉપાદેયતા દીમાગમાં શી રીતે આવે?

એ બધી વાત તમારી સાચી છે. અર્થ એ જીવનમાં સાધનરૂપ વસ્તુ છે. ગૃહસ્થીને જીવનમાં એની જરૂર પડે એ બધી વાત કબૂલ છે. તમે કાંઇ અમારી જેમ બાર વાગે હાથમાં ઝોળી લઇને નીકળી શકવાના નથી, પણ તમે સાધનને સાધ્યરૂપ માની બેઠા છો ત્યાં અમારો વાંધો છે. **તમે અર્થાર્જન કરતા હો એ તમે જાણો પણ એની નિસારતા તમારા મગજમાંથી જવી ન જોઈએ. નિર્વાહના ધ્યેયથી નીતિના રસ્તે ચાલીને અર્થાર્જન તમારે કરવું પડતું હોય એ જુદી વાત છે, પણ તેમાં બહુ ભેગું કરવાની બુદ્ધિ ન હોવી જોઈએ. ગમે તેટલું મેળવેલું હશે પણ અંતે મૂકીને જવાનું છે, ત્યાં સંગ્રહ કોના સારું કરવું પડે છે?**

માટે જીવનમાં ઉપાદેયતા તો ધર્મની જ હોવી જોઈએ. જ્યાં સુધી જીવનનાં ધર્મની ઉપાદેયતા ન આવે અર્થ અને કામની હેયતા ન સમજાય ત્યાં સુધી જીવ પહેલે ગુણઠાણે છે. આજે તમારી અર્થાર્જન કરવા માટેની તડામાર પ્રવૃત્તિ જ્યાં જોઈએ છીએ અને ધર્મમાં ઉદાસીનતા જોઈ એ છીએ ત્યાં અમને ઘડીભર વિચાર થઈ આવે છે કે, આ જીવો કયા ગુણઠાણે વર્તતા હશે ? તમે જ કહોને કે આજે ચોવીશ કલાકમાં તમારી અર્થાર્જન માટેની પ્રવૃત્તિ કેટલી અને ધર્મમાં પ્રવૃત્તિ કેટલી ?

સભામાંથી : ધર્મમાં માંડ એકાદ કલાક.

અને અર્થાર્જનમાં કેટલા કલાક ? બાકીના બધાય કલાક અર્થાર્જનની પ્રવૃત્તિમાં જ સમજી લેવાને ! ત્યારે એમ જણાય છેકે, જીવનમાં ધર્મની ઉપાદેયતા આવી નથી અને અર્થની ઉપાદેયતા મગજમાંથી ગઈ નથી. શ્રી વીર વિજયજી મહારાજ પૂજાની ઢાળમાં જણાવે છે કે—

"સંસારમાંહે, એક સાર જાણી, કંચન–કામિની રે,
ન ગણી જપમાળા એક નાથ !, નિરંજન નામની રે."

૬કાર–કંપની

કંચન, કામિની, કાયા, કુટુંબ અને કીર્તિ—આ પાંચ ૬કારને જીવે સારરૂપ માન્યા છે. પણ એને ખબર નથી કે, આ ૬કાર કંપની અંતે દિવાળિયા કંપની છે. "ધી કાયાકંપની સગા શેરહોલ્ડરો મેનેજર જીવાત્મા." પણ એ શેરહોલ્ડરો બધાય કંપની નફો કરી આપે ત્યાં સુધીના જ સગા છે. પછી અંતે ભોગવાનું મેનેજર જીવાત્માને છે. આ પાંચ ૬કારની

સાધનામાં તો જીવ અમૂલ્ય એવા નરદેહને હારી જાય છે. ધર્મની ઉપાદેયતા જીવનમાં કેવી હોવી જોઈએ તે દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છે.

દ્રષ્ટાંત

પોતનપુર નામે એક નગર છે. તે નગરના રાજાનું નામ સોમચંદ્ર છે. તે રાજાને ધારિણી નામે પત્ની છે. એકવાર રાજા, રાણી બન્ને ગવાક્ષમાં બેઠેલાં છે. મહારાણી મહારાજાનાં માથાના વાળ સાફ કરી રહ્યાં છે. તેમાં મહારાણીને એક સફેદ વાળ દેખાય છે, અને મહારાણી મહારાજાને કહે છે કે, 'રાજન્! દૂત દ્વાર ખખડાવી રહ્યો છે'

ત્યાં રાજા ચારે બાજુ નજર ફેરવે છે અને મહારાણીને કહે છે કે, 'દૂત મને કેમ દેખાતો નથી?'

રાણી રાજાને કહે છે કે, 'રાજન્! કોઇ રાજા તરફથી દૂત આવ્યો નથી. આ તો યમરાજાનો દૂત આવ્યો છે.'

તરત જ રાણી રાજાના હાથમાં સફેદ વાળ આપે છે. યુવાવસ્થાનો નાશ કરનાર ત્રીજી વૃદ્ધાવસ્થાનું જાણે પરમ શસ્ત્ર ન હોય તેવા તે મસ્તકના સફેદ વાળને જોઈને રાજા અત્યંત દુઃખી થયો. રાજાના મોં ઉપર ગ્લાનિ છવાઈ ગઇ.

રાજાને ચિંતામગ્ન જોઈને રાણી કહે છે કે,' વૃદ્ધાવસ્થા આવવાની આગાહી માત્રથી એટલા બધા કેમ ગભરાઇ ગયા છો? આપને જો વૃદ્ધાવસ્થાનાં આવાગમનનો મનમાં ખેદ રહેતો હોય તો હું આખા નગરમાં ઢોલ વગડાવીને જાહેરાત કરીશ કે જેથી કોઈ આપની વૃદ્ધાવસ્થાને પ્રગટ ન કરે' રાણીની આ વાત સાંભળીને રાજાને મનમાં થાય છે કે, રાણી

મારા મનની વ્યથા સમજી શકયાં નથી. રાજા રાણીને કહે છે કે, 'હું કોઈ મસ્તક પરના પળિયાને જોઈને લજ્જા પામતો નથી, તેમ મૃત્યુથી પણ ભય પામતો નથી. હું તો માનું છું કે મૃત્યુ એ પ્રકૃતિ છે તો જીવન એ વિકૃતિ છે અને સંયમ એ સંસ્કૃતિ છે. મૃત્યુનો કે મસ્તક પરના પળિયાનો કોઈનો મને ભય લાગતો નથી અને તેનું મને મનમાં લેશ પણ દર્દ નથી. મારું દર્દ બીજું જ છે.' જુઓ, હવે રાજા પોતાનાં દર્દની વાત કરે છે, જે સાંભળતાં ભલભલાનાં રૂંવાડાં ખડાં થઈ જાય.

રાજા કહે છે કે, 'મને ખેદ એ વાતનો છે કે, મારા પૂર્વજોએ સફેદ વાળ જોયા પહેલાં જ સંન્યાસ અંગીકાર કર્યો છે અને હું તો સફેદ વાળ થવા આવ્યા છતાં હજી વિષયોમાં આસક્ત રહ્યો છું. હું વિષયવાસનામાં ગળાબૂડ ખૂપી રહ્યો છું અને પ્રવ્રજ્યા અંગીકાર કરી શકયો નથી. હે પ્રિયે! મારા મનના ખેદનું કારણ આ છે. છતાં હવે હું કોઈ પણ ભોગે દીક્ષા અંગીકાર કરવાનો છું. મને ચિંતા એટલી જ છે કે દૂધપીતા બાળકને શી રીતે રાજગાદી પર બેસાડું? છતાં મારે એની પણ ચિંતા શા માટે કરવી જોઈએ? શાસ્ત્રમાં પરચિંતાને અધમાધમા કહી છે.

'उत्तमाऽऽत्मचिन्ता च शास्त्रचिंता च मध्यमा ।
अधमा कामचिन्ता च परचिन्ता त्वधमाधमा ॥'

આત્મચિંતા એ ઉત્તમા છે. 'હું કોણ છું, કયાંથી આવ્યો; મારું ખરું સ્વરૂપ શું છે? મારી સાથે કયા સંબંધે આ બધી વળગણા છે? એ રાખું કે પરિહરું? આ રીતની વિચારણાને આત્મચિંતા' કહેવામાં આવે છે, અથવા જીવનમાં મેં અનેક

પાપસ્થાનકો સેવેલાં છે. અર્થાર્જનની પાછળ ન કરવાનાં પાપ મેં કર્યાં છે. માતા, પિતા, ભાઈ, ભગિની, ભાર્યા અને પુત્ર–પૌત્ર આદિના મોહને આધીન બનીને તેમને બધાને સુખી કરવા માટે મેં અનેક પાપકર્મો કર્યાં છે. આ પાપકર્મોના ભારથી લદાયેલા મારા આત્માનું ભવાંતરમાં શું થશે ? આ રીતની ચિંતા એ ઉત્તમા આત્મચિંતા છે. શાસ્ત્રચિંતા મધ્યમા છે. કામચિંતા અધમા છે અને પરચિંતા અધમાધમા છે.' સોમચંદ્ર વિચારે છે કે, પુત્રની પણ મારે ચિંતા શા માટે કરવી જોઈએ? સોમચંદ્ર ધારિણીને કહી દે છે કે, તું પુત્રને મોટો કરજે. હું તો હવે કોઈ પણ ભોગે વ્રત ગ્રહણ કરીશ આજે તો ભરવૃદ્ધાવસ્થામાંય તૃષ્ણા મૂકાતી નથી.

'अङ्गं गलितं पलितं मुण्डं दशनविहिनं जातं तुण्डम् ।
वृद्धो याति गृहीत्वा दण्ड तदपि न मुञ्चत्याशापिण्डम् ॥

શરીર તદ્દન ગળી ગયું હોય, માથાના વાળ સફેદ થઈ ગયા હોય અને મોંનાં બત્રીશે દાંત પડી ગયા હોવાથી મોં તો જાણે નાનકડા ગોખલા જેવું થઈ ગયું હોય કે જે જોઈને નાના છોકરાને છીંકણીની ડાબલી એ નાનકડા ગોખલામાં મૂકવાની ઈચ્છા થઈ જાય, લાકડીના ટેકે માંડ ચાલી શકતો હોય તો પણ તૃષ્ણા મુકાતી નથી, ત્યારે તો રંગ છે ને આ સોમચંદ્રને કે દૂધિયા હોઠના પોતાના બાળકને રાજગાદી પર બેસાડીને પોતે પ્રવ્રજિત બનવા તત્પર બન્યા છે ! કારણ કે એણે જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કરેલી છે. રાણીને ફરી બીજીવાર કહી દે છે કે, 'આ બાળકને તારે સાચવવાનો છે. હું તો તપ કરવા જંગલમાં જાઉં છું.'

ત્યાં રાણી કહે છે કે, 'હું આપના વિના અહીં રહેવા ઈચ્છતી નથી. હું પણ તપ કરવા આપની સાથે જ આવવા ઇચ્છુ છું. આપે જેમ બાળકની ચિંતા છોડી દીધી તો મારે એ ચિંતા શા માટે રાખવી જોઈએ ? વનમાં જેમ વૃક્ષ મોટાં થાય છે તેમ બાળક એના ભાગ્યથી વૃદ્ધિને પામી જશે.'

અંતે સોમચંદ્ર અને ધારિણી બન્ને પોતાના ધાવણા પુત્રને રાજગાદી પર બેસાડીને અને રાજ્યનો દોર પ્રધાનોને સોંપીને તપ કરવા માટે વનમાં ચાલી નીકળે છે. પિતા તો ચાલી નીકળે પણ માતા પણ ચાલી નીકળે છે. લઘુ વયના બાળકને મૂકીને ચાલી નીકળવું એ માતા માટે સહેલી વાત નથી. એને એમ પણ નથી થતું કે મારી પાછળ પુત્રનું શું થશે ? પણ જ્યાં મારાપણાનો ભાવ જ ન રાખ્યો હોય ત્યાં પાછલાનું શું થશે એ વિચારવાની વાત જ કયાં રહી ? આજે તમને તો એમ થાયને કે છોકરાનાં છોકરા બાય એટલું મારે મૂકી જવું જોઈ એ, પણ તમે એટલું નથી વિચારી શકતા કે સૌ સૌનાં નશીબનું બાય છે. આમ ને આમ જીવ કર્તાપણાના મિથ્યાભિમાનથી કર્મ બાંધી રહ્યો છે. કર્તા જ બનવું હોય તો તમારા સ્વરૂપના જ કર્તા બનોને ? પરાશ્રિત ભાવોના કર્તાપણાના અભિમાનથી અજ્ઞાની બંધાય છે, જ્યારે જ્ઞાની એના જ્ઞાયકભાવમાં રહેતો હોવાથી બંધાતો નથી.

અમે તો એવા પણ દાખલા જોયેલા છે કે, જેના પિતાએ દીકરાને ત્રણ લુગડાંભેર કાઢી મૂકેલો તે આજે કોટ્યાધિપતિ છે અને જેના પિતા પોતાના પુત્ર માટે કરોડો રૂપિયા મૂકી ગયેલા તેના દીકરા આજે કંગાલ હાલતમાં જીવે છે. માટે પુત્ર–પૌત્ર આદિ માટે પોતાની જવાબદારી સમજીને કંઈ પણ કરવું પડે એ જુદી વાત છે. અને એમાંને એમાં

આખી જિંદગી હોમી દેવી એ વાત જુદી છે. તમે એમાંને એમાં આખી જિંદગી હોમી રહ્યા છો એટલે અમારે આટલું કહેવું પડે છે. જ્યારે એમણે તો પુત્રને મોટો કરવાના મનોરથનો પણ ત્યાગ કરી દીધો તો બીજા પરણાવવા વગેરેના મનોરથો સેવવાની તો વાત જ ક્યાં રહી ? એ બન્નેને ધર્મની જ ઉપાદેયતા હતી તો તે બન્ને દુધિયા કંઠવાળા બાળકનો ત્યાગ કરીને પણ ત્યાગધર્મને અનુસર્યા છે. આજના મોટા ભાગના તો વિચાર્યા કરે કે હું ચાલ્યો જઈશ તો પાછળ મારા કુટુંબનું શું થશે ? અરે ! ભાઈ ! કાંઈ થવાનું નથી. ગર્ભમાં આવે ત્યારથી જ સૌનું ભાગ્ય નિર્માણ થઈ ચૂકેલું હોય છે, પણ જીવ આમને આમ મોહ અને મમતામાં જીવન પૂરું કરી નાખે છે, પણ જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કરી શકતો નથી. આ સોમચંદ્ર તો હજી જૈનધર્મના સંસ્કારને પણ પામેલા નથી, છતાં તેમનામાં આવો ઉત્કટ વૈરાગ્ય છે. આગળ એ એમના જ પુત્ર વલ્કલચીરીના યોગે જૈનધર્મને પામશે ! આ કથા તો બહુ લાંબી છે. આપણે તો સોમચંદ્રના જીવનમાથી એટલું જ જાણી લેવાનું છે કે એમણે જીવનમાં ધર્મને ખૂબ પ્રધાનતા આપેલી હતી.

આજે માનવીના જીવનમાં અર્થની પ્રતિષ્ઠા છે. પહેલું સ્થાન ભજકળદ્વારને છે. જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા તેવી જ હોય તો કલ્યાણ થઈ જાય. આજે ધનિકને માન છે, ધર્મીને નથી. ઉપાશ્રય આદિ ધર્મસ્થાનનાં ઉદ્ઘાટનો પણ ધનિકોના હાથે કરાવવામાં આવશે. પણ તેવા પ્રસંગે રોજ ધર્મક્રિયા કરનારા ધાર્મિકની પસંદગી કરવામાં નહિ આવે. ધનિકના જીવનમાં પણ ધર્મની પ્રતિષ્ઠા હોય તો સોનામાં સુગંધ સમાન છે. પરમાર્થની દૃષ્ટિ વગરના ધનિકોની આ શાસનમાં કંઈ કિંમત નથી. મમ્મણ શેઠે જીવનમા એકલી અર્થની પ્રતિષ્ઠા કરી હતી,

જ્યારે પુણિયા શ્રાવકના જીવનમાં ધર્મની જ પ્રતિષ્ઠા હતી. અર્થની જ પ્રતિષ્ઠા કરનાર મમ્મણ શેઠ ઘોર દુર્ગતિને પામ્યો, જ્યારે જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કરનાર પુણિયો શ્રાવક સદ્ગતિ પામ્યો. આ બન્ને પાત્ર તમારી નજર સામે ખડા કરવામાં આવે છે. જીવનમાં ધર્મને જ પ્રધાનતા આપનાર પુણિયા શ્રાવકે જીવનમાં જે અનુપમ શાંતિનો અનુભવ કર્યો છે તેવો અનુભવ ભલભલા સંપત્તિના શિખર ઉપર બેઠેલા પણ કરી શકયા નથી. આવા આદર્શ તમારી નજર સમક્ષ રાખો તો ઘણી સહેલાઈથી જીવનમાં ધર્મને પ્રધાનપદ આપી શકાય. જ્યારે આપણો વર્તાવ સંસાર માટે સગી મા જેવો છે અને ધર્મ માટે ઓરમાયું વર્તાવ છે. જે ધર્મ સંસારસાગરથી પાર ઉતારનારો છે તેનો રંગ જીવનમાં ચોળમજીઠ જેવો જોઈએ. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી જેવા મહાન્ આચાર્ય ધર્મની ઉપાદેયતા વર્ણવે છે કે, પંડિતોને મુક્તિને અર્થે માત્ર એક ધર્મ જ ઉપાદેય છે. તે સિવાયનું બધું ય અંતે પ્રબળ દુઃખનું કારણ છે.

સંયોગમાં સુખબુદ્ધિ એ જ મિથ્યાત્વ

સંસારી ઇષ્ટસંયોગમાં સુખ માની બેઠા હોય છે. તે માટે વર્ણવે છે કે—

'अनित्यः प्रियसंयोग ईर्ष्या-शोक-संकुलः ।
अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।'

ઇષ્ટ એવા પ્રિયસંયોગનું ગમે તેવું સુખ હોય પણ તે પ્રિયસંયોગ અનિત્ય છે. આપણે નજરે જોઈએ છીએ કે, ઘણાને ઠેસ વાગે ને કાયા ઢળી પડે છે. જ્યાં દેહ પોતે જ

અનિત્ય છે, ત્યાં બીજા બાહ્ય સંયોગોની અનિત્યતાની કયાં વાત કરવી? બધો ક્ષણનો પ્રસંગ છે, છતાં જીવ મફતનો તેમાં રાચી રહ્યો છે.

પિતાએ પોતાની એકની એક દીકરીને સારામાં સારા મૂરતિયા વેરે આપી હોય, સસરા કોટયાધિપતિ હોય, છતાં પરણ્યે બે મહિના ન થયા હોય ને દીકરી વિધવા થાય છે. સંસારનો આવો કરૂણ ચિતાર જાણતા હોવા છતાં જેઓ આજે વૈરાગ્યને પામતા નથી તે તેમના તીવ્ર કર્મોદયનું જ પરિણામ છે. રજવાડાઓનાં રાજ્ય ચાલ્યાં ગયાં કંઈક કોટયાધિપતિ કંગાલ બની ગયા. આ બધું નજરે જોતા હોવા છતાં સંયોગોની અનિત્યતા ન સમજાય તો તેની અનિત્યતા સમજાવવા માટે બીજું કોઈ જ્ઞાન અમારી પાસે રહેતું નથી જ્ઞાનીઓ તો સંયોગમાં સુખ બુદ્ધિવાળાને મિથ્યાદૃષ્ટિ કહે છે અને પોતાના સ્વભાવમાં સુખ બુદ્ધિવાળાને સમ્યકદૃષ્ટિ કહે છે.

સ્વભાવ એ શાશ્વત વસ્તુ છે તો તેમાંથી આનંદ લૂંટો ને! સંયોગોમાંથી આનંદ લૂંટી તો રહ્યા છો પણ કાલ વિયોગ થશે ત્યાં પોકેપોકે મૂકીને રોવું પડશે. તો પછી અંતર્મુખ બની સ્વભાવદશામાં આવી જવું એમાં શું ખોટું છે? તાજેતરમાં જ લગ્નગ્રંથીથી જોડાઈને ભાઈ પરદેશમાં ગયા હોય એટલે ત્યાંથી પત્ની ઉપર કાગળ લખે કે, તું ત્યાં છે અને હું અહીં છું, પણ મારો જીવ તારી પાસે છે, ત્યાં પત્નીને અચાનક અહિં ડબલ ન્યુમોનિયા લાગુ પડેને પત્ની કાળધર્મને પામી જાય એટલે પિતા પુત્રને લખે કે, વહુ ફલાણા દિવસે કાળધર્મ પામ્યા છે, તરત જ પુત્રનો પ્રત્યુત્તર આવે કે બનાવ બહુ ખોટો બન્યો છે. પણ શું થાય? કાળની ગતિ ન્યારી છે. હવે હું ત્યાં વૈશાખ મહિને પાછો આવું છું. ત્યાં સુધીમાં

બીજું ગોતી રાખજો, આ સંસારમાં આવા તો કંઈક મોહનાં નાટક ચાલે છે. સંસારની જેવી અનિત્યતા છે તેવી જ સ્વાર્થ મયતા છે. માટે જીવને પોતાના સ્વભાવ સિવાય અંતે કોઈનો આધાર નથી. જ્ઞાન, દર્શન એ જીવનો સ્વભાવ છે. રાગ, દ્વેષ એ વિભાવ છે અને શરીર આદિ સંયોગ છે. અગ્નિમાં ઉષ્ણતા સ્વભાવતઃ છે, પણ ધૂમ્ર અગ્નિમાં સ્વાભાવગત નથી તેમ જીવમાં જ્ઞાન એ સ્વભાવગત છે, જ્યારે અગ્નિમાં ધૂમ્રની જેમ આત્મામાં કામ, ક્રોધ આદિ સ્વભાવગત નથી. વિભાવ અને સંયોગ બન્નેનું લક્ષ છોડી સ્વભાવ તરફ વળવા જેવું છે. **અગ્નિમાં જ્યાં જવાળા પ્રગટ થાય છે, ત્યાં ધૂમાડો એની મેળે ચાલ્યો જાય છે તેમ આત્મામાં જ્યાં જ્ઞાન-જ્યોતિ પ્રગટ થાય છે ત્યાં કામ ક્રોધ આદિ ધૂમાડો રહેતો નથી.** જીવને ગમે તેવા ઇષ્ટ કે અનિષ્ટ સંયોગો પ્રાપ્ત થાય જીવ સંયોગો ફેરવી ન શકે પણ લક્ષ ફેરવી શકે છે. ગમે તેવા અનિષ્ટ સંયોગો પ્રાપ્ત થયેલા હોય પણ સ્વભાવના લક્ષવાળો જીવ પોતાની સમાધિ ટકાવી શકે છે. જીવને પોતાના સ્વભાવની જ ખબર નથી એટલે સંયોગોમાં મુંઝાય છે. આચાર્યશ્રી ફરમાવે છે કે, ગમે તેવા ઈષ્ટ સંયોગો હોય પણ અંતે અનિત્ય છે, એટલું જ નહિ પણ સંયોગો ઈર્ષ્યા અને શોકથી ભરેલા હોય છે. તમારા ઈષ્ટ સંયોગો જોઇને બીજાને ઈર્ષા થાય અને તેના વિયોગના સમયે તમને પોતાને શોક થાય. માટે સંયોગ માત્ર ઈર્ષ્યા અને શોકથી ભરેલા છે. ચૂલાનો અગ્નિ તો લાકડાં બાળનારો છે. પણ આ ઈર્ષ્યાનો અગ્નિ તો કરેલાં તપ, જપનાં અનુષ્ઠાનને બાળી નાખનારો છે. આજે પોતાના સગા ભાઈનું સારું જોઇને પણ ઇર્ષ્યા થાય છે. રખે આનું સારું થઈ જાય એટલે વચમાં

જ ફાચર નાંખે. અરે ! આ ઈર્ષ્યાદેવી તો અમને સાધુઓને પણ વરી ચૂકયાં છે. એમણે જોયું કે આ સાધુ બીજા કોઈને વર્યા નથી એટલે એમને ત્યાં મારું માન જળવાશે.

દૃષ્ટાંત

સંયોગ અનિત્ય છે તેમ હલકા આચરણના સ્થાનરૂપ યૌવન પણ અનિત્ય છે. યૌવનને આચાર્યશ્રી હલકા આચરણના સ્થાનરૂપ વર્ણવે છે. કારણ કે એ ગદ્ધાપચીશીનો કાળ છે. જો કે યૌવનને સદાચારના સ્થાનરૂપ પણ બનાવી શકાય છે અને એવા મહાપુરુષો થઈ પણ ગયા છે કે જેમણે પોતાના યૌવનને સદાચારના સ્થાનરૂપ બનાવ્યું હતું. આ બાબતને સમજવા એક રામાયણનો પ્રસંગ આપની સમક્ષ વર્ણવું છું.

શ્રીરામ, લક્ષ્મણ અને સીતા વનવાસમાં નીકળેલા ત્યારે તેઓ ફરતા ફરતા દંડકારણ્યના પ્રદેશમાં દાખલ થયા છે. બીજી બાજુ રાવણની બહેન શૂર્પણખાનો પુત્ર સંબુક એ જ દંડકારણ્ય જંગલમાં ચંદ્રહાસ નામની વિદ્યા છેલ્લા બાર વર્ષથી સાધી રહ્યો છે. માથે ચાર દિવસ બીજા પણ થઈ ગયા છે. હવે ફક્ત ત્રણ જ દિવસ બાકી રહ્યા હતા. આ વિદ્યા એવી કે એની સાધના વૃક્ષની ડાળ સાથે પગ બાંધીને અને માથું નીચું રાખીને કરવી જોઈએ. એ રીતે આ સંબુક વાંસની ગીચ ઝાડીમાં આવેલા એક વૃક્ષની સાથે પોતાના પગ બાંધીને અને માથું ઊંધું રાખીને સાધના કરી રહ્યો છે. વિદ્યા સિદ્ધ ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન અને એકાસણાનું તપ સંબુકે આદરેલું છે. આ બધી વિધિનું તે સંબુક ઉગ્રપણે પાલન કરે છે. વિધિપૂર્વક આવી જ સાધના જો મોક્ષ માટે કરવામાં આવી હોય તો ? કહોને કે બેડો પાર થઈ જાય.

સંબુકને હવે વિદ્યા સિદ્ધ થવાને ત્રણ દિવસ બાકી રહ્યા છે. ચારે બાજુ સુગંધને ફેલાવતી ચંદ્રહાસ તલવાર પણ પ્રગટ થઈ ચૂકેલી છે. ત્યાં રામ અને લક્ષ્મણને ત્યાંથી પસાર થવાનું બને છે. ચંદ્રહાસ જોતાં જ લક્ષ્મણજીને કુતૂહલ થવાથી ચંદ્રહાસને હાથમાં ધારણ કરે છે. જે વસ્તુની સાધના સંબુક છેલ્લા બાર બાર વર્ષ થયા કરી રહ્યો છે તે વસ્તુ લક્ષ્મણજીને જાણે સહજ સિદ્ધ છે. પુણ્યની લીલા આવી હોય છે. લક્ષ્મણજી તે તલવાર કેવીક તીક્ષ્ણ છે એ જાણવા માટે વાંસની ગીચ ઝાડીમાં તેનો ઘા કરે છે અને ત્યાં તે ઝાડીમાં રહેલા સંબુકનું મસ્તક છેદાઈ જાય છે. શ્રી રામચંદ્રજી લક્ષ્મણજીને ઉપાલંભ આપે છે કે, 'તેં આ નિરાપરાધીનો શા માટે વધ કર્યો? કોઈ પણ વિદ્યાસાધકનો તારા હાથે વધ થયો છે અને તેનો ઉત્તરસાધક પણ આટલામાં જ હોવો જોઈએ. લક્ષ્મણજીને પણ પશ્ચાત્તાપ થાય છે પણ હવે તે પશ્ચાતાપ શા કામનો?

સંબુકને વિદ્યા સિદ્ધ થવાને ત્રણ દિવસની વાર હતી એટલે એની મા શૂર્પણખા પૂજાપાની સામગ્રી લઈને પાતાળ-લંકાથી અહીં દંડકારણ્યમાં આવી છે. પોતાના પુત્રનો વધ થયેલો જાણી તે કરૂણ સ્વરે રૂદન કરે છે. શૂર્પણખા ઘડીવાર માટે શોકસાગરમાં ડૂબી જાય છે. થોડીવારમાં શુદ્ધિમાં આવ્યા પછી તે કહે છે કે, મારા પુત્રનો વધ કરનાર કોણ હશે? એને ખબર નહીં હોય કે આ રાવણનો સગો ભાણેજ છે. અકાળે મોત કોની રાહ જોઈ રહ્યું છે? આમ બોલતી તે આગળ ધપે છે. અને એને મનુષ્યનાં પગરણ દેખાય છે, જ્યાં થોડેક દૂર જાય છે ત્યાં છેટેથી વૃક્ષની નીચે બેઠેલા રામ, લક્ષ્મણને જોઈ જાય છે. રામચંદ્રજીનું અદ્‌ભુત રૂપ જોતાં જ તે કામાંધ બની જાય છે. જુઓ, આ શૂર્પણખા

શોકસાગરમાં ડૂબેલી હતી. આવી શોકસાગરમાં ડૂબેલી સ્ત્રીને પણ કામ વિહ્વળ બનાવી મૂકે છે, અને પુત્રપ્રેમ કયાંય ભૂલાઈ જાય છે. બધું જીતી શકાય છે પણ કામ જિતાવો સહેલો નથી, 'ઉત્તરાધ્યન સૂત્રમાં ભગવાન ફરમાવે છે કે—

' सल्लं कामा विसं कामा कामा आसीविसोपमा ।
कामे पत्थेमाणा अकामा जंति दोग्गइं ॥"

કામ એ શલ્યરૂપ છે. કામ એ કાળકૂટ વિષ સમાન છે. એટલું જ નહિ, કામ એ દૃષ્ટિ વિષસર્પ સમાન છે. એને ભોગવનારા તો દુર્ગતિના અધિકારી બને છે પણ એની ઇચ્છામાત્રથી પણ દુર્ગતિ થાય છે. કામાંધ બનેલી શૂર્પણખા કિન્નરીનું અદ્‌ભુત રૂપ વિકુર્વીને રામચંદ્રજી પાસે જાય છે. રામચંદ્રજી તેને પૂછે છે અરે! તું આ યમરાજની સાક્ષાત રાજધાની જેવા દંડકારણ્યમાં એકાકી કેમ છે? ત્યાં શૂર્પણખા તદ્દન ખોટી હકીકત રજૂ કરે છે કે, ' હું ઉજ્જૈની નગરીના રાજાની પુત્રી છું. હું એકવાર મહેલની અગાસીમાં સૂતેલી, હતી ત્યાં કોઈ એક વિદ્યાધરે મારું હરણ કર્યું. તે હરણ કરીને આ દંડકારણ્યના પ્રદેશમાંથી પસાર થઇ રહ્યો હતો. ત્યાં એને સામે બીજો હરીફ વિદ્યાધર ભેટી ગયો. તે પણ મારા રૂપમાં અંધ બન્યો અને સામસામાં બન્ને યુદ્ધમાં ઊતરી ગયા. તાકાતમાં બન્ને સરખા હોવાથી પરસ્પરના યુદ્ધમાં બંને મૃત્યુ પામી ગયા અને હું એકાકી નિરાધાર બની ગઈ માટે હવે આપ જ મારે માટે આધારરૂપ છો. જેમ સીતાને આપે અંગીકાર કરી છે તેમ મને પણ ગ્રહણ કરો.'

જુઓ, આ સ્ત્રીચરિત્ર કેવાં હોય છે. તે માટે આ શૂર્પણખા આબેહૂબ દૃષ્ટાંતરૂપ છે. એ માટે સાચુંજ કહેવાય છે કે સ્ત્રીનાં ચરિત્ર અને પુરુષનાં ભાગ્યનો પાર દેવો પણ પામી શકતા નથી તો મનુષ્યો તેનો પાર કયાંથી પામી શકે? રામચંદ્રજી શૂર્પણખાની રીતભાત ઉપરથી સમજી ગયા કે આ કોઈ માયાવી સ્ત્રી છે. રામચંદ્રજી તેને કહે છે કે હું તો પરિણિત છું. આ જાનકી મારી જોડેજ બેઠેલાં છે, પણ મારા ભાઇ લક્ષ્મણ હજુ કુંવારા છે. માટે તું મારા ભાઈ લક્ષ્મણ પાસે જા. તે તને અંગીકાર કરશે. ત્યાંથી નિરાશ બનેલી શૂર્પણખા લક્ષ્મણજીની પાસે ગઈ અને તેમને વિનવવા લાગી. લક્ષ્મણજીએ કહ્યું કે, 'તમે મારા મોટા ભાઈ પાસે પહેલાં જઈ આવ્યા, મારા માટે તો તમે સીતાજીનાં સ્થાને છો જ્ય જોગમાયા, છેટાં રહેજો 'હો ? બન્ને મહાપુરૂષો કેવા મનોબળવાળા છે ! દંડકારણ્ય જેવો એકાંત પ્રદેશ છે. શૂર્પણખાએ સાક્ષાત્ કિન્નરીનું રૂપ ધારણ કરેલું છે અને તેની વિનંતિ ઉપર વિનંતિ ચાલુ છે, છતાં તેઓ મનથી પણ ચલિત થતા નથી. મન ઉપરના કાબૂની આ જેવી તેવી વાત નથી. આવા કામવિજેતા મહાપુરુષોને કોડકોડ વંદના હજો. જીવનમાં બધું આચરવું સહેલું છે પણ આ જ આચરવું કઠણ છે. આ રામાયણના અધિકારનો ઉલ્લેખ કરતાં કવિ શ્રી વીરવિજયજી મહારાજ ફરમાવે છે—

'ભરતરાયને રાજ ભળાવી, રામ રહ્યા વનવાસે;
ખર-દૂષણનારી સવિકારી, દેખીન પડયા પાસે.

મેરે પ્યારે એ વ્રત જગમે દીવો' (પાળનારા ઘણું જીવો)
આવા આવા મહાન પુરુષોનાં ચરિત્રોથી ભારતનો ઇતિહાસ ઉજ્જવળ બનેલો છે.

સંસ્કારધનની પાયમાલી

આજનું જગત તો જાણે રૂપની પાછળ અંધ બન્યું છે. સ્ટેશન પરથી કોઈ નટી પસાર થવાની હોય તો હજારો તેને જોવા નીકળે છે. અરે ભાઈ! એ એંઠવાડમાં શું જોવાનું હતું? પણ લોકો વૃત્તિ ઉપર કાબૂ રાખી શકતા નથી અને અધૂરામાં વળી ટી.વી. સિનેમા અગ્નિમાં ઘી હોમવા જેવું કરે છે. લોકોના સંસ્કારધનની અત્યારે ચારે બાજુથી પાયમાલી છે. કૉલેજોમાં સહશિક્ષણને નામે પણ કયાં અનર્થો ઓછા થાય છે! અરે બીજી બધી વાત જવા દો. તમે રાતના ઘેર સૂવા માટે મોડેથી આવ્યા હો તો તમારાં પત્ની એમજ માનેને કે સત્સંગમાં ગયા હશે એટલે મોડા પડયા લાગે છે. કેમ એમજ માનેને?

સભામાંથી : નારેના!

ત્યારે શું માને?

ભરી સભામાંથીઃ કયાંક રખડવા ગયા હશે એમ માને.

શું બોલ્યા તમે? આવું માને? ત્યારે તો એમની ઉપરેય જેવી જોઈએ તેવી સારી છાપ પાડી શકયા નહિ. શેઠ સુદર્શનની છાપ એમનાં પત્ની મનોરમા પર કેટલી સરસ હતી! મનોરમાને કોઈએ કહ્યું કે, તમારા પતિ ઉપર અભયા રાણીએ આળ ચડાવ્યું છે અને તેમને વધસ્થળે લઈ જાય છે. ત્યારે મનોરમાએ કહ્યું કે, મારા પતિ માટે ત્રણ કાળમાંય આ બને એવી વાત નથી. છતાં કોઈ પૂર્વના કર્મોદયે એમના માથે

આળ મુકાયું લાગે છે. માટે એ આળ ન ઊતરે ત્યાં સુધી મારે ચારે આહારનો ત્યાગ છે. જોયું, એમને એમના પતિ ઉપર કેટલો વિશ્વાસ છે? આવા પુરુષો હલકા આચરણના સ્થાનરૂપ યૌવનને પણ સદાચારનું સ્થાન બનાવી શકે છે. યૌવન જેમ કુત્સિત આચરણના સ્થાનરૂપ છે, તેમ અનિત્ય પણ છે. ઇંદ્રધનુષની શોભા જેમ ક્ષણપૂરતી છે તેમ યૌવન પણ ક્ષણભંગુર છે.

'મુખડા કયા દેખો દર્પણમેં, દયા ધરમ નહીં મનમેં
પટિયાં પાડે ને કેશ સમારે, ગોરે ફૂલે તનમેં;

તન જોબન ડુંગરકા પાણી, છલક જાય એક પલમેં.
મુખડા. કોડી કોડી કર માયા જોડી, સુરત લગાઇ ધનમેં,
દશ દરવાજે બંધ ભયે તબ, રહ ગઈ મનકી મનમેં. મુખડા'.

કબીર કહે કે, મેાં દર્પણમાં શું જોયા કરો છો? જરા હૃદય તરફ તો જૂઓ. હૃદયમાં દયાધર્મ તો છે નહીં. શરીરની બહુ ટાપટીપ કરવાવાળાઓ માટે કહે છે કે ગૌરવર્ણા શરીરમાં મનુષ્યો પટિયાં પાડતા હોય છે–કેશ સમારતા હોય છે, તેમાં પહેલાં તો વળી સાદાઇથી ઓળતા અને હમણાં હમણાં તો વળી ફુગ્ગાફેશન ચાલી પડી છે; પણ એમને ખબર નથી કે આ કાયા સળગશે ત્યારે સહુની આગળ એ ફુગ્ગો સળગવાનો છે. **લોકો આજે ટી.વી–વીડીયા જોતા બહુ થઈ ગયા, એટલે મોટે ભાગે નટનટીઓના પહેરવેશનું અનુકરણ થઈ રહ્યું છે. આજની જુવાન બહેનો સુલસાનું અનુકરણ નહીં કરે પણ સુરૈયાનું કરશે. તેમ પુરુષોને દિલીપ–કટની ધૂન લાગી છે પણ રામ લક્ષ્મણના કે શેઠ સુદર્શનનાં સદાચારની ધૂન લાગી નથી. જો કે એમાં પણ અપવાદ**

છે પણ મોટે ભાગે વાતાવરણ ઘણું જ બગડતું ગયું છે એટલે આવું પ્રસંગોપાત કહેવું પડે છે.

શરીરની ગમે તેટલી ટાપટીપ કરો પણ તન–જોબનરૂપી ડુંગરનું પાણી પલવારમાં દડી જવાનું છે. માટે યુવાનીની સફળતા કરવી હોય તો યૌવનને સદાચારથી વિભૂષિત બનાવવું જોઈએ. ભગવાન શ્રી. હેમચંદ્રાચાર્ય ફરમાવે છે કે, આત્મા યુવાવસ્થામાં જેવો પાંચ ઇંદ્રિયોના વિષયો માટે ઉત્તેજિત થાય છે તેવો જો મોક્ષ માટે ઉત્તેજિત થાય તો શું બાકી રહે? અર્થાત્ કોટી કલ્યાણ થઈ જાય.

સંપદાની પાછળ વિપદા

યૌવનની જેમ સંપદા પણ અનિત્ય છે અને તે તીવ્ર કલેશના સમુદાયમાંથી ઉત્પન્ન થનારી છે, એટલું જ નહિ પણ તીવ્ર કલેશના સમુદાયને જન્મ આપનારી છે. જેમની પાસે એક સમયે કરોડો હતા તેવા આજે પાંચ–પચીશ રૂપિયા માટે કંઈકની લાચારી કરતા હોય છે. લક્ષ્મી એ તો વીજળીના ઝબકારા જેવી છે અથવા સરિતાના વેગ જેવી છે, પરંતુ જીવનું એ તીવ્ર અજ્ઞાન છે કે જે પોતે નિત્ય હોવા છતાં અનિત્યમાં મૂંઝાઈ ગયો છે. જીવ બાહ્ય સંયોગોમાં ગમે તેટલો મોહ પામે પણ તે બાહ્ય સંયોગો કોઈ એના થવાના નથી અને જીવ પોતે પોતાની આત્મસત્તાને હારી જવાનો છે. જડ એવા બાહ્ય સંયોગો ગમે તેવા પ્રાપ્ત થયા હોય પણ મનમાં તેનું ગુમાન રાખીને તેની ઉપર જરાય મુસ્તાક રહેવા જેવું નથી. કારણ કે જ્યારે ને ત્યારે એ જડ સંયોગો દગો દેવાના છે.

વર્તમાનમાં સંપદા હોય તો ભાવિમાં પાછી વિપદા આવે છે. માટે સંપદાઓ પણ અનિત્ય છે અને તીવ્ર કલેશના સમુદાયમાંથી તે પ્રાદુર્ભાવને પામનારી છે. લક્ષ્મી મેળવવાની પાછળ અનેક કષ્ટો જીવને સહન કરવાં પડે છે, અને અંતે તેમાંથી તીવ્ર કલેશની પરંપરા જન્મે છે. તેમાં આજની સરકારના તો કાયદા પણ એવા કે તેમાંથી કલેશની જ પરંપરા વધે. સંપત્તિના તીવ્ર મોહને લીધે તો સરકાર અને પ્રજા વચ્ચેના, મીલ–માલિક અને મજુર વચ્ચેના, શેઠ અને નોકર વચ્ચેના, પિતા અને પુત્ર વચ્ચેના, કોઇની વચ્ચેના સંબંધો સારા રહ્યા નથી. આજે સરકાર માટે પણ લોકો બોલી રહ્યા છે કે, આ તે કોઈ સરકાર છે? પ્રજાની કેડ ભાંગી નાખે એટલા કરવેરા નાખ્યા છે. ટૂંકમાં ચોમેર અશાંતિની જવાળા ઝાટી નીકળી છે. તમે ભડ છો કે આ જવાળામાં જીવી રહ્યા છો. સંપદાની જેમ સર્વ ભાવના કારણરૂપ જીવન પણ અનિત્ય છે. સંસારમાં પુનઃ પુનઃ જન્મ પુનઃ પુનઃ મરણ અને પુનઃ પુનઃ ઊંચ અને નીચ આદિ સ્થાનનો આશ્રય કરવો પડે છે. માટે પૂજ્ય આચાર્યશ્રી ફરમાવે છે કે 'સુખમત્ર ન વિદ્યતે । આ સંસારમાં લેશ પણ સુખ નથી.

પ્રકૃત્યસુન્દરં હ્યેવં સંસારે સર્વમેવ યત્ ।
અતોઽત્ર વદ કિં યુક્તા, કચિદાસ્થા વિવેકિનામ્ ।

આ પ્રમાણે આ સંસારમાં પ્રકૃતિથી બધુંય અસુંદર છે. તમે બધા ઉપર–ઉપરથી જુઓ છો માટે સુંદર લાગે છે. બાકી આ શરીરનો જ વિચાર કરોને કે પ્રકૃતિથી આ શરીર કેટલું અસુંદર છે? સાક્ષાત્ મ્યુનિસીપાલીટીની પેટી જેવું

આ શરીર છે. જેમ પેટીમાં એકલું મેલું ભર્યું હોય છે, પણ ઉપર-ઉપરથી પતરું જડેલું હોય છે તેમ આ શરીર પણ એકલા મળ-મૂત્રથી ભરેલું છે પણ સુંદર લાગે છે તેનું કારણ એ છે કે ઉપરથી આ ચામડીનું પતરું જડેલું છે. જો આ ચામડી જડેલી ન હોય તો હાથમાં લાકડી રાખ્યા વગર તમે અહીંથી તમારા ઘર સુધીયે પહોંચી ન શકો, રસ્તામાં કાગડા ને કૂતરાં ગીધડાની જેમ તૂટી પડે.

ક્ષણના સુખની પાછળ દુઃખ અનંત કાળનું

કાયાની જેમ સંસારનાં વિષયસુખ પણ એની પ્રકૃતિથી અસુંદર છે. **ભાવિમાં અનંતકાળનાં દુઃખ પસંદ હોય તો જ એક ક્ષણનું વર્તમાનનું સુખ પસંદ કરવા જેવું છે. વિષયસુખ એક ક્ષણ પૂરતું સુખ છે અને એની પાછળ ભાવિમાં અનંતકાળનું દુઃખ છે. ક્ષણપૂરતું સુખ તો ખરજવું ખણતાંયે મળી જાય છે, પણ એ સુખની કિંમત શી છે?** વર્તમાનમાં ગમે તેવું સુખ હોય પણ ભાવિમાં ક્રોડ વર્ષે પણ એની પાછળ જો દુઃખ આવવાનું હોય તો તે સુખને સુખ માનવું એમાં મોહના વિલાસ સિવાય બીજું કશું નથી. એવાં ઇંદ્રિયોનાં સુખ ભોગવીને તો અસંખ્ય દેવો એકેન્દ્રિયપણું પ્રાપ્ત કરતા હોય છે. માટે શ્રેયના રસ્તે વળવું હોય તો જીવે ઇંદ્રિયસુખની રુચિ છોડી દેવી જોઈએ. લક્ષ્મી પણ એના સ્વભાવથી સુંદર નથી. એને તો શાસ્ત્રોએ કુલટાના સ્વભાવની કહી છે, તો પણ એની તમે ધનતેરસને દિવસે પૂજા કરો છો. મારે તો કહેવું જોઈએ કે લક્ષ્મીપૂજનમાં તમે સમજ્યા જ નથી. દાન એ જ સાચું લક્ષ્મીપૂજન છે.

"આ ગયા સો એ ગયા, જોડ ગયા શીર ફોડ ગયા;
ઢાટ ગયા ઝખ માર ગયા, દે ગયા સો લે ગયા."

માટે લક્ષ્મીના સ્વભાવને સમજો તો એના રખોપિયા, મટીને એના સ્વામી બની જાઓ.

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે, સંસારમાં આ પ્રમાણે એની પ્રકૃતિથી (સ્વભાવથી) બધુંય અસુંદર છે, તો હે મિત્ર! તું કહે તો ખરો કે આમાં વિવેકીઓએ કયાંય આસ્થા કરવી શું યુક્ત છે? અર્થાત્ જગદ્વંદ્ય, અકલંક, સનાતન અને શીલવંત એવા ધૈર્યશાલી મહાપુરુષોએ સેવેલા અહિંસા; સંયમ, અને તપરૂપ ધર્મ સિવાય વિવેકીઓએ સંસારના કોઈ પદાર્થોમાં અને સંયોગિક સુખોમાં આસ્થા કરવી યોગ્ય નથી. પોતાના ધ્રુવપદ સિવાય વિવેકી આત્માઓએ કયાંય આસ્થા કરવી યુક્ત નથી. આસ્થા કહો, આસક્તિ કહો, એકની એક વાત છે ત્યારે હવે સ્વેચ્છાથી આસક્તિનો ત્યાગ કરી દેવો એ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આચરણા છે. આ બાબત ઉપર ચાર જમાઈનું દૃષ્ટાંત આપીને વ્યાખ્યાન પૂરું કરીશ.

દૃષ્ટાંત

એક ગામમાં એક શેઠ હતા. તેમને પાંચ દીકરીઓ હતી. પાંચમાંથી ચાર દીકરીઓનાં લગ્ન થઈ ગયેલાં. શેઠને હવે છેલ્લી દીકરીનાં લગ્ન ઉજવવાનાં હતાં. શેઠની ઈચ્છા એમ કે હવે આપણી જિંદગીમાં આ છેલ્લો કે પહેલો એક જ પ્રસંગ ઊજવવાનો બાકી રહ્યો છે. માટે આ પ્રસંગ ભારે ધામધૂમથી ઊજવવો છે. શેઠે લગ્ન નિમિત્તની કુમકુમપત્રિકાઓ ચારે બાજુ સગાંસંબંધીઓને ત્યાં મોકલી દીધી. દૂર–દૂરના સંબંધીઓને પણ શેઠે પત્રિકાઓ પાઠવી છે. શેઠ જો દૂર–દૂરનાં સંબંધી

એને પણ ભૂલ્યા નથી તો ચાર જમાઈઓને શેના ભૂલે ? આ આજુ વેવાઈ પક્ષવાળા મોટી ધામધૂમથી જાન જોડીને માંડવે આવી પહોંચ્યા છે. અગાઉના ચાર જમાઇ પણ આવી પહોંચે છે, શેઠ લગ્નમહોત્સવ અપૂર્વ ધામધૂમથી ઊજવે છે લગ્નવિધિ પતી ગયા પછી જાન બીજે કે ત્રીજે દિવસે વિદાય થઈ જાય છે. હાલમાં તો વળી, સાંજે જાન આવે ને બીજે જ દિવસે વિદાય થઈ જાય છે. બહુ જ ટૂંકા રકેઇલમાં પતી જાય છે. આ આજુ ચાર જમાઈ પણ વિદાય લેવા સસરા પાસે આવે છે. સસરા કહે કે તમારે શી ઉતાવળ છે ? હમણાં થોડા દિવસ રોકાઇ જાઓ. ચારે જમાઈરાજને તો ગળા સુધી રોકાવાની ઇચ્છા હતી. કારણ કે તેઓને એક શ્લોકનું પૂર્વાર્ધ મોંઢે હતું.

' श्वसुरगृहनिवासो स्वर्गतुल्यो नराणाम् ।

તેમણે શ્લોકનું ઉત્તરાર્ધ મોંઢે કરેલું નહિ કે—

' यदि वसति विवेकी पञ्च वा षट् दिनानि । '

તેમણે તો એટલું જ ગોખી રાખેલું કે શ્વસુરગૃહનિવાસ એ મનુષ્યો માટે સ્વર્ગતુલ્ય છે, પણ પાછું આગળનું ગોખેલું નહિ કે જો વિવેકી બે-પાંચ દિવસ રહે તો જ સ્વર્ગતુલ્ય છે, કારણ વગર ઝાઝા દિવસ રહે તો કારાવાસતુલ્ય છે. હવે ચારે જમાઈઓને રહેવું તો હતું જ, અને સસરાએ થોડોક વિવેક કર્યો એટલે ' ભાવતું હતું ને વૈદ્યે કહ્યું ' એના જેવું થયું. હવે આમ કરતાં એક મહિનો થવા આવ્યો છતાં કોઈ સળવળતાય નથી ? શેઠ વિચારે છે કે આ તો પેધી ગયા લાગે છે. શેઠે પત્નીને બાનગીમાં પૂછયું કે ' તું દરરોજ આમને ભાણામાં શું આપે છે ?'

પત્નીએ કહ્યું કે, 'દરરોજ વારા ફરતા મિષ્ટાન્ન પીરસું છું. એક દિવસ મેશુબ તો બીજે દિવસ બરફી, તો ત્રીજે દિવસ ચૂરમાના લાડુ પીરસું છું.'

શેઠે મનમાં વિચાર કર્યો ને કહ્યું કે, 'તો તો હજી આ બાર મહિના જવાનું નામ નહિ લે માટે આવતી કાલથી બાજરાના રોટલા પીરસજે.'

બીજે દિવસે ભાણામાં બાજરાના રોટલા અને અડદની દાળ આવી. ત્યાં ચારમાંથી મોટા જમાઇ વિજયરામ હતા તેમણે કહ્યું કે, 'આ ભાણામાં રોટલા નથી આવ્યા પણ નોટીસ આવી છે. માટે આપણે ચેતીને માનભરી વિદાય લઈ લેવી જોઇએ.'

ત્યાં બીજા ત્રણેય જમાઈ કહેવા લાગ્યા કે, 'આમાં અમને તો કાંઈ નોટીસ જેવું જણાતું નથી. આપણાં સાસુ ઘણાં જ ચતુર હોવાથી રખે આપણું મોં રોજ મિષ્ટાન્ન ખાઈ ખાઈને ભાંગી ન જાય માટે સાસુએ આજે રોટલા પીરસ્યા લાગે છે. અને એમાં ખોટું શું છે? શિયાળામાં તો બાજરો ટોનિક કહેવાય, માટે અમે તો વિદાય લેવાના નથી. તમને જેમ સુખ ઉપજે તેમ કરો.'

તે પછી મોટા જમાઈ સસરા પાસે વિદાય લેવા જાય છે અને સસરા તેમને માનભરી વિદાય આપે છે. એક સો એક રૂપિયાની પાઘડી આપે છે. સ્ટેશન સુધી વળાવવા પોતાનો માણસ મોકલે છે અને જ્યારે જમાઈરાજ ઘરમાંથી વિદાય લે છે ત્યારે હાથ ઊંચા કરીને ત્રણવાર આવજો–આવજોનો આવકાર આપે છે. આ રીતે મોટા જમાઈ તો માનભરી વિદાય લઈ ગયા.

હવે બીજું પખવાડિયું વ્યતીત થઈ ગયું. સસરા ફરી વિચારે કે, મોટા જમાઈ તો વિદાય લઈ ગયા પણ આ ત્રણેએ શું ધાર્યું છે? ફરી ઘરમાં પૂછયું કે, 'તેં ભાણામાં આ ત્રણેને મિષ્ટાન્ન આપવાનું તો શરૂ નથી કર્યું ને? ત્યાં ઘરમાંથી કહે છે કે, 'મારાથી કાંઈ આપની આજ્ઞા લોપાય? હું તો બાજરાના રોટલાને રોટલા પીરસું છું, પણ એમને તો હવે બાજરો ય કોઠે પડી ગયો છે.'

શેઠે ફરી પૂછયું. કે, 'બાજરીના રોટલા પીરસે છે એ તો ઠીક પણ રોટલામાં શું આપે છે?

'રોટલામાં ઘી અને ગોળ આપું છું'

'ત્યારે તો એ શેના જવાનું નામ જ લે?'

'આવતી કાલથી રોટલામાં તેલ આપજે'

બીજે જ દિવસે રોટલામાં તેલ આપવામાં આવ્યું. એટલે બીજા નંબરનો માધવ જમાઈ ચેતી જાય છે અને કહે છે કે, 'આપણે આપણા માનમાં રહેવું હોય તો હવે આપણે માનભેર વિદાય લઇ લેવી જોઇએ.'

ત્યાં બીજા બે કહેવા લાગ્યા કે, 'તમારે વિદાય લેવી હોય તો ખુશીથી લઈ શકો છો, બાકી અમારે હમણાં અહીં રહેવું છે.'

'પણ આ બાજરાના રોટલા અને તેમાં તેલ રેડ્યું. હવે તો ચેતો!'

'આમાં ચેતવાનું શું હતું? તેલ કયાં નબળી ચીજ છે? ઘી કરતાં તો તેલમાં વીટામીન ડી વધારે છે.'

માધવ સમજી ગયો કે, આ આમ સીધી રીતે નીકળે એમ નથી, માટે આપણે વિદાય લઇ લઈએ. બીજા જમાઇને સસરા માનભરી વિદાય આપે છે. પણ એક પખવાડિયું વધુ રહ્યા એમાં પાઘડી બોઈ નાખી અને મોટા જમાઈને જે ત્રણ વાર આવજો–આવજોનો આવકાર આપેલો તેના બદલે આમને બે વાર આવજો–આવજોનો આવકાર આપે છે.

હવે બીજું એક અઠવાડિયું પસાર થઈ ગયું ત્યાં શેઠ વિચારે છે. કે, હવે આ બન્નેની શી ઈચ્છા છે? કોના બાપની ગુજરાત આ? ફરી ઘરમાં શેઠાણીને પૂછ્યું કે, 'આ બન્નેને ભાણામાં ઘી આપે છે કે તેલ?'

શેઠાણીએ કહ્યું કે, તેલ આપું છું. પણ તેલ તો આ બંનેને બહુ માફક આવી ગયું છે. છેલ્લા દિવસોમાં આ તેલ બાઇને તો લાલ ગલોલા જેવા થઈ ગયા છે.'

'ત્યારે એ બન્ને રાતના બાઈને સૂઈ જાય છે કે બહાર રખડવા જાય છે?

શેઠાણી કહે કે, 'રખડવા જાય છે અને દરરોજ રાતના બાર વાગે ઘેર સૂવા આવે છે.

શેઠે કહ્યું કે, 'આજે રાતના દરવાજા બંધ કરી દેજે. ભલે રાડો પાડયા કરે, પણ દરવાજા ઉઘાડતી નહિ.'

હવે આ ટાઢા પાણીએ બસ કાઢવી છે એટલે શેઠને આ બધા ઉપાયો લેવા પડે છે, અને પેલાય બન્ને માથાના છે. શેઠ આટઆટલા ઉપાયો લે છે પણ વાલીડા બસતા જ નથી. શેઠાણીએ શેઠની આજ્ઞા પ્રમાણે રાતે દરવાજા બંધ કરી દીધા અને બન્ને બાર વાગે નાટક–ચેટક

જોઈને ઘેર આવ્યા. પોષ મહિનાની કડકડતી ટાઢ હતી. ખૂબ બરાડા પાડયા પણ કોઈએ દરવાજા ઉઘાડયા નહિ. એટલે બન્ને પડખેની શેઠની ગોશાળામાં આખી રાત સૂઈ રહ્યા એક બાજુ કડકડતી ટાઢ અને બીજી બાજુ ચાંચડનો ત્રાસ બહુ હતો એટલે આખી રાત બંનેને ઉજાગરો થયો.

સવારના ત્રીજા નંબરના મણિરામ કહે છે કે, 'ભાઈ! આપણે તો આજે રવાના થઈ જવું છે હવે તો આ ભોંય ઉપર સૂવાનો વખત આવ્યો. હવે આપણાથી અહીં રહેવાય એવું નથી.'

ત્યાં ચોથા નંબરનો કેશવ કહે કે 'ભોંય ઉપર તો સૂવા દીધાને! કયાં ભોંય ભેગા કરી દીધા? અને મને તો ભોંય ભેગો કરી દે તોય ડગું એમ નથી;'

જોયો કેવો ભડ છે! તમે પણ આના જેવા જ ભડ છોને! સંસારની અનેક વિડંબનાઓનો સામનો કરી રહ્યા છો પણ સંસાર છોડવાનો વિચાર કરતા નથી. માટે તમને અમારે ભડ કહેવા કે બીજું કાંઇ! સવાર પડે ત્રીજા જમાઈ વિદાય લઈ જાય છે. એમને ફક્ત સસરા તરફથી આવજો એટલો આવકાર મળે છે. અરે, આ તો ભાગ્યશાળી કહેવાય. જુઓ, હવે ચોથાના શા હાલ થાય છે તે.

શેઠે ફરી શેઠાણીને પૂછયું કે, 'દરવાજો રાતના ઉઘાડતી તો નથીને?

શેઠાણીએ કહ્યું કે, 'આ હવે બહાર જ જતો નથી. ખાઈને દુકાને જાય છે અને નવ વાગ્યે સીધો ઘેર આવીને સૂઈ જાય છે.'

શેઠે વિચાર્યું કે ત્યારે તો હવે બીજો કીમિયો અજમાવવો પડશે. શેઠે પોતાનાપુત્રને બોલાવીને કહ્યું કે, 'આજે રાતે આઠ વાગે હું દુકાને આવવાનો છું. જો કે હમણાંથી કોઇ પણ દિવસે આવતો નથી પણ આજે આવવાનો છું અને દુકાને આવીને ચોપડા તપાસીશ. તેમાં ભૂલ નહિ હોય તોપણ ભૂલ કાઢવાનો છું, અને જેવી ભૂલ બતાવું કે તેવો જ તું મારી સામે થઈ જજે. ત્યાં દીકરો થઈને તું મારી સામું બોલે છે એમ કહીને હું હાથમાં ડાંગ લઈશ અને તું હાથમાં ધોકો લેજે અને જેવો આ કેશવ વચમાં પડે કે બેયે એની ઉપર તૂટી પડવાનું છે. આ સિવાય આ નફફટને વિદાય આપવાનો બીજો કોય ઉપાય રહ્યો નથી.

રાતના આઠ વાગ્યે શેઠ દુકાને ગયા, ચોપડા હાથમાં લીધા અને દીકરાને એક-બે ભૂલો ચોપડામાંથી બતાવી અને કહ્યું 'તું તે આવા ને આવા ચોપડા ખતવે છે?' ત્યાં દીકરો કહે, 'કેમ કોઈ વારે જોવા આવતા નથી ને આજે ભૂલ કાઢવા આવ્યા છો?'

ત્યાં બાપ કહે, 'તું તે મારી સામું બોલે છે?' અને બાપે હાથમાં ડાંગ ઉપાડી, અને સામે દીકરાએ ધોકો ઉપાડ્યો. બન્ને બાપ દીકરાને સામસામા આવી ગયેલા જોઈને જોડે બેઠેલો કેશવ કહે છે કે, 'આ નજીવી બાબતમાં શા માટે ઝઘડી રહ્યા છો?'

ત્યાં સસરો તાડુકી ઊઠ્યો, 'તને કોણે વચમાં પડવાનું કહ્યું હતું? આમ કહીને બન્ને બાપ-દીકરો કેશવ ઉપર ધોકો અને ડાંગ લઈને તૂટી પડ્યા. થોડીવારમાં તો તેના હાડકાં ખોખરાં કરી નાખ્યાં. કેશવ પગમાં પડીને કરગરે છે. હવે મને જીવતો

મૂકી દો. છેવટે તમારી દીકરીના સૌભાગ્ય સાટે મને જીવતો મૂકો. હું હવે સવારના ચાર વાગે જ રવાના થઈ જવાનો છું.'

હવે રવાના ન થાય તો જાય ક્યાં ? તે પછી દીકરીની દયા ખાતર બાપ-દીકરાએ તેને જીવતો છોડી મૂક્યો, અને સવારના ચાર ન વાગ્યા ત્યાં કેશવ પાસા પોબાર ભણી ગયો.

આ ચાર જમાઈના દૃષ્ટાંતને તે સમયના કોઈ કવિએ એક શ્લોકમાં ગૂંથેલું છે. તે શ્લોક આ રહ્યો.

'बज्रकुटया विजेरामः तिलतैलेन माधवः ।
भूशय्यया मणिरामः, धक्काधूमेन केशवः ॥'

બાજરાના રોટલા ભાણામાં આવ્યા ત્યાં વિજયરામ ચેત્યો. તલના તેલથી માધવ ચેત્યો. ભૂમિશયનથી મણિરામ રવાના થઈ ગયો. જ્યારે ધક્કા ને ધોકા ખાઈને કેશવને નિકળવુ પડયું. કહો, હવે તમારે આ ઘરમાંથી કયા જમાઈની જેમ નીકળવું છે ? પહેલા, બીજા, ત્રીજા જમાઈની જેમ નીકળવું છે કે પછી ચોથા નંબરના જમાઈની જેમ નિકળવું છે ? જો ચોથા નંબરના જમાઈની જેમ નિકળવું હશે તો તો બે વાંસડા ને બાવીસ કટકામાં મુરકેટાઈટ બંધાઈને નીકળવું પડશે. કેમ નીકળવું છે તે તમે જ બોલો તો ઠીક પડે.

સભામાંથી : 'અત્યારે તો કેશવની જેમ નીકળવાના સંજોગો દેખાય છે.'

પણ હું એમ ઇચ્છું છું કે તમે બધા સમજીને પહેલાં જમાઈની જેમ માનભરી વિદાય લઈને નીકળી જાઓ. નાનપણમાં જ ઘરસંસારનો ત્યાગ કરીને નીકળી જાય એ તો

પહેલા જમાઈ કરતા પણ શ્રેષ્ઠ છે. પચ્ચીસથી માંડીને ચાલીશ વર્ષ સુધીમાં નીકળે તે પહેલા જમાઈની હારમાં આવી શકે. આધેડ વયમાં નીકળે તે બીજા જમાઈ જેવા ગણી શકાય. અને છેવટે ઘડપણમાંય સમજીને સ્વેચ્છાથી ત્યાગ કરે તે ત્રીજા નંબરના જમાઇ જેવા ગણાય. બાકી અંતે ત્યાગ કર્યા વગર કેશવની જેમ ધક્કા અને ધોકા ખાઈને નીકળવાવાળા તો ઘણા છે માટે છેલ્લે એટલું જ કહેવાનું છે કે, તમે બધા સમજીને સ્વેચ્છાથી સંસારના પદાર્થોની આસક્તિનો ત્યાગ કરો. ધર્મ સિવાય સંસારના કોઈ પદાર્થમાં આસ્થા કરવા જેવી નથી. જીવનમાં અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મની જ સૌએ પ્રતિષ્ઠા કરવી જોઈએ. સૌ કોઈના જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા થાય એ રીતની મંગળ કામના સાથે આજના વ્યાખ્યાનથી વિરામ પામું છું.

❋

હાથ કંકણથી શોભતા નથી પણ દાનથી શોભે છે. કાન કુંડલથી નહિ પણ શાસ્ત્ર શ્રવણથી શોભે છે. શરીર ચંદનના વિલેપનથી નહિ પણ પરોપકારનાં કાર્યો કરવાથી શોભે છે.



જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા (ઉત્તરાર્ધ)

જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા આ વિષય ઉપરનું પૂર્વાર્ધ આપણે પૂર્વે વર્ણવી ગયા છીએ. આજે ઉત્તરાર્ધ વર્ણવવું છે. ઉત્તરાર્ધ વર્ણવતા પહેલાં આપણે જરા પૂર્વવિષય પર દૃષ્ટિપાત કરી જઈએ. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીજીના શ્લોકોના આધારે પૂર્વાર્ધ વર્ણવતા હતા "સંસારમાં ધર્મજ ઉપાદેય છે કારણ કે ધર્મ સિવાયનું બધું જ અંતે દુઃખનું કારણ છે. સંસારમાંમનુષ્યો સંયોગમાં સુખ માનતા હોય છે. પરંતુ સંયોગમાત્ર અનિત્ય છે, ઇર્ષ્યા અને શોકથી ભરેલા છે. હલકા આચરણના સ્થાનરૂપ યૌવન પણ અનિત્ય છે, તીવ્ર કલેશના સમુદાયમાંથી પેદા થનારી સંપદાઓ પણ અનિત્ય છે અને સર્વભાવના નિબંધન રૂપ જીવન પણ અનિત્ય છે. સંસારમાં પુનઃપુનઃ મૃત્યુ, પુનઃપુન. જન્મ અને પુનઃપુનઃ હીન અને ઉચ્ચ સ્થાનનો આશ્રય કરવાનો હોવાથી આ સંસારમાં કયાંય લેશપણ સુખ નથી. જ્યાં ઠરીને ઠામજ થવાનું ન હોય ત્યાં સુખ કયાંથી હોય ? સંસારી જીવ એ તો રખડુ જાત કહેવાય. એને સુખ કેવું ? સ્વરૂપની પ્રતિષ્ઠાવાળા અને એક સ્થિતિમાં રહેનારા હોવાથી સિદ્ધોને સાચું સુખ છે, માટે સંસારમાં પ્રકૃતિથી બધુય અસુંદર છે. ભલે ઉપર ઉપરથી ડમીટેશનની જેમ સુંદર લાગતું હોય પણ પ્રકૃતિથી અસુંદર છે. માટે હે મિત્ર ! તું કહેતો ખરો આમાં કયાંય પણ વિવેકીઓએ આસ્થા રાખવી શું યુક્ત છે ? ધૈર્યશાળી એવા શીલવંત પુરુષોએ સેવેલા ધર્મ સિવાય વિવેકીઓએ કયાંય પણ આસ્થા રાખવી યુક્ત નથી. આ

વર્ણન ઉપરથી તમને એમ નથી લાગતુ કે આ તમારા ઇષ્ટ સંયોગો સંપત્તિ અને યૌવન વગેરે માનેલા સુખના બધા થાંભલા ખખડી ગયેલા છે? જેમ કોઈ મકાનના બધા થાંભલા ખખડી ગયેલા હોય તો તે મકાનમાં રહી શકાય? (સભામાંથી ન રહી શકાય.) તો આ બધા ખખડી ગયેલા સુખરૂપી થાંભલાઓના ભરોસે સંસારમાં પણ શી રીતે રહેવાય? આ તો શાસ્ત્રકાર લખે છે પણ તમને કેમ લાગે છે? શું ધર્મ સિવાય કયાંય આસ્થા રાખવા જેવી છે બરી? આજે પુત્રપૌત્રાદિના વિશ્વાસે રહેવાય તેવું છે બરૂં? પુત્ર ત્યાં સુધી જ તમારો છે કે જ્યાં સુધી શ્રીમતીજી ઘરમાં નથી આવ્યા ત્યાંસુધી. શ્રીમતીજી ઘરમાં આવ્યા ત્યાં આજનો કાળ એટલો વિષમ છે કે માતા-પિતાની પછી કંઈ પડી હોતી નથી. આજનો જમાનો તો બોલે છે કે "No life without wife' આનો અર્થ તમે તમારી જાતે સમજી લેવાનાને? પહેલા 'મા' બોલતા ત્યાંસુધી 'મા' એ મોટી વાત હતી. પરંતુ જ્યારથી 'મધર' બોલતા થયા ત્યારથી 'મધર'ની કદરજ નથી રહી અને 'ફાધર' બોલતા થયા ત્યારથી બાપને ચાદર ઓઢવાનો વખત આવ્યો. પહેલાંના જમાનામાં પુત્ર પિતાને પત્ર લખતા તો કેટલું સુંદર સંબોધન કરતા કે પરમ પૂજ્ય શિરચ્છત્રતુલ્ય તીર્થસ્વરૂપ પિતાશ્રીની પવિત્ર સેવામાં' પરંતુ આજે તો 'My dear pappa' એ જાતનું જ સંબોધન કરતાં હોય છે. જોકે આજે પણ ઘણા પુત્રો માતા-પિતાને તીર્થસ્વરૂપ સમજી તેમની સેવા કરતા હોય છે, પણ આ તો સામાન્ય વાત ચાલે છે. એટલે કહેવા જેવુ કહેવાની ઇચ્છા થઈ જાય છે. કારણ કે આવું સાંભળતા કોઈ યોગ્ય હોય તો સુધરી પણ જાય. અમને તો આજે એમ પણ કહેવાની ઈચ્છા થઇ જાય છે કે તમો પહેલેથી સમજીને ત્યાગી બની ગયા હોત તો તમારા પુત્ર તમોને આવીને વાંદત તો

બરા. અમને વાંદે છે તો સાધુ બન્યા હોત તો તમોને કેમ ન વાંદત ? આતો માંડ બેસતા વર્ષના દિવસે પગે લાગતા હશે ! કે પછી દરરોજ લાગે છે ? 'સભામાંથી—નારેના-દરરોજ કેવા લાગે' ત્યારે હવે ધર્મ સિવાય કોઈ પદાર્થમાં આસ્થા કરવી યુક્ત નથી એમ તો નક્કી થયું ને ! આટલી પૂર્વાર્ધની પુનરુક્તિ કર્યા પછી હવે આપણે ઉત્તરાર્ધમાં આગળ વધીએ. ઉત્તરાર્ધ જરા ગંભીર છે.

સોનાની બેડી અને લોઢાની બેડી

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ ફરમાવે છે કે:—

आह तत्राऽपि नो युक्ता यदि सम्यग् निरूप्यते ।
धर्मस्यापि शुभो यस्माद् बंध एव फलं मतम् ॥

આ ગાથામાં શંકાકાર શંકા ઉઠાવે છે કે સંસારના કોઇ પદાર્થોમાં આસ્થા કરવી એ યુક્ત નથી. એ તો ઠીક, પણ જો સમ્યક્ વિચારવામાં આવે તો ધર્મમાં આસ્થા કરવી એ પણ યુક્ત નથી. કારણ કે ધર્મના અનુષ્ઠાનોનું ફળ પણ શુભનો બંધ છે અને બંધ એ સંસારનું કારણ છે.

न चायस्य बन्धस्य, तथा हेममयस्य च ।
फले कश्चिद्विशेषोऽस्ति, पारतंत्र्याविशेषतः ॥

લોઢાનું બંધન હોય કે સોનાનું તેમાં પારતંત્ર્યનાં અવિશેષપણાને લીધે લેશ પણ ફળભેદ નથી. પુણ્ય એ સોનાની બેડી છે અને પાપ એ લોઢાની બેડી છે. કોઇ માણસને હાથ-પગમાં સોનાની બેડી પહેરાવવામાં આવી હોય

કે પછી લોઢાની પહેરાવવામાં આવી હોય પણ તેના પરવશપણામાં કંઈ ભેદ પડતો નથી. તેમ પુણ્ય ને પાપ બન્ને આત્માની સ્વાધીનતાનો નાશ કરનારા છે. આત્મા જેવા આત્માને વચમાં પુણ્યની પણ અપેક્ષા શા માટે જોઈએ.

"तस्मादधर्मवत्त्याज्यो धर्मोऽप्येवं मुमुक्षुभिः ।
धर्माधर्मक्षयान्मुक्तिर्मुनिभिर्भणिता यतः ॥"

માટે મુમુક્ષુઓએ અધર્મની જેમ ધર્મનો પણ (પુણ્યનો પણ) ત્યાગ કરવો જોઈએ. કારણ કે ધર્મ અને અધર્મ ઉભયના ક્ષયથી મહામુનિવરોએ મુક્તિ કહી છે. હવે શંકાકારની શંકાનું પૂ. આચાર્યશ્રી સમાધાન કરે છે અને ફરમાવે છે કે :—

"उच्यते एवमेवैतत् ॥"

આચાર્ય શ્રી ફરમાવે છે કે વસ્તુ સ્વરૂપ આ પ્રમાણે છે. જુઓ, આચાર્યશ્રીની શંકાકારની શંકા સમાધાન કરવા માટેની શૈલી કેટલી ગંભીર છે! જ્યારે આજે તો પહેલા સામાની વાત તોડી જ પાડવાની વાત હોય, પણ તે સમાધાન કરવાની રીત ન કહેવાય. પૂ. આચાર્યશ્રી ફરમાવે છે કે વસ્તુ સ્વરૂપ આ પ્રમાણે છે.

" उच्यते एवमेवैतत्, किंतु धर्मो द्विधा मतः ।
सज्ज्ञानयोग एवैकः, तथान्यः पुण्यलक्षणः ॥ "

પરંતુ ધર્મ બે પ્રકારે છે. એક જ્ઞાનયોગના લક્ષણવાળો અને બીજો પુણ્યના લક્ષણવાળો ધર્મ આ પ્રમાણે ધર્મ બે

પ્રકારનો છે. તેમાં પુણ્યના લક્ષણવાળો ધર્મ બંધનું કારણ છે. જ્યારે જ્ઞાનયોગના લક્ષણવાળો ધર્મ મોક્ષનું કારણ છે.

ज्ञानयोगस्तपः शुद्धमाशंसादोषवर्जितम् ।
अभ्यासातिशयादुक्तं—तद्विमुक्तेः प्रसाधकम् ॥

આશંસાદોષ વગરનું જે તપ તે જ જ્ઞાનયોગના લક્ષણવાળો ધર્મ છે, અને તેનાં આત્યંતિક અભ્યાસથી તે મુક્તિપદને સાધી આપનારૂં છે. તપ જો આકાંક્ષાથી યુક્ત હોય એટલે કે કોઇપણ પ્રકારના ફળની ઈચ્છાથી યુક્ત હોય તો તે જ્ઞાનયોગના લક્ષણવાળું નથી. ગીતાજીમાં શ્રી વ્યાસ કર્મફળની ઈચ્છાનો નિષેધ કરે છેઃ

"कर्मण्येवाधिकारस्ते—मा फलेषु कदाचन"

નિષ્કામ કર્મ કરતાં રહેવું એ માનવીના અધિકારની વાત છે. પણ ફળની આશા રાખવી એ માનવીના અધિકાર બહારની વાત છે. તપ ગમે તેવું ઉગ્ર કરવામાં આવે પણ તેમાં જો મનાવવા પૂજાવવાની ભાવના હોય અથવા એવા બીજા કોઈ પણ ફળની આકાંક્ષા હોય તો તે તપનું ફળ કલેશ સિવાય બીજું કાંઈ રહેતું નથી.

આ સભામાં ઘણા ખેડુત ભાઈઓ બેઠેલા છે. એમને તમે પૂછો તો ખરા કે તેઓ કયા ધ્યેયથી ખેતી કરે છે? તેઓ તરત કહેશે કે અનાજ ઉત્પાદનના ધ્યેયથી ખેતી કરીએ છીએ. કોઈ એમ નહિ કહે કે પરાળના (ખડનાં) ધ્યેયથી ખેતી કરીએ છીએ. પણ જ્યાં ધાન્યના ઢગલા થવાના હોય ત્યાં પરાળના

તો ગંજનાગંજ ખડકાવવાના જ છે. પરાળ એ ખેતીનું આનુષંગિક ફળ છે, જ્યારે ધાન્ય એ ખેતીનું તાત્ત્વિક ફળ છે. તો જે જ્ઞાન યોગરૂપ તપના લીધે મોક્ષ મળવાનો હોય તેને લીધે સંસારનાં સુખરૂપી પરાળનાં તો ગંજ ખડકાવવાના જ છે તો તેની ઈચ્છા શા માટે રાખવી જોઈએ ? જો જો હોં પાછા આનો અર્થ કયાંક એમ નહિ કરતાં કે આ મહારાજે ઠીક કહ્યું કે ઈચ્છા ન રાખો એટલે સુખના ગંજ ખડકાઈ જવાના છે. મોક્ષની ઇચ્છાથી ધર્મ કરો એટલે અભરે ભરાઈ જાય. કયાંક આનો ઊંધો અર્થ નહિ લેતા હોં ? મારે તમને ખૂબ સાચવવા પડે છે. જે કોઈ અર્થ લો એ સવળો લેજો ! બજારમાં ચણીયા બોર ખરીદવા કોઇ માણસ એક કરોડ રૂપિયાનું કોહિનૂર લઈને જાય અને કરોડ રૂપિયાનું કોહિનૂર આપીને પાલી ચણીયા બોર ખરીદી આવે એને તમો કેવો કહેવાના ? (સભામાંથી પાગલ) તો ધર્મ એ કોહિનૂર છે અને સંસારના સુખ એ ચણીયા બોર જેવા છે. તો તમો આ સંસારના સુખરૂપી ચણીયા બોર માટે ધર્મ કોહીનૂર વેચી નાખતા હોં તો અમારે તમને કેવા કહેવા ? જોજો હવે બીજાને પાગલ કહેવા તૈયાર થઈ ગયા, પણ જાત ઉપર આવ્યું ત્યાં ચૂપ થઈ ગયા માટે જ્ઞાનયોગ તપરૂપ ધર્મમાં આકાંક્ષા દોષ જો ન હોય તો તે મુક્તિને સાધી આપનારું છે.

શ્રી ભરત ચક્રવર્ત્તિની અભ્યંતર જાગૃતિ

બીજું પુણ્યના લક્ષણવાળો જે ધર્મ છે તે આશંસા-દોષવાળો હોવાથી જીવને ચાર ગતિમાં રૂળાવનારો છે. આચાર્યશ્રીએ જણાવ્યું કે પુણ્ય એ સોનાની બેડી છે અને પાપ એ લોઢાની બેડી છે. પણ પારતંત્ર્યના અવિશેષપણાને લીધે બંનેમાં ફળભેદ નથી. પૂ. આચાર્યશ્રીના આ મુદ્દા પર

વિસ્તૃત વિવેચન કરવા જેવું છે, આજ વિષયની પુષ્ટિમાં અધ્યાત્મસારમાં પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કેઃ-

सर्वपुण्यफलं दुःखं कर्मोदयकृतत्वतः ।
तत्र दुःख प्रतीकारे, विमूढानां सुखस्य धीः ॥

પાપનું ફળ જેમ દુઃખ અને બંધન છે તેમ કર્મોદયરૂપ હોવાથી પુણ્યનું ફળ પણ દુખ જ છે. છતાં દુઃખના પ્રતિકારરૂપ સુખમાં પણ વિમૂઢોને સુખ બુદ્ધિ થાય છે. **સંસારના સર્વોત્કૃષ્ટ મનાતા ચક્રવર્તિ કે ઈન્દ્રના સુખમાં પણ માત્ર દુઃખનો પ્રતિકાર કરવાની તાકાત છે પણ કોઈપણ પ્રકારના સુખમાં દુઃખનો આત્યંતિક નાશ કરવાની તાકાત નથી. તે તાકાત તો ધર્મમાં જ છે.** માટે ઉપાધ્યાયજી ફરમાવે છે કે પુણ્યનું ફળ અંતે દુઃખ અને બંધન છે. પાપ વર્તમાનમાં દારૂણ વિપાકવાળું છે તો પુણ્ય ભાવિમાં દારૂણ વિપાકવાળું છે. આ સિવાય બીજો કોઈ પાપ પુણ્યની વચ્ચે ભેદ નથી. આ બધા વિવેચનમાં પુણ્ય શબ્દ આવે ત્યાં પાપાનુબંધી પુણ્ય સમજવાનું છે. ગમે તેવા પુણ્યના ઉદય કાળમાં પણ જો જ્ઞાનદૃશા જાગૃત હોય તો તે પુણ્ય બંધનકર્તા થતું નથી. શ્રી ભરત ચક્રવર્તિને જેવા તેવા પુણ્યનો ઉદય હતો ? તેમના પુણ્યનો સિતારો મધ્યાન્હમાં તપી રહેલો હતો, છતાં તીવ્ર જ્ઞાનદૃશાને લીધે તેઓ તેમાં આસક્ત બન્યા નથી. પુણ્ય ઘણી સારી ચીજ છે પણ તેની મીઠાશ અતિ ભયંકર છે. પુણ્ય પચાવવું એ કાચો પારો પચાવવા તુલ્ય છે.

ચક્રવર્તિઓ પ્રબળ પુણ્યના ઉદયવાળા હોય છે છતાં શાસ્ત્રોમાં આવે છે કે ચક્રવર્તિઓ ચક્રવર્તિપણામાં જ મરે

તો મરીને સાતમી નરકમાં જાય બસ તેવી જ રીતે તમો પણ પરિગ્રહની મૂર્છામાં ને મૂર્છામાં મર્યા તો કયા જવાના ? માટે હવે મૂર્છા છોડો તો બહુ સારી વાત છે, હા મેળવેલું જે ભેગું આવવાનું હોય અથવા પાછળથી છોકરા મનીઓર્ડર કરવાના હોય ને વળગી રહ્યા હો તો મારે કંઈ કહેવાનું નથી. છે કાંઈ એવું ? (સભામાંથી : હાથમાંથી વીંટીયે કાઢી લેશે.) ત્યારે તો અમસ્તા જ વળગી રહ્યા છો. ભરત ચક્રવર્તી આરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા તે તેમના તીવ્ર જ્ઞાનયોગનો પ્રભાવ હતો. જ્ઞાન અને વૈરાગ્યનો એમણે જીવનમાં સુમેળ સાધ્યો હતો.

એકવાર અલંકાર સજી રહ્યા પછી ભરત ચક્રવર્તી અરીસામાં રૂપ જોઈ રહ્યા છે. તમારે પણ બહાર નીકળવાનું હોય તો કપડાં પહેર્યા પછી અરીસાનું સર્ટિફિકેટ લેવા માટે મોટું અરીસામાં જોવું જોઇએ ને ? (સભામાંથીઃ જોવું તો જોઇએ) પણ આ તમારી ઉંમર તો મને ઓછામાં ઓછી પંચોતેર વર્ષની દેખાય છે. છતાં હજી મોટું જોવું ગમે છે ? ભરત ચક્રવર્તી જ્યાં પોતાનું અદ્‌ભુત રૂપ જોઈ રહ્યા છે ત્યાં તેમની ટચલી આંગળીમાંથી 'મુદ્રિકા' નીચે ખરી જાય છે, અને આંગળી ચંદ્રિકા વગરની ચંદ્રકળા જેવી લાગે છે. ચક્રવર્તી વિચારે છે કે આ આંગળી તો તદ્દન શોભા વગરની બની ગઇ છે. શું બીજા અંગો પણ આભૂષણરહિત આ આંગળી જેવા જ શોભા વગરના લાગતા હશે. તે પછી મસ્તક પરથી મુગટ ઉતારે છે. એટલે મસ્તક રત્ન વિનાની મુદ્રિકા જેવું જણાવા લાગે છે. ત્યારબાદ કાન ઉપરથી માણેકના કુંડળ ઊતારી નાખે છે, એટલે બંને કર્ણ સૂર્ય અને ચંદ્ર વગરની પૂર્વદિશા અને પશ્ચિમદિશા જેવા જણાવા લાગ્યા. પછી ગ્રીવામાંથી કંઠાભરણ કાઢી નાખ્યું. ત્યાં ગ્રીવાનો ભાગ નીર વિનાની નદી જેવો શોભા

વગરનો બની ગયો. વક્ષસ્થળ ઉપરથી હાર ઊતાર્યો ત્યાં વક્ષસ્થળનો ભાગ તારાશૂન્ય આકાશ જેવો બેડોળ દેખાવા લાગ્યો, અને જ્યાં હાથમાંથી સોનાનાં કડાં કાઢી નાખ્યા એટલે તે બંને હાથ આમલસાડા વિનાનાં પ્રાસાદ જેવા કદરૂપા જણાવા લાગ્યા. બીજી સર્વ આંગળીઓમાંથી મુદ્રિકા કાઢી ત્યાં સર્વ આંગળીઓ મણિ વગરની સર્પની ફણા જેવી શોભા વગરની દેખાવા લાગી અને શરીર પરના સર્વ અલંકાર ઊતારી નાખ્યા ત્યાં આખું શરીર પત્ર, પુષ્પ અને ફળ વગરના ઠુંઠા વૃક્ષ જેવું શોભા વગરનું જોઈને ભરતજી વિચારે છે કે અહો! આ શરીરને ધિક્કાર છે કે અંદર વિષ્ટાદિક મળથી અને બહાર મૂત્રાદિકના પ્રવાહથી મલિન એવા આ શરીરમાં વિચાર કરતાં કંઈ પણ શોભાકારી નથી, બલકે બધુ ઘૃણાકારી છે.

અસારમાંથી સાર ગ્રહણ કરે તે જ ખરો બુદ્ધિશાળી

ખારી જમીન જેમ વરસાદના જળને દૂષિત કરે છે. તેમ આ શરીર વિલેપન કરેલા ચંદન, કપુર અને કસ્તુરી વગેરેને પણ દૂષિત કરે છે. માટે જેઓ વિષયથી વિરાગ પામીને મોક્ષફળને આપનાર તપ તપે છે. તે તત્ત્વવેદ્દી પુરુષો જ આ શરીરનું તાત્ત્વિક ફળ ગ્રહણ કરે છે. શરીર તદ્દન અસાર છે પણ આ રીતે મોક્ષ માટે શરીરથી જો તપ કરવામાં આવે તો અસારમાંથી પણ સાર પ્રાપ્ત કરી શકાય છે. કેરીની સીઝનમાં જોરાંઓ કેરીમાંથી રસ કાઢી લીધા પછી પાછળના છોતરાંને પાણીમાં નાખીને તેમાંથીયે જે કંઈ થોડો ઘણો રસકસ રહ્યો હોય તે કાઢીને તેનો ફજેતો બનાવે છે અને રસપુરી જમી રહ્યા પછી પાછળથી તે આપવામાં આવે છે. હવે છોતરાં એ અસાર વસ્તુ છે પણ જોરાંઓ તેમાંથીયે સાર ખેંચી શકે છે.

તો તમે આ અસાર મનુષ્ય દેહમાંથી સાર નહિ ગ્રહણ કરી શકો ? અસારમાંથી સાર ગ્રહણ કરે તે જ ખરો બુદ્ધિશાળી છે.

મોહનું કારણ અજ્ઞાન

શ્રી ભરતચક્રવર્તીની વિચારણા ધ્યાનમાં લો તો તમોને પણ આ અસાર શરીરને આત્માર્થ માટે ગાળવાની ભાવના જાગૃત થાય. ભરતજી આગળ વિચારે છે કે આ તો બધી પારકી શોભા છે. મારે તો ઘરની શોભા જોઈએ છીએ. વસ્ત્ર અને અલંકાર ઊતારવાથી આ શરીર આવું પત્ર અને પુષ્પ વગરના વૃક્ષ જેવું લાગે છે તો પછી જો આ શરીર ઉપરથી ચામડી ઊતારી નાંખવામાં આવે તો આ શરીર કેવું કે લાગે, બસ આમ શરીરની અનિત્યતા અને અસારતા વિચારતાં વિચારતાં ભરત-ચક્રવર્તી ત્યાંને ત્યાં આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામે છે. જોઇ આ શ્રી ભરતજીની વિચારણા ! આ કેવળજ્ઞાન આમ પ્રગટ થાય છે. શરીરની કેવળ ટાપટીપ અને વાનરવેડા કરે કેવળ-જ્ઞાન પ્રગટ થાય ? આજે લોકો શરીરની અસારતા સમજતા નથી એટલે શરીરની ખોટી ટાપટીપમાં પડી ગયા છે. લોકોને શરીરનો મોહ ઘણો છે. તેનું કારણ એજ છે કે લોકોમાં આત્માનું અજ્ઞાન છે. આત્માના વૈભવને લોકો સમજતા નથી. આ શરીર ગમે તેવું રૂપાળુ હોય, કરોડો રૂપિયાની કિંમતી ઝવેરાતથી શરીરને ભરી દીધેલું હોય છતાં શરીરમાં જો આત્મા ન હોય નો તેનું સ્થાન સ્મશાનમાં છે, માટે સર્વ કોઈએ બહિર્મુખ મટી આત્મા ભિમુખ બનવું જોઈએ.

પુણ્ય પચે તો અમૃત, નહિં તો ઝેર

આપણો મૂળ મુદ્દો એટલો કે ભરતજી પ્રબળ પુણ્યના ઉદયવાળા હતા. પણ અંતરની જ્ઞાનદશા જાગૃત હોવાથી તે

પુણ્ય તેમને બંધનકર્તા ન થયું. પુણ્ય પચે તો અમૃત છે, નહિં તો ઝેર છે. આજે પુણ્યના ઉદયકાળમાં જ તોફાન સૂઝે છે. પુણ્યને નહીં જીરવી શકનારા પુણ્યના ઉદયકાળમાં ઉન્મત બને છે અને પુણ્ય ભોગવતા ઘોર પાપકર્મો ઉપાર્જન કરીને દુર્ગતિના મુસાફર બને છે. તેમાંય અત્યારનો કાળ તો ઘણો વિષમ છે. પુણ્યના ઉદયકાળમાં એકલો પ્રમાદ પોષાઈ રહ્યો છે. તમારા પુણ્યની અમોને ઈર્ષ્યા નથી. પણ તમારા પ્રમાદનો વિચાર કરીએ છીએ ત્યાં અમારા કાળજા કંપી ઉઠે છે. આજે આ સરકારના રાજમાં રવિવારે રજા હોય છે ને! તો એ રજાના દિવસોમાં થિયેટર્સ સાંભરે છે કે દેવમંદિરો સાંભરે છે? સત્સંગ સાંભરે કે કલબો સાંભરે છે? કંઈક તો બોલો. પણ તમે નહિં બોલો. કારણ કે આમાં તમારી જ પોલ ખુલ્લી થાય તેમ છે. આ રીતે જ્ઞાનદૃષ્ટિવાળાંને પુણ્ય બંધનકર્તા નથી પણ અવિવેકીને તો બંધનકર્તા જ છે. આગળ વધીને પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કેઃ—

इत्थमेकत्वमापन्नं फलतः पुण्यपापयोः ।
मन्यते यो न मूढात्मा नान्तस्तस्य भवोदधेः ॥"

આ પ્રમાણે ફળથી એકલપણાને પામેલા પુણ્ય અને પાપને જે એકરૂપ ગણતો નથી તે મૂઢાત્મા ભવસમુદ્રના પારને પામી શકતો નથી. જુઓ, હવે આ છેલ્લામાં છેલ્લી તત્ત્વની વાત છે. આથી દુનિયામાં કોઈ ઉંચુ તત્ત્વ નથી.

દુઃખ અને બંધનરૂપ ફળની અપેક્ષાએ પુણ્ય અને પાપની વચ્ચે એકપણું સમજવાનું છે. જીવો આજે પાપકર્મમાંથી છુટીને પુણ્યકર્મમાં આવે છે. પાછા પુણ્યમાં અટકી જાય છે. પણ એમ નથી વિચારતા કે આત્મા પુણ્ય અને પાપ બંનેની પેલી પાર છે.

સ્વવશતામાં સુખ અને પરવશતામાં દુઃખ

दुःखैकरूपयोर्भिन्नस्तेनात्मा पुण्यपापयोः ।
शुद्धनिश्चयतः सत्यचिद्दानन्दमयः सदा ॥"

માત્ર એક દુઃખના જ કારણરૂપ એવા પુણ્ય અને પાપ બંનેથી આત્મા ભિન્ન છે. આત્મા નિશ્ચયથી સત્‌ચિદ્ અને આનંદમય છે, જ્યારે પુણ્ય અને પાપ બંને ઉપાધિમય છે. પોતાના સુખ માટે આત્માએ પુણ્યના ભરોંસે પણ રહેવા જેવું નથી. કારણ કે પુણ્યની અપેક્ષાવાળું સુખ પણ અંતે પરવશ છે અને જેટલું પરવશપણું તેટલું દુઃખ છે અને જેટલું સ્વવશ તેટલું સુખ છે. પુણ્ય પરવશ હોવાથી જ્યાં પુણ્યના ભરોંસે રહેવા જેવું નથી, ત્યાં પછી પુત્રપૌત્રાદિના ભરોંસે રહેવાય? પુણ્યના ઉદયને અભ્યુદય કહેવામાં આવે છે. પુણ્યોદય કે અભ્યુદય તેની પાછળ ઉદય શબ્દ તો છે જ. જ્યાં ઉદય છે ત્યાં અંતે અસ્ત છે. માટે ગમે તેવા પુણ્યના ઉદયવાળા સુખ હોય પણ તેનો અંતે અસ્ત થવાનો જ છે. જ્યારે આત્માના મોક્ષ સુખને નિઃશ્રેયસ કહેવામાં આવે છે. તેની પાછળ ઉદય શબ્દ નથી તો એ સુખ શાશ્વત છે. માટે આત્મા પુણ્ય અને પાપ બંનેથી પર થાય તોજ મોક્ષ છે. કારણ બંને ઉપાધિમય છે પુણ્ય એ રાતા પુષ્પની ઉપાધિ જેવું છે અને પાપ એ શ્યામ ફૂલની ઉપાધિ જેવું છે. પરંતુ બંને આત્મારૂપી સ્ફટિકને આવરનારા છે. પુણ્યના ઠાઠ ગમે તેવા હોય પણ તે પુણ્યોદયની પૂર્ણતા ઉછીના માંગી આણેલા અલંકાર જેવી છે અને આત્માની સ્વાભાવિક પૂર્ણતા જાત્યમાન રત્નની પ્રભા જેવી છે, જે કોઈ પણ દિવસે ઓલવાતી નથી, જ્યારે સૂર્ય

અને ચંદ્રની પ્રભા આથમી જાય છે. પણ જાત્યમાન રત્નની પ્રભા આથમતી નથી. માટે આત્માની સ્વાભાવિક જ્ઞાન, દર્શનની પૂર્ણતાને જાત્યમાન રત્નની ઉપમા આપી છે.

પોતાનો દીકરો પરણવાનો હોય ત્યારે ઘાંચણ પણ કોકને ત્યાંથી ઉછીના અલંકાર વરરાજાને પહેરાવવા માટે લઈ આવે છે પણ તેની કિંમત શી છે? લગ્નવિધિ પતે ત્યાં સુધી તેની શોભા છે પણ જ્યાં વિધિ પતી જાય છે ત્યાં જેને ત્યાંથી એ અલંકાર લઈ આવ્યા હોય છે તેને ત્યાં પાછા આપી જ દેવા જોઈયે. તેમ પુણ્ય ન પરવારે ત્યાં સુધી આ ધનધાન્યાદિ અને કનકકાંતાદિની પૂર્ણતા છે અને પુણ્ય પરવારે છે ત્યાં ફરી પાછા ઓસરતા પૂર થઈ જાય છે. તે ઓસરી તો એવા જાય કે કયારેક ભીખ માંગવાનો એ વખત આવે. કબીર કહે છે

"જીસ ઘર નોબત વાગતી હોતે છતીસો રાગ
વો ઘર ભી ખાલી પડે ઉડ ઉડ બૈઠે કાગ"

જે ઘરોમાં નોબતો ઘણુંઘણતી હતી અને છત્રીસો પ્રકારના રાગ–રાગિણી થતા હતા તેવા ભવ્ય પ્રસાદો પણ આજે ખાલીખમ પડયા છે અને તેમાં ઉડી ઉડીને કાગડા બેસે છે.

પુણ્યોદયમાં પ્રમાદ ન પોસો

भव प्रपंच मन जालकी बाजी जूठी भूल
चार पांच दिन खुश लगे अंत घूलकी घूल

ભવ પ્રપંચની બાજી બે પાંચ દિવસ ખુશ–ખુશાલ લાગે છે. પણ તે મિથ્યા બાજી છે. અંતે ધુળની ધુળ છે. માટે સાચો આનંદ લૂંટવો હોય તો કોઈના પણ ભરોસે ન રહેતા ચિદાનંદ

એવા આત્માની જ શોધ કરવી જોઈએ અને તેની શોધ કરવાની રીત આ પ્રમાણેની છે.

"रागादिक जब परीहरी करे सहज गुण खोज
घटमें ही प्रगटे तदा चिदानंदकी मोज"

રાગાદિકનો ત્યાગ કરીને જ્યારે આત્મા પોતાના સહજ ગુણની શોધ કરે છે ત્યારે ઘટમાં જ ચિદાનંદની મોજ પ્રગટ થાય છે,

"रागादि परिणाम युत मनही अनंत संसार ।
वोही रागादि रहित जानो भवजल पार ॥"

આજના વ્યાખ્યાનમાં એકલો ચિદાનંદ ઘૂંટાય છે. જેમ આસુદી ઘૂંટાય છે તેમ ચિદાનંદ ઘૂંટાય છે. આ રીતે પુણ્ય પાપની પેલીપાર એવા આત્માનો તમોને વિવેક કરવામાં આવ્યો. ગમે તેવા પુણ્ય હોય પણ પુદ્ગલરૂપ છે. જ્યારે આત્મા ચિદ્રુપ છે. પણ પુણ્યમાં વિવેક કરવાની જરૂર છે. આજના શુષ્ક અધ્યાત્મિઓએ પુણ્ય પાપની બાબતમાં ઘણી મોટી ગેર સમજ ઉભી કરી છે. પુણ્યમાં પાપાનુંધી પુણ્ય હોય છે અને પુણ્યની સંસાર સુખ માટે રુચિ ન જોઈએ એ વાત બરાબર છે પણ પુણ્યમાં પુણ્યાનું બંધી પુણ્ય ઉપાદેય છે. ભલે ધ્યેય મોક્ષ છે છતાં પુણ્યાનુ બંધી પુણ્ય મોક્ષ માર્ગની આરાધનામાં મદદરૂપ થનારૂ છે. પણ વિઘ્ન કરનારૂ નથી. અમારે મારવાડના અમુક મેણાની વસ્તીવાળા પ્રદેશમાંથી વિહારોમાં જ્યારે પસાર થવાનું હોય છે ત્યારે સાથે વોળાવો લેવો જોઈ યે પણ તે વોળાવો મેણા જ્ઞાતિનો જ હોવો જોઈએ. જો બીજી જ્ઞાતિનો હોય તો તે મેણા લોકો અમને સાધુઓને પણ લૂંટી લે છે. ઓઘા

પાતરા બધું ય લૂંટી જાય છે. પણ એની જ્ઞાતિનો એક બાર વર્ષની ઉંમરનો પણ વેાળાવેા લીધેલેા હેાય તેા તે પ્રદેશમાંથી નિર્વિઘ્ને પસાર થઈ જવાય છે, તેમ મેાક્ષમાર્ગમાં જનારાઓને પુણ્યાનુબંધી પુણ્યએ વેાળાવા રૂપ છે. ભલે પુણ્યાનુબંધી પુણ્ય એ કર્મની જ્ઞાતિ રૂપ છે પણ તેમાં કર્મની જ્ઞાતિવાળેા વેાળાવેા જોઈએ અને તેાજ સહી સલામત ભવ અટવી પાર ઉતરી શકાય માટે આજના શુષ્ક આધ્યાત્મીઓ જે પુણ્ય હેય પુણ્ય હેય આ પ્રમાણે વદતા હેાય છે, તે વદતેા વ્યાઘાત જેવું છે. પુણ્યના ઉદકાળમાં જો સંસારના સુખમાં આસક્ત બની જવાય અને તેમાં આસક્ત બનાવનારૂ પુણ્ય હેય છે. જ્યારે મેાક્ષમાર્ગની આરાધનામાં મદદરૂપ થનારૂ પુણ્ય ઉપાદેય છે અને તેવું પુણ્ય મેાક્ષ માર્ગની નિરાશંસપણે આરાધના કરવાથીજ બંધાય છે. બાકી પુણ્યના ઉદયકાળમાં પ્રમાદને પેાષનારાઓની તેા ઘણી માઠી દશા થાય છે. હવે આ ઉપર એક દાખલેા આપીને વ્યાખ્યાન સમેટી લેવા ઇચ્છું છું.

દૃષ્ટાંત

એક ગામમાં એક શેઠ હતા. તેમને ઘેર કામ માટે એક રામેા રાખેલેા. તે રામાને આખેા દિવસ ઘરકામ કરવાનું હતું. તેમ સાંજે શેઠની શય્યા પાથરવાનું કામ પણ તેના ઉપરજ હતું. રાત્રે નવ વાગ્યાના સુમારમાં દરરોજ રામેા શેઠની શય્યા બીછાવવા શેઠના રૂમમાં દાખલ થઈ જતેા. દરરોજના ક્રમ પ્રમાણે રામાએ શેઠની સુખશય્યા બીછાવી, પછી તેને એવેા વિચાર આવ્યેા કે શેઠની શય્યા હું વર્ષોથી બીછાવતેા આવ્યેા છું પણ મેં કેાઇપણ દિવસે આ શય્યાની મેાજ માણી નથી. માટે મારે આજે નવથી અગ્યાર સુધીના ગાળામાં જરા શય્યાની મેાજ માણી લેવી છે. વળી શેઠ દરરેાજ અગ્યાર વાગ્યે સુવા આવે

છે, માટે બે કલાકતો મોજ માણી લેવાશે, આ રામે શય્યાની મોજ માણવા શય્યામાં લાંબો થઇને સૂઈ ગયો અને આખો દિવસ કામ કરીને થાકી ગયેલો એટલે ઘસઘસાટ ઊંઘ આવી ગઈ ત્યાં શેઠે અગ્યાર વાગ્યે શયનગૃહમાં પોઢવા માટે દાખલ થયા, શેઠ વિચારમાં પડી ગયા કે આ શય્યામાં મારા સિવાય કોઈ સુવે નહીં. આજે વળી આ કોણ સુતું છે. જરા પ્રકાશ કરીને જોયું તો લાગ્યું કે આતો રામો સુતો છે. અરે આને વળી આ શો મોહ થયો, મારી શય્યામાં સુવાનો આને શો અધિકાર છે, આમ કષાયથી ધમધમતા શેઠે હાથમાં એક હન્ટર લીધું અને દશ-વીશ હંટર રામાને લગાવ્યાં ત્યાં રામો એકદમ ઝબકીને બેઠો થયો અને જોયું તો સામે શેઠે એકદમ ક્રોધાવેશમાં આવી ગયેલ હતા. રામાએ વિચાર્યું કે આમાં બુદ્ધિ દોડાવવાની જરૂર છે, આથી રામો ખડખડાટ હસવા લાગ્યો. શેઠ કહે છેકે અલ્યા મેં તને આટલો માર માર્યો છતાં તને હસવું શેનું આવે છે, ત્યારે તક જોઈને રામાએ કહ્યું કે મને હસવું તમારા માટે આવે છે અને તેના કારણભૂત તમે છો. શેઠ કહે હું કઈ રીતે કારણભૂત છું ? રામો કહે છે કે આપ મને માર મારતા હતા ત્યારે મને એ રીતનો વિચાર આવ્યો કે આ શેઠની સુખશય્યામાં માત્ર મેં બે ઘડીનો પ્રમાદ સેવ્યો છતાં મારી આ સ્થિતિ થઈ છે, તો મારા શેઠ કે જેઓ વર્ષોથી પ્રમાદ સેવતા આવ્યા છે, તેમનાં કઈ સ્થિતિ થશે. રામાના મુખેથી આવું સાંભળતાજ શેઠના ગાત્રો શિથિલ થઈ ગયા અને શેઠે રામાને કહ્યું કે તેં તો એક શબ્દથી મારી આંખ ઉઘાડી દીધી છે. હવેથી તું મારો નોકર નહિ પણ સાધર્મિક છો. આ રીતે શેઠે રામાનું ખૂબ બહુમાન કર્યું. બસ આ દૃષ્ટાંતમાંથી તમારે પણ એજ સાર લેવાનો છે કે આ વર્ષોનો પ્રમાદ આપણને ક્યાં લઈ જશે અને સાધુઓ અમસ્તા સંથારા પર સુતા હશું ? સુખ

શય્યા પ્રમાદને વધારનારી છે માટે ગમે તેવું ઝેર ચઢ્યું હોય પણ સાથે મણિ હોય તો તે ઝેર ઉતારી શકાય છે. તેમ ગમે તેવા પુણ્યનો ઉદય કાળ હોય પણ અંતરમાં જો જ્ઞાનદશાની જાગૃતિ હોય તો તે પુણ્યને મોક્ષ માર્ગની આરાધનામાં મદદરૂપ કરી શકાય છે. માટે જ્ઞાનયોગના લક્ષણવાળું ધર્મ અથવા પુણ્યાનુબંધી પુણ્યના લક્ષણવાળો ધર્મ મોક્ષપદને સાધી આપનારો છે. માત્ર આશંસા દોષ યુક્ત પુણ્યના લક્ષણવાળો ધર્મ ભવગતિમાં રજળાવનારો છે. માટે બધાં જ્ઞાનયોગરૂપ લક્ષણવાળા ધર્મમાં સાચી આસ્થાવાળા બનો એટલું કહી આજના વ્યાખ્યાનથી વિરામ પામું છે.

❀

અજ્ઞાનીને કોઈ પણ વસ્તુની ઇચ્છા થાય અને તે ઇચ્છા પરિપૂર્ણ ન થાય તેનું મનમાં તીવ્ર દુઃખ ઉત્પન્ન થાય છે જ્યારે જ્ઞાનીને મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય તેનું જ દુઃખ ઉત્પન્ન થાય છે અને જ્ઞાની મનમાં વિચારે છે કે મારા જ્ઞાનની હજી અપૂર્ણતા છે કે મને અવનવી ઈચ્છાઓ મનમાં ઉત્પન્ન થયા જ કરે છે.

ભર્યે ભાણે

આજના રવિવારના જાહેર વ્યાખ્યાનનો વિષય 'ભર્યે ભાણે' જાહેર કરવામાં આવ્યો છે. આપ સૌ કોઇ શ્રોતાજનોના મનમાં એ ઉત્કંઠા હશે કે 'ભર્યે ભાણે' એ વિષય પર તે મહારાજ શ્રી શું બોલવાના હશે? અને ભાણામાં શું શું પીરસવાના હશે? પણ મારે કાંઇ પીરસવાનું છે જ નહિ. હું પોતે માધુકરીથી જીવનયાત્રા ચલવું છું, ત્યાં હું તમને શું પીરસું? પણ મારે તમને એ સમજાવવાનું છે કે બત્રીસ શાક અને તેત્રીસ પકવાન્નનું ભાણું તમારા મોઢા આગળજ પીરસાયેલું છે. અને તમે સૌ 'ભર્યે ભાણે' જ બેઠા છો. માત્ર ભાણામાંથી હાથમાં કોળીઓ લઈને મોઢામાં મૂકવા જેટલોજ તમારે પ્રયત્ન કરવાનો બાકી રહ્યો છે.

સામગ્રીની દુર્લભતા

હવે આ 'ભર્યે ભાણે'એ વિષય ઉપરની તાત્વિક રૂપરેખા આપની સામે દોરી રહ્યો છું, "સૂયગડાંગ" સૂત્રની ટીકામાં ભગવાન શીલાંકાચાર્યજી ફરમાવે છે કેઃ—

"भूतेषु जङ्गमत्त्वं, तस्मिन् पञ्चेन्द्रियत्वमुत्कृष्टम् ।
तत्मादपि मानुष्यं, मानुष्येऽप्यार्यदेशश्च ॥ १ ॥
देशे कुलं प्रधानं, कुले प्रधाने च जातिकृष्टा ।
जातौ रुपसमृद्धिः, रुपे च बलं च विशिष्टतमम् ॥२॥

भवति बले चायुष्कं, प्रकृष्टमायुष्कतोऽपि विज्ञानम् ।
विज्ञाने सम्यक्त्वं, सम्यक्त्वे शीलसंप्राप्तीः ॥३॥
एतत्पूर्वश्चायं, समासतो मोक्षसाधनोपायः ।
तत्र च बहु संप्राप्तं, भवद्भिरल्पं च संप्राप्यम् ॥४॥

આચાર્ય ભગવાન ફરમાવે છે કે પંચ ભૂતમાં–સ્થાવરમાં જંગમપણું (ત્રસપણું) શ્રેષ્ઠ છે પૃથ્વીકાય, અપકાય વગેરેના જીવો સ્થાવર કહેવાય છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય, વગેરે જીવો ત્રસ કહેવાય છે. સ્થાવર નિકાયમાં અનંતી પુણ્યરાશિ વધે ત્યારે ત્રસપણાની પ્રાપ્તિ થાય છે. નિગોદનો અનંતો કાળ છે. સ્થાવરનો અસંખ્યાતો કાળ છે, જ્યારે ત્રસનો કાળ માત્ર બે હજાર સાગરોપમનોજ છે, નિગોદ અરે સ્થાવરના હિસાબે ત્રસનો કાળ ઘણો થોડો છે. અને જઘન્ય કાળ તો વળી અંતર્મુહૂર્તનો છે. આટલા કાળમાં જીવ જો કંઈપણ આત્માર્થ ન સાધી શકયો તો ફરી પાછો એ નિગોદની રાશિમાં ચાલ્યો જવાનો, અને અનંતકાલને માટે ત્રસપણાની પ્રાપ્તિ દુર્લભ થઈ પડવાની.

આગળ વધીને આચાર્ય ભગવાન ફરમાવે છે કે ત્રસમાં પણ પંચેન્દ્રિયપણું શ્રેષ્ઠ છે, અને તેમાં પણ મનુષ્યપણું શ્રેષ્ઠ છે. કાગડા ને કૂતરા યે પંચેન્દ્રિય છે, પણ તે ભવમાં તે કંઇ પણ આત્માર્થ સાધી શકતા નથી. મનુષ્ય ભવમાંયે આર્યદેશની દુર્લભતા છે. અનાર્યદેશમાં જન્મેલા મનુષ્યો મનુષ્યભવની કોઇ સાર્થકતા કરી શકતા નથી. આર્યદેશમાં પણ આર્યકુળની પ્રધાનના છે. આર્યદેશમાં પણ ઘણાં એવા અધમકુળો હોય છે કે, તેમાં દિવસ ઉગે મારો અને કાપોનીજ વાત હોય, તમે બધાં ભાગ્યશાળી છો કે ઉત્તમકુળના પ્રભાવે ઘણાં બરા મોટકા

પાપોથી બચી ગયા છો. તેમાંયે જૈનકુળની તો બલિહારી છે કે, જેમાં રાત્રિભોજન અને કંદમૂળના પાપથી પણ બચી જવાય છે. હિંદુકુળમાં જેમ માંસ અને દારૂનો નિષેધ છે તેમ જૈનકુળમાં તેનો નિષેધ તો છેજ પણ રાત્રિભોજનનો અને કંદમૂળનોય નિષેધ છે. માંસ અને મદિરાના પાપથી તો તમે કુળના પ્રભાવે બચી ગયા. પણ આ પાપોથી બચ્યા કે નહિ? આજે જૈનકુળમાંયે રાત્રિભોજનનો સડો પેસતો જાય છે એ શોચનીય વસ્તુ છે. શાસ્ત્રો ફરમાવે છે કે "દિવસ ઉગે દેવ ખાય –એટલે કે દેવને નૈવેદ્ય ધરાય. (આ ઉપચારથી કથન છે) મધ્યાન્હે માણસ ખાય અને રાત્રે રાક્ષસ ખાય" રાત્રિભોજનમાં હિંસાનું પાપ તો છેજ. ઉપરાંત રાત્રિભોજન પ્રમાદને વધારનારૂં છે, અને સંયમને બાધા પહોંચાડનારૂં છે.

દુર્ગુણોમાં પ્રમાદ એ નાનોસૂનો દુર્ગુણ નથી. પ્રમાદમાં તો જીવ અનંતાભવ હારી ગયો, માટે શ્રી વીરવિજયજી પૂજાની ઢાળમાં ફરમાવે છે કે :—

"તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લોલ,
માંજર ઘુવડ અવતાર જો,
મુને સંસારશેરી વિસરી રે લોલ."

રાત્રિભોજના યોગે પ્રમાદ વધે, અને પ્રમાદી આવા અવતારને ન પામે તો બીજા કયા અવનારને પામે? જો કે બધા સાપેક્ષ કથન હોય છે, પણ એ કથન પણ જીવનમાં અજબ પલટો લાવી દે છે. આપણા જૈનકુળમાં તો રાત્રિભોજનનો નિષેધ છેજ પણ, પણ હિંદુઓનાયે માર્કંડેય પુરાણમાં રાત્રિભોજનનો નિષેધ છે. તેમાં લખ્યું છે કેઃ—

"अस्तं गते दिवानाथे आपो रुधिरमुच्यते ।"

સૂર્ય આથમી ગયા પછી પાણી પીવું એ લોહી પીવા બરાબર છે, અને ભોજન કરવું એ માંસભક્ષણ કરવા બરાબર છે, પણ આજે એ લોકોને આવું કોઇ સમજાવતા નથી, કારણકે સમજાવનારાઓને જ રાત્રે કેસરીયા દૂધ પીવા હોય તો કયાંથી સમજાવે ?

રાત્રિભોજનની જેમ કંદમૂળ, બોળઅથાણું, દ્વિદળ વગેરેનો પણ જૈનકુળમાં ત્યાગ હોવો જોઈએ. આજે કંદમૂળમાં બટેટા વગેરેના ત્યાગની વાત કરીએ ત્યાં ઘણા જુવાન ભાઈઓ કહે છે કે, મહારાજ એમાં તો વિટામીન 'ડી' છે. ત્યારે હું કહું કે, ભાઈ એ 'ડી' કે 'સી' માં હું કંઈ સમજતો નથી. પણ હું એટલું તમને પૂછું કે બટેટામાં જો વિટામીન હોય તો બટેટા ખાનારાઓના મોઢા વડલાના ટેટા જેવા કેમ છે? માટે વિટામીન બટેટામાં કે લસણ ડુંગળીમાં નથી, પણ વિટામીન બ્રહ્મચર્યના પાલનમાં છે. એ કોઈને પાળવું નથી, અને થીંગડાં દેવા છે. જૈન શાસ્ત્રોએ તો કંદમૂળમાં અનંતી જીવરાશિ કહી છે. અને અનંતી જીવરાશિ હોવાની સાથે તે તામસી પણ છે માટે એનો ત્યાગ જ હોવો જોઈએ.

આર્યદેશમાં પણ કુળની પ્રધાનતા છે. આ કુળની પ્રધાનતા ઉપર જરા આપણે લંબાણથી વિવેચન કર્યું. કુળમાંયે જાતિ પ્રધાન છે. જાતિમાંયે પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા પ્રધાન છે. સમજો કે કાને બહેરાપણું હોય, કે આંખે અંધાપો હોય

તો વ્યાખ્યાન સાંભળવાની ઘણી ઇચ્છા હોય કે ભગવાનના દર્શનની તીવ્ર ઉત્કંઠા હોય છતાં કંઈ પણ લાભ ન લઈશકાય. પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતામાંયે શરીરની શક્તિની પ્રધાનતા છે. શક્તિ વિના ભક્તિ કયાંથી થાય ? શક્તિમાંયે દીર્ઘાયુષ્યની પ્રધાનતા છે, અને દીર્ઘાયુષ્યમાંયે જ્ઞાનની પ્રધાનતા છે. આયુષ્ય ગમે તેટલું લાંબુ હોય, પણ જ્ઞાન ન હોય, સમજણ ન હોય તો તે આયુષ્ય શા કામનો છે ?

દૃષ્ટાંત

એક ગામમાં કોઈ મહાત્મા કોઈ ગૃહસ્થને ત્યાં વહોરવા ગયા. રસોડામાં પુત્રવધૂ એકલા જ હતા. પુત્રવધૂ ખૂબ સંસ્કારી હતા. મહાત્માને ભાવથી પડીલાભ્યા પછી મહાત્માએ સહેજ પૃચ્છા કરી કે, ઘરમાં સાસુસસરા કોઈ દેખાતા નથી ? ત્યાં પુત્રવધૂ સાસુ સસરાને માર્ગ ઉપર લાવવાના ધ્યેયથી કહે છે કે–

"સસરો અમારો બાળોભોળો, અને સાસુ બાળકુમારી;
પ્રીતમ અમારો પોઢે પારણીએ, હું છું ઝુલાવન હારી"

અવધુ ઐસો જ્ઞાન વિચારી.

આ સાંભળીને સાસુ ને સસરા એકદમ પોતપોતાનું કામ પડતું મૂકીને ત્યાં આવી ચડયા. ત્યારે સસરો વહુને કહે છે કે મને બાળો ભોળો કેમ કહ્યો ? હું તો ભરવૃદ્ધાવસ્થામાં છું. મહાત્માએ સસરાને પૂછયું કે ધર્મ પામ્યે કેટલા વર્ષ થયા ? (મહાત્મા પુત્રવધૂનો આશય સમજી ગયેલા એટલે આ પ્રમાણે પૂછયું.) સસરાએ કહ્યું : ધર્મ શબ્દ જ મેં જીંદગીમાં પહેલીવાર સાંભળ્યો. હું તો અંદર મારા ઓરડામાં ચોપડા ખતવતો હતો, અને "સસરો અમારો બાળો ભોળો" એ સાંભળીને

બહાર આવ્યો. મહાત્માએ કહ્યું કે આ હવે ચોપડા બંધવવાનો તમારો કાળ છે કે ભજન કરવાનો ! આ ભરવૃદ્ધાવસ્થામાંયે ચોપડા બંધવવાનું ચાલુ છે, અને ભજન કરતાં નથી આત્માનું કરતાં નથી એટલા માટે તમને પુત્રવધૂએ 'બાળાભોળા' કહ્યા. એમાં ખોટું શું છે ? સસરો ભદ્ર પરિણામી જીવ હતો. નિમિત્તના અભાવે ધર્મ નહોતો પામ્યો પણ અંતે આ મહાત્માના સુયોગથી ધર્મ પામી ગયો. સાસુ પુત્રવધૂને કહે છે કે હું બાળકુંવારી છું તો તું વહુ ઘરમાં ક્યાંથી આવી ? તેને પણ મહાત્માએ પૂછયું કે કંઈ ધર્મધ્યાન કરો છો કે નહિ ? સાસુ કહે : હું તો છાણાં થાપીને આવી છું. ધર્મમાં હું કંઈ સમજતી નથી મહારાજ ! એને પણ મહાત્માએ બોધ આપ્યો. એનો પ્રીતમ તો સાવ બહિરાત્મભાવમાં હતો. આ તો દૃષ્ટાંત છે, પણ એનો ભાવ ગ્રહણ કરવા યોગ્ય છે.

હવે બાકી માત્ર આપણા પુરુષાર્થની

દીર્ઘાયુષ્યમાં વિજ્ઞાનની શ્રેષ્ઠતા છે, અને વિજ્ઞાનમાં સમ્યકત્વની પ્રધાનતા અને સમ્યકત્વમાંયે ચારિત્રની પ્રધાનતા છે. આચાર્યદેવ ફરમાવે છે કે :—

આ પ્રમાણે આ સંક્ષેપમાં મોક્ષ સાધવાના ઉપાયો છે. તેમાંથી ઘણા બધાં ઉપાયો આપને પ્રાપ્ત થયા છે, અને થોડાક જ પ્રાપ્ત કરવાના બાકી રહ્યા છે. જુઓ, આ આચાર્ય ભગવાનની અપૂર્વ દેશના. કહે છે કે ઘણું પ્રાપ્ત થયું છે અને હવે થોડુંક જ પ્રાપ્ત કરવાનું બાકી રહ્યું છે. એટલે 'ભર્યે ભાણે' બેઠાં છો. બત્રીસ શાક અને તેત્રીસ પકવાન્નનું ભાણું પીરસાએલું છે. માત્ર હાથમાં કોળીયા લઈને ફક્ત મોઢામાં મૂકવાનું બાકી રહ્યું છે. એ કોળીયા મોઢામાં મૂકો તો પેટ

ભરીને જમી શકાય, અને નહિ તો 'ભર્યે ભાણે' બેઠેલા હોવા છતાં ભૂખ્યા ઉઠવાના છો. તમે કહેશો કે ભાણું જેણે પીરસ્યું છે તે કોળીયા મોઢામાં નહિ મૂકી દે? અરે, કદાચ કોળીયા મૂકી દેશે પણ તમારે ચાવવાનો પુરૂષાર્થ તો કરવો પડશે. આગળ વધીને કદાચ તમને ચાવવાની તકલીફ ન પડે એટલા માટે લસલસતા શીરાના કોળીયા મોઢામાં મૂકે પણ પેટમાં તમારે ઉતારવા તો પડશે. અને નળી વાટે ઉતારી દેવામાં આવે પણ અંદર પચાવવાની શક્તિ તો તમારી જોઈ શે. બસ, હવે 'ભર્યે ભાણે' એ વિષય ઉપર શું કહેવાનો આશય હતો. એ આશય તો સમજાઈ ગયો ને? બત્રીસ શાક અને તેત્રીસ પકવાનના ભાણાની જગ્યાએ આ મનુષ્યભવ અને આર્યદેશઆદિની સામગ્રી સમજવાની છે. આ સામગ્રી જેવી તેવી નથી, પણ મોક્ષની સામગ્રી છે. એ સામગ્રીમાં દીર્ઘાયુષ્ય સુધીની સામગ્રી તો આમા બેઠેલાઓમાંના ઘણાંને પ્રાપ્ત થયેલી છે. હવે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ત્રણમાં પુરૂષાર્થ કરવાનો રહે છે. આટલી સામગ્રી પામ્યા પછીયે ઘણા કહેતા હોય છે કે "શું કરીએ? પુરુષાર્થ તો ઘણો કરીએ પણ કર્મ કયાં માર્ગ આપે છે." પણ હું એમ કહું છું કે હવે વળી કર્મ તે કેવો માર્ગ કરી આપે? આ સીત્તેર કુટનો સીમેન્ટ રોડ તો કરી આપ્યો છે. હવે તો આપણે પુરૂષાર્થ કરીને આગળ ધપવાનું છે. મ્યુનિસિપાલીટી-વાળા તમારા ઘેર આવીને ઈલેકટ્રિક ફીટીંગ કરી જાય, તેનો પાવર પણ ગોઠવી જાય પણ સાંજ પડે પ્રકાશ જોઈતો હોય તો ચાંપ (સ્વીચ) તો તમારે દબાવવી જોઇએને? કે પછી મ્યુનિસિપાલીટીના માણસો ઘેર ઘેર આવીને ચાંપ પણ દબાવી જાય? તેમ તમારી ઉજ્જવળ ભવિતવ્યતાએ અને પૂર્વના પ્રબળ પુણ્યોદયે તમોને છેક મુક્તિના દ્વાર સુધી પહોંચાડી

દીધા છે. હવે દરવાજેથી અંદર જવા જેટલો પુરુષાર્થ તો તમારે કરવો જોઈએ. હવે જો એ પુરૂષાર્થ નહિ કરો તો ફરી એકડે એકથી શરૂ કરવું પડશે. "ઉત્તરાધ્યયન" માં ભગવાન મહાવીર પ્રભુ શ્રીગૌતમસ્વામીને કહે છે કે "ગૌતમ, વહાણ કાંઠે આવી ગયું છે, માટે એક સમયનો પણ પ્રમાદ કરતો નહિ, કારણ કે વહાણને તોફાન હંમેશા સમુદ્રના કાંઠેજ નડે છે." ભગવાનનો આજ ઉપદેશ જગત આખાને લાગુ પડે છે. હવે આવી ઉત્તમ સામગ્રી પામીને જો પ્રમાદમાં રહ્યા તો ઉગરવાનો કોઇ આરો નથી. હિમાલયની ટોચ ઉપર ચડેલો માણસ નીચે પડે તો તેની હાલત કેવી થાય તે તમે મનમાં સમજી લો. બસ ! મનુષ્ય ભવમાંથી નીચે પડેલાની હાલત પણ તેવીજ થાય છે.

ભાગવતમાં એક શ્લોક છે કે :—

यो लब्ध्वा मानुषं देह, मोक्षद्वारमपावृतम् ।
गृहेषु खगवत् सक्तः तमारुढच्युतं विदुः ॥

મોક્ષનાં દ્વારરૂપ મનુષ્યદેહને પામીને, જીંદગીભર પંખીની જેમ જે ઘરમાંને ઘરમા આસકત રહે છે તેને મહાપુરૂષો આરૂઢ-ચ્યુત કહે છે. આરૂઢચ્યુત એટલે પર્વતની ટોચ ઉપર ચડીને નીચે પડેલા માણસ જેવો તેને કહેવામાં આવે છે.

કળામાં શ્રેષ્ઠ ધર્મકળા

એક ભકતકવિ કાવ્યમયી ગુર્જરગિરામાં કહે છે કે :

(૧) આવો રે ફરી અવસર રે પ્રાણી તુંને નહિ મળે રે;
પામ્યો મનુષ્ય જન્મ અમૂલ.

આત્મજ્ઞાન વિના રે એળે આયુષ ગયું રે
મૂઢમતિ શી કરે કુલાકુલ.....આવો રે.....

હે આત્મન્! આ અપૂર્વ અવસર ફરીફરીને મળે એમ નથી. મનુષ્ય જન્મ એ અમૂલ્ય છે, પણ આત્મજ્ઞાન વિના આ અમૂલ્ય નરદેહ પણ હારી જવાય છે. અમૂલ્ય નરદેહ ધારણ કરીને આત્મજ્ઞાન તો મેળવ્યું નહિ, તો આ મૂઢમતિ શેનો કુલાકુલ કરે છે;

(૨) બાળ તારૂં ડહાપણ રે, બૂડ્યો ભવકૂપમાં રે,
કરી ઘણાં અન્યાય ને, અધર્મ અપાર.
મુક્તિનો મારગ રે સુધોસમજ્યો નહિ રે....
મૂઢમતિ ઘણો થયો રે ખુવાર.....આવો રે.....

કહે છે કે તારૂં ગમે તેવું ડહાપણ હોય, પણ તે ચુલામાં નાખ, અંતે ભવકૂપમાં બૂડી મર્યો ને! મનુષ્યભવમાં આવીને જો સંસારસાગર તરી ગયો હો તો ડહાપણ કામનું છે. બાકી તારૂં ડહાપણ કોઇ કામનું નથી.

બધી કલામાં શ્રેષ્ઠ ધર્મકલા છે. મનુષ્ય બધી કલામાં પરિપૂર્ણ થઈ ગયેલો હોય પણ ધર્મકલામાં પરિપૂર્ણ ન થયો હોય તો, તે સંસાર તરી શકવાનો નથી, માત્ર પેટ ભરી શકવાનો છે. તે તો કુતરા, કાગડાએ ભરે છે.

દૃષ્ટાંત

એક ગામમાં એક ભાઈ નાવમાં બેસીને સામા ગામ તરફ જઈ રહ્યા હતા, જેમ દીવમાં હોડીમાં બેસીનેજ ગામમાં જવાય તેવું જ આ ગામ હતું. ભાઈ પોતે ગ્રેજ્યુએટ હતા,

અને નાવ હાંકનારો ખલાસી તદ્દન અભણ હતો, ગ્રેન્જ્યુએટ ભાઇએ નાવિકને પૂછ્યું કે, અલ્યા કાંઈ ભણ્યેા છેા કે નહિં. નાવિકે કહ્યું, કે, હું કંઇ ભણ્યેા નથી, અક્ષરજ્ઞાન પણ મેળવ્યું નથી. ત્યાં સામા ગામમાં ટાવર હતું એટલે ટાવરના ડંકાનેા અવાજ આવ્યેા. એ સમયે નાવ ખાડીના મધ્યમાં આવી ગયેલી. ત્યાં ફરી બીજીવાર પેલા ગ્રેન્જ્યુએટ ભાઈએ ખલાસીને પૂછ્યું કે, આ ટાવરમાં ડંકા પડે છે. ગણ તેા કેટલાં વાગ્યા ? ત્યારે ખલાસીએ કહ્યું કે મને ગણતાંયે આવડતું નથી. ગ્રેન્જ્યુએટ ભાઈને તેા એક મશ્કરીનું જાણે સાધન મળી ગયું. એ તેા બેાલી ઉઠયેા કે, અલ્યા તું કંઈ ભણ્યેાયે નથી. તને ગણતાયે આવડતું નથી, ત્યારે તેા તારી લગભગ બધી જીંદગી પાણીમાં ગઈ લાગે છે. એટલામાં તેા દરિયામાં તેાફાન જાગ્યું, અને પાણીના મેાજાં ઉછળવા લાગ્યાં. એટલે ખલાસીએ ગ્રેન્જએટને કહ્યું, કે, આપ ખૂબ ભણેલા લાગેા છેા એમ આપના બેાલવા પરથી સમજાય છે. પણ આપને તરતા આવડે છે કે નહિ? જો આપને તરતા આવડતું હેાય તેા પાણીમાં કૂદી પડેા. કારણકે દરિયામાં તેાફાન હેાવાથી નાવ આગળ ચાલે એમ નથી. આ સાંભળીને તેા ગ્રેન્જ્યુએટ ફેં ફેં થઈ ગયેા, અને નાવિકને કહ્યુ કે મને બધું આવડે છે. પણ તરવાની કળા આવડતી નથી. ત્યારે નાવિકે કહ્યું કે જો તમને એક તરવાની કલા ન આવડતી હેાય તેા મારી લગભગ જીંદગી પાણીમાં, અને હવે સમજી લેજો તમારી બધીયે પાણીમાં, અંતે ખલાસી તરીને સામા કાંઠે પહેાંચી ગયેા, અને બહુ ડહાપણ કરતા હતા એ બૂડી મર્યા. એજ વાત ભક્ત કવિએ કરી કે,"

બાળ તારૂં ડહાપણ રે, બૂડ્યો ભવકૂપમાં રે,
કરી ઘણાં અન્યાય ને અધર્મ અપાર.
મુક્તિનો મારગ રે સુધો સમજ્યો નહિ રે,
મંદમતિ ઘણો થયો રે ખુવાર....આવો રે....
મારૂં મારૂં કરીને મુઓ ઘણું મોહમાં રે,
અંતે કાંઇ ન આવ્યું કામ,
મૃત્યુની વેળાએ રે કોઇ કોઈનું નહિ રે,
ન ભજ્યાં હેતે આતમરામ....આવો રે....

મારૂં મારૂં કરીને અંતે મોહમાં ને મોહમાં મૃત્યુને પામ્યો. ખરા ટાઇમે કોઈ ઉપયોગમાં આવ્યું નહિ મૃત્યુના ટાઈમે તો કોઈ કોઈનું નથી. યમરાજ માતાપિતાના એકના એક પુત્રને બધાંયનાં દેખતાં ઉપાડી જાય છે, પણ કોઈ છોડાવી શકતાં નથી. ભૂખ્યા સિંહના પંજામાં સપડાયેલા હરણને જેમ કોઇનું શરણ નથી. તેમ મૃત્યુરૂપી સિંહના પંજામાં સપડાયેલા આ જીવને પણ અરિહંત સિવાય કોઈનું શરણ નથી. માટે આ મનુષ્ય ભવજ એક છૂટવા માટેનો અપૂર્વ અવસર છે, આકી બીજા કોઇ ભવમાં છુટાય એમ નથી.

આ ભવમાં પુરુષાર્થ એવો કરો કે ફરી જન્મ જ ન લેવો પડે

છેલ્લે શ્રી શીલાંકાચાર્યજી ફરમાવે છે કે :-

"तत्कुरुतोद्यम मधुना, मदुक्त मार्गे समाधिमाधाय ।
त्यक्त्वा सङ्गमनार्य, कार्य सद्भिः सदा श्रेयः ॥

આ છૂટવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે. માટે હવે ઉદ્યમ કર, અને ઉદ્યમ પણ કયાં કરવો ?

" मदुक्त मार्गे समाधिमाधाय "

ભગવાને કહેલા માર્ગમાં સમાધિ રાખીને ઉદ્યમ કર, અને તેમાં અનાર્યોના સંગનો ત્યાગ કરીને તે મોક્ષમાર્ગમાં ઉદ્યમ કરવા વડે તું શ્રેયને પ્રાપ્ત કર, – મનુષ્ય ભવમાં મોક્ષ પુરૂષાર્થ સાધવા યોગ્ય છે.

ભગવાન ઉમાસ્વાતિ તત્ત્વાર્થકારિકામાં ફરમાવે છે કે"

सम्यग्–दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥

જે પુરુષ સમ્યગ્દર્શન વડે શુદ્ધ જ્ઞાન અને વિરતિનેજ પ્રાપ્ત કરે છે. તેમના વડે દુઃખમાં નિમિત્ત એવો આ જન્મ પણ સફળ થાય છે. આ જન્મ એ જ દુઃખની પરંપરાનું મૂળ છે. જરાના, મૃત્યુના, સંયોગના-વિયોગના, રોગના, શોકના –એ બધાં દુઃખોનું મૂળ જન્મ છે. મનુષ્ય આજે મૃત્યુથી ડરે છે, પણ જન્મથી ડરતો નથી. જ્યારે જ્ઞાની કહે છે કે, અરે ભાઈ, તું મૃત્યુથી શા માટે ડરે છે? તે જન્મેલાને છોડવાનોજ નથી. માટે તું આ જન્મમાં એવો પુરૂષાર્થ કર કે જેથી અજન્મા (અમર) થઈ જવાય.

મનુષ્ય ભવમાંજ મોક્ષમાર્ગની સિદ્ધિ

સમ્યગ્દર્શન વડે શુદ્ધ જ્ઞાન વિરતિને પમાડે છે, અને તે ત્રણેના વડે દુઃખની પરંપરામાં નિમિત્ત એવો આ જન્મ પણ સફળ થાય છે. સંસારમાં જન્મ તો અવશ્યમેવ છેજ. તેમાં જો જ્ઞાન, દર્શન ચારિત્રની આરાધના થાય તો તે જન્મ

સફળ છે, અને નહિ તો ક્ષુદ્ર જંતુઓની જેમ આ જન્મ કેવળ મૃત્યુને માટે થાય છે. જ્ઞાનદર્શનાદિ ત્રણે ત્રણનો સુમેળ માત્ર મનુષ્ય ભવમાંજ થાય છે. માટે મોક્ષમાર્ગની પ્રાપ્તિ મનુષ્ય ભવમાંજ થાય છે, દર્શન અને જ્ઞાન મનુષ્ય સિવાયના ભવમાં પણ હોય છે, પણ સર્વવિરતિ ચારિત્ર મનુષ્યભવ સિવાયના કોઈપણ ભવમાં પ્રાપ્ત થતું નથી, અને ત્રણમાંથી એકની પણ ઉણપ હોય ત્યાંસુધી મોક્ષ થતો નથી. માટે આગળ વધીને બીજી કારિકામાં ફરમાવે છે કેઃ—

"जन्मनि कर्मक्लेशरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः ॥

કર્મ ક્લેશવડે યુક્ત એવા આ મનુષ્ય જન્મમાં એવી રીતેજ પ્રવર્તવું જોઈએ કે જે રીતે પ્રવર્તવાથી કર્મક્લેશનો અભાવ થાય, જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ છે, અને ક્રોધાદિ કષાય એ ક્લેશ છે. જન્મ ધારણ કર્યો હોય એટલે મન, વચન અને શરીરના નિમિત્તે કર્મ બંધાય છે, કર્મમાંથી ક્લેશ ઉત્પન્ન થાય છે અને કર્મક્લેશના લીધે ફરી જન્મ લેવો પડે છે. આમ અનાદિની પરંપરા ચાલ્યા કરે છે. હવે આ મનુષ્ય જન્મમાં આવીને એવી રીતે પ્રવર્તવું જોઈએ કે, જે રીતે પ્રવર્તવાથી કર્મક્લેશનો અભાવ થાય. કર્મક્લેશનો સર્વથા અભાવ કરી શકાય એટલો ઉગ્ર પુરૂષાર્થ ન હોય તો છેવટે કુશલાનુબંધ પડે તે રીતે પ્રવર્તવું જોઈએ. (કુશલાનુબંધ એટલે પુણ્યાનુબંધી પુણ્ય) કુશલાનુબંધ પડે તે રીતે પ્રવર્તવામાં આવે તો પણ પરંપરાએ મોક્ષ થાય, ભોલા, હવે આ જન્મ સફળ થાય એવું કાંઈ કરવું છે કે જીંદગીભર ભેગું કર્યા કરવું છે. ભેગું કરતાં તો કીડીઓને પણ આવડે છે. તમે ગમે તેટલું ભેગું કરો પણ કાળ કયાં કોઇને મૂકે એમ છે?

તે અંગે છ સાત દોહરા સંભળાવીને હવે આ વ્યાખ્યાન પુરૂં કરૂં છું.

મોતીતણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરાતણા શુભ હારથી બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને—૧

મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા,
કાંચન કડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડયા પૃથ્વીપતિ એ ભાન ભૂતળ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને—૨

દશ આંગળીમાં માંગળિક મુદ્રા જડિત માણિકયથી
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઇને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને—૩

મૂંછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતાં તે પરે,
કાપેલ રાખી કાતરા હરકોઈના હૈયા હરે;
એ સાંકડીમાં આવ્યા છટકયા તજી સૌ સોઇને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને—૪

છ ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઉપજ્યાં;
એ ચતુર ચકી ચાલિયા હોતા નહોતા હોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને—૫

જે રાજનીતિ નિપુણતામાં ન્યાયવંતા નીવડયા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડયા
એ ભાગ્યશાળી ભાગિયા તે અટપટો સૌ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને—૬

તલવાર બહાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેસરી સમ દેખયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા રોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને—૭

હવે આમાં કયાં કાંઈ ભેગું કરવાની વાત રહે છે? આમાં તો જીવનની ક્ષણભંગુરતા સમજી લઈને કંઈક સાધી લેવાની વાત રહે છે. આ જીવન કિંમતી પણ એવું છે અને ક્ષણભંગુર પણ એવું છે. કિંમતી તો એવું કે "કોહીનૂર" પણ એની આગળ કંકર સમાન છે, અને ક્ષણભંગુર તો એવું કે પળનો પણ ભરોંસો નહિ, "પ્રાણ પલકમેં જાવે" છતાં દુઃખની વાત એ છે કે આવા ક્ષણભંગુર જીવનમાંય લોકો યોગ સાધવાને બદલે જીંદગીભર ભોગસાધના જ કર્યા કરે છે. આજે ઘણાંને એટલો પણ વિવેક નથી કે આ મનુષ્યજીવન ભોગ માટે નથી. પણ યોગ માટે છે.

જીવને મોહ સ્ફૂરે પણ આત્માર્થ સ્ફૂરતો નથી

સર્પે દેડકાને ભક્ષણ માટે મોઢામાં લીધો હોય, અને હજી પેટમાં ન ગળી ગયો હોય ત્યાં સુધી મૃત્યુના મોઢામાં રહેલો દેડકો પણ મચ્છર પકડવાને ઈચ્છે છે. બસ, એવી જ રીતે કાળરૂપી સર્પના મોઢામાં રહેલા લોકો પણ અશાશ્વત

એવા ભોગસુખને ઇચ્છે છે, પણ જીવનની ક્ષણભંગુરતા વિચારીને મોક્ષસુખ માટે યોગ ઇચ્છતા નથી આ ભવમાં જે સાધવા જેવું ન સાધી શકાય તો આ અપૂર્વ અવસર ફરી ફરીને હાથમાં આવે એવો નથી. જ્યારે મોટે ભાગે હાલત એવી છે કે :– શરીરં શીર્યતે નાશા શરીર જીર્ણ થતું જાય છે, પણ આશા જીર્ણ થતી નથી. આયુષ્ય ગળતું જાય છે, પણ પાપબુદ્ધિ ગળતી નથી.

ઘરડો ખખ્ખ થઈ ગયો હોય તેવી ભરવૃદ્ધાવસ્થામાંયે મોહ સ્ફુરે છે, પણ આત્માર્થ સ્ફૂરતો નથી, મહાત્મા કહે છે કે, જુઓ તો ખરા આ શરીરધારીઓના ચરિત્રો કેવા છે ? અને વાત પણ સાવ સાચી છે. ભરવૃદ્ધાવસ્થામાંયે એવા એવા મનોરથો થયા કરે કે આ ચાર દીકરા છે, ત્રણ દીકરીઓ છે. બધાં વરી ગયાં છે. હવે એક છેલ્લાના લગ્ન બાકી છે. એટલું મારા હાથે પતી જાય તે પછી મરણ આવે તો કેવું સારૂં ! ત્યાં એમ થાય કે એક પૌત્રમુખ જોવાઇ જાય અને પછી મોત આવે તો આપણે ભાગ્યશાળી કહેવાઈ જઈએ.

છેલ્લી વૃદ્ધાવસ્થામાંયે આવા મોહના વિકલ્પો સ્ફુરે પણ આત્માર્થ ન સ્ફુરે, એને એમ ન થાય કે મેં જીંદગીભર ઘોર પાપો કર્યા છે. માટે હવે છેલ્લે તો મારા આત્માનું કરૂં પણ એને તો એકજ ધૂન લાગી હોય છે કે આ છોકરાઓ માટે લીલી વાડી મૂકતો જાઉં, કે જેથી પાછળ સૌ મારા યશોગાન ગાયા કરે, અને બે દિવસ સૌ બોલે પણ ખરા કે ભાઇ ! બાપા ભાગ્યશાળી કે લીલી વાડી મૂકતા ગયા. પછી બાપા ભલે મરીને વસઈની ખાડીમાં ગયા ! એની કયાં કોઇને પડી છે. એટલે લાંબી ચર્ચા નહિ કરતાં, મારે તો તમને ટૂંકમાં એટલું જ કહેવાનું કે તમો સૌ આ અપૂર્વ અવસરને ઓળખજો 'ભર્યે ભાણે'થી કોઈ ભૂખ્યા ન ઉઠતા. એટલું ઇચ્છી વ્યાખ્યાન પૂરૂં કરૂં છું.

દુઃખં પુણ્યભવં સુખં

પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મ-સારમાં ફરમાવે છે કે

परीणामाच्च तापाच्च संस्काराच्च बुधैर्मतम् ।
गुणवृत्तिविरोधाच्च दुःखं पुण्यभवं सुखम् ॥

અર્થાત્ પરિણામથી, તાપથી, સંસ્કારથી અને ગુણ વૃત્તિના વિરોધથી પુણ્યથી ઉદ્ભવતા સુખને પણ પંડિતોએ દુઃખરૂપ કહ્યું છે, આ ચારે ચાર મુદ્દામાં પહેલા પરિણામનો વિચાર કરીએ. સંસારમાં પુણ્યથી ઉદ્ભવતાં સુખ ખૂબ જ મધુર લાગતાં હોય છે, પણ તે વિપાકમાં તેટલા જ દારૂણ હોય છે. અજ્ઞાન દશાને લીધે મનુષ્યોમાં પરિણામદર્શિતા ન હોવાથી ઉપર ઉપરથી રમણીય લાગતાં ક્ષણિક ઇન્દ્રિયોના સુખમાં મનુષ્યો આસક્ત બનતા હોય છે, પણ જ્યારે તેના વિપાક ભોગવવાનો કાળ આવે છે ત્યારે તેના તેજ મનુષ્યો કરૂણ સ્વરે રૂદન કરતા હોય છે. શ્રી ઉત્તરાધ્યયનમાં એક ગાથા આવે છે કેઃ—जहा किंपागफलाणं परिणामो न सुन्दरो एवं भुत्ताणं भोगाणं परिणामो न सुन्दरो.

જેમ કિંપાકના ફલ શરૂઆતમાં ભક્ષણ કરવા ટાઇમે સુમધુર લાગે છે. પરંતુ તેનું પરિણામ સુન્દર હોતું નથી. કારણકે કિંપાકનાં ફલનું ભક્ષણ કરનારનું માત્ર બે જ ઘડીમાં

મૃત્યુ થાય છે. તેમ ભોગવાતા ભોગસુખ પણ ભોગકાળમાં સુંદર હોય છે પણ પરિણામે સુંદર હોતા નથી. શાસ્ત્રોમાં કિંપાકનાં ફળનું દૃષ્ટાંત ઠેક ઠેકાણે વાંચવામાં આવે છે. કારણ કે ભોગસુખનું પરિણામ સમજાવવા માટે અને સમજવા માટે કિંપાકના ફલનું દૃષ્ટાંત આબેહુબ ફીટ બેસે તેવું છે.

ભોગસુખ (વિષયસુખ) પણ ઉપર ઉપરથી રમણીય હોય છે અને કિંપાકનું ફલ પણ ઉપર ઉપરથી તેવું જ અતિ મનોહર હોય છે. કેરી અને કિંપાક સામે પડયા હોય તો જોનારાની દૃષ્ટિમાં કિંપાકની આગળ કેરી પણ કુચ્ચા લાગે છે, એટલી બધી કિંપાકની બાહ્ય સુંદરતા હોય છે. અને ભોગ સુખ જેમ ભોગવવાના ટાઈમે ભોગીની તીવ્ર અજ્ઞાન દશાને લીધે અપૂર્વ આનંદને આપનારા હોય છે તેમ કિંપાકના ફલ પણ ભક્ષણ કરવાના ટાઈમે તેના વિપાકથી અજાણ એવા મૂઢ પુરૂષને અપૂર્વ આલ્હાદ આપનારા હોય છે. કારણ કે કેસર કેરી કરતાં પણ કિંપાકમાં મીઠાશ વધારે હોય છે પણ તેનું ભક્ષણ કર્યા પછી માત્ર બે ઘડીમાં મૃત્યુ થાય છે, કારણ કે એ મીઠાશનું પરિણમન વિષ મિશ્રિત પકવાન્નની જેમ શરીરમાં અંતે વિષરૂપે થાય છે. તેમ ભોગસુખની તીવ્ર આસક્તિ વાળાને પણ અનંત કાળ સંસારમાં ભમવું પડે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે કે भोगी भमइ संसारे अभोगी विप्पमुच्चई ભોગી ભવમાં ભમે છે, અભોગી મુક્ત બને છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય એવું છે કે ઇન્દ્રિયોનાં વિષય અંતે કિંપાકનાં ફળની જેમ અતિ દારૂણ હોય છે. ગીતામાં શ્રી વ્યાસ મુનિ જણાવે છે કે प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ। કામભોગમાં આસક્ત બનેલા અશુચિમય નરકમાં પડે છે.

કામભોગમાં અનાસક્ત રહેનારા કયારેક ઉર્ધ્વગતિને પણ પામી જાય છે, જ્યારે આસક્ત બનેલા દુર્ગતિને પામે છે. સર્પ તેટલો ભયંકર નથી કે જેટલું તેનું ઝેર ભયંકર છે. ઝેરની ભયંકરતા એ જ સર્પની ભયંકરતા છે. તેમ કામ ભોગ તેટલા ભયંકર નથી કે જેટલી તેની આસક્તિ ભયંકર છે. ભોગ સુખમાં અનાસક્ત ભાવ હોય તો તે ભોગ કયારેક કર્મનિર્જરામાં કારણ બને છે, પણ બંધનકારી થતા નથી. પરંતુ તેવો અનાસક્તભાવ કોઈ તીવ્ર જ્ઞાનદશાવાળા વિરલ મહાપુરૂષોમાં જ હોય છે. બાકી આસક્તિવાળા તો દુર્ગતિના જ અધિકારી બને છે.

દૃષ્ટાંત

સંસારમાં કામભોગના સુખ પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થાય છે. તે ભોગકાળમાં ગમે તેવા સુંદર હોય પણ તે પરિણામે કેટલા ભયંકર છે તે સમજાવવા માટે શાસ્ત્રમાં બીજું ઘેટાનું દૃષ્ટાંત આપવામાં આવેલું છે. કોઈ એક માંસાહારી સુખી ગૃહસ્થે પોતાને ત્યાં એક ઘેટો રાખેલ છે. બીજી બાજુ તેણે દૂધ માટે ગાય પણ રાખેલ છે. ગાયને એક નાનો વાછરડો પણ છે. હવે ઘેટાને દરરોજ તેનો માલિક લીલું ઘાસ નાંખે છે. તદુપરાંત તેને ગોળ, કપાસીયા વગેરે ખવડાવે છે. જ્યારે બીજી બાજુ ગાય અને વાછરડાંને સૂકું ઘાસ નાંખે છે. આવો ભેદભાવ જોઈને વાછરડો મનમાં ઝુરે છે અને ગાય માતાને કહે છે કે મા, આપણા નસીબમાં તો દરરોજ સૂકું ને સૂકું છે. કોઈ દિવસે આપણે લીલું ભાળતા નથી. ગાય માતા કહે છે કે વત્સ ! સૂકામાં જ આનંદ માનવાનો છે. આપણે લીલું આવું નથી. ત્યાં વાછરડો ફરી ઉતાવળો થઈ જાય છે અને કહે

છે કે, મા ! આ ઘેટાંને તો ગોળ ને કપાસીયા ખાવા મળે છે. ત્યાં ગાય માતા કહે છે કે, વત્સ ! ધીરા રહે. એને અત્યારે ગોળના ગટાકા છે પણ પછી સટાકા છે. એમ કરતાં એ સુખી ગૃહસ્થને ત્યાં એક વાર મહેમાન આવ્યા અને મહેમાનની મહેમાનગતિ કરવા માટે ઘરમાં માલિક સવારનાં ટાઈમે જ હાથમાં છરી લઈને ઘેટાંની પાસે જાય છે અને તે છરીથી તેનાં મસ્તકનો છેદ કરે છે. ત્યાં ઘેટો જોર જોરથી ભાંભરે છે, તેનો અવાજ સાંભળીને વાછરડો પણ ભયભીત બને છે. ત્યાં તેની માતા કહે છે કે, તું શા માટે ભય પામે છે ? તે કયાં લીલા ઘાસ અને ગોળ ખાધા છે ? માટે તારે ભય પામવાનું કાંઈ કારણ નથી. બસ આ જ રીતે દેવો હોય કે મનુષ્યો હોય જેટલા ઇન્દ્રિયોનાં સુખમાં આસક્ત બને છે તે બધાનાં આ ઘેટાંની જેમ ભૂંડા હાલ થવાના છે. આ ઘેટું કપાયું તો એકવાર પણ કામભોગમાં આસક્ત બનેલાને તો દુર્ગતિમાં પરમાધામીને હાથે અનેકવાર કપાવું પડશે. માટે વિપાકનાં પરિણામનો વિચાર કરીને એમાંથી વિરમવું જોઈએ. એક જળો નામે જીવાત હોય છે. તેને મનુષ્યનાં ગડગુમડ ઉપર મૂકવામાં આવે તો તે અંદરના સડેલા લોહી અને પરૂના ભાગને ચૂસી લે છે. ચૂસવામાં તેને ખૂબ આનંદ આવે છે, પણ જ્યારે તેને નીચોવવામાં આવે છે ત્યારે તેને અસહ્ય પીડા થાય છે. એટલે જળો શરૂઆતમાં સુખ માણે છે. પણ પરિણામે તે તીવ્ર દુઃખ પામે છે. તેમ મનુષ્યો પણ ઇન્દ્રિય સુખનાં ભોગ કાળમા સુખ માણે છે, પણ પરિણામે દુર્ગતિનાં દારૂણ દુઃખ પામે છે. કારણ કે જ્યાં ભોગ તૃષ્ણા પોષવાની હોય એટલે અર્થાર્જન કરવું જોઈએ. અર્થાર્જનમાં આરંભ કરવા પડે અને કયારેક મહાઆરંભ પણ કરવા પડે.

આરંભ અને મહાઆરંભ એ સંસારનાં મૂળ છે. જ્યાં એ બન્ને હોય છે ત્યાં હિંસા પણ છે. અને હિંસા છે ત્યાં બંધ છે, બંધ છે ત્યાં સંસાર છે. સંસાર છે ત્યાં દુઃખ છે. આ પ્રમાણે સંસારનાં કામભોગ પરિણામે અનંત દુઃખની આણરૂપ છે.

અજ્ઞાનીને જ્યાં મોંમાં પાણી ત્યાં જ્ઞાનીને આંખમાં પાણી

સંસારના કામભોગ આદિમાં અભ્યુદયવાળા હોય છે. માનવી તે ટાઈમે એમ માને છે કે જાણે હું પ્રભુતાના પંથે પગલાં માંડી રહ્યો છું ! તેના તે કામભોગ મધ્યમાં હાસ્ય અને શુંગારથી ઉદ્દીપ્ત રસવાળા બને છે અને પ્રાંતે બિભત્સ, કરૂણા, લજ્જા અને ભયથી ભરેલા હોય છે. તેથી આદિમાં, મધ્યમાં અને અંતમાં કયારે પણ ચિત્તની સ્વસ્થતા હોતી નથી, આકુળતા હોય છે. આકુળતા એ દુઃખનું લક્ષણ છે, સ્વસ્થતા એ સુખનું લક્ષણ છે. પુણ્યોદયથી ઉદ્ભવતા સુખના સેવનકાળમાં પણ ચિત્તની આકુળતાને લીધે સાચું સુખ હોતું નથી, પણ સુખાભાસ હોય છે. અને ભાવિનાં પરિણામમાં તો અનંત દુઃખની પરંપરા સિવાય બીજું કશું હોતું નથી. માનવી મિથ્યાભિમાનથી એમ માને છે કે હું ભોગ ભોગવું છું, પણ ખરી રીતે તો ભોગ એને જ ભોગવતા હોય છે અને અંતે રોગના મુખમાં ધકેલી દેતા હોય છે. આ પ્રમાણે સંસારના તમામ સંયોગિક સુખોનું પરિણામ વિચારી લેવાનું છે. જો પરિણામનો વિચાર કરી લેવામાં આવે તો ગમે તેવા રાજા મહારાજાઓના અને ધનાઢ્યોના સુખ જોઈને માનવીને તેની ઈર્ષા પણ ઇચ્છા ન થાય. અજ્ઞાની કે જેને પરિણામનો વિચાર નથી તેને ઘણીવાર ધનાઢ્યોનાં બાહ્ય મોટર બંગલાનાં સુખ જોઈ ગદ્ગદિયા થઈ જાય છે અને મોઢામાં પાણી પણ

આવી જાય. પરંતુ જ્ઞાનીને તો ઉલ્ટી તેવા પરમાર્થ ભૂલેલા ધનાઢ્યોની દયા આવે છે. કારણ કે સુખનાં જ્યાં તમામ બાહ્ય સંયોગો હોય ત્યાં પણ જ્ઞાનીએ અંતરદાહ જોયો છે. પરમાર્થ ભૂલેલાઓનાં ભાવિનાં દુઃખનો વિચાર કરતાં જ્ઞાનીને આંખમાં પાણી આવી જાય છે. જ્યાં જ્યાં અજ્ઞાનીને મોઢામાં પાણી ત્યાં ત્યાં જ્ઞાનીને આંખમાં પાણી. જ્ઞાની વિચારે છે કે વિષય સુખમાં આસક્ત બનેલા બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તી પણ સાતમી નરકનાં અધિકારી બન્યા છે. માટે પરિણામનો વિચાર કરનાર ગમે તેવાં પુણ્યના સુખમાં પણ પ્રમાદી બનતાં નથી.

વિનાશની સંભાવનાથી મનનું સંતપ્તપણું

હવે બીજા મુદ્દાનો વિચાર કરીએ, બીજો મુદ્દો તાપનો છે. સંસારમાં બધા પ્રકારના ભોગ સુખ અંતે વિનાશશીલ છે, અને એક દિવસે નિશ્ચિતપણે તેનો વિયોગ થવાનો છે એટલે ભોગકાળમાં તેના વિનાશની સંભાવનાથી મનમાં તાપ રહ્યા કરે, તેને તાપ દુઃખ કહેવામાં આવે છે. અરેરે! રખે મને આ મળેલા સુખનો વિયોગ થઈ જશે તો? દા. ત. એક કારખાનામાં ઘણાં માણસો નોકરી કરતાં હોય તેમાંથી બે પાંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય, એટલે બીજાને પણ ચિંતા થાય : રખે આપણી પણ નોકરી ચાલી જશે તો! ઈરાકનાં રાજા ફૈઝલને રાજ્યગાદી પરથી ત્યાંની પ્રજાએ ઉઠાડી મૂક્યાં, મારી નાખ્યા, એ સાંભળીને જોર્ડનનાં રાજાને ચિંતા થઈ : રખે મારી પ્રજા મને પણ ઉઠાડી મૂકશે તો! આને તાપ કહેવામાં આવે છે. આ તાપનું કારણ સુખનાં વિયોગની ચિંતા છે. કરવેરા નાખીને પૈસા સરકાર લઈ જતી હોવાથી એ ચિંતા આજે ઘણાંઓને લાગુ પડેલી છે.

સાચું સુખ મોક્ષમાં

સંસારના ભોગ સુખ ગમે તેવા હોય તો પણ સાતિશય હોય છે. એ નિરતિશય હોતા નથી. એટલે પોતાને જે સુખ પ્રાપ્ત થયું હોય છે તેથી વખતે બીજાનું, પોતાના દુશ્મન વગેરેનું સુખ ચઢીયાતું પણ હોય. પ્રતિસ્પર્ધિનાં સુખ જોઈને મનમાં સળગ્યા કરે, તેના સુખની ઇર્ષ્યા કર્યા કરે એટલે એનું મનમાં દુઃખ રહ્યા કરતું હોય છે. બીજી રીતે ભોગ સુખની અપૂર્ણતાથી પણ મનમાં તાપ રહ્યા કરતો હોય છે. શું કરું ? કુદરતે મને બધું આપ્યું છે પણ શેર માટીની ખોટ રહી ગઈ ? આ રીતે સુખની ઊણપ મનમા સાલ્યા કરે. સંતતિ હોય અને સંપત્તિ ન હોય તો તેની ઊણપ મનમાં લાગ્યા કરે. સંતતિ, સંપત્તિ બધું હોય પણ કીર્તિ ન હોય તો તેની ઊણપ સાલ્યા કરે પણ એમ ન વિચારે કે સંસારના કોઈ સુખ એકાંતિક અને આત્યંતિક હોતા જ નથી. તેવા સુખ તો માત્ર મોક્ષમાં જ હોય છે.

તપેલા લોખંડના ગોળા જેવી ઇન્દ્રિયો

ઇન્દ્રિયોના સુખ ગમે તેટલીવાર ભોગવવામાં આવે પણ તેથી તૃષ્ણા શમતી નથી. ઇન્દ્રિયો તપેલા લોખંડના ગોળા જેવી છે; જ્યારે સંસારના સુખ પાણીનાં ટીપાં જેવા છે. તપેલાં લોખંડના ગોળા ઉપર પાણીનાં બે પાંચ ટીપાં નાખવામાં આવે તેટલાથી તે કાંઈ શીતળ ન થાય, પણ સરોવરમાં બોળી દેવામાં આવે તો શાંત થાય. તેમ ઇન્દ્રિયો કે જે તપેલા લોખંડના ગોળા જેવી છે તે કાંઈ બિંદુ જેવા ક્ષણિક સુખથી શાંત ન થાય. ઉલટી વધુ સંતપ્ત થાય. પરંતુ તેને જો જ્ઞાનરૂપી સરોવરમાં બોળી દેવામાં આવે તો શાંત થઈ જાય. જ્યારે વિષય

સુખના વારંવારના ભોગવટાથી ઉત્સુકતાને લીધે ઇન્દ્રિયો ઉલ્ટી સતેજ બને છે અને તાપ–દુઃખ બન્યું રહે છે.

સંયોગમાં સુખ તો વિયોગમાં દુઃખ

ત્રીજામાં સંસ્કારથી પણ વિવેકી માટે પુણ્યના સુખ અંતે દુઃખમય છે. ભોગ સુખનો માનવીને કયારેક વિયોગ પણ થાય છે અને જ્યારે વિયોગ થાય છે ત્યારે સંયોગકાળનાં સુખ તેને હરઘડીએ સાંભરતા હોય છે. સુખનાં અનુભવકાળમાં એનામાં એવા સંસ્કાર જામી ગયા હોય છે કે તે સુખના વિયોગ કાળમાં સ્મૃતિ દ્વારા વારંવાર દુઃખ ઊભું કરતાં હોય છે, અને આવું સંસારમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે કે જ્યારે મનુષ્યની પાસેથી સ્ત્રી, પુત્ર, ધન, મકાન વગેરેની સામગ્રી નષ્ટ થઈ જાય છે ત્યારે મનુષ્ય તે ભોગ સામગ્રીને યાદ કરી કરીને પોકેપોક મૂકીને રૂદન કરતો હોય છે. અરે! આજે સંસારમાં મારું કોઈ રહ્યું નથી. એક ટાઈમે સહુ મને સામેથી પૂછવા આવતા હતા અને આજે હું સામેથી પૂછવા જાઉં છું, છતાં કોઈ જવાબ દેતું નથી. અરે! આજે આ હું ઘરભંગ થઈ ગયો. મારે સ્ત્રી હયાત હતી ત્યારે મને અપૂર્વ સુખ હતું. તેની ગેરહાજરીમાં મારે ચાર ચાર દીકરા છે પણ મારો કોઈ ભાવ પૂછતા નથી. બીજું સુખ તો ઘેર ગયું પણ ભાણું યે સચવાતું નથી. હું ઘરભંગ ન થયો હોત તો મારે માથે આવું દુઃખ ન પડત. આ પ્રમાણે સંસ્કાર પણ દુઃખ ઊભું કરે છે. એક બભા ઉપર ભાર હોય અને તે બભાને આરામ આપવા માટે તે ભાર બીજા બભા ઉપર મૂકવામાં આવે પણ તેટલાથી કાંઈ શરીર ઉપરનો ભાર ઓછો થઈ જતો નથી. તેમ ઇન્દ્રિયોનાં અને ઈષ્ટ સંયોગનાં સુખ ગમે તેટલી વાર ભોગવીએ પણ તેટલાથી કાંઈ દુઃખના સંસ્કાર નિવૃત્ત થતા નથી.

સુખમાં પ્રધાનતા સત્ત્વગુણની છતાં શ્રેષ્ઠતા નિર્વિકલ્પ ઉપયોગની

ચોથો મુદ્દો ગુણવૃત્તિના વિરોધનો છે. ગુણના કાર્યને ગુણવૃત્તિ કહેવામાં આવે છે. સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ કહેવામાં આવે છે. જ્ઞાન, સુખ અને પ્રકાશ એ સત્ત્વગુણના કાર્યો છે. સ્વાર્થ અને પ્રવૃત્તિ એ રજોગુણનાં કાર્યો છે. પ્રમાદ, અજ્ઞાન અને દુઃખ તમોગુણનાં કાર્યો છે. સુખનાં અનુભવકાળમાં સત્ત્વગુણની પ્રધાનતા હોય છે પણ તમો અને રજોગુણનો સર્વથા અભાવ હોતો નથી. આ પ્રમાણે સુખનાં અનુભવ કાળમાં પણ ગુણોનાં કાર્યોમાં પરસ્પર વિરોધ હોવાથી સાચું સુખ મળતું નથી. સત્ત્વગુણની પ્રધાનતાવાળું ગમે તેવું સુખ હોય પણ વચમાં તમોગુણ અને રજોગુણ ડોકિયું કરી જાય છે. તેમાંય આજનાં સુખ તો એવાં તકલાદી છે કે તેમાં સત્ત્વગુણનું પ્રમાણ ઘણું ઓછું જોવામાં આવે છે અને બીજા બન્નેનું પ્રમાણ વિશેષ જોવામાં આવે છે. આજે બંને સગા ભાઈ ખૂબ સુખી હોય, ભેગા રહેતા હોય, છતાં મનમાં એક એકને પોતાનો સ્વાર્થ રહ્યા કરતો હોય છે અને વ્યસનોના લીધે પ્રમાદ તો એટલો બધો વધી ગયો છે કે જે લખવા માટે શબ્દો નથી. સુખ એ સત્ત્વગુણનું કાર્ય હોય છે, પણ અંતે તો વેદાંતમાંયે નિર્ગુણ દશાને શ્રેષ્ઠ કહી છે જેમ જૈન શાસ્ત્રોમાં નિર્વિકલ્પ ઉપયોગને શ્રેષ્ઠ કહ્યો છે.

પુણ્યાનુબંધી પુણ્યની ઉપાદેયતા મોક્ષ અંગે

આ રીતે આ ચારે ચાર મુદ્દા ઉપરનું વ્યાખ્યાન પૂરું થાય છે. હવે ઉપસંહારમાં એટલું જ જણાવવાનું છે કે પુણ્યથી

ઉદ્ભવતા સુખ અંતે દુઃખ છે. માટે પુણ્ય એ ઘણું સારૂં છે, પણ તેના સુખની મીઠાશ નહિ હોવી જોઈએ. દૃષ્ટિ આત્માના સુખની હોવી જોઈએ. પુણ્યનાં ઉદયકાળમાં પણ પ્રમાદ નહીં પોષવો જોઈએ. પુણ્યના ઉદયકાળમાં જો મોક્ષમાર્ગની આરાધના થાય તો પુણ્ય એ અમૃતરૂપ છે અને પુણ્યનાં ઉદયકાળમાં જો પ્રમાદ પોષાય, નાટક–સીનેમા અને કલબો જ જો સાંભર્યા કરે તો પુણ્ય એ દુર્ગતિના કારણરૂપ છે. મનુષ્ય ભવાદિની તમામ સામગ્રી પ્રબળ પુણ્યનાં ઉદયે મળેલી છે. પણ તેનાથી જો મોક્ષમાર્ગની આરાધના થાય તો તે સફળ છે, નહિ તો અફળ છે. પાપનું ફળ દુઃખ અને બંધન છે. એક લોઢાનું બંધન છે તો બીજું સોનાનું બંધન છે. આ રીતે બન્નેનાં ફળમાં તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો જરા પણ અંતર નથી પરંતુ પુણ્યમાં પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય છે. છતાં ધ્યેય તો મોક્ષ છે, જ્યારે પાપાનુબંધી પુણ્ય સર્વથા હેય છે. પુણ્યાનુબંધી પુણ્યની ઉપાદેયતા પણ મોક્ષનાં અંગે છે. માટે પુણ્યનાં ઉદયકાળમાં જેટલી અને તેટલી વિશેષ પ્રકારે મોક્ષમાર્ગની આરાધના કરવી જોઈએ. પુણ્યાનુબંધી પુણ્ય એ મોક્ષમાર્ગની આરાધનામાં મદદરૂપ થનારૂં છે, પણ વિઘ્ન કરનારું નથી.

આગળ વધીને પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મસારમાં ફરમાવે છે કે :–

"दुःखैकरुपयोर्भिन्नस्तेनात्मा पुण्यपापयो ।
शुद्धनिश्चयतः सत्यचिदानन्दमयः सदा ॥"

આનો ભાવાર્થ આમ સમજવાનો છે કે માત્ર એક દુઃખનાં જ કારણરૂપ પુણ્ય અને પાપ એ બન્નેથી આત્મા તદ્દન ભિન્ન છે. આત્મા શુદ્ધ નિશ્ચયથી સત્‌ચિત્ અને આનંદમય છે, જ્યારે પુણ્ય અને પાપ બન્ને ઉપાધિમય છે. પુણ્ય અને પાપ બન્નેથી આત્માનું પૃથક્કરણ કરતાં આત્માના સ્વભાવજન્ય સુખની રુચિ જાગે છે. પુણ્યનું સુખ ગમે તેવું હોય પણ સંયોગનું છે, જ્યારે આત્માનું સુખ સ્વભાવજનિત છે. પુણ્યની અપેક્ષાવાળું સુખ પણ અંતે તો પરવશ છે. જેટલું પરવશ તેટલું દુઃખ છે અને સ્વવશ તેટલું સુખ છે. માટે મુમુક્ષુઓએ આત્માના સ્વાધીન સુખની રુચિ કરવી જોઈએ અને તે માટે આત્માનું ભેદ વિજ્ઞાન કરીને આત્માનાં સ્વભાવ તરફ વળવું જોઈએ.

કૃત્રિમ સાધનોના ઉપયોગથી સંતતિનિયમન કરવું એ આર્યાવર્તના મનુષ્યો માટે લાંછનરૂપ છે. ખરી રીતે સ્વેચ્છાથી મનોબળ કેળવીને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ.

ભાવ સન્નિપાત

જગતમાં સન્નિપાત એ મહાભયંકર પ્રાણઘાતક રોગ મનાય છે. દ્રવ્ય સન્નિપાત અને ભાવ સન્નિપાત આ રીતે તેના બે પ્રકાર પાડી શકાય છે. વાત, પિત્ત અને કફના અતિરેકથી જે સન્નિપાત થાય, તેને દ્રવ્ય સન્નિપાત કહેવામાં આવે છે. દ્રવ્ય સન્નિપાત થાય એટલે માણસ માટે પ્રાયઃ બચવાની આશા રહેતી નથી. દ્રવ્ય સન્નિપાત કરતાં ભાવ સન્નિપાત વધુ ભયંકર છે. ભાવ સન્નિપાત રાગ, દ્વેષ અને મોહના અતિરેકથી થાય છે. દ્રવ્ય સન્નિપાત તો એક ભવ બગાડે છે, જ્યારે ભાવ સન્નિપાત અનંતા ભવ બગાડે છે. તેમાં રાગ એ આસક્તિરૂપ છે. પૂજ્ય આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિ મહારાજ 'ધર્મબિન્દુ'માં જણાવે છે કેઃ—

" विषयेष्वभिष्वंगकरणाद् राग इति "

પોતાના સ્વભાવથી જ અસ્થિર અને નાશવંત એવા સ્ત્રી આદિ પદાર્થોમાં જે તીવ્ર આસક્તિ તેને રાગ કહેવામાં આવે છે. કનક અને કાન્તા એ રાગના પ્રબળમાં પ્રબળ નિમિત્તો છે. તેમાં પણ સ્ત્રી એ અતિ બળવાન નિમિત્ત છે. તેના નિમિત્તો ભલભલા યોગીઓ પણ રાગમાં રોળાઈ જાય છે.

જ્ઞાન દૃષ્ટિથી જગતને જોતાં શીખો

સ્ત્રીના રાગમાંથી છૂટવા માટે તેના બાહ્ય સ્વરૂપનો વિચાર ન કરતાં અભ્યંતર સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાનસારમાં ફરમાવે છે કે :–

"बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु साक्षात् सा विण्मूत्रपिठोदरी ।।"

જે સ્ત્રી બાહ્ય દૃષ્ટિવાળાને અમૃતના સારવડે ઘડેલી લાગે છે, તે જ સ્ત્રી તત્ત્વદૃષ્ટિવાળાને મળ–મૂત્રથી ભરેલી હાંડલી લાગે છે. દૃષ્ટિ દૃષ્ટિમાં કેટલું અંતર છે. જે વસ્તુ બાહ્ય દૃષ્ટિવાળાને રાગમાં કારણ બને છે. તે જ વસ્તુ તત્ત્વદૃષ્ટિવાળાને વિરાગમાં કારણ બને છે. બરેબર તત્ત્વની બલિહારી છે? આજે જગતના જીવો મોહવિકારી છે. તેનું કારણ તત્ત્વદૃષ્ટિનો અભાવ છે. બાહ્યદૃષ્ટિથી જોવાય છે એટલે મન જ્યાં ત્યાં ભમે છે અને રાગ પામે છે. અંતરદૃષ્ટિથી જોવામાં આવે તો અક્ષય પદ પામી જવાય. સંસારમાં કોઈ પણ એવી વસ્તુ નથી જેમાં બાહ્યદૃષ્ટિવાળાને વિરાગ થાય અને કોઈ પણ વસ્તુ એવી નથી કે જેમાં તત્ત્વદૃષ્ટિવાળાને રાગ થાય માટે રાગને જીતવાનો પ્રબળમાં પ્રબળ ઉપાય એ છે કે આખા જગતને જ્ઞાન દૃષ્ટિથી જોતાં શિખવું જોઇએ અને જેમાં તીવ્ર રાગ હોય તેના બાહ્ય સ્વરૂપનો વિચાર ન કરતાં અભ્યંતર સ્વરૂપનો વિચાર કરવો જોઇએ.

આસક્તિ તેમાં ઉત્પત્તિ

કામિનીની માફક કંચનમાં પણ માણસને તીવ્ર રાગ હોય છે. અર્થ એ નામથી જ અર્થભૂત છે, પરમાર્થથી અનર્થરૂપ છે. કારણ કે અર્થાર્જન કરવામાં અને અર્જન કરેલા અર્થનું રક્ષણ કરવામાં અનેક કષ્ટો સહન કરવા પડે છે. વળી અનેક કષ્ટોથી મેળવેલું ધન સમય આવે આપણું પુણ્ય ક્ષીણ થતાં દુશ્મનને પણ ઉપકાર કરનારૂં થાય છે. મરવા ટાણે

મૂર્ચ્છા રહી જાય તો પરલોકમાં તેના લીધે ઉંદર અને સાપની ગતિ થાય છે. તેમજ મૃત્યુ વગેરેની આફતમાંથી જે ઉગારવાને પણ સમર્થ નથી એ રીતના તાત્ત્વિક વિચારોથી અર્થ ઉપરના તીવ્ર રાગને પણ શમાવી શકાય છે. જીવે આવા તાત્ત્વિક વિચારોથી અને તાત્ત્વિક દૃષ્ટિથી આસક્તિરૂપ જે રાગ છે, તેને આત્માના ઉગ્ર પુરુષાર્થ વડે જીતી લેવો જોઈએ. મૃત્યુને સમયે જેમાં આસક્તિ રહી જાય છે તો ભવાંતરમાં તેમાં જ ઉત્પત્તિ થાય છે. માટે રાગનું ગમે તેટલું જોર હોય પણ સામે આત્મા પણ કયાં કમજોર છે. રાગ આત્માની અજ્ઞાનદશાનો લાભ ઉઠાવે છે. જો આત્મામાં સાચી જ્ઞાનદશા આવે તો સૂર્યોદય થતાં જેમ અંધકાર ભેદાઈ જાય છે તેમ આત્મામાં જ્ઞાનદશા જાગ્રત થતાં રાગ ભેદાઈ જાય.

રાગ જેમ આસક્તિરૂપ છે તેમ દ્વેષ એ અપ્રીતિરૂપ છે. જ્યાં તીવ્ર રાગ હોય ત્યાં દ્વેષ હોય જ. રાગમાંજ દ્વેષની જડ રહેલી છે. દ્વેષ એ વેરભાવને વધારનારો છે. પ્રાણીમાત્રને દુઃખ ઉપર દ્વેષ હોવાથી દુઃખ આપનાર ઉપર પણ દ્વેષ થાય છે, પણ તેમાં જો તત્ત્વદૃષ્ટિનો સદ્ભાવ હોય તો દ્વેષને સહેલાઇથી જીતી શકાય છે. દુઃખમાં બીજા કોઇને દોષ ન દેતાં માણસે પોતાના પાપોદયનો વિચાર કરવો જોઈએ. મારા પોતાના કરેલા કર્મથી હું આ દુઃખ ભોગવું છું તો મારે બીજા કોઈને શા માટે દોષ દેવો જોઈએ? આ રીતે વિચારવાથી દ્વેષને જીતી શકાય છે. દુઃખમાં કોઈ બીજા નિમિત્ત થતા હોય તો આપણા અશુભોદયથી જ થતા હોય છે. રામાયણમાં એક પ્રસંગ આવે છે કેઃ—

સીતાજીની લોકોત્તર સમતા

મહાસતી સીતાજીના અગ્નિપ્રવેશ પછી શ્રી રામચંદ્રજી તેની સમક્ષ પોતાના અપરાધની ક્ષમા માગે છે અને ગદ્‌ગદ્‌

કંઠે કહે છે કે, હે દેવિ, તમે નિર્દોષ હોવા છતાં નગરવાસીઓની ઇચ્છાને અનુસરીને સગર્ભા એવા તમોને મેં વનવાસ આપેલ. તમો તમારા પ્રભાવથી જંગલમાં મહાભયંકર હિંસક પ્રાણીઓની વચ્ચે જીવી શકયા હતા. છતાં તમારા દિવ્ય પ્રભાવને હું સમજી ન શકયો અને તમારા સતીત્વની કસોટી માટે આ અગ્નિપ્રવેશનો દિવ્ય કર્યો, માટે મારા આ બધા અપરાધોની ક્ષમા આપો અને મારી સાથે પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા નગરીમાં પુનઃપ્રવેશ કરીને પૂર્વની જેમ મારી સાથે રહો. પ્રત્યુત્તરમાં મહાસતી સીતાજીએ જે કાંઈ જણાવ્યું તેનું અતિ ભાવવાહી વર્ણન જૈન રામાયણમાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ કરેલું છે.

सीताप्यूचे न ते दोषो न च लोकस्य कश्चन ।
न चान्यस्यापि कस्यापि किन्तु मत्पूर्वकर्मणाम् ॥१॥
निर्विण्णा कर्मणामीदग् दुःखावर्तप्रदायिनाम्,
ग्रहिष्यामि परीव्रज्यां तेषामुच्छेदकारिणीम् ॥२॥
इत्युक्त्वा मैथिली केशानुच्चखान स्व मुष्टिना ।
रामस्य, चार्पयामास शक्रस्येव जिनेश्वरः ॥३॥

સીતાજી જણાવે છે કે મને સગર્ભા અવસ્થામાં જે વનવાસ થયો અને બીજા કષ્ટો પણ જે સહન કરવા પડયા તેમાં હે નાથ! આપનો જરા પણ દોષ નથી. કિન્તુ એ મારા સંચિત કર્મનો જ દોષ છે અને તે રીતથી પુનઃ પુનઃ દુઃખના આવર્તમાં નાખવાવાળા કર્મોથી નાથ હવે હું વૈરાગ્ય પામી છું. માટે તે કર્મોને જડમૂળથી ઉખેડીને ફેંકી દેનારી

ભાગવતી પ્રવ્રજ્યા હું અંગીકાર કરીશ. આટલું કહીને સીતાજી તરત પોતાની મુષ્ટિવડે મસ્તકના વાળ ઉખેડી નાખે છે અને લોચ કરેલા વાળ જેમ તીર્થંકર ભગવાન શકને સમર્પે તેમ સીતાજી રામચંદ્રજીને સમર્પે છે. આ રીતના સીતાજીના પ્રત્યુત્તર ઉપરથી અને તેમણે ગ્રહણ કરેલી ભાગવતી પ્રવ્રજ્યા ઉપરથી સમજી શકાય છે કે તેમનામાં લોકોત્તર સમતા હતી. તેમની દ્રષ્ટિ દુઃખના મૂળ ઉપાદાન કારણ ઉપર હોવાથી તેઓ આ રીતની સમતા કેળવી શક્યા હતા, જ્યારે આજે સાસુ વહુના દોષ અને વહુ સાસુના દોષ જોતી હોય છે. વહુ પરણીને ઘેર આવે ને પૈસા જાય તો વહુને છપ્પરપગી ઠરાવે અને અભરે ભરાઈ જાય તો મહાલક્ષ્મીજી ઠરાવે. આવી અજ્ઞાનતામાં સમતા ક્યાંથી આવે? માટે નિમિત્ત તરફ ન ઘસતાં મૂળ ઉપાદાનનેજ પકડી પાડવો જોઇએ. સિંહને કોઈ બાણ મારે તો તે બાણ તરફ ન ઘસતાં બાણ મારનાર તરફ ઘસે છે, જ્યારે શ્વાન પત્થરને જ કરડવા દોડે છે. બસ તેવી જ રીતે સમકિતી નિમિત્ત ન પકડતાં દુઃખના મૂળ ઉપાદાનને પકડે છે. એટલે એને કોઈ પણ જીવ પર દ્વેષભાવ થતો નથી.

મોહનીય કર્મના નાશથી આઠે કર્મનો નાશ

ત્રીજામાં મોહ એ અજ્ઞાનરૂપ છે. વસ્તુસ્વરૂપના સમ્યક્ વિચારથી મોહને જીતી શકાય છે. મોહ એ પિતા છે. રાગ અને દ્વેષ એના પુત્રો છે. રાગ, દ્વેષ મરે એટલે પિતા તો તેમના વિયોગમાં વગર મોતે ઝુરીઝુરીને જ મરી જાય. મોહમાં પણ મિથ્યાત્વ મોહનીય જોરાવર છે. મિથ્યાત્વ મોહનીયના તીવ્ર ઉદયમાં જીવને સમ્યક્ માર્ગની પ્રતીતિ જ ન થાય. કદાચ તેના ક્ષયોપશમના સદ્ભાવે પ્રતીતિ થાય, પણ ચારિત્ર

મોહનીયનો તીવ્ર ઉદય હોય તો સમ્યક્ માર્ગમાં પ્રવૃત્તિ ન થાય. એક સમ્યક્ શ્રદ્ધાને હણે છે, બીજો વીતરાગતાને હણે છે. આત્મામાં અનંત ગુણ છે. પણ મિથ્યાત્વ મોહનીયની કાળી છાયા પડવાથી કોઈ પણ ગુણની સમ્યગ્ પ્રવૃત્તિ થતી નથી. મિથ્યાત્વ મોહનીય કર્મ ધતુરાની માફક અતત્ત્વમાં તત્ત્વ બુદ્ધિ ધારણ કરાવી જીવને જ્ઞેય પદાર્થ પ્રતિ પરિણમાવે છે. માટે જ બધા કર્મોમાં મોહનીય કર્મ અતિ બલવત્તર છે. તાડ વૃક્ષના મસ્તક પર રહેલી સુચિના વિનાશથી જેમ આખા તાડવૃક્ષનો નાશ થઇ જાય છે તેમ મોહનીય કર્મના વિનાશથી આઠેય કર્મોનો વિનાશ થઈ જાય છે. જેમ બધા કર્મોમાં મોહનીય કર્મ અનંતગણી તાકાતવાળું છે તેમ જીવ દ્રવ્ય પણ અનંતી તાકાતવાળું છે. જીવ દ્રવ્યના જ્ઞાન અને વીર્યાદિ ગુણના વિપરીત પરિણમનથી આઠે કર્મો તાકાતવાળા બને છે. તે બધા ગુણોનું જો સમ્યક્ પરિણમન થાય તો આઠે આઠ કર્મોનો ભાંગીને ભૂકો થઇ જાય અને તે વિપરીત પરિણમનમાં મિથ્યાત્વ મોહનીય છે. આશ્ચર્યની વાત એ છે કે કર્મ પોતાનો દુશ્મન હોવાં છતાં જીવ પોતાના ખોટા પરાક્રમથી જ દુશ્મનનાં હાથ મજબૂત બનાવી રહ્યો છે.

આ પ્રમાણે વાત, પિત્ત અને કફના દ્રવ્ય સન્નિપાત કરતાં રાગ, દ્વેષ અને મોહનો ભાવ સન્નિપાત અતિ ભયંકર છે. સન્નિપાતમાં બકવાદ શરૂ થઈ જાય તેમ આ ભાવ સન્નિપાતમાં પણ આત્મા પોતાના સ્વરૂપને ચૂકી બાહ્ય પ્રવૃત્તિમાં પડી જાય છે. આ ત્રણના અતિરેકમાં આત્માનું વાસ્તવિક સુખ અનુભવી શકાતું નથી. પૂજ્ય આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે:—

'सत्वस्वेतेषु न यथावस्थितां सुखं स्वधातुवैषम्यादिति"

આ ત્રણની હયાતિમાં આત્માને આત્માનું યથાવસ્થિત સ્વભાવજનિત સુખ હોતું નથી; કારણ કે સ્વધાતુની વિષમતા થઈ જાય છે, અહિં ધાતુમાં ચૈતન્ય ધાતુ સમજવાની છે. જેમ શરીરમાં વાયુ પ્રમુખ દોષના વિકારથી શરીરની સાતે ધાતુ વિષમ બની જતા દેહધારી સંસારીઓને કામ ભોગાદિનું કોઈ પણ સુખ પ્રાપ્ત થતું નથી. બસ તેજ પ્રમાણે રાગદ્વેષનાં લીધે ચૈતન્ય ધાતુ વિષમ બની જતાં આત્મિક સુખ પ્રાપ્ત થતું નથી. રાગાદિ ક્ષીણ થઈ જતાં સ્વરૂપ સમાધિનું સુખ અનુભવી શકાય છે અને આત્માને શાશ્વત એવા ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. મહાપુરુષો ફરમાવે છે કે આલોકને વિષે જે ઉંચામાં ઉંચું કામસુખ છે અને દેવલોકના દેવેન્દ્રનું જે ઉંચામાં ઉંચું દિવ્ય સુખ છે તે રાગદ્વેષના ક્ષયથી પ્રાપ્તિ થતા વીતરાગતાના સુખની સોળમી કળાએ પણ પહોંચી શકતું નથી. માટે આ ભાવ સન્નિપાતથી રીબાતાં જીવો માટે પર્વાધિરાજ પર્યુષણ એ ધન્વંતરી સમાન છે. પર્વાધિરાજનું પ્રણિધાનપૂર્વક આરાધન કરવાથી નિશ્ચિતપણે આ ભાવ સન્નિપાતનો ક્ષય થઈ જાય છે. અને આત્માને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. સૌને એ અક્ષય સુખની પ્રાપ્તિ થાય એજ મહેચ્છા.

અંતરમાં શાંતિરૂપી શીતળતા ઈચ્છતા હો તો પોતાના સ્વભાવમાં રમણતા કરવી અને અશાંતિ-રૂપી જ્વાળા ઇચ્છતા હો તો પરભાવમાં રમણતા કરવી. સૌ શાંતિ ઈચ્છે છે માટે સ્વભાવમાં જ રમણતા કરવા જેવી છે.

ઉન્નતિના માર્ગો

ઉન્નતિ યા પ્રગતિ સૌને પ્રિય છે. કલ્યાણને સૌ ઈચ્છે છે. એ ઉન્નતિના સાચા માર્ગો સદ્‌ગુરુ બતાવે છે. પરંતુ કોઇ પણ પહાડના શિખર પર ચડવા માટે બળ–શારીરિક તાકાત જોઇએ તેમ ઉન્નતિના શિખર પર ચડવા માટે આત્મબળ જોઇએ. આ યુગમાં ઉન્નતિની ગુલબાંગો બહુ ફુંકાય છે. જગતના મોટાભાગના જીવો જે જાતની ઉન્નતિ કલ્પે છે તે તો માત્ર બાહ્ય દૃષ્ટિએ જ ઉન્નતિ છે. તે સાચી પ્રગતિ નથી. જ્ઞાનીઓ અંતરની દૃષ્ટિએ જ ઉન્નતિ સમજે છે અને તે જ ઉન્નતિ સાચી છે.

અદ્યતન યુગમાં ત્રણ માર્ગે મુસાફરી કરી શકાય છે. જળ, આકાશ અને સ્થળમાર્ગે. એ જ રીતે જીવનમાં પણ ઉન્નતિના ત્રણ માર્ગો છે. માનવજીવન એક પ્રકારની મુસાફરી જ છે. આ ત્રણ માર્ગો આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક અથવા બીજા શબ્દોમાં કહીએ તો જડવાદ, બુદ્ધિવાદ અને અધ્યાત્મવાદ (આત્મવાદ) છે. જડવાદને સ્થળમાર્ગ સાથે, બુદ્ધિવાદને જળમાર્ગ સાથે અને આત્મવાદને આકાશમાર્ગ સાથે સરખાવી શકાય.

જડવાદીઓનું વલણ

જીવ કે ચેતના વિનાની વસ્તુઓ જેવી કે કંચન, મહેલ, મણિ–માણેક વગેરે જડ કહેવાય. જડવાદીઓ જગતના સર્વ પદાર્થોને સુખનાં સાધન માને છે. જેમ જેમ તેમને ઐહિક સુખની વધુ પ્રાપ્તિ થાય, જડ વસ્તુઓ વધુને વધુ મળે તેમ તેમ તેઓ ઉન્નતિના માર્ગે આગળ ધપી રહ્યા છે તેમ માને છે. પરંતુ આ જડવાદમાંથી કદી સાચા સુખની પ્રાપ્તિ થવાની નથી. સાચી ઉન્નતિ થઈ શકવાની નથી. કારણ કે જગતના જે પદાર્થો દ્વારા તે ઉન્નતિ સાધવા મથે છે તે જ પદાર્થો અનિયમિત ક્ષણિક અને નશ્વર છે. આવી વસ્તુઓ દ્વારા સાચી ઉન્નતિ થઈ શકે જ કઈ રીતે? વળી એ જડ પદાર્થો પણ તમને તમારી ઈચ્છા મુજબ મળતા નથી. ત્યારે એમ કહી શકાય કે જડવાદથી ઉન્નતિ સાધવાનો પ્રયત્ન કરવો તે હવામાં બાચકા ભરવા જેવું છે. ઝાંઝવા જળની પાછળ દોડી દોડીને થાકી જનાર અંતે એ જળની પ્રાપ્તિ વિના પ્રાણ ત્યાગ કરનાર મૃગ જેવી આ જડવાદીઓની સ્થિતિ છે. જો આ મૃગને મૃગજળ મળે તો જડવાદથી ઉન્નતિ સધાય. વળી, આ જડવાદીઓ કહે છે કે–'**संयमो भोगबंचना ।**'

સંયમ લેવો તે ભોગથી વંચિત થવા જેવું છે. તેણે પંચભુતને જ સર્વસ્વ માન્યા છે. તેથી જ તેઓને આવી અવળી મતિ સૂઝે છે. સંયમ એ તો ખાંડાની ધાર પર ચાલવા જેવું કઠણ છે. વિરલા–બહાદુર હોય તે જ તે ધાર પર ચાલી શકે. દુર્બળ તો તે ધાર જોઈને નાસી છૂટે. આપણે માનીએ છીએ કે, પાશ્ચાત્ય દેશોમાં જડવાદ પૂરબહારમાં પ્રસર્યો છે, પરંતુ આપણું વર્તન કેવું છે? માત્ર અધ્યાત્મવાદ

કે આસ્તિકતાની વાતોથી આત્મવાદ આવી જાય છે? તમે ચોવીશે કલાક દુન્યવી સાધનામાં પડ્યાં રહો અને પછી તમારી જાતને તમે આસ્તિક કહેવરાવવા મથો તે યોગ્ય છે? તો પછી નાસ્તિક–આસ્તિક વચ્ચે ભેદ જ કયાં રહ્યો.

નાસ્તિક અને આસ્તિકનાં વિચાર, વાણી અને વર્તનમાં આસ્માન જમીનનો ફેર હોવો જોઈએ. જે રીતે જડવાદીઓ ઐહિક સુખ–સાધનોમાં આગળ વધ્યા છે તેમ તમારે આત્મ-વાદમાં આગળ વધવું જોઈએ. તમારું વલણ આત્મવાદ તરફ જ હોવું જોઈએ. છેવટે ચોવીશ કલાકમાં એક કલાક તો તમારે આત્માના થઈ જવું જોઈએ.

નાસ્તિક અને આસ્તિક વચ્ચેનો તફાવત

નાસ્તિક–આસ્તિકના વર્તનમાં કઈ જાતનો ભેદ હોય તે જરા વિસ્તૃત રીતે તપાસીએ.

નાસ્તિક જડમાં સર્વસ્વ માને છે અને તેને સર્વસ્વ માનીને સર્વ પ્રવૃત્તિ કરે છે, જ્યારે આસ્તિક જડ વસ્તુઓને તૃણવત્ ગણીને તેમાં ઉદાસીનભાવે વર્તે છે. જડવાદીનું જીવન પશુ કરતાં પણ ભયંકર છે. જડવાદી જાણે જડ થઈને જ અનેક વિધ પાપો કરે છે અને જડના મોહમાં અને ચિંતનમાં જડ થઈ જાય છે. જેમ પશુતાનું રટણ કરનાર માણસ જાણે પશુ જ બની જાય છે અને પરમાત્માનું ચિંતન કરનાર આસ્તિક–અધ્યાત્મી પ્રભુમય બની જાય છે. પાડાનું સદાયચિંતન કરનારમાં તેના ગુણ તો આવેને? તે શિંગ–પુચ્છ વગરના પાડા બની જાય છે. ત્યારે આવા જડવાદની પાછળ ઘૂમી રહેલાઓની બુદ્ધિ બેહેર મારી ગઈ હોય તેમ નથી લાગતું?

શ્રેય અને પ્રેયના બે માર્ગો છે. તત્ત્વ સમજેલા પ્રેયના ભોગે પણ શ્રેયનો માર્ગ સ્વીકારે છે. પ્રેયનો માર્ગ તે સંસારના સુખનો માર્ગ અને શ્રેયનો માર્ગ તે આત્મોન્નતિનો માર્ગ. જગતના મોટા ભાગના લોકો પંચેંદ્રિય, મન અને તેનાં સુખનાં સાધનોની પાછળ પડયા છે. એટલે પ્રેયને માર્ગે સૌ જઈ રહ્યા છે, જ્યારે શ્રેયના માર્ગે જનારા વિરલ પુરુષો જ છે, પરંતુ સંસારનાં આ સુખો વ્યાધિના પ્રતિકાર જેવા છે. તેથી જ્ઞાનીને તેના તરફ ઘૃણા ઊપજે છે. ખરજવાને ખણવાથી શરૂઆતમાં મીઠાશ આવે, પરંતુ પરિણામે તે અત્યંત મીઠાશ દેખાય છે તે ઉપલક છે અને તેનાંથી ભાવિમાં ભયંકર દુઃખો સર્જાય છે. ખરી રીતે તો भोगा न मुक्ता वयमेव मुक्ताः।'

આપણે ભોગો ભોગવતા નથી પરંતુ આપણે જ ભોગવાઈએ છીએ.

કોઇ પણ રોગવાળા મનુષ્યને ડૉકટર પરેજી પાળવાનું કહે અને તે મુજબ તે પાળે તો ક્રમશઃ તેનો રોગ ઓછો થાય અને અંતે મટી પણ જાય. તેમ અમે પણ તમને કહીએ છીએ કે સંસારનાં સુખોમાં અટવાઇ ન જાઓ. તેમાં નિસ્પૃહ થઈને રહો તો જ શ્રેયના પંથે (મોક્ષના પંથે) વિચરી કલ્યાણ સાધી શકશો.

તમે જેને વળગી રહ્યા છો તેને અમે છોડી દીધું છે. કષ્ટોમાં અમને આનંદ આવે છે. અત્યારનાં કષ્ટમય (દેખાતા) જીવનનું પરિણામ અમે અનંત સુખમાં જોઇએ છીએ, જ્યારે તમારું અત્યારનું સુખ અનંત દુઃખનું કારણ છે. પૂર્વના મહાપુરુષો સર્વસ્વનો ત્યાગ કરી શ્રેયના માર્ગે ગયા છે. આપણે

એક વખત કહી ગયા તેમ સંસારનાં આ ક્ષણિક સુખની પાછળ દોડનાર અંતે મૃગની જેમ નાસીપાસ થાય છે.

આ ઉપરથી એક મુદ્દો નક્કી થાય છે કે, સંયમ–ચારિત્ર એજ મનુષ્યદેહનું ખરું ફળ છે. તેમજ સંયમ વગર સિદ્ધિ નથી અને તપ વગર શુદ્ધિ નથી, એ પણ ફલિત થયું કે જડવાદ કલ્યાણકારી નથી. તેમાંથી શાશ્વત સુખ મળે જ નહીં.

આટલું સમજ્યા પછી પણ ભાન ભૂલીને ઐહિક સુખની પ્રાપ્તિ માટે પાપો કર્યા કરશો તો તમે તેનાથી અંતે છેતરાશો અને પશ્ચાત્તાપ કરવાનો સમય આવશે. કારણ કે પૌદ્ગલિક સુખ કોઈનું થયું નથી થતું નથી અને થશે પણ નહિ. તેમાં ઉન્નતિ માનવામાં જ આપણી પડતી છે.

જ્ઞાની તમને સમજાવીને સિદ્ધ કરી આપે છે કે તમે જેની ઉપાસના કરો છો તે કાચનો કટકો છે, કોહીનૂર–હીરો નથી. એવી તમને પ્રતીતિ થઈ ચૂકી છે, છતાં તમે તે કાચના કટકાને શું જોઈને વળગી રહ્યા છો ?

ત્યાગી ને વૈરાગી

ઉપરોક્ત દલીલો અને સમજાવટથી તમને જે તત્ત્વ સમજાવ્યું તેથી હવે તમને સંસારનાં સુખો મિથ્યા લાગે છે ને? તો હવે તેમાં સાર માનીને તો નહિ રહોને ? એક વસ્તુ ખોટી છે તેમ સિદ્ધ થયા પછી તો તમારે તેને ત્યાગવી જોઈએને ? સંસારનાં સુખો ખોટાં છે તેમ તમને સમજાઇ ગયા પછી તમારે તેનો ત્યાગ કરવો જોઈએ. કદાચ તમે તેનો ત્યાગ ન કરી શકો તો તેમાં વૈરાગ્ય તો જરૂર કેળવવો જ. ત્યાગી હોય તે વૈરાગી હોય જ, પરંતુ વૈરાગી ત્યાગી હોય જ એવો નિયમ નથી. સાચો ગૃહસ્થી રાગાંધ અને મોહાંધ બનીને

સંસારના સુખોની પાછળ ન જ દોડયા કરે.

આવી તમને પ્રતીતિ થયા પછી પણ તમે વૈરાગી ન બનો તો તમને જ્ઞાન અને બુદ્ધિ મળ્યાની સાર્થકતા શી ? ગૃહસ્થીએ વૈરાગી બનવું જ જોઈએ. વૈરાગી બનશો તો પરિણામે, આ ભવે નહિ તો આવતે ભવે પણ ત્યાગી બનશો. વીતરાગની તમે ઉપાસના કરો છો તો તમારામાં ભારોભાર વાસના તો ન જ હોવી જોઈએ. પરંતુ વીતરાગતાના લક્ષે જીવનમાં વિરકતતા હોવી જ જાઈએ. આજે સ્મશાન વૈરાગ્ય પણ સાચો નથી. તમને ખબર છે ? સ્મશાનમાં પણ કયારેક ચેવડો ઉડે છે. ત્યાં એકઠાં થનારા શું વાતો કરે કે, 'બિચારો ગયો પરંતુ આ ભડના દીકરા તો જાણે અમર જ હશે ? યમરાજ સૌનો કોળિયો કરી જાય છે કોઈનો આજે વારો તો કોઈનો કાલે.

ચાર દિનકી ચાંદની જેવું સુખ

સંસારની કઇ વસ્તુ શાશ્વત છે ? લક્ષ્મીને તમે સર્વસ્વ ગણો છો ને ? તેનો સ્વભાવ તો વેશ્યા જેવો છે. આજે એ તમારી હોય તો આવતી કાલે કોઇ બીજાની હોય. આજે શ્રીમંત હોય તે કાલે ભિખારી બની જાય અને આજે ગરીબ હોય તે આવતી કાલે શ્રીમંત બની જાય. યૌવનમાં તમે છકી જાઓ છોને ? એ પણ કેટલો સમય ટકી રહેશે ? એ તો ચાર દિવસની ચાંદની છે. યૌવન પછી ઘડપણ અને ઘડપણ પછી બળતણ. યૌવન એ તો કુસુમ જેવું છે. એને કરમાતાં શી વાર લાગે ? તમારા દીકરા–દીકરીઓ તમને સુખ આપી દેશે તેમ તમે માનો છો ને ? એ પણ મિથ્યા છે. કારણ

કે વિપત્તિના સમયે દીકરા–દીકરીઓ પણ તમને છોડીને ચાલ્યાં જશે આ રીતે વસ્તુના સાચા સ્વરૂપનો તમને ખ્યાલ આવી ગયા પછી તો ખોટાનો મોહ છુટવો જોઈએ અને તેમાં વૈરાગ્ય આવવો જોઈએ.

જડવાદ ખોટો છે તેમ સમજાઈ જાય તો અનેક પાપોને તાળા દેવાઈ જાય. વકીલો, વેપારીઓ, ડોકટરો વગેરે સૌ આ જડવાદની સિદ્ધિ અર્થે અનેકવિધ પાપો કરે છે. અંતે જડ જડને ઠેકાણે રહી જાય છે અને પાપ સાથે લઈ આત્મા પરલોકના પંથે પડી જાય છે, જ્યાં તેને એક મિનિટ પણ શાંતિ મળતી નથી.

આ યુગમાં બુદ્ધિનો અવળે માર્ગે ઉપયોગ થઈ રહ્યો છે. પાશ્ચાત્ય દેશોમાં અણુબોમ્બ જેવાં વિનાશક શસ્ત્રો શોધાયાં તે આ બુદ્ધિના દુરૂપયોગનું પરિણામ છે. કેટલાક માણસો એવા તીવ્ર અને કુશાગ્ર બુદ્ધિવાળાં હોય છે કે તેમનું ભાષણ તમે સાભળો તો તમને એમ જ લાગે કે આ કોઈ મહાન ફિલસુફ છે. પરંતુ તેનું વર્તન જુઓ તો હલકી કોટીનું હોય છે. આજે માણસો બુદ્ધિનો ઉપયોગ ચાલાકીથી અનેકવિધ પાપો કરવામાં અને તેને છુપાવવામાં કરે છે. બુદ્ધિવાદમાં આત્મવાદ ન હોય તો તે બુદ્ધિવાદ ઘણાંને શ્રાપરૂપ નિવડે છે.

વિચાર ને વર્તન એકરૂપ રાખો

વડોદરા નરેશ સયાજીરાવ એક સભાના પ્રમુખ હતા. તે સભામાં એક વકતાએ 'અહિંસા' ઉપર દોઢ કલાક સુધી આકર્ષક અને અસરકારક ભાષામાં ભાષણ કર્યું, પરંતુ દોઢ કલાકના બોલવાના પરિશ્રમથી તેને થયેલો પસીનો લૂંછવા

માટે તે તેના ખીસામાંથી રૂમાલ કાઢે છે ત્યારે તેની સાથે એક ઇંડું પણ બહાર પડે છે. આથી સયાજીરાવ ઉપસંહારમાં બોલ્યા કે, આવા આચરણ વિનાના વક્તાઓએ જ જગતનું સત્યાનાશ વાળ્યું છે. બુદ્ધિવાદનો આ રીતે થતો દુરૂપયોગ કદાપિ સાચી ઉન્નતિ થવા ન જ દે. બુદ્ધિનો સદુપયોગ કરી, તત્ત્વ સમજવા પ્રયત્ન કરવો જોઇએ.

જે સત્ય સમજાય તેને શ્રદ્ધાપૂર્વક જીવનમાં વણવા મથવું જોઇએ, બુદ્ધિવાદમાં શ્રદ્ધા ન ભળે તો અંતે નાસ્તિકવાદ જ જન્મે અથવા બોટો તર્કવાદ જન્મે. તેવા બુદ્ધિવાદથી સાચી ઉન્નતિ ન જ થઇ શકે. આત્મોન્નતિ કરીને શાશ્વત સુખ મેળવવા માટે કેવળ અધ્યાત્મવાદનો જ આશ્રય આપણે લેવો જોઇએ. આ અધ્યાત્મવાદને ટેકો આપે, તેવો યક્ષનો એક સુંદર સંવાદ મહાભારતમાં છે.

યક્ષના ચાર પ્રશ્નો

પાંડવો જંગલમાં વિચરતા હતાં. તેમને સૌને ખૂબ તૃષા લાગે છે, તેથી સૌથી નાનાભાઈ નકુળ એક પાત્ર લઇને સરોવરને કાંઠે જઇ પાણી ભરવાની તૈયારી કરે છે. ત્યાં તે સરોવરનો યક્ષ તેને રોકીને કહે છે કે, પહેલા મારા પ્રશ્નોનો ખુલાસો કરો અને પછી પાણી ભરો. પ્રશ્નો નીચે મુજબ છે.

કો મોદતે, કિમાશ્ચર્યં, કા વાર્તા, કઃ પથઃ સ્મૃતઃ
એતાન્ મે ચતુરઃ પ્રશ્નાન્, પૂરયિત્વા જલં પિબ ॥

આ જગતમાં (૧) આનંદ–પ્રમોદ કોણ કરે છે ? (૨) આશ્ચર્ય શું છે ? (૩) જાણવા યોગ્ય વાર્તા કઈ છે ? અને (૪) ઉન્નતિનો પંથ કયો છે !

નકુળ તે પ્રશ્નોના ઉત્તર આપી શકતા નથી. તેથી યક્ષ તેને મૂર્ચ્છિત કરી દે છે. તેની પાછળ સહદેવ, ભીમ અને અર્જુન પણ આવે છે. પરંતુ તેઓ પણ તે સવાલોનો જવાબ આપવા સમર્થ નહોતા તેથી તેમની પણ નકુળ જેવી જ સ્થિતિ થઇ. છેવટે યુધિષ્ઠિર પોતે તેમની સૌની શોધમાં આવે છે અને પોતાના ભાઇઓની આવી હાલત જોઇને વિચારમાં પડે છે. એ જ સમયે પેલો યક્ષ સઘળી હકીકત કહીને પુનઃ એ પ્રશ્નો ધર્મરાજાને પૂછે છે. તેથી તેઓ તે ચારે પ્રશ્નોનો ખુલાસો નીચે મુજબ આપે છે.

(૧) આ જગતમાં આનંદ–પ્રમોદ કોણ કરે છે ?

दिवसस्याष्टमे भागे शाकं पचति यो गृहे ।
अनृणी चाप्रवासी च स वारिचर ! मोदते ॥"

કોઈ મધ્યાહ્ન કાળે, સંતોષથી મેળવેલ ભાજી અને રોટલો ખાય છે, જે કરજ રહિત છે. અને જેને પ્રવાસ કરવાની ચિંતા નથી તે માણસ આ દુનિયામાં સુખી–આનંદી છે. તામસી આહારનો સર્વ શાસ્ત્રોમા નિષેધ છે. ભાવાર્થ એ છે કે નીતિથી કમાયેલી લક્ષ્મીથી મળતા શાક રોટલા જેવા સાદાં ભોજન પણ અમૃત સમાન છે, જ્યારે અનીતિથી મેળવેલા ધનથી પ્રાપ્ત થતા માલમિષ્ટાન્ન પણ ઝેર સમાન છે, માટે સાત્વિક અન્ન ખાઇને સંતોષથી રહે તે જ, હે વારિચર ! આ જગતમાં સુખી છે.

(૨) આ જગતમાં આશ્ચર્ય શું ?

अहन्यहनि भूतानि गच्छन्ति यममन्दिरे ।
अपरे स्थातुमिच्छन्ति किमाश्चर्यमतः परम् ? ॥

માણસો નિરંતર યમરાજના મંદિર તરફ જાય છે, છતાં બીજાઓ અહીં (જગતમાં) કાયમને માટે રહેવાની ઇચ્છા કરે છે, તેના જેવું આશ્ચર્ય બીજું કયું હોઈ શકે? ભાવાર્થ એ છે કે દેહ નશ્વર છે અને પ્રાણી માત્ર માટે મૃત્યુ અનિવાર્ય છે. તે કાનૂન અનુસાર કેટલાયે માણેસોને હંમેશા મૃત્યુને શરણ થતાં આપણે જોઈએ છીએ. છતાં આપણે જાણે અમર હોઈએ અને આ વિશ્વમાં કાયમને માટે રહેવાના ન હોઈએ એમ સમજીને આપણે સંસારના સુખોમાં રચ્યાપચ્યા રહીએ છીએ તે કેવું વિચિત્ર ગણાય?

(૩) વાર્તા શી છે?

'अस्मिन् महामोहमये कटाहे सूर्याग्निना रात्रि-दिवेन्धनेन ।
मासर्तुदर्वीपरिघट्टनेन भूतानि कालः पचतीति वार्ता ॥'

—આ જગતમાં રાત્રિ અને દિવસરૂપી લાકડાં વડે પ્રદિપ્ત બનેલા સૂર્યરૂપી અગ્નિની ઉપર મહામોહરૂપી કડાઇમાં જગતમાં જીવો હંમેશા હોમાય છે. તેને માસ અને ઋતુરૂપી તવેથાથી હલાવીને પરિપકવ કરવામાં આવે છે. આ રીતે શીરાની માફક ઘુંટાઇને તૈયાર થયેલી રસોઇ કાળ મહારાજા આરોગી જાય છે એ એક જાણવા જેવી વાર્તા છે, પરંતુ તમે સાચું જીવન જીવતા થઇ જાવ તો 'મૃત્યુંજયી બની જાઓ. એક કવિએ ગાયું છે કે, 'મૃત્યુ મરી ગયું રે લોલ.' મૃત્યુ મહાપુરુષોને મારી શકતું નથી, પણ મહાપુરુષો મૃત્યુને મારી મૃત્યુંજયી બને છે.

(૪) ઉન્નતિનો પંથ કયો છે ?

श्रुतिर्विभिन्ना स्मृतयोऽपि भिन्ना नैको मुनियस्य मतिर्न भिन्नाः ॥
धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः ॥

શ્રુતિ અને સ્મૃતિમાં પણ ભેદ છે. કોઈક મુનિની મતિમાં પણ ભેદ હોય છે. ધર્મ તત્ત્વ વિરલાઓ પામે છે. 'मुण्डे मुण्डे मतिर्भिना, कुण्डे कुण्डे नवं पयः । એ રીતે જ્યાં ત્યાં મતભેદ છે, પરંતુ મહાજનો જાય તે માર્ગે જવું તે જ સાચો માર્ગ છે.

આ રીતે ચારે પ્રશ્નોના ખુલાસા થવાથી યક્ષ સંતુષ્ઠ થાય છે અને મૂર્ચ્છિત થયેલ ચારે ભાઈઓને સજીવન કરે છે. પછી તેઓ સૌ તે સરોવરના જળનું પાન કરે છે.

આ ચારે પ્રશ્નોનું સમાધાન પૂરું થાય છે. આ સંવાદમાંથી થોડું પણ ગ્રહણ કરી સૌ ઉન્નતિના માર્ગે મંગળ પ્રસ્થાન આરંભો એજ મહેચ્છા.

કિંપાકનાં ફળ શરૂઆતમાં મધુર હોવા છતાં વિપાકમાં દારુણ હોય છે. તેમ સંસારનાં ભોગસુખ પણ શરૂઆતમાં મધુર હોવા છતાં પરિણામે અતિ-દારુણ હોય છે.

નિજઘર અને પરઘર

સંસાર આત્માની પર્યાયદશામાં રહેલ છે. કર્મસંયોગે આત્મામાં જે મલિન પરિણામ થાય છે તે જ 'પર્યાય' કહેવાય છે. અનાદિથી જીવ મલિન પરિણામ કર્યા કરે છે તો તેનો સંસાર પણ અનાદિથી જ છે. સંસાર આત્માના પરિણામમાં જ હોવાથી પરિણામની શુદ્ધિ થતાં સંસારથી મુક્ત પણ થવાય છે. પરિણામમાં રહેલા વિષયકષાયરૂપ સંસાર ને પરિણામમાંથી કાઢી પણ શકાય છે. આત્માના મૂળ સ્વભાવમાં જ સંસાર હોત તો આત્માનો કોઈ કાળે મોક્ષ ન થાત, છતાં વર્તમાનમાં એમ જ માની લઈએ કે, મારો આત્મા તો શુદ્ધ જ છે અને અશુદ્ધતા પરિણામમાં હોવા છતાં એ અશુદ્ધિ ટાળવાનો પ્રયત્ન ન કરો તો આત્માનો મોક્ષ ન જ થાય, કારણ કે અત્યારનાં પરિણામ અશુદ્ધ છે. શુદ્ધ તો સ્વભાવની અપેક્ષાએ છે જેમ વસ્ત્ર મૂળ સ્વભાવે શુદ્ધ હોવા છતાં મેલું થઈ જાય છે અને એ મેલા થયેલા વસ્ત્રને શુદ્ધ કરવું હોય તો તે પર સાબુ વગેરેની ક્રિયા કરવી જ જોઈએ. વસ્ત્રના મૂળ સ્વભાવમાં શુદ્ધતા હોય છે માટે મેલ કાઢી શકાય છે અને એ ક્રિયા જો કોલસા ઉપર કરીએ તો કોલસો કોઈ કાળે સફેદ ન થાય. માટે એક મહાન સિદ્ધાંત નક્કી થયો કે, 'ઘરનું હોય એ ન જાય અને પરઘરનું હોય એ ગયા વગર રહે નહિ.'

આત્માનો શુદ્ધ સ્વભાવ એજ આત્માના ઘરની વસ્તુ

સુરતની પાસે તાપી નદીમાં દરિયાની રેલ આવે છે. રેલ આવવાથી એ નદીનું મીઠું પાણી પણ ખારું થઈ જાય છે. પરંતુ એ રેલ પાછી હઠતાં જ નદીનું પાણી એના મૂળ સ્વરૂપમાં આવી જાય છે; કારણ કે આમાં મીઠાશ એ પાણીના ઘરની છે ત્યારે એમાં જે ખારાશ આવી હતી તે પરઘરની હતી. ખારાશ એ પરઘરની હતી તો એ રેલની સાથે આવીને રેલની સાથે ગઈ. તેમ મીઠાશ નિજઘરની હતી તો રેલ આવવાથી બે ઘડી પૂરતી ભલે અવરાઇ પણ અંતે તો એ આવરણ હઠતાં જ બહાર આવી. આ સિદ્ધાંત દરેક ઠેકાણે લાગુ પાડી શકાય.

પુષ્પોમાં સુવાસ ઘરની છે ત્યારે તમે જે માથાના વાળમાં સુગંધી તેલ આદિ નાખો છો એ પરઘરની છે, તો એ પરઘરની હોવાથી સવારે નાહ્યા પછી તરત જ જતી રહે છે. તેલ, અત્તર નાખવાથી બાલ સુવાસિત બને પણ એ સુવાસ બાલના ઘરની નથી અને ઘરની હોય તો તે જાય નહિ. આખા શરીરે ભલે અત્તર ચોપડો તો તે બે ઘડી સુગંધ મારશે પણ અંતે તો એમાંથી દુર્ગંધ જ છૂટશે, કારણ કે દુર્ગંધ એ શરીરના ઘરની વસ્તુ છે ત્યારે સુગંધ એ પરઘરની ઉછીની વસ્તુ છે. આ શરીર તો એવું દુર્ગંધમય છે કે સુગંધમય વસ્તુઓને પણ દુર્ગંધમય બનાવી દે. એના ઉપર ગમે તેટલાં વિલેપનો કરો તો પણ એ પોતાનો સ્વભાવ ન જ મૂકે. તેમ ચંદનને પણ છેદો કે ભેદો અથવા તો બાળો કે ઘસો ગમે તે કરો પણ એ પોતાનો સ્વભાવ ન જ મૂકે. ચંદન કે શરીર એમાંથી એકય સ્વ સ્વભાવ નથી મૂકતા. શરીર સડી જાય છે, પડી જાય છે; ધ્વંસ થઈ

જાય છે. શરીરને શિયાળામાં સાલમપાક ખવરાવો છતાં એ પોતાનો સડન–પડનનો સ્વભાવ તો કોઈ કાળે નહીં મૂકે. શરીરમાં દુર્ગંધ છે તો સુગંધ કોઈ કાળે નહીં આવે, પછી બાલમાં તેલ નાખો કે શરીરે પણ ચોપડો તે ગયા વગર ન જ રહે. એટલે એવો સિદ્ધાંત નક્કી થયો કે, ઘરનું હોય એ જાય નહીં અને પરઘરનું હોય તે રહે નહિ.

માટે જેટલું પરઘરનું છે તે ઉપરનું મમત્વ સાવ ખોટું છે. માલિકીની વસ્તુઓ પર મમત્વ હોય તો તે ક્ષંતવ્ય ગણાય પણ ઉછીની વસ્તુઓ પરનું અત્યંત મમત્વ અંતે મારનારું છે આત્માનો જ્ઞાનાદિ શુદ્ધ સ્વભાવ એ આત્માના ઘરનો છે. એ એક વાર જો પ્રગટી જાય તો એ પ્રગટયા પછી કોઈ કાળે પાછો ન અવરાય. આત્મામાં રાગ–દ્વેષ આદિ જે દેખાય છે તે બધા દરિયાની રેલ જેવા છે. કર્મસંયોગના નિમિત્તે આત્મામાં જન્મતા વિકારી ભાવો છે, તે કર્મસંયોગ હઠતાં જ દૂર થઈ જાય છે ને આત્મા આત્માના શુદ્ધ સ્વભાવમાં રહી જાય છે. પાણી અને સાબુનો પ્રયોગ થતાં જ વસ્ત્રમાંથી મેલ નીકળી જાય છે ને વસ્ત્ર વસ્ત્રના સ્વરૂપમાં રહી જાય છે. મેલ એ ઘરની વસ્તુ નહોતી તેથી નીકળી ગઈ, તેમ આત્મામાં જે રાગદ્વેષ આદિ છે તે આત્માના ઘરના નથી. કર્મના ઘરના છે માટે જ નીકળી જાય છે. ટૂંકમાં સ્વભાવ જ ઘરનો હોય છે, વિભાવ નહિ.

છતાં આપણો આત્મા પરવસ્તુઓ ઉપર મમત્વ કરી વિભાવ જ વધારે જાય છે, પણ પરવસ્તુઓ પરનું મમત્વ અંતે આત્માને જ ભારે પડવાનું છે. બીજાના બંગલા જોઈ તેમાં ગમે તેટલું મમત્વ કરો પણ તેમાં મહાલવા ન જ મળેને? તો તેને પર માનો છોને? તેમ જે બાગબગીચા કે બંગલાને તમે પોતાના માન્યા છે તેને પણ પર જ માનવા જેવા છે.

બીજાના બંગલા જેમ તમારા નથી તેમ જેને તમે તમારા માન્યા છે તે પણ તાત્ત્વિક દૃષ્ટિએ તમારા નથી જ. પોતાના મકાન માટે પણ એમ લાગવું જોઈએ કે એ મારું નથી. તાત્ત્વિક દૃષ્ટિએ જ્યાં શરીર પણ આપણી માલિકીનું નથી ત્યાં કંચન, કામિની, ઘર વગેરે તો આપણાં હોય જ ક્યાંથી?

સ્વમાં જાગૃત તે જ ખરો યોગી

આમ હોવા છતાં આપણી અનાદિની અજ્ઞાન દશા એવા પ્રકારની છે કે આપણે પરમાં સ્વની માફક અને સ્વમાં પરની માફક વર્તી રહ્યા છીએ. તમે સંસારમાં ઘણા એવા માણસો નથી જોતા કે જે પોતાના ઘર તરફ લક્ષ ન આપે અને બીજાના ઘરની જ પંચાત કર્યા કરે? તેમ અહીં તમે પણ સ્વને પર માની સ્વની તરફ પર જેવો ને પરને સ્વ માની પરની તરફ સ્વ જેવો વર્તાવ કરી રહ્યા છો. આત્મા એ સ્વવસ્તુ છે. તો આત્મામાં તો જાણે તમે ઊંઘી જ રહ્યા છો. ત્યારે શરીરાદિ એ પરવસ્તુઓ છે તો એ પરવસ્તુઓને પોતાની માની એના માટે જાણે ચોવીસે કલાક મથી રહ્યા છો. આત્મા માટેની પ્રવૃત્તિ તરફ આત્મા જાણે સાવ બેદરકાર છે ત્યારે મહાન પુરુષો ફરમાવે છે કે—

'स्वप्रवृत्तावतिजागरुकः परप्रवृत्तौ बधिरान्धमूकः

સ્વપ્રવૃત્તિમાં અત્યંત જાગૃત રહેવું જોઈએ અને પર-પ્રવૃત્તિમાં બધિર, અંધ અને મૂક બની જવું જોઈએ. સ્વમાં જાગૃત તેજ ખરો યોગી છે. તમે પણ કહેતા હો છો કે, પરની જ એકલી ભાંજગડ કરનારો પોતાનું કાંઈ પણ કરી ન શકે. અને વાત પણ સાચી છે કે, પુદ્ગલની પલોજણમાં જ જે આખું જીવન વીતાવે તે આત્માનું કઈ રીતે કરી શકે? તમે ચોવીશ કલાકમાં આત્મા તરફ કેટલું

જુઓ છો ? જેની તરફ જોવાનું છે એના તરફ કેમ જોતા નથી ? જ્ઞાની કહે છે કે, પરનું જોવામાં તો અંધ બનવાનું છે ને બોલવામાં મૂક બનવાનું છે. છતાં ચોવીસે કલાક બીજાની વિકથા કર્યા જ કરો છો ને ધર્મકથામાં તો તમારો સમય ભાગ્યે જ જતો હશે. બોલવામાંયે વિકથા ને સાંભળવામાંયે વિકથા જ છેને ! આજે ઘણાઓ સાંજ પડે ફરવા જતા હોય તેમાંયે બીજાનો ભાંગરો વાટ્યા કરે. નવરા થઈને ચોરે કે ચકલે જ્યાં બેઠા હોય ત્યાં બીજાના પાનિયાં ઉખેળ્યા કરે. આ રીતનો મેનિયા આજે ભલભલાને લાગુ પડેલો છે. ખરેખર, જીવ અનાદિથી પરપ્રવૃત્તિમાં જ રસ લેતો આવ્યો છે. એણે અનંતકાળમાં પણ પોતાની પ્રવૃત્તિ તો કરી જ નહિ અને એથી જ અત્યારે કરવા જાય છે તો તેમાં એને રસ આવતો નથી. જ્યાં પોતાનું લક્ષ જ ન હોય ત્યાં પોતાની પ્રવૃત્તિમાં રસ કયાંથી આવે ? જો સ્વને લક્ષમાં લે તો તે જ ક્ષણે પોતાની પ્રવૃત્તિમાં રસ આવવા માંડે. પૌદ્ગલિક પ્રવૃત્તિમાં લક્ષ છે તો તેમાં રસ આવે છે ને ? તાઢ, તડકો, ભૂખ, તરસ એ બધાં કષ્ટો વેઠીને પણ ધનજીભાઈના માટે ધમધોકાર પ્રયત્ન કરો છોને ? તે રીતે આત્માનું લક્ષ કરીને આત્મા માટે પ્રયત્ન કરતા થઈ જાઓ તો કાંઈ બાકી રહે ? અરે ! કહોને કે બેડો પાર થઈ જાય. ધનસંપત્તિ એ કાંઈ પોતાની વસ્તુ નથી તેમ પરલોકમાં પણ સાથે આવે એમ પણ નથી. એ તો સારી રીતે જાણો છોને ! છેલ્લી ઘડીયે તો કેડના કંદોરા પણ કાઢી લેવાનાને ? વખતે દાંતમાં સોનું મઢેલું હશે તો ?

સભામાંથી : 'પાણા મારીને કાઢી લેશે.'

આટલું બધું જાણવા છતાં ધનના માટે અનેક પાપો શા માટે કરાય છે ? પણ બહિરાત્મદશા હોય ત્યાં સુધી બાહ્ય વસ્તુઓમાં જ સર્વસ્વ લાગ્યા કરે.

અસ્થિર અને અંતવાળા પદાર્થોમાં અનંત સુખ કયાંથી હોય ?

મહાન પુરુષો તો ફરમાવે છે કે, સ્વ તે સ્વ છે અને પર તે પર છે અને સ્વ પરનો જે ભેદ જાણે તે જ ખરે તત્ત્વજ્ઞ છે. દુન્યવી પરપદાર્થો ગમે તેટલા હોય તો પણ તેમાંથી શાંતિ મળે નહિ. દુન્યવી પદાર્થો ગમે તેટલા મળે તોયે હજુ પણ મળે તો સારું એ ઇચ્છા તો મનમાં રહ્યા જ કરે છે. કારણ કે આત્મામાં અનંત આત્મિક સમૃદ્ધિ ભરી પડી છે. આત્મામાં સુખ પણ અનંતુ ભર્યું છે તેમ જ્ઞાન, દર્શન, વીર્ય પણ અનંતુ ભર્યું છે. અનંત ગુણસમૃદ્ધિ આત્મદ્રવ્યમાં ભરી પડી છે એટલે એના પોતામાં અનંત હોવાથી એને બહારમાં થોડામાં શાંતિ વળતી નથી, એને બહારમાં પણ અનંતુ જોઈએ છે. એના પોતામાં જેમ અનંત સુખ છે તેમ બહારમાં પણ એને અનંત સુખ જોઈએ છે. પણ આત્માએ એટલું જ્ઞાન કરી લેવું જોઈએ કે બહારના પદાર્થો જ જ્યાં અસ્થિર અને અંતવાળા છે ત્યાં એમાં અનંત સુખ કયાંથી હોય ? અનંત જ્ઞાન, અનંતદર્શન અનંતઅવ્યાબાધ સુખ અને અનંતવીર્ય જો જોઇએ તો આત્માએ આત્મામાં એટલે કે સ્વમાં જ સ્થિર થવું જોઇએ.

પરમાત્મદશા ને સાધક રૂપ અંતરાત્મદશા

બહિર્દૃષ્ટિ છે ત્યાં સુધી અંતરમાં રહેલ અનંત સુખ નહિ મળે. અંતરાત્મા જ અંતરનું સુખ પામી શકે. બાહ્ય દૃષ્ટિવાળા આત્માઓ—બહિરાત્માઓ હમેશાં પુદ્ગલોમાં જ રત રહેનારા હોય છે, એ પોતાના સુખનો આધાર બાહ્ય સંયોગો ઉપર રાખે છે. માટે એ એમ માને છે કે એ મારા છે ને હું એનો છું. કાયા, કુટુંબ, કંચન, કામિની એ બધા તમને તમારા પોતાના લાગે છેને ? તો તમે તમારો જ વિચાર કરોને કે તમે કયી

દશામાં છો ? વ્યવહારથી એને તમારા કહો છો તે જુદી વસ્તુ છે પણ તાત્ત્વિક દૃષ્ટિએ તો બધા સંયોગોને તમારે તમારા આત્માથી પર માનવા જ જોઈએ, અને પરમાનો તો જ પરમાત્મદશા ને સાધકરૂપ અંતરાત્મદશા તમારામાં આવે નહિ તો બહિરાત્મદશા તો ઊભી જ છે. બહિરાત્માનું સ્વરૂપ વર્ણવતાં મહાત્માઓએ ફરમાવ્યું છે કે—

आत्मबुद्धिशरीरादौ यस्य स्यात् आत्मविभ्रमः ।
बहिरात्मा स विज्ञेयो मोहनिद्रास्तचेतनः ॥

મહાન પુરુષના કથન પ્રમાણે બહિરાત્મા તે જ જાણવો કે જેને કાયા, કુટુંબ, કંચન વગેરેમાં પોતાપણાની બુદ્ધિ રહ્યા કરે અને મોહ વડે જેની જ્ઞાનશક્તિ સાવ આવરાઈ ગએલી છે. આ દશામાં તમે હો તો તમારે ધીમે ધીમે મુક્ત થઇ જવું જોઈએ. બહિરાત્મદશા એ પાપરૂપ છે, કારણ કે એનાથી પર એ સ્વ લાગે અને સ્વ એ પર લાગે, પર એ સ્વ લાગવાથી તે પરપદાર્થો પર મમત્વ રહ્યા કરે અને તેને મેળવવાની બુદ્ધિ થાય તે પછી એ મેળવવાની પછવાડે અનેક પાપો કરવાં પડે અને મેળવ્યા પછી તેને ભોગવવાની ને સાચવવાની પછવાડે પણ અનેક પાપો કરવાં પડે. આમ પાપો કરતાં કરતાં અંતે આત્મા દુર્ગતિના ખાડામાં જ પડેને ? **તાત્ત્વિક દૃષ્ટિએ અનંત સુખ માટે આત્માને કોઈ પદાર્થની જરૂર નથી. જરૂર છે ફક્ત પોતાના સ્વરૂપની, પણ તે તો અંતરમાં ઢળે અને પરથી પાછો વળે તો જ પ્રાપ્ત થાય એમ છે.**

બચપણમાં તો એણે એકલું માનું જ મોં જોયા કર્યું જ્યાં યૌવનમાં ગયો ત્યાં તરુણીના મુખ તરફ આકર્ષાયો, ઘડપણમાં પુત્ર-પૌત્રાદિની સામે જોયા કર્યું. ભગવાન હેમચં-

દ્રાચાર્યજી ફરમાવે છે કે, "मूर्खो नान्तर्मुखो भवेत्" એટલે કે મૂર્ખ એવો અજ્ઞાની જીવ અંતર્મુખ ન થયો તે ન જ થયો.

દૃષ્ટાંત

એક ગામમાં એક અજ્ઞાની શેઠ હતા. એમણે એક ભવ્ય મહેલ ચણાવ્યો. પછી રાત ને દિ' એ મહેલનું જ મનમાં સ્મરણ કર્યા કરે. એક દિવસે એ ગામમાં એક મહાત્મા પધાર્યા. શેઠ મહાત્માને ઘેર વહોરવા તેડી જાય છે. મહાત્માને વહોરાવ્યા પછી પોતાનો મહેલ બતાવે છે. એને એમ કે મહાત્મા જો જોઈ જાય તો ગામોગામ એની જાહેરાત કર્યા કરશે. એને કયાં ખબર હતી કે મહાત્માને તો મહેલ અને જંગલ સમાન જ હતા. મહેલ બતાવ્યા પછી એ મહાત્માને પૂછે છે કે, 'આમાં આપને કાંઈ ખોડખાંપણ જણાય છે?'

મહાત્મા સ્મિત કરીને જવાબ આપે છે: 'બધું ઠીક છે, પણ આમાં એક મોટામાં મોટી ખોડ જણાય છે.'

ત્યાં એ ચરણમાં પડીને કહે છે કે, 'પ્રભુ! ઝટ કહો, હું આજે જ એ ખોડ દૂર કરવા તૈયાર છું.'

મહાત્મા કહે છે કે, 'તું તે નહિ કરી શકે'

શેઠ કહે છે, 'આપ કહો એટલી વાર છે.'

ત્યારે મહાત્મા એનો મોહ દૂર કરવા કહે છે કે, 'તેં આ બારણાં મૂકાવ્યાં છે એ ઠીક કર્યું નથી.'

'પ્રભુ! આ શું બોલ્યા? જેલને પણ એકાદ બારણું હોય છે, જ્યારે આ તો મહેલ છે! એને બારણાં ન હોય?'

'અરે, મૂર્ખ! તને ખબર નથી કે આ તારા હાથે મૂકાવેલાં બારણામાંથી જ તને મુશ્કેટાટ બાંધી આડા પગે કાઢવાના

છે. માટે બારણાં ન મૂકાવ્યાં હોત તો તું કાયમને માટે આમાં રહી શકત.'

આ વાત સાંભળતાં જ શેઠ ચોંકી ઊઠે છે, અને વિચાર કરે છે કે, મહાત્માની વાત સાચી છે, કારણ કે આ બારણામાંથી જ મને એક દિવસ મુશ્કેટાટ બાંધી આડા પગે મારા જ સગા દીકરાઓ મને મારા જ મહેલમાંથી કાઢવાના છે. છેવટે મહાત્મા કહે છે કે, 'ભલા માણસ, તારે આ મહેલમાં બે દિવસ રહેવું છે તો આમાં આટલો બધો મોહ શા માટે કરે છે? વખતે મોહમાં ને મોહમાં મર્યો તો આ જ મહેલમાં ભૂત થવું પડશે,. મહાત્માની આ વાત સાંભળતાં જ શેઠના નયન ઊઘડી જાય છે. શેઠની આંખ તો ઊઘડી ગઇ. હવે, તમારી આંખ પણ મીંચાયેલી નહિ રહેને? હવેથી પરવસ્તુઓમાં પોતાપણાની બુદ્ધિ નહીં કરોને? કબીરજીએ કહ્યું છે તેમ,

'इस तनधनकी कोन बढाई देखत नयनोमें मिट्टी मिलाई।
अपने खातर महल बनाया, आप ही जाकर जंगल सोया॥
केश जले ज्युं घासकी पुळिया, हाड जले ज्युं काष्ठकी मूळिया।
कहत कबीरा सुन हो मुनिया, आप मूंए पीछे डूब गई दुनिया॥

આવું સાંભળ્યા પછી પણ પરવસ્તુઓમાં પોતાપણાની બુદ્ધિ થાય તો નસીબ તમારાં.

બાકી આટલું સમજ્યા પછી તો સ્વમાં જ સ્વપણાની બુદ્ધિ કરવી જોઇએ. ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે—

'शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम'।

સ્વ એટલે શુદ્ધ આત્મદ્રવ્ય તે જ હું છું અને શુદ્ધ જ્ઞાન તે મારું સ્વરૂપ છે, એ સિવાયનું બીજું મારું કાંઇ પણ છે નહિ અને હું પણ કોઈનો નથી. આટલું અંતરથી સમજાઈ જાય તો ? મોહ મહીપતિના માથે તો વજ્ર પડ્યા જેવું જ થાયને ! પણ સમજાય તોને ? વચ્ચમાં મોટો 'તો' પડ્યો છે ને ?

અંતરમાં રમણુતા એજ અંતરાત્મદશા

બહિરાત્મદશામાંથી મુક્ત થઈને અંતરાત્મદશામાં ગયા પછીની આ સમજણ છે. અંતરાત્મદશામાં આત્મજ્ઞાન હોય છે. એને પછી બાહ્ય શરીર વગેરેની પ્રવૃત્તિમાં રસ રહેતો નથી. મહાત્માઓએ ફરમાવ્યું છે કે—

'આત્મજ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;
ઇન્દ્રજાળ કરી લેખવે, મિલે ન ત્યાં મનમેળ.'

આત્મજ્ઞાન જેને થાય છે તેને બહારના ભાવો સ્વપ્નવત્ ઇન્દ્રજાળ જેવા મિથ્યા ભાસે છે. કોઇ પણ પર પદાર્થ સાથે એના મનનો મેળ ખાતો નથી. ફક્ત આત્મામાં જ એનું મન લીન બની જાય છે. બાકી બધા ભાવોમાં એને ઉદાસીનતા આવી જાય છે. પછી એનો સંસાર ધાવમાતા જેવો રહે છે, એ મનથી સંસારમાં રહેતો નથી પણ તનથી એને ન છૂટકે રહેવું પડ્યું હોય છે. એ ચિત્તમાં તો મોક્ષને જ ઝંખ્યા કરતો હોય છે. આ રીતની અંતરાત્મદશા એ પરંપરાએ પરમાત્મદશામા સાધક બને છે. અંતરાત્મદશામાં ગયેલાને અંતરમાં જ સુખ ભાસે છે, એ અંતરમાં જ રમણતા કરે છે, અને પરમજ્યોતિનાં દર્શન પણ એ અંતરમાં જ કરે છે. આમ કરતાં કરતાં અંતે એ પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે.

કાયા વગેરેમાં આત્મબુદ્ધિએ રહેવું એ બહિરાત્મદશા છે અને કાયા વગેરેમાં સાક્ષી ભાવે ઉદાસીનપણે રહેવું એ અંતરાત્મદશા છે અને નિજ સ્વરૂપમાં સમાઈ રહેવું એ પરમાત્મ-

દશા છે. સિદ્ધના આત્માઓ પરમાત્મદશામાં છે. યોગી પુરુષો અંતરાત્મદશામાં છે. આપણે આ કાળમાં પરમાત્મદશા ન પામી શકીએ પણ અંતરાત્મદશા તો પામી શકીએને? અંતરાત્મદશાની શરૂઆત ચોથા ગુણસ્થાનકથી થાય છે અને બારમા ગુણઠાણે તેની પરાકાષ્ઠા થાય છે. તે પછી તેરમે તો પરમાત્મદશા જ છે. ચોથા ગુણસ્થાનકે જીવ સમ્યક્ત્વ પામે છે અને સમ્યક્ત્વ એ જ અંતરાત્મદશા છે.

સમકિતી આત્મા ભવભીરૂ અને પાપભીરૂ હોય છે, એનામાં મોક્ષ સિવાય સંસારની બીજી કોઇ પણ વસ્તુનો અભિલાષ હોતો નથી. એ સંસારની બીજી તમામ વસ્તુઓને પોતાથી પર અને ભિન્ન ગણતો હોય છે. ભેદવિજ્ઞાનની જ્યોત એનાં અંતરમાં ઝળહળતી હોય છે. એનામાં દ્રઢ શ્રદ્ધા હોય છે કે નિજઘરનું એ પરઘરમાં જાય નહિ અને પરઘરનું એ નિજઘરમાં આવે નહિ. વખતે સંયોગસંબંધે આવે તો પણ રહે નહિ. એને સંસારમાં કાંઈ પણ ગમે નહિ પાંચ હજાર જાય તો એ અકળાય નહીં અને આવે તો એ મલકાય નહિ. ઓચિંતો પુત્રવિયોગ થાય તો પણ એ એમ જ માને કે એ તો મહેમાન હતો ને ગયો. એમાં મારું શું ગયું?

દૃષ્ટાંત

એક શેઠ દરરોજ મહાત્માના વ્યાખ્યાનમાં જતા. એમની કોઇ દિવસ ગેરહાજરી હોય નહિ. એક દિવસ શેઠ વ્યાખ્યાનમાં દેખાણા નહિ. બીજે દિવસે વ્યાખ્યાનમાં આવ્યા ત્યાં મહાત્માએ પૂછયું કે, 'ગઇ કાલે કેમ નહોતા આવ્યા?' ત્યારે શેઠે જવાબ આપ્યો કે, 'એક મહેમાનને છેલ્લી વિદાય આપવા ગયો હતો.' ત્યાં પડખે બેઠેલા એક ભાઇ બોલી ઊઠયા કે, 'મહારાજશ્રી! મહેમાન બીજો કોઇ નહોતો પણ એમનો પોતાનો જ અઢાર વર્ષનો દીકરો ગઈ કાલે ગુજરી ગયેલો. તેનો સ્મશાનયાત્રાએ ગયા હતા. એ સિવાયના બીજા કોઈ પણ મહેમાનને વળાવવા નહોતા ગયેલા. મહારાજશ્રી પણ

શેઠની સમતા જોઇને સ્તબ્ધ બની ગયા. પહેલાં વચમાં પણ એક શેઠનું દૃષ્ટાંત હું આપી ગયેા છું, એ બંને દૃષ્ટાંતમાં તમને કેટલેા ફેર લાગે છે ?

બહિરાત્મા સંયેાગેામાં આનંદ માને છે ત્યારે અંતરાત્મા સંયેાગેાને પેાતાથી સાવ પર સમજે છે. એ સમજે છે કે સંયેાગ એ જ જીવને દુઃખની પરંપરામાં કારણ છે. એ તેા આજે છે ને કાલે નહિ હેાય. જીવ સ્વભાવે શુદ્ધ હેાવા છતાં એને મલિન કરનાર જ સંયેાગ છે અને જીવ પેાતામાં સંયેાગસંબંધે આવેલી મલિનતાથી જ સંસારમાં રખડે છે. પણ એ મલિનતા કાંઇ એવી નથી કે જીવમાંથી જાય જ નહિં. જો એ જીવના ઘરની હેાય તેા તેા કેાઇ કાળે ન જાય, પણ કર્મ સંયેાગના ઘરની હેાવાથી જરૂર જઇ શકે છે. પણ એને કાઢવા માટે આત્માએ પુરુષાર્થની દિશા બદલાવીને પેાતાનું પરિણમન બદલાવવું જોઇએ.

રાગદ્વેષ અને મેાહના પરિણમનથી મુક્ત થઇને જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં પરિણમવાની જરૂર છે. જો આ રીતે આત્મજ્ઞાન, દર્શન અને ચારિત્રમાં પરિણમવા માંડે તેા અવશ્યમેવ મલિનતાનેા અંત આવે. અંદરની મલિનતાનેા જ્યાં અંત આવે ત્યાં કર્મનેા પણ અંત જ છે, અને કર્મનેા અંત છે ત્યાં આત્મામાં જ આત્માને અનંત સુખ છે. ટૂંકમાં આત્માની પ્રભુતા આત્માના પેાતાના જ અસંખ્યાત પ્રદેશરૂપ ઘરમાં છે. નિજ સ્વરૂપમાં આવતાં જ તે પ્રાપ્ત થાય એમ છે. જીવ નિજ સ્વરૂપને ભૂલી પર પુદ્ગલરૂપ પરઘરમાં રમે છે, તેથી જ સંસારમાં ભમે છે. સંસારભ્રમણનું આ જ એક મૂળ કારણ છે. આ મૂળ ઉખેડવામાં ન આવે ત્યાં સુધી સંસારનેા કેાઇ કાળે અંત ન આવે. માટે ભવનેા અંત લાવવા સૌ કેાઇ નિજઘરમાં રહી નિજ સ્વરૂપમાં રમેા એ જ એક મહેચ્છા.

કર્મવિપાક

કર્મ એ શબ્દથી આર્યાવર્તના દરેક મનુષ્યો સુપરિચિત છે. મારે તો તમને તેના વિપાક સમજાવવા છે. સામાન્ય રીતે શુભાશુભ કર્મોનું જે ફળ તેને વિપાક કહેવામાં આવે છે. મિથ્યાત્વ આદિ હેતુઓના સેવનથી જીવ વડે જે કરવામાં આવે તેને કર્મ કહેવામાં આવે છે. તે તે કર્મોનો ઉદયકાળ જાગતાં જીવને જે સુખદુઃખ આદિ ભોગવવાં પડે તેને કર્મવિપાક કહેવામાં આવે છે. જીવની અજ્ઞાનદશાને લીધે કર્મ બંધાતા તો બંધાઈ જાય, પણ તેના વિપાક અતિદારૂણ હોય છે. તેમાં એટલું બરું કે શુભનો વિપાક શુભ હોય છે, અશુભનો વિપાક અશુભ હોય છે. વિપાક સાંભળીને કોઈ પણ જીવ પાપકર્મોથી વિરામને પામે એ જ આપણો મુખ્ય ઉદ્દેશ છે. 'વિપાકસૂત્ર'માં સુખવિપાક અને દુઃખવિપાક બંનેનું વર્ણન આવે છે. સુખવિપાકમાં સુબાહુકુમાર વગેરેનાં ચરિત્રો આવે છે અને દુઃખવિપાકમાં મૃગા લોઢિયા વગેરેનાં ચરિત્રો આવે છે. બંને પ્રકારે વિપાક ભોગવવાના હોય છે.

એકકર્મની જડ એવી કે જેને સડો લાગતો નથી

કર્મોના બંધકાળમાં જીવ સ્વતંત્ર હોય છે અને ઉદયકાળમાં પરતંત્ર હોય છે. જીવ ન બાંધે તો કર્મ પરાણે બંધાતા નથી. જીવ રાગદ્વેષની પરિણતિવાળો થાય ત્યારે કર્મ

બંધાય છે. બાંધેલા કર્મ ઉદયકાળમાં જીવને ભોગવવાં વડે છે. બાંધેલું કર્મ નિકાચિત હોય તો વચમાં ભલે કોટાકોટી સાગરોપમનો કાળ પસાર થઈ જાય છતાં તે કર્મનો ક્ષય થતો નથી અને જીવને તે કર્મ અવશ્ય ભોગવવું પડે છે. ભગવાન મહાવીર પરમાત્માના જીવે મરીચિના ત્રીજા ભવમાં નીચ ગોત્રકર્મ બાંધેલું, જે સત્તાવીસમા ભવે ઉદયમાં આવ્યું. વચમાં કેટલોયે કાળ પસાર થઈ ગયો છતાં તે કર્મ સત્તામાં રહી ગયું અને સત્તાવીસમાં ભવે પોતાનો પ્રભાવ બતાવ્યો.

જગતમાં ઘણી ઘણી વસ્તુઓ એવી છે કે, જેને અમુક સમયે સડો લાગી જાય છે. વૃક્ષના મૂળને કાળે કરીને સડો લાગી જાય છે. શરીરને પણ કેન્સર લાગુ પડે એટલે અંદરથી સડતું જાય છે. મકાનને પણ લૂણો લાગે છે. **એક કર્મની જડ એવી છે કે જે સડતી જ નથી.** હજારો અને કરોડો વર્ષ વીતી જાય છતાં કર્મની જડ આત્માના પ્રદેશોમાં રહી જાય છે. ઉગ્ર એવા તપ–સંયમના બળે જ એ જડને ઉખેડી શકાય છે.

દૃષ્ટાંત

હિંસા, અસત્ય, ચૌર્યકર્મ વગેરે દરેક પાપકર્મોના વિપાક જ્ઞાનીઓએ વર્ણવેલા છે. પાંગળાપણું, કોઢિયાપણું, અલ્પાયુષ્ય, આ બધા હિંસાના દારુણ વિપાકો છે. હિંસારૂપી પાપકર્મને આચરનારા જીવો પાપકર્મના ફળરૂપે આવા મહા-ભયંકર દારુણ વિપાકને પામે છે. આવા વિપાકથી બચવું હોય તો વગર પ્રયોજને સ્થાવર જીવોની પણ હિંસા નહિ આચરવી જોઇએ. ખંધકમુનિના જીવે પૂર્વભવમાં કોઠિંબડાની છાલ ઉતારતાં સાવધાની ન રાખી અને તેમાં રસનું પોષણ કર્યું. વારંવાર છાલ ઊંચી કરીને ઘરના પોતાના સંબંધી-

જનોને કહેવા લાગ્યા કે, જુઓ ! આ છાલ મેં કેવી અક બંધ ઉતારી છે. વચમાં જરી પણ ખંડિત થઇ નથી. આ રીતે રસ પોષવાથી એક સ્થાવરકાયની વિરાધનામાં કર્મ એવું બંધાઇ જાય છે કે, જે કર્મના ઉદયથી બંધક મુનિ તરીકેના ભવમાં તેમના જીવતા શરીરની ચામડી ઉતારવામા આવી છે. બંધકમુનિ તે સમયે આત્મજ્ઞાનની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા પુરુષ હતા, ઉદયમાં આવેલા કર્મને સમતાભાવે ભોગવીને તેઓ તો મોક્ષપદને પામી ગયા છે. ઉદયકાળને સમતાભાવે ભોગવી લેવો તે સહેલી વાત નથી. આવા મહાન જ્ઞાની પુરુષો જ તીવ્ર અશાતાના ઉદયકાળને સમતાભાવે ભોગવી શકે છે. શરીરથી આત્મા ભિન્ન છે. એવું સ્પષ્ટ ભેદવિજ્ઞાન એમને હતું. આવા ભેદવિજ્ઞાનના બળે તેઓ સમભાવમાં સ્થિર રહી શકયા છે. ભેદવિજ્ઞાનની વાતો કરનારાઓ તો આજે દુનિયામાં ઘણા છે પણ ભેદવિજ્ઞાનનું વર્તન તો આવા બંધકમુનિ જેવા મહાન્ પુરુષો જ કરી શકે છે. જીવતા શરીરની ચામડી ઉતારનારા રાજાના સેવકો ઉપર કે રાજા ઉપર લેશ પણ એમણે કોપ કર્યો નથી, ઉલટા જીવતા શરીરની ચામડી ઉતારવા આવેલા રાજાના સેવકોને એમણે સગાભાઈથી પણ અધિક લેખ્યા છે. અને પોતાના આત્માને અંદરથી ઉત્સાહિત બનાવ્યો કે, હે આત્મન્ ! કર્મ ખપાવવાનો ફરી ફરીને આવો અપૂર્વ અવસર મળવો દુર્લભ છે. માટે તું કાયરતાનો પરિત્યાગ કરજે કે જેથી ભવના ફેરામાં ફરી અવતરવું ન પડે. આ રીતે પોતાના આત્માને ઉત્સાહિત બનાવ્યા બાદ મહામુનિ રાજાના સેવકોને કહે છે કે, મારી આ કાયા કઠણમાં કઠણ સ્પર્શવાળી છે, રખે ચામડી ઉતારતાં તમને તમારા હાથે બાધા ન થવી જોઇએ. એટલા માટે તમે મને જેવી સ્થિતિમાંથી રહેવાનું કહો તેવી

સ્થિતિમાં રહેવાને હું તૈયાર છું. કહો તો ઉભો રહું, કહો તો બેસી જાઉં. મારા શરીરની ચામડી ઉતારતાં તમારા હાથને તકલીફ ન પડવી જોઈએ. પછી તો રાજાના સેવકો ચડૂમડ દેતા ચામડી ઉતારે છે અને મુનિ સમતારસમાં ઝીલે છે. અંતે અંતગડ કેવલી થઈને મુનિ મોક્ષપદને પામી જાય છે. ઉદયકાળને તેમણે એવી રીતે ભોગવી લીધો કે સદાકાળ માટે કર્મોના બંધનમાંથી છૂટી ગયા. એક કટુ વચન પણ આપણાથી સહન થતું નથી, જ્યારે મહાપુરૂષોએ આવા ઘોર ઉપસર્ગો પણ સમતાવે સહન કર્યા છે. કર્મોના વિપાક આવા ચરમશરીરી પુરુષોને પણ ભોગવવા પડયા છે. પાપકર્મ નજીવું હોય પણ તે જો તીવ્રરસથી આચરવામાં આવે તો વિપાક અતિદારૂણ બને છે. બંધક મુનિના પૂર્વભવના વૃત્તાંત ઉપરથી આ ઘટના ઘણી સ્પષ્ટ થઇ જાય છે.

પેટ એ પાપનું મૂળ નહિ પણ લોભ એ પાપનું મૂળ

પાપ જ આચરવા યોગ્ય નથી, છતાં આચરાઈ જાય તો તેમાં રસ પોષાવો ન જોઈએ. એક તો કડવી તુંબડીનું શાક હોય, તેને વળી સોમલનો વઘાર આપવામાં આવે પછી બાકી શું રહે ?

હિંસાના વિપાકની જેમ મૂંગાપણું, મુખરોગિતા (મોંમાં થતા રોગો), ન સમજાય તેવી રીતે બોલવાપણું એ બધા અસત્ય પાપકર્મનાં ફળો છે. આવાં દુઃખદાયક ફળ ન ભોગવવાં હોય તો અસત્ય ભાષણ કરવું ન જોઈએ. વસુરાજા અસત્યના પાપથી નરકાધિકારી થયા છે. વાતવાતમાં મિથ્યાભાષણ કરનારા ભવોભવમાં નરક, નિગોદના દુઃખને પામે છે. અસત્ય

ભાષણ મહાપાપકારી છે. તેનાથી પોતાનાં કરેલા સુકૃતના ફળને જીવ હારી જાય છે.

દુર્ભાગ્ય, દરિદ્રતા, પારકી ગુલામી એ બધાં ચૌર્યકર્મનાં ફળો છે. ચૌર્યકર્મને આચરનારા આ ભવમાં વધ, બંધનને પામે છે અને ભવાંતરમાં નરક આદિની ઘોર વેદના અનુભવે છે. જ્યારે ચોર લોકો ખાતર પાડીને ઘરમાંથી ધન લૂંટી જાય એ તો ચોરી છે. બીજા પણ ચોરીના ઘણા પ્રકાર છે. વ્યાપારમાં અનીતિ કરવી એ પણ એક પ્રકારની ચોરી છે. ભેળસેળથી વ્યાપાર કરવો, ભાવતાલમાં વધારે કહેવું, કૂડાં તોલ અને માપથી વાણિજ્ય કરવું એ બધા પ્રકારો ચૌર્યકર્મને લગતા છે. **જેમાં નીતિ અને ન્યાય હોય તે વ્યાપાર, બાકી એક પ્રકારની ધોળા દિવસની લૂંટ કહેવાય.** આજે નીતિની વાત આવે ત્યારે ઘણા દલીલ કરે છે કે, નીતિથી વર્તવા જઈએ તો પેટ ભરી ન શકાય, પણ એ સમજ્યા વગરની દલીલ છે. નીતિથી પેટ જરૂર ભરી શકાય, પેટી ન ભરી શકાય, અર્થાર્જનની પાછળ નિર્વાહનું ધ્યેય હોય તો ઝાઝાં પાપ આચરવાં ન પડે, પણ ધ્યેય સંગ્રહનો છે. એટલે પાપ આચરવાં પડે છે. **પેટ પાપનું મૂળ નથી, લોભ પાપનું મૂળ છે. પેટની ભૂખ કરતાં ધનની ભૂખ ભયંકર છે.** જમવા નિમિત્તે ભાણે બેઠેલો માણસ પેટ ભરાઈ જાય એટલે પીરસવા આવનારને તરત ના પાડે છે. ભાઈ! પેટ ભરાઈ ગયું છે. હવે જરાયે વધારે ચાલે એવું નથી. બસ પેટની ભૂખ આટલી છે, જ્યારે લાખો અને કરોડો મળી જાય તોયે ધનની ભૂખ શમતી નથી. એટલા માટે જ શાસ્ત્રોમાં ઇચ્છાને આકાશની જેમ અનંત કહી છે. આકાશને અંત નથી તેમ ઇચ્છાનો પણ અંત નથી અને પુદ્ગલઆદિ

પરદ્રવ્યોની ઈચ્છા એ જ અનંત દુઃખનું મૂળ છે. ઇચ્છાઓનો અંત આવે તો દુઃખનો પણ આજે અંત આવી જાય. એક સંતોષવૃત્તિથી જ ઈચ્છાઓનો નિરોધ કરી શકાય છે. સંતોષીને ઘોર પાપ આચરવાં પડતાં નથી. લોભ એ પાપનું મૂળ છે તો સંતોષ એ ધર્મનું મૂળ છે.

ચૌર્યકર્મ અંગેની જે વિસ્તારથી વ્યાખ્યા સમજાવવામાં આવી તે બરોબર લક્ષમાં લેજો.

પાયાના વ્રતો

નપુંસકપણું, તિર્યંચપણું, દુર્ભાગ્યપણું વગેરે અબ્રહ્મચર્યનાં ફળો છે. પરદારામાં આસકત રહેનારા મનુષ્યો પણ ભવોભવમાં કટુક ફળને અનુભવે છે એમ સમજીને મનુષ્યોએ પરસ્ત્રીનો ત્યાગ કરવાપૂર્વક સ્વદારાસંતોષી બનવું જોઇએ. અનંત દુઃખના કારણરૂપ અસંતોષ, અવિશ્વાસ, મહારંભ એ બધા મૂર્છારૂપ પરિગ્રહનાં કટુક ફળો છે. પરિગ્રહનો સર્વથાત્યાગ ન થાય તો મનુષ્યોએ છેવટે પરિમાણ તો જરૂર કરવું જોઇએ. પરિગ્રહના પરિમાણથી ઘણાં પાપો રોકાઈ જાય છે અને જીવનમાં અનુપમ શાંતિ અનુભવી શકાય છે. સ્વદારા સંતોષવ્રત અને પરિગ્રહ પરિમાણ એ બંને મૂળ પાયાના વ્રતો છે. તેથી સ્વદારા સંતોષ અને પરિગ્રહ પરિમાણના પાલન વિના જીવનમાં ધર્મસિદ્ધિ સંભવતી નથી. કુપથ્ય કરનારને જેમ દવા પ્રતિકૂળ પડે તેમ પરિગ્રહની અધિક તૃષ્ણાવાળાને તપ–જપ આદિ પણ પ્રતિકૂળ નીવડે છે. પરિગ્રહની તીવ્ર મૂર્છાવાળા જીવનમાં ન આચરવાનાં પાપ આચરતા હોય છે, પછી તપ, જપ આદિ કયાંથી સફળ નીવડે? પૂ૦ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા ફરમાવે છે કે—

"હોય વિપાકે દશગણું રે, એક વાર કીધું જે કર્મ,
શત સહસ્ર કોડી ગમે રે, તીવ્રભાવના મર્મ રે પ્રાણી.
જિનવાણી ધરો ચિત્ત."

કર્મોના ભારથી આત્માને ન લાદો

એકવાર આચરેલું કર્મ વિપાકમાં ઓછામાં ઓછું દશગણું થાય છે અને તેનું તે કર્મ તીવ્ર પરિણામથી આચરવામાં આવ્યું હોય તો કોટાકોટીગણું થાય છે. અનંતાનુબંધી કષાયના ઉદયે કયારેય અંતમુહૂર્તમાં એવું તીવ્ર કર્મ બંધાઈ જાય છે કે જેનો વિપાક જીવને ભવોના ભવો સુધી ભોગવવો પડે છે. દ્રૌપદીના જીવે મુનિવરને કડવા તુંબડાનું શાક વહોરાવી દીધેલું તો તેના વિપાક તેને ભવોના ભવો સુધી ભોગવવા પડયા છે. છેલ્લે દ્રૌપદીના ભવમાં તેનો ઉદ્ધાર થયો છે. જીવની અંતર્મુહૂર્તની ભૂલમાં કેટલીકવાર અનંત સંસાર વધી જાય છે. માટે કર્મ બાંધતાં જીવે ખૂબ જ વિચાર કરવાનો છે. બિયારણનું થોડું વાવેતર પણ વિપાકમાં ઘણું થાય છે. તેમ કર્મ માટે પણ સમજવાનું છે. પોતાના કુટુંબીજનો માટે જે કર્મ આચરવામાં આવે છે અથવા બીજા પણ કોઈ માટે જે કર્મો આચરેલાં હોય તે કર્મો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તેના વિપાક તો જીવને એકલાને ભોગવવા પડે છે. કર્મોના દારૂણ વિપાક ભોગવવાના સમયે જીવ બધાયથી એકલો અને અટુલો પડી જાય છે. કર્મોના દારૂણ વિપાક વખતે કુટુંબીજનોમાંથી દુઃખમાં ભાગ પડાવવા કે રક્ષણ કરવા પડખે કોઈ ચડતા નથી. એ સમયે તો પોતાનાં કરેલાં પોતાને જ ભોગવવાનાં રહે છે. તો પછી નાહક કર્મોનો ભાર આત્મા ઉપર શા માટે

લાદવો જોઈએ ? પૂ૦ વીરવિજયજી મહારાજ પૂજાની ઢાળમાં સ્પષ્ટ ફરમાવે છે કે—

"બંધ સમય ચિત્ત ચેતીએ રે, ઉદયે શો સંતાપ !"

કર્મગ્રંથાદિ ભણ્યાનો સાર

હે આત્મન્ ! તારે ચેતવાનું બંધકાળમાં છે, પછી ઉદયકાળનો સંતાપ તદ્દન નકામો છે. હસતાં હસતાં જે કર્મ બાંધ્યાં હોય છે તે ઉદયકાળમાં રોતાં રોતાં ભોગવવાં પડે છે. છતાં કેટલીકવાર એવાં નિકાચિતઃ બાંધેલાં હોય કે કોઇ રીતે છૂટતાં નથી. અઢારમાં ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ભગવાન મહાવીરના જીવે શય્યાપાલકના કાનમાં તપાવેલું સીસું રેડાવેલું તો સત્તાવીસમા ભવે ભગવાનના કાનમાં ખીલા ઠોકાયા. વચ્ચમાં પચીસમા નંદન ઋષિ તરીકેના ભવમાં અગિયાર લાખ ને એંશી હજારથીયે અધિક માસક્ષમણ કર્યાં છતાં તે કર્મ સત્તામાં રહી ગયું અને છેલ્લા ભવે તે કર્મે પોતાનો વિપાક બતાવ્યો. આવા ઉગ્ર તપથી પણ તે કર્મનો ક્ષય ન થયો. કર્મના વિપાક આવા હોય છે. આ ભવમાં અથવા કોઈ પણ ભવમાં બંધાયેલાં કર્મો કયા ભવે ઉદયમાં આવે તે આપણે જાણી શકતા નથી. એ વિષય અનંતજ્ઞાનીનો છે. છતાં બંધાયેલાં કર્મો તેનો અમુક અબાધાકાળ પૂરો થતાં ઉદયમાં આવે છે, અને જીવને ભોગવવાં પડે છે. એટલી વાત તો આપણે સૌ જાણી શકીએ છીએ. કેટલાંક અતિ ઉગ્ર પુણ્ય, પાપનાં ફળ જીવને આ ભવમાં પણ ભોગવવાં પડે છે. એમ પણ અપેક્ષાએ કહેવાય છે. બાકી અશુભના ઉદયકાળને જે રીતે પૂર્વકાળના મહાપુરુષો ભોગવી શકયા છે અને તેમાં જે રીતે એમણે ધીરજને અવગાહી છે એ તો આપણા માટે પુનઃ પુનઃ વિચારવા યોગ્ય છે. આપણે

તો સામાન્ય એવા ઉદયકાળમાં પણ હિંમત હારી જઈએ છીએ. આપણે પોતે જ બાંધેલાં કર્મો ઉદયમાં આવે છે અને આપણે ભોગવવાં પડે છે, એટલી સમજણ જો જીવમાં આવી જાય તો ગમે તેવા શુભાશુભના ઉદયકાળમાં સમાધિ ટકી રહે અને જીવ ગમે તેવા અશુભના ઉદયમાં પણ મહાન નિર્જરા સાધી શકે. **અશુભના ઉદયકાળમાં જો સમતાભાવ ટકી રહે તો શુભના ઉદયકાળમાં જે નિર્જરા ન સાધી શકાય તે અશુભના ઉદયકાળમાં સાધી શકાય છે. શુભોદયના કાળમાં નમ્રતા ટકી રહે અને શુભોદયના કાળમાં સમતા ટકી રહે તેનો બેડા પાર છે.**

'કર્મગ્રંથ' ભણી જવા ઘણા સહેલા છે પણ જીવનમાં તેનો સાર પામી જવો એ સહેલું નથી. ગમે તેવાં અશુભના ઉદયકાળમાં કોઈને પણ દોષ ન દેતા ઉદયમાં આવેલા કર્મો સમતાભાવે ભોગવી લેવાં એ જ આખા 'કર્મગ્રંથ'નો સાર છે.

જ્ઞાનીને જ ખરી નિર્જરા

કર્મસત્તા આગળ બધા માટે ન્યાય સરખો છે. બંધકાળમાં જો જીવ ચેતી જાય તો કર્મસત્તાના કોઈ કાનૂન તેને લાગુ પડતા નથી. **બાકી ઉદયકાળમાં હાયવોય કરવાથી તો બમણી સજા ભોગવવી પડે છે. તેમાં ઉદયમાં આવેલાં કર્મો ભોગવવાની સાથે હાયવોય એને આર્તધ્યાન કરવાથી ઊલટાં અનેક ગણાં નવાં કર્મ બંધાઈ જાય છે. અજ્ઞાની કર્મ ખપાવે તેની કંઈ કિંમત નથી. જ્ઞાની જ ખરી નિર્જરા સાધે છે.** કર્મનો વિપાક ભોગવાઈ જાય એટલે તે કર્મની નિર્જરા થાય છે, પરંતુ તેમાં જ્ઞાનીને સકામ નિર્જરા થાય છે. જ્યારે અજ્ઞાનીને અકામનિર્જરા થાય છે. અકામનિર્જરામાં બંધનું પ્રમાણ અધિક હોય છે. સકામનિર્જરામાં

નિર્જરા અધિક હોય છે. અજ્ઞાનીના પરિણામમાં કલુષિતતા હોવાથી અજ્ઞાનીના જે કર્મ ક્ષય થાય તેને મંડૂકચૂર્ણની ઉપમા અપાય છે. અશ્વ વગેરેનાં પગ નીચે ચગદાઈ જતા દેડકાના શરીરના જે ચૂરેચૂરા થઈ જાય તેને 'મંડૂકચૂર્ણ' કહેવામાં આવે છે. તે ચૂર્ણ ઉપર વરસાદ પડે એટલે તેમાંથી બીજાં અનેક નવાં દેડકાં ઉત્પન્ન થાય, તેમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જે નિર્જરા સાધે તેના કરતાં અનેકગણાં નવાં બાંધે, જ્યારે જ્ઞાનીને જે કર્મક્ષય થાય તે મંડૂકભસ્મ જેવું થાય છે. મૃત્યુ પામેલા દેડકાનું શરીર અગ્નિમાં બળીને ભસ્મીભૂત થઈ જાય પછી તેમાંથી નવાં દેડકાં ઉત્પન્ન ન થાય, તેમ જ્ઞાની સમ્યક્‌દૃષ્ટિ આત્મા સમ્યક્‌જ્ઞાનરૂપી અગ્નિમાં જન્મોજન્મનાં સંચિત કર્મોને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. એટલે જ્ઞાનીને નવા કર્મો બંધાતાં નથી અને બંધ પડે તો અલ્પ બંધ પડે છે, જે બંધનો પરંપરાએ મૂળમાંથી ક્ષય થાય છે. અહીં કર્મક્ષયના સ્વરૂપને સ્પષ્ટ સમજાવવા માટે ફક્ત દેડકાની ભસ્મ ને ચૂર્ણના દૃષ્ટાંતે ઘટના કરી છે. બાકી દેડકાનો વધ કરવા અંગેની કોઈ વાત નથી. કર્મવિપાક ભોગવતા જ્ઞાનીને કેવી નિર્જરા હોય છે તે વિસ્તારથી કહી ગયા.

ઉદયકાળમાં દ્રવ્ય ક્ષેત્રાદિ પણ કારણરૂપ

જીવ જે કર્મ વિપાક ભોગવે છે તેમાં મુખ્ય કારણ તે તે કર્મોનો ઉદયકાળ હોય છે. દરેક કર્મ પોતાના સ્વભાવ પ્રમાણે ફળવિપાક આપે છે. દાખલા તરીકે જ્ઞાનાવરણીય કર્મ તેના ઉદયકાળમાં જ્ઞાનને આવરે છે, તો દર્શનાવરણીય કર્મ તેના ઉદયકાળમાં દર્શનને આવરે છે, કર્મ તેના ઉદય-

કાળમાં જ્ઞાનને આવરે છે, તો દર્શનાવરણીય કર્મ દર્શનને આવરે છે, અને વેદનીય કર્મ સુખદુઃખનો અનુભવ કરાવે છે. વેદનીય આદિ કોઈ પણ કર્મ અન્ય કર્મના સ્વભાવ પ્રમાણે જીવને ફળવિપાક ન આપતાં પોતાના સ્વભાવ પ્રમાણે ફળવિપાક આપે છે. જો કે વિપાક ભોગવવામાં કર્મનો ઉદયકાળ એ જ મુખ્ય કારણ છે. છતાં તેમાં દ્રવ્ય, ક્ષેત્ર આદિની બાહ્ય સામગ્રી પણ કારણ બને છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આ પાંચ હેતુના સમુદાય વડે સઘળી કર્મપ્રકૃતિઓનો ઉદય થાય છે. તેમાં પુષ્પમાળા, ચંદન, અનુકૂળ વસ્ત્ર, અંગના વગેરે શુભ દ્રવ્યો છે. વિષ, શસ્ત્ર, સર્પ આદિ દ્રવ્યોનો અનુભવ અશુભ છે. ઉપવન, બાગબગીચા વગેરે ક્ષેત્રની અપેક્ષાએ શુભ છે. સ્મશાન, જંગલ શૂન્ય અરણ્ય વગેરે અશુભ છે. કાળ આદિ માટે વસંતઋતુ વગેરેનો કાળ અનુકૂળ કહેવાય. ભાવની અપેક્ષાએ મનની નિર્મળતા, સરળતા, ઋજુતા વગેરે શુભભાવ છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરે અશુભભાવ છે. ભવની અપેક્ષાએ દેવભવ, મનુષ્યભવ, શુભ છે, નારકભવ વગેરે અશુભ છે. અધમકુળમાં મનુષ્યભવ પ્રાપ્ત થાય તો તે પણ અશુભ છે. આમાં શુભ દ્રવ્ય આદિ શુભના ઉદયમાં કારણ થાય છે અને અશુભ દ્રવ્ય, ક્ષેત્ર આદિ અશુભના ઉદયમાં કારણ બને છે, જેમ ગાળ વગેરે અશુભ ભાષાવર્ગણાનાં પુદ્ગલો કષાયના ઉદયનું કારણ બને છે. તેમ અયોગ્ય આહાર અશાતાના ઉદયમાં કારણ થાય છે. તેના જ પ્રતિપક્ષી હેતુઓ શુભોદયમાં કારણ બને છે. તેમાં પણ દ્રવ્ય આદિ એકેક કારણરૂપ ન બનતાં પાંચેનો સમૂહ કારણરૂપ બને છે. એક જ પ્રકારના દ્રવ્ય આદિ સઘળી કર્મપ્રકૃતિઓના ઉદયમાં કારણરૂપ બનતા નથી. ઉપર વિવેચન

કરી ગયા તેમ ભિન્ન ભિન્ન પ્રકારનાં દ્રવ્ય આદિ કારણરૂપ બને છે. જીવે પોતે અજ્ઞાનભાવથી કર્મો બાંધ્યાં હોય છે, એટલે તેના સારા કે નરસા વિપાક જીવને ભોગવવા પડે છે, તેમાં બાહ્ય સામગ્રી પણ હેતુરૂપ બને છે.

કર્મ વિપાકને પરવશ બનેલું જગત્

શુભના ઉદયકાળમાં બધા શુભ સંયોગો મળી આવે છે અરે અશુભના ઉદયકાળમાં બધા પ્રતિકૂળ સંયોગો ઊભા થાય છે. તેમાં જ્ઞાનદૃષ્ટિથી વિચારવામાં આવે તો હર્ષ, શોક ન થાય. ઉદયકાળને સમતાભાવે ભોગવી લેવો તેમાં જ જીવની ખરી બહાદુરી છે. બંધકાળમાં જીવ શૂરાતન દાખવે છે અને ઉદયકાળમાં ઢીલોઢફ થઈ જાય છે. એ જીવની કાયરતા છે. ઉદયકાળમાં શૂરાતન દાખવવાનું હોય છે અને બંધકાળમાં તો રખે નવા કર્મ ન બંધાઈ જાય તે માટે સાવધાની રાખવાની હોય છે. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર' ગ્રંથમાં ફરમાવે છે કે—

दुखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः ।
मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥

જગત આખું કર્મવિપાકને પરવશ બનેલું છે એમ જાણીને મુનિ-ભગવંતો દુઃખમાં દીન બનતા નથી અને સુખમાં વિસ્મય પામતા નથી. સુખ-દુઃખમાં સમભાવે રહેવું એ જ ખરી જીવનસાધના છે. સુખમાં ઉન્મત્ત બની જવું અને દુઃખમાં તદ્દન હતાશ બનવું એ તો નરી અજ્ઞાનતા છે. પોતે કરેલાં કર્મ ભોગવવાના સમયે દીનતા શા માટે ધારણ કરવી જોઈએ? જ્ઞાની તો એવા સમયે એમ વિચારે કે કર્મ બાંધતી વખતે મેં વિચાર ન રાખ્યો તો આ વિપાક ભોગ-

વવાનો વખત આવ્યો છે, માટે મારે અદ્દીન મને ભોગવા લેવો જોઈએ. આવા જ્ઞાનીને કર્મવિપાકને પરવશ કહ્યા નથી પણ આવા જ્ઞાની વિરલા છે. માટે કહ્યું છે કે જગત કર્મ-વિપાકને પરવશ બનેલું છે.

જ્ઞાનીને શુભના ઉદયકાળમાં પણ વિસ્મય ન થાય. તે તો સમજે છે કે શુભ કે અશુભ બંને તત્ત્વદૃષ્ટિએ આત્મા માટે આવરણરૂપ છે બંને આત્માના ગુણને આવરે છે. સૂર્ય કાળા વાદળાંથી આવરાય છે, તેમ સફેદ વાદળથી પણ આવ-રાય છે. શુભ કે અશુભ બંનેના ક્ષયથી જીવનો મોક્ષ થાય છે. સાધકદશામાં શુભ આદરણીય છે, પણ મોક્ષ તો બંનેના ક્ષયથી થાય છે. માટે કોઈ પણ કર્મ વિપાકને આધીન ન બનતાં જ્ઞાની તત્ત્વરમણતામાં પુરૂષાર્થ કરે છે, અને તેવા જ્ઞાની નિયમા પરમાર્થ સાધે છે.

કર્મવિપાકનું ગમે તેટલું સામર્થ્ય હોય પણ જીવ પોતાના સામર્થ્યયોગને જગાડે તો કર્મ ખપાવવાની જબ્બર તાકાત જીવમાં રહેલી છે. અંધ માણસ અને દેખતા માણસ વચ્ચે સંગ્રામ ખેલાય તો વિજય દેખતાનો થાય છે. **કર્મ-ગમે તેટલાં બળવાન હોય તો પણ તે જડ હોવાથી અંધ સમાન છે અને જીવ ચૈતન હોવાથી તેને દેખતાની ઉપમા ઘટે છે. જીવ સાચે રસ્તે પુરૂષાર્થ કરે તો કર્મસત્તા ઉપર વિજય મેળવી શકે છે.** અંધ માણસની ગમે તેટલી તાકાત હોય પણ દેખતો માણસ જો પોતામાં સાવધાન હોય તો અંધ દેખતાને પહોંચી શકે નહિ અને વિજય દેખાતાનો થાય, આ તો જીવ પોતાના સ્વરૂપમાં સાવધાન નથી. તેમાં કર્મસત્તાએ પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે અને જીવ જાણે પોતાનું સર્વસ્વ હારી ન બેઠો હોય તેવી સ્થિતિમાં મૂકાઈ ગયો છે.

ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી

આગળ વધીને પૂ૦ ઉપાધ્યાયજી 'જ્ઞાનસાર'માં ફરમાવે છે કે—

"आरूढाः प्रशमश्रेणि श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारमहो ! दुष्टेन कर्मणा ॥

ઉપશમશ્રેણી ઉપર ચઢેલા યાવત્ અગિયારમા ગુણસ્થાનકે પહોંચેલા મહાપુરૂષોને પણ દુષ્ટ એવાં કર્મો અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરાવે છે. પ્રમાદને આધીન બનેલા ચૌદ પૂર્વધરોને અનંતકાળ ભવમાં ભમવું પડે છે. આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેવું છે કે કર્મના વિપાક ભલાભલાને ભોગવવા પડે છે. કહેવતમાં જેમ કહેવાય છે કે કર્મને કોઈની શરમ નથી, એ કહેવત અહીં બરાબર લાગુ પડે છે.

શ્રેણીના બે પ્રકાર છે, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી. આઠમા ગુણસ્થાનકેથી જીવ શ્રેણી ઉપર આરૂઢ થાય છે. તેમાં ઉપશમશ્રેણીએ ચઢેલો આત્મા મોહનીયકર્મની પ્રકૃતિઓને ઉપશમાવતો જાય છે, જ્યારે ક્ષપકશ્રેણીએ ચઢેલો આત્મા ખપાવતો જાય છે. આત્માના અધ્યવસાયોની ઉત્તરોત્તર થતી વિશુદ્ધિ તેને જ 'શ્રેણી' કહેવામાં આવે છે. શ્રેણી ઉપર આરૂઢ થવામાં જીવના વિશુદ્ધ અધ્યવસાયો એ જ મુખ્ય કારણરૂપ છે જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનાથી તેવા શુભ અધ્યવસાયો જીવમાં પ્રગટ થાય છે. ઉપશમ શ્રેણી કરતા ક્ષપકશ્રેણીમાં વિશુદ્ધિનું પ્રમાણ ઘણું અધિક હોય છે.

ક્ષપકશ્રેણીએ ચઢેલો આત્મા આઠમા ગુણસ્થાનકેથી નવમે ગુણસ્થાનકે આવે છે અને નવમેથી દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવે છે. તેમજ દશમા ગુણસ્થાનથી સૂક્ષ્મ

લોભના અંશોને ખપાવતો સીધો બારમા ગુણસ્થાનકે જાય છે. કારણ કે ક્ષપકને અગીયારમું ગુણસ્થાનક હોતું નથી. બારમું ગુણસ્થાન ક્ષીણમોહ ગુણસ્થાન છે. એ ગુણસ્થાનકે મોહનીયકર્મનો મૂળમાંથી ક્ષય થાય છે. મોહનીયકર્મનો ક્ષય થતાં બીજાં જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મોનો પણ ક્ષય થઈ જાય છે અને અંતે તેરમે ગુણસ્થાનકે આત્મા કેવલ જ્ઞાનને પામી જાય છે,

જ્યારે ઉપશમશ્રેણીએ ચઢેલો આત્મા બારમા ક્ષીણ-મોહ ગુણસ્થાનને ન પામતા અગિયારમાં ઉપશાંતમોહ ગુણ-સ્થાનને પામે છે. બારમા ગુણસ્થાને મોહનીય કર્મનો મૂળમાંથી ક્ષય થાય છે, જ્યારે અગિયારમા ગુણસ્થાનકે ઉપશમ થાય છે. ઉપશમનો અર્થ એ કે મોહનીયકર્મનો લેશ પણ ઉદય હોતો નથી. સત્તામાં જરૂર હોય છે. એટલે અગિયારમા ગુણસ્થાનકને ઉપશાંતમોહ ગુણસ્થાનક કહેવામાં આવે છે. એ ગુણસ્થાનકે ચડેલા નિયમા ત્યાંથી પડે છે, જ્યાં શ્રી જિનના જેવું વીતરાગ ચારિત્ર હોય છે.

કોઈ પણ મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય વર્તતો ન હોવાથી વિશુદ્ધિ પણ ઘણી હોય છે. છતાં આટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલાને પણ કર્મ સત્તા ત્યાંથી નીચે પછાડે છે, તો પછી બાકીના સરાગ ચારિત્રવાળા જીવો માટે તો કહેવાનું જ શું રહે? ઉપશમ શ્રેણી ઉપર આરૂઢ થયેલા મુનિ આયુષ્ય પૂર્ણ થવાથી જો કાળધર્મ પામે તો સર્વાર્થસિદ્ધ આદિ પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. અને કાળ ક્ષયથી એટલે ઉપશાંતમોહનો અંત-ર્મુહૂર્તનો કાળ સમાપ્ત થવાથી પડે તો પહેલા મિથ્યાત્વ ગુણ-સ્થાનક સુધી પણ જાય છે. ઉપશમ શ્રેણીએ ચડેલામાંથી કેટલાક ચરમશરીરી પણ હોય છે. તેવા જીવો અગિયારમા ગુણસ્થાનકેથી પતન પામતાં સાતમે ગુણસ્થાનકે આવે છે અને પુનઃ ક્ષપકશ્રેણી

પ્રારંભી ઉપર ચઢી કેવળજ્ઞાનને પામે છે. જીવોએ એક જ વાર ઉપશમશ્રેણી કરી હોય તેવા જીવોજ ફરી બીજીવાર ક્ષપકશ્રેણી આરંભી શકે છે. આખા સંસારના પરિભ્રમણના કાળમાં ઉપશમશ્રેણી ચાર વાર મંડાય છે અને એક જીવને એક ભવમાં થાય તો બે વાર ઉપશમશ્રેણી થાય છે. એક ભવમાં બે વાર ઉપશમશ્રેણી માંડનાર ક્ષપકશ્રેણી ન માંડી શકે, જ્યારે ક્ષપકશ્રેણી તો એક ભવમાં એકજ વાર મંડાય છે. પૂર્વે આયુષ્યનો બંધ પડી ગયેલો હોય તેવો જીવ દર્શન સપ્તકનો ક્ષય કરીને અટકી જાય છે. તેને 'બંડક્ષપકશ્રેણી' કહેવામાં આવે છે. તેવા જીવોને ભવાંતરમાં બાકીની ચારિત્ર-મોહનીયકર્મની ક્ષપણા કરવા માટે ફરી બીજી વાર ક્ષપક-શ્રેણી માંડવી પડે છે, બાકી ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયેલો જીવ જો પૂર્વે આયુષ્યનો બંધ ન પડેલો હોય તો નિયમા તે ભવે જ કેવળજ્ઞાન પામે છે અને મોક્ષે જાય છે.

ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયેલા જીવનું સામર્થ્ય કોઈ અદ્‌ભુત હોય છે. તે આત્માનો ધ્યાનરૂપી અગ્નિ અત્યંત જાજ્વલ્યમાન હોય છે. તેમાં કર્મરૂપી કાષ્ઠ બળીને ભસ્મીભૂત થઈ જાય છે. ભગવાન ઉમાસ્વાતિ 'શ્રીપ્રશમરતિ' શાસ્ત્રમાં ફરમાવે છે કે—

"क्षपकश्रेणिमुप पन्नितः स समर्थसर्वकर्मिणां कर्म ।
क्षपयितुमेको यदि कर्मसंक्रमः स्यात् परकृतस्य ॥"

ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયેલા આત્માનો ધ્યાનાગ્નિ એટલો બધો પ્રદીપ્ત હોય છે કે, તેમાં અન્ય જીવ કૃત કર્મનો સંક્રમ થતો હોય તો સર્વ જીવોના કર્મ ખપાવવાને તે એકલો સમર્થ છે. આત્માના સામર્થ્યયોગનું બળ કેટલું છે

તે આટલા ઉપરથી બરાબર સમજી શકાય છે, પરંતુ પરકૃત કર્મ બીજા કોઈમાં પણ સંક્રમતા નથી. અથવા વહેંચાતાં પણ નથી, માટે જે કર્મ બાંધે છે તેને જ તે કર્મ વેદવાં પડે છે. જો આમ ન હોય તો કર્મના સિદ્ધાંતમાં મોટી ગડબડ ઊભી થઈ જાય અને દ્રવ્યની સ્વતંત્રતાનો લોપ થાય. માટે જે કર્તા બને છે તેને જ ભોક્તા બનવું પડે છે.

આ તો ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયેલા આત્માના સામર્થ્યનો ખ્યાલ આપવા પૂરતી વાત કરી છે. સંઘયણ ને કાળ આદિની અનુકૂળતા હોય તો જ શ્રેણી માંડી શકાય છે. તેવી સંઘયણ આદિની અનુકૂળતા આ કાળમાં નથી. માટે શ્રેણી આ કાળે મંડાતી નથી.

ક્ષપકશ્રેણીમાં કષાયમોહનીય આદિ કર્મપ્રકૃતિઓની ક્ષપણા થાય છે. (મૂળમાંથી ક્ષય થાય છે) માટે તે શ્રેણીએ ચઢેલો જીવ પતનને પામતો નથી. જ્યારે ઉપશમશ્રેણીમાં તો ઉપશમ થાય છે. માટે અગિયારમા ગુણઠાણેથી જીવ નિયમા પતનને પામે છે કર્મપ્રકૃતિઓનું ઉપશમન થયું હોય છે એટલે તે સત્તામાં તો રહેલી જ હોય છે. એટલે તેનો ઉદય થતાં ઉપર ચડેલો જીવ નીચે પડે છે. એ અપેક્ષાએ કર્મસત્તાની પણ કેટલી બલવત્તરતા છે ! પોતાના સ્વરૂપમાં અત્યંત જાગૃત આત્મા જ કર્મસત્તા સામે ટક્કર ઝીલી શકે છે. ભારેલો અગ્નિ જેમ કયારેક ભભૂકે તેમ ભારેલા અગ્નિ જેવા કષાયો પણ ફરી પાછા એવા ભભૂકે કે ઉપર ચડેલા આત્માને પણ નીચે ગબડાવી મૂકે છે.

દોષોને શરૂઆતથી જ ડામી દેવા પણ આગળ ન વધવા દેવા

અગિયારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનકે કષાય મોહનીય વગેરે કર્મપ્રકૃતિઓને ઉપશમાવેલી હોવાથી ભારેલા અગ્નિ

જેવી સ્થિતિ હોય છે. તેનો ઉદયકાળ જાગતાં તે ગુણઠાણેથી જીવ નિયમા નીચે પડે છે. અથવા પાણીની અંદરનો કચરો નીચે બેસી જાય એટલે પાણી થોડીક વારને માટે નિર્મળ થઈ જાય છે. પરંતુ ફરી પાણીની અંદર કોઈ જાનવરનો પ્રવેશ થતાં નીચે બેસી ગયેલો કચરો તરત ઉપર આવે છે અને પાણીડહોળું થઈ જાય છે. ઉપશમભાવની પણ એ જ સ્થિતિ છે, માટે અલ્પ કષાય બાકી હોય ત્યાં સુધી પણ તેનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. શાસ્ત્રકાર ફરમાવે છે કે, થોડો પણ અગ્નિ, થોડું પણ ઋણ (કરજ), થોડો વ્રણ (શરીરે ઘા વાગ્યો હોય તે) અને થોડો પણ કષાય હોય પણ જો શરૂઆતથી જ તેને ડામી દેવામાં ન આવે તો પરંપરાએ તે વૃદ્ધિને પામતો જાય છે અને પરિણામ એવું આવે કે, થોડો પણ અગ્નિ વધતાં વધતાં સર્વસ્વ બાળી નાખે અને કરજ શરૂઆતમાં થોડું હોય પણ માથે વ્યાજ એવું ચડતું જાય કે પરિણામે દાસપણું અપાવે, અને વૃદ્ધિને પામતો થોડો પણ વ્યાધિ પરિણામે મૃત્યુ પમાડે છે, તેવી રીતે અલ્પ પણ કષાય અનંતા ભવ કરાવે છે. માટે આ બધા દોષો એવા છે કે તેને આગળ વધવા જ ન દેવા જોઈએ.

વિષવેલના મૂળ ઊંડા જાય તેમાં કાંઈ લાભ નથી તેમ દોષોનાં મૂળ ઊંડાં જાય તેમાં આત્માને લાભને બદલે ભયંકર નુકશાન છે. આંખમાં કણો ખૂંચે તેમ અંદરના દોષ ખટકવા જોઇએ. બહારના દુશ્મનોથી રખે નુકશાન થઈ જાય તે માટે આપણે ચેતતા રહીએ છીએ તેમ કષાયોથી ચેતતા રહેવાની જરૂર છે. બહારના શત્રુ કદાચ એકભવ બગાડે ત્યારે કષાયરૂપી અંદરના દુશ્મનો તો ભવોના ભવ બગાડનારા છે. માટે જ પૂ૦ ઉપાધ્યાયજીએ ફરમાવ્યું કે– भ्राम्यन्तेऽनन्तसंसार—

મહો દુષ્ટેન કર્મણા, ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થયેલાને પણ દુષ્ટ એવાં કર્મો અનંતકાળ ભવમાં ભમાવે છે.

કર્મવિપાકની સાદી સમજ એ છે કે, સંસારમાં જે ડગલે ને પગલે વિષમતા છે તે બધી કર્મજન્ય છે. એક ઉત્તમકુળમાં ઉત્પન્ન થાય છે તો બીજો અધમકુળમાં ઉત્પન્ન થાય છે. એકનું શરીર મજબૂત હોય છે તો બીજાનું દુર્બળ હોય છે. એક જ્ઞાની બીજો અજ્ઞાની; એક દીર્ઘાયુષી બીજો અલ્પાયુષી, એક બળવાન બીજો તદ્દન નિર્બળ, એક ઐશ્વર્ય-સંપન્ન, બીજો તદ્દન નિર્ધન, એક રોગી બીજો નીરોગી, આ બધી કર્મજન્ય વિષમતાનો વિચાર કરતાં સમજુને આખા સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવું છે.

કર્મજન્ય વિષમતા એવી હોય છે કે કેટલાકને એક ભવમાં અનેક ભવ કરવા પડે છે. બસ, આ જ મુદ્દા પર એક કથાનક સંભળાવવામાં આવે છે.

દૃષ્ટાન્ત

પૂર્વકાળમાં કોઇ નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને રાજ્યમાં હાથી વસાવવાનો ખૂબ શોખ હતો. રાજાઓને આવા શોખ હોય તે સ્વાભાવિક છે. હાથીના વસવાટ માટે એક વિશાળ ગજશાળા બંધાવવામાં આવી હતી. ગજશાળામાં અનેક હાથી વસાવવામાં આવ્યા હતા, તેમાંથી અચાનક એક હાથી ઉન્મત બનીને બીલાના બંધનને ઉખેડી નાંખીને ગજશાળામાંથી બહાર નીકળી ગયો. પછી તો બીલાના બંધનથી છૂટો થયેલો તે હાથી પૂરવેગમાં દોડતો શહેરના મુખ્ય રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યો છે અને લગભગ નગરના મુખ્ય દરવાજાની નજીકમાં આવી

પહોંચે છે. એટલામાં એક મહિયારણ અને એક પનિયારણ સામેથી નગરમાં પ્રવેશ કરવા માટે આવી રહી છે. મહિયારણના મસ્તક ઉપર દહીં અને દૂધની ભરેલી બે મટકી છે, જ્યારે પનિયારણના મસ્તક ઉપર પાણીથી ભરેલું બેડું છે. ગજરાજ માર માર કરતો નગરના દરવાજા ભણી ધસી રહ્યો છે. હાથી તોફાને ચડે એટલે બાકી શું રહે? નગર આખામાં કોલાહલ સાંભળીને પેલી મહિયારી અને પનિયારી બંને પોતપોતાના જીવ બચાવવા ત્યાંથી નાસી છૂટે છે અને દરવાજાની સમીપે બંને આવી પહોંચે છે, પણ જીવ બચાવવા ત્યાંથી થોડેક દૂર એકદમ નાસી જાય છે. નાસભાગ થતાં મહિયારણના મસ્તક ઉપરથી દહીં અને દૂધની મટકી એકદમ નીચે પડી જાય છે અને ફૂટી જાય છે. પનિયારીનું બેડું મસ્તક પરથી નીચે પડી જાય છે અને બેડું ફૂટી જતાં પનિયારી ધ્રૂસકે ને ધ્રૂસકે કરુણ સ્વરે રુદન કરે છે, જ્યારે મહિયારણ કે જેની દહીં–દૂધની મટકી ફૂટી ગઈ છે તે તો ત્યાં ઊભી ઊભી ખડખટાટ હસે છે. મુખ પરથી જાણે હાસ્યરસની છોળો ઊડી રહી છે. નુકશાન જેને ઘણું થયું છે તે હસે છે અને જેને પ્રમાણમાં નુકસાન ઘણું ઓછું થયું છે તે રડે છે. એ દૃશ્ય જોઈને કોઈના પણ મનમાં કુતૂહલ થયા વિના રહે નહિ.

બીજી બાજુ હાથીને મહાત કરવા માટે રાજાના પુરોહિત અને મહાવત બંને હાથીની પાછળ પડેલા છે. હાથી તો નગરના દરવાજાની બહાર નીકળીને જંગલ ભણી આગળ ધપી રહ્યો છે. પુરોહિત અને મહાવત પણ દરવાજાની બહાર જ્યાં આવે છે ત્યાં પુરોહિતનું ધ્યાન પેલી મહિયારી અને પનિયારી તરફ ખેંચાય છે અને પુરોહિતના મનમાં એક પ્રકારની કુતૂહલ બુદ્ધિ ઉત્પન્ન થાય છે તરત જ પુરોહિત હાથીને મહાત કરવાનું કામ મહાવતને સોંપીને પોતે મહિયારી અને પનિયારીની સમીપે

પહોંચી જાય છે. મહિયારીને પુરોહિત પૂછે છે કે દહીં–દૂધની મટકી ફૂટી જતાં નુકસાન તને વધુ થયુ છે છતાં તું હસે છે અને પનિયારીને ઘણું ઓછું નુકસાન થયું છે છતાં તે રડે છે. પનિયારીના રૂદનની પાછળનું કારણ તો જાણે સમજી શકાય તેવું છે કે વખતે તેના સાસુ, સસરા તરફથી તેને ઠપકો મળે પણ તારા હાસ્યની પાછળનું રહસ્ય સમજી શકાતું નથી તો મને તે સમજવા અંગેની મનમાં ખૂબ જ ઈંતેજારી પેદા થઈ છે. મને તો આ તારું હાસ્ય હાસ્યરૂપે નથી લાગતું પણ અટ્ટ-હાસ્યરૂપે લાગે છે. જુગ જુગના કોઈ ભયંકર બનાવો આની પાછળ કામ કરી રહ્યા હોય એમ લાગે છે. ઘણી ઘણી વીતકો જેના માથે વીતી હોય તેના મુખ ઉપર જ આવું હાસ્ય નિમિત્ત મળતાં કયારેક ઉપસી આવે છે, માટે તારા હાસ્યની પાછળનું કારણ મારે તારા મુખેથી સાંભળવું છે.

પુરોહિતની ઈન્તેજારી જાણીને પ્રત્યુત્તરમાં મહિયારણ કહે છે કે, મારી કથની હું કયા શબ્દોમાં વર્ણવું ?

હવેથી જે આ વર્ણન શરૂ થાય છે તેની ઉપર એક આખી સજ્ઝાય રચાયેલી છે. એ સજ્ઝાયમાં આબાદ પ્રસંગનું આબેહૂબ વર્ણન કરાયેલું છે. સજ્ઝાયની પહેલીજ ગાથામાં મહિયારી પુરોહિતને કહે છે કે—

"શી કહું કથની મારી રાજ! શી કહું કથની મારી ?,
મને કર્મે કરી મહિયારી રાજ ! શી. ૧"

'પુરોહિતજી મારી કથની એવી છે કે, જેનું વર્ણન હું તમારી આગળ કયા શબ્દોમાં કરું ? વર્ણન ન થઇ શકે તેવી મારી કથની છે. છતાં તમારી પ્રબળ ઈન્તેજારી જાણીને વર્ણન કરું છું. મહિયારણ હવે વાતને આગળ લંબાવે છે અને કહે

છે કે, પુરોહિતજી ! હું સાચા અર્થમાં મહિયારી નથી પણ મારા કર્મે મને મહિયારી કરી છે.'

'શિવપુરના માધવ દ્વિજની, હું કામલતાભિધ નારી;
રૂપ કલા ભરયૌવન માઈ !, ઉર્વશીરંભા હારી રાજ ! શી. ૨.'

હવે પોતે મહિયારી નથી ત્યારે કોણ છે ? તેનું વર્ણન કરતી મહિયારણ કહે છે કે શિવપુર, નામે એક નગર હતું. તે નગરમાં માધવ નામના બ્રાહ્મણની કામલતા નામે હું પત્ની છું. આ ઉપરથી એણે સ્પષ્ટ ખુલાસો કરી નાખ્યો કે હું મહિયારી નથી પણ બ્રાહ્મણી છું, અને મારું નામ કામલતા છે. ભરયૌવન કાળમાં રૂપ અને સૌંદર્યમાં હું એવી અદ્‌ભુત હતી કે ઉર્વશી અને રંભા પણ મારા સૌંદર્યની આગળ પાણી ભરે. આ તો પોતાના શારીરિક સૌંદર્યનું વર્ણન કરે છે પણ એકલા સૌંદર્યની કંઈ કિંમત નથી. શરીરનું જેવું સૌંદર્ય તેવું જ શિયળ હોય તો તેની કિંમત છે. **શિયળ વગરનું સૌંદર્ય એ શોભારૂપ નથી પણ શાપરૂપ છે. શિયળ અને સૌંદર્ય એ બંનેનો સુમેળ એ સોનામાં સુગંધ સમાન છે.**—

"પારણે કેશવ પુત્ર પોઢાડી. હું ભરવા ગઈ પાણી;
શિવપુરી દુશ્મનરાયે ઘેરી, હું પનિયારી લુંટાણી, રાજ ! શી. ૩.'

એક વાર ઘટના એવી બની કે કેશવ નામે મારે એક પુત્ર હતો, જેની ઉંમર હજી બેથી અઢી વર્ષની હતી, તેને પારણામાં પોઢાડીને હું પાણી ભરવા નિમિત્તે બહાર નદી કિનારે ગઈ. એટલામાં બન્યું એવું કે, પહેલેથી જ જેની ગોઠવણ હશે એવા કોઈ દુશ્મન રાજાએ પોતાના સૈન્ય સહિત આખી નગરીને ચારે બાજુથી ઘેરી લીધી. શિવપુરીના રાજા એ પરચક્રના ભયથી ભયભીત બનીને નગરીનાં દ્વાર એકદમ

બંધ કરાવી દીધાં. અમે બહારના બહાર રહી ગયા અને અંદર હતા તે અંદર રહી ગયા. બહાર રહી ગયેલાઓને હવે કોઈ તરફથી રક્ષણ મળી શકે તેવું હતું નહિ. એટલે દુશ્મનરાજાના સૈનિકો આવીને મારું અપહરણ કરી ગયા. મારું સૌંદર્ય અદ્‌ભુત હોવાથી સૈનિકોએ મને પોતાના મહારાજાને હવાલે કરી દીધી. રાજા પણ મારામાં એટલો બધો લુબ્ધ બની ગયો કે પોતાના આખા અંતઃપુરની મને પટરાણી બનાવી. રાજાના અંતઃપુરમાં મને સ્વર્ગથી પણ અધિક સુખ હતું. રાજાના મારા ઉપર ચાર હાથ હતા. રાજા મારા રૂપમાં પતંગિયાની જેમ અંધ બન્યો હતો. આજના જગતની પણ આ જ સ્થિતિ છે. રૂપની પાછળ માનવી ઘેલો બન્યો છે. ઇન્દ્રિયના એકેક વિષયમાં પણ આસક્ત બનેલા મીન અને પતંગિયાની જેમ વિનાશને પામે છે તો પછી જેઓ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત બનેલા હોય તેવાઓ માટે તો કહેવાનું જ શું રહે? તેવાઓ તો નિશ્ચયે વિનાશને પામે છે. વિષયવિકારને આધીન ન બનતાં પોતાના આત્માના સ્વભાવમાં રમણતા કરનાર જ સાચા સુખને પ્રાપ્ત કરે છે.

કામલતાના રૂપમાં રાજા પૂરેપૂરો અંધ બની ગયો. આવી સુખમય સ્થિતિમાં પણ કામલતા તદ્દન ગરીબ સ્થિતિવાળા પોતાના પતિ માધવને લેશ પણ મનથી ભૂલી નથી. સદા મનમાં તેની ઝંખના કર્યા કરે છે. પોતાનો પુત્ર કેશવ કે જેને પારણામાં પોઢાડીને પોતે પાણી ભરવા ગઈ હતી તે જ્યારે પંદરેક વર્ષનો થયો ત્યારે તેનો પતિ માધવ પોતાની પત્નીની શોધમાં નીકળ્યો છે, અને યોગીની જેમ ભમતો ભમતો જે નગરમાં હું હતી તે જ નગરમાં મારી શોધ ચલાવતો તે આવી પહોંચ્યો. તેને રસ્તા પરથી પસાર થતો મેં ઝરુખામાંથી જોયો એટલે તરત જ દાસી દ્વારા તેને અંતઃપુરમાં

બોલાવીને આખા જન્મનું તેનું દાળદર ફીટી જાય તેટલું દ્રવ્ય આપ્યું અને ચૌદશના દિવસે મધ્યાહ્ન કાળના સમયે નગરીની બહાર આવેલા કાળીમાતાના મંદિરે મળવાનું મેં તેને વચન પણ આપી દીધું.

સ્ત્રીચરિત્રનું નાટક

ચૌદશના દિવસે બપોરના મારા પતિને મળવા અંગેનો મેં સંકેત તો કરી નાંખ્યો પણ અહીં તો હું રાજાના અંતઃપુરમાં હતી. મારાથીબપોરના સમયે નીકળીને એકાકી કેમ જવાય? એટલે મેં સ્ત્રીચરિત્રનું નાટક ભજવવાની શરૂઆત કરી. પેટમાં જાણે ચૂંક ન ઊપડી હોય તેમ મેં એકદમ જોરથી ચીસ પાડી. ચીસ સાંભળીને આખું અંતઃપુર એકત્રિત થઈ ગયું. મહારાજા પણ રાજ્યનાં બધાં કામ પડતાં મૂકીને અંતઃપુરમાં આવી પહોંચ્યા. મહારાજાએ તરત મને કહ્યું કે, હમણાં સુધી શરીરમાં કોઈ બિમારી ન હતી ને અચાનક શું થઇ ગયું? મેં કહ્યું કે, તમે વચમાં બિમાર હતા ત્યારે મેં ચૌદશના દિવસે મહાકાળી માતાના મંદિરે જવાની તમારા અંગે બાધા રાખેલી છે. બાધા ભુલાઈ જતાં મહાકાળી મારા ઉપર કોપાયમાન થયાં છે. માટે મારી બાધા પૂરી થાય તો જ મને શાંતિ થાય તેમ છે. બાકી મારે તો કમોતે મરવાનું છે. જોયું ને! સ્ત્રીચરિત્ર કેવું કરી બતાવ્યું? આપ શ્રોતાજનોને પણ આવાં ચરિત્રોનો અનુભવ તો હશે! એટલે કોઈ કવિએ ઠીક કહ્યું છે કે, 'સ્ત્રીઓનાં ચરિત્ર અને પુરુષના ભાગ્યને દેવો પણ જાણી શકતા નથી તો મનુષ્યો તો કયાંથી જાણી શકે?' આ તો એક અપેક્ષાએ કહેવાય છે. બાકી સ્ત્રીઓમાં પણ ઘણી સંસ્કારસંપન્ન હોય છે. રાજાએ કહ્યું કે, તમારી બાધા જરૂર પૂરી કરીશ. રાજાએ બાધા પૂરી કરવાની વાત કરી ત્યાં મારા

પેટમાં ઊપડેલી ચૂંક એકદમ મટી ગઇ. પણ ચૂંક ઊપડી જ કોને હતી ? બસ, આને જ સ્ત્રીચરિત્ર કહેવામાં આવે છે. આવાં ચરિત્રો તો આજની દુનિયામાં પણ બહુ ચાલે છે પણ જીવોની મોહદશા એવી છે કે, સમજતા નથી. આ બધા પ્રસંગોનું વર્ણન સજ્ઝાયમાં આ મુજબ કરાયેલું છે—

"સુભટોએ નિજ રાયને સોંપી, રાયે કરી પટરાણી;
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ,
વીસરી નહિ ગુણખાણી, રાજ ! શી. ૪.

વરસ પંદરનો પુત્ર થયો તવ, માધવ દ્વિજ મુજ માટે;
ભમતો યોગી સમ ગોખેથી દીઠો જાતાં વાટે, રાજ ! શી. ૫.

દાસીદ્વારા દ્વિજને બોલાવી, દ્રવ્ય દેઇ દુઃખ કાપ્યું;
ચૌદશ દિન મહાકાલી મંદિરમાં,
મળશું વચન મેં આપ્યું, રાજ ! શી. ૬.

કારમી ચૂંકે ચીસ પોકારી, મહીપતિને મેં કીધું;
એકાકી મહાકાલી જવા,
તુમ દુઃખે મેં વ્રત લીધું, રાજ ! શી. ૭.

વીસરી બાધા કોપી કાળી, પેટમાં પીડ થઇ ભારી:
રાય કહે એ બાધા કરશું,
તિક્ષણ ચૂંક મટી મારી, રાજ ! શી. ૮

ચૌદસને દિન રાજા રાણી, એકાકી પગપાળે;
મહીપતિ આગળ ને હું પાછળ,
પહોંચ્યા બેઉ મહાકાલી, રાજ ! શી. ૯.

ચતુર્દશીનો જ્યાં દિવસ આવી પહોંચ્યો ત્યાં રાજા અને રાણી અમે બંને એકાકી કોઈ પણ સૈનિકોને સાથે લીધા વિના પગપાળા ચાલીને મહાકાળીના મંદિરે પહોંચી

ગયા. માર્ગમાં મહારાજા આગળ ચાલતા હતા અને હું પાછળ ચાલતી હતી.

"રાજાએ નિજ બડૂગ વિશ્વાસે, મારા કરમાં આપ્યું;
જબ નૃપ મંદિરમાંહિ પેસે,
તવ મેં તસ શિશ કાપ્યું, રાજ! શી. ૧૦"

હવે અહીંથી સંસારની અજબ લીલા શરૂ થાય છે. મહિયારી આગળ વધીને પુરોહિતને કહે છે કે, રાજાને મારી ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવાથી પોતાના હાથમાં રહેલી તલવાર રાજાએ મને મારા હાથમાં સોંપી દીધી અને મહારાજા જેવા મંદિરમાં પ્રવેશ કરવા ગયા કે મેં પાછળથી તલવારના એક ઝાટકે તેમના મસ્તકનો છેદ કરી નાખ્યો. સ્ત્રીજાત અબળા કહેવાય પણ કયારેક અબળા મટીને જ્યારે પ્રબળા બને છે ત્યારે ભલભલાને ભારે પડી જાય છે. જેની આ વાર્તા ચાલે છે તે અત્યારે જેવી કર્મ બાંધવામાં શૂર બની છે તેવી પાછળથી ધર્મમાં શૂર બનશે. બાકી અત્યારે તો એણે પોતાના વિશ્વાસુના મસ્તક ઉપર તલવાર વીંઝી નાખી છે, જે એના જીવનમાં ભયંકર ઘટના બની છે. રાજાના પણ પાપકર્મનો ઉદયકાળ જાગ્યો છે. તે વિના આને આવી બુદ્ધિ ન થાય. રાજાની પોતાની આ સ્ત્રી નહીં હોવા છતાં રાજાએ તેને અંતઃપુરમાં બેસાડી દીધી. તે રાજાનો જેવોતેવો અપરાધ નથી

રાજાનો વધ કર્યા બાદ પોતાનો પતિ માધવ સંકેત કર્યા મુજબ આ જ મંદિરમાં એક બાજુના ભાગમાં કયારનોય આવીને ભરનિદ્રામાં સુતેલો છે એને જગાડવા માટે ખૂબ ઢંઢોળે છે.

"રાયને મારીને પતિને જગાડું ઢંઢોળતાં નવિ જાગે;
નાગ ડસ્યો પતિ મરણ ગયો તવ,
ઉભય ભ્રષ્ટ થઈ ભાગી, રાજ! શી. ૧૧"

ઢંઢોળતાં પણ એ ન જાગ્યો ત્યારે એને મનમાં શંકા પડી કે, આ ઢંઢોળવા છતાં કેમ જાગતા નથી ? પણ કયાંથી જાગે ? જંગલનો પ્રદેશ હોવાથી સર્પદંશ થતા તેનો પતિ ત્યાંને ત્યાં મૃત્યુ પામી ગયેલો હતો. ચિરનિદ્રામાં પોઢી ગયો હતો. પછી તો તેને ખાતરી થઈ ગઈ કે આ ખરેખર મૃત્યુ પામી ગયા છે. એટલે રાજા અને પતિ બંનેથી ભ્રષ્ટ થઈને ભયભીત બનેલી એવી તે ત્યાંથી જંગલમાં નાસી છૂટે છે.

"નાઠી વનમાં ચોરે લૂંટી ગણિકાને ઘેર વેચી;
જાર પુરુષથી જારી રમતાં,
કર્મની વેલ મેં સીંચી, રાજ ! શી. ૧૨"

જંગલમાં નાઠી પણ રસ્તામાં ચોર લોકોએ લૂંટી લીધી, લૂંટી એટલું જ નહિ પણ તે ચોરોએ કોઈ શહેરમાં ગણિકાને ત્યાં મોં માગ્યાં દામ મળતાં તેને વેચી નાંખી ! ગણિકાને ત્યાં બીજુ શું હોય ? અનાચારનો અખાડો હોય. ત્યાં રહીને અનેક પરપુરુષોની સાથે જારકર્મની ઘોર પાપપ્રવૃત્તિથી મેં કર્મરૂપી વિષવેલના મૂળને ખૂબ પોષણ આપ્યું હવે આગળ એક ઘટના એવી બને છે જે સાંભળતાં કોઈને પણ ભવનિર્વેદની પ્રાપ્તિ થયા વિના ન રહે.

"માધવસુત કેશવ પિતુ શોધે, ભમિ ગણિકાને ઘેર આવે;
ધન દેખી જેમ દૂધ માર્જારી,
ગણિકાને મન ભાવે, રાજ ! શી ૧૩"

માધવ નામે દ્વિજ કે જે આ કામલતાનો પતિ થાય. તે કથાના વિવેચનમાં હમણાંજ જ મહાકાળીના મંદિરમાં સર્પદંશ થતાં મૃત્યુ પામ્યો. તેનો પુત્ર કેશવ હવે પોતાના પિતાની શોધમાં નીકળે છે. આ કામલતા જે કેશવની માતા

થાય, તે કેશવ જ્યારે અઢી વર્ષની ઉંમરનો હતો ત્યારે પારણામાં પોઢાડીને પાણી ભરવા બહાર સરિતા કિનારે ગઈ હતી ત્યાંથી જેનું અપહરણ થયેલું છે, તેનો પુત્ર કેશવ હવે તો વીસ બાવીસ વર્ષની ઉંમરનો થવા આવ્યો છે અને પોતાના પિતાની શોધમાં ચોમેર ભમી રહ્યો છે. ભમતો ભમતો તે પેલી ગણિકાને ઘેર આવી પહોંચે છે. દૂધ દેખીને જેમ બિલાડી લલચાય તેમ કેશવની પાસે દ્રવ્ય દેખીને ગણિકાને લાલચ લાગી જાય છે. તેને ઘેર રાખીને કામલતાને સોંપી દે છે.

"ગણિકાએ નિજ મુજને સોંપ્યો, જાણ્યું ન મેં લલચાવ્યો;
ધિક્ ધિક્ પુત્રથી જારી બેલું,
કર્મે નાચ નચાવ્યો, રાજ! શી. ૧૪"

ગણિકા તો દેશદેશાંતરથી જે કોઈ હલકી ચાલચલગતવાળા પુરુષો આવતા તે મને જ સોંપી દેતી હતી. તેમ કેશવને પણ મને સોંપી દીધો. મારા હાવભાવ અને ચેષ્ટા જોઈને કેશવ પતંગિયાની જેમ મારામાં અંધ બની ગયો. નાની વયમાં જ મારે તેની સાથે વિયોગ થયેલો હોવાથી હું તેને તે મારો પુત્ર છે તે સ્વરૂપમાં ઓળખી શકી નહિ મારી જાતને લાખ લાખ ધિક્કાર છે. પછી તો તેની સાથે પણ મારો બીજા પરપુરુષોની જેમ જારકર્મનો વ્યવહાર શરૂ થયો. પુત્ર સાથે આવાં ઘોર પાપકર્મમાં હું પડી. ખરેખર મને આ કર્મે નાચ નચાવ્યો છે. આમાં કોની ઉપર દોષારોપણ કરું? કર્મની ગતિ ન્યારી છે. કર્મ કરે તે કોઇ ન કરે. આ બિચારીને તો કર્મસંયોગે એક ભવમાં આવા અનેક ભવ કરવા પડયા છે અને આજે પણ નજરે અનુભવાય છે. કેટલાયને એક ભવમાં અનેક ભવ થઈ જાય છે પણ ભવોભવની અપેક્ષાએ વિચારવામાં આવે તો દરેક આત્માઓને આવા સંબંધો અનંતીવાર થઈ ચૂકયા છે. જગતના પ્રત્યેક આત્માઓની

સાથે દરેક પ્રકારના સંબંધમાં આપણેા આત્મા અનંતીવાર આવી ચૂકયો છે. આ ભવમાં જેને તમે સ્ત્રી માની છે તે જન્મજન્માંતરમાં અનંતીવાર જનેતા પણ થઈ ચૂકી છે અને આ ભવની જે સગી જનેતા છે તે ભવેાભવમાં અનંતીવાર પત્ની થઈ ચૂકી છે માટે સંસારભાવનાની રીતે વિચારવામાં આવે તેા આ સંસારમાં બધું અવ્યવસ્થિત છે. કશું વ્યવસ્થિત નથી. આ ભવનેા જે પુત્ર હેાય તે ભવાંતરમાં પિતારૂપે પણ ઉત્પન્ન થાય છે. અરે! શત્રુરૂપે પણ ઉત્પન્ન થાય. આ મુજબ વિચારનારને સહેજે ભવનિર્વેદની પ્રાપ્તિ થાય. આખેા ભવ વૈરાગ્યના કારણરૂપ છે, પણ જીવની કેાઈ ભારેકર્મિતા છે કે તત્ત્વદૃષ્ટિને પામતેા નથી. કેાઈ વિરલા જરૂર પામે છે. કામલતાને કર્મરાજાએ એક ભવમાં પણ કેવા નાચ નચાવ્યા છે! "જારી રમતાં કાલ વીત્યેા કાંઈ, એક દિન કીધી મેં હાંસી; કયાંના વાસી કયાં જવાના,

તવ તેણે કથની પ્રકાશી, રાજ! શી. ૧૫"

પુત્રની સાથે જારી રમતાં કેટલેાક કાળ વીતી ગયા બાદ મેં તેને એક દિવસે પૂછયું કે, તમે કયાંના રહેવાસી છેા અને અહીંથી આગળ તમારે કયાં જવાનું છે? આમ મેં પૂછયું એટલે તેણે પેાતાનેા આખેા વૃત્તાંત મને કહી સંભળાવ્યેા. તેના મુખથી બધી હકીકત સાંભળીને હું તેા આભી જ બની ગઇ. તેણે કહ્યું કે મારા પિતા, મારી માતાની શેાધમાં નીકળ્યા હતા ને હું મારા પિતાની શેાધમાં નીકળ્યેા છું પણ મારી માતાની શેાધમાં નીકળેલા મારા પિતા ફરી પાછા ઘેર આવ્યા નહિ અને હજી સુધી મને તેમનેા પત્તેા લાગ્યેા નથી. હવે એ બંને કયાં હશે એ તેા પ્રભુ જાણે. બાળપણમાં જ જેને પેાતાની માતાનેા વિયેાગ થયેા છે, એટલે જે બાળપણથી જ માતવિયેાગી છે તેને કયાંથી

ખબર પડે કે તે બેમાંથી એક તો તેની નજર સામે જ છે. મહિયારી આગળ વધીને પુરોહિતને કહે છે કે—

"દૃઢ મન રાખી વાત સુણી મેં, ગુહ્ય મેં લીધું જાણી;
પુત્રને કહ્યું તુમે દેશ સીધાવો,
મેં દુનિયા વિસારી, રાજ ! શી. ૧૬"

દૃઢ મન રાખીને મેં કેશવના મુખેથી બધી શરૂથી આખર સુધીની વાત સાંભળી લીધી. ત્યારબાદ તેને મેં સાફ શબ્દોમાં કહી દીધું કે તમે હવે અહીંથી દેશાંતર તરફ સીધાવી જાઓ. એટલે તે તેના રસ્તે પડી ગયો અને મેં ઘોર પાપકર્મના તીવ્ર પશ્ચાત્તાપને લીધે આખી દુનિયાને અંતરથી વીસારે પાડી દીધી. જગત આખું મારા માટે ઝેર સમાન થઈ ગયું. મને પાપકર્મ અંગેનો મનમાં એટલો બધો સંતાપ થયો કે જાણે મારા શરીરના રોમેરોમમાંથી અંગારા વર્ષવા લાગ્યા. પુત્ર રસ્તે પડી ગયા બાદ મેં ગણિકાને તરત જ આ મહાપાતકની શુદ્ધિ માટે સંભળાવી દીધું કે, હવે મને ફક્ત અગ્નિનું જ શરણ હો ! સંસાર આખો હવે મારા માટે અશરણરૂપ છે.

"પુત્રને વળાવી કહ્યું ગણિકાને, હાહા ધિક મુજ તુજને;
મહાપાતકની શુદ્ધિ માટે,
અગ્નિનું શરણ હો મુજને, રાજ ! શી. ૧૭"

આગળ વધીને ગણિકાને મેં કહ્યું કે, આપણે બંનેને લાખ લાખ ધિક્કાર છે કે, આવા મહાભયંકર પાપકર્મનું મેં આચરણ કર્યું અને તું તેમાં નિમિત્ત બની છે, માટે આ મહાપાતકની શુદ્ધિ કાજે અગ્નિ સિવાય હવે મને બીજા કોઈનું શરણ નથી. પાપકર્મ અંગેનો એને પશ્ચાત્તાપ થયો, એટલી આ જીવની યોગ્યતા છે. હજી અજ્ઞાનદશા છે એટલે

પાપકર્મની શુદ્ધિના ઉપાયોનું એને જ્ઞાન નથી. એ જ્ઞાન આગળ જતાં સદ્‌ગુરુના સમાગમે થશે.

"સરિતા કાંઠે ચેહ સળગાવી, અગ્નિપ્રવેશ મેં કીધો;
કર્મે નદીપુરમાં તણાણી, અગ્નિએ ભોગ લીધો. રાજ! શી. ૧૮"

અગ્નિપ્રવેશ અંગેનો મેં દૃઢ નિર્ધાર કરી લીધો, સરિતા કિનારે ચિતા પ્રગટાવવામાં આવી. મેં અગ્નિપ્રવેશ કર્યો પણ ખરો પરંતુ ત્યાં ઉપરના ભાગમાં થયેલા વરસાદને લીધે નદીમાં અચાનક ઘોડાપુર આવ્યું અને મારા કર્મે હું એ નદીના ઘોડાપુરમાં તણાવા લાગી અગ્નિએ પણ મારો ભોગ ન લીધો.

"જલમાં તણાણી કાંઠે આવી, આહિરે જીવતી કાઢી;
મુજ પાપિણીને સંઘરી ન નદીએ,
આહિરે કરી ભરવાડી, રાજ! શી. ૧૯"

જળના પ્રવાહમાં તણાતી તણાતી હું સરિતાના કાંઠે આવી. પુરોહિતજી! હું મારી કથની કયા શબ્દોમાં કહું? મારા જેવી ઘોર પાપિણીને સરિતાએ પણ સંઘરી નહિ. અગ્નિમાં પણ હું ન સમાણી અને સરિતામાં પણ ન સમાણી. અંતે એક ભરવાડે મને સરિતાના પ્રવાહમાંથી બહાર કાઢી અને તેણે મને ભરવાડી બનાવી તે પણ મારામાં મોહ પામી ગયો. હવે તો મારા શરીરના સૌંદર્યનાં પૂર પણ ઓસરી ગયાં હતાં, છતાં ભરવાડે મારામાં મોહ પામીને મને ભરવાડી બનાવી. જીવ શરીરની ચામડીમાં તરત મોહ પામે છે. **શરીરનું અભ્યંતર સ્વરૂપ વિચારે તો તેમાં કાંઈ મોહ પામવા જેવું નથી. પણ જીવ પાસે તેવી અંતરદૃષ્ટિ નથી. એટલે મોહ પામે છે. એકલી ઉપર ઉપરની ચામડીમાં મોહાય તે તો ચમાર કહેવાય.**

આજે તો વેવિશાળ કરવાનાં હોય એટલે છોકરાંઓ કન્યાને જાતે જોવા જાય છે. તેમાં સફેદ હોય તો પસંદ કરે અને જરાક જો વર્ણ શ્યામ હોય તો હલેક જાપાન નહિં માંગતા હૈ એમ કહીને ઊભા રહે. જ્યારે પહેલાના જમાનામાં ગુણ જોવાતા હતા અને માત-પિતા કરી આવે તે છોકરાઓ કબૂલ રાખતા હતા. જ્યારે આજે મોટે ભાગે એકલું બાહ્ય સૌંદર્ય જોવાય છે, જે ગુણ વિનાના સૌંદર્યની કાંઈ કિંમત નથી. પછી તો બે દિવસ સંસાર સુખરૂપ લાગે અને અંતે ભડકે સળગવા માંડે છે. માટે એકલા ચામડીના રંગની કિંમત નથી. જીવનમાં ધર્મના સંસ્કાર અને સદ્‌ગુણની સુગંધ હોય તો તે મહાકિંમતી વસ્તુ છે. **શિક્ષણ કરતાંયે સંસ્કાર મહાકિંમતી વસ્તુ છે.** હવે આપણે મૂળ વાતમાં આગળ ચાલીએ.

"તે ભરવાડણ દહીં દૂધ લઈ, હું વેચવા પુરમાં પેઠી;
ગજ છૂટ્યો કોલાહલ સુણીને,
પનિહારી ને હું નાઠી, રાજ! શી. ૨૦"

તે ભરવાડણ હું આજે દહીં દૂધની મટકી મસ્તક ઉપર ઊંચકીને વેચવા માટે નગરમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતી, ત્યાં ગજરાજ છૂટ્યા અંગેનો કોલાહલ સાંભળીને હું અને પનિહારી બંને જીવ બચાવવા માટે ત્યાંથી નાસી છૂટ્યા. પરંતુ નાસવામાં પનિહારીના મસ્તક પરનું બેડું ફૂટી જતાં પનિયારણ ધુસકે ને ધુસકે રોવા લાગી અને મારી તો દહીં દૂધની ભરેલી મટકી ફૂટી ગઈ છતાં હું તો ખડખડાટ હસવા લાગી.

"પણીયારીનું ફૂટ્યું, બેડું, ધુસકે રોવા લાગી;
દહીં દૂધની મટકી મમ ફૂટી,
હું તો હસવા લાગી, રાજ! શી. ૨૧"

પુરોહિતને છેલ્લે મહિયારણ કહે છે કે, હસવા અંગેનું તેં મને કારણ પૂછયું એટલે શરૂથી આખર સુધીની બધી હકીકત મેં તને કહી સંભળાવી છે. હે વીરા! હવે તું મને કહે તો ખરો કે આમાં હું કોને રોઉં? મારા કર્મને રોઉં કે આ દહીં દૂધની મટકી ફૂટી ગઈ તેને રોઉં! મારા કર્મે મને દુઃખ આપવામાં કોઈ મણા રાખી નથી. હવે આમાં હું કોને રોઉં ને કોને જોઉં એ જ મને સમજાતું નથી.

"હસવાનું કારણ તેં પૂછયું વીરા, અર્થ ઈતિ મેં કીધું;
કેને જોઉં ને કેને રોઉં હું,
દૈવે દુઃખ મને દીધું રાજ શી. ૨૨"

મહિયારીની દુઃખની કહાણી, સુણી મૂર્છા થઈ દ્વિજને
મૂર્છા વળી તવ હા હા ઉચરે,
દ્વિજ કહે ધિક્ ધિક્ મુજને રાજ! શી. ૨૩"

મહિયારીની દુઃખની કહાણી સાંભળતાં પુરોહિત બ્રાહ્મણને એકદમ મૂર્છા આવી ગઈ અને જ્યારે મૂર્છા વળી ત્યારે મુખમાંથી અરર! આ મેં શું કર્યું એવા અફસોસના ઉદ્ગારો નીકળે છે. પુરોહિતના મનમાં જાણે હાહાકાર વર્તી જાય છે. આ પુરોહિત એ જ એનો પુત્ર છે. વર્ષો વીતી ગયાં બાદ ફરી પાછા બંને ભેગા થયાં અને બંનેના પહેરવેશ તદ્દન બદલાઈ ગએલા એટલે એક એકને ઓળખી શકયાં નહિ. આખો વૃત્તાંત સાંભળ્યા પછી પુરોહિતનાં રોમે રોમ ખડાં થઈ ગયાં અને મનમાં પાપના પરિતાપ અંગેનો પ્રચંડ અગ્નિ પ્રજ્વળી ઊઠયો. જીવનમાં અજાણપણામાં પણ થઈ ગયેલી ભયંકર ભૂલ અંગેનો બળાપો પેદા થયો. જેમ હજારો દર્દની એક દવા હોય છે તેમ હજારો દોષોની એક દવા હૃદયનો બળાપો છે. આ બંને આત્માઓ કર્મ ખપાવીને

મોક્ષે જવાના છે એટલે અવસરે અવસરે એમનામાં યોગ્યતા ઝળકતી રહી છે.

"મા દિકરો બેઉ પસ્તાવો કરતા, જ્ઞાની ગુરુને મળિયા,
ગુરુની દીક્ષા શિક્ષાપામી, ભવના ફેરા ટળિયા રાજ! શી.૨૪'

મા-દીકરો બંને પસ્તાવો કરતાં કરતાં કોઈ જ્ઞાની ગુરુને જઈને મળે છે. જ્ઞાની ગુરુની દીક્ષા અને શિક્ષા પામતાં બંનેના ભવના ફેરા ટળી જાય છે. આવાના ફેરા ટળી ગયા અને આપણા જેવાં ગળિયા રહી ગયા. અંધકારની ગમે તેટલી શક્તિ હોય પણ તે પ્રકાશની આગળ એક ક્ષણવાર પણ ટકી શકે નહિ તેમ કર્મો ગમે તેટલા બળવાન હોય પણ તપ સંયમના પુરૂષાર્થ રૂપી પ્રકાશ આગળ તે ટકી શકે નહિ. જ્યાં પ્રમાદ હોય ત્યાં કર્મો પોતાનું સામ્રાજ્ય બરાબર જમાવી શકે. પણ જંગલનો સિંહ જાગે ત્યાં તેની રાડ સાંભળીને હરણાં ભાગે તેમ અંદરનો જો ચિદ્‌ઘન જાગી જાય તો તેના પુરૂષાર્થની રાડ સાંભળીને કર્મો ભાગી જાય. આ કામલતાને કરેલા કર્મના વિપાક એક ભવમાં કેટલા ભોગવવાં પડયાં છે. છતાં છેલ્લે બધાં કર્મો ખપાવીને મા-દીકરો બંને પરમપદને પામી ગયા છે. સાચા અગ્નિની એક ચિનગારી કરોડો મણ ઘાસને પલવારમાં બાળી નાખવા સમર્થ છે, તેવી રીતે સમ્યક્‌ જ્ઞાનની એક ચિનગારી અંતરમાં પ્રગટે તો જન્મોજન્મનાં સંચિત કર્મોને તે અંતર્મુહૂર્ત્તમાં ભસ્મસાત કરવા સમર્થ છે.

"એક ભવે ભવમાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા;
નાના વિધ ભવોભવ સાંકળચંદ,
એલે કર્મ તમાશા રાજ ! શી ૨૫"

એક ભવની ભવળાજીમા પણ પાસાના દાવ આવા ઊલટસુલટ પડે છે તો પછી ભવોભવની ભવળાજીના દાવ તો કેવા ઊલટ સુલટ હશે ? તે અંગેની તો આપણે મનમાં કલ્પના જ કરી લેવાની રહી. કર્મરાજાએ માંડેલું આ નાટક છે. તેમાં ચોરાસીના રંગમંડપમાં અનેક પ્રકારના સ્વાંગ સજીને જીવ વિવિધ પ્રકારના ખેલ ખેલી રહ્યો છે, જેનું વર્ણન કરવા આપણે સમર્થ નથી. સદ્‌ગુરુના સમાગમે કર્મનું સ્વરૂપ અને કર્મના વિપાક સમજીને જે કોઈ જીવ કર્મ નિર્જરા અંગેનો પ્રબળ પુરુષાર્થ કરે છે તે જીવ અંતે આ ભવળાજીને જીતી જાય છે. અને પંચમગતિ રૂપ મોક્ષપદને પામી જાય છે. સૌ કોઈ પરમપદની પ્રાપ્તિના ભાગી બનો. એ જ એક અભિલાષા.

❋

સુગંધ એ ચંદનનો સ્વભાવ છે. ચંદનને બાળવામાં આવે કે છેદવામાં આવે છતાં તે પોતાના સ્વભાવનો ત્યાગ કરતું નથી, તેમ મહાપુરુષો પણ સમજતા હોય છે કે ક્ષમા, નમ્રતા, સરલતા એ આત્માનો સ્વભાવ છે, માટે પ્રાણાન્તે પણ મહાપુરુષો પોતાના સ્વભાવનો ત્યાગ કરતા નથી.

ધર્મવિહીનતા

ભગવાને જગતના જીવોના કલ્યાણ માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર વસ્તુઓની દુર્લભતા બતાવી છે. તેમાં પહેલી જ વસ્તુ મનુષ્યભવ એ અતિ દુર્લભ છે. આ વાત તો તમે સૌએ સાંભળી હશે, અને મનુષ્યભવ તો દુર્લભ છે જ તે બરાબર પણ તેમાંએ મનુષ્યત્વ અતિ દુર્લભ છે. મોતીની કિંમત અંકાય છે તે કયારે તેમાં પાણી હોય તો તેની કિંમત અંકાય છે, તેમ જીવનમાં ધર્મ હોય તો તેની કીંમત છે. એકલા માનવ દેહથી હરખાવવાનું નથી. પણ માનવતા આવે ત્યારેજ મનુષ્યની ખરી કિંમત અંકાય છે. બાકી ધર્મ વગરનો મનુષ્ય દેહ તે દુર્ગતિના બાડામાં નાખે છે. અને તેવો ધર્મ વગરનો દેહ કેટલો અપવિત્ર અને નિંદ્ય હોય છે તે એક મહાત્મા અને શિયાળનાં સંવાદ ઉપરથી સમજી શકાય છે.

દૃષ્ટાંત

એક મહાત્મા ભર જંગલમાં ધ્યાનસ્થ બેઠેલ હતા, મહાત્માની મુખમુદ્રા ઘણીજ શાન્ત હતી. જાણે એમના મુખારવિન્દ પરથી શાન્ત રસનો ધોધ વહ્યો જતો હતો. એ મહાત્મા જ્યાં બેઠેલ હતા ત્યાં એમનાથી થોડેક દૂર એક મનુષ્યનું મડદું પડેલ હતું. તે મડદાનું એક શિયાળ ભક્ષણ કરી જવાની તૈયારીમાં હતો. ત્યાં એ મહાત્માનું ધ્યાન પુરૂ થતાં તે શિયાળને એ રીતે સંબોધે છે કે :–

રે રે જંબુક ! મુઞ્ચ મુઞ્ચ સહસા નીચસ્ય નિન્દ્યં વપુઃ

રે, રે. શિયાળીઆ ? તું છોડી દે, છોડી દે. આ નીચ મનુષ્યનું નિન્દાએલું અને અનેક પાપકર્મોથી ખરડાએલું શરીર છે. તું એને છોડી દે, છોડી દે, ભૂલેચૂકે પણ આ પાપિષ્ઠ શરીરનું ભક્ષણ કરીશ નહિ.

મહાત્માનો દિવ્યનાદ સાંભળતાંજ શિયાળ બે ઘડી થંભી જાય છે અને મહાત્માની સામે પોતાનું મોઢું ઉંચું કરી જાણે મહાત્માની સાથે વાણીના અભાવે હૃદયથીજ વાત ન કરવા માંગતો હોય તેમ જણાવે છે કે, પ્રભુ ! ઘણા દિવસથી ભૂખ્યો છું અને આજે આ મહામહેનતે ભક્ષ મળ્યો છે તો તેમાં અંતરાય ન કરો. મહાત્મા ફરી કહે છે કે પણ તે ભક્ષણ કરવા જેવું નથી. શિયાળ ભૂખ્યા ડાંસ જેવો હતો એટલે વચલો રસ્તો શોધી કાઢે છે કે પ્રભુ આપની આજ્ઞા પ્રમાણ છે, એના આખા શરીરનું ભક્ષણ નહિ કરૂં, પણ એના બે હાથનું ભક્ષણ કરૂં તો ? અરે, એ પણ કરવા જેવું નથી

" हस्तौ दानविवर्जितौ "

એના હાથ દાનથી વર્જિત હતા. એણે એની આખી જીંદગીમાં સુપાત્રે દાન કર્યું નથી. એટલું જ નહિ, પણ કરનારાઓને પણ અંતરાય નાંખેલ છે. એણે એની જીંદગીમાં એકલું લેગું જ કર્યા કર્યું ? ભૂલથી ઘુણાક્ષર ન્યાયે પણ એના હાથે સુપાત્રે પડયું નથી.

શાસ્ત્રોમાં ભગવાને દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનાં ધર્મમાં પહેલોજ દાનધર્મ મૂકયો છે. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રાચાર્યજી મહારાજ ફરમાવે છે તેમ :—

" धर्मस्यादि पदं दानन् "

ધર્મમાં આદિ સ્થાન જો કોઇને પણ હોય તો તે દાન ધર્મને છે. દાન ધર્મથીજ ધર્મની શરૂઆત થાય છે. દાન એ જેમ ધર્મનું આદિ પદ છે તેમ દારિદ્રયનું નાશ કરનારૂ છે.

છતાં આપણી બુદ્ધિ એવી છે કે દેવા જઈએ ને ખૂટી જાય તો ? પણ તમો એક વાત તો લખીજ રાખો કે દાન દેવાથી લક્ષ્મી ખૂટવાની જ નથી. હા, પાપોદયથી ખૂટે છે. જ્યારે દાન તો પુણ્યની પરંપરાને ટકાવનારૂં છે. શાસ્ત્રોમાં એવા પણ માણસોના દૃષ્ટાન્ત આવે છે કે જેમની પાસે તમારી અપેક્ષાએ કશું પણ નહોતું છતાં પોતાની અલ્પશક્તિ પ્રમાણે દાનાદિ સુકૃત કરેલ છે. દાખલા તરીકે પુણિયો શ્રાવક ખૂબજ સંતોષી હતા. જે તમારી પાસે છે તેમાંનુ તેમની પાસે કાંઇ નહોતું. તેઓ રૂની પુણિયો વેચીને તેમાંથી દરરોજ ફક્ત સાડાબાર દોકડા મેળવતાં, એક દિવસ પોતે ઉપવાસ કરતા અને જે દિવસે પોતાને પારણું હોય તે દિવસે તેમના પત્નીને ઉપવાસ હોય જે દિવસે પોતાને પારણુ હોય તે દિવસે પોતે સાધર્મિક ભક્તિનો લાભ લેતા અને તેમના પત્નીને પારણું હોય તે દિવસે તેઓ શ્રાવિકા બ્હેનની ભક્તિનો લાભ લેતા. દરરોજના ફક્ત સાડાબાર દોકડા મેળવનાર પણ આ રીતે લાભ લઈ શકતા ત્યારે આજે સાડાબાર રોકડા મેળવનાર પણ લાભ તો નથી લેતાં પણ ઉલટા રોદ્દડા રોતા હોય છે. આજે સાધર્મિક ભક્તિ તો તમને સાંભરતી જ નથી. પુણિયા શ્રાવક પોતાની ઘણીજ અલ્પશક્તિ હોવા છતાં લાભ અપૂર્વ લેતાં, જ્યારે તમારો તો પુણ્યોદય પણ ખૂબ જાગતો છે તો આવી સોનેરી તક શા માટે તમારે જતી કરવી જોઈએ. સમય એવો ખરાબ આવી રહ્યો છે કે ઉદારતાથી દાન કરશે તે જ ખાટી જશે.

મમ્મણ શેઠ કે જેમને ત્યાં કોઈ દિવસ સાધુ મહાત્માના પગલાજ નહોતા થયા તો તેમાં તેઓ શું ખાટી ગયા, ? તે

મમ્મણ શેઠ પાસે અઢળક ઋદ્ધિ હતી, છતાં તેઓ સાતમી નરકે ગયા જ્યારે પુણિયા શ્રાવક પાસે ભલે લક્ષ્મી ન હતી પણ તેની પાસે સંતોષરૂપી શાશ્વત ધન હતું અને સુકૃત કરીને તે ઊંચામાં ઊંચા દેવલોકે ગયા છે.

તમારૂં જીવન તે પુણિયા શ્રાવક જેવું છે કે પછી મમ્મણ શેઠ જેવું? મહિને એકાદ વખત તો તમારે ત્યાં સાધર્મિક ભક્તિ થતીજ હશે એમ માનું ને? (સભામાંથી માનવા જેવું નથી) તો મમ્મણ શેઠ અને પુણિયા શ્રાવક આ બેમાંથી મારે તમને કોની પડખે બેસાડવા? તમારામાં છતા સામર્થ્યે ઉદારતાનો ગુણ કેમ ન હોય? અહિંઆ (આ વ્યાખ્યાનમાં) મારી સામે ઘણા સુખી શ્રાવકો બેઠા છે તો એમને ત્યાં દર મહિને એકાદ વખત પણ સાધર્મિક ભક્તિ ન થાય એ તો ઘણું જ શોચનીય કહેવાય.

આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજીએ ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણમાં પહેલું જ લક્ષણ ઉદારતાનું વર્ણવ્યું છે. સદાચારરૂપી વૃક્ષનું બીજ જો કોઈપણ હોય તો તે ઉદારતા છે. દાનધર્મને અને ભક્તિયોગને દીપાવનારી ઉદારતા છે. આજે મોટે ભાગે બીજી ધર્મપ્રવૃત્તિ દેખાય છે પણ હૃદયપૂર્વકની ઉદારતા દેખાતી નથી અને એ જો હોય તો તમારે ત્યાં મહીને એકાદ વખત પણ સાધર્મિક ભક્તિ કેમ ન થતી હોય?

પર્વાધિરાજ પર્યુષણ પર્વના પાંચ કર્તવ્યોમાં પહેલું જ કર્તવ્ય અમારિ પર્વતાવવાનો આવે છે અને બીજું જ સાધર્મિક ભક્તિનો આવે છે. પર્યુષણ પર્વથી બીજું કોઈ મહાન પર્વ નથી તો તેમાં પણ સાધર્મિક ભક્તિનાં કર્તવ્યની નોંધ લેવાઇ છે, આટલા ઉપરથી વિચારી જોશો કે સાધર્મિક ભક્તિનું આ શાસનમાં કેટલું મહાત્મ્ય છે? પણ એ આજે આપણે ભૂલ્યા છીએ.

દરમહિને તમારે ચા, બીડી, તેમજ બીસા ખર્ચ કેટલું આવતું હશે! સાચું બોલજો હો! (સભામાંથી–લગભગ પચાસેક રૂપીઆ જેટલું) હવે આગળ વધો. ધોબીની ધોલાઈ ખર્ચ તેમજ હજામત ખર્ચ કેટલું? (સભામાંથી–એથી અડધું) હવે આગળ વધો. મુસાફરી ખર્ચનું બીલ તેમજ સીનેમા ખર્ચનું બીલ આ બીલ દર મહીને આવતા હશે ને? હવે બોલો પ્રભુભક્તિ અને સાધર્મિકની ભક્તિનું બીલ કેટલું આવતું હશે? સભામાંથી સાધર્મિકની વાત જવા દો, બાકી પ્રભુભક્તિ નિમિત્તોનું દર બાર મહીને ૧૫૦ રૂપીઓ પેઢીમાં ભરીએ છીએ. એમાં શી મોટી ધાડ મારી બરોબર? આજે ભક્તિ ભાડૂતી થઈ ગઈ છે, સુખી ગૃહસ્થોએ તો પોતાની ગાંઠના ખર્ચેજ પૂજા કરવી જોઈએ. પણ આજે તો જ્યાં ત્યાં બધું પેઢીમાંથીજ વપરાય છે. ભક્તિ આપણે કરવી અને સામગ્રી બધી પેઢીમાંથી વાપરવી એ ભક્તિ કોઈ કાળે ઉગી નીકળે નહિ. કોઇ બધી રીતે અશકત હોય અને વાપરતા હોય તો તે અપવાદ ગણાય, તો તેમણે તનથી ભોગ આપી છૂટવું જોઈએ. બાકી સુખી ગૃહસ્થોએ પૂજની બધી સામગ્રી ઘરની વસાવવી જોઇએ. ઘરમાં મોજશોખનાં બધા સાધનો વસાવો અને ભક્તિયોગના સાધન ન વસાવો તો તે ભક્તિયોગ ઉપરનો પ્રેમજ ન કહેવાય. ઘણા અમને એમ પણ કહે છે કે પ્રભુભક્તિ કરીએ છીએ. પણ જેવી જોઈએ તેવી તેમાં સ્થિરતા નથી આવતી. પણ કયાંથી આવે? ભક્તિમાં ભોગ અપાતો હોય તો સ્થિરતા આવે ને? ઊંચામાં ઊંચા ભાવ લાવવા માટે દ્રવ્ય પણ ઊંચામાં ઉંચા વાપરવા જોઈએ કારણકે દ્રવ્ય ઉંચા હોય તો ભાવ ઊંચા આવે અને તો સ્થિરતા પણ કેળવાય.

સામાન્ય સ્વરાજ્ય મેળવવાની પછવાડે પણ કેટલા ભોગ આપવા પડયા છે તો આત્માની સિદ્ધિ પણ ક્યારે મળે ? તેની પછવાડે પણ ભોગ અપાવવો જોઈએ. ભગવાન કયાં આપણને કહે છે કે તું મારી પૂજા કર. ભગવાન તો કૃતકૃત્ય છે. એમને કાંઈ આપણી પૂજાની અપેક્ષા નથી. આપણા કલ્યાણ માટે આપણે પૂજા કરવાની છે તો તે શક્તિ હોય તો ભોગ આપીને કરવી જોઈએ. વ્યવહારમાં બધે ઘસારા વેઠો છો અને એક અહિંઆજ "સરતુ ભાડુ અને સિદ્ધપુરની જાત્રા." હવે જોઉં કાલથી કેવીક સામગ્રીથી પૂજા કરવા માંડો છો.

યોગીરાજશ્રી આનંદઘનજી કહે છે કે,

"ધાર તરવારની સોહિલી દોહિલી
ચઉદમાં જિનતણી ચરણ સેવા"

તલવારની ધાર પર ચાલવું સહેલું છે પણ યોગીરાજ જણાવે છે કે પ્રભુ ચરણની સેવા દોહિલી છે. એ સેવા કઈ હશે ? આ તમો કરો છો તે ! ભગવાનને બે ચાંદલા દીધા ન દીધા ને તક તક ફરરર ફૂં. એ રીતની સેવા દોહિલી હશે ? એ સેવા માટે આચાર્ય ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે,

પરમાત્માની સાચી પૂજા

'वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् :
आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥'

હે વીતરાગ દેવ, આપની આજ્ઞાનું જે પરિપાલન એજ આપની સાચી પૂજા છે. વીતરાગદેવની ત્રણે કાળ માટે એક જ આજ્ઞા છે કે, આશ્રવ (પાપના કારણ) એ સર્વથા હેય છે અને સંવર એ સર્વથા ઉપાદેય છે. આશ્રવ એ ભવ હેતુ માટે

થાય છે જ્યારે સંવર એ મોક્ષ માટે થાય છે. બસ આટલી જ આ પરમાત્માની આજ્ઞા છે. બાકી બધું શાસ્ત્રોમાં આ આજ્ઞાને સમજાવવા માટેનો વિસ્તાર છે. આ રીતની આજ્ઞાના જે આરાધક હશે તે કલ્યાણ સાધીને મોક્ષે જશે અને આજ્ઞાના વિરાધક હશે તે ભવમાં રખડશે. એ રીતની આજ્ઞાના પાલનરૂપ જે પૂજા છે તે ખાંડાની ધાર ઉપર ચાલવા જેવી છે અને તે જ સાચી સેવા છે. કહો આમ આજ્ઞાનો મર્મ સમજીને એ વીતરાગ દેવની સેવા કરતા હોઈએ તો એમની તરફ કેવું બહુમાન જાગે? ત્યાં તો આત્મા અંદરમાંથી હાલી ઉઠે કે, :-

"ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો લોક,
તે પ્રભુની પૂજા વિના રે જન્મ ગુમાવ્યો ફોક"

ધન્ય છે શ્રી અરિહંત પરમાત્માને કે જેમણે વસ્તુ સ્વરૂપ ઓળખાવ્યું ! અહો ! તે અરિહંત પરમાત્માનો આપણી ઉપર અનંત ઉપકાર છે અને તેવા ઉપકારીની પૂજા–ભક્તિ વગરનું જીવન જીવવું પણ વ્યર્થ છે અને તે અનંત ઉપકારી વીતરાગ પ્રભુની આજ્ઞા પાલનરૂપ પૂજા તે ભાવપૂજા છે. અને તેની પ્રાપ્તિ માટે દ્રવ્યપૂજા પણ અતિ ઉપયોગી છે, પણ દ્રવ્ય તે ભાવનું કારણ હોવાથી જેવી દ્રવ્ય સામગ્રી હોય તેવા જ ભાવ પણ આવે છે.

આમાં હું પૂજાનો નિષેધ નથી કરતો, પણ કરવાની રીતે કરવાનું કહું છું અને એ રીતે તમો કરતા હો તો મારે કંઈ કહેવાપણું નથી.

ઉદારતાના અભાવે સાધર્મિક ભક્તિ કે પ્રભુભક્તિ કોઈ પણ ધર્મકાર્યો દીપતા જ નથી. દાનમાં પહેલી ઉદારતા જોઈએ અને ધર્મની શરૂઆત દાનથી થાય છે. સુપાત્ર

દાનનો જોગ મળે તો મહાપુણ્યની વાત છે. છેવટે અનુકંપા દાન પણ ન ચૂકવું, અને તે તો તમારા પુરૂષો કરતા ધારે તો બ્હેનો વધુ કરી શકે. કારણ કે આખું અન્નક્ષેત્ર (રસોડું) તેમના હાથમાં હોય છે, પણ એ પણ જો કપીલાનો અવતાર હોય તો કંઈપણ ન કરી શકે. પેલા મહાત્મા શિયાળને કહે છે કે આ જેનું મડદું છે તે પણ મંમણનો જ અવતાર હતો. એણે એના હાથે કોઈને પણ દીધું નથી. ઉલટા દેતાને પણ અટકાવ્યા છે. પોતે દે નહીં અને દેતાને અટકાવે એ તો બરેબર કર્મચંડાલ જ કહેવાય.

દૃષ્ટાન્ત

એક શેઠ હતા. તે દુકાનેથી ઘેર જમવા આવ્યા. ભાણે બેઠા ત્યાં પત્ની પૂછે છે કે દરરોજ ખૂબ પ્રસન્ન હો છો આજે મોઢું કેમ મલીન છે? પછી આગળ એ શેઠની બાસીયત પ્રમાણે પૂછે છે કે :—

कया कुछ गांठसे गिर पडा कया कीसीको दीध ।
पत्नी पूछे कंथको क्यों है मुख मलीन ?॥

ત્યાં શેઠ કહે છે કે મારી ગાંઠેથી ને બરી પડે ? મારી ગાંઠ તો વજ્રની ગાંઠ કહેવાય. મારાથી કોઈને દેવાઈ જાય એ કોઈ કાળે બને જ નહિ. ફરી પત્ની પૂછે છે કે જો આમાંનું કાંઈ બન્યું નથી તો મોઢું કેમ પડી ગયું છે? ત્યાં શેઠ કારણ દર્શાવે છે કે :—

नहिं कुछ गांठसे गिर पडा नहिं कीसीको दीध ।
देता दीठा ओरको मुख भया मलीन ॥

ત્યાં પત્ની પણ જરા માથા ભારે હતી એટલે તરત સંભળાવ્યું કે કોઈ બીજા આપે તેમાં તમારૂં શું જતું હતું ? પણ આવા મનુષ્યોને મનુષ્ય ન કહેવાય પણ મૃત્યુલોકના રાક્ષસો જ કહેવાય.

અંતે શિયાળ હાથ ખાવાનું છોડી દે છે અને મહાત્માને કહે છે કે એના કાન ખાઉં તો ? અરે એ પણ આવા જેવા નથી.

શ્રુતિપુટૌ સારશ્રુતેઃ દ્રોહિણૌ

કારણ કે એણે કાનથી કોઈવાર પણ શાસ્ત્રશ્રવણ કરેલ નથી. હા ! માત્ર અનેકોની નિન્દા–કુથળી સાંભળી છે. જ્યારે કાનની શોભા તો શાસ્ત્રશ્રવણથી છે. શ્રી ભર્તૃહરિ જણાવે છે તેમ :—

શ્રોત્રં શ્રુતેનૈવ ન કુણ્ડલેન દાનેન પાણિર્ન તુ કઙ્કણેન ।
વિભાતિ કાયઃ કરૂણાપરાણાં પરોપકારૈર્ન તુ ચન્દનેન ।।"

કાનની શોભા જેમ શાસ્ત્રશ્રવણથી છે તેમ હાથની શોભા દાન દેવાથી છે, નહિ કે કંકણ પહેરવાથી. અથવા ઘડીઆળ ચઢાવવાથી. ટૂંકમાં આખા શરીરની શોભા ચંદન ચોપડવાથી કે પફ પાવડરના લપેટા મારવાથી નથી. પણ પરોપકારના કર્તવ્યો કરવામાં છે. ત્યારે આજે તો ઘરમાં રેશન ન હોય તો ચાલે પણ ફેશન પહેલી જોઈએ છીએ.

શિયાળ આગળ વધીને કહે છે કે પ્રભુ ! કાન પણ નહિં ખાઉં પણ આંખ ખાઉં તો ? ત્યાં મહાત્મા કહે છે કે :–

"नेत्रे सधुविलोकनेन रहिते"

એણે નયનથી સાધુ પુરૂષોના દર્શન કર્યા નથી. શાસ્ત્રોએ સાધુપુરૂષોનાં દર્શનનું પણ અપૂર્વ મહાત્મ્ય વર્ણવ્યું છે. જેમકે મહાપુરૂષો ફરમાવે છે કે :–

"साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधव : ।
तीर्थं फलति कालेन, साद्यः सधुसमागमः ॥ "

સાધુઓના દર્શનથી પણ મહાપુણ્ય થાય છે. સાધુઓને શાસ્ત્રમાં જંગમ તીર્થસ્વરૂપ કહ્યા છે. સ્થાવરતીર્થ તો અમુક કાળે ફળે પણ સાધુનો સમાગમ તો તુરતમાં જ ફળદાયી નીવડે છે. યોગીરાજ આનંદઘનજી ફરમાવે છે કે :–

"દેવ અસુર ઇન્દ્રપદ ચાહુ ન, રાજ ન કાજ સમાજ રી ।
સંગતિ સાધુ નિરંતર પાવું, આનંદઘન મહારાજ રી ।
સાધુસંગતિ બિનુ કૈસેં પૈયેં, પરમ મહારસ ધામ રી"

અર્થાત્ દેવ, અસુર અને દેવોના પતિ ઇન્દ્રપદને પણ હું ઇચ્છતો નથી, તેમ કોઈ રાજ્યનું પણ મને પ્રલોભન નથી. તેમ લક્ષ્મી, ઘરબાર, હાટ, હવેલી, સત્તા અને માનપૂજાને પણ ઇચ્છતો નથી, પણ જેનાથી આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય એવા સાધુની સંગતિનેજ ઇચ્છું છું. કહો, આ સાધુ સંગતિનું શ્રી આનંદઘનજીએ કેવું કે અપૂર્વ મહાત્મ્ય વર્ણવ્યું છે.

ખરેખર સંત સમાગમ એ તો પારસમણિ જ કહી શકાય. પારસમણિના સમાગમથી લોઢું જેમ સુવર્ણ બની જાય છે તેમ સંત સમાગમથી આત્મા પણ અંતે પરમાત્મા બની જાય છે. પણ આ સમાગમનો લાભ કોઈ પુણ્યશાળી આત્માઓ જ લઈ શકે છે. ભાગ્યહીન આત્માઓ તો સંત-પુરુષોના દર્શનથી પણ વંચિત રહે છે, તો સમાગમની તો વાત જ કયાં રહી ?

શિયાળ આગળ વધીને કહે છે કે પ્રભુ હવે પગનું ભક્ષણ કરૂં તો? ત્યાં મહાત્મા કહે છે કે, :–

"पादौ न तीर्थं गतौ"

પગથી એ તીર્થયાત્રાએ ગયો નથી. તમે પણ આજે કયાં પગથી તીર્થયાત્રાએ જાવ છો. નહિં તો તમારે તો ઘર બેઠા ગંગા છે. શ્રી ગિરનારજી તથા શ્રી સિદ્ધગિરિજી વગેરે મહાન તીર્થો અહીંથી તો ખૂબજ નજદીક છે અને એ મહાન તીર્થોની યાત્રા જીંદગીમાં એકાદવાર પણ વિધિપૂર્વક છરી, પાળતા કરવી જોઈએ. ત્યારે આજે તો અહીંથી ગાડીમાં બેસીને સીધા પાલીતાણા સ્ટેશને પહોંચે અને પછી ત્યાંથી ઘોડાગાડીમાં બેસી ધર્મશાળાએ પહોંચે અને ત્યાંથી પણ ઘોડાગાડીમાં બેસી તળેટીએ જાય. કેમ એમજ ને? (સભામાંથી મોટે ભાગે તો એમજ છે) તો પછી સવારના રાઈ પ્રતિક્રમણમાં શું સમજીને બોલો છો કેઃ–

"એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ।
કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ" ॥

તેનો શો અર્થ કરો છો? છેવટે ધર્મશાળાથી ગિરિરાજ સુધી તો તમારે પગે ચાલતાં જ જવું જોઈએ તો તેથી પણ તમારા આત્માને અપૂર્વ લાભ થાય.

તે પછી તો શિયાળ પેટનું ભક્ષણ કરવા ઇચ્છે છે. મહાત્મા કહે છે કે અરે! એ તે કરાય?

"अन्यायार्जितवित्तपूर्णमुदरं"

એણે એકલા અનીતિથી ઉપાર્જન કરેલ દ્રવ્યથી પેટ ભર્યું છે માટે એનું પેટ તો અતિ અપવિત્ર છે.

છેલ્લે હવે એક માથું બાકી રહ્યું છે. શિયાળ કહે છે કે પ્રભુ હવે એ તો બાવા દેશો ને? મહાત્મા કહે છે કેઃ—

"गर्वेण तुङ्गं शिरः"

ગર્વથી એનું મસ્તક અદ્ધરને અદ્ધર રહ્યું છે. કોઈ દિવસ એણે મહાત્માઓના ચરણમાં માથું જુકાવ્યું નથી, માટે એ પણ ભક્ષણ કરવા જેવું નથી.

"रे रे जंबुक ! मुञ्च मुञ्च सहसा नीचास्य निन्द्यं वपुः"

અંતે શિયાળ મડદાનો ત્યાગ કરે છે. આ તો જો કે એક રૂપક દૃષ્ટાન્ત છે પણ એ દૃષ્ટાન્તમાંનો ભાવાર્થ તદ્દન યથાર્થ છે અને આમાંથી સાર એ લેવાનો છે કે ધર્મ વગર આ મનુષ્ય શરીરની કોઈ ઉપયોગિતા નથી. ધર્મના અભાવમાં આ શરીર કોડીનું છે; એને એક ગંદકીનો ગાડવો કહીએ તો પણ ચાલે અને એજ શરીરથી જો ધર્મ થતો હોય તો તેની કિંમત ચિન્તામણી રત્ન કરતાં પણ અધિક છે. માટે આ દેહની સાર્થકતા ધર્મથીજ છે. 'સૌ કોઇ ધર્મ પરાયણ બની આ દુર્લભ દેહની સાર્થકતા કરો એજ મહેચ્છા.

અજ્ઞાનીને કોઈ પણ વસ્તુની ઇચ્છા થાય અને તે ઇચ્છા પરિપૂર્ણ ન થાય તેનું મનમાં તીવ્ર દુઃખ ઉત્પન્ન થાય છે જ્યારે જ્ઞાનીને મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય તેનું જ દુઃખ ઉત્પન્ન થાય છે અને જ્ઞાની મનમાં વિચારે છે કે મારા જ્ઞાનની હજી અપૂર્ણતા છે કે મને અવનવી ઈચ્છાઓ મનમાં ઉત્પન્ન થયા જ કરે છે.



મૂળ મૂડી અને વ્યાજ

આ કાળમાં અઢીસોથી ત્રણસો વર્ષના ગાળામાં જે મહાનયોગી પુરૂષો થયા તેમાં પૂ. આનંદઘનજી પણ મહાન યોગી પુરૂષ થઇ ગયા. પૂ. આનંદઘનજી મહાન અધ્યાત્મ યોગી હતા અધ્યાત્મના વિષયમાં તેઓ ખૂબ ઉંડા ઉતરેલા હતા. તેમણે ચોવીશી રચી છે જેમાં ચોવીસે તીર્થંકર ભગવંતોના સ્તવનો રચેલ છે. ચોવીશીમાં તેમણે અધ્યાત્મિક જ્ઞાનના જાણે રસ ઝરણાં વહેવડાવ્યા છે. તેમણે રચેલી ચોવીસીના સ્તવનો કંઠસ્થ કરી પરમાત્માની સામે ચૈત્યવંદન વિધિમાં બોલવામાં આવે તો અનેરા ભાવો પ્રગટે તેવા એ સ્તવનો છે.

પૂ. આનંદ ઘનજીએ ચોવીસીની જેમ પદ બહોત્તેરીની પણ રચના કરી છે તેમણે રચેલા પ્રત્યેક પદો આત્મજ્ઞાનના નિચોડ રૂપે છે. તેમણે રચેલા પદો સુમધુર કંઠે ગાવામાં આવે તો અનુપમ એવા આત્મિક આનંદનો સ્વાનુભવ થઈ શકે તેવુ છે.

પદ બહોત્તેરીના ૫૪ માં પદમાં તેઓશ્રી ફરમાવે છે કે.....

મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે..
કેમ કરી દીધો રે જાય ?
તલપદ પૂંજી મેં આપી સઘલી રે,
તોહે વ્યાજ પૂરું નહિ થાય. મૂલડો....

હે ભાઈ મૂલ મૂડીનો કર્જ મારી પર ઘણો થોડો છે અને વ્યાજનું કર્જ ઘણું વધારે છે. તળીયા ઝાટક કરીને મેં મારી પુંજી આપી દીધી છતા વ્યાજના કર્જમાંથી છુટી શકાતુ નથી. કર્મની આઠ મૂળ પ્રકૃતિ છે અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિ છે. દરેક કર્મોની ઉતકૃષ્ટ અને જગન્ય સ્થિતિ છે. જે જીવે કેટલીએ વાર બધાવી છે અને બાંધી પણ છે. કર્મો પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે બાકી આત્માની માફક કર્મો કાંઇ અનાદિ અનંત નથી અને આત્માની સાથે કર્મનો યોગ એવો પણ નથી કે જેનો કોઈ કાળે વિયોગ જ ન થાય.

આઠ કર્મમાં મોહનીય કર્મની ઉતકૃષ્ટ સ્થિતિ સિત્તેર સાગરોપમ કોડાકોડીની છે અને જ્ઞાનાવરણીય, દર્શનાવણીય વેદનીય અને અંતરાય કર્મની ઉતકૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે. નામ અને ગોત્ર કર્મની સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની છે. અને આયુકર્મની ઉતકૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરની છે તેમાં મોહનીય કર્મ, જ્ઞાનાવરણી કર્મ, દર્શનાવરણી કર્મ અને અંતરાય કર્મની જગન્ય સ્થિતિ અંતર મુહુર્તની છે. અને વેદનીયની જગન્ય સ્થિતિ બાર અંતર મુહુર્તની અને નામ અને ગોત્ર કર્મની આઠ અંતર મુહુર્તની જગન્ય સ્થિતિ છે. આયુકર્મની પણ જગન્ય સ્થિતિ અંતર મુહુર્તની છે. દેવો અને નારકોની અપેક્ષાએ આયુકર્મની જગન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે મોહની બાદી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘણી લાંબી છે. તો જગન્ય સ્થિતિ તદન ટુંકી છે.

આત્મા જેમ પ્રતિ સમયે નવા કર્મ બાંધે છે તેમ નિર્જરે પણ છે આ રીતે યોગ વિયોગ થયાજ કરે છે આ રીતે કર્મો

પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે બાકી સ્થિતિ બધાદિની અપેક્ષાએ કર્મોની સ્થિતિ આત્મા કેટલીએવાર તોડે છે અને કેટલીયેવાર ફરી ફરીને બાંધે છે આ રીતે કર્મો પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. અને બંધ પરંપરા પણ સંસારી જીવોને ચાલુને ચાલુ છે. પૂ. આનંદઘનજી કહે છે કે "તલપદ પુંજી આપી સઘળી રે તોએ વ્યાજ પુરુ નવ થાય" વ્યાજ પુરુ થાય ક્યાંથી ? જીવ ઉદયમાં આવેલા કર્મોને સમતા ભાવે ભોગવી શકતો નથી વેદનીયાદી કર્મોના ઉદય કાળમાં જીવના ભાવોમાં વિષમતા આવી જાય છે અને જીવ આર્તધ્યાનમાં પણ પડી જાય છે. જીવ ઘણીવાર કર્મ બાંધતી વખતે સાવચેતી રાખી શકતો નથી પણ ભોગવતી વખતે પણ સાવચેતી રાખે તો જીવને ઘણા મોટા લાભનું કારણ થાય પણ કર્મોના ઉદય કાળમાં આર્તધ્યાનમાં પડે એટલે અનેક ગણા નવા બંધાતા જાય ઉદય કાળમાં હાય હોય કરવાથી માથે પડાણી વ્યાજ ચડતુ જાય એટલે આનંદઘનજી કહે છે કે વ્યાજના કર્જમાંથી હું કે મે છુટી શકતો નથી. આઠ કર્મના કર્જ નીચે એટલો બધો આવી ગયો છું કે મારો વ્યવસાય બધો ભાંગી પડ્યો છે.

વ્યાપાર ભાગો જલવટ થલવટે રે,
ધીરે ન નિસાની કોય;
વ્યાજ છોડાવી કોઈ કાંધા પરઠવે રે,
તો મૂલ આપું સમ ખાય. મૂલડો...

આઠ કર્મના કર્જ નીચે હું એવો આવી ગયો છું કે મારો જળવટ અને થલવટ બન્ને પ્રકારનો વ્યાપાર ભાંગી

પડ્યો. શ્રુત ધર્મ રૂપ વ્યાપાર એ જળ માર્ગનો વ્યાપાર કહેવાય અને ચારિત્ર ધર્મ રૂપ વ્યાપાર એ થલ માર્ગનો કહેવાય આ બન્ને વ્યાપાર ભાંગી પડ્યા. હવે તો કોઇ સદ્ગુરુ રૂપી શેઠ શિરોમણી મારી પર કૃપા વર્ષાવે અને મને બોધ એવો આપે કે કર્મોના ઉદય કાળને હું સમભાવે ભોગવી શકું અને મારાજ કર્યા મારે ભોગવવાના છે એવી અપૂર્વ સમજથી જરી પણ સંતાપ ન કરું તો જરૂર વ્યાજ માફ થઇ જાય. વ્યાજ માફ થઈ જાય તેનો અર્થ એ કે નવા કર્મોનો બંધ ન પડે અને કદાચ પડે તો પણ અલ્પ પડે જે તપ જ પાંદિ વડે ખપાવી પણ શકાય. સદ્ગુરૂ જો કૃપા વર્ષાવે તો આ કામ જરૂર થઇ જાય.

તે પછી રહ્યો મૂળ મૂડીનો કર્જ તેના કોઈકાંધા કરાવી આપે તો સમ ખાઇને કહું છુ કે જે કાંઈ મારી પાસે છે તે બધુ અર્પણ કરી દેવાને તૈયાર છું. એટલે કે ઉદયમાં આવેલા કર્મો ભોગવીને અને ઉદયમાં ન આવ્યા હોય તેવા કર્મોની ઉદ્વીરણા કરીને સંપૂર્ણ પણે ભોગવી લેવાને તૈયાર છું. એટલે આઠ કર્મના ચોપડા ચોકખા કરી આપવાને તૈયાર છું વ્યાજ માફ થઈ ગયું એટલે મૂળ મૂડીના કર્જની ફીકર રહીજ નહીં. પછી તો મિથ્યાત્વમોહનીનો ક્ષયોપશમ થયો કે ચારિત્ર મોહનીનો ક્ષયોપશમ કાં તરતમાં થાય કાં થોડો સમય પણ લાગે અને મિથ્યાત્વમોહનીનો ક્ષયોપશમ થયો ત્યાં જ્ઞાના વરણીય કર્મનો ક્ષયોપશમ પણ સમ્યગ્ થવાનો જ છે. અને જે સમયે જે કાળે મોહનીયકર્મનો ક્ષય થાય તે સમયે જ્ઞાનાવરણીયાદિ કર્મોનો પણ ક્ષય થઈ જ જવાનો છે. આ કાંધા પરડવવા જેવીજ વાત છે. અથવા તો હપ્તા બાંધી આપવા જેવી આ વાત છે.

પૂ. યોગીરાજ આનંદઘનજી કહે છે આટલું કાર્ય જો થઈ જાયતો હું બાજી જીતી ગયો એમ સમજીસ. અને પછી તો

હાટડું માંડું રુડા માણેકચોકમાં રે.
સાજનીયાંનું મનડું મનાય,
આનંદઘન પ્રભુ શેઠ શિરોમણિ રે.
બાંહડી ઝાલજો રે આય મૂલઠો....

પૂ. આનંદઘનજી મહારાજ કહે છે શેઠ શિરોમણી એવા જિનેશ્વર ભગવંત અથવા ગુરુ ભગવંત આ પ્રમાણે મારા પર કૃપા વર્ષાવીને જો કર્મના કાંધા કરી આપે અને વ્યાજના કર્જથી મને મુકત કરાવી દેતો મારા ક્ષમા નમ્રતા, નિર્લોભતા વગેરે સાજનીયાના મનને મનાવીને વિવેક રુપી રુડા માણેકચોકમાં રત્નીત્રયીનું હાટડું નાંખું. શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મનો વ્યાપાર ફરી શરૂ કરીને આઠ કર્મનો કર્જ સંપૂર્ણ ચૂકવીને આત્માને કર્મોના બંધનમાંથી સદાકાળ માટે મુક્ત કરીને મુક્તિ પૂરીએ પહોંચાડી દઉં. માટે શેઠ સિરોમણી એવા હે પ્રભુ આ બુડતા સેવકની આપ બાહ્ય ઝાલજો અને સેવકની નૌકા કિનારે પહોંચાડજો નાથ? જગતમાં તો મોટા ભાગના સ્વાર્થી છે આપ શિવાય આ બુડતી નૈયા કોઈ પાર ઉતારે તેમ નથી. આઠ કર્મના ચોપડા ચોખ્ખા કર્યા શિવાય કોઈ આત્માઓ ભવ બંધનમાંથી છુટી શકતા નથી. નિર્જરાનું પ્રમાણ વધે અને બંધનું પ્રમાણ ઘટે ત્યારે જ આઠ કર્મના ચોપડા ચોખ્ખા કરી શકાય. કર્મોનું સંપૂર્ણ પણે ક્ષય તેને જ મોક્ષ કહેવામાં આવે છે. પુણ્ય પાપ ઉભયના ક્ષયથી જીવનો મોક્ષ થાય છે. ઘાતિ કર્મના ક્ષયે જીવ કેવલજ્ઞાન પામે છે અને અઘાતિના ક્ષયે જીવ મોક્ષ પદને પામે છે. જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીય અને અંતરાય કર્મએ ચાર

ઘાતિ કર્મો છે અને વેદનીય કર્મ આયુકર્મ નામ અને ગોત્ર એ અઘાતી કર્મ છે. આત્માના ગુણોનું ઘાત કરે તે ઘાતિ કહેવાય.

આત્મા જાગૃત બને તો આઠ કર્મની અપેક્ષાએ આત્મા ઘણો બલવાન છે. આત્મા જો સવળો પડે તો અંતર્મુહુર્તના કાળમાં કર્મોના ભુક્કા બોલાવી નાંખે અને આત્માને એવો નિર્મળ બની જાય કે મૂળમૂડીના અને વ્યાજના કર્જમાંથી સદાકાળ માટે મુક્ત બનીને આત્માના અનંત વૈભવ રૂપ જ્ઞાન દર્શનાદિના ખજાનાને પામી પરમ પદનો ભોકતા બની જાય.

અવધુ ખોલી નયન અબ જોવો

માલીક ભર ઉંઘમાં અને ઘરમાં લુંટાલુંટ.

પૂજ્ય યોગીરાજ શ્રી ચિદાનંદજી મહારાજે પદ બહોત્તેરી રચી છે. તેમણે રચેલા પ્રત્યેક પદો અધ્યાત્મના નિચોડ રૂપે છે. પૂ. આનંદઘનજી જેમ મહાન યોગી પુરૂષ હતા તેમ લગભગ દોઢસો વર્ષ પહેલા થએલા પૂ. ચિદાનંદજી પણ મહાન યોગી પુરૂષ હતા શ્રીગીરનારજી મહાતીર્થની ગિરિકંદરાઓમાં રહીને તેમણે અપૂર્વ યોગ સાધના કરી હતી. સ્વવિરચીત પદ બહોત્તેરીના ૩૪માં પદમાં લખે છે કે,

અવધુ ખોલી નયન અબ જોવો,
દ્રગ મુદ્રિત કયા સોવો. અવધુ...
મોહ નિંદ સોવત તું ખોયા,
સરવશ માલ અપાણા,
પાંચ ચોર અજહુ તોય લુટત
તાસ મરમ નહિ જાણા. અવધુ...

હે આત્મન જરા આંખ ખોલીને નિજ ઘરમાં નિહાળો આંખો મીંચીને સૂતા કેમ પડયા છો? અર્થાત્ નિજ ઘરમાં જરા અવલોકન કરો ચેતનજી તમો મોહની નિંદમાં ઘસઘસાટ પોઢી રહ્યા છો પણ તે નિદ્રાને આધીન થઈને તમો તમારુ સર્વસ્વ માલ ખોઈ બેઠા છો. અને પાંચ ઈન્દ્રિયો રૂપી ચોર હજી તમારા ઘરમાં આડે ધડે લુંટ ચલાવી રહ્યા છે. અને ચેતનજી તમો હજી તે અંગેનો મર્મ જાણી શકયા

નથી માટે તમારા ઘરમાં આડેધડે લુંટ ચાલી રહી છે અને તમે મોહની ભર નિંદ્રામાં સૂતા પડયા છો તે તમારા માટે શોભતું નથી.

જેમ મકાન માલીક સૂતો પડયો હોય અને ચોર લોકો તેના ઘરમાં લુંટ ચલાવી રહ્યા હોય છતા મકાન માલીક જો આંખ ન ખોલે તો સવાર પડે તેને ભીખ માંગવાનો વખત આવે. તેમ ચેતનજીનું નિજ ઘર છે જેમાં પ્રદેશે પ્રદેશે અનંતા ગુણોનો વાસ છે. છતા કર્મસત્તા નીચે એ ગુણો એવા દબાએલા પડયા છે કે અનંત ગુણ સમુદાયના ચેતનજી ધણી હોવા છતા વર્તમાનમાં તદ્દન નિર્ગુણી જેવા બની બેઠા છે.

ઘર માલીક જાગૃત હોય તો ચોર લોકો એકદમ હિંમત નથી કરી શકતા. તેમ ચેતનજી જો સ્વરૂપમા જાગૃત હોય તો મોહારાજાના સુભટોને લુંટ ચલાવવામાં પાછા પડવું પડે છે.

ત્રીજી ગાથામાં લખે છે કે:—

મળી ચાર ચંડાલ ચોકડી,
મંત્રી નામ ધરાયા,
પાઈ કેફ પીયાલા તોહે,
સકલ મુલક ઠગ ખાયા. અવધુ....

ક્રોધ માન માયા અને લોભ એને ચંડાલ ચોકડી કહેવામાં આવે છે. એ ચંડાલ ચોકડી જાણે મોહ રાજાના મંત્રી પદે છે. ચેતનજી જેવા ? ચેતનજીને મોહ રૂપી કેફી પદાર્થ પાઈને ચેતનજીના અસંખ્યાત પ્રદેશ રૂપી મુલકને આ ચંડાલ

ચોકડીએ બેદાન મેદાન જેવું કરી નાંખ્યું છે. ચંડાલ ચોકડીયે ઠગ વિદ્યા એવી અજમાવી કે ઠગ વિદ્યા વડે જાણે આખાએ મુલકને ઠગી બાધુ છે તદ્દન ઉજ્જડ કરી નાંખ્યું છે.

શત્રુ રાય મહાબલ જોદ્ધા,
નિજ નિજ સેન સજાવે,
ગુણ ઠાણામેં બાંધ મોરચે,
ઘેર્યા તુમ પુર આયે, અવધુ....

મહાબલવાન એવો મોહ રાજા જે આત્માનો કટ્ટર દુશ્મન હોવાથી શત્રુ રાજાના વિશેષણથી સંબોધ્યો છે તે મોહરાજા પોતાના બલવાન કામ ક્રોધ રાગદ્વેષ રૂપી યોદ્ધાઓને સજીને આત્મા ઉપર મોટા કાફલા સાથે ચઢાઈ કરે છે. ચૌદ ગુણ સ્થાન કહેવાય છે તેમાં ગુણઠાણે–ગુણઠાણે મોહરાજા મોરચા એવા ગોઠવે છે કે અગીયારમાં ઉપશાંત મોહ ગુણઠાણાથી પણ આત્માને નીચે પછાડી મૂકે છે. અને કયારેક અનંત-કાળ ભવમાં ભટકવું પડે છે. આમાંથી રહસ્ય એ નિકળે છે કે અગીયારમાં ગુણઠાણા સુધી મોહ રાજાનો ચોકી પહેરો હોય છે. ઉગ્ર પુરુષાર્થના બળે ક્ષપક શ્રેણીએ ચઢેલો આત્મા જો દશમાં સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાથી સીધો બારમાં ક્ષીણ મોહ ગુણ સ્થાને પહોંચી જાય તો મોહરાજાનો ચોકી પહેરો ઉઠી જાય, પછી તો આત્મા માત્ર અંત મુર્હુર્તમાં જ કેવળ જ્ઞાન પામે છે. મોહરાજાનું સૈન્ય ગમ્મે તેટલું બલવાન હોય પણ સામે આત્મા પણ જ્ઞાન દર્શન ચારિત્રાદિ એવં ક્ષમા–નમ્રતા સરલતા નિર્લોભતાદિ રુપ પોતાના સૈન્યને જો બરાબર સજાવે તો આત્મા માત્ર બે ઘડીના કાળમાં મોહનીય કર્મના ભૂક્કા બોલાવી નાખે.

પરમાદી તું હોય પિયારે,
પરવશતા દુઃખ પાવે;
ગયા રાજ પુરસારથ સેંતી,
ફિર પાછા ઘર આવે. અવધુ....

હે આત્મન્ તેં પ્રમાદને વશ થઈને અનેકાનેક દુઃખો અનુભવ્યા છે. એટલુ જ નહિ પણ પ્રમાદને વશ થઈને તે તારા હાથમાંથી સર્વસ્વ ગુમાવી દીધું છે. છતા પુરૂષાર્થના બળે ગએલું સામ્રાજ્ય ફરી પાછું મેળવી શકાય છે. પુરૂષાર્થ જિંદાબાદ છે તો પ્રમાદ મૂર્દાબાદ છે. પ્રમાદ એતો જીવતાને જાગતા મનુષ્યોનું કબ્રસ્થાન છે માટે છોડયા વિના કોઈ સિદ્ધિ છે નહી. આત્મા પ્રમાદિ છે ત્યાં સુધી જ આત્મા પર કર્મસત્તાનું જોર ચાલી શકે છે. આત્મા જો પ્રમાદનો ત્યાગ કરીને પુરૂષાર્થી બને તો કર્મસત્તા પણ એકવાર રાડ નાંખી જાય અને મોહરાજા પણ આત્માને સલામ ભરતો થઈ જાય.

સાંભળી વચન વિવેક મિત્તકા,
છિનમેં નિજ બળ જોડયા,
ચિદાનંદ ઐસી રમત રમતા,
મોહ તણા ગઢ તોડયા. અવધુ....

વિવેક રૂપી મિત્રના આવા મહામૂલા વચનો જ્યાં ચેતનજીએ સાંભળ્યા ત્યાં એજ ક્ષણે ક્ષપક શ્રેણીરૂપ નિજ બળને જોડયો અને જ્યાં નિજ બળને જોડયો ત્યાંતો જાણે રમતા–રમતાજ મોહનો ગઢ તોડી નાંખ્યો અર્થાત્ ઘણી આસાનીથી મોહના ગઢને તોડી નાંખ્યો. જીવ સ્વમાં જાગે ત્યાં મોહ શું કે રાગ–દ્વેષ શું કે પછી કામ ક્રોધાદિ શું

બધા ઉભી પુંછડીએ ભાગે. ક્ષપક શ્રેણીએ ચઢેલો આત્મા માત્ર અંતર્મુહુર્ત જેટલા કાળમાંજ મોહરાજા ઉપર વિજય મેળવી લે છે. અને કનક કામિની કાયા કુટુંબ કિર્તિ આદિ જે મોહના ગઢ છે તેને ક્ષણવારમાં તોડી નાખે છે. ઉંચ ગુણઠાણાની ભૂમિકાએ ચઢેલો આત્મા સામે ગમે તેવા ઈષ્ટ સંયોગો હોય તેમાં લેશ પણ મોહ પામતો નથી. આત્મામાં સમ્યગ જ્ઞાનની જ્યોત પ્રગટે કે હું કોઈનો નથી અને અસાર સંસારમાં મારૂ કોઈ નથી ત્યાં મોહનો મૃત્યુ ઘંટ વાગ્યા વિના રહેજ નહિ.

આત્મામાં વિપરિત માન્યતા અને વિપરિત આચરણા હોય ત્યાં સુધી તાકાત નથી કે મોહરાજાના ગઢમાં ગાબડુએ પાડી શકાય માટે મોહનો ગઢ તોડવો હોય તો આત્માએ સદા સાવધાન થઈને નિજ ઘરનું વાતાવરણ સદા સર્વદા અવલોકતા રહેવાનું છે અને માન્યતા અને આચરણામાં સમ્યગ પણું લાવવાનું છે. ભલે એ સમ્યગ પણું ક્રમે ક્રમે આવે પણ લક્ષ તો એનું એજ રાખવાનું છે.

નરભવ નગર અને જીવ વણઝારો

નરભવ નગર સોહામણું વણઝારા રે,
પામીને કરજે વ્યાપાર, અદો મોરા નાયક રે;
સત્તાવન સંવર તણી વણઝારારે, પોઠી ભરજે ઉદાર અહો
શુભ પરિણામ વિચિત્રતા, વણઝારારે,
કારિયાણાં બહુ મૂલ, અહો મોરા નાયક રે....
મોક્ષ નગર જાવા, ભણી વણઝારા રે,
કરજે ચિત્ત અનુકૂળ, અહોમોરા નાયક રે....

સોહામણું એવું નરભવ રૂપી નગર છે. તે નગરમાં મહાન પુણ્યના ઉદયે જીવરૂપી વણઝારો લાખ ચોરાશીમાં ભમતા ભમતા આવી પહોંચ્યો છે. કોઈ જગ્યાએ આ જીવ રૂપી વણઝારાનો વ્યાપાર જામ્યો નથી એટલે સદ્‌ગુરુ જીવ વણઝારાને હિત શિક્ષા રૂપે કહે છે કે વણઝારા આ મહાન પુણ્યના ઉદયે નરભવ નગરને પામીને તું વ્યાપાર એવો કરજે કે ભવોભવની ખોટ અહિંના વ્યાપારમાં ટળી જાય અને ભવોભવનું દાળદર ફીટી જાય. નરભવ નગરમાં ફરી ફરીને પ્રવેશ થવો અતિ દુર્લભ છે. હતભાગી જીવો ચૌમેર ચાર ગતિમાં ભટકતા હોય છે પણ આ નરભવ નગરમાં પ્રવેશ પામી શકતા નથી.

જેમ આ કાળમાં વ્યાપાર નિમિત્તે મુંબઈ જેવા મહા-નગરમા ગએલા અઢલક ધન ઉપાર્જન કરે છે પણ તે ધન અંતે નાશવંત છે પણ તું તો આ નરભવ નગરમાં સંવર અને નિર્જરાનો વ્યાપાર બરાબર ખેડીસ તો ધન એવું પ્રાપ્ત કરીસ જેનો કોઈ કાળે નાશ ન થાય માટે હે? વણઝારા સત્તાવન સંવરતણી પોઠમાં શુભ પરિણામ રૂપી કરીયાણા જે મહા મૂલ્યવંતા કહેવાય તે કરીયાણા સંવરની પોઠમાં તું ભરજે. સત્તાવન સંવરતણી પોઠમાં કરીયાણા ભરવાનું કહ્યું તેનું કારણ એ છે કે સમિતી–ગુપ્તી–બાવીશ પરિષહ, જીતવા દશ ભેદે યતી ધર્મ બાર ભાવના પાંચ ભેદે ચારિત્ર આ સંવરના સત્તાવન ભેદ છે. માટે સંવર તણી પોઠ એમ કહ્યું છે. અને નરભવ નગરમાંથી સંવરની પોઠ ભરીને તારે મોક્ષ નગર ભણી પ્રસ્થાન કરવાનું છે. તે માટે તારા ચિત્તને એકદમ અનુકૂળ બનાવજે. તું ધ્યાન રાખજે આચિંત્ત માર્ગમાં તને દગો ન દઈદે કારણ કે આ મન કયારેક એવું ચિંતવી નાંખે છે. કે ભલભલા યોગીઓને પણ કયાંના કયાં આડા માર્ગે ચડાવી દે છે. માટે એને તું બરાબર તારા વશમાં રાખજે અને તોજ એ ચિત્ત તને મોક્ષ માર્ગમાં સદા અનુકૂળ રહેશે.

પહેલાના જમાનામાં ઘઉ–જાર બાજરો વગેરે ધાન્યની ઘોડાઓ ઉપર કે ઊંટ ઉપર પોઠો ભરીને વણઝારાઓ ગામો ગામ વ્યાપાર નિમિત્તે પરિભ્રમણ કરતા અને વ્યાપારમાં જે નફો થાય તેમાંથી પોતાની આજીવીકા ચલાવતા હાલમાં મોટર ખટારાઓનો યુગ આવતા તે રીતે વ્યાપાર કરનાર જવલ્લે રહ્યા છે. પોઠો ભરી ભરીને વણઝારા જે ગામો ગામ વ્યાપાર નિમિત્તે ભ્રમણ કરતા તે વાતને સજઝાયમાં પૂજ્ય પદ્મવિજયજી મહારાજે લોકોત્તર રીતે ઘટાવી છે.

ક્રોધદાવાનળ ઓલવે, વણજારા રે,
માન વિષમ ગિરિરાજ, અહો મોરાનાયક.

ઓલંઘજે હળવે કરી વણજારા રે,
સાવધાન કરે કાજ, અહો મોરા નાયક રે.

હે વણઝારા ? મોક્ષમાર્ગમાં તું આગળને આગળ વધતો જઈસ ત્યાં વચમાં કયાંક ક્રોધરૂપી દાવાનળ આવસે એ દાવાનળને તું ખૂબજ શાંતિથી ઓલવી નાંખજે. સજઝાયના રચયિતા પૂ. પદ્મવિજયજી મહારાજે ક્રોધને દાવાનળની ઉપમાં આપી કારણ કે મોક્ષમાર્ગમાં ક્રોધ એ મહાવિઘ્નરૂપ છે. ઉપશમ ભાવમાં ઝીલનારા મહાપુરૂષો જ આ દાવાનળને ઓલવી શકે છે. અર્થાત્ ઉપશમરૂપીજલ વડે જ ક્રોધ દાવાનળને ઠારી શકાય છે. સામાન્ય અગ્નિને ઓલવવો સહેલુ નથી તો દાવાનળને ઓલવવો એ કયાં સહેલું છે. બાકી તો એ દાવાનલ એવો ભયંકર છે કે ભલભલા એકવાર એમાં ભસ્મસાત થઇ જાય.

ક્રોધ દાવાનળને ઓલવીને વણઝારો જ્યાં આગળ ધપે છે ત્યાં મોટા આઠ આઠ શિખરવાળો માનરૂપી વિષમ ગિરિરાજ રસ્તામાં આડો પડેલો દેખાય છે. જીવ વણઝારાને હિત શિક્ષા આપતા જ્ઞાની પુરૂષો કહે છે કે એ ગિરિરાજને તું અત્યંત સાવધાનીથી અને ધીમેથી ઉલ્લંઘી જજે. આ ગિરિરાજ એવો છે જો સાવધાનીથી તું નહિ ઉલ્લંઘે તો કયાંનો કયાં અંતરીયાળમાં રહી જઈસ પછી તો હે વણઝારા તું કયાંયનો નહી રહે અને તારી હાલત ઉભય ભ્રષ્ટ થયા જેવી થઈ જસે માટે માન ગિરિરાજને નમ્રતાની કેડી વડે તું ટપી જજે એટલે ઘણા મોટા વિઘ્નમાંથી તું પાર થઈ જઇસ. છતાં સદ્‌ગુર વણઝારાને હિતશિક્ષારુપે કહે છે

કે મોટા દાવાનળને ઓલવીને અને વિષમ ગિરિરાજને ઉલ્લંઘીને તું થાકી ગયો હઈસ એટલે તને વિશ્રાંતિ લેવાનું મન થસે પણ ધ્યાન રાખજે કે—

વંશજળ માયાતણી વણઝારારે,
નવિ કરજે વિશરામ. અહોમોરા....
ખાડી મનોરથ ભટતણી,
વણઝારારે. પૂરણનું નહિ કામ. અહોમોરા....

માયા તણી વંશજળ આગળ રસ્તામાં આવસે અને વાંસડાઓની ઘાટી ઝાડીમાં તને શીતળતા જેવુ પણ લાગસે પણ એ વંશજળ ગમ્મે તેવી શીતલ હોય પણ ત્યાં જરી પણ વિશરામ કરતો નહી કારણકે તડકો તપે ત્યાં એ વંશજળના અંદરના મૂળીયા એવા ફાટે કે કયારેક આપણાં શરીરમાંથી આરપાર નીકળી જાય અને ત્યાં જ આપણો દેહાંત પણ થઈ જાય. માટે વણઝારાને કહે છે કે ગમે તેવો થાક જણાતો હોય પણ ત્યાં વિશરામ લેતો નહી.

વંશજલને ઉલ્લંઘીને આગળ ધપીસ ત્યાં લોભરૂપી મનોરથની વસઇની ખાડી જેવી મોટી ખાડી આવસે. એ ખાડી એવી કે કોઇપણકાળે પૂરાયજ નહી. માનવીને ગમે તેટલા ઇષ્ટ સંયોગો અને ધન વૈભવાદિ મળે પણ માનવીને અવનવા મનોરથો જાગ્યા જ કરે છે એની તૃષ્ણાની ખાડી પૂરાતી જ નથી એને જેમ લાભ મળે તેમ તેનો લોભ વધતો જ જાય એતો સંતોષના માર્ગે આવે તો જ એ ખાડી અને લોભ સમુદ્રને પાર કરી શકાય.

રાગ દ્વેષ દોય ચોરટા, વણઝારારે,
વાટમાં કરશે હેરાન. અહોમોરા નાયક રે..
વિવિધ વીર્યઉલ્લાસથી, વણઝારારે,
તે હણજે શિર ઠાણ. અહો મોરા નાયક રે....

સદ્‌ગુર કહે છે હે વણઝારા? ઘણો ખરો પંથ તે વટાવી નાંખ્યો હસે પણ હજી આગળ રાગ–દ્વેષરૂપી ચોરટા રસ્તામાં એવા ઉભા હસે કે તને વાટમાં હેરાન કર્યા વિના રહેસે નહી. એ બન્ને જાણે બારવટે ચડેલા છે અને કંઈકના જીવન એમણે ઉજ્જડ કરી નાંખ્યા છે. એવા આ બહારવટીયા માર્ગમાં રસ્તો દબાવીને ઉભા હસે એ બન્નેને તું તારા અપૂર્વ વીર્યોલ્લાસથી હણી નાંખજે અને તોજ આગળનો માર્ગ તારા માટે નિષ્કંટક બનસે એ બન્નેને ઠાર કર્યા એટલે મોક્ષમાર્ગ તારા માટે તદ્દન ઉપદ્રવ રહિત બની ગયો એમ તું સમજજે આ છેલ્લી લડાઈ તારે જબ્બરજસ્ત આપવાની રહેસે તેમાં એ રાગ તો મહા બલવાન યોધ્ધો છે. જે ભલભલાને હુંફાવનારો છે કારણ કે એ મીઠોરોગ છે. રાગમાં જીવને ઘણી મિઠાસ આવે છે પણ એ મીઠાસ અંતે બતરનાક છે. મીઠા પિશાબના દર્દ કરતા એ બતરનાક છે હજી દાવાનળને કાબુમાં લઈ શકાય પણ વડવાનળને કાબુમાં લેવો એ ઘણી કઠીન વાત છે. દ્વેષ દાવાનળ સ્વરૂપ છે તો રાગ વડવા નળ સ્વરૂપ છે. વડવાનળ દરીયામાં ઉત્પન્ન થાય છે જે પાણીને પણ બાળી નાંખનારો છે જ્યારે દાવાનળ જંગલમાં લાગે છે જે વર્ષાદથી કાબુમાં આવી જાય છે.

જીવ કનક કામિનીમાં વધારે પડતો રાગ પોષે છે પણ રાગના અનર્થો વિચારીને વૈરાગ્ય પોષતો જીવ અમુક ભવે

વિતરાગ બની જાય. જેમાં જીવ રાગ પોષતો હોય તેનો જે દિવસે વિયોગ થાય તે દિવસે જીવને માનસિક સંતાપનો તીવ્રાતિ તીવ્ર દુઃખ ભોગવવું પડે છે. જ્યારે વૈરાગીને તેવો કોઈ કષ્ટ ભોગવવાનો વખત જ આવતો નથી. તે તો ચિત્તની સમાધિના અનુપમ આનંદને ભોગવતો હોય છે.

એમ સવિ વિઘન વિદારીને, વણઝારારે,
પહોંચજે શિવપુર વાસ. અહો....
ક્ષય ઉપશમ જે ભાવના, વણઝારારે,
પોઠે ભર્યા ગુણરાશ, અહોમોરા નાયક રે

ઉપરોક્ત વિઘ્નોનું વિદારણ કરીને હે વણઝારા ? તું અંતે શિવપુર નગરમાં પહોંચજે અને સંવરની પોઠમાં ક્ષયોપશમભાવ પૂર્વકના કરીયાણા ભર્યા હસે તે પરંપરાએ ક્ષાયિક ભાવરૂપ થઈ જસે અર્થાત્ શરૂઆતમાં આત્મામાં જે ગુણો ક્ષાયોપશમિકભાવે પ્રગટયા હસે તે ક્ષાયિક ભાવમાં પલ્ટાઇ જસે એજ વાત છેલ્લી ગાથામાં લખે છે.

ક્ષાયિક ભાવે તે થશે, વણઝારારે,
લાભ હોશ તે અપાર; અહોમોરા નાયક રે
ઉત્તમ વણજ જે એમકરે વણઝારારે,
પદ્મ નમે વારંવાર. અહોમોરા નાયક રે.

એ બધા ગુણો જ્યાં ક્ષાયિક ભાવે થશે ત્યાં હે વણઝારા તને કરેલા વ્યાપારમાં અપરંપાર લાભ થસે આ રીતે જે કોઈ ઉત્તમ વણજ કરનારા છે તેમને પદ્મ વિજય જેવા મહાન પુરુષ વારંવાર નમન કરે છે, આ સજ્ઝાય લગભગ દોઢસો વર્ષ પહેલા થયેલા પૂ. પદ્મવિજય મહારાજે રચેલી આ અદ્‌ભૂત સજ્ઝાય છે. વ્યાપાર તમારા રોજીંદા અનુભવની

ચીજ છે. પણ આ સજ્ઝાયમાં વ્યાપાર એવો બતાવ્યો છે કે જે મનુષ્ય ભવને પામીને કોઈ વિરલાજ કરી શકે સાધુ પણું અંગીકાર કરનારા આ વ્યાપારને ઉત્તમ પ્રકારે ખેડી શકે અને ક્ષાયિભાવના ઉત્તમ લાભને પામી શકે, સાધુ પુરૂષો મોક્ષમાર્ગને સર્વથી આરાધે તેને ગૃહસ્થો દેશથી આરાધી શકે છે. પરંપરાએ ગૃહસ્થો પણ ક્ષાયિક ભાવના અપૂર્વ લાભને પામી શકે છે.

કર્મના ક્ષયે ક્ષાયિક સમકિત અથવા કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટે તે ક્ષાયિક ભાવ કહેવાય. ક્ષાયોપશમીક સમકિત અથવા મતિજ્ઞાન શ્રુત જ્ઞાનાદિ ગુણો ક્ષાયોપશીમક ભાવે પ્રગટે છે. ઉદયમાં આવેલા કર્મોનો ક્ષય ચાલતો હોય અને ઉદયમાં નહી આવેલા અનુદિત કર્મોને જીવ દબાવે જતો હોય તેને ક્ષાયોપશમીક ભાવ કહેવાય. ક્ષાયોપશમીક ભાવે પ્રગટેલા ગુણો કયારેક અવરાઈ પણ જાય જ્યારે ક્ષાયિક ભાવે પ્રગટેલા કેવળજ્ઞાનાદિ ગુણો કયારે પણ અવરાતા નથી અને શાશ્વત્ રહે છે. પણ ક્ષાયોપ શમીક ભાવજ ક્ષાયિક ભાવમાં કારણ બને છે માટે ક્ષાયોપ શમીક ભાવ પણ જીવ માટે ઉપકારક નિવડે છે. જેમ જેમ કર્મોનું ક્ષયોપશમ–ઉપશમ અથવા ક્ષય થાય તેમ તેમ આત્માના ગુણો પ્રગટે છે. માટે કર્મોના ક્ષયોપશમ અથવા ક્ષય માટેનો જીવનો પુરૂષાર્થ એજ સત્ય પુરૂષાર્થ છે અને એ રીતના પુરૂષાર્થમાં જ જીવ વણઝારાની સાચી સફલતા રહેલી છે.

મનોવિજ્ઞાન

પૂજ્ય આચાર્ય
વિજય ભુવનરત્નસૂરીજી

· તેજસ પ્રિન્ટર્સ · અમદાવાદ ·